જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનનીઃ

બાર ભાવના

-: લેખક :-
સુભાષ શેઠ

-: પ્રકાશક :-
જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢ - USA
304, Tall Oak Trail,
Tarapon spring, Fl 34688 USA
Email : Hasmukh33@yahoo.com
Web : www.atma-darshan.org
Ph.: 001 - 727 - 934 - 3255
Mob.: 001 - 727 - 534 - 5168

-: સહયોગી પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :-
વાંકાનેર દિગંબર જૈન સંઘ
પ્રતાપ રોડ, દેનાબેંકની બાજુમાં,
વાંકાનેર -૩૬૩૬૨૧ (સૌરાષ્ટ્ર)
ફોન : ૦૨૮૨૮-૨૨૩૫૯૬

પ્રથમ આવૃત્તિ : પ્રત ૨૦૦૦

વી.નિ.સં.૨૫૩૮, વિ.સ.૨૦૬૮, શ્રાવણ વદ ૨ ને શુક્રવાર તા.૦૩-૦૮-૨૦૧૨ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૯મી જન્મજયંતી

© લેખકને આધીન

સહયોગ મૂલ્ય : **૩૧.૨૦/-**

પ્રાપ્તિ સ્થાન :

વાંકાનેર દિગંબર જૈન સંઘ
પ્રતાપ રોડ, દેનાબેંકની બાજુમાં,
વાંકાનેર -૩૬૩૬૨૧ (સૌરાષ્ટ્ર)
ફોન : ૦૨૮૨૮-૨૨૩૫૯૭

Email : subhash.sheth@yahoo.co.in

(પોસ્ટથી પુસ્તક મેળવવા ઉપરોક્ત સ્થળે પૂરા સરનામા સાથે લખી જણાવવું. આ અને આગામી પ્રકાશનોનાં વેચાણ અને વિતરણ વ્યવસ્થામા સહયોગ આપી શકે તેવી વ્યક્તિ કે સંસ્થાએ ઉપરોક્ત સંસ્થાનો સંપર્ક કરવા વિનંતિ છે.)

સોનગઢમાં પુસ્તક મેળવવાનુ સ્થાન :

કહાન આર્ટીકલ આર્ટસ, સમિતિ સામે
સોનગઢ સંપર્કઃ અંતિમ જૈન મો.૯૨૭૬૮૬૯૯૯૨
હિતેશકુમાર મહેતા મો.૯૪૨૭૯૪૫૨૪૮

ટાઈપ સેટીંગ :

'ક્રિએટીવ'
૨૧૯,રાષ્ટ્રદીપ કોમ્પલેક્ષ,
રાષ્ટ્રીય શાળા સામે, રાજકોટ.
મો.૯૪૨૭૨૧૩૦૭૨

જેકેટ અને ડીઝાઈન :

ડોટ એડ
૨૩૪, રાજ ચેમ્બર્સ, માલવિયા પેટ્રોલ પંપ સામે,
ગોંડલ રોડ, રાજકોટ-૧. ફોન : ૬૬૨૬૦૭૩

ચિત્રકાર :

નલીન સુચક : મો.૯૪૨૭૨૫૨૨૦૪

મુદ્રક :

કહાન મુદ્રણાલય
સોનગઢ (સૌરાષ્ટ્ર)
ફોન : ૦૨૮૪૬-૨૪૪૦૮૧

મુખપૃષ્ઠઃ **સંસારભાવનાની કથાનું ચિત્ર**

જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનનીઃ

બાર ભાવના

અનુક્રમણિકા

❖		પ્રકાશનનું નિવેદન	૩
❖		લેખકનું નિવેદન	૪
બારભાવના		વિષય પ્રવેશ	૫
ભાવના :	૧.	અનિત્યભાવના	૨૫
ભાવના :	૨.	અશરણભાવના	૪૫
ભાવના :	૩.	સંસારભાવના	૬૧
ભાવના :	૪.	એકત્વભાવના	૦૭૫
ભાવના :	૫.	અન્યત્વભાવના	૦૯૧
ભાવના :	૬.	અશુચિભાવના	૧૦૭
ભાવના :	૭.	આસ્રવભાવના	૧૨૩
ભાવના :	૮.	સંવરભાવના	૧૪૩
ભાવના :	૯.	નિર્જરાભાવના	૧૫૯
ભાવના :	૧૦.	લોકભાવના	૧૮૭
ભાવના :	૧૧.	બોધિદુર્લભભાવના	૨૦૭
ભાવના :	૧૨.	ધર્મભાવના	૨૨૯
પરિશિષ્ટ :	૧.	બારભાવનાના કાવ્યો	૨૫૦
પરિશિષ્ટ :	૨.	હેતુલક્ષી પ્રશ્નોના જવાબ	૨૬૨



પ્રકાશકનું નિવેદન

બારભાવના એ જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જ નહિ, પરંતુ મુમુક્ષુતાની પણ જનની છે. તેથી મુમુક્ષુ સમાજમાં તે સુપ્રસિદ્ધિ અને સુવિદિત છે. તોપણ બારભાવના પૈકી જે તે ભાવનાનું સ્વરૂપ, તેની ચિંતવન પ્રક્રિયા, ચિંતવન માટેનું સાધન કે કારણ, તે કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે, કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણપૂર્વકના અર્થાત્ જ્ઞાનપૂર્વકના વૈરાગ્યનું કારણ છે, તેનું પ્રયોજન સહિતનું વિશેષ ફળ વગેરે જેવી બાબતો અપ્રસિદ્ધ અને અજાણ છે. બારભાવના સંબંધી આવી બધીયે બાબતોને સાંકળી લેતી સર્વગ્રાહી કૃતિની આવશ્યકતા હતી જે આ પ્રકાશનથી પૂરી થશે તેવી અપેક્ષા છે.

બારભાવના સંબંધી આ પુસ્તકમાં દરેક ભાવનાના અંતે જે તે ભાવનાને અનુરૂપ સચિત્ર પ્રેરક કથા પણ આપવામાં આવી છે. પ્રત્યેક કથામાં જે તે ભાવનાનો સાર સમાયેલો છે, જે આ પુસ્તકની ખાસ વિશેષતા છે.

લેખકનું **'હું પરમાત્મા છું'** સિદ્ધાંતને હૃદયગત કરવાની કળા નામનું પુસ્તક પ્રચંડ પ્રતિસાદ પામેલ છે. લેખકની વિશિષ્ટ અને વૈજ્ઞાનિક લેખન પદ્ધતિ એકદમ સરળ અને સુગમ છે. તેની પ્રવાહી અને રોચક શૈલીના કારણે તે સાવ નવા નિશાળિયાને પણ લોકભોગ્ય હોય છે. સુસ્પષ્ટ, અસંદિગ્ધ, તાર્કિક અને મુદ્દાસરના લખાણના કારણે તે સૌને સહજપણે અર્થબોધ કરાવે છે.

આ પુસ્તક www.kahanguru.org તેમ જ www.atma-darshan.org ઉપર ઉપલબ્ધ છે અને તે ફ્રી ડાઉનલોડ કરી શકાય છે. પાઠશાળાના બાળકો તેમ જ શિક્ષણ શિબિરમાં આ વિષયના શિક્ષણ માટેની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની સી.ડી. માંગણી કરવાથી મળી શકે છે.

વઢવાણના વિદ્વાન બ્રહ્મચારી શ્રી વજુભાઈ શાહે આ પુસ્તકનું સમગ્ર લખાણ તપાસી આપી ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડેલ છે. સોનગઢમાં રહેતા લોકભારતી સણોસરાના નિવૃત્ત પ્રીન્સીપાલ શ્રી ધીરૂભાઈ દેસાઈએ ભાષાશુદ્ધિ કરી આપેલ છે. રાજકોટના અતુલભાઈ ધીયાએ પ્રુફ સંશોધન થી પ્રકાશન સુધીના સઘળાં કાર્યોમાં સહયોગ આપેલ છે. તેમ જ રાજકોટના રસિકભાઈ શાહ, સૈલેષભાઈ ગાંધી, કિરણબેન ગાંધી વગેરે મુમુક્ષુઓએ પણ પ્રુફ સંશોધનમાં મદદ કરી છે. મોરબીના હીરેન શેઠે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરી આપેલ છે. સુભાષભાઈનાં શિક્ષક મિત્ર નલીન સૂચકે સુંદર ચિત્રો તૈયાર કરી આપેલ છે. રાજકોટના ક્રીએટીવે ટાઈપ સેટીંગ અને કોટ એડે કોર કલર જેકેટ અને ડીઝાઈન તથા સોનગઢના કહાન મુદ્રણાલયે પ્રીન્ટીંગ-બાઈન્ડીંગનું કામ કરી આપેલ છે તે સર્વેનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા સૌ બારભાવનાનું હાર્દ અને તેનું ફળ પ્રાપ્ત કરે તેવી પવિત્ર ભાવના.

304, Tall Oak Trail,
Tarapon spring, Fl 34688 USA
Web:www.atma-darshan.org
Email : Hasmukh33@yahoo.com
Ph.:001-727-934-3255,
Mob.:001-727-534-5168
Dt.: 03/08/2012

હસમુખ મ. શાહ
પ્રમુખશ્રી
જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢ, USA

✍ વેબકનું નિવેદન ✍

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ બાર ભાવના વિષે વિશદ છણાવટ કરીને તેને જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની તરીકે બિરદાવેલ છે. તે આધારે આ પુસ્તકનું નામ પસંદ કરાયેલું છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેને નાની ઉંમરમાં લખેલ નિબંધ **'હું કયા માર્ગે'**માં આ જગતમાં માત્ર બે જ માર્ગ દર્શાવ્યા છે દ્વંદ્વ એક સંસારનો અને બીજો મોક્ષનો. અનાદિ સંસારના માર્ગથી પાછા વળી મોક્ષના માર્ગમાં પ્રવેશવા માટે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય જ કાર્યકારી છે. પરંતુ આ વૈરાગ્ય જ્ઞાનપૂર્વકનો હોવો જરૂરી છે. બહેનશ્રી જ્ઞાન વિનાના વૈરાગ્યને વૈરાગ્ય જ કહેતા નથી પણ રૂંધાયેલો કષાય કહે છે. તેથી જ્ઞાનપૂર્વકના વૈરાગ્યનું જ મહત્વ છે અને તે માટેનું એક માત્ર સાધન બાર ભાવના જ છે.

બાર ભાવના સંબંધી ચર્ચા લગભગ દરેક શાસ્ત્રમાં કોઈ ને કોઈ પ્રકારે જોવા મળે છે. તે સર્વેનું દોહન કરીને અહીં બારેય ભાવનાઓનું મુદ્દાસર, તાર્કિક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી વિવેચન કરવાનો વિનમ્ર પ્રયાસ છે. જૈન શાસ્ત્રોનું કથન નાસ્તિથી (Negative) હોય તોપણ તેનું પ્રયોજન અસ્તિને (Positive) જ દર્શાવવાનું હોય છે. વાસ્તવમાં અસ્તિનું જ મહત્વ અધિક હોય છે. આ બાબતને લક્ષમાં લઈને અનિત્યભાવનામાં અનિત્યની વિરુદ્ધ નિત્ય શું છે, અશરણ ભાવનામાં અશરણની સામે શરણ શું છે, વગેરે પ્રકારે વિશેષ છણાવટ કરવામાં આવી છે. તેથી બાર ભાવનાનું રહસ્ય અને તેના ચિંતવનની યોગ્ય પદ્ધતિ સારી રીતે સમજી શકાય છે.

બાર ભાવનાનો વિષય પ્રાથમિક મુમુક્ષુઓ માટે અત્યંત મહત્વનો અને મૂળભૂત છે. તેના તલસ્પર્શી અભ્યાસથી જ વસ્તુસ્વરૂપની સાચી સમજણ આવે છે. આવી સમજણથી જ સંસાર પ્રત્યેનો સહજ વૈરાગ્ય આવે છે. અને સંસાર પ્રત્યેના સહજ વૈરાગ્ય વિના પારમાર્થિક પંથમાં પ્રવેશ પણ પામી શકાતો નથી. આ રીતે બાર ભાવનાના વિષયની અનિવાર્ય આવશ્યકતા છે. પરતુ આ માટે બાર ભાવના સંબંધી સંપૂર્ણ અને સર્વાંગીણ વિવેચન એક જ સ્થળે હોય તો તે ઉપયોગી બને. બાર ભાવનાના વિષય માટેની આ પ્રકારની આવશ્યકતા પૂરી પાડવામાં આ પુસ્તક સક્ષમ થશે એવી આશા છે.

બાર ભાવનાનો વિષય સાર્વત્રિક અને સાર્વજનિક છે. વળી તે સરળ, સુગમ અને સર્વવિદિત માનવમાં આવે છે. તોપણ તેનો અભ્યાસ અતિ ગહન અને ગંભીર છે. તેથી નિજભાવના અર્થે આ બાર ભાવનાની રચના છે. અને સાથે સાથે અન્ય જિજ્ઞાસુ જીવો પણ તેનો લાભ મેળવે એવી ભાવના છે. અહીં બાર ભાવના સંબંધી સર્વગ્રાહી અભ્યાસ કરાવવાનો પ્રયાસ હોવા છતાં મારી મંદબુદ્ધિના કારણે તે સંભવતું નથી. તેથી સુજ્ઞ વાંચકોને આ માટે જે કાંઈ પૂર્તતા કરવાની જરૂર જણાઈ તે કરવા અને મને પણ જણાવવા વિનંતિ છે મારી અલ્પજ્ઞતા અને અજ્ઞાનતાના કારણે આ વિષયના નિરૂપણમાં કોઈ દોષ, ક્ષતિ કે કચાશ હોય શકે છે, જે કોઈના ધ્યાનમાં આવે તે નિઃસંકોચ જણાવવા વિનંતિ છે. આ વિષયને અનુરૂપ કોઈ સલાહ, સૂચના કે માર્ગદર્શન હોય તો તે પણ જણાવવા ખાસ વિનંતિ છે. નવી આવૃતિમાં તેનો સમુચિત ઉપયોગ કરવામાં આવશે.

બાર ભાવનાના યથાર્થ અભ્યાસપૂર્વકના ચિંતવન વડે સૌ પોતાના જીવનમાં જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય પ્રાપ્ત કરે એવી ભાવના સહ.

સુભાષ જયંતીલાલ શેઠ
દિવાનપરા, વાંકાનેર - ૩૬૩૬૨૧ (સૌરાષ્ટ્ર)
Email : subhash.sheth@yahoo.co.in
Ph.: 02828 - 220968
Dt.: 03/08/2012

(સુભાષ શેઠ)

બાર

ભાવના

વિષય પ્રવેશ

द्वादशानुप्रेक्षाः भणिता स्फुटं जिनागमनुसारेण ।
यः पठति शृणोति भावयति सः प्राप्तनोति उत्तमं सौख्यं ॥

અર્થ : જિનાગમ અનુસાર કહેવામાં આવેલી બારભાવનાને જે જીવ ભણશે, સાંભળશે, પઠન-પાઠન અને વારંવાર ચિંતવન કરશે તે ઉત્તમ મોક્ષસુખને પ્રાપ્ત થશે. (સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪૯૦)

❖ રૂપરેખા ❖

૧. મંગળાચરણ અને પ્રાસ્તાવિક
૨. ભાવના એટલે શું ?
૩. ભાવના અને ચિંતાનો તફાવત
૪. બાર ભાવનાના નામ અને
તેના ચિંતવનના ક્રમનું તાર્કિકપણું
૫. વૈરાગ્ય એટલે શું ?
૬. જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય એટલે શું ?
૭. બાર ભાવના એ જ્ઞાનપૂર્વકના
વૈરાગ્યની જનની કઈ રીતે ?
૮. બાર ભાવનાના અભ્યાસનું સામાન્ય ફળ
૧. આત્મહિતની પ્રેરણા અને પુરુષાર્થ પૂરો પાડે છે.
૨. પ્રતિકૂળ પ્રસંગે સમાધાન કરાવે છે.
૩. ચિત્તને સ્થિર કરાવે છે.
૪. મોહને મંદ કરે છે.
૫. વિષય-કષાયના ઝેરને ઉતારે છે.
૬. વિપત્તિમાં ધૈર્ય અને સંપતિમાં
નમ્રતા પ્રદાન કરાવે છે.
૭. મૃત્યુના ભયને દૂર ભગાવે છે.
૮. પુણ્યની પ્રાપ્તિ કરાવે છે.
૯. ઉપસંહાર



આચાર્યશ્રી કુંદકુંદકૃત
બારભાવનામાં વિષયપ્રવેશ કરાવતું મંગળાચરણ

(છંદ–આર્યા)

नत्वा सर्वसिद्धान् ध्यानोत्तमक्षपितदीर्घसंसारान् ।
दश दश द्वौ द्वौ च जिनान् दश - द्वानुप्रेक्षाणि वक्ष्ये ।।

अध्रुवमशरणमेकत्वमन्य-संसारो-लोकमशुचित्वम् ।
आस्रव - संवर - निर्जर - बोधीति चिन्तनयम् ।।

ભાવાર્થ : સર્વ સિદ્ધ ભગવંતો અને ચોવીસેય જિનોને નમસ્કાર કરીને ઉત્તમ ધ્યાનના કારણભૂત અને તેથી દીર્ઘ સંસારનો અભાવ કરાવનાર બારભાવનાઓનું સ્વરૂપ કહું છું.



૧. અનિત્યભાવના।
૨. અશરણભાવના।
૩. સંસારભાવના।
૪. એકત્વભાવના।
૫. અન્યત્વભાવના।
૬. અશુચિભાવના।
૭. આસ્રવભાવના।
૮. સંવરભાવના।
૯. નિર્જરાભાવના।
૧૦. લોકભાવના।
૧૧. બોધિદુર્લભભાવના। અને
૧૨. ધર્મભાવના।

એ બારેભાવનાઓ જ્ઞાન સહિતના વૈરાગ્યનું કારણ હોવાથી તેનું ચિંતવન હંમેશા। કરવું જોઈએ.

(બારસાણુવેક્ખા : મંગલાચરણ : ગાથા ૧,૨)

વિષય પ્રવેશ

મંગલાચરણ

(દોહા)

वन्दू श्री अरहंतपद, वीतराग विज्ञान।
वरणूं बारह-भावना, जगजीवन-हित जान॥



ભાવાર્થ : શ્રી અરિહંત ભગવાન અને તેમના દ્વારા પ્રરૂપિત વીતરાગ વિજ્ઞાનને વંદન કરીને જગતના ભવ્ય જીવોના હિતનું કારણ એવી બાર ભાવનાનું વર્ણન કરવામાં આવે છે. (મંગતરાયકૃત બારહભાવનાનો મંગલાચરણનો છંદ : ૧)

જગતનાં ભવ્ય જીવોનું હિત મોક્ષમાર્ગમાં છે. આ મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે જ્ઞાન અને વૈરાગ્ય કાર્યકારી છે. મોક્ષમાર્ગની શરૂઆતથી લઈને મોક્ષ સુધીના પારમાર્થિક પંથમાં જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય જરૂરી હોય છે. જ્ઞાનપૂર્વકના વૈરાગ્યનું એકમાત્ર કારણ બાર ભાવના છે. તેથી આ બાર ભાવનાનું વર્ણન કરવામાં આવે છે.

સામાન્યપણે વૈરાગ્યના પ્રસંગો રોજેરોજ જોવા મળે છે. પરંતુ આવો વૈરાગ્ય જ્ઞાન વિનાનો હોવાથી આત્મહિત માટે ઉપયોગી બની શકતો નથી. વસ્તુસ્વરૂપની સાચી સમજણ વિનાનો આવો વૈરાગ્ય દૂધના પોલા ઊભરા જેવો ક્ષણિક પણ હોય છે. આત્મહિત માટે કાર્યકારી અને કાયમી હોય તેવો વૈરાગ્ય જ્ઞાનપૂર્વકનો હોય તે જરૂરી છે. જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય બાર ભાવનાના ચિંતવનથી જ પ્રાપ્ત થાય છે.

કથાનુયોગના શાસ્ત્રોમાં તીર્થંકર, ચક્રવર્તી જેવા મહાપુરુષોના જીવન દ્વારા સંસારની અનિત્યતા, અશરણતા, અસારતા વગેરે દર્શાવી સંસાર પ્રત્યેનો વૈરાગ્ય ઉત્પન્ન કરાવવામાં આવે છે. આ કારણે કથાનુયોગના શાસ્ત્રોનું કેન્દ્રબિંદુ જ બાર ભાવના હોય છે. બાર ભાવના સંબંધી સ્વતંત્ર ગ્રંથ પણ જોવા મળે છે.તેમાં આચાર્યશ્રી કુંદકુંદકૃત બારસ અણુવેક્ખા અને મુનિવર શ્રી કાર્તિકેયસ્વામીકૃત કાર્તિકેયાનુપ્રેક્ષા મુખ્ય છે. લગભગ દરેક જૈન કવિએ બાર ભાવનાનું કાવ્ય રચેલ જણાય છે. આવા એકસો જેટલાં કાવ્યો જોવા મળે છે.

તીર્થંકર ભગવાન ગૃહસ્થદશામાં હોય ત્યારે પણ બાર ભાવનાનું ચિંતવન કરતા હોય છે. તેમાંય રાત્રે સૂતી વખતે બાર ભાવનાનું ચિંતવન અવશ્ય કરે છે. બાર ભાવનાના ચિંતવનથી ઉત્પન્ન થયેલ પ્રબળ વૈરાગ્યના પરિણામે તીર્થંકર ભગવાન ગૃહસ્થદશાનો ત્યાગ કરીને મુનિદશા અંગીકાર કરે છે. આ સમયે તેમના વૈરાગ્યની અનુમોદના કરવા લૌકાંતિક દેવો આવે છે. અને લૌકાંતિક દેવો તે અનુમોદના પણ બાર ભાવના ભાવીને જ કરે છે.

આપણા મોટા ભાગના મુમુક્ષુઓ કોઈ ને કોઈ બાર ભાવનાનો પાઠ નિયમિત કરતાં હોય છે. કેટલાંક

મુમુક્ષુઓને કોઇ ને કોઇ બાર ભાવનાનું કાવ્ય કંઠસ્થ પણ હોય છે.

આ ભાવના એટલે શું? તે આપણે સૌ પ્રથમ જાણીએ.

ભાવના એટલે શું ?

આત્મહિત સંબંધી પારમાર્થિક બાબતની વારંવાર વિચારણા કરવી તેને ભાવના કહે છે.



આ ભાવનામાં આત્મહિતની અભિલાષા, કામના કે લાગણીપૂર્વક જે તે બાબતની વારંવાર ફેરવણી, અનુશીલન કે ચિંતવન હોવાથી તેને **અનુપ્રેક્ષા** પણ કહે છે.

અનુપ્રેક્ષા કે ભાવના એ ચિંતવન સ્વરૂપ હોવાથી તે જ્ઞાનાત્મક છે અને ધ્યાનાત્મક નથી. તોપણ તે ધ્યાનનું પ્રારંભિક સ્વરૂપ છે. જે વિષયની રુચિ, પ્રયોજન, જિજ્ઞાસા, જરૂરીયાત, લગની કે ઇચ્છા હોય તેનું વારંવાર ચિંતવન થયા કરે છે. જેટલી ઇચ્છા પ્રબળ હોય તેટલું ચિંતવન પણ ઊંડું હોય છે. આ ચિંતવન પોતાની ઈચ્છિત બાબતને ઓળખીને તેમાં સ્થિર રહી શકે ત્યારે તે ધ્યાન બની જાય છે. આ રીતે ધર્મધ્યાનનો આધાર પણ આ પ્રકારની ચિંતવનરૂપ ભાવના જ છે.

અહીં આત્મહિત સંબંધી પારમાર્થિક બાબતનું ચિંતવન જ ભાવના કે અનુપ્રેક્ષા સમજવી. સંસાર સંબંધી લૌકિક બાબતનું ચિંતવન એ કોઇ ભાવના નથી પણ એક પ્રકારની ચિંતા જ છે. કોઇ વેપારી પૈસા કમાવાનું પ્રયોજન રાખી તેનો જ ઉપાય વિચાર્યા કરે છે. કોઇ ખેલાડી રમતમાં જીત મેળવવાનું લક્ષ રાખી તેમાં જ પ્રવૃત્ત રહે છે. કોઇ વિદ્યાર્થી પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થવાની અભિલાષા ધરાવી ભણવામાં જ રચ્યો પચ્યો રહે છે. કોઇ રોગી રોગને મટાડવાની ઇચ્છા રાખી તેના માટેનો જ ઉપાય વિચાર્યા કરે છે. આ બધી એક પ્રકારની ચિંતા છે, ભાવના નથી.

બાર ભાવનાના ચિંતવનનાં કારણે શરીરાદિ સંયોગોનું અનિત્યપણું , અશરણપણું , અસારપણું વગેરે જાણીને તેના પ્રત્યે ઘૃણા, નફરત, તિરસ્કાર કે દ્વેષ થવો તે પણ ભાવના નથી. કેમ કે, સાચી ભાવના રાગ કે દ્વેષરૂપ હોતી નથી. શરીરાદિ સંયોગોને પોતાનાથી અત્યંત ભિન્ન જાણી તેમ જ તેના કારણે પોતાનું ભલું-બૂરું નથી તેમ માની તેમના પ્રત્યેનો વૈરાગ્ય એ જ ભાવના છે.

સાચી ભાવના આત્માને કલ્યાણકારી હોય છે. આત્માને કલ્યાણકારી ન હોય તે કોઇ ભાવના નથી પણ ચિંતા જ છે. ચિંતાને ચિતા સમાન કહી છે. ચિતા તો નિર્જીવ મડદાને બાળે છે. પણ ચિંતા તો સજીવ આત્માને જ બાળે છે. કહ્યું પણ છે ક્યાંક

चिन्ता चेतन को दहे, चिता दहे निर्जीव ।

ભાવના અને ચિંતાનો તફાવત

झाणोवरमेवि मुणी णिच्चमणिच्चाइभावणापरम्मो ।
होइ सुभावियचित्तो, धम्मज्झाणेण जो पुण्विं ॥

ભાવાર્થ : હે ભવ્ય ! જો તારે ધર્મધ્યાન ધારણ કરવું હોય તો સાંસારિક બાબતોનું સાધારણ ચિંતવનરૂપ ચિંતા છોડી ચિત્તને સ્વાધીન બનાવનારી અનિત્યાદિ શુભ ભાવનાઓનું સતત ચિંતવન કરવું જોઇએ.

(સમાણસુતમ્ : ૩૦. અનુપ્રેક્ષાસૂત્ર : ગાથા ૧)

ભાવના અને ચિંતા એ બન્ને વિચારણા કે ચિંતવનનો જ પ્રકાર છે. તોપણ બન્નેમાં મૂળભૂત તફાવત છે. ભાવના એ ચિત્તને સ્વાધીન બનાવનાર શુભ ચિંતવન છે અને ચિંતા એ ચિત્તને પરાધીન રાખનાર અશુભ ચિંતવન છે. મનુષ્ય કોઇ ને કોઇ બાબતનું ચિંતવન કાયમ માટે કરતો જ હોય છે. પરંતુ તે ચિંતવન મોટા ભાગે ચિંતા જ હોય છે, પણ આપણી વિષયભૂત ભાવના હોતી નથી. ચિંતા છોડી ભાવના ભાવવા માટે ભાવના અને ચિંતા વચ્ચેનો તફાવત જાણવો જરૂરી છે. ભાવના અને ચિંતાનો મુખ્ય તફાવત નીચે મુજબ છે.



૧. આત્મહિત સંબંધી પારમાર્થિક ચિંતવન જ ભાવના છે. તે સિવાયનું સંસાર સંબંધી લૌકિક ચિંતવન એ ચિંતા છે.

૨. ભાવના અનિત્યાદિ બાર પ્રકારની છે. ચિંતા વિષય-કષાય, વેપાર-ધંધા વગેરેને લગતી અનેક પ્રકારની છે.

૩. ભાવનાની ચિંતવનપ્રક્રિયામાં સંસારની અનિત્યતા, અશરણતા, અસારતા અને તેનાથી વિરુદ્ધ શુદ્ધાત્મસ્વરૂપની નિત્યતા, શરણતા અને સારભૂતતા હોય છે. પોતાનો આત્મા જન્મ-મરણ, સુખ-દુઃખ વગેરે દરેક પ્રસંગમાં કોઇના પણ સાથ કે સહાય વિનાનો હોવાથી એકલો જ હોય છે. આત્માનું એકત્વસ્વરૂપ શરીરાદિ નોકર્મ, જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ અને રાગાદિ ભાવકર્મથી ભિન્ન કે અન્ય હોય છે. શરીરાદિ સંયોગો અને રાગાદિ સંયોગીભાવ અત્યંત અશુચિ છે અને તેમાં બિરાજમાન શુદ્ધાત્મા પરમ શુચિ છે. મિથ્યાત્વ, કષાય જેવા આસ્રવભાવ હેય છે અને તેનાથી વિરુદ્ધ સંવર-નિર્જરાભાવ ઉપાદેય છે. પોતાના શુદ્ધાત્મસ્વરૂપી નિજલોકની ઓળખાણના અભાવે આ જીવ ચૌદ બ્રહ્માંડરૂપ પરલોકમાં પરિભ્રમણ કરતો રહે છે. પરલોકના બદલે નિજલોકમાં નિવાસ પામે તો લોકના અગ્રભાગમાં શાશ્વત સુખની સિદ્ધદશાને પ્રાપ્ત થાય છે. આ જગતમાં મનુષ્યજીવન અને તેમાંય આત્મહિતને સાનુકૂળ સંયોગો મળવા દુર્લભ છે. તોપણ તે અનેકવાર પ્રાપ્ત કરી ચૂક્યો છે. પરંતુ આવા દુર્લભ સંયોગોનો સદુપયોગ કરીને સમ્યક્ત્વરૂપી બોધિ એકેય વાર પ્રાપ્ત કરી ન હોવાથી તે દુર્લભમાં પણ દુર્લભ છે. સમ્યક્ત્વરૂપી બોધિને કારણે પ્રાપ્ત થતો ધર્મ અને તેની આરાધનાથી વગર માંગ્યે સઘળાં પ્રકારના સુખની આપમેળે પ્રાપ્તિ થાય છે. બારેય પ્રકારની ભાવના આ ધર્મને માટે જ હોય છે. બારભાવનાનું આ પ્રકારનું ચિંતવન ચિત્તને સ્વાધીન બનાવનારું હોવાથી શુભ છે.

ચિંતાની ચિંતવનપ્રક્રિયામાં સંસાર સંબંધી આધિ-વ્યાધિ-ઉપાધિ મુખ્યપણે હોય છે, તેથી તે બારભાવનાના ચિંતવનથી વિરુદ્ધપ્રકારનું છે. તે ચિત્તને પરાધીન રાખનારું હોવાથી અશુભ છે.

૪. ભાવના સંબંધી ચિંતવનથી વસ્તુસ્વરૂપની સાચી સમજણ થાય છે, તેથી તે આત્માના જ્ઞાનનું કારણ છે. ચિંતા સંબંધી ચિંતવન વસ્તુસ્વરૂપની અણ-સમજણના કારણે હોય છે અને તેનાથી અણસમજણ વધુ દૃઢ થાય છે. તેથી તે આત્માના અજ્ઞાનનું કારણ છે.

૫. બારભાવનાનું ચિંતવન વસ્તુ સ્વરૂપની સાચી સમજણપૂર્વક સંસાર પ્રત્યેના વૈરાગ્યનું કારણ છે. ચિંતા સંસારના પરિભ્રમણનું કારણ છે.

૬. બાર ભાવના સંબંધી ચિંતવન સંસારના અભાવના કારણરૂપ ધર્મ-શુક્લધ્યાનનું સાધન છે. ચિંતા સંબંધી ચિંતવન સંસારની વૃદ્ધિના કારણરૂપ આર્ત-રૌદ્રધ્યાનનું સાધન છે.

૭. ભાવનાના કારણે જીવને શાંતિ અને સમાધિ હોય છે. ચિંતાના કારણે જીવને અશાંતિ અને ઉપાધિ હોય છે.

૮. ભાવનાનું ફળ મોક્ષ અને તેનું સુખ છે. ચિંતાનું ફળ સંસાર અને તેનાં દુઃખો છે.

૯. ઉપરોક્ત કારણોસર ભાવના સંબંધી ચિંતવન ઉપાદેય એટલે કે ગ્રાહ્ય છે અને ચિંતા સંબંધી ચિંતવન હેય એટલે કે ત્યાજ્ય છે.

ભાવના અને ચિંતા સંબંધી ઉપરોક્ત તફાવતને સંક્ષેપમાં નીચેના કોઠા અનુસાર દર્શાવી શકાય છે.



ભાવના	ચિંતા
૧. આત્મહિત સંબંધી પારમાર્થિક વિચારણા છે.	૧. સંસાર સંબંધી લૌકિક વિચારણા છે.
૨. બાર પ્રકારની છે.	૨. અનેક પ્રકારની છે.
૩. ચિત્તને સ્વાધીન બનાવનાર શુભ છે.	૩. ચિત્તને પરાધીન રાખનાર અશુભ છે.
૪. આત્માના જ્ઞાનનું કારણ છે.	૪. આત્માના અજ્ઞાનનું કારણ છે.
૫. સંસારપ્રત્યે જ્ઞાનપૂર્વકના વૈરાગ્યનું કારણ છે.	૫. સંસારના પરિભ્રમણનું કારણ છે.
૬. સંસારના અભાવના કારણરૂપ ધર્મ-શુકલ ધ્યાનનું સાધન છે.	૬. સંસારની વૃદ્ધિના કારણરૂપ આર્ત-રૌદ્ર ધ્યાનનું સાધન છે.
૭. જીવની શાંતિ અને સમાધિનું કારણ છે.	૭. જીવની અશાંતિ અને ઉપાધિનું કારણ છે.
૮. ફળ મોક્ષ અને તેનું સુખ છે.	૮. ફળ સંસાર અને તેનાં દુઃખો છે.
૯. ઉપરોક્ત દરેક કારણો-સર ઉપાદેય છે.	૯. ઉપરોક્ત દરેક કારણો-સર હેય છે.

બાર ભાવનાના નામ અને તેના ચિંતવનના ક્રમનું તાર્કિકપણું

(અનુષ્ટુપ)

अध्रुवाशरणे चैव, भव अेकत्वमैवच।
अन्यत्त्वमशुचित्वं च, तथैवास्रवसंवरौ ।।
निर्जरा च तथा लोको, बोधिदुर्लभधर्मता।
द्वादशैता अनुप्रेक्षा, भाषितो जिनपुंगवैः ।।

ભાવાર્થ : ૧. **અધ્રુવ**, ૨. **અશરણ**, ૩. **સંસાર**, ૪. **એકત્વ**, ૫. **અન્યત્વ**, ૬. **અશુચિત્વ** તેવી જ રીતે ૭. **આસ્રવ** ૮. **સંવર**, ૯. **નિર્જરા**, ૧૦. **લોક**, ૧૧. **બોધિદુર્લભ** અને ૧૨. **ધર્મ** એ બાર અનુપ્રેક્ષાઓ જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવી છે.

(પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૬, શ્લોક ૪૩, ૪૪)

જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત ઉપરોક્ત બાર ભાવનાઓનું ચિંતવન ધર્મધ્યાન અર્થે કર્તવ્ય છે. તીર્થંકરો દ્વારા પણ ભાવવામાં આવતી આ બાર ભાવનાઓ ભવ્ય જીવો માટે જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની ઉત્પાદક છે. તેમાં પ્રથમ છ ભાવનાઓ મુખ્યપણે વૈરાગ્યોત્પાદક છે અને ગૌણપણે તત્ત્વજ્ઞાનપરક છે. અને બાકીની છ ભાવનાઓ મુખ્યપણે તત્ત્વજ્ઞાનપરક અને ગૌણપણે વૈરાગ્યોત્પાદક છે.

જેમ સૂકી જમીનમાં બીજ વવાતું નથી. અને વાવવામાં આવે તો તે ફળતું નથી અને નિષ્ફળ નીવડે છે. તેમ વૈરાગ્ય વડે ભીંજાયેલા હૃદય વગર તત્ત્વજ્ઞાનનો કોઇ સિદ્ધાંત સમજી શકાતો નથી અને સમજવાનો પ્રયત્ન નિષ્ફળ જ નીવડે છે. તેથી સૌ પ્રથમ વૈરાગ્યોત્પાદક છ ભાવનાઓ પછી બાકીની છ તત્ત્વજ્ઞાનપરક ભાવનાઓ લેવામાં આવી છે.

જીવને જ્ઞાનપૂર્વકના વૈરાગ્યના કારણભૂત જે કોઇ બાબતો છે તે આ બાર ભાવનાઓમાં આવી જાય છે. આ બાર ભાવના ઉપરાંત બીજી કોઇ એવી બાબત નથી કે જે જ્ઞાન સહિતના વૈરાગ્યનું કારણ હોય. તેથી જિનેન્દ્ર ભગવાને કહેલી આ ભાવનાઓ બાર જ જાણવી.

ઉત્તમ ક્ષમાદિ ધર્મના દશ લક્ષણોમાં તેના ક્રમનું તાર્કિકપણું કે મહત્ત્વ નથી, પરંતુ બાર ભાવનામાં તેના ક્રમનું તાર્કિકપણું અને મહત્ત્વ છે, તે આ પ્રકારે છેઃ-

૧. સંસારી જીવ શરીરાદિ સંયોગી પદાર્થોને નિત્ય માની તેની પાછળ ખુવાર થાય છે. તેથી આ પદાર્થોનું અનિત્યપણું દર્શાવી સંસાર પ્રત્યેનો વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે સૌ પ્રથમ **અનિત્યભાવના** કહેવામાં આવે છે.

૨. જે અનિત્ય હોય તે પોતે જ અશરણ હોઇ બીજા કોઇને શરણભૂત થઇ શકે નહિ. તેથી અશરણભૂત સંયોગી પદાર્થોમાં પોતાનું શરણ શોધવું વ્યર્થ છે તે સમજાવનારી બીજી **અશરણભાવના** છે.

૩. સંસાર અને સાંસારિક સંયોગો અનિત્ય અને અશરણ હોવા છતાં અજ્ઞાની જીવ તેને સારભૂત સમજી તેમાં પોતાનું સુખ શોધવાની મથામણ કરે છે. સઘળો સંસાર અસાર અને દુઃખમય છે તેમ દર્શાવતી ત્રીજી **સંસારભાવના** સંસાર પ્રત્યેના વૈરાગ્યનું સબળ કારણ બની રહે છે.

૪. જે અનિત્ય, અશરણ અને અસાર હોય તે પોતાનાં કોઇ સાથી કે સહાયક બની શકે નહિ. તેથી સંસારમાં પોતે એકલો જ છે તે દર્શાવતી ચોથી **એકત્વભાવના** છે.

૫. શરીરાદિ સંયોગી પદાર્થોની વચ્ચે પોતે એકલો જ હોવાથી તેનાથી અત્યંત ભિન્ન છે તે દર્શાવતી પાંચમી **અન્યત્વભાવના** છે. એકત્વથી વિરુદ્ધ અન્યત્વ ભાવનાના આધારે જ પોતે પરથી પાછો વળી સ્વ તરફ આવી શકે છે.

૬. સંસારના અનિત્યાદિ સઘળાં સંયોગો અને સંયોગીભાવોનું મૂળ કારણ શરીર પ્રત્યેનું લક્ષ છે. સંસારી જીવ શરીરમાં જ એકત્વ-મમત્વ ધરાવી શરીરની સંભાળ અને તેના શૃંગારમાં પોતાનું જીવન વ્યર્થ ગુમાવે છે. પણ જગતમાં આ શરીર જેવો અપવિત્ર પદાર્થ બીજો કોઇ નથી તેમ દર્શાવતી છઠ્ઠી **અશુચિભાવના** છે.

આ છ ભાવનાઓ શરીરાદિ સંયોગી પદાર્થોનું અનિત્યપણું, અશરણપણું, અસારપણું, એકલાપણું, ભિન્નપણું અને અશુચિપણું બતાવી તેના પ્રત્યેનો વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારી છે. મુખ્યત્વે આ વૈરાગ્યોત્પાદક છ ભાવનાઓ પછી તત્વજ્ઞાનપરક બીજી છ ભાવનાઓ છે.

૭. તત્ત્વજ્ઞાનપરક ભાવનાઓમાં સૌ પ્રથમ અને સાતમા ક્રમની આસ્રવભાવના છે. જીવના અજ્ઞાનમય મોહ-રાગ-દ્વેષરૂપ પરિણામને કારણે પૌદ્ગલિક કર્મોનું આવવું બને છે અને તેના કારણે સંસાર અને તેના દુઃખો હોય છે તે બતાવનારી **આસ્રવભાવના** છે.

૮. આસ્રવનો વિરોધી સંવર છે. જીવના વીતરાગી ભાવના કારણે કર્મોનું આવવું અટકે તે સંવર છે, તે દર્શાવતી આઠમી **સંવરભાવના** છે.

૯. આત્માના વીતરાગી ભાવની વૃદ્ધિ થઇ કર્મોનું ઝડવું બને તે નિર્જરા છે. આત્માના ઉદ્યમપૂર્વક થતી અવિપાક નિર્જરાથી મોક્ષમાર્ગમાં આગળ વધાય છે તે સમજાવતી નવમી **નિર્જરાભાવના** છે.

૧૦. તત્ત્વોની યથાર્થ ઓળખાણ વગર સંસારી જીવ લોકમાં ભ્રમણ પામી અનેક પ્રકારના દુઃખો ભોગવે છે પણ વસ્તુસ્વરૂપની સાચી સમજણ કરે તો આ પરિભ્રમણ

અટકી લોકાગ્રે નિવાસ પામે છે એમ દર્શાવતી દશમી **લોકભાવના** છે.

૧૧. આ જગતમાં એક સમ્યક્ત્વસ્વરૂપ બોધિ વિના બીજી બધી બાબતો અનેક વાર પ્રાપ્ત થઇ છે. તેથી તે સુલભ છે. દુર્લભ ગણાતા મનુષ્યજીવનની સાચી દુર્લભતા તેમાં દુર્લભ એવી બોધિની પ્રાપ્તિની યોગ્યતાના કારણે છે તેથી આવી બોધિ માટેનો જ પુરુષાર્થ કરવો તેવી પ્રેરણા આપતી અગિયારમી **બોધિદુર્લભભાવના** છે.

૧૨. સમ્યક્ત્વસ્વરૂપ બોધિ પ્રદાન કરનારો એક માત્ર વીતરાગી જૈન ધર્મ છે. તેથી આ ધર્મને જ અંગીકાર કરવો અને તે જ સઘળા પ્રકારે આત્માનું હિત કરનાર છે તેમ દર્શાવનારી બારમી અને અંતિમ **ધર્મભાવના** છે.

ઉપરોક્ત રીતે અનિત્યથી માંડીને ધર્મ સુધીની ભાવનાઓનું ક્રમિક ચિંતવનનું તાર્કિકપણું સમજાય તેવું છે.

*જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની આ **બાર ભાવના**ને માનવામાં આવે છે. આપણે વૈરાગ્ય અને તેની આવશ્યકતા વિષે વિચારીએ.*

વૈરાગ્ય એટલે શું ?

સંસાર અને સાંસારિક સંયોગો પ્રત્યેની ઉપેક્ષા કે ઉદાસીનતાને વૈરાગ્ય કહે છે.

સંસારના સાનુકૂળ સંયોગોમાં પણ સુખ ન ભાસે ત્યારે તેના પ્રત્યેની ઉપેક્ષા કે ઉદાસીનતા આવે જેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે. સંસાર પ્રત્યેનો વૈરાગ્ય હોય તેને સઘળો સંસાર દુ:ખનો જ દરિયો ભાસે છે. તેથી સંસારનો ખરેખરો ત્રાસ અને થાક ભાસે છે. આ અસાર સંસારથી બસ થાઓ, આ સંસાર ન જ ખપે તેવી ભાવના રહ્યા કરે છે. સંસાર પ્રત્યેના આવા વૈરાગ્ય વિના મોક્ષમાર્ગના પારમાર્થિક પંથમાં પ્રવેશ પામી શકાતો નથી. વાસ્તવમાં વૈરાગ્ય વિના આત્મહિતનું કોઇ સાધન જ સંભવતું નથી. પરંતુ આ વૈરાગ્ય જ્ઞાનપૂર્વકનો હોય તો જ તે કાર્યકારી બને છે.

જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય ઉત્પન્ન થવો તે એક મહાન ઉપલબ્ધિ છે. જે વૈરાગ્ય જ્ઞાનપૂર્વકનો ન હોય તે બહુધા દુ:ખપૂર્વકનો કે મોહપૂર્વકનો હોય છે. સાંસારિક પ્રતિકૂળતાજન્ય દુ:ખના કારણે ઉત્પન્ન થતો સંસાર પ્રત્યેનો વૈરાગ્ય એ દુ:ખપૂર્વકનો વૈરાગ્ય છે. રાજકુમાર સિદ્ધાર્થ નગરચર્યા માટે નીકળ્યા ત્યારે તેમણે રોગ, દરિદ્રતા, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એ ચાર બાબતો જોઇને એકદમ વૈરાગ્ય આવ્યો અને તેઓ બુદ્ધદેવ બન્યા. તે પણ એક દુ:ખપૂર્વકના વૈરાગ્યનો જ પ્રકાર છે.

સાંસારિક સાધન-સંપન્ન શિક્ષિત યુવાન પણ ક્યારેક વૈરાગ્ય પામી મુનિદીક્ષા અંગીકાર કરે છે. આત્મજ્ઞાનથી અજાણ યુવાનનો આવો વૈરાગ્ય મોહપૂર્વકનો હોય છે. તે સમયે તેને દીક્ષા લેવાથી જુદાં-જુદાં ગામમાં ફરવાનું થશે. સારાં સારાં ભોજન મળશે. સમાજનો સત્કાર સાંપડશે. પૂજ્યપણું પ્રાપ્ત થશે. નરકાદિ દુર્ગતિથી બચી શકાશે અને એકંદરે આત્માનું કલ્યાણ થશે. ભલે, થોડાં કષ્ટ સહેવાં પડશે પણ તેનો લાભ મોટો થશે. આવા પ્રકારનો અભિપ્રાય હોય અને વસ્તુસ્વરૂપની સાચી સમજણ ન હોય તો તેવો વૈરાગ્ય મોહપૂર્વકનો જ કહેવાય. પોતાના શુદ્ધ સ્વરૂપની સમજણ વિના બહારના વેષ કે ક્રિયાથી જ પોતાને લાભ માનવો તે મોહ જ છે. ઘણાં લોકો પરંપરાગત પર્યુષણના પ્રસંગે પ્રતિક્રમણાદિ ક્રિયા કરે છે. પણ તેનાથી પોતાનું શું કલ્યાણ છે ? તેની સમજણ ન હોય અને રૂઢિગત વૈરાગ્ય આણી ક્રિયા કરે તો તે પણ મોહપૂર્વકનો જ વૈરાગ્ય છે.

જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય એ જ સાચો વૈરાગ્ય છે. તે જ શાશ્વત સુખનું સૌ પ્રથમ સોપાન છે. તેજ ભવાટવીમાંથી બહાર કાઢનાર ભોમિયો છે. આવો વૈરાગ્ય જ અભય છે.

તે સિવાયના સાંસારિક સર્વ સ્થાનો ભયાવહ છે. જ્ઞાનપૂર્વકનાં વૈરાગ્યનું અભયપણું દર્શાવતા ભર્તૃહરિ કહે છે ઢ્ઢ

(શાર્દૂલવિક્રિડીત)

भोगे रोगभयं कुले च्युतिभयं, वित्ते नृपालाद्भयं ।
माने दैन्यभयं बले रिपुभयं, रुपे तरुण्या भयं ।।

शास्त्रे वादभयं गुणे खलभयं, काये कृतांताद्भयं ।
सर्वे वस्तु भयान्वितं भुवि, नृणां वैराग्यमेवाभयं ।।

ભાવાર્થ : ભોગમાં રોગનો ભય છે; કુળને પડવાનો ભય છે; લક્ષ્મીમાં રાજાનો ભય છે; માનમાં દીનતાનો ભય છે; બળમાં શત્રુનો ભય છે; રૂપમાં સ્ત્રીને ભય છે; શાસ્ત્રમાં વાદનો ભય છે; ગુણમાં ખળનો ભય છે; કાયા ઉપર કાળનો ભય છે; એમ સર્વ વસ્તુ ભયવાળી છે. માત્ર એક વૈરાગ્ય જ અભય છે.

(ભર્તૃહરિકૃત નીતિશતકમાંથી)

જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય એટલે શું ?

સાચી સમજણના કારણે ઉત્પન્ન થતા વૈરાગ્યને જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય કહે છે. જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય સ્થાયી અને દ્રઢ હોય છે.

ભયંકર અકસ્માતો, કુદરતી આપત્તિઓ જેવા કેટલાંય પ્રસંગો ઘણી વાર બને છે કે જ્યારે કઠોર હૃદયના પુરુષનું પણ કાળજું કંપી ઊઠે છે અને તેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય આવે છે. સ્વજનના આકસ્મિક અવસાનથી પણ વૈરાગ્ય આવે છે.આવો વૈરાગ્ય સમજણ વિનાનો હોય ત્યારે તે અસ્થાયી અને ક્રમજોર હોય છે. તેથી તે આત્મહિતમાં ઉપયોગી થઇ શકતો નથી. સમજણપૂર્વકનો વૈરાગ્ય જ સ્થાયી અને મજબૂત હોય છે. તેથી તે આત્મહિતમાં ઉપયોગી થઇ શકે છે. સમજણપૂર્વકનો આવો વૈરાગ્ય તે જ જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય છે.

સામાન્યપણે સંસારમાં વૈરાગ્યના પ્રસંગો અવાર-નવાર બનતાં હોય છે. ટી.વી. કે વર્તમાનપત્રોમાં પણ વૈરાગ્યના સમાચારો જોવા મળે છે. પોતાના પ્રિય સ્વજનનો વિયોગ પણ વૈરાગ્યનું કારણ હોય છે. આવા બધાં વૈરાગ્યના પ્રસંગો સમજણ વિનાના હોય ત્યારે દૂધના ઊભરા જેવા પોલા અને ક્ષણિક હોય છે. આવા પ્રકારનો સ્મશાન વૈરાગ્ય આત્મહિત માટે ઉપયોગી થઇ શકતો નથી. આત્મહિત માટે ઉપયોગી હોય તેવા મજબૂત અને સ્થાયી વૈરાગ્ય માટે યથાર્થ આત્મજ્ઞાનની આવશ્યકતા હોય છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. યથાર્થ જ્ઞાન હોય ત્યાં વૈરાગ્ય સહજપણે હોય છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય જ નથી પણ એક પ્રકારનો રૂંધાયેલો કષાય છે. પરંતુ યથાર્થ જ્ઞાન ન હોવાના કારણે જીવ પોતાના કષાયને ઓળખી શકતો નથી અને રૂંધાયેલા કષાયને જ વૈરાગ્ય માની લ્યે છે.

જ્ઞાન સહિતનો વૈરાગ્ય હોય ત્યારે જ્ઞાન આત્મહિતના મોક્ષમાર્ગને ઓળખી તેમાં જીવને પ્રવેશ કરાવી આગળ વધારે છે. આવા સમયે વૈરાગ્ય એ જ્ઞાનને આત્મહિતના માર્ગમાં આગળ વધવા માટેનું બળ પૂરું પાડે છે અને જ્ઞાનને બીજે ક્યાંય ફસાવા દેતો નથી. તેથી આવો જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય જ આત્મહિત માટે આવશ્યક હોય છે.

આત્મહિતના પારમાર્થિક પંથમાં જ્ઞાનપૂર્વકના વૈરાગ્ય વિના એક ડગલુંય આગળ વધી શકાતું નથી. પારમાર્થિક મોક્ષનો માર્ગ એ સંસારના બંધ માર્ગથી તદ્દન વિપરીત અને વિરોધી છે. તેથી જ્યાં સુધી સંસાર પ્રત્યેનો વૈરાગ્ય ન આવે ત્યાં સુધી મોક્ષના પારમાર્થિક પંથમાં બિલકુલ પ્રવેશ નથી. પારમાર્થિક પંથના પ્રારંભથી

પૂર્ણતા સુધી જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય જ કાર્યકારી છે. આ જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય જ આત્મહિત માટેની યોગ્યતા કે પાત્રતા બને છે. તેના કારણે જ આત્માર્થીપણું, સમ્યક્ત્વ, મુનિદશા વગેરે હોય છે. આત્માના મોક્ષમાર્ગનો રક્ષક અને ભોમિયો આવો જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય જ હોય છે. તેથી આત્મહિત માટે આ જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની આવશ્યકતા અનિવાર્ય છે. આવા જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની બાર પ્રકારની ભાવના છે.

બાર ભાવના એ જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની કઇ રીતે ?

જનની એટલે કે માતા. માતા જેમ બાળકને જન્મ આપે છે, તેનું પાલનપોષણ કરે છે, તેમ બાર ભાવના પણ જ્ઞાનપૂર્વકના વૈરાગ્યને ઉત્પન્ન કરી તેનું રક્ષણ અને વૃદ્ધિ કરે છે. તેથી બાર ભાવનાને જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની માનવામાં આવે છે.



આ જીવને સંસાર પ્રત્યેની આસક્તિ અનાદિથી છે. સંસાર પ્રત્યેની આસક્તિના અભાવને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે. સંસાર પ્રત્યેની આસક્તિનું એક માત્ર કારણ અનિત્યાદિ બાર ભાવના સંબંધી બાર બાબતોની અણસમજણ છે અને તેની સાચી સમજણથી જ સંસાર પ્રત્યેનો સાચો વૈરાગ્ય હોય છે. પારમાર્થિક મોક્ષમાર્ગ કે તત્ત્વજ્ઞાન સંબંધી વસ્તુસ્વરૂપની સઘળી સમજણ આ અનિત્યાદી બાર બાબતોમાં સમાવેશ પામે છે. વળી આ અનિત્યાદિ બાર બાબતોનું સાચી સમજણપૂર્વકનું ચિંતવન જ અનુપ્રેક્ષા કે ભાવના કહેવાય છે કે જે સંસાર પ્રત્યેના જ્ઞાનપૂર્વકના વૈરાગ્યનું કારણ હોય છે. આ અનિત્યાદિ બાર પારમાર્થિક બાબતો સિવાયની બાકીની સાંસારિક બાબતોનું ચિંતવન સંસાર સંબંધી ચિંતાનો જ પ્રકાર હોવાથી તે સંસાર પ્રત્યેની આસક્તિ કે સંસારનું બંધન વધારનારો હોય છે. તેથી જ્ઞાનપૂર્વકના વૈરાગ્ય માટે અનિત્યાદિ બાર બાબતોની સાચી સમજણ જ કાર્યકારી છે. અનિત્યાદિ બાર બાબતોની સાચી સમજણ બાર ભાવનાનાં યથાર્થ અભ્યાસથી જ આવે છે. આ બાર ભાવનાનાં યથાર્થ અભ્યાસપૂર્વકના ચિંતવનથી જ સંસાર પ્રત્યેનો વાસ્તવિક અને કાયમી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, જેને જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય કહે છે. જ્ઞાનપૂર્વકના વૈરાગ્ય માટે આ સિવાય અન્ય કોઇ ઉપાય નથી. તેથી બાર ભાવના જ જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની છે.

જગતમાં વૈરાગ્યને ઉત્પન્ન કરાવનારી બાબતો ઘણી હોય છે. ડગલે ને પગલે વૈરાગ્યના કારણભૂત પ્રસંગોનો પનારો પડે છે. પણ તેમાં કોઇ જ્ઞાન એટલે કે વસ્તુસ્વરૂપની સાચી સમજણ સંકળાયેલી હોતી નથી. વસ્તુસ્વરૂપની સાચી સમજણ કરાવનારા જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની ઉત્પાદક આ બાર ભાવના જ છે. જે તે ભાવનાના વર્ણન સમયે તે કઇ રીતે તત્ત્વજ્ઞાનની એટલે કે વસ્તુના પ્રયોજનભૂત સ્વરૂપની સમજણ આપનાર છે ? અને કઇ રીત વૈરાગ્યનું કારણ છે ? તેની ચર્ચા કરવામાં આવશે. તેથી તેની ચર્ચા અહીં કરવામાં આવતી નથી.

જ્ઞાનસહિતના વૈરાગ્ય તરફ જીવનને વાળતી અને ઉત્પન્ન થયેલા વૈરાગ્યને ટકાવીને વધારતી બાર ભાવનાઓનું ક્રમશઃ વર્ણન કરવામાં આવશે. તે અગાઉ બારભાવનાના અભ્યાસનું સામાન્ય ફળ જણાવવામાં આવે છે.

બાર ભાવનાના અભ્યાસનું સામાન્ય ફળ

(આર્યા)

किं प्रलपितेन बहुना, ये सिद्धा नरवरा गते काले ।
सेत्स्यन्ति येऽपि भविकाः, तज्ज्ञानीहि तस्य माहात्म्यम् ।।

ભાવાર્થ : વિશેષ વિસ્તારથી શું લાભ ? ભૂતકાળમાં જે મહાપુરુષો સિદ્ધ થયા છે અને જે ભવ્ય પુરુષો ભવિષ્યમાં સિદ્ધ થશે તે બધુંય આ બાર ભાવનાનું જ માહાત્મ્ય જાણવું.

(કુંદકુંદાચાર્યકૃત બારસ અણુવેકખા : ગાથા ૯૦)



મોક્ષમાર્ગના પારમાર્થિક પંથમાં પ્રવેશથી માંડીને પૂર્ણતા સુધીનું સઘળુંય ફળ બાર ભાવનાના અભ્યાસ અને ચિંતવનથી પ્રાપ્ત થાય છે. તેથી જે કોઇ જીવો અગાઉ સિદ્ધ થયા છે, અત્યારે થાય છે અને હવે પછી થશે તે આ બારભાવનાનો જ મહિમા જાણવો.

બાર ભાવના પૈકી જે તે ભાવનાનું વિશેષ ફળ જે તે ભાવનાના વર્ણનમાં આપણે જોઇશું. અહિંયા બારેય ભાવનાના સાધારણ કે સામાન્ય ફળનો વિચાર કરવામાં આવે છે.

બાર ભાવનાનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કરીને તેના ભાવને સમજીને હૃદયગત કરવાનું ફળ અલૌકિક અને અચિંત્ય છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ તેનાથી હોય છે. જો કે, આ ફળ લાંબા ગાળે મળતું હોવાથી દૂરોગામી છે. દૂરોગામી ઉપરાંત બાર ભાવનાનો અભ્યાસ કરતાંની સાથે તુરત જ મળતું તત્કાળ ફળ પણ અનેક પ્રકારનું અને મહાન છે. બાર ભાવનાના અભ્યાસના કારણે ઉત્પન્ન થતા જ્ઞાન સહિતના વૈરાગ્યના કારણે આ તત્કાળ ફળ હોય છે. જેટલા અંશે અને જે પ્રકારે જ્ઞાનસહિતનો વૈરાગ્ય પ્રગટે તેટલા અંશે અને તે પ્રકારે આ ફળ હોય છે. આ ફળમાં આત્મહિતની પ્રેરણા અને પુરુષાર્થ મુખ્ય છે.

બાર ભાવનાના અભ્યાસના આવા ફળથી આત્મહિતમાં આગળ વધેલો જીવ સંસારદશાના કારણભૂત આઠેય પ્રકારનાં કર્મોનો નાશ કરી આઠ મહાગુણો ઘરાવતી સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે. તેથી અહીં અનેક પ્રકારનાં ફળ પૈકી આઠ પ્રકારનાં અગત્યનાં ફળની જ ચર્ચા કરવામાં આવે છે. બાર ભાવનાના અભ્યાસના આઠ પ્રકારના નમૂનારૂપ તત્કાળ ફળ આ પ્રમાણે છે ૂૂ

૧. આત્મહિતની પ્રેરણા અને પુરુષાર્થ પૂરો પાડે છે.

૨. પ્રતિકૂળ પ્રસંગે સમાધાન કરાવે છે.

૩. ચિત્તને સ્થિર કરાવે છે.

૪. મોહને મંદ કરે છે.

૫. વિષય-કષાયના ઝેરને ઉતારે છે.

૬. વિપત્તિમાં ધૈર્ય અને સંપત્તિમાં નમ્રતા પ્રદાન કરાવે છે.

૭. મૃત્યુના ભયને દૂર ભગાવે છે.

૮. પુણ્યની પ્રાપ્તિ કરાવે છે.

૧. આત્મહિતની પ્રેરણા અને પુરુષાર્થ પૂરો પાડે છે.

પોતાના આત્માના કલ્યાણ માટે શુદ્ધાત્મસ્વરૂપની સાચી સમજણ દ્વારા શુદ્ધાત્માની પ્રાપ્તિ માટેનું પ્રોત્સાહન પૂરું પાડે તેને આત્મહિતની પ્રેરણા કહે છે.આત્મહિતની પ્રેરણા સાથે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય હોય તો પોતાનો પ્રયત્ન આત્મહિત સાધવા માટે પ્રવર્તે તે તેનો પુરુષાર્થ છે. બાર ભાવનાનો અભ્યાસ આત્મહિતની પ્રેરણા અને પુરુષાર્થ પૂરો પાડે છે.

શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ આત્મહિતનું કાર્ય પોતાના પુરુષાર્થથી થતું હોવા છતાં તેના માટેની પ્રેરણાની આવશ્યકતા હોય છે. આત્મહિતની પ્રેરણા માટે શુદ્ધાત્મસ્વરૂપની સાચી સમજણ દ્વારા શુદ્ધાત્માની પ્રાપ્તિ માટેનું પ્રોત્સાહન જરૂરી છે.બાર ભાવનાનો અભ્યાસ શુદ્ધાત્મસ્વરૂપની સાચી સમજણ પૂરી પાડી શુદ્ધાત્માની પ્રાપ્તિ માટે આત્મહિતની પ્રેરણા આપનારો છે.આત્મહિતના પુરુષાર્થ માટે આત્મહિતની પ્રેરણાપૂર્વક સંસાર પ્રત્યેનો વૈરાગ્ય જરૂરી છે, જે પણ બાર ભાવનાનો અભ્યાસ પૂરો પાડે છે.

બાર ભાવનાના અભ્યાસથી આત્માનું જ્ઞાન અને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય એ બન્નેની પ્રાપ્તિ છે.

બાર ભાવનાના અભ્યાસથી દેહાદિ સંયોગી સાંસારિક પદાર્થોની અનિત્યતા, અશરણતા, અસારતા વગેરે સમજાય છે.અને તેથી સંસાર પ્રત્યેનો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.અને તેની સામે અસંયોગી શુદ્ધાત્માની નિત્યતા, શરણતા, સારભૂતતા વગેરે પણ સમજાય છે. અને તેથી શુદ્ધાત્માની પ્રાપ્તિ માટેની રુચિ ઉત્પન્ન થાય છે. આ રીતે બાર ભાવનાનો અભ્યાસ શુદ્ધાત્માના સ્વરૂપની સાચી સમજણ કરાવી શુદ્ધાત્માની પ્રાપ્તિ માટેના આત્મહિત માટે પ્રોત્સાહિત કરી આત્મહિતની પ્રેરણા આપે છે. તેમ જ તે પ્રેરણા સાથે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કરાવી શુદ્ધાત્માની પ્રાપ્તિ માટેના મોક્ષમાર્ગની આત્મહિતની રુચિ ઉત્પન્ન કરાવી, રુચિ અનુસારનો પુરુષાર્થ પણ પ્રવર્તાવે છે. આ પ્રકારે બાર ભાવનાનો અભ્યાસ કરનારો જીવ સંસાર અને સાંસારિક પ્રવૃત્તિથી પાછો વળી શુદ્ધાત્માની પ્રાપ્તિ કરાવતી મોક્ષમાર્ગ અને મોક્ષની આત્મહિતની પારમાર્થિક પ્રવૃત્તિ તરફ વળે છે. તેથી બાર ભાવનાનો અભ્યાસ આત્મહિતની પ્રેરણા અને પુરુષાર્થ પૂરો પાડનારો છે.

આત્મહિતની ભાવના ઘરાવનાર ભવ્ય જીવે બાર ભાવનાઓનો અભ્યાસ અને ચિંતવન વારંવાર કરવું જોઇએ.બાર ભાવનાનું ચિંતવન જ સંસાર પ્રત્યે વૈરાગ્ય લાવી મોક્ષમાર્ગની રુચિ કરાવે છે. આ રીતે તે આત્મહિતના મોક્ષમાર્ગના પારમાર્થિક પંથ માટે પ્રેરણા અને પુરુષાર્થ પૂરો પાડી આત્મહિતના મોક્ષમાર્ગમાં આગળ વધારી સંસારના કારણભૂત પૌદ્ગલિકકર્મોનો ક્ષય કરાવે છે. આચાર્યશ્રી પદ્મનંદીના શબ્દોમાં દ્રઢ

(અનુષ્ટુપ)

द्वादशापि सदा चिन्त्या, अनुप्रेक्षा महात्मभिः ।
तद्भावना भवत्येव, कर्मणः क्षयकारणम् ॥

ભાવાર્થ : મહાપુરુષોએ નિરંતર બાર ભાવનાનું ચિંતવન કરવું જોઇએ. આ ચિંતવન જ આત્મહિતની પ્રેરણા અને પુરુષાર્થ દ્વારા મોક્ષમાર્ગમાં આગળ વધારી કર્મના ક્ષયનું કારણ થાય છે. (પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૬, શ્લોક ૪૨)

૨. પ્રતિકૂળ પ્રસંગે સમાધાન કરાવે છે.

પ્રતિકૂળ સંયોગને કોઇ વિરોધ કે રોષ વિના સ્વીકારીને સહન કરી લેવાના વલણને સમાધાન કહે છે. બાર ભાવનાનો અભ્યાસ પ્રતિકૂળ સંયોગોના પ્રસંગે સમાધાન કરાવે છે.

ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, નિષ્ફળતા જેવા પ્રતિકૂળ સંયોગોના પ્રસંગે હતપ્રભ અને નિરાશ બની દુ:ખી થઇ જવાય છે. બાર ભાવનાનો અભ્યાસ આવા સંયોગોને સ્વીકારીને તેને સહી લેવાનું વલણ શીખવે છે. તેથી તે પ્રતિકૂળ સંયોગોના પ્રસંગે સમાધાન કરાવનાર છે.

બાર ભાવનાના અભ્યાસથી પોતાના પરમ પવિત્ર સારભૂત શુદ્ધાત્માની સમજણ થાય છે. પોતાનો શુદ્ધાત્મા

શાશ્વત અને શરણભૂત છે.તે અનંતગુણોથી એકત્વ અને પરસંયોગોથી અન્યત્વ ધરાવનારો છે. તેથી પોતાનો શુદ્ધાત્મા આ પરસંયોગોથી તદ્દન ભિન્ન છે. આ સંયોગો પોતાને સુખ-દુઃખનું કારણ નથી પણ સંયોગોના લક્ષે થતો આત્માનો રાગાદિ સંયોગીભાવ જ સુખ-દુઃખરૂપે અનુભવાય છે. પ્રતિકૂળ સંયોગો પાપકર્મનાં ઉદયના પરિપાકરૂપે પ્રાપ્ત થાય છે. અને તે આત્માને આધીન નથી. વળી તે ક્ષણિક અને વિનાશી હોય છે. તેથી પ્રતિકૂળ સંયોગોને દૂર કરવાનો ઉપાય કરવાને બદલે અસંયોગી શુદ્ધાત્માના આશ્રયે સંયોગીભાવો જ ઉત્પન્ન ન થાય તેવો ઉપાય કરવો જરૂરી છે. પોતાના પુરુષાર્થની કચાશના કારણે આવો ઉપાય ન થતો હોય ત્યાં સુધી આવા સંયોગોને સ્વીકારીને તેને સહન કરી લેવામાં જ પોતાની સજ્જનતા છે. બાર ભાવનાના અભ્યાસથી થતી આવા પ્રકારની સમજણ પ્રતિકૂળ સંયોગોના પ્રસંગે સમાધાન કરાવે છે.

આ જગતમાં પોતાની ભૂલનો ભોગવટો પોતે જ કરવાનો હોય છે. પૂર્વે પોતે જ પાપ કર્યા હતા અને તેના ફળરૂપે પ્રતિકૂળ સંયોગોની પ્રાપ્તિ થાય તો તે ભોગવી લેવામાં જ પોતાનું ભલું હોય છે. આ જીવ પાપ કરતી વખતે પાછો વળીને જોતો નથી અને પછી તે જ પાપનાં ઉદય સમયે દુઃખી થાય છે. આ રીતે દુઃખી થવાથી થતા આર્તધ્યાનનાં અશુભ પરિણામથી નવું પાપકર્મ બંધાય છે. અને તેનું ફળ પણ ભવિષ્યમાં દુઃખરૂપ જ આવે છે. પરંતુ જો બાર ભાવનાનો અભ્યાસ અને ચિંતવન હોય તો આવા પ્રતિકૂળ પ્રસંગથી થતા દુઃખ અને તેના કારણે થતા નવા પાપકર્મથી બચી શકાય છે. માટે પાપના ઉદયના સમયે સમાધાન રાખી નવું પાપ કરતી સમયે સાવધાન રહેવું જરૂરી હોય છે. કહ્યું પણ છે ઃ

બંધ સમય જીવ ચેતિયે,
ઉદય સમય શા ઉચાટ ?

ભાવાર્થ : પાપ કર્મ બાંધતી વખતે સાવધાની ન રાખવામાં અને તેના ઉદય સમયે ઉચાટ કરવામાં આવે તે શું કામનું? તેના બદલે નવા પાપ કર્મ બાંધતી વખતે સાવધાની રાખવી જોઇએ અને કોઇ જૂના પાપ કર્મનું ફળ આવે તો તે સમયે સમાધાન રાખી તેને સહી લેવું જોઇએ. બાર ભાવનાના અભ્યાસથી આવી સાવધાની અને સમાધાનવૃતિ આવે છે.

(બહેનશ્રીના વચનામૃત : નં. ૨૮ ના આધારે)

૩. ચિત્તને સ્થિર કરાવે છે.

મનના સંગે થતા આત્મ પરિણામોની અત્યંત અસ્થિરતાને ચિત્તની ચંચળતા કહે છે. બાર ભાવનાનો અભ્યાસ ચિત્તની ચંચળતા મટાડી તેને સ્થિર કરાવે છે.

આત્માના પરિણામ સતતપણે એક સરખા પ્રકારે કે જુદા જુદા પ્રકારે બદલાયા કરે છે. આત્માના પરિણામોની જુદા જુદા પ્રકારે ખૂબ જ ઝડપી પરિવર્તન પામવાની પ્રક્રિયાને તેની અસ્થિરતા કહે છે.મનુષ્યમાં આત્મપરિણામોની આવી અસ્થિરતા મનના સંગે થતી હોવાથી તેને મનની અસ્થિરતા કે ચિત્તની ચંચળતા કહે છે. બાર ભાવનાનો અભ્યાસ ચિત્તની ચંચળતા મટાડીને તેને સ્થિર કરવામાં સહાયક છે.

મનુષ્યનું મન એક સમય માટે પણ નવરું હોતું નથી. પર વિષયોમાં પ્રવર્તતા આ મનને કોઇ શરણ કે આધાર નહિ હોવાથી તે હંમેશાં અસ્થિર જ રહે છે. પરવિષયોથી પાછું વળી જે મન પોતાના સ્વરૂપનાં ચિંતવનમાં રોકાય છે તે સ્થિર બને છે. બાર ભાવનાનાં અભ્યાસથી જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. વૈરાગ્યના કારણે પરવિષયો પ્રત્યે ઉપેક્ષા અને ઉદાસીનતા આવે છે. અને જ્ઞાનનાં કારણે પોતાના સ્વરૂપનો મહિમા આવે

છે. તેથી તે મન પરવિષયોથી પાછું વળી પોતાના સ્વરૂપનાં ચિંતવનમાં રોકાય છે. તેના કારણે મનની સ્થિરતા થાય છે.

સાંસારિક પ્રવૃત્તિથી પરવિષયોનું પ્રવર્તન હોય છે. તેથી મન સ્વાધીન નહિ રહેવાથી અસ્થિર બને છે. બાર ભાવનાના અભ્યાસથી પરવિષયોનું આકર્ષણ ટળે છે અને પરવિષયોની પ્રવૃત્તિ મટે છે. આત્મહિતનાં સંસ્કારો કેળવાય છે. તેથી મન પરવિષયોની સાંસારિક પ્રવૃત્તિથી પાછું વળી આત્મસ્વરૂપનાં ચિંતવનની પારમાર્થિક પ્રવૃત્તિમાં પ્રવર્તે છે. તેના કારણે મનની અસ્થિરતા મટીને સ્થિર થાય છે. આ રીતે બાર ભાવનાનો અભ્યાસ ચિત્તની ચંચળતા ટાળી તેને સ્થિર કરાવે છે. આચાર્ય શ્રી પૂજ્યપાદના શબ્દોમાં ૢૢૢ

(અનુષ્ટુપ)

अविद्याभ्यास संस्कारैः, अवशं क्षिप्यते मनः ।
तदैव ज्ञानसंस्कारैः, स्वस्तत्त्वे अवतिष्ठते ।।

ભાવાર્થ : લૌકિક અવિદ્યાના અભ્યાસથી ઉત્પન્ન થયેલા વિષયાસક્તિના સંસ્કારોના કારણે મન અવશ થવાથી એટલે કે સ્વાધીન નહિ રહેવાથી તે વિક્ષિપ્ત એટલે કે અસ્થિર થાય છે. અને તે જ મન બાર ભાવનાના અભ્યાસથી ઉત્પન્ન થયેલ આત્મજ્ઞાનના સંસ્કારોના કારણે પોતાની જાતે જ સ્વવશ એટલે કે સ્વાધીન થવાથી તે સ્થિર થાય છે. (સમાધિતંત્ર : ગાથા ૩૭)

૪. મોહને મંદ કરે છે.

પર સાથેના એકત્વ કે મમત્વને મોહ કહે છે. સઘળાં સંસારનું મૂળ કારણ આ મોહ જ છે. બાર ભાવનાનો અભ્યાસ મોહને મંદ કરે છે.

શરીરાદિ પરપદાર્થોને પોતાપણે માનવાની અજ્ઞાનતા, ભ્રમણા કે મૂઢતા તે મોહ છે. મોહના કારણે રાગદ્વેષાદિ વિકારી ભાવો થાય છે. તેનાથી કર્મબંધન અને સંસારનું પરિભ્રમણ હોય છે. તેથી સઘળાં સંસારનું મૂળ કારણ મોહ જ છે. બાર ભાવનાનો અભ્યાસ કરવાથી મોહ મંદ પડે છે.

બાર ભાવનાના અભ્યાસથી શરીરાદિ સંયોગી પદાર્થોની અનિત્યતા, અશરણતા, અસારતા, અસહાયતા, અન્યત્વતા, અશુચિતા સમજાય છે. પોતાના આત્માનું અનંતગુણો સાથેનું એકત્વ અને પરથી અન્યત્વપણું પ્રતિભાસે છે. પરસંયોગોને લીધે ઉત્પન્ન થતા રાગાદિ આસ્રવોની વિપરીતતા અને સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતા સંવર-નિર્જરાની સમર્થતા સમજાય છે. મોહના કારણે જીવ સંપૂર્ણ લોકમાં રખડે છે અને મોહને મટાડી તે લોકાગ્રે નિવાસ કરે છે. આત્મસ્વરૂપની સાચી સમજણરૂપ બોધિ જ જગતમાં દુર્લભ છે. આવી બોધિથી જ આત્માનો ધર્મ થાય છે. આ પ્રકારે બાર ભાવનાના અભ્યાસના પરિણામે પરમાં પોતાપણાની માન્યતારૂપ મોહનું કોઇ કારણ રહેતું નથી અને તેથી તે અવશ્ય મંદ પડે છે.

મોહના કારણે થતી પોતાના ભાવોની મલિનતા મટાડવા માટે બાર ભાવનાનો અભ્યાસ કરવાનો ઉપદેશ આપતા આચાર્યશ્રી શુભચંદ્ર કહે છે ૢૢૢ

(અનુષ્ટુપ)

चिनु चित्ते भृशं भव्य, भावना भावशुद्धये ।
याः सिद्धांतमहातन्त्रे, देवदेवैः प्रतिष्ठिताः ।।


ભાવાર્થ : હે ભવ્ય ! દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાન દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતોના પ્રબંધમાં પ્રતિષ્ઠિત થયેલી આ બાર ભાવના છે. તેથી મોહથી મલિન થયેલાં તારા ભાવોની શુદ્ધિ માટે તારા ચિત્તમાં આ બાર ભાવનાનું ચિંતવન કર. (જ્ઞાનાર્ણવ : સર્ગ : ૨, શ્લોક ૧૫)

૫. વિષય-કષાયના ઝેરને ઉતારે છે.

સંસારી જીવને સ્પર્શાદિ ઈન્દ્રિયોના વિષયની આસક્તિ અને ક્રોધાદિ કષાયોની પ્રગટતા હોય

છે. આ વિષય-કષાય જીવના શુદ્ધસ્વરૂપનો ઘાત કરાવી તેને આત્મહિતથી અળગો રખાવનાર હોવાથી તે ઝેરરૂપ છે. બાર ભાવનાનો અભ્યાસ આવા વિષય-કષાયના ઝેરને ઉતારનારો છે.

સંસારી જીવને સ્પર્શાદિ ઈન્દ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિ હોવાથી તેને તેની આસક્તિ હોય છે. આ ઉપરાંત પરપદાર્થો પ્રત્યેના મોહના કારણે ક્રોધાદિ કષાયોની પ્રગટતા પણ હોય છે. આ વિષય- કષાય આત્મસ્વભાવનો ઘાત કરનાર હોવાથી તે એક પ્રકારનું ઝેર છે. વિષય-કષાયના ઝેરને ઉતારવા માટે બાર ભાવનાનો અભ્યાસ કાર્યકારી છે.



બાર ભાવનાનો અભ્યાસ કરવાથી ઇન્દ્રિયવિષયોમાં આત્માનું સુખ નથી તેવી સમજણપૂર્વકનો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તેથી વિષયાસક્તિ ટળે છે. આ બાર ભાવનાનો અભ્યાસ મોહને મંદ પાડનારો છે. મોહની મંદતા થતાં કષાયો મંદ પડે છે. આ રીતે બાર ભાવનાનો અભ્યાસ વિષય-કષાયને મંદ કરનારો એટલે કે તેનું ઝેર ઉતારનારો છે.

બાર ભાવનાનો અભ્યાસ કરવાથી પરવિષયોમાં સુખબુદ્ધિ અને પરપદાર્થોના મોહરૂપ અજ્ઞાન ટળી જાય છે અને તેથી પરવિષયો પ્રત્યેનો અનુરાગ મટી જાય છે અને કષાયરૂપી અગ્નિ શાંત થાય છે. તેથી સાંસારિક વિષય-કષાયના ઝેરને ઉતારવા માટે બાર ભાવનાનો અભ્યાસ નિરંતર કરવો જોઈએ તેમ ફરમાવતા આચાર્યશ્રી શુભચંદ્ર કહે છે ढ़ढ़ढ़

(આર્યા)

विध्यति कषायाग्निः विगलति रागो विलीयते ध्वान्तम् ।
उन्मिषति बोधदीपो हृदि पुंसां भावनाभ्यासात् ।।

ભાવાર્થ : **આ બાર ભાવનાઓનો નિરંતર અભ્યાસ કરવાથી અજ્ઞાનરૂપી અંધકાર વિલય પામી જ્ઞાનરૂપી પ્રકાશ ખીલી ઉઠે છે. તેથી આવો અભ્યાસ કરનાર પુરુષના હૃદયમાં કષાયરૂપી અગ્નિ બૂઝાઇ જાય છે. પરવિષયો પ્રત્યેનો રાગભાવ ટળી જાય છે.**

(જ્ઞાનાર્ણવ : સર્ગ ૨ : દ્વાદશાનુપ્રેક્ષાનો ઉપસંહાર : શ્લોક ૨)

૯. વિપત્તિમાં ધૈર્ય અને સંપતિમાં નમ્રતા પ્રદાન કરાવે છે.

ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગના સમયે પણ શાંતિ અને ધીરજ રાખવી તેને વિપત્તિમાં ધૈર્ય અને સાનુકૂળ સમયમાં પણ સાલસતા અને વિનયને વધારવો તેને સંપત્તિમાં નમ્રતા કહે છે. બાર ભાવનાનો અભ્યાસ વિપત્તિમાં ધૈર્ય અને સંપત્તિમાં નમ્રતા પ્રદાન કરાવનારો છે.

પાપના ઉદયથી ઉત્પન્ન થયેલ મુશ્કેલ પરિસ્થિતિ, અપમાન, અવગણના, નિષ્ફળતા જેવા પ્રતિકૂળ સંયોગના પ્રસંગ સમયે પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવા તે વિપત્તિમાં ધૈર્ય છે અને તેથી વિશેષ પુણ્યના ઉદયથી પ્રાપ્ત અઢળક ધન-દૌલત, માન-સન્માન જેવા સાનુકૂળ સંયોગના પ્રસંગ સમયે પણ ભલાઇ રાખવી, સાલસતા દાખવવી, વિનયને વધારવો તે સંપત્તિમાં નમ્રતા છે. બાર ભાવનાનો અભ્યાસ વિપત્તિમાં ધૈર્ય અને સંપત્તિમાં નમ્રતા પ્રદાન કરાવનારો છે.

અગાઉ જોઇ ગયા તે મુજબ બાર ભાવનાનો અભ્યાસ પ્રતિકૂળ પ્રસંગે સમાધાન કરાવનારો છે, જે વિપત્તિમાં ધૈર્યનું કારણ બને છે. તેમ જ તે સંસારના વિષય-કષાયના ઝેરને ઉતારનારો છે, જે સંપત્તિમાં નમ્રતાનું કારણ બને છે.બાર ભાવનાના અભ્યાસથી સંસારની ક્ષણભંગુરતા, અશરણતા, અસારતા સમજાય છે. પાપ-પુણ્યના ઉદયથી પ્રાપ્ત પ્રતિકૂળ-અનુકૂળ સંયોગો એ

આત્માની ચીજ નથી. અને આત્માને આધીન પણ નથી. આવા સંયોગો આત્માના દુ:ખ કે સુખનું કારણ નથી પણ તે સંયોગોને લક્ષે થતો સંયોગીભાવરૂપ મોહ જ આત્માના દુ:ખ કે સુખનું કારણ હોય છે. બાર ભાવનાના અભ્યાસથી આ મોહ મંદ પડે છે. તેથી પ્રતિકૂળ પ્રસંગે શાંતિ અને ધીરજ જાળવી શકાય છે અને અનુકૂળ સંયોગોથી અભિમાન થતું નથી. તે કારણે વિપત્તિમાં ધૈર્ય અને સંપત્તિમાં નમ્રતા આવે છે.

બાર ભાવનાનો અભ્યાસ આપણને એ શીખવે છે કે પુણ્યોદયથી પ્રાપ્ત સાનુકૂળ સંયોગોને કારણે આત્માના ગુણો વધી જતા નથી તેથી સંપત્તિમાં અભિમાન કરવાનું કોઇ કારણ નથી પણ નમ્ર થવું તેમાં જ પોતાની શોભા છે. આંબાનું વૃક્ષ મોટું થતું જાય તેમ નીચે નમતું જાય છે અને આ વૃક્ષના મૂળથી ગોટલાં સુધીની દરેક ચીજ ઉપયોગી હોય છે. તેમ બાર ભાવનાનો અભ્યાસ કરનાર જીવ પુણ્યોદયથી પ્રાપ્ત સાનુકૂળ સંયોગો વધે તેમ તેની વિનમ્રતા વધારતો જાય છે અને આવા જીવનું સમગ્ર જીવન સ્વ-પરને હિતકારી હોય છે. પણ ખજૂરનું વૃક્ષ જેમ જેમ ઊંચું થતું જાય તેમ તેમ વધુ ને વધુ અક્કડ બનતું જાય છે. તે મુસાફરને છાંયો આપી શકતું નથી અને તેના ફળ પણ ખૂબ દૂર હોવાથી મુસાફરની ભૂખ ભાંગી શકતા નથી. તેમ બાર ભાવનાનો અભ્યાસ ન કરનાર જીવ પુણ્યોદયથી પ્રાપ્ત સત્તા અને સંપત્તિ વધે તેમ વધુ ને વધુ અભિમાની થતો જાય છે અને તેનું જીવન સ્વ-પરને હિતકારી હોતું નથી. કહ્યું પણ છેઃ

ઉંચા હૂઆ તો ક્યા હૂઆ ? ઉંચા પેડ ખજૂર।
પંથી છાયા ન પાઈયે, ફલ લગે અતિ દૂર॥

(કબીરનો દોહરો)

૭. મૃત્યુના ભયને દૂર ભગાવે છે.

વર્તમાન મનુષ્ય અવસ્થાની આયુ પૂર્ણ થતા જીવનું શરીરથી જુદા પડવાની પ્રક્રિયાને મરણ કહે છે. મરણને ટાળી શકાતું નથી અને પોતે ક્ષણે ક્ષણે મરણના મુખમાં હોમાઈ રહ્યો છે. શરીર સાથે એકત્વ બુદ્ધિ ધરાવતા અજ્ઞાનીને શરીરના વિયોગરૂપ મરણ પોષાતું નથી. તેથી તેને મરણનો ભય સતત સતાવ્યા કરે છે. બાર ભાવનાનો અભ્યાસ આવા મરણના ભયને દૂર ભગાવે છે.

વર્તમાન મનુષ્યપર્યાયના શરીરની સ્થિતિ આયુષ્ય કર્મના ઉદય અનુસાર હોય છે. આ આયુષ્ય કર્મ પૂર્વભવમાં બંધાયેલ હોય છે અને તે નિયત હોય છે. આયુષ્યકર્મનો ઉદય પૂરો થતા જીવ અવશ્ય મૃત્યુને પામે છે. અને તે સમયે તેને કોઇ શરણ હોતું નથી. રોજે રોજ મૃત્યુના સમાચાર સાંભળીને અને પોતે પણ ક્ષણે ક્ષણે મૃત્યુની સમીપ આવી રહ્યો છે તે જાણીને અજ્ઞાની મનુષ્ય મૃત્યુના ભયથી ત્રસ્ત રહે છે. બાર ભાવનાનો અભ્યાસ આ મૃત્યુના ભયને દૂર ભગાવનારો છે.

બાર ભાવનાના અભ્યાસથી એવી સમજણ થાય છે કે પોતાનો શુદ્ધાત્મા જ નિત્ય છે અને શરીરાદિ સંયોગો અનિત્ય છે. પોતાનો શુદ્ધાત્મા જ શરણભૂત છે અને શરીરાદિ સંયોગો શરણભૂત નથી. પોતાનો શુદ્ધાત્મા જ સારભૂત છે અને સંસારમાં અન્ય કોઇ સારભૂત નથી. પોતાને પોતાના શુદ્ધાત્માથી જ એકત્વ છે અને શરીરાદિ સંયોગોથી અન્યત્વ છે. પોતાનો શુદ્ધાત્મા જ પરમ પવિત્ર છે અને શરીર અત્યંત અશુચિ છે. શુદ્ધાત્માના આશ્રયે જ સંવર-નિર્જરા છે અને શરીરાદિ બાહ્ય સંયોગોનાં આશ્રયે પુણ્ય-પાપરૂપ આસ્રવ છે. શુદ્ધાત્માના ધ્યાનથી લોકાગ્રે સ્થિર નિવાસ છે અને શરીરાદિના લક્ષે લોકમાં ચારગતિનું ભ્રમણ છે. જગતમાં શુદ્ધાત્માના સાચા સ્વરૂપની સમજણરૂપ બોધિ જ દુર્લભ છે અને ઘનાદિ સંયોગો સુલભ છે. શુદ્ધાત્માની પ્રાપ્તિથી થતી વીતરાગતા એ જ ધર્મ છે અને પોતાનાં શુદ્ધાત્માના શુદ્ધ સ્વરૂપથી ચ્યૂત થઇને શરીરાદિ સંયોગોનાં લક્ષે થતો મોહ-રાગ-દ્વેષાદિ વિકારી ભાવ જ અધર્મ છે. બાર ભાવનાના અભ્યાસથી આવા પ્રકારની સમજણ થવાથી શરીરાદિ

સંયોગો સાથેનું એકત્વ કે મમત્વ મટી જાય છે. તેથી શરીરાદિ સંયોગનાં વિયોગરૂપ થતો મરણનો ભય ટળી જાય છે.

આ ઉપરાંત બાર ભાવનાનો અભ્યાસ અનિત્ય અને અશરણભૂત શરીરાદિ સંયોગોથી પોતાનો અસંયોગી આત્મા તદ્દન ભિન્ન છે તેમ દર્શાવે છે. જેનો સંયોગ હોય તેનો વિયોગ હોય છે. તેથી શરીરાદિ સંયોગોનો વિયોગ પણ અવશ્યંભાવી છે. અને તેનો વિયોગ થવા છતાં પોતાના અસંયોગી આત્માને કોઇ નુકસાન નથી. ક્ષણિક અને વિનાશી શરીરાદિનું લક્ષ છોડી શાશ્વત અને શરણભૂત શુદ્ધાત્માનું લક્ષ કરવાથી મરણનો ભય રહેતો નથી. આ પ્રકારનો બારભાવનાનો અભ્યાસ મૃત્યુનાં ભયને દૂર ભગાવનારો છે.

બાર ભાવનાનો અભ્યાસ કરનારને પોતાનો આત્મા જન્મ-મરણથી રહિત અવિનાશી અને અનાદિ-અનંત ભાસે છે. શરીરાદિ સંયોગો પોતાનાથી તદ્દન ભિન્ન ભાસે છે. શરીર સાથેનું એકત્વ કે મમત્વ ટળી જાય છે. મરણ સમયે શરીર દ્વારા જીવનો ત્યાગ થાય તે પહેલાં જ તે પોતાના અભિપ્રાયમાં શરીરથી છૂટો પડી જાય છે. તેથી મરણનો ભય રહેતો નથી. મરણ સમયે શાંતિ અને સમતાપૂર્વક શરીરથી છૂટા પડવાથી સ્વર્ગની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે. મૃત્યુ એ જીર્ણ-શીર્ણ શરીર અને પ્રતિકૂળ સંયોગોથી છોડાવનાર આત્માનો ઉપકારી છે તેથી બાર ભાવનાના અભ્યાસ કરનાર માટે મૃત્યુ એક મહોત્સવ સમાન છે. કવિ શ્રી સૂરચંદના શબ્દોમાંદ્ઢ



(નરેન્દ્ર છંદ)

હોય નિ:શલ્ય તજો સબ દુવિધા, આતમરામ સુધ્યાવો ।
જબ પરગતિ કો કરહુ પયાનોં, પરમતત્ત્વ ઉર લાવો ।।
મોહ-જાલ કો કાટ પિયારે, અપનો રુપ વિચારો ।
મૃત્યુ મિત્ર ઉપકારી તેરો, યોં ઉર નિશ્ચય ધારો ।।

ભાવાર્થ : બાર ભાવનાનો અભ્યાસ કરવાથી શરીર સાથેના એકત્વનું શલ્ય ટળી જવાથી બધાં પ્રકારની દુવિધા કે ડામાડોળપણું મટી જાય છે. તેથી પોતાના શુદ્ધાત્માનું ધ્યાન સંભવે છે. બાર ભાવનાના અભ્યાસના બળે મરણનો સમય આવે અને પરગતિ તરફ પ્રયાણનો પ્રસંગ બને ત્યારે પોતાના શુદ્ધ સ્વરૂપને વિચારી તે પરમ તત્ત્વનું ચિંતવન કરી શરીર પ્રત્યેનો મોહ મટાડી મૃત્યુ એ પોતાનો પરમ મિત્ર છે એ નિશ્ચયને હૃદયમાં ધારણ કરો.

(સમાધિમરણ પાઠ : કડી નં. ૫૩)


૮. પુણ્યની પ્રાપ્તિ કરાવે છે.

મંદ કષાયથી થતી પરિણામોની વિશુદ્ધિ કે શુભભાવના કારણે થતા પુણ્યકર્મના બંધને પુણ્યની પ્રાપ્તિ કહે છે. બાર ભાવનાનો અભ્યાસ પુણ્યની પ્રાપ્તિ કરાવે છે.

જીવના મંદ કષાયથી થતી પરિણામોની વિશુદ્ધિ કે શુભભાવના કારણે શુભનામ, શુભઆયુ, શુભગોત્ર, શાતાવેદનીય જેવા પુણ્યકર્મનું બંધન થાય છે. શુભ-ભાવના નિમિત્તે પૂર્વેના પાપકર્મ પણ પુણ્યમાં ફેરવાઇ જાય છે. તો કોઇવાર પુણ્ય હોય તેનો રસ કે અનુભાગ વધી પણ જાય છે. તે બધી પુણ્યની પ્રાપ્તિ છે. બાર ભાવનાનો અભ્યાસ પુણ્યની પ્રાપ્તિ કરાવનારો છે.

બાર ભાવનાના અભ્યાસના પરિણામે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાનની સમજણ થાય છે. તેથી પોતાના પરિણામોની વિશુદ્ધિ અને તેથી થતી પુણ્યની

પ્રાપ્તિ હોય છે. બાર ભાવનાનો અભ્યાસ કરનારને પુણ્યનું કોઇ પ્રયોજન ભાસતું નથી, તોપણ **'માગે તેથી ભાગે અને ન માગે તેની આગે'** એ ઉક્તિ અનુસાર પુણ્યની માંગણી કરનારને પુણ્યની પ્રાપ્તિ થતી નથી પણ પુણ્યનું કોઇ પ્રયોજન ન રાખનારને તેની પ્રાપ્તિ સહજપણે થાય છે. બાર ભાવનાનો અભ્યાસ પોતે જ પરિણામોની વિશુદ્ધિ છે. તેથી મંદ કષાયથી ચિત્તની ઉજ્જવળતા હોય છે. ઊંચા પ્રકારના શુભભાવોના કારણે પુણ્યની પ્રાપ્તિ થાય છે. આપણે અગાઉ જોઇ ગયા તે મુજબ બાર ભાવનાનો અભ્યાસ ચિત્તને સ્થિર કરાવે છે, મોહને મંદ કરે છે, સાંસારિક વિષય-કષાયના ઝેરને ઊતારે છે. આ બધી બાબતો પણ પુણ્યોપાર્જનનું જ કારણ છે. આ રીતે બાર ભાવનાનો અભ્યાસ પુણ્યની પ્રાપ્તિ કરાવનારો છે.



બાર ભાવનાના અભ્યાસથી અળગા રહેનારા અજ્ઞાની જીવો પુણ્યનું પ્રયોજન ધરાવી તેના માટેના ઉપાયો કર્યા કરે છે. તોપણ તેમને પુણ્યની પ્રાપ્તિ થતી નથી. બાર ભાવનાનો અભ્યાસ કરનાર આત્માર્થી સજ્જન પુરુષ પુણ્યનું પ્રયોજન બિલકુલ ધરાવતો નથી. તોપણ તેને ઉત્કૃષ્ટ પુણ્યની પ્રાપ્તિ થાય છે. આ બાબત આચાર્યશ્રી પદ્મનંદી નીચેના શબ્દોમાં કહે છે ઃ

(અનુષ્ટુપ)

अनुप्रेक्षा ईमाः सद्भिः :, सर्वदा हृदये धृताः ।
कुर्वते तत्परं पुण्यं, हेतुः यत् स्वर्ग मोक्षयोः ।।

ભાવાર્થ : સજ્જનો દ્વારા સદા હૃદયમાં ધારણ કરવામાં આવતી આ બાર અનુપ્રેક્ષાઓનો અભ્યાસ ઉત્કૃષ્ટ પુણ્યને પ્રાપ્ત કરાવે છે. જે સ્વર્ગની પરંપરા દ્વારા મોક્ષ સુધી પહોંચાડે છે.

(પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૬ : શ્લોક ૫૮)

ઉપસંહાર

આત્મહિત સંબંધી પારમાર્થિક બાબતની વારંવાર વિચારણા થવી તે ભાવના કે અનુપ્રેક્ષા છે.

પારમાર્થિક વિચારણાના આધારભૂત અનિત્યાદિ કુલ બાર બાબતો હોવાથી ભાવના પણ બાર જ છે. બાર ભાવના સિવાયની સંસાર સંબંધી જે કોઇ વિચારણા કે ચિંતવન હોય તે ચિંતા છે, પણ ભાવના નથી. ચિંતા સંસાર અને તેનાં દુઃખોનું કારણ હોવાથી હેય છે. પરંતુ ભાવના મોક્ષ અને તેના સુખનું કારણ હોવાથી ઉપાદેય છે.

પારમાર્થિક પંથના પ્રારંભથી પૂર્ણતા સુધી વૈરાગ્યની આવશ્યકતા હોય છે. પરંતુ આ વૈરાગ્ય જ્ઞાન સહિતનો હોય તો જ કાર્યકારી બને છે. જગતમાં વૈરાગ્યના પ્રસંગો અવારનવાર જોવા મળે છે. પણ આ વૈરાગ્ય વસ્તુસ્વરૂપની સાચી સમજણ વિનાનો હોવાથી તે આત્મહિતની યોગ્યતા કે સાધન બની શકતો નથી. વાસ્તવમાં જ્ઞાન વગરનો વૈરાગ્ય એ વૈરાગ્ય જ નથી પણ એક પ્રકારનો રૂંધાયેલો કષાય જ છે. જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની ઉત્પત્તિનું કારણ એક માત્ર બાર ભાવના જ છે.

બાર ભાવનાના અભ્યાસપૂર્વક તેનું ચિંતવન કરવાનું ફળ અલૌકિક અને અચિંત્ય છે. તેથી મુમુક્ષુઓએ આ બાર ભાવનાનું ચિંતવન નિરંતર કરવું જોઇએ. બાર ભાવનાનું ચિંતવન કરનારને અવશ્ય નિર્વાણની પ્રાપ્તિ થાય છે, તેમ દર્શાવતા પં. બુધજન કહે છે ઃ

(દોહા)

अथिराशरण संसार है, अेकत्व अन्यत्वहि जान ।
अशुचि आस्रव संवरा, निर्जर लोक बखान ।।

बोधि-दुर्लभ धर्म ये, बारह भावन जान ।
इनको भावै जो सदा, क्यो न लहै निर्वान ।

ભાવાર્થ : ૧. અનિત્ય ૨. અશરણ ૩. સંસાર ૪.એકત્વ ૫. અન્યત્વ ૬. અશુચિ ૭. આસ્રવ ૮. સંવર ૯. નિર્જરા ૧૦. લોક ૧૧. બોધિદુર્લભ અને ૧૨. ધર્મ એ બાર ભાવના છે. જે મનુષ્ય આ બાર ભાવનાનું હંમેશાં ચિંતવન કરે છે તેને નિર્વાણની પ્રાપ્તિ કેમ ન થાય ? એટલે કે ચોક્કસ થાય જ. (પં. બુધજનકૃત છઢાળા : ઢાળ ૧, ગાથા ૧૩,૧૪)

સંદર્ભ ગ્રંથો

● ૧. બારસ અણુવેક્ખા : ગાથા ૨, ૮૭થી ૯૦; ● ૨. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨, 3, ૪૯૦; ● 3. ભગવતી આરાધના : ગાથા ૧૭૧૦; ● ૪. જ્ઞાનાર્ણવ : સર્ગ ૨ : શ્લોક ૪થી ૭, ૧૯૪થી ૭૬૮; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૬૯૪, ૭૬૫થી ૭૬૮; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાય ૬ : ગાથા ૨૯, 30, ૪3; ● ૭. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૯ : સૂત્ર ૭; ● ૮. તત્ત્વાર્થરાજવાર્તિક : ૯/૨૫, 3/૬૨૪; ● ૯. સમણસુત્તમ્ : પ્રકરણ 30 : અનુપ્રેક્ષાસૂત્ર : ગાથા ૧, ૨, ૨૫, ૨૬; ● ૧૦. સર્વાર્થસિદ્ધિ : ૯/૪, ૪૦૯; ૯/૨૫/૪૪3; ● ૧૧. ધવલ : ૯/૪, ૧, ૫૫/૨૬3/૧; ● ૧૨. પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૬, શ્લોક ૪૨, ૪3, ૪૪; ● ૧3. અનગારધર્મામૃત : અધ્યાય ૬, ગાથા ૫૭, ૮૨; ● ૧૪. બૃહદ્દ્રવ્ય સંગ્રહ : ગાથા 3૫ની ટીકા; ● ૧૫. ભાવપાહુડ : ગાથા ૯૬; ● ૧૬. પાહુડ દોહા : શ્લોક ૨૧૨; ● ૧૭. સમયસારનાટક : અધ્યાય ૭, દોહરો ૪૧, ૪૨; ● ૧૮. શ્રીમદ્ રાજચંદ્ર : પત્રાંક ૧૦, પાનુ ૧૫થી ૨૨; ● ૧૯. મહાપુરાણ : ૨૧/૧૪૨/૪૯૦; ● ૨૦. બહેનશ્રીનાં વચનામૃત : નં.૪, ૪૦૫; ● ૨૧. જૈ.સિ.કોશ: ભાગ ૧ : અનુપ્રેક્ષા : ૧/૧, પાનુ ૭૧; ૧/૨, પાનુ ૭૨.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુના ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. મોક્ષમાર્ગની શરૂઆતથી પૂર્ણતા સુધી શું જરૂરી હોય છે ? ૦૧. ☐
A:: જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય B:: વીતરાગી દેવ-ગુરુ
C:: બાર ભાવનાનો પાઠ D:: મનુષ્ય પર્યાય

૦૨. કથાનુયોગના શાસ્ત્રોનું કેન્દ્રબિંદુ શું છે? ૦૨. ☐
A:: મહાપુરુષોનું જીવનચરિત્ર B:: પુણ્ય-પાપનું ફળ
C:: બાર ભાવના D:: વીતરાગતા

૦૩. લગભગ દરેક જૈન કવિએ શેની રચના કરેલ હોય છે? ૦૩. ☐
A:: જિનેન્દ્ર પૂજા B:: બાર ભાવના C:: જિનવાણી સ્તુતિ D:: ગુરુ ભક્તિ

૦૪. બાર ભાવના વડે તીર્થંકર મુનિના વૈરાગ્યની અનુમોદના કોણ કરે છે ? ૦૪. ☐
A:: પ્રજાજનો B:: કર્મભૂમિના રાજાઓ
C:: સૌધર્મ ઈન્દ્ર D:: લોકાંતિક દેવો

૦૫. સાચી ભાવના કેવી હોતી નથી ? ૫. ☐
A:: પારમાર્થિક બાબતની વિચારણારૂપ B:: વૈરાગ્યરૂપ
C:: આત્મહિતની અભિલાષારૂપ D:: રાગ-દ્વેષરૂપ

૦૬. ભાવનાની ચિંતવન પ્રક્રિયામાં કઇ બાબતનો સમાવેશ નથી? ૦૬. ☐
A:: સંસારની અશરણતા B:: સંસારની અસારતા
C:: સંસારની દુવિધા D:: સંસારની સુવિધા

૦૭. કેવો વૈરાગ્ય આત્મહિત માટે ઉપકારી છે ? ૦૭. ☐
A:: ક્ષણિક પણ દૃઢ B:: દુઃખપૂર્વકનો C:: મોહપૂર્વકનો D:: જ્ઞાનપૂર્વકનો

૦૮. જગતમાં અભય કોણ હોય છે ? ૦૮. ☐
A:: શાસ્ત્રજ્ઞાની B:: વૈરાગ્યવંત C:: લક્ષ્મીપતિ D:: બળવાન

૦૯. પ્રતિકૂળતા સમયે શેમાં સજ્જનતા છે ? ૦૯. ☐
A:: પ્રતિકૂળતાનો પ્રતિકાર કરવામાં B:: પ્રતિકૂળતાને વશ થવામાં
C:: સમાધાન રાખવામાં D:: શુદ્ધાત્માના ધ્યાનમાં

૧૦. પં. બુધજનના કથન અનુસાર બારભાવનાનું નિરંતર ચિંતવન કરનારને શેની પ્રાપ્તિ થાય છે? ૧૦. ☐
A:: નિર્વાણ B:: સમ્યગ્દર્શન C:: સ્વર્ગ D:: સાનુકૂળતા

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં ટૂંકા જવાબ આપો.

૦૧.પારમાર્થિક પંથમાં પહેલેથી છેલ્લે સુધી શેની જરૂર હોય છે?

૦૨. આચાર્ય રચિત બાર ભાવનાના સ્વતંત્ર ગ્રંથના નામ આપો?

૦૩. બાર ભાવના સંબંધી કેટલા કાવ્યો જોવા મળે છે?

૦૪. ભાવના એટલે શું ?

૦૫. ભાવનાનું બીજુ નામ શું છે ? કઈ રીતે ?

૦૬.ભાવનામાંથી ધ્યાન કઈ રીતે થાય ?

૦૭.ધર્મધ્યાનનો આધાર શું છે ?

૦૮.સાંસારિક બાબતોનું ચિંતવન શું છે ?

૦૯.ચિંતા છોડી ભાવના ભાવવા માટે શું જાણવું જરૂરી છે?

૧૦. ચિંતાની ચિંતવન પ્રક્રિયામાં મુખ્યપણે શું હોય છે ?

૧૧.ભાવના અને ચિંતા વચ્ચેના તફાવતના કોઈપણ બે મુદ્દા આપો.

૧૨. બાર ભાવનાના નામ આપો

૧૩. બાર ભાવના પૈકી પ્રથમ છ ભાવના કેવી છે ?

૧૪. બાર ભાવના પૈકી અંતિમ છ ભાવના કેવી છે ?

૧૫.વૈરાગ્ય એટલે શું ?

૧૬.વૈરાગ્ય કેટલા પ્રકારના હોય છે ?

૧૭.દુઃખપૂર્વકનો વૈરાગ્ય એટલે શું ?

૧૮.મોહપૂર્વકનો વૈરાગ્ય એટલે શું ?

૧૯.જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય એટલે શું ?

૨૦. બાર ભાવનાના અભ્યાસથી તત્કાલ મળતાં ફળ પૈકી કોઇ બેનાં નામ આપો ?

૨૧. આ જગતમાં પોતે કોની ભૂલનો ભોગવટો કરે છે ?

૨૨. ચિત્તની ચંચળતા એટલે શું ?

૨૩. મોહ એટલે શું ?

૨૪. સઘળાં સંસારનું મૂળ કારણ શું છે ?

૨૫. શા માટે વિષય-કષાય એક પ્રકારનું ઝેર છે ?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપો

૦૧.ભાવના અને ચિંતા વચ્ચેનો તફાવત સમજાવો.

૦૨. બાર ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ જણાવો.

૦૩.આત્મહિત પ્રેરણા અને પુરુષાર્થ એટલે શું? બાર ભાવનાના અભ્યાસથી તે કઈ રીતે પ્રાપ્ત થાય છે ?

૦૪.બાર ભાવનાનો અભ્યાસ પ્રતિકૂળ પ્રસંગે સમાધાન કઈ રીતે કરાવે છે ?

૦૫.બાર ભાવનાનો અભ્યાસ ચિત્તની સ્થિરતાનું કારણ કઈ રીતે છે?

૦૬.બાર ભાવનાનો અભ્યાસ કઈ રીતે મોહને મંદ કરાવે છે ?

૦૭.બાર ભાવનાનો અભ્યાસ કઈ રીતે વિષય-કષાયના ઝેરને ઉતારે છે?

૦૮.બાર ભાવનાનો અભ્યાસ કઈ રીતે વિપત્તિમાં ધૈર્ય અને સંપત્તિ નમ્રતા પ્રદાન કરનારો છે?

૦૯.બાર ભાવનાનો અભ્યાસ કઈ રીતે મરણના ભયને મટાડનારો છે?

૧૦.બાર ભાવનાના અભ્યાસથી કઈ રીતે પુણ્યની પ્રાપ્તિ છે ?

નીચેનાનો તફાવત આપો.

૦૧. ભાવના અને ચિંતા

ભાવના


૧

અનિત્યભાવના

(ઉપજાતિ)

વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !

અર્થ : સંસારમાં ધનાદિ લક્ષ્મી વીજળી જેવી, અધિકાર પતંગીયાના રંગ જેવો, આયુષ્ય પાણીના મોજા જેવો અને કામભોગ મેઘધનુષ્યના રંગ જેવા અનિત્ય હોય છે. (શ્રીમદ્ રાજચંદ્ર કૃત અનિત્યભાવના)



❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી
૨. કઈ રીતે અનિત્યતા છે?
૩. અનિત્યતાની આવશ્યકતા
૪. અનિત્યતા સ્વીકારમાં શાંતિ
૫. અનિત્યભાવનાનો આશય
૬. અનિત્ય દ્વારા નિત્યની ઓળખાણનો ઉપાય
   ૧. વસ્તુનું અનેકાંતસ્વરૂપ
   ૨. વિરોધીનું અસ્તિત્વ
૭. અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયા
   ૧. સંયોગોની ક્ષણભંગુરતા
   ૨. હકારાત્મક અભિગમ
   ૩. યથાર્થદૃષ્ટિ
૮. અનિત્યભાવનાનું સાધન કે કારણ
૯. કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે?
૧૦. કઈ રીતે વૈરાગ્યનું કારણ છે?
૧૧. પ્રયોજનપૂર્વક વિશેષ ફળ
   ૧. નામનાની ભાવના ટળે.
   ૨. માનને મટાડે
૧૨. ઉપસંહાર

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના

અનિત્યભાવના પ્રેરક વચનામૃત



અરે ! સ્વપ્ના જેવો સંસાર છે, કોનું કુટુંબ ને કોનાં મકાન–મિલ્કત ! આ દેહ પણ એકદમ ફૂ થઈને ક્ષણમાં છૂટી જશે. ભાઈ ! આ શરીરનાં રજકણ પડ્યા રહેશે અને આ મકાન–મિલ્કત પણ બધાં પડ્યા રહેશે. એમાંની કોઈ ચીજ તારા સ્વરૂપમાં નથી. એ બધી નિત્ય જીવસ્વરૂપથી ભિન્ન અનિત્ય છે. પ્રભુ ! તું તેમના મોહપાશમાંથી નીકળી જા. હવે લૂંટાવાનું રહેવા દે.

પૈસો રહેવો કે ટળવો તે પોતાના હાથની વાત નથી. જ્યારે પુણ્ય ફરે ત્યારે દુકાન બળે, વિમાવાળો ભાંગે, દીકરી રાંડે, દાટેલા પૈસા કોયલા થાય વગેરે એકી સાથે બધી સરખાઈની ફરી વળે. કોઈ કહે કે એવું તો કોઈક વાર થાય ને ? અરે ! પુણ્ય ફરે તો બધાં પ્રસંગો ફરતાં વાર લાગે નહિ. પરસંયોગો અનિત્ય છે અને તેને કેમ રહેવું તે તારા હાથની વાત જ નથી ને ! માટે સદા–અફર સુખનિધાન નિજ આત્માની ઓળખાણ કરીને તેમાં ઠરી જા !

(ગુરુદેવશ્રીનાં વચનામૃત નં. ૨૩,૭૮,૧૦૭ ના આધારે)


ભાવના

૧. અનિત્યભાવના

જે ક્ષણિક કે વિનાશી હોય તેને અનિત્ય કહે છે. શરીરાદિ સંયોગી પદાર્થો અને રાગાદિ વિકારી ભાવો ક્ષણિક કે વિનાશી છે, અને પોતાનો શુદ્ધાત્મા જ શાશ્વત અને અવિનાશી છે. આ પ્રકારની વારંવાર વિચારણા કરવી તે અનિત્યભાવના છે.

મનુષ્યનું શરીર, સંપત્તિ, માન-સન્માન વગેરે સંયોગો અને બુદ્ધિ, કૌશલ્ય વગેરે સંયોગી ભાવો ક્ષણિક કે વિનાશી છે. તે બધાનો કોઇ ને કોઇ કાળે નાશ થવાનો જ છે. નાશવંત વસ્તુમાં મોહ રાખવાથી દુઃખી જ થવાય છે. અને અવિનાશી શુદ્ધાત્માનું ધ્યાન ધરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારની વિચારણા તે અનિત્યભાવના છે.

અનેકાંતમય વસ્તુનું સ્વરૂપ નિત્ય-અનિત્યાત્મક હોય છે. અસંયોગી આત્મા નિત્ય છે અને તેની સાથે સંકળાયેલા સઘળાં સંયોગો અને સંયોગીભાવો અનિત્ય છે. જીવ પોતાના અસંયોગી ધ્રુવ શુદ્ધાત્માને ભૂલીને અધ્રુવ શરીરાદિ સંયોગો અને ક્ષણિક વિકારી સંયોગી ભાવોમાં પોતાનું એકત્વ-મમત્વ કરે છે. પરંતુ આ જગતમાં જેનો સંયોગ હોય છે તેનો વિયોગ પણ હોય છે, જન્મ હોય તેનું મરણ હોય છે, આદિ હોય તેનો અંત પણ આવે છે, જે ઉપજે છે તે વિણસે પણ છે, જેનું નામ હોય તેનો નાશ પણ હોય છે. તેથી આ શરીર-મન-વાણી, સ્ત્રી-પુત્ર-પરિવાર, માન-સન્માન, સત્તા-સંપત્તિ વગેરે વિનાશિક છે. પોતાનું આયુષ્ય પણ અલ્પ છે. પરિવર્તનશીલ સંસારમાં કોઇ પણ ચીજ કાયમી નથી. કાયમી પોતાનો શુદ્ધાત્મા જ છે. આ પ્રકારે આત્મહિતકારી અનિત્યભાવનાના સ્વરૂપને સમજી તેની વારંવાર વિચારણા કરવી તે અનિત્યભાવના છે.



કઈ રીતે અનિત્યતા છે?

સંસાર અવસ્થાપણે આત્માની અનિત્યતા છે.

દરેક દ્રવ્યનું સ્વરૂપ અનેકાંત છે. અનેકાંત-સ્વરૂપી દ્રવ્ય પોતાના સ્વભાવરૂપે કાયમ ટકીને પોતાની પર્યાયરૂપે કાયમ પલટતું રહે છે. અશુદ્ધ પર્યાયનું પલટવું જુદાં જુદાં પ્રકારે એટલે કે વિસદૃશપણે હોવાથી તે વિનાશિક કહેવાય છે. આત્માની સંસાર અવસ્થા તેની અશુદ્ધ પર્યાય હોવાથી તે વિનાશિક છે. શુદ્ધ પર્યાયનું પલટવું એક જ પ્રકારે એટલે કે સદૃશપણે હોવાથી તે વિનાશિક કહેવાતું નથી. સિદ્ધ અવસ્થા આત્માની શુદ્ધ પર્યાય હોવાથી તે વિનાશિક નથી.

શરીરાદિ પરસંયોગો અને તે સંયોગોના લક્ષે થતો આત્માનો સંયોગીભાવ તે આત્માનો સંસાર છે. આ સંસાર અશુદ્ધ અવસ્થારૂપ હોવાથી તે નિરંતર વિસદૃશપણે એટલે કે જુદા જુદા પ્રકારે બદલાયા કરે છે. તેથી તે વિનાશિક એટલે કે અનિત્ય છે. આ રીતે સંસારનું સ્વરૂપ જ અનિત્ય છે.

અનિત્યતાની આવશ્યકતા

અનિત્યતા એ સંસારનું સ્વરૂપ ન હોય તો અનેક આપત્તિઓ આવી પડે છે. તેથી અનિત્યતાની આવશ્યકતા અનિવાર્ય છે.

જો આત્માની અશુદ્ધ અવસ્થારૂપ સંસાર વિનાશિક કે અનિત્ય ન હોય તો તે સંસાર કાયમ રહે અને તે સંસાર પલટીને મોક્ષ ન થાય. દુઃખી આત્મા કાયમ માટે દુઃખી જ રહે અને સુખી ન થાય. અજ્ઞાની હંમેશાં અજ્ઞાની જ રહે અને ક્યારેય જ્ઞાની ન થાય. તે જ રીતે શરીરાદિ પરસંયોગો પણ વિનાશિક કે અનિત્ય ન હોય તો જે શરીરનો જન્મ થાય તેનું મરણ ન થાય. બાળક કાયમ માટે બાળક જ રહે અને વૃદ્ધ ન થાય. રોગી હોય તે રોગી જ રહે અને નિરોગી કદી પણ ન બને. પરંતુ આવું ક્યારેય બનતું નથી. સંસારનું સ્વરૂપ જ પરિવર્તનશીલ છે. સાંસારિક સંયોગો અને સંયોગીભાવ પરિવર્તન પામે તે એક સનાતન સત્ય છે. સત્યને સત્ય તરીકે સ્વીકારવામાં જ શાંતિ, સુખ અને સન્માર્ગ છે.

સંસારનું સ્વરૂપ જ અનિત્ય છે. તેથી સંસારમાં જેનો સંયોગ હોય તેનો વિયોગ પણ થાય જ છે. જન્મ હોય તેનું મરણ પણ હોય જ છે. સ્વર્ગના દેવો અમર કહેવાય છે પણ વાસ્તવમાં તેનું પણ મરણ તો થાય જ છે. જગતમાં કોઇ ઘર એવું ન હોય કે જ્યાં ક્યારેય કોઇનું મરણ ન થયું હોય. જગતમાં જન્મ હોય પણ મરણ ન હોય તો શું થાય ? મનુષ્યની વસ્તી ફૂદડે ને ભૂસકે બેસુમારપણે વધતી જ રહે અને પગ મૂકવાની પણ જગ્યા ન રહે. ખાવાપીવાનાં પણ સાંસા થાય. તેથી આવા અમર મનુષ્યનું જીવન જ સંભવે નહિ.

જેનો સંયોગ હોય તેનો વિયોગ ન થાય તો નવા કપડાં આવે પણ જૂના કપડાંનો નિકાલ ન થાય. તેથી ઘરમાં જ ઉકરડો ઊભો થાય. પૈસા આવે પણ ખર્ચાય નહિ તો પૈસાનું કોઇ પ્રયોજન જ ન રહે. આ પ્રકારે વિયોગ વિનાનો સંયોગ સાર્થક થઇ શકે નહિ. તેથી અનિત્યતાની આવશ્યકતા અનિવાર્ય છે.

અનિત્યના સ્વીકારમાં શાંતિ

जनम धरे अरु ना मरे, हुआ न ऐसा होय ।
जगत वस्तु अथिर सभी, बीजलीवत् क्षय होय ।।

ભાવાર્થ : જગતની બધી બાબતો અસ્થિર હોવાથી વીજળીની જેમ નાશ પામે છે. તેથી જન્મ ધારણ કરે અને મરણ ન પામે એવું ક્યારેય થયું નથી અને થશે પણ નહિ. (બારભાવના શતક : કવિભૂરામલકૃત અનિત્યભાવના)

ઊગે છે તે આથમે છે, ખીલે છે તે કરમાય છે, જે જન્મે છે તે મરે પણ છે. સંસારી જીવનું સમગ્ર જીવન અને તેની સાથે સંબંધિત સઘળાં સંયોગો અને સંયોગીભાવો અનિત્ય છે. અનિત્યને અનિત્ય માનવામાં સમજદારી છે, શાંતિ છે અને અનિત્યને નિત્ય રાખવાની મૂર્ખામીમાં અશાંતિ છે.

અશાંતિ એ આધુનિક યુગની મહાન સમસ્યા છે. અશાંતિનું કારણ અનિત્ય પાછળની આંધળી દોડધામ છે. અનિત્યને અનિત્ય તરીકે સ્વીકારવાથી આ દોડધામ અને તેથી થતી અશાંતિ ટળે છે અને શાંતિ પ્રગટે છે.

પોતામાં જે ક્રોધાદિ કષાયો, વિષયાદિ વિકારો, ઉદ્વેગ અને આકુળતા છે, તે બધાનું મૂળ કારણ અનિત્યને નિત્ય રાખવાની ઘેલછા છે. આવી દરેક સમસ્યાનું સમાધાન અનિત્યને અનિત્ય તરીકે સ્વીકારવામાં છે, જે અનિત્યભાવનાના ચિંતવન દ્વારા સંભવે છે.

સામાન્ય રીતે પોતાને સઘળાં સંયોગો અનિત્ય છે એવી સમજ છે પણ સ્વીકાર નથી. કદાચ સ્વીકાર છે તોપણ તે અનુસારનું વર્તન નથી. તેનું કારણ અનિત્યભાવનાના અભ્યાસપૂર્વકનું ચિંતવન નથી. તેથી અનિત્યતાની બાબત બુદ્ધિમાં છે પણ હૃદયમાં નથી. જે બાબત હૃદયગત ન હોય તેનું આચરણ આવતું નથી. સત્તા-સંપત્તિ જાળવવાની ઝંઝટ, પૈસા પાછળની આંધળી દોટ અને શરીરનું સ્વાસ્થ્ય સાચવવા માટેની દોડધામ જેવી બાબતો દર્શાવે છે કે પોતે અનિત્ય સંયોગોને જ સાચવી રાખવાની મથામણ કરી રહ્યો છે. પોતે અનિત્ય સંયોગોની પાછળ ખુવાર થતો જોવામાં આવે છે તે જ બતાવે છે કે પોતાને અનિત્યતાની બાબત હૃદયગત નથી.

પોતાની ચારેબાજુ અનિત્યતા જોઈ શકાય છે, પણ પોતે પોતાને તો નિત્ય જ માને છે. બીજાને મરતા જુએ છે પણ પોતે તો જાણે અમર જ છે ! બીજો કોઈ કરોડપતિમાંથી રોડપતિ થતો જોવામાં આવે છે પણ પોતાની તો કાયમ *ચઢતી [1]દેણગી* જ માનવામાં આવે છે ! આવી બધી ભ્રાંતિના કારણે પોતે વાસ્તવિકતાથી દૂર રહે છે. તેથી અનિત્યને નિત્ય રાખવાની મથામણમાં આકુળતા અને ઉદ્વેગરૂપ અશાંતિ અનુભવે છે. પોતાની પ્રત્યેક સમસ્યાના મૂળમાં અનિત્યતાની વાસ્તવિકતાનો અસ્વીકાર જ હોય છે, અને અનિત્યભાવનાના ચિંતવનથી જ તેનું સમાધાન હોય છે.

સામાન્ય રીતે મનુષ્યને સૌથી મોટો ભય મરણનો હોય છે. અનિત્યભાવનાના ચિંતવનથી પોતે પોતાના મરણને સમજે અને સ્વીકારે તો તેને મરણનો ભય રહેતો નથી. એટલું જ નહિ પણ ક્રોધાદિ કષાયો, વિષય વિકારો વગેરે પણ વિરમે છે. આકુળતા અને ઉદ્વેગરૂપ અશાંતિનો અંત આવે છે અને શાંતિનો અનુભવ થાય છે. આ બાબતને વધુ સમજવા માટે અહીં સત્ય બનેલી ઘટના અમુક ફેરફાર કરીને કોઈનું નામ આપ્યા વિનાની એક દૃષ્ટાંત-કથારૂપે આપવામાં આવે છે.

❖ ❖ ❖

એક શેઠ હતા. તેમને મોટો વેપાર, ઘણો કારોબાર, અઢળક સંપત્તિ, બહોળો પરિવાર અને સઘળાં પ્રકારની સુવિધાઓ હતી. કોઈ ચીજની કમી નહોતી. પણ શેઠને સંતોષ નહોતો. સંપત્તિ સાચવવા અને વધારવા માટે તેઓ હંમેશાં ચિંતિત રહેતા. લોભ અને લાલચના કારણે તૃષ્ણાથી તડપતા. અપેક્ષિત કાર્ય ન થવાથી તેમનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠતો. ચીડિયાં સ્વભાવના કારણે પરિવારના સભ્યો પણ તેમનાથી દૂર રહેતા. શેઠની સમૃદ્ધિ કરતાંય તેમની અશાંતિ અધિક હતી.

તેવા સમયે એક સંત શહેરમાં પધાર્યા. શેઠાણીના આગ્રહથી શેઠ પણ સંતના દર્શન કરવા ગયા. શાંત અને સૌમ્ય સંતના દર્શનથી શેઠ પ્રભાવિત થયા અને કાંઈક શાંતિ અનુભવી. તેથી તેમણે પોતાની અશાંતિની સમસ્યા રજૂ કરીઃ

"મારી પાસે અપાર વૈભવ અને સઘળી સુવિધાઓ છે પણ શાંતિ નથી તો શું કરવું ?"

સંતે શાંતિથી શેઠનું નિરીક્ષણ કર્યું અને કહ્યું:

"શેઠ ! શાંતિનો ઉપાય ઘણો દુષ્કર હોય છે. આ જન્મમાં શાંતિની સાધના તમારાથી થઇ શકશે નહિ. આજે રવિવાર છે અને આવતા રવિવારે મને તમારા જીવનનો અંત જણાઇ રહ્યો છે. મરણથી કોઇ બચી શક્યું નથી. માટે તમે જીવનભર જે મેળવ્યું છે તેને મન ભરીને માણી લ્યો. એ જ તમારી શાંતિ છે. અમે પણ આવતા રવિવારે સવારે બીજે જવા પ્રસ્થાન કરીશું. તે સમયે તમને તમારા ઘેર મળીશું અને માંગલિક કહેશું. તે મુલાકાત અને માંગલિક અંતિમ હશે."



સંતના વચનો મિથ્યા હોતા નથી એવું સમજતા શેઠને સંતની વાતમાં અવિશ્વાસ આવ્યો નહિ. અઠવાડિયા પછીનું મોત આજે જ નજર સામે નાચવા લાગ્યું. ગમે તેમ કરીને તેઓ ઘેર પહોંચ્યા પણ ઘરમાં પોતાપણું રહ્યું નહિ. યમદૂત આંગણામાં જ ઊભેલા જણાયાં. ધન-દૌલતની તો કોઇ સૂધ-બૂધ જ ના રહી. કેવળ એક જ બાબત નજરે તરવરતી હતી અને તે મોત. શેઠના વિચાર અને વ્યવહાર એકદમ બદલાઇ ગયા. તેમના વર્તનમાં આમૂલ પરિવર્તન આવ્યું. ગુસ્સો ગાયબ થઇ ગયો. ક્રોધને બદલે ક્ષમાયાચના થવા લાગી. એકદમ અક્કડ શેઠ નરમ ઘેંસ જેવા થઇ ગયા. કંજૂસ ગણાતા શેઠ છૂટા હાથે દાન દેવા માંડ્યા.

વેપાર-ધંધામાં જ રચ્યા-પચ્યા રહેનારા શેઠને મરવાની પણ ફુરસદ નહોતી તો ભગવાનના દર્શન-પૂજનનો સમય ક્યાંથી હોય ? પણ હવે મોત સામે દેખાતા જ તત્ત્વચિંતનનો પણ સમય મળ્યો. તત્ત્વચિંતનના પ્રતાપે તેઓ અનિત્યભાવના સમજ્યા. અનિત્યભાવનાના ચિંતવનથી અંતર્મુખ બની ઠરી ગયા. શાંત, શાંત થઇ ગયા. શેઠજીનું સમગ્ર જીવન જ બદલાઇ ગયું. અને રવિવાર પણ આવી પહોંચ્યો. શેઠજી જિનેન્દ્ર ભગવાનના અભિષેક-પૂજન કરી ઘેર આવી સંતની રાહ જોતા અનિત્યભાવનાનું ચિંતવન કરી રહ્યા હતા. તે જ સમયે સંત પધાર્યા. શેઠજી સંતના ચરણોમાં ઝૂકી પડ્યા. શેઠને વાત્સલ્યથી ઊભા કરતા સંતે કહ્યું :

"શેઠજી ! તમે તો એકદમ શાંત જણાવ છો, ઘરનું વાતાવરણ પણ શાંત છે. તમારાથી ડરતા લોકો તમને ઘેરીને બેઠેલાં છે. તમારો ક્રોધ અને ચીડિયો સ્વભાવ ક્યાં ગયો ? આ શો ચમત્કાર છે !'

શેઠે કહ્યું :

"મહારાજ ! જ્યારથી હું તમારી પાસેથી પાછો ફર્યો છું ત્યારથી મને મોત સિવાય બીજું કાંઇ દેખાતું નથી. ક્રોધ કરવો તો કોના ઉપર કરવો અને શા માટે કરવો ? બધું જ છોડીને જવાનું છે તો પછી મમતા શેની ? તમારો મહાન ઉપકાર કે મને સમયસર ચેતવ્યો અને મારી અંતિમ ઘડી સુધારી."

સંતે શેઠના મસ્તક ઉપર વાત્સલ્યથી હાથ ફેરવ્યો અને આશ્વાસન આપતા કહ્યું :

"શેઠ ! અંતિમ ઘડી તો નિશ્ચિત જ છે. પણ તે ક્યારે છે તે કોઇ ન કહી શકે. સર્વજ્ઞ સિવાય કોઇ તે જાણી ન શકે. અમે તો માત્ર તમારી અશાંતિનો અભાવ કરવા જ આ પ્રયોગ કર્યો હતો અને આ પ્રયોગ સફળ થયો જણાય છે.

અશાંતિનું એક માત્ર કારણ અનિત્યને નિત્ય રાખવાની મથામણ હોય છે. જીવન–મરણ, શત્રુ–મિત્ર, સત્તા–સન્માન, કુટુંબ–પરિવાર વગેરે સઘળાં સંયોગો અનિત્ય છે અને સતત બદલાતાં રહે છે. પરિવર્તનશીલ અનિત્ય સંયોગોને નિત્ય રાખવાનો પ્રયત્ન કરવામાં જ અશાંતિ છે. જો મોત સામે જણાય અને જીવનની ક્ષણભંગુરતા સમજાય તો જીવન સાથે સંબંધિત બીજા બધાં સંયોગો આપમેળે અનિત્ય જ ભાસે છે. અનિત્યતાની વાસ્તવિકતાનો સ્વીકાર થતાં પ્રથમ ભ્રમ ભાંગી જાય છે. અનિત્ય સંયોગોને મેળવવાની, સાચવવાની કે વધારવાની ઝંઝાળ છૂટી જાય છે અને તેથી અનુપમ શાંતિ પ્રગટ થાય છે.

વળી એક વાત એ પણ છે કે અમે તમને જે કહ્યું તે એકદમ અસત્ય પણ નથી. અઠવાડિયાના સાત દિવસમાંથી કોઇ ને કોઇ દિવસે મરવાનું નિશ્ચિત જ છે. તેથી પ્રત્યેક દિવસને પોતાનો અંતિમ દિવસ માની જીવતાં શીખો. અનિત્યભાવનાનું ચિંતવન કરી આત્મહિતનું સાધન કરો. એમ કરવાથી અશાંતિનો ઉત્પાત ટળી જશે અને શાંતિનું સામ્રાજ્ય પ્રગટશે."

શાંતમૂર્તિ સંતે બીજા ગામ તરફ પ્રયાણ આદર્યું. સંતના પ્રયોગથી શાંત થયેલા શેઠજીએ પરમ શાંતિ પ્રગટ કરવા અનિત્યભાવનાનો આશય સમજવાનો અભ્યાસ આદર્યો.

❖ ❖ ❖

અનિત્યભાવનાનો આશય

है जन्म से मरण भी वह जन्म लेता;
वार्धक्य भी सतत यौवन साथ लेता।
लक्ष्मी अतीव चपला विधि ही बनी है;
संसार ही तरल है स्थिर ही नहि है।।

ભાવાર્થ : હે ભવ્ય ! જે જન્મ ધારણ કરે છે તે મરણ સહિત જ ધારણ કરે છે. યુવાની પણ વૃદ્ધાવસ્થાને સાથે લઇને જ આવે છે. લક્ષ્મી તો પોતાના સ્વભાવથી જ અતિ ચંચળ છે. સંસારનું સ્વરૂપ જ અસ્થિર છે અને જરાય સ્થિર નથી. અસ્થિર સંસારમાં રહેલા સદાય સ્થિર શુદ્ધાત્માને ઓળખીને તેનો આશ્રય કરવો તે જ અનિત્યભાવનાનો આશય છે.

(સ્વામીકાર્તિકેયાનુંપ્રેક્ષા : ૧ અધ્રુવઅનુપ્રેક્ષાઃ ગાથા ૫ નો હિન્દી પદ્યાનુવાદ)

અનિત્યને અનિત્ય જ માનવું જોઇએ અને જે સ્વભાવથી જ અનિત્ય છે તેને નિત્ય રાખવાનો વૃથા ઉપાય ન કરવો જોઇએ. પરંતુ તેના બદલે અનિત્યતાના આધારે જ નિત્યની ઓળખાણ કરી તેનો આશ્રય કરવો જોઇએ. જેથી અનિત્યસ્વરૂપી સંસારનો જ અભાવ થઇ નિત્યસ્વરૂપી મોક્ષની પ્રાપ્તિ થાય. જે અનિત્યભાવનાનો આશય છે.

જન્મની સાથે જ મરણ સંકળાયેલું છે. યુવાની પણ સતત વૃદ્ધાવસ્થા તરફ આગળ વધે છે. લક્ષ્મી તો સ્વભાવથી જ વીજળી જેવી ચંચળ છે. સઘળાં સંસારનું સ્વરૂપ જ આવું અનિત્ય છે. તો અનિત્યને નિત્ય રાખવાનો ઉપાય કરવો મૂર્ખાઇ જ કહેવાય. રેતીમાંથી તેલ પીલનાર કે આકાશમાં ફૂલ ઉગાડનારને મૂર્ખ માનવામાં આવે છે. તેમ અનિત્યને નિત્ય રાખવાની મથામણ કરનાર મૂર્ખ જ મનાય.

જન્મની સાથે મરણ સંકળાયેલું છે તોપણ મરણથી બચવાનો ઉપાય નિરંતર કરવામાં આવે છે. યુવાની સતત વૃદ્ધાવસ્થા તરફ આગળ વધતી જાય છે તોપણ યુવાનીને અકબંધ રાખવાના અખતરા કરવામાં આવે છે. સ્વભાવથી જ ચંચળ લક્ષ્મીને સાચવી શકાતી નથી તોપણ તેને સાચવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ આ શરીરાદિ સઘળાં સંયોગોની સાર-સંભાળનો પ્રયત્ન વ્યર્થ જ છે.

પ્રશ્ન : શરીરાદિ સંયોગોની સાર-સંભાળનો પ્રયત્ન શા માટે વ્યર્થ છે ?

ઉત્તર : શરીરાદિ સંયોગો પરપદાર્થો છે અને પોતાના આત્માથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાની જીવ મોહના કારણે તેમાં મમત્વ કરે છે. તેથી તેની સારસંભાળમાં વ્યસ્ત રહે છે. પરંતુ પરનું પરિણમન પરનાં કારણે છે અને પોતાના કારણે નથી. તેથી તેઓ સાચવ્યાં સાચવી શકાતાં નથી. તેથી તેઓની સારસંભાળનો પ્રયત્ન વ્યર્થ છે.

જગતનો દરેક પદાર્થ અનેકાંતસ્વરૂપી છે. અનેકાંતસ્વરૂપી પદાર્થ કાયમ ટકીને કાયમ પરિણમતો રહે છે. કાયમ પરિણમતા પદાર્થનું પરિણમન અશુદ્ધ હોય તો તે જુદા-જુદા પ્રકારે બદલતું રહે છે. તેથી તે ક્ષણભંગુર હોય છે. સંસાર અને તેનાં સંયોગો અશુદ્ધ અવસ્થારૂપ હોવાથી ક્ષણભંગુર જ હોય છે. ક્ષણભંગુર અવસ્થાની પલટવાની પ્રક્રિયા સતત ચાલતી જ રહે છે. ક્યારેક તે ધીમી હોય છે તો ક્યારેક ઝડપી. રેતીમાં લખેલું નામ ભૂંસાઇ જાય છે તેમ પથ્થરમાં લખેલું નામ પણ ભૂંસાઇ જાય છે. પરંતુ આ ભૂંસાવાની પ્રક્રિયા ધીમી હોય છે. દરેક સંયોગો તેના ક્રમબદ્ધ પરિણમન અનુસાર નિશ્ચિત કાળે અવશ્ય પલટાઇ જ જાય છે. તેથી તેઓને સ્થિર રાખવા માટેની ચેષ્ટામાં ચતુરાઇ નથી.

વળી આ સઘળાં સંયોગો પૌદ્‌ગલિકકર્મનાં ઉદયને આધીન છે અને પોતાના પ્રયત્નને આધીન નથી. કર્મનો ઉદય પલટાઇ જતાં સંયોગો પણ પલટાઇ જાય છે. પોતાના સ્વાનુભવથી પોતે જોઇ શકે છે કે ગમે તેટલા ઉપાય કરવા છતાં મરણથી કોઇ બચી શકતું નથી. યુવાનીને જાળવી શકાતી નથી કે પૈસાને સાચવી શકાતા નથી. તેથી આવા શરીરાદિ અનિત્ય સંયોગોની સારસંભાળ વ્યર્થ જ છે.

પ્રશ્ન : શરીરાદિ અનિત્ય સંયોગોની સાર-સંભાળ વ્યર્થ છે. તો પછી શરીરાદિની સંભાળ રાખવી કે છોડી દેવી ?

ઉત્તર : શરીરાદિ સંયોગોની સંભાળ એકદમ તો નહિ છોડી શકાય. વળી પોતાનો આત્મા અસંયોગી પદાર્થ હોવા છતાં તેની વર્તમાન પરિણતિ સંયોગી છે. તેથી વર્તમાન સંયોગો અને સંયોગીભાવો વડે જ અસંયોગી આત્મતત્ત્વને ઓળખવાનું છે. તેથી તે રીતે શરીરાદિની ઉપયોગિતા હોવાથી તેની સંભાળ સંભવે છે.

પોતાનું વર્તમાન મતિ-શ્રુતજ્ઞાન આત્મા દ્વારા સીધું પ્રવર્તતું હોય તેવું પ્રત્યક્ષ કે અતીન્દ્રિય નથી. પરંતુ મન અને ઇન્દ્રિયો દ્વારા પ્રવર્તતું હોય તેવું પરોક્ષ કે ઇન્દ્રિય છે. પરોક્ષ એવા ઇન્દ્રિયજ્ઞાન વડે જ અતીન્દ્રિય આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરવાનો છે. તેથી તે માટે પણ શરીરાદિની સંભાળ જરૂરી છે.

વાસ્તવમાં શરીરાદિ સંયોગો તેના કાળે અને કારણે હોય છે. તેથી તેની સંભાળની ખાસ કોઇ આવશ્યકતા હોતી નથી. તોપણ શરીર વડે સંયમ અને સદાચરણનું સાધન કરવું, સાત્ત્વિક અને નિર્દોષ આહાર લેવો જેવી બાબત જ તેની સાચી સંભાળ છે.

પોતાનો આત્મા શરીરાદિ સંયોગોનો અધિષ્ઠાતા છે, માલિક છે અને શરીરાદિ સંયોગો તેના સેવક છે, નોકર છે. નોકરની નોકર તરીકે સંભાળ રાખો પણ તેને પોતાનો માલિક ન બનાવો. શરીરની ઇન્દ્રિયો અને મનને વશ

થઈ તેના ગુલામ ન બનો. પણ તેની પાસેથી પોતાના આત્મહિતનું કામ કરાવો. શેઠ નોકરને પગાર આપે પણ તેની પાસેથી પોતાનું કામ પણ કરાવે છે. પોતે શરીરાદિ અનિત્ય સંયોગોની યત્કિંચિત્ સંભાળ રાખે પણ તેના દ્વારા નિત્ય અસંયોગી આત્માની ઓળખાણ કરવાનું ન ચૂકે.

અનિત્ય સંયોગો અને સંયોગીભાવો દ્વારા નિત્ય અસંયોગી આત્મતત્ત્વની ઓળખાણ કરવી એ જ અનિત્યભાવનાનો આશય છે.

પ્રશ્ન : અનિત્યભાવનાનો આશય નિત્યની ઓળખાણ કરાવવાનો હોય તો તેનું નામ નિત્ય-ભાવના રાખવું હતું, અનિત્યભાવના કેમ ?

ઉત્તર : જૈનદર્શનમાં અસ્તિ-નાસ્તિપૂર્વકની સમજૂતી હોય છે. નાસ્તિથી જે અનિત્ય છે તે જ અસ્તિથી નિત્ય પણ છે. પોતાનો આત્મા નાસ્તિથી શરીરાદિ સંયોગો અને રાગાદિ સંયોગીભાવોરૂપ પર્યાયપણે છે, જે અનિત્ય છે. અને તે જ આત્મા તે જ સમયે અસ્તિથી ત્રિકાળ એકરૂપ અસંયોગીભાવરૂપ દ્રવ્યપણે છે, જે નિત્ય છે.અસ્તિ-નાસ્તિમાં અસ્તિ જ અગત્યનો અને ઉપાદેય હોય છે. તેથી નાસ્તિરૂપ અનિત્ય સંયોગો કે સંયોગીભાવો દ્વારા અસ્તિરૂપ નિત્ય અસંયોગી આત્માની ઓળખાણ કરવી એ જ અનિત્યભાવનાનો આશય છે.

અનિત્ય સંયોગો અને સંયોગીભાવો પ્રગટ, પ્રત્યક્ષ તેમ જ વેદનભૂત હોવાથી પરિચિત છે. તેની અંદર રહેલો અસંયોગી આત્મા અપ્રગટ, અપ્રત્યક્ષ તેમ જ વેદનભૂત ન હોવાથી અપરિચિત છે. પરિચિત સંયોગો દ્વારા અપરિચિત અસંયોગી આત્મતત્ત્વનો પરિચય કરાવવાનો અનિત્યભાવનાનો આશય છે. અહીં અનિત્ય બાબત પરિચિત હોવાથી ભાવનાનું નામ અનિત્યભાવના બરાબર છે. પણ તેનો આશય અનિત્ય દ્વારા નિત્યની ઓળખાણ કરાવવાનો છે.

અનિત્ય દ્વારા નિત્યની ઓળખાણનો ઉપાય

संयोग क्षणभंगुर सभी पर आतमा ध्रुवधामहै ।
पर्याय लयधर्मा परन्तु द्रव्य शाश्वत धाम है ॥
इस सत्य को पहिचानना ही भावना का सार है ।
ध्रुवधाम की आराधना आराधना का सार है ॥

ભાવાર્થ : શરીરાદિ સંયોગો ક્ષણભંગુર છે પણ તેની અંદર છૂપાયેલ આત્મા ધ્રુવધામ છે. રાગાદિ સંયોગીભાવરૂપ પર્યાય નાશવાન છે પરંતુ તેના આધારભૂત દ્રવ્ય શાશ્વત છે. અનિત્ય સંયોગો અને સંયોગીભાવ દ્વારા અસંયોગી નિત્ય આત્મારૂપ સત્યની ઓળખાણ કરવી એ જ અનિત્યભાવનાનો આશય છે. નિત્ય અસંયોગી ધ્રુવધામરૂપ આત્માની આરાધના એ જ સાચી આરાધના છે. તે જ આરાધનાનો સાર છે.

(ડો. હુકમચંદ ભારિલ્લકૃત અનિત્યભાવના)

અનિત્ય સંયોગો અને સંયોગીભાવો દ્વારા નિત્ય અસંયોગી આત્માની ઓળખાણ કરવી એ જ અનિત્યભાવનાનો આશય છે. અહીં અનિત્ય જાણીતું છે અને નિત્ય અજાણ્યું છે. તેથી જાણીતા અનિત્ય સંયોગો અને સંયોગીભાવ દ્વારા અજાણ્યા નિત્ય અસંયોગી આત્માની ઓળખાણ થઈ શકે છે.

આત્મા કાયમ ટકતા એકરૂપ શુદ્ધ સ્વભાવરૂપ હોવાથી તે નિત્ય છે. નિત્ય આત્મા શરીરાદિ સંયોગો અને તેના લક્ષે થતા સંયોગીભાવોથી ભિન્ન હોવાથી અસંયોગી છે. આવો નિત્ય અસંયોગી આત્મા અપ્રગટ અને અપ્રત્યક્ષ છે.

વળી તે વેદનભૂત પણ નથી. તેથી તેની ઓળખાણ પ્રગટ, પ્રત્યક્ષ અને વેદનભૂત એવી અનિત્ય પર્યાયો દ્વારા થઇ શકે છે. અનિત્ય સંયોગી પર્યાયો દ્વારા નિત્ય અસંયોગી આત્મદ્રવ્યની ઓળખાણ માટે નીચે જેવા ઉપાય હોય છે.

૧. વસ્તુનું અનેકાંતસ્વરૂપ

૨. વિરોધીનું અસ્તિત્વ

૧. વસ્તુનું અનેકાંતસ્વરૂપ

વસ્તુમાં વસ્તુપણું નીપજાવનારી પરસ્પર વિરોધી અને સાપેક્ષ એવા બે અંશો દ્રવ્ય.અન્વય અને વ્યતિરેક દ્રવ્ય. હોય છે. તેને વસ્તુનું અનેકાંતસ્વરૂપ કહે છે.

આત્મા સહિતની પ્રત્યેક વસ્તુ અનેકાંતસ્વરૂપી હોય છે. અનેકાંતસ્વરૂપી આત્મા તેના અન્વયીઅંશપણે કાયમ ટકતા દ્રવ્યસ્વભાવે અને વ્યતિરેકીઅંશપણે કાયમ પલટતી પર્યાયસ્વભાવે હોય છે. આ રીતે અનેકાંતસ્વરૂપી આત્મા અન્વય-વ્યતિરેકાત્મક એટલે કે દ્રવ્ય-પર્યાયાત્મક હોય છે. પર્યાયો પ્રગટ અને પ્રત્યક્ષ છે પણ દ્રવ્યસ્વભાવ અપ્રગટ અને અપ્રત્યક્ષ છે. પર્યાયો વેદનભૂત હોવાથી અનુભવગોચર છે. દ્રવ્યસ્વભાવ વેદનભૂત ન હોવાથી અનુભવગોચર નથી. તેથી પલટતી પર્યાયો પરિચિત છે પણ ટકતો દ્રવ્યસ્વભાવ પરિચિત નથી. આ કારણે અજ્ઞાની જીવ પોતાની અને પરની પર્યાયોને જ જાણે છે પણ પર્યાયોની પાછળ છૂપાયેલા દ્રવ્યસ્વભાવને જાણતો નથી. તે પર્યાયને જાણતો હોવાથી અને દ્રવ્યસ્વભાવને જાણતો ન હોવાથી તેને પર્યાયદૃષ્ટિ છે અને દ્રવ્યદૃષ્ટિ નથી. અહીં આત્માની ઓળખાણ, સ્વીકાર કે આશ્રયની અપેક્ષા એ દૃષ્ટિ છે.

એક જ વસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક હોવાથી તેમ જ દ્રવ્ય કે પર્યાય એ સાપેક્ષ ધર્મો હોવાથી તેની દૃષ્ટિ દ્રવ્ય કે પર્યાય એ બે પૈકી કોઇ પણ એક રીતે જ સંભવે છે. અજ્ઞાની જીવને અનાદિથી પર્યાયદૃષ્ટિ હોય છે અને દ્રવ્યદૃષ્ટિ હોતી નથી. દ્રવ્યદૃષ્ટિથી આત્મા એકરૂપ ધ્રુવ શુદ્ધ સ્વભાવે છે. આ શુદ્ધ સ્વભાવ જ આત્માનું સાચું સ્વરૂપ છે. તેથી આત્માની સાચી ઓળખાણ કે મૂલ્યાંકન તેની દ્રવ્યદૃષ્ટિથી છે. તેથી દ્રવ્યદૃષ્ટિ જ યથાર્થ છે, સમ્યક્ છે.

વસ્તુનાં અનેકાંતસ્વરૂપની સમજણ અને અનિત્યભાવનાના અભ્યાસના આધારે જાણીતી અનિત્ય સંયોગી પર્યાયો દ્વારા અજાણ્યા નિત્ય અસંયોગી આત્મદ્રવ્યની ઓળખાણ થઇ શકે છે. આપણો આત્મા બાળકમાંથી યુવાન અને યુવાનમાંથી વૃદ્ધ થયો. મનુષ્યમાંથી દેવ થયો. આ રીતે શરીરાદિ સંયોગો બદલાઇ જતા હોવા છતાં આત્મા તો એક ને એક જ રહે છે. તે રીતે રાગાદિ સંયોગીભાવો પણ સતત પલટાઇ જતા હોવા છતાં તેના આધારભૂત અવિનાશી અસંયોગી આત્મા એનો એ જ રહે છે. આ રીતે અનિત્ય સંયોગો દ્વારા નિત્ય અસંયોગી આત્માની ઓળખાણ થઇ શકે છે.

૨. વિરોધીનું અસ્તિત્વ

પ્રત્યેક બાબતનો પ્રતિપક્ષ હોય છે તેને વિરોધીનું અસ્તિત્વ કહે છે.

વિરોધીનું અસ્તિત્વ હોવું એ એક સનાતન પ્રાકૃતિક સિદ્ધાંત છે. તેથી જગતમાં કોઇ પણ બાબતનો વિરોધી પણ હોય છે. શબ્દકોશમાં પણ પ્રત્યેક શબ્દનો પ્રતિપક્ષી હોય એવો વિરોધી

શબ્દ મળી આવે છે. તેથી જગતમાં અનિત્ય બાબત છે તો નિત્ય બાબત પણ હોવી જ જોઇએ. તેથી સંયોગી અનિત્ય પર્યાયોના આધારે અસંયોગી નિત્ય આત્મદ્રવ્યની ઓળખાણ થઇ શકે છે.

વળી વસ્તુનું સ્વરૂપ અનેકાંત હોવાથી તે પરસ્પર વિરોધી બે ધર્મોથી રચાયેલું છે. આ બે ધર્મો દ્રવ્ય અને પર્યાય છે. સંયોગો અને સંયોગીભાવો પ્રગટ પર્યાયરૂપ છે અને જાણીતા છે પણ આ પર્યાય તેના આધારભૂત દ્રવ્યસ્વભાવ વિના હોઇ શકે નહિ. તેથી અનિત્ય પર્યાયરૂપ સંયોગોના આધારે નિત્ય દ્રવ્યરૂપ અસંયોગી આત્માની ઓળખાણ થઇ શકે છે.

ઉપર મુજબનું અનેકાંતસ્વરૂપ કે વિરોધીનાં અસ્તિત્વની સમજણપૂર્વક અનિત્યભાવનાનો અભ્યાસ કરવાથી જાણીતી અનિત્ય સંયોગી પર્યાયો દ્વારા અજાણ્યા નિત્ય અસંયોગી આત્મદ્રવ્યની ઓળખાણ થાય છે.

અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયા

શરીરાદિ સંયોગી પદાર્થો અને તેના લક્ષે થતા રાગાદિ સંયોગીભાવો અનિત્ય અને નાશવંત છે. તેમ જ પોતાનો અસંયોગી શુદ્ધાત્મા નિત્ય અને અવિનાશી છે. એમ સમજી અનિત્ય એવા સંયોગો અને સંયોગીભાવોનું લક્ષ છોડી નિત્ય એવા અસંયોગી શુદ્ધાત્માનું લક્ષ અને આશ્રય કરવાનો ઉપાય વિચારવો તે અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયા દરમ્યાન ક્રમિક ત્રણ તબક્કાઓમાંથી પસાર થવાનું હોય છે. જે નીચે મુજબ છે.

૧. સંયોગોની ક્ષણભંગુરતા.
૨. હકારાત્મક અભિગમ
૩. યથાર્થદૃષ્ટિ

૧. સંયોગોની ક્ષણભંગુરતા

સંયોગો અને તેના લક્ષે થતા સંયોગીભાવો પરિવર્તનશીલ, નાશવંત અને ક્ષણિક હોવાથી ક્ષણભંગુર છે. તેને સંયોગોની ક્ષણભંગુરતા કહે છે.

સમસ્ત સંયોગી ચીજો ક્ષણભંગુર હોય છે. નવું મકાન ચણાવાની સાથે જ તે જૂનું થતું જાય છે. નવા વસ્ત્ર પહેરવાની સાથે જ ક્ષીણ થતા જાય છે. નદીના પાણીમાં એક પગ બોળીએ પછી બીજો પગ તેમાં બોળી શકાતો નથી. કેમ કે, બીજો પગ બોળીએ તે પહેલાં તે સ્થળનું પાણી ઘણે દૂર ચાલ્યું ગયું હોય છે અને તેની જગ્યાએ નવું પાણી આવી ગયુ હોય છે. તેથી જ અંગ્રજીમાં કહેવત છે કે 'A man can not step twice in a river.' એટલે કે માણસ કોઇ નદીમાં પોતાનો પગ બીજી વાર મૂકી શકતો નથી. જે સંયોગોનું ક્ષણભંગુરપણું દર્શાવે છે.

સંયોગોના લક્ષે થતાં રાગાદિ સંયોગીભાવો પણ ક્ષણભંગુર જ હોય છે. સતત પલટાતા પરિણામને જ સંસાર કહે છે. અને આ સંયોગીભાવ જ આત્માનો સંસાર હોવાથી તે સતત પલટાતા જ હોય છે. આપણા પોતાના પરિણામ આપણે પોતે જ સતત બદલાતા અનુભવીએ છીએ. જે સંયોગીભાવોનું ક્ષણભંગુરપણું બતાવે છે.

સંયોગો અને સંયોગીભાવો ક્ષણભંગુર હોવાથી તેમાં એકત્વ કે મમત્વરૂપ મોહ કરવો મિથ્યા છે. મોહને વશ ક્ષણિક સંયોગોને ટકાવવાનો ઉપાય કરવો વ્યર્થ છે. તેથી ક્ષણભંગુર સંયોગોનું લક્ષ છોડી શાશ્વત અસંયોગી આત્માનું લક્ષ અને આશ્રય કરવાનો જ ઉપાય કરવો જોઇએ. આ પ્રકારની વિચારણા તે અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયાનું પ્રથમ પગથિયું છે.

૨. હકારાત્મક અભિગમ

સંયોગોને સાનુકૂળપણે મૂલવવાની રીતને હકારાત્મક અભિગમ (Positive Attitude) **કહે છે.**

સંયોગ પ્રત્યેના આપણા દૃષ્ટિકોણ કે તેને મૂલવવાની રીતને અભિગમ કહે છે. અભિગમ અનુસાર પોતાની પ્રકૃતિ, મનોવૃત્તિ અને લાગણી હોય છે. આ અભિગમ બે પ્રકારે સંભવે છે. નકારાત્મક અને હકારાત્મક. પાણીથી અડધા ભરેલ પ્યાલાને અરે ! *'આ તો અડધો ખાલી છે!'* એ પ્રકારે નાસ્તિથી જોઇએ તો તે નકારાત્મક અભિગમ છે. અને *'અહો ભાગ્ય! આ તો અડધો ભરેલ છે !'* એ પ્રકારે અસ્તિથી જોઇએ તો તે હકારાત્મક અભિગમ છે. પાણીના પ્યાલારૂપ સંયોગ નકારાત્મક અભિગમથી પ્રતિકૂળ જણાય છે. પણ તે જ સંયોગ હકારાત્મક અભિગમથી સાનુકૂળ જણાય છે. તેથી સંયોગોમાં અનુકૂળ-પ્રતિકૂળપણું હોતું નથી પણ તેના પ્રત્યેના અભિગમમાં જ તે હોય છે. હકારાત્મક અભિગમ ઘરાવવાથી પ્રતિકૂળ સંયોગો પણ અનુકૂળ જણાય છે.

હકારાત્મક અભિગમ કે સકારાત્મક વલણ ઘરાવતી વ્યક્તિ માનસિક તાણ, લોહીનું દબાણ, હૃદયરોગ જેવા અનેક રોગોથી બચી શકે છે. વૈજ્ઞાનિક સંશોધન અનુસાર હકારાત્મક અભિગમ એ આરોગ્યની અણમોલ જડીબુટ્ટી છે.

હકારાત્મક અભિગમથી જ જીવનમાં શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા આવે છે. લૌકિકમાં હકારાત્મક અભિગમ માટેના શિક્ષણવર્ગ ચાલતા હોય છે. તેમાં ઊંચી ફી વસૂલી હકારાત્મક અભિગમનું મહત્ત્વ સમજાવાય છે. પણ હકારાત્મક અભિગમનો ઉપાય તો અનિત્યભાવનામાં છે. અનિત્યભાવનાના અભ્યાસપૂર્વક તેનું ચિંતવન કરવામાં હકારાત્મક અભિગમ આપમેળે આવે છે.

અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયામાં સંયોગોને ક્ષણભંગુર માન્યા પછી તેના પ્રત્યે હકારાત્મક અભિગમ રાખવાનો હોય છે.

સંયોગો ક્ષણભંગુર હોવાથી તેના પ્રત્યે કોઇ લક્ષ કે પ્રયોજન રાખવું યોગ્ય નથી. તોપણ અજ્ઞાની જીવ સાનુકૂળ સંયોગોને સુખરૂપ માની તેને ટકાવવાનો ઉપાય કરે છે અને પ્રતિકૂળ સંયોગોને દુઃખરૂપ માની તેને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ આ સંયોગો પરપદાર્થ હોવાથી તેમાં પોતાનું કોઇ કર્તવ્ય નથી. વળી આ સંયોગો પોતે સુખ-દુઃખનું કારણ નથી પણ તેના પ્રત્યેનો અભિગમ જ સુખ-દુઃખનું કારણ છે.

બાળકનો ફુગ્ગો ફૂલીને ગબારો ઊંચે ચઢે તેમાં તે આનંદ માને છે અને તે ગબારો ખૂબ ઊંચે ચઢી ફૂટે તેમાં પણ તે આનંદ માને છે. અહીં બાળકની નિર્દોષતા અને હકારાત્મક અભિગમ જોવા મળે છે. પરંતુ આપણો ગબારો ઊંચે ચઢે એટલે કે પુણ્યોદયથી ચઢતી થાય અને સાનુકૂળ સંયોગોના ઢગ ખડકાય ત્યારે હર્ષ માનીએ છીએ. અને ત્યારપછી તે ગબારો ફૂટી જાય એટલે કે પાપોદયથી પડતી થાય

અને સાનુકૂળ સંયોગો વિણસી જાય ત્યારે ખેદ અનુભવીએ છીએ. આ હર્ષ કે ખેદ સંયોગોમાં નથી પણ સંયોગો પ્રત્યેના અભિગમમાં છે. અનિત્યભાવના અનુસાર સંયોગો પલટાતા રહે છે. પુણ્યના ઉદય પછી પાપનો ઉદય પણ આવે છે. ચઢતી થાય તેની પડતી પણ થાય છે. હસતાં હસતાં બાંધેલું પાપ રડતાં રડતાં ભોગવવાને બદલે સમભાવથી ભોગવવાથી કર્મની નિર્જરા છે. આ જીવ પુણ્યના ઉદય પ્રસંગે જે સમજી શકતો નથી તે પાપના ઉદય પ્રસંગે જરૂર સમજી શકે છે. પાપનો ઉદય અને પ્રતિકૂળતા અનિત્યભાવનાના ચિંતવનનું સાધન બની આત્મહિતનું કારણ પણ થાય છે. આવા હકારાત્મક અભિગમથી પાપનો ઉદય કે પ્રતિકૂળ સંયોગો ખેદરૂપ થતા નથી.

આ પ્રકારે દરેક સંયોગોને સાનુકૂળપણે મૂલવવાનાં હકારાત્મક અભિગમથી દરેક પ્રસંગે સમાધાન રહે છે. સ્વજનનું મરણ થતાં શોક મનાવીએ છીએ. શોકનું કારણ સ્વજન પ્રત્યેનો સ્નેહ અને છત્રછાયા છીનવાઇ જવાનું હોય છે. પરંતુ આ જ બાબતને પોતાના બદલે સ્વજનના સંદર્ભમાં જોવામાં આવે તો આત્માનું કોઇ મરણ નથી. વળી તેમણે જીર્ણ-શીર્ણ વ્યાધિગ્રસ્ત દેહનો ત્યાગ કરી નવીન ઋદ્ધિવાળો દિવ્ય દેહ પ્રાપ્ત કર્યો છે. અહીંની આપદાઓમાંથી છૂટી સ્વર્ગની સંપદાઓ પ્રાપ્ત કરી છે. અહીંના પરિવારજનો ભલે શોક મનાવે પણ સ્વર્ગલોકમાં ત્યાંના પરિવારજનો તે જ સમયે નવા જન્મની વધાઇ મનાવતા હોય છે. આ પ્રકારના હકારાત્મક અભિગમથી સમાધાન રહે છે.

સંયોગો પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવ્યા પછી અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયા પૂર્ણ કરી તેનું ફળ પ્રાપ્ત કરવા માટે યથાર્થદૃષ્ટિની આવશ્યકતા હોય છે.


૩. યથાર્થદૃષ્ટિ

અનિત્ય સંયોગો દ્વારા તેની પાછળ છૂપાયેલ નિત્ય અસંયોગી આત્માને ઓળખવો તે યથાર્થદૃષ્ટિ છે.

પોતાના આત્માની ઓળખાણ, સ્વીકાર કે આશ્રયની અપેક્ષાને દૃષ્ટિ કહે છે. અનેકાંતસ્વરૂપી આત્મા દ્રવ્ય-પર્યાયાત્મક હોવાથી તેની દૃષ્ટિ બે પ્રકારે છે– દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ. આત્માની સાચી ઓળખાણ નિત્ય અસંયોગી દ્રવ્યસ્વભાવપણે હોવાથી દ્રવ્યદૃષ્ટિ જ યથાર્થદૃષ્ટિ છે.

અનિત્ય સંયોગોને હકારાત્મક અભિગમથી જોવા તે યથાર્થદૃષ્ટિ નથી. પરંતુ અનિત્ય સંયોગો દ્વારા જ તેની પાછળ છૂપાયેલ નિત્ય અસંયોગી આત્માને ઓળખવો તે યથાર્થદૃષ્ટિ છે. અનિત્ય સંયોગોને આગામીકાળથી જોતા તે ઉત્પાદરૂપે અને તે જ સંયોગોને તે જ સમયે અતીતકાળની અપેક્ષાએ જોતા તે વ્યયરૂપે જણાય છે. ઉત્પાદ-વ્યયરૂપ સતત પલટાતાં સંયોગોને સાનુકૂળપણે મૂલવવા તે હકારાત્મક અભિગમ છે. પણ આ અનિત્ય સંયોગોના ઉત્પાદ-વ્યયને ગૌણ કરવાથી તેના આધારભૂત એકરૂપપણું જણાય છે. આ એકરૂપતાને જાણનાર આત્મા પણ એકરૂપ જ હોય છે. કેમ કે, સંયોગો પલટાઇ જવા છતાં સંયોગોને જોનાર આત્મા પલટાઇ જતો નથી અને એકરૂપ જ રહે છે. વળી સંયોગોના લક્ષે થતા આત્માની રાગાદિ સંયોગીભાવો પણ અનિત્ય હોવાથી ઉત્પાદ-વ્યયરૂપ છે. આ ઉત્પાદ-વ્યયરૂપ સંયોગીભાવોના આધારભૂત અસંયોગી આત્મા એકરૂપ રહે છે. આત્માની ઓળખાણ આ એકરૂપપણે કરવી તે યથાર્થદૃષ્ટિ છે.

પ્રત્યેક પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી અસ્તિત્વથી રચાયેલ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ સાપેક્ષ ધર્મો હોવાથી પદાર્થને ઉત્પાદરૂપે, વ્યયરૂપે કે ધ્રૌવ્યરૂપે એમ ત્રણ પૈકી કોઇ પણ પ્રકારે જોઇ શકાય છે. પણ તેમાં ધ્રૌવ્યરૂપે જ પદાર્થની સાચી ઓળખાણ હોવાથી પદાર્થને ધ્રૌવ્યરૂપે જોનારી દૃષ્ટિ જ યથાર્થદૃષ્ટિ છે.



એક વૃક્ષને અંકુરપણે જોવાથી તે ઉત્પાદરૂપે, બીજપણે જોવાથી તે વ્યયરૂપે અને બીજ-અંકુરમાં એકરૂપ રહેલ વૃક્ષત્વપણે જોવાથી તે ધ્રૌવ્યરૂપે જણાય છે. અહીં ધ્રૌવ્યરૂપ વૃક્ષત્વ જ વૃક્ષની સાચી ઓળખાણ આપનાર યથાર્થદૃષ્ટિ છે. તેમ એક આત્માને સંયોગો કે સંયોગીભાવપણે જોવાથી તે ઉત્પાદ-વ્યયરૂપે અને સંયોગીભાવોમાં એકરૂપ રહેલ અસંયોગીપણે જોવાથી તે ધ્રૌવ્યરૂપે જણાય છે. અહીં ધ્રૌવ્યરૂપ અસંયોગીપણું જ આત્માની ઓળખાણ આપનાર યથાર્થદૃષ્ટિ છે.

અનિત્ય સંયોગો દ્વારા નિત્ય અસંયોગી આત્માને ઓળખવો તે જ અનિત્યભાવનાનો આશય છે. તેથી નિત્ય અસંયોગી આત્માને ઓળખાવનારી યથાર્થદૃષ્ટિમાં અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયાની પૂર્ણતા છે.

અનિત્યભાવનાનું સાધન કે કારણ

અનિત્યભાવનાના ચિંતવન માટેનું સાધન કે કારણ આપણા રોજીંદા જીવન અને તેમાં બનતી ઘટનાઓમાંથી જ મળી રહે છે.

બાળકનો જન્મ થાય અને તે માતાની ગોદમાં આવે તે પહેલાં જ તે અનિત્યતાની ગોદમાં આવી જાય છે. તાડનાં વૃક્ષમાંથી તૂટેલું ફળ નીચે જમીન ઉપર પડતાં પહેલાં અદ્ધર આકાશમાં બહુ અલ્પ સમય રહે છે અને તે પણ અનિયત હોય છે. તેમ જન્મ પામતાં મનુષ્યનું જીવન પણ બહુ અલ્પ અને અનિયત હોય છે. ગમે ત્યારે ગમે તેનું મરણ આવી પડે છે. સવારે જેનો રાજ્યાભિષેક થતો હોય, સાંજે તેની જ ચિતા સળગતી જોવા મળે છે. ભયાનક યુદ્ધમાં અને ભયંકર હોનારતોમાં એક સાથે અનેક લોકો મોતને ભેટતા જોવા મળે છે. ભૂતકાળના તીર્થંકરો, ચક્રવર્તીઓ અને બીજા મહાપુરુષો આપણી વચ્ચે નથી. સોનાના ગઢ અને અને રત્નોના કાંગરાથી શોભતી દૈવી દ્વારિકાપુરી બળીને ખાક થઇ ગયેલ છે. ભૂતકાળના ભવ્ય મહાલયો અને અનુપમ આશ્ચર્યકારી અજાયબીઓ પણ કાળની ગર્તામાં ગાયબ થઇ ગયેલ છે. ભૂતકાળનો મોટો મહારાજા આજે ભીખ માંગતો જોવા મળે છે. એક વખતનો કરોડપતિ રાતોરાત રોડપતિ થઇ જતો જોવા મળે છે. ભયાનક ધરતીકંપ, વિનાશિક વાવાઝોડા, અનરાધાર વરસાદ વગેરેથી ચારે બાજુ તારાજી થતી જોવા મળે છે.મોટા મોટા અકસ્માતો અને આપત્તિઓના સમાચાર રોજેરોજ સાંભળવામાં આવે છે. રોજીંદા જીવનમાં જોવા મળતી આવી સાંસારિક અનિત્ય બાબતો જ પોતાને અનિત્યભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બની રહે છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

અનિત્યભાવનાનો અભ્યાસ કરવાથી સંસારના સઘળાં સંયોગો અને સંયોગીભાવો સ્વપ્ન સમાન

અસત્ય અને અસ્થાયી માલૂમ પડે છે. આવા જૂઠા અને નાશવંત સંસાર પ્રત્યેનો મમત્વરૂપ મોહ દુઃખનું જ કારણ હોય તે સમજી શકાય છે.

જગતમાં આપણને અનિત્યની ઓળખાણ અને અનુભવ છે. અનિત્યભાવનાનો અભ્યાસ અનિત્ય સંસારની પાછળ છૂપાયેલો આપણો આત્મા તેના ત્રિકાળ ધ્રુવસ્વભાવથી નિત્ય છે તેમ સમજાવે છે. નિત્યસ્વભાવ વિના અનિત્ય અવસ્થા હોય શકે નહિ. નિત્યસ્વભાવના આશ્રયે સંસારની અનિત્ય, અશુદ્ધ અવસ્થાનો અંત આવે છે અને નિત્ય શુદ્ધ એવી સિદ્ધ અવસ્થાનો ઉદ્‌ભવ થાય છે. આ પ્રકારની વસ્તુસ્વરૂપની સમજણ કરાવવામાં અનિત્યભાવનાનું અનેરૂં યોગદાન છે.

કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ?

અનિત્યભાવનાનો અભ્યાસ કરવાથી સંસારની અનિત્યતા, ક્ષણભંગુરતા કે વિનાશિકતા સમજાય છે. સાંસારિક સઘળાં સંયોગો અને સંયોગીભાવો ક્ષણિક અને વિનાશી છે. પોતાનો આત્મા શાશ્વત અને અવિનાશી છે. તેથી ક્ષણિક અને વિનાશી ચીજ પોતાની હોઈ શકે નહિ. તેથી તેના પ્રત્યે એકત્વ કે મમત્વ રાખવાનું કોઇ કારણ નથી. તેથી આવા અનિત્ય સંસાર પ્રત્યે સહજ ઉદાસીનતા કે ઉપેક્ષાવૃતિ આવે છે. જેને સંસારનો વૈરાગ્ય કહે છે. આ રીતે અનિત્યભાવનાનું ચિંતવન સંસાર પ્રત્યેના વૈરાગ્યનું એક પ્રબળ કારણ છે.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

અનિત્યભાવનાના અભ્યાસનું પ્રયોજન વસ્તુસ્વરૂપની સાચી સમજણ સહિતનો વૈરાગ્ય છે. આ પ્રયોજનપૂર્વકનું પ્રત્યેક ભાવનાને સમાનપણે લાગુ પડતું સામાન્ય ફળ ચિત્તની સ્થિરતા, મોહની મંદતા, મરણનો ભય મટે જેવા અનેક પ્રકારે છે. તોપણ ખાસ કરીને અનિત્ય ભાવના સાથે જ સંબંધિત હોય તેવા વિશેષ પ્રકારના બે મુખ્ય ફળ આ પ્રમાણે છે.

૧. નામનાની ભાવના ટળે

૨. માનને મટાડે

૧. નામનાની ભાવના ટળે

મરણ પછી પણ પોતાની પ્રસિદ્ધિ, ખ્યાતિ કે કીર્તિ જળવાઇ રહે તેવા પ્રકારની ઈચ્છાને નામનાની ભાવના કહે છે. અનિત્યભાવનાના અભ્યાસથી નામનાની ભાવના ટળે છે.

અજ્ઞાની જીવને અનિત્ય સંયોગો અને સંયોગી ભાવોમાં પોતાપણું હોય છે. તેથી વર્તમાન ભવની ઓળખાણ આપતા નામની સાથે પણ તન્મયપણું હોય છે. તેથી પોતે ભલે મરી જાય પણ પોતાનું નામ અમર રહે તેવી ભાવના હોય છે. નામનાની અદમ્ય ઈચ્છાના કારણે તેના માટે તે પોતાની જાત ઘસી નાખે છે, પૈસા ખર્ચી નાખે છે, અમૂલ્ય સમય વેડફી નાખે છે, જે કાંઇ કરવું પડે તે કરે છે. નામના માટે મોટા સ્ટેચ્યુ મુકાવે છે, કીર્તિસ્તંભ કરાવે છે, તકતીમાં નામ કોતરાવે છે.

પરંતુ અનિત્યભાવના અનુસાર જેનું નામ હોય તેનો નાશ પણ હોય જ છે. આ જગતમાં કદીય કોઇનું નામ કાયમ રહેતું નથી. ભૂતકાળમાં અનંત ચોવીસીના તીર્થંકરો થઇ ગયા પણ તેમનાંય નામ વિસરાઇ ગયા છે. વિજયાર્ધ પર્વતની શિલા પર દંડરત્નથી લખાયેલા ચક્રવર્તી

જેવા મહાપુરુષોના નામ પણ ભૂંસાઇ જાય છે, તો આરસની તકતી ઉપર કોતરાયેલા તુચ્છ પુરુષોના નામ ક્યાં સુધી ટકે ? ભરત ચક્રવર્તીએ બનાવેલા ત્રણ ચોવીસીના મણિરત્નોના જિનબિંબો પણ કાળનો કોળિયો થઇ જાય છે તો પામર મનુષ્યોના પૂતળા ક્યાં સુધી રહે ? પ્રલય કાળમાં મોટા મોટા પર્વતો પણ જમીનદોસ્ત થઇ જાય છે તો કીર્તિસ્તંભો ધ્વસ્ત થઇ જાય તેમાં શી નવાઇ ? આ જગતમાં જન્મ્યા પહેલાં કોઇનું નામ હોતું નથી તેમ મર્યા પછી પણ કોઇનું નામ રહેતું નથી. તેથી જ કહેવાય છે કે,

જન્મ્યા પહેલા ***અનામી*** *અને મર્યા પછી* ***નનામી.***

અનિત્યભાવનાના અભ્યાસથી અનિત્ય અવસ્થારૂપ પર્યાયદૃષ્ટિ ટળી નિત્ય સ્વભાવરૂપ દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે. તેથી પોતાની અસલી ઓળખાણ નામરૂપ અનિત્ય અવસ્થાને બદલે અનામી આત્મસ્વભાવ તરીકે છે તે બાબત સમજાય છે. તેથી નામનાની ભાવના ટળે છે.

૨. માનને મટાડે

પર સંયોગો કે સંયોગીભાવોથી પોતાની મહત્તા માનવી તેને માન કહે છે. અનિત્યભાવનાનો અભ્યાસ માનને મટાડનારો છે.

૧. **ઉત્તમ જાતિ**, ૨. **ઉચ્ચ કુળ**, 3. **શરીરનું બળ**, ૪. **સુંદર રૂપ** જેવા પરસંયોગો તેમજ ૫. **શાસ્ત્રનું જ્ઞાન**, ૬. **તીક્ષ્ણબુદ્ધિ**, ૭. **બાર પ્રકારના તપ** અને ૮. **બ્રહ્મચર્ય** જેવા સંયોગીભાવો એ આઠ પ્રકારના આશ્રયે પોતાની મહત્તા કે મોટાઇ માનવી તેને મદ કે માન કહે છે. અનિત્યભાવનાનો અભ્યાસ કરવાથી માન મટે છે.

માનના કારણભૂત પરસંયોગો પૌદ્ગલિક પદાર્થ છે અને તેઓ આત્માથી અત્યંત ભિન્ન છે. સંયોગીભાવો પણ પુદ્ગલના લક્ષે થતા ચિદ્વિકારો છે અને અસંયોગી શુદ્ધાત્મસ્વભાવથી ભિન્ન છે. આ સઘળાં સંયોગોનો વિયોગ પણ અવશ્ય હોય જ છે. તેથી તેઓ ક્ષણિક અને વિનાશી છે. અનિત્યભાવના એમ જણાવે છે કે માનના કારણભૂત આ સઘળાં સંયોગો આત્માથી અત્યંત ભિન્ન, ક્ષણિક અને વિનાશી છે. તેથી આવા સંયોગોના આધારે પોતાની મહત્તા માનવી તે મૂર્ખતા છે.

અનિત્યભાવનાનો અભ્યાસ આઠેય પ્રકારના આશ્રયે થતા માનને મટાડનારો છે. તે આ રીતે:

૧. અનિત્યભાવનાના અભ્યાસથી એમ સમજાય છે કે ત્રિકાળ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય ધાતુ એ જ આત્માની જાતિ છે. અને આ મનુષ્યપણાની અધ્રુવ આર્યજાતિ એ કોઇ મારી જાતિ નથી. તેથી **ઉત્તમ જાતિ**ના આશ્રયે માન થતું નથી.

૨. અનંતગુણોના નિધાન ત્રિકાળી શુદ્ધાત્મા જ પોતાનું કુળ છે. આ વાણિયા, બ્રાહ્મણ, ક્ષત્રિય, શુદ્ર એ કોઇ આત્માનું કૂળ નથી. તેથી **ઉચ્ચ કૂળના** કારણે મદ કરવાનું કોઇ કારણ નથી.

3. અસંયોગી શુદ્ધાત્મસ્વભાવમાં સ્થિર રહેવું એ જ આત્માનું બળ છે. પણ શરીરનું સામર્થ્ય એ કોઇ આત્માનું બળ નથી. તેથી **શરીરના બળ**થી આત્માનું ગૌરવ થતું નથી.

૪. શાશ્વત જ્ઞાન અને આનંદસ્વભાવ એજ આત્માનું સુંદર સ્વરૂપ છે. અશાશ્વત શરીરનું સૌંદર્ય અને રૂપ એ કોઇ આત્માનું સ્વરૂપ જ નથી. તેથી શરીરનાં **સુંદર રૂપ**થી પોતાની સુંદરતા ભાસતી નથી.

૫. સર્વજ્ઞસ્વભાવી શુદ્ધાત્માના આશ્રયથી ઉત્પન્ન થતું ક્ષાયિકજ્ઞાન એટલે કે કેવળજ્ઞાન એ જ આત્માનું સાચું જ્ઞાન છે. પણ શાસ્ત્રના અભ્યાસથી થતું ક્ષાયોપશમિકજ્ઞાન એટલે કે શ્રુતજ્ઞાન એ કોઇ આત્માનું સાચું જ્ઞાન નથી. અનિત્યભાવનાના અભ્યાસથી આવું સમજતા **શાસ્ત્રના જ્ઞાન**થી પોતાની મહત્તા મનાતી નથી.

૬. અનિત્ય સંયોગોથી પોતાના આત્માને જુદો જાણે તે જ આત્માની સાચી બુદ્ધિ છે. પણ હજારો શ્લોકો કંઠસ્થ કરી શકે તેવી તીક્ષ્ણ બુદ્ધિ એ કોઇ આત્માની સાચી બુદ્ધિ નથી. આવું સમજતા **ઉત્તમ બુદ્ધિ**થી પોતાની ઉત્તમતા ભાસતી નથી.

૭. ઇચ્છાના નિરોધપૂર્વક થતું પોતાના નિસ્તરંગ શુદ્ધાત્મસ્વભાવનું પ્રતપન એ જ આત્માનું તપ છે. આ તરંગમય શુભભાવરૂપ બાર પ્રકારના તપ એ કોઇ આત્માનું તપ નથી. તેથી **બાર પ્રકારના તપ**ના કારણે અભિમાન થતું નથી.

૮. બ્રહ્મ એટલે આત્મા અને ચર્ય એટલે રમણતા, તેથી બ્રહ્મચર્ય એ પોતાના શુદ્ધાત્મસ્વભાવમાં રમણતા કે લીનતા છે. તેથી બહારમાં સ્ત્રીના સંબંધથી રહિત રહેવું તે કોઇ સાચું બ્રહ્મચર્ય નથી. તેથી નવવાડપૂર્વક સ્ત્રીના સંબંધથી રહિત રહેવારૂપ **બ્રહ્મચર્ય**થી પોતાની મોટાઇ ભાસતી નથી.

ઉપરોક્ત પ્રમાણે અનિત્યભાવનાનો અભ્યાસ માન થવાના આઠેય પ્રકારના કારણોને મટાડનારો છે.

ઉપસંહાર

ઇષ્ટ-અનિષ્ટ સંયોગો અને તેના ઉપજવા-વિણસવામાં હર્ષ-ખેદ ન માનવો અને સમતાભાવ ધારણ કરવો તે જ અનિત્યભાવનાનું આધારબિંદુ છે. આ માટે નિત્યનો આશ્રય કરવો જરૂરી હોય છે. જગતના સઘળાં સંયોગો અનિત્ય છે અને પોતાનો આત્મા જ નિત્ય છે, તે અનિત્યભાવનાના આધારે નક્કી થાય છે. જગતના બધાં પદાર્થો પોતાના ત્રિકાળ દ્રવ્ય-સ્વભાવપણે સ્થિર-નિત્ય અને તે જ પદાર્થ પલટતી પર્યાયસ્વભાવપણે અસ્થિર-અનિત્ય હોય છે. નિત્ય દ્રવ્યસ્વભાવપણે પોતાના આત્માને માની તેનો આશ્રય કરવો તે મોક્ષમાર્ગ છે. અને અનિત્ય પર્યાયસ્વભાવપણે પોતાને માની તેનું લક્ષ કરવું તે સંસારમાર્ગ છે. તેથી વસ્તુને અનિત્યપણે દર્શાવતી પર્યાયદૃષ્ટિ છોડી તેને નિત્યપણે દર્શાવતી દ્રવ્યદૃષ્ટિ કરવી તે જ સંસારમાર્ગને મટાડી મોક્ષમાર્ગને પ્રગટ કરવાનો ઉપાય છે. અને તે જ અનિત્ય ભાવનાનો આશય છે. પંડિત જયચંદજીના શબ્દોમાં

द्रव्यरुप करि सर्व थिर, परजय थिर है कौन ?
द्रव्यदृष्टि आपा लखो, परजय नय करि गौन ॥

ભાવાર્થ : દ્રવ્યસ્વરૂપે બધું નિત્ય હોવા છતાં પર્યાયસ્વરૂપે નિત્ય કોઇ નથી. તેથી પર્યાયની અનિત્યતાને ગૌણ કરી પોતાના આત્માને નિત્ય દ્રવ્યસ્વભાવપણે ઓળખવો તે જ અનિત્યભાવનાનો આશય છે. (બારહભાવનામાંથી પ્રથમ અનિત્ય ભાવનાની કડી નં-૧)

❖ અનિત્યભાવનાની કથા ❖

ભગવાન ઋષભદેવનો વૈરાગ્ય



ભગવાન ઋષભદેવ પોતે તીર્થંકરનો અવતાર છે. જન્મથી જ અને જન્મ પહેલાંથી પણ સ્વર્ગના દેવો તેમની સેવા કરે છે. આજે તેમનો જન્મદિવસ આનંદોલ્લાસથી ઉજવાઇ રહ્યો છે. દેશદેશાવરના રાજા–મહારાજાઓ ભગવાનનો જન્મદિવસ ઉજવવા એકઠા થયા છે. સૌધર્મ ઇન્દ્ર પણ ઐરાવત હાથી ઉપર સવાર થઇને અનેક અપ્સરાઓ સાથે અયોધ્યામાં આવી પહોંચ્યો છે. ઇન્દ્ર મહારાજાએ ભગવાનને પ્રસન્ન કરવા અપ્સરાઓનાં અદ્‌ભુત નૃત્યનું આયોજન કર્યું છે. મનોહર અપ્સરાઓ હાવભાવ સાથે અલૌક્કિ નૃત્ય રજૂ કરી રહી છે. બરાબર તે જ સમયે નીલાંજના નામની એક અપ્સરાનું આયુષ્ય પૂરું થઇ જાય છે.

વીજળીના ઝબકારાની જેમ નીલાંજનાનો વૈક્રિયિક દેહ એકદમ વિલય પામી ચારેબાજુ વિખરાઇ જાય છે. રંગમાં ભંગ ન પડે તે માટે એક પળનોય વિલંબ કર્યા વિના ઇન્દ્ર બીજી અપ્સરાને નીલાંજનાના સ્થાને ગોઠવી નૃત્ય ચાલુ રખાવે છે. બીજા સભાજનો કાંઇ જાણતા નથી પણ અવધિજ્ઞાનધારી ભગવાનથી કાંઇ અજાણ્યું રહેતું નથી. તેઓ અનિત્યભાવના ભાવતા ઊંડા વિચારમાં સરી પડે છે :

"અરે, અપ્સરાનું આયુષ્ય પણ એકદમ પૂરું થઇ ગયું તો મનુષ્યના આયુષ્યની શી વાત ! અરે, મારા ૮૪ લાખ પૂર્વના આયુષ્યમાંથી આજે ૮૩ લાખ પૂર્વ તો પળવારમાં પૂરાં થઇ ગયા છે. અને હું આ રાજપાટ અને ભોગોપભોગોમાં

ફસાયેલો છું. રાજપાટ અને ભોગોપભોગ ભારરૂપ છે. હું તીર્થંકરનો અવતાર છું અને મારે મારા આત્માની પૂર્ણતા સાધી મોક્ષદશા પામવાની છે. હવે બાકીના આયુષ્યનો એક સમય પણ ગુમાવ્યા વિના મારે આત્મહિતની સાધના કરવાની છે.

આયુષ્ય એ તો પાણીના મોજાં જેવું છે. પાણીનું મોજું આવ્યું કે ગયું તેમ એક ભવમાં રહ્યા ન રહ્યાં કે બીજા ભવમાં અવતરવું પડે છે. વિષયભોગો મેઘધનુષના રંગ જેવા છે. વર્ષાકાળમાં ઉત્પન્ન થતા મેઘધનુષનાં રંગો સૂરજના આથમવાની સાથે વિલય પામી જાય છે તેમ યૌવનકાળે ઉત્પન્ન થતા વિષયભોગો વૃદ્ધાવસ્થા આવતાં વિલય પામી જાય છે. આ જગતના સઘળા સંયોગો અને સંયોગીભાવો ક્ષણિક અને વિનાશી છે. તેથી તેઓ અનિત્ય છે, અધ્રુવ છે. એક માત્ર મારો પોતાનો આત્મા જ મારા માટે શાશ્વત અને અવિનાશી છે. તેથી તે નિત્ય છે, ધ્રુવ છે. ત્રિકાળ ધ્રુવ શુદ્ધ આત્માના લક્ષે મોક્ષ છે અને અધ્રુવ સંયોગોના લક્ષે સંસાર છે. તેથી હવે હું અનિત્ય સંયોગોનો સંગ છોડી નિત્ય શુદ્ધાત્માની સાધના માટે કટિબદ્ધ થાઉં છું.''

આ પ્રકારે અનિત્યભાવનાના ચિંતવનનાં પરિણામે ભગવાન ઋષભદેવ સંસારથી અત્યંત વિરક્ત થયા. અસાર સંસારનો ત્યાગ કરી સ્વયંદીક્ષિત થયા. ભગવાનના જન્મદિવસનો મહોત્સવ વૈરાગ્યમાં ફેરવાઇ ગયો. અનેક રાજા–મહારાજાઓએ પણ ભગવાન સાથે મુનિદીક્ષા અંગીકાર કરી. ભગવાન ઋષભદેવે ત્યાર પછી કેવળજ્ઞાન પામી દિવ્યધ્વનિ વડે અનિત્ય–ભાવનાનો ઉપદેશ આપ્યો.અને કૈલાશ પર્વત પરથી મોક્ષદશાને નમસ્કાર.

અનિત્યભાવનાના ચિંતવન વડે નિત્ય એવા શુદ્ધાત્માની સિદ્ધિ સાધનાર ભગવાન ઋષભદેવને નિત્ય પ્રણામ !

ટિપ્પણ

૧. **ચઢતી દેણગી** : એક ઉપર એક મૂકાતા ઘડાની જેમ ઉત્તરોત્તર ઉન્નતિ, ચઢતા દહાડા; ઉદયકાળ

સંદર્ભગ્રંથો

૧. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪ થી ૨૨ અને તેની ટીકા.; ● ૨. બારસઅણુવેકૂખા : ગાથા 3 થી ૭.; ●3. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૬૯૫, ૬૯૬.; ● ૪. ભગવતી આરાધના : ગાથા ૧૭૧૧ થી ૧૭૨૩.; ●૫. જ્ઞાનાર્ણવ : સર્ગ ૨ : શ્લોક 3, ૮ થી ૪૭.; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાય ૬, ગાથા ૩૧.; ●૭. તત્ત્વાર્થરાજવાર્ત્તિક : ૯/૭, ૧/૬૦૦/૭; ૯/૭,૫/૬૦૧/૩૧.; ● ૮. સર્વાર્થસિદ્ધિ : ૯/૭/૪૧૪, ૪૧૫.; ●૯. પદ્મનંદિપંચવિંશતિ : :અધ્યાય-૬, અનિત્યપંચાશત, શ્લોક ૪૫, ૫૮.; ●૧૦. સમણસુત્તમ્ : ગાથા ૫૦૭, ૫૦૮. ● ૧૧. અનગાર ધર્મામૃત : અધ્યાય ૬, ગાથા ૫૮, ૫૯.; ●૧૨. પરમાત્મપ્રકાશ : અધ્યાય ૨: દોહા ૧૨૮ થી ૧૩૨ અને તેની ટીકા ● ૧૩. ગુરુદેવશ્રીના વચનામૃત : નં.૨૩.; ●૧૪. બહેનશ્રીનાં વચનામૃત : નં.૫૪, ૯૯. ● ૧૫. જૈ.સિ.કોશ : ભાગ-૧, અનુપ્રેક્ષા : ૧/૧, પાનુ.૭૧; ૧/૨, પાનુ ૭૨.

અનિત્યભાવનાની કથા ●૧. આદિપુરાણ : ભાગ-૧, પર્વ ૧૭, શ્લોક ૧ થી ૪૫, પાનુ ૩૭૩ થી ૩૭૬.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુના ☐ ચોરસમા દર્શાવો.

૦૧. નાશવંત વસ્તુમાં મોહથી શું થાય ? ૧. ☐

A:: સુખ, **B:: દુ:ખ C::** વૈરાગ્ય D:: આત્મજ્ઞાન

૦૨. સંસારનું સ્વરૂપ અનિત્ય ન હોય તો શું આપત્તિ આવે ? ૨. ☐

A:: નિત્ય કાયમ રહે B:: મોક્ષમાર્ગ કાયમ રહે

C:: મોક્ષ કાયમ રહે D:: સંસાર કાયમ રહે

૦૩. અનિત્યતાની ખાખત હૃદયગત નથી એ દર્શાવતી ખાખત કઇ નથી? ૩. ☐

A:: શરીરનું સ્વાસ્થ્ય સાચવવાની દોડધામ

B:: પૈસા પાછળની આંધળી દોટ

C:: અનિત્યભાવનાનું ચિંતવન

D:: સત્તા-સંપત્તિ જાળવવાની ઝંઝટ

૦૪. પોતે પોતાના મરણને સમજે અને સ્વીકારે તો શું થાય? ૪. ☐

A:: શાંતિ B:: ઉદ્વેગ C:: ભય D:: મરણ

૦૫. શરીર વડે શું હોવાથી શરીરની યત્કિંચિત્ સંભાળ જરૂરી છે ? ૫. ☐

A:: આત્માની ઓળખાણ B:: આત્માનો ધર્મ

C:: આત્માનું સુખ D:: આત્માનો મોક્ષ

૦૬. શરીરની સંભાળ લેવાનો સાચો ઉપાય શો ? ૬. ☐

A:: સંયમ અને સદાચરણ B:: પૌષ્ટિક અને સમતોલ આહાર

C:: પ્રાણાયામ અને યોગાસન D:: નિયમિતતા અને સ્વચ્છતા

૦૭. અનિત્ય સંયોગો કોના વિના ન હોઇ શકે ? ૭. ☐

A:: આત્મા B:: રાગ C:: કર્મોદય D:: શરીર

૦૮. હકારાત્મક અભિગમનો ઉપાય શો ? ૦૮. ☐

A:: તે વિષયનું પુસ્તક વાંચવું

B:: તે માટેના શિક્ષણ વર્ગમાં જોડાવું

C:: અનિત્યભાવનાનો અભ્યાસ કરવો

D:: પ્રતિકૂળ સંયોગોને પણ સાનુકૂળ માનવા

૦૯. સુખ-દુઃખનું કારણ શું હોય છે ? ૦૯. ☐

A:: હર્ષ-શોકના પરિણામ B:: અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ

C:: પુણ્ય-પાપનો ઉદય D:: હકારાત્મક-નકારાત્મક અભિગમ

૧૦. યથાર્થદૃષ્ટિ શું છે ? ૧૦. ☐

A:: ઉત્પાદ-વ્યયનો અભાવ કરવો

B:: ઉત્પાદ-વ્યયમાં એકરૂપતા જોવી.

C:: ઉત્પાદ-વ્યયને સાનુકૂળપણે મૂલવવા

D:: ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને જેમ છે તેમ જાણવા.

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના જવાબ એક બે વાક્યોમાં આપો.

૦૧. અનિત્ય કોને કહે છે?

૦૨. કઇ બાબતો અનિત્ય છે ?

૦૩. અનિત્યને નિત્ય રાખવાના પ્રયત્નથી શું થાય છે ?

૦૪. અનિત્યતાની બાબત હૃદયગત ન હોવાનું કારણ શું?

૦૫. મનુષ્યને સૌથી મોટો ભય કોનો હોય છે?

૦૬. અનિત્યભાવનાનો આશય શું છે ?

૦૭. શરીર પાસેથી કયું કામ કરાવવાનું ચૂકવું ન જોઇએ?

૦૮. શા માટે શરીરાદિ સંયોગો પરિચિત છે અને અસંયોગી આત્મા અપરિચિત છે ?

૦૯. આત્મા નિત્ય અને અસંયોગી કઇ રીતે છે?

૧૦. વસ્તુનું અનેકાંતસ્વરૂપ કોને કહે છે ?

૧૧. દૃષ્ટિ એટલે શું ?

૧૨. દૃષ્ટિ કયાં પ્રકારે સંભવે છે ? શા માટે ?

૧૩. શા માટે દ્રવ્યદૃષ્ટિ યથાર્થ છે ?

૧૪. વિરોધીનું અસ્તિત્વ કોને કહે છે ?

૧૫. સંયોગોની ક્ષણભંગુરતા શું છે ?

૧૬. હકારાત્મક અભિગમ શું છે ?

૧૭. હકારાત્મક અભિગમથી પ્રતિકૂળ સંયોગો કેવા જણાય છે?

૧૮. વૈજ્ઞાનિક સંશોધન અનુસાર હકારાત્મક અભિગમ એ શું છે ?

૧૯. હકારાત્મક અભિગમથી જીવનમાં શો લાભ થાય છે?

૨૦. યથાર્થદૃષ્ટિ શું છે.

૨૧. અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયાની પૂર્ણતા કઇ રીતે છે?

૨૨. નામનાની ભાવના એટલે શું ?

૨૩. માન એટલે શું ?

૨૪. ક્યાં સંયોગો અને સંયોગીભાવોના આશ્રયે માન હોય છે.

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૦૧. અનિત્યભાવના એટલે શું ?

૦૨. સંસારનું અનિત્યપણું કઇ રીતે છે ?

૦૩. અનિત્યતાની આવશ્યકતા સમજાવો.

૦૪. અનિત્યતાના સ્વીકારમાં શાંતિ હોય છે. તે બાબત સમજાવો.

૦૫. મોત સામે જણાય તો અનુપમ શાંતિ પ્રગટ થાય છે તે બાબત સમજાવો.

૦૬. શરીરાદિ સંયોગોને સાચવવાનો પ્રયત્ન શા માટે વ્યર્થ છે ?

૦૭. શરીરાદિની યત્કિંચિત્ સંભાળ શા માટે સંભવે છે ?

૦૮. અનિત્ય દ્વારા નિત્યની ઓળખાણનો ઉપાય સમજાવો.

૦૯. અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયા એટલે શું ?

૧૦. નદીના દૃષ્ટાંતથી સંયોગોનું ક્ષણભંગુર પણું સમજાવો.

૧૧. ગબારાના દૃષ્ટાંતથી હકારાત્મક અભિગમ સમજાવો.

૧૨. વૃક્ષના દૃષ્ટાંતથી યથાર્થદૃષ્ટિ સમજાવો.

૧૩. અનિત્યભાવનાના ચિંતવનનું સાધન કે કારણ શું છે ? તે સમજાવો.

૧૪. અનિત્યભાવનાનો અભ્યાસ કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ? તે સમજાવો.

૧૫. અનિત્યભાવનાના અભ્યાસથી નામનાની ભાવના કઇ રીતે ટળે છે ? તે સમજાવો.

૧૬. અનિત્યભાવનાનો અભ્યાસ આઠેય પ્રકારના આશ્રયે થતા માનને મટાડનારો છે. તે બાબત સમજાવો.

ભાવના

૨

અશરણભાવના

चत्तारि सरणं पवज्जामि,
अरिहंते सरणं पवज्जामि,
सिद्धे सरणं पवज्जामि,
साहु सरणं पवज्जामि,
केवलिपण्णत्तं धम्मं सरणं पवज्जामि ॥

ભાવાર્થ : નિશ્ચયથી શુદ્ધાત્મા અને વ્યવહારથી શુદ્ધાત્માને ઓળખાવનારા અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત રત્નત્રયરૂપ ધર્મ સિવાય અન્ય કોઈ શરણ નથી.





❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી
૨. શરણ અને અશરણ
૩. શુદ્ધાત્મા જ શરણ
૪. અશરણભાવનાની ચિંતવન પ્રક્રિયા
૫. અશરણભાવનાનું કારણ કે સાધન
૬. અનિત્યભાવના અને અશરણભાવના વચ્ચેનો ભેદ
૭. કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?
૮. કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?
૯. પ્રયોજન સહિતનું વિશેષ ફળ
૧. શુદ્ધાત્માના શરણને બતાવે
૨. સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ પ્રવર્તાવે
૧૦. ઉપસંહાર
૧૧. અશરણભાવનાની પ્રેરક કથા : **અનાથી મુનિ**

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

અશરણભાવના પ્રેરક વચનો



અહો ! અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું છે.

મરણ તો આવવાનું જ છે, જ્યારે બધુંય છૂટી જશે. બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે ? મરણની વેદના પણ કેટલી હશે ? **મને કોઇ બચાવો** એમ તારૂં હૃદય પોકારતું હશે. પણ શું તને કોઇ બચાવી શકશે ? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાકતરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ઊભેલાં સગાંસબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઇ રહે, તોપણ શું કોઇ તને શરણભૂત થાય એમ છે ? જો તે શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ-અનુભૂતિ કરી આત્મ-આરાધના કરી હશે, આત્મામાંથી શાંતિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે.

તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત-વિપત્તિ સમયે વિશેષ શરણભૂત થનાર એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર. પૂજ્ય ગુરૂદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય – એ જ જીવનમાં કરવા જેવું છે.

(બહેનશ્રીનાં વચનામૃત : નં. ૫, ૪૦૯, ૪૧૨)

ભાવના

૨. અશરણભાવના

જે આધાર આપે, મદદ કરે, ટેકામાં રહે, રક્ષણ કરે તેને શરણ કહે છે. જે નિત્ય હોય તે શરણરૂપ અને અનિત્ય હોય તે અશરણરૂપ હોય છે. સાંસારિક સંયોગો અને સંયોગીભાવો અનિત્ય હોવાથી અશરણ છે. પોતાનો શુદ્ધાત્મા જ પોતાના માટે નિત્ય હોવાથી નિશ્ચયથી શરણરૂપ છે. અને શુદ્ધાત્માના શરણને સમજાવનારા અને ત્યાં સુધી પહોંચાડનારા વીતરાગી દેવ-ગુરુ-ધર્મ વ્યવહારથી શરણ છે. આ સિવાય આ જીવને કોઈ શરણ નથી તેવું ચિંતવન કરવું તે અશરણભાવના છે.

સત્તા-સંપત્તિ-સન્માન, માત-પિતા-પરિવાર, રોટી-કપડા-મકાન, દવા-દવાખાના-ડોકટર, મણિ-મંત્ર-તંત્ર જેવા બાહ્ય સાંસારિક સંયોગો અને કળા-કૌશલ્ય-કારીગરી, બળ-બુદ્ધિ-ચતુરાઇ, સંયમ-સદાચાર-સદ્‌ભાવ, વ્રત-તપ-નિયમ, લૌકિક સુખ-શાંતિ-સહિષ્ણુતા જેવા આંતરિક સંયોગીભાવો અનિત્ય હોવાથી અશરણ છે. પોતાના માટે પોતાનો ત્રિકાળ ધ્રુવ શાશ્વત શુદ્ધાત્મા જ નિત્ય હોવાથી નિશ્ચયથી શરણ છે. શુદ્ધાત્માના સ્વરૂપને સમજાવી શુદ્ધાત્માની ઓળખાણ કરાવનાર, શુદ્ધાત્માની પ્રાપ્તિનો માર્ગ બતાવનાર, શુદ્ધાત્માની ભાવના કરાવનાર એવા શુદ્ધાત્મસ્વરૂપી વીતરાગી દેવ-ગુરુ વ્યવહારથી શરણ છે. શુદ્ધાત્માના આશ્રયે ઉત્પન્ન થતો વીતરાગી ધર્મ પણ શુદ્ધાત્માની પ્રાપ્તિ કરાવનાર હોવાથી વ્યવહારથી શરણરૂપ છે. આ સિવાય આ જગતમાં આ જીવને અન્ય કોઇ શરણ નથી. આ પ્રકારની વારંવાર વિચારણા થવી તે અશરણભાવના છે.

અશરણભાવનાને અસહાયભાવના પણ કહે છે. જેમ કેવળજ્ઞાન અસહાય છે, તેમ સાંસારિક સંયોગો અને સંયોગીભાવો પણ અસહાય છે. લોકાલોક જેવા જ્ઞેયના કારણે કેવળજ્ઞાન નથી. કેવળજ્ઞાન માટે શરીર, મન, ઇન્દ્રિયાદિની આવશ્યકતા નથી. તેમ સંસારી જીવના જન્મ-જીવન-મરણ જેવા સંયોગો અને સુખ-દુઃખ-સમભાવ જેવા સંયોગીભાવોમાં અન્ય કોઇની સહાય હોતી નથી. આ રીતે સંસારનું અસહાયપણું વિચારવું તે પણ અશરણભાવના હોવાથી તેને **અસહાયભાવના** પણ કહે છે.

શરણ અને અશરણ

જે આધાર આપે, ટેકામાં રહે, સહાય કરે, રક્ષણ પૂરું પાડે તેને શરણ કહેવાય છે. શરણ આપનારને આધાર અને શરણ લેનારને આધેય કહેવામાં આવે છે. આવું આધાર-આધેયપણું એક જ દ્રવ્યમાં અભિન્નપણે હોય છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવ તે આધાર અને અને તેની ક્ષણેક્ષણે પલટતી પર્યાય તે આધેય હોય છે. આ રીતે પોતાનો ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ જ પોતાને આધાર કે શરણરૂપ છે અને તે સિવાયના અન્ય કોઇ બાહ્ય સંયોગો કે સંયોગીભાવો પોતાને શરણરૂપ નથી.

શરણ આપનાર **નિત્ય** અને **શુદ્ધ** હોય તે જરૂરી છે.

જે નિત્ય ન હોય તે અનિત્ય હોય. અનિત્ય હોય તે નાશવંત હોય. નાશવંત પોતે જ અરક્ષિત છે. અરક્ષિત એટલે કે અશરણ હોય તે બીજાને સુરક્ષા એટલે કે શરણ આપી શકે નહિ. તેથી જ્યાં નિત્યતા ત્યાં શરણતા અને અનિત્યતા ત્યાં અશરણતા. પોતાના માટે પોતાનો આત્મા જ નિત્ય છે. તે સિવાયના સઘળાં સંયોગો અને સંયોગીભાવો અનિત્ય

છે. તેથી પોતાના માટે પોતાનો આત્મા જ શરણ છે અને આત્મા સિવાયનું બધુંય અશરણ છે.

તે જ રીતે જે શુદ્ધ ન હોય તે અશુદ્ધ હોય. અશુદ્ધતા બીજાના સંબંધથી જ સંભવતી હોવાથી પરસાપેક્ષ હોય છે. પરસાપેક્ષ હોય તે વિભાવ જ હોય અને સ્વભાવ ન હોય. વસ્તુ પોતાના સ્વભાવથી જ અશુદ્ધ હોય તો અશુદ્ધતાના અનેક પ્રકાર હોવાથી સ્વભાવના પણ અનેક પ્રકાર થાય. પરંતુ સ્વભાવ તો હંમેશાં એક જ પ્રકારે હોય છે. સ્વભાવની એકરૂપતા શુદ્ધતામાં જ સંભવે છે. તેથી જે સ્વભાવ હોય તે શુદ્ધ જ હોય. વળી શુદ્ધતામાં અનુકૂળતા છે અને અશુદ્ધતામાં પ્રતિકૂળતા છે. સ્વયંસિદ્ધ વસ્તુનો સ્વભાવ વસ્તુને અનુકૂળ ન હોય તો વસ્તુમાં વસ્તુપણું જ સંભવે નહિ. તેથી પણ વસ્તુ પોતાના સ્વભાવથી શુદ્ધ જ હોવી જોઇએ. આ ઉપરાંત અશુદ્ધતા ગમતી નથી, અશુદ્ધતા ટકતી નથી માટે પણ અશુદ્ધતા વસ્તુનો સ્વભાવ નથી. જે સ્વભાવ ન હોય તે વિભાવ હોય. વિભાવ હંમેશાં પલટતી પર્યાયરૂપ અનિત્ય હોય છે. અનિત્ય હોય તે અશરણ હોય. તેથી જ્યાં શુદ્ધતા ત્યાં શરણતા અને અશુદ્ધતા ત્યાં અશરણતા. પોતાનો ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય સ્વભાવ જ શુદ્ધ હોવાથી શરણરૂપ છે અને તે સિવાયના સઘળાં સંયોગો અને સંયોગીભાવો અધ્રુવ પલટતી પર્યાયરૂપ હોવાથી અશરણ છે. શરણરૂપ શુદ્ધાત્મા પોતાથી અભિન્ન હોય છે અને અશરણરૂપ સંયોગો અને સંયોગીભાવો પોતાથી ભિન્ન હોય છે.

શરણ અને અશરણની ઉપરોકત સમજૂતી અનુસારનો તેમનો ભેદ નીચેના કોઠા અનુસાર ટૂંકમાં દર્શાવી શકાય છે.

શરણ	અશરણ
૧. નિત્ય હોય	૧. અનિત્ય હોય
૨. શુદ્ધ હોય	૨ અશુદ્ધ હોય
૩. ત્રિકાળી દ્રવ્યરૂપ હોય	૩. પલટતી પર્યાયરૂપ હોય
૪. પોતાથી અભિન્ન હોય	૪. પોતાથી ભિન્ન હોય
૫. ઉપરોકત કારણે પોતાનો શુદ્ધાત્મા શરણ જ છે.	૫. ઉપરોકત કારણે સંયોગો અને સંયોગી ભાવો અશરણ છે.

ઉપરોક્ત પ્રકારે પોતાના માટે પોતાનો ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મા જ શરણ છે અને તે સિવાયના સઘળાં સંયોગો અને સંયોગીભાવો અશરણ છે.

શુદ્ધાત્મા જ શરણ છે

शुद्धातम अरु पंच गुरु, जग में सरनौ दोय।

मोह उदय जिय के वृथा, आन कल्पना होय॥

ભાવાર્થ : **નિશ્ચયથી પોતાનો શુદ્ધાત્મા અને વ્યવહારથી પંચપરમેષ્ઠિ એ બે જ પોતાને શરણ છે. આ સિવાય અન્ય કોઇને શરણ માનવું તે મોહના ઉદયને વશ થતી અજ્ઞાનીની જૂઠી કલ્પના છે.**

(પં.જયચંદજી છાબડાકૃત અશરણભાવના)

જે પોતાને સહાયક, રક્ષક કે આશ્રયદાતા હોય તેને શરણ કહેવાય છે. જે શરણ હોય તે નિત્ય, શુદ્ધ, પોતાનાથી અભિન્ન અને ત્રિકાળી દ્રવ્યરૂપ હોય છે. આવું સ્વરૂપ શુદ્ધાત્માનું છે. તેથી પોતાના માટે પોતાનો શુદ્ધાત્મા જ એક માત્ર શરણ છે. આ શુદ્ધાત્માના પ્રતિક સમા પંચમેષ્ઠિ શુદ્ધાત્માના સ્વરૂપને ઓળખાવનાર હોવાથી વ્યવહારથી શરણ છે. આ સિવાય અન્ય કોઇ સંયોગો કે સંયોગીભાવને શરણ માનવા તે અજ્ઞાની જીવની જૂઠી કલ્પના છે.

અજ્ઞાની જીવને દર્દ સમયે ડોકટર, મુશ્કેલી વખતે મિત્ર, સંકટ સમયે સંપત્તિ અને કોઇ પણ સમસ્યા ટાણે સગાવહાલા શરણ ભાસે છે. પણ તે એક ભ્રાંતિ છે. કેમ કે, જે પોતે જ નાશવંત હોવાથી અશરણ હોય તે બીજાને શરણરૂપ થઇ શકે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-હર્તા ન હોવાથી પણ કોઇ કોઇનું શરણ નથી.

જેને શરણ માનવામાં આવે છે તે સંયોગોના લક્ષે હંમેશાં સંયોગીભાવ એટલે કે રાગ જ થાય છે. રાગ આત્માના શુદ્ધ સ્વભાવનો ઘાતક હોવાથી આકુળતાનો

ઉત્પાદક છે. તો આવા આકુળતાના ઉત્પાદક સંયોગ કે સંયોગીભાવ શરણ કેમ કહેવાય ? ન જ કહેવાય.

ગમે તે પ્રકારનું દર્દ હોય, મુશ્કેલી હોય, સંકટ હોય કે સમસ્યા હોય તે સમયે પોતાનો શુદ્ધાત્મા જ પોતાનું શરણ છે. શુદ્ધાત્માના લક્ષે પ્રતિકૂળતાઓ વચ્ચે પણ શાંતિ અને સમાધિ રહે છે. શુદ્ધાત્માના આશ્રયે કોઇ પણ આપત્તિનો અંત હોય છે. તેથી શુદ્ધાત્મા જ શરણ છે.

પોતાના શુદ્ધાત્માને ઓળખી તેનું શરણ અંગીકાર કરેલ છે એવા મુનિરાજને ભયંકર ઉપસર્ગ આવી પડે તોપણ તે તેને કોઇ પીડા ઉપજાવી શકતું નથી. ઉપસર્ગ પણ તેમને મિત્ર સમાન જણાય છે. ઉપસર્ગ સમયે શુદ્ધાત્માનું ઉગ્ર અવલંબન કરી તેઓ કેવળજ્ઞાન અને મોક્ષ પ્રગટાવે છે. તેથી પોતાનો શુદ્ધાત્મા જ પોતાને નિશ્ચયથી શરણ છે.

જે પોતે શરણ નથી તોપણ સાચા શરણના સાધન કે નિમિત્ત હોય તેને ઉપચારથી એટલે કે વ્યવહારથી શરણ કહેવાય છે. દેવ-ગુરૂ-ધર્મ આ રીતે વ્યવહારથી શરણ છે. દેવ-ગુરૂ-ધર્મના શરણે મરણથી બચી શકાતું નથી પણ મરણના ભયથી જરૂર બચી શકાય છે. દુ:ખદર્દ ટાળી શકાતા નથી પણ દુ:ખદર્દ સમયે શાંતિ, સમાધાન, સહનશીલતા કેળવવાની શિક્ષા મેળવી શકાય છે. પોતાને પોતાના સાચા શરણ એવા શુદ્ધાત્માનો પરિચય હોતો નથી. તેનો પરિચય અને પ્રાપ્તિ દેવ-ગુરુ-ધર્મના નિમિત્તે થાય છે. તેથી દેવ-ગુરુ-ધર્મ વ્યવહારથી શરણ છે.

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ એ ચાર શરણ કહેવામાં આવે છે. તે પણ વ્યવહારથી શરણ છે. નિશ્ચયથી શરણ એક જ હોય છે અને તે પોતાનો શુદ્ધાત્મા જ છે.

અશરણભાવનાની ચિંતવન પ્રક્રિયા

અશરણને અશરણ તરીકે તેમ જ શરણને શરણ તરીકે સાચી રીતે સમજી ત્યારપછી અશરણનું લક્ષ અને આશ્રય છોડી શરણનું લક્ષ અને આશ્રય મેળવવાનો ઉપાય વિચારવો તે અશરણભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

અજ્ઞાની જીવ અજ્ઞાનવશ અને કોઇ વાર જ્ઞાની જીવ અસ્થિરતાજન્ય રાગવશ પોતાને જે ઇષ્ટ હોય તેની સુરક્ષા કરવા અને અનિષ્ટ હોય તેનાથી બચવા માટે પ્રયત્ન કરતો જોવામાં આવે છે. પરંતુ યથા સમયે પલટી જનાર ઇષ્ટ અવસ્થાની સુરક્ષા થઇ શકતી નથી કે યથા કારણે આવનાર અનિષ્ટ અવસ્થાથી બચી શકાતું નથી. વળી તે ઇષ્ટ અવસ્થાની સુરક્ષા કે અનિષ્ટ અવસ્થાથી બચવા માટે જેના તરફ નજર દોડાવે છે તે બાહ્ય સંયોગો અને સંયોગીભાવો અશુદ્ધ અને અનિત્ય અવસ્થારૂપ હોવાથી પોતે જ અસુરક્ષિત અને અશરણ છે અને તેથી તે અન્યને સુરક્ષા કે શરણ આપી શકતા નથી. નિશ્ચયથી નિત્ય અને શુદ્ધ એવો પોતાનો શુદ્ધાત્મસ્વભાવ જ પોતાને શરણ છે અને વ્યવહારથી તે શુદ્ધાત્મસ્વભાવને ઓળખાવનાર અને શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિનો માર્ગ બતાવનાર વીતરાગી દેવ-ગુરુ-ધર્મ શરણ છે.

સંસારી જીવનું સમગ્ર જીવન અશરણ જ છે. તોપણ અશરણતાને સારી રીતે સમજવા માટે મરણનું ઉદાહરણ લેવામાં આવે છે. કેમ કે, સંસારી જીવ પોતાના ઇષ્ટ એવા શરીરની સુરક્ષા અને અનિષ્ટ એવા શરીરના વિયોગરૂપ મરણથી બચવા અથાક પ્રયત્નો કરતો જોવામાં આવે છે.

શરીરની સુરક્ષા અને મરણથી બચવા માટે મણિ-મંત્ર-તંત્રની આરાધના કરવામાં આવે છે. ડાયેટીશીયનો અને ડોકટરોની ફોજ ખડે પગે હાજર રાખવામાં આવે છે. શરીરની સુરક્ષા માટે મોટા મોટા ગઢ બનાવવામાં આવે છે અને ભરી બંદૂકધારી કમાન્ડોની ફોજ રાખવામાં આવે છે. પોતાની સુરક્ષા માટે કોઇ તો કુદેવની પણ ઉપાસના કરે છે. અને ભૂવા-ભરાડીને ત્યાં આંટાફેરા

લગાવે છે. મરણ સમયે મરણથી બચવા કોઇ પણ ઉપાય બાકી રાખવામાં આવતો નથી અને બીજો કોઇ ઉપાય ન રહે ત્યારે મૃત્યંજયના જાપ કરાવવામાં આવે છે. તોપણ કોઇ પોતાના શરીરની સુરક્ષા કરી શકતો નથી કે મરણથી બચી શકતો નથી.

જગતમાં અમર કહેવાતા દેવો પણ મરણ તો પામે જ છે. સ્વર્ગ જેનો કિલ્લો છે, દેવો જેની સેવા કરે છે, વજ્ર જેનું હથિયાર છે અને ઐરાવત હાથી જેનું વાહન છે એવો ઇન્દ્ર પણ મરણને પામે છે. નવનિધાન, ચૌદ રત્નો અને ચતુરંગ સેના ઘરાવતા ચક્રવર્તીને પણ મરણ સમયે કોઇ શરણ આપી શકતું નથી. તો તરણાતુલ્ય તુચ્છ પ્રાણીને મરણ સમયે કોણ શરણ હોય ?

કેટલાંક લોકો એમ કહે છે કે મને મરણથી બચાવનાર મારા જીવનદાતા આ ડોકટર છે. પણ વાસ્તવમાં કોઇ કોઇનું જીવનદાતા નથી. દરેક જીવ પોતાના આયુષ્યના ઉદય અનુસાર જીવે છે ત્યારે બાહ્ય નિમિત્ત તરીકે તેની સારવાર કરનાર ડોકટર હોય છે. પણ ડોકટરને કારણો તેનું જીવન નથી. ડોકટર પોતે જ પોતાના મરણથી બચી શકતો નથી.

જેમ મરણ સમયે જીવને કોઇ શરણ નથી, તેમ જીવનના દરેક તબક્કે, દરેક પ્રસંગે, દરેક સમયે આ જીવને અન્ય કોઇ શરણ હોતું નથી. નિત્ય અને શુદ્ધ એવો પોતાનો ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા જ પોતાને શરણ છે અને વ્યવહારથી વીતરાગી દેવ-ગુરુ-ધર્મ શરણ છે. તેથી અન્યનું લક્ષ છોડી વીતરાગી દેવ-ગુરુ-ધર્મના શરણે પોતાના શુદ્ધાત્માનું શરણ શોધવું એ જ અશરણ ભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

અશરણભાવનાનું કારણ કે સાધન

મનુષ્યના જીવનના કોઇપણ દુ:ખ, દર્દ કે આપત્તિ સમયે તેની રક્ષા કરનાર, બચાવનાર કે સહાય પહોંચાડનાર કોઇ હોતું નથી. મનુષ્યજીવનની પ્રત્યેક પળ અશરણ છે. તોપણ તેમાં મૃત્યુના પળની અશરણતા સરળતાથી સમજાય તેવી છે. મૃત્યુનાં પ્રસંગને અશરણભાવનાનું કારણ કે સાધન માનવામાં આવે છે.

વર્તમાનપત્ર વાંચો કે ટી.વી.ના ન્યૂઝ સાંભળો તો રોજેરોજ ક્રુદરતી આપત્તિઓ, ભયંકર અકસ્માતો અને આતંકવાદના કારણે થતા અકાળ મૃત્યુના સમાચાર જાણવા મળે છે. બહારનું કારણ ગમે તે હોય પણ આયુષ્યનો ઉદય પૂરો થતાં કોઇ કોઇને બચાવી શકતું નથી. આયુષ્ય પૂરું થતાં સમયે રક્ષક પણ ભક્ષકની ભૂમિકા ભજવે છે. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ઇન્દીરા ગાંધીને તેમની સુરક્ષા માટે રખાયેલા સૈનિકોએ જ ગોળીઓથી વીંધી નાખ્યા હતા.

ઓપરેશન થીયેટરમાં બીજા સહાયક ડોકટરો સાથે દર્દીના હૃદયનું ઓપરેશન કરતો ડોકટર પોતે જ હૃદયરોગના હુમલાથી તત્કાલ મરણ પામે છે. ત્યારે તેની પોતાની ડોકટરી વિદ્યા, અન્ય સહાયક ડોકટરોની સારવાર, તેનું દવાખાનું કે દવા કોઇ કામ આવતા નથી.

ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણ મહારાજની દ્વારિકાનગરી સળગીને ભસ્મીભૂત થઇ ગઇ અને તેને કોઇ બચાવી શક્યું નહિ. કૃષ્ણમહારાજા પોતે થાક-તરસથી ત્રાસીને આડા પડ્યા અને પારધિના બાણથી તેના શરીરના પાંચેય પદ્મો વીંધાઇ ગયા અને તેઓ મરણ પામ્યા. આ સમયે તેની પાસે ચક્રરત્ન જેવું રત્ન અને બળભદ્ર જેવો ભાઇ હોવા છતાં પણ તેઓ તેમને બચાવી ન શક્યા.

મરણ સમયે સ્ત્રી-પુત્ર-પરિવાર, સગા-સંબંધીઓ-મિત્રો, ડોકટર-દવા-દવાખાના, સત્તા-સંપત્તિ-સન્માન વગેરે હોય પણ કોઇ પોતાનું દર્દ ઓછું કરી શકતું નથી કે મરણથી બચાવી શકતું નથી.

સાક્ષાત્ તીર્થંકર ભગવાન પણ પોતાના આયુષ્યની એક ક્ષણ વધારી કે ઘટાડી શકતા નથી. તો બીજા સામાન્યજનની તો શી વિસાત !

મરણની જેમ જીવનની કોઇપણ આપત્તિ કે દુઃખદર્દ પ્રસંગે કોઇ કોઇની મદદ કરી શકતું નથી. અશુભકર્મનો ઉદય આવે ત્યારે તેનાથી બચવાનો એક પણ ઉપાય કારગત નીવડતો નથી. તે સમયે પોતાના વહાલા હોય તે પણ વૈરી થઇ જાય છે. અમૃત પણ વિષમાં ફેરવાઇ જાય છે. ઘન ધૂળમાં મળી જાય છે. સહાયકારી સાધનો શસ્ત્ર થઇ પરિણમે છે. પોતાની પત્ની પણ પોતાથી મોઢું ફેરવી લ્યે છે. તેથી આ સંસારમાં કોઇ કોઇને શરણ નથી.

નિશ્ચયથી પોતાના આત્માને પોતાના શુદ્ધાત્માનું જ શરણ છે અને વ્યવહારથી તે શુદ્ધાત્માને ઓળખાવનારા અને શુદ્ધાત્માની પ્રાપ્તિના પંથે પહોંચાડનાર વીતરાગી દેવ-ગુરુ-ધર્મ જ શરણ છે. વીતરાગી દેવ-ગુરુ-ધર્મના શરણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કરી શુદ્ધાત્માની પ્રાપ્તિ કરી મોક્ષમાર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરનારા અનેક મહાપુરુષોના જીવન આપણી સમક્ષ મોજૂદ છે. તેથી બીજા કોઇ બાહ્ય શરણને નહિ શોધતા અંદરમાં શુદ્ધાત્માને ઓળખીને તેનું જ શરણ પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો જોઇએ.

આ પ્રકારે સંસારની અશરણતા અને શુદ્ધાત્માની શરણતાની સમજપૂર્વકની વારંવાર વિચારણા થવી તે અશરણભાવનાની ચિંતવન પ્રક્રિયા છે. અને તેનું કારણ કે સાધન મુખ્યત્વે મરણ જેવો પ્રસંગ હોય છે.

અનિત્યભાવના અને અશરણભાવના વચ્ચેનો ભેદ

અનિત્ય હોય તે અશરણ હોય જ છે, તો પછી અશરણ ભાવના અલગ કહેવાની આવશ્યકતા શી છે ? તેવો પ્રશ્ન સંભવી શકે છે.તો તેનો ઉત્તર એવો છે કે, અનિત્યભાવનાનો આશય સંયોગોનું ક્ષણિક અને વિનાશિકપણું સૂચવવાનો છે. જ્યારે અશરણભાવનાનો આશય ઇષ્ટ સંયોગોની સુરક્ષા કરનાર કે અનિષ્ટ સંયોગોથી બચાવનાર કોઇ હોતું નથી, એટલે કે આ સંયોગોનું અરક્ષિત અને અસહાયપણું છે એમ દર્શાવવાનો છે.

અનિત્યભાવના જન્મ પામેલ મનુષ્યના મરણની નિશ્ચિતતા અને અનિવાર્યતા બતાવે છે. અશરણ ભાવના મરણ સમયે મરણથી બચાવનાર કે ઉગારનાર કોઇ નથી, એટલે કે મરણ સમયે પોતે અરક્ષિત કે અસહાય હોય છે તે બતાવે છે.

અનિત્ય ભાવના પોતાના શુદ્ધાત્માની નિત્યતા દર્શાવે છે અને અશરણભાવના તે જ શુદ્ધાત્માની શરણતા દર્શાવે છે.

અનિત્યભાવના અને અશરણભાવના વચ્ચેના ઉપરોક્ત ભેદને સંક્ષિપ્તમાં નીચેના કોઠા અનુસાર દર્શાવી શકાય છે.

અનિત્યભાવના	અશરણભાવના
૧. સંયોગોનું ક્ષણિક અને વિનાશીપણું સૂચવે છે.	૧. સંયોગોનું અરક્ષિત અને અસહાયપણું સૂચવે છે.
૨. મરણ જેવા પ્રસંગની અનિવાર્યતા બતાવે છે.	૨. મરણ જેવા પ્રસંગે પોતે અશરણ છે તે બતાવે છે.
3. અનિત્યભાવનાના અભ્યાસથી શુદ્ધાત્માની નિત્યતા સમજાય છે.	3. અશરણભાવનાના અભ્યાસથી શુદ્ધાત્માની શરણતા સમજાય છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

અશરણભાવનાના અભ્યાસથી એમ સમજાય છે કે સંસારની ઇષ્ટ અવસ્થાને જાળવી રાખનાર કે અનિષ્ટ અવસ્થાથી બચાવનાર અન્ય કોઇ બાહ્ય સંયોગો હોતા નથી. આ બાહ્ય સંયોગો અશુદ્ધ અને અનિત્ય અવસ્થારૂપ હોવાથી પોતે જ અશરણ છે તેથી તે અન્ય કોઇને શરણ આપી શકે નહિ.

પોતાના માટે શરણભૂત પોતાનો શુદ્ધ અને નિત્ય એવો શુદ્ધાત્મા જ છે. શુદ્ધાત્માનું શરણ લેવાથી પ્રગટતી પરિણતિ પણ શુદ્ધ અને સ્થાયી રહે છે. તેથી તે પરિણતિની પ્રતિકૂળતા આપમેળે ટળી જાય છે. તેથી આ જગતમાં નિશ્ચયથી શરણ એક માત્ર પોતાનો ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મા જ જાણવો. આ શુદ્ધાત્માને બતાવનાર અને શુદ્ધાત્માની પ્રાપ્તિનો પંથ દર્શાવનાર વીતરાગી દેવ-ગુરુ-ધર્મ હોવાથી તેને વ્યવહારથી શરણ કહી શકાય છે. તેથી અંદરમાં પોતાના શુદ્ધાત્માનું અને બહારમાં વીતરાગી દેવ-ગુરુ-ધર્મનું પ્રયોજન રાખવું અને તે સિવાય અન્ય કોઇ સાંસારિક બાહ્ય સંયોગો કે સંયોગીભાવનું પ્રયોજન રાખવું નહિ. આ પ્રકારની વસ્તુસ્વરૂપની સમજણ અશરણભાવનાના અભ્યાસથી આવે છે.

કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ?

અશરણભાવનાનો અભ્યાસ કરવાથી સંસારની અશરણતા સમજાય છે. અનાદિકાળથી આ જીવ સંસારમાં જે ઇષ્ટ જણાતી હોય તેવી બાબતને જાળવવા માટે અને અનિષ્ટ જણાતી હોય તેવી બાબતથી બચવા માટે બહારનું શરણ શોધે છે. પુત્ર-પરિવાર, સત્તા-સંપત્તિ, આહાર-ઔષધિ, મણિ-મંત્ર જેવા બહારના સાંસારિક સંયોગો તરફ નજર દોડાવે છે.પણ આ બધાં સાંસારિક સંયોગો અશુદ્ધ અને અનિત્ય અવસ્થારૂપ હોવાથી પોતે જ અશરણ છે. અને તેઓ અન્ય કોઇને શરણ આપી શકતા નથી. તે જ રીતે સંસારનું સ્વરૂપ પણ આત્માની અશુદ્ધ અને અનિત્ય અવસ્થારૂપ હોવાથી અશરણ છે. અને તેની કોઇપણ ઇષ્ટ અવસ્થાને જાળવવા કે અનિષ્ટ અવસ્થાથી બચવા માટે બહારનું કોઇ શરણ થઇ શકતું નથી. મરણ સમયની આત્માની અનિષ્ટ અવસ્થાથી તેને બચાવવા તેને કોઇ સહાય કરી શકતું નથી કે સુરક્ષા પૂરી પાડી શકતું નથી. મરણ સમયની આ પ્રકારની અસહાયતા કે અશરણતા સમજી શકાય છે અને તે સાંસારિક સઘળી બાબતોને લાગુ પડે છે. તેથી જેને કોઇ શરણ નથી તેવા સંસારનું શરણ શોધવાની અને જે શરણ થઇ શકતા નથી તેવા બહારના સાંસારિક સંયોગોને શરણ માટે મેળવવા, સાચવવા કે વધારવાની ચેષ્ટા વ્યર્થ છે. અશરણ સંસારમાં અન્ય કોઇ બાહ્ય સંયોગો બિલકુલ શરણ નથી તેમ સમજવાથી સંસાર અને સાંસારિક સંયોગોનું કોઇ પણ પ્રયોજન ભાસતું નથી, તેથી તેના પ્રત્યે ઉપેક્ષા કે ઉદાસીનતા આવે છે. જેને સંસારનો વૈરાગ્ય કહે છે. આ પ્રકારે અશરણભાવનાનો અભ્યાસ કરી તેની સમજણપૂર્વકનું ચિંતવન કરવાથી તે સંસાર પ્રત્યેના વૈરાગ્યનું સબળ કારણ બને છે.

પ્રયોજન સહિતનું વિશેષ ફળ

અશરણભાવનાના અભ્યાસનું પ્રયોજન સંસારની અશરણતા દર્શાવી સંસાર પ્રત્યે વૈરાગ્ય કરાવવાની અને પોતાના શુદ્ધાત્મસ્વભાવની શરણતા સમજાવી તેના દ્વારા વસ્તુસ્વરૂપની સાચી સમજણ કરાવવાનું છે.

આવા પ્રયોજન સહિતનું અશરણભાવનાનું ફળ અનેક પ્રકારનું અને મહાન છે. આ પૈકી ખાસ કરીને અશરણભાવના સાથે સંબંધિત હોય તેવું તેનું અસાધારણ મુખ્ય પ્રકારનું ફળ નીચે મુજબ છે. અન્ય દરેક ભાવનાની જેમ અહીં પણ નમૂનારૂપ મુખ્ય બે પ્રકારના અસાધારણ ફળનું નિરૂપણ છે.

૧. શુદ્ધાત્માના શરણને બતાવે
૨. સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ પ્રવર્તાવે

૧. શુદ્ધાત્માના શરણને બતાવે

જે આધાર કે આશ્રયરૂપ હોય તેને શરણ કહે છે. આપણા આત્માને અનન્ય શરણરૂપ પોતાનો ત્રિકાળ ધ્રુવ શુદ્ધસ્વભાવરૂપ શુદ્ધાત્મા

જ છે. અશરણભાવનાનો અભ્યાસ આવા એક અને માત્ર એક સાચા શરણરૂપ શુદ્ધાત્માને બતાવનારો છે.

શરણ એટલે આધાર કે આશ્રય. જે આધાર કે આશ્રયરૂપ હોય તે જ સહાયક કે મદદકર્તા બની શકે છે. આ જગતમાં પોતાનો શુદ્ધાત્મા જ પોતાને સહાયક કે મદદકર્તા હોવાથી તે જ એક માત્ર શરણરૂપ છે. અશરણભાવનાના અભ્યાસથી પોતાના સાચા શરણરૂપ શુદ્ધાત્માને સમજી શકાય છે અને સ્થિરતા અને શાંતિ મેળવી શકાય છે. જેમ કોઇ અગાધ સમુદ્રની ચારે દિશામાં સફર કરતા જહાજના પક્ષીને જહાજના કુવાસ્થંભ (Main Pillar) સિવાય અન્ય કોઇ શરણ નથી. આ પક્ષીને બહારમાં કોઇ શરણ ન હોવાથી વિવિધ પ્રકારે સતત ઉડતુ, રહેવાથી અસ્થિરતા અને અશાંતિ હોય છે. આ પક્ષી શરણ મેળવવાની સૂઝથી શરણભૂત કૂવાસ્થંભને શોધીને તેના ઉપર બેસે છે ત્યારે તેને સ્થિરતા અને શાંતિ મળે છે. તેમ કોઇ અગાધ સમુદ્રરૂપી અનાદિ સંસારની ચાર દિશારૂપ ચાર ગતિમાં ભ્રમણ કરતાં જહાજરૂપ સંસારી જીવની પક્ષીરૂપ પરિણતિને જહાજના કૂવાસ્થંભ સમાન પોતાના શુદ્ધાત્મા સિવાય અન્ય કોઇ શરણ નથી. આ પરિણતિને બહારમાં કોઇ શરણ ન હોવાથી વિવિધ પ્રકારે સતત પલટાયા કરવાથી અસ્થિરતા અને અશાંતિ હોય છે. આ પરિણતિ અશરણભાવનાના અભ્યાસથી શરણભૂત શુદ્ધાત્માને શોધીને તેના ઉપર સ્થિત થાય છે ત્યારે જ તેને સ્થિરતા અને શાંતિ મળે છે.



અનેકાંતસ્વરૂપી આત્મા કાયમ ટકીને કાયમ પરિણમે છે. આત્માના આ પરિણમનનો આધાર કે આશ્રય તેનો કાયમ ટકતો શુદ્ધસ્વભાવ હોય છે. આ શુદ્ધસ્વભાવરૂપ શુદ્ધાત્માના આશ્રયે આત્માની અવસ્થા પણ શુદ્ધ હોય છે. આ શુદ્ધાત્માના આશ્રયે જ આત્માની સાચી શાંતિ અને સુખ હોય છે. તેથી તે જ પોતાને સહાયક કે મદદકર્તા હોય છે. અને તેથી તે જ શરણરૂપ છે.

જે અનિત્ય અને અશુદ્ધ હોય તે અશરણ છે. સાંસારિક સઘળાં સંયોગો અને અસંયોગીભાવો અનિત્ય અને અશુદ્ધ હોવાથી અશરણ છે. અને તેનાથી વિપરીત પોતાનો ત્રિકાળ ધ્રુવ આત્મસ્વભાવ શુદ્ધ અને નિત્ય હોવાથી શરણ છે. અશરણભાવનાનો અભ્યાસ સંયોગો અને સંયોગીભાવોની અશરણતા દર્શાવી તેની અંદર છૂપાયેલ શુદ્ધાત્માની શરણતા દર્શાનારો છે.

અજ્ઞાની જીવ પોતાનું શરણ પોતાની અંદરમાં શોધવાને બદલે બહારમાં શોધે છે. પોતાને ઇષ્ટ જણાય એવા શરીરાદિ સંયોગોની સુરક્ષા માટે અને અનિષ્ટ જણાય એવા મરણાદિના પ્રસંગોથી બચવા માટે આહાર-ઔષધિ, સત્તા-સંપત્તિ, સગા-સંબંધીઓ જેવા બાહ્ય પદાર્થોનું શરણ શોધે છે. પણ આ બધાં પરપદાર્થો અનિત્ય અને અશુદ્ધ અવસ્થારૂપ હોવાથી પોતે જ અશરણ છે. તેથી તે અન્યને શરણ આપી શકે નહિ. પોતાને શરણભૂત પોતાનો ત્રિકાળ શુદ્ધ અને નિત્ય એવો એકમાત્ર શુદ્ધાત્મા જ છે. આ જીવ પરપદાર્થના શરણને છોડીને પોતાના શુદ્ધાત્માના શરણને અંગીકાર કરે એ જ સમગ્ર જૈનાગમનો સાર છે, બાર અંગનો આશય છે. આ રીતે અશરણભાવનાના અભ્યાસથી પોતાના શુદ્ધાત્માના શરણને સમજી શકાય છે.

૨. સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ પ્રવર્તાવે

પોતાના શુદ્ધસ્વભાવની રુચિ અને મહિમાપૂર્વક તેના તરફના પુરુષાર્થની દિશાને સ્વભાવ-

સન્મુખતાનો પુરુષાર્થ કહે છે. અશરણભાવનાના અભ્યાસથી આવો સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ પ્રવર્તે છે.

પોતાના ત્રિકાળ શુદ્ધસ્વભાવની અંતરના ઊંડાણપૂર્વકની લગની કે ખટકને તેની રુચિ કહે છે. અને તે જ સ્વભાવના યશ કે પ્રતાપની સમજણને તેનો મહિમા કહે છે. પોતાના આત્મિકવીર્ય કે બળને પુરુષાર્થ કહે છે. પોતાના ત્રિકાળ શુદ્ધાત્મસ્વભાવની રુચિ અને મહિમા હોય તો તેનું પ્રયોજન ભાસે છે. શુદ્ધાત્મસ્વભાવનું પ્રયોજન, મહિમા અને રુચિ થવાથી પુરુષાર્થનું પ્રવર્તન તે તરફનું થાય છે. અશરણભાવનાનો અભ્યાસ કરવાથી આ પ્રકારે સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ પ્રવર્તે છે.

જગતના લૌકિક કાર્ય માટે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્માના પારમાર્થિક કાર્ય માટે ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થની જરૂર પડે છે. પુરુષાર્થ વગર કોઇ પણ પારમાર્થિક કાર્ય પાર પાડી શકાતું નથી. આ પુરુષાર્થનું પ્રવર્તન જેનું પ્રયોજન હોય તે તરફનું હોય છે.

અશરણભાવનાના અભ્યાસથી પરસંયોગોની અશરણતા અને પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવની શરણતા સમજાય છે. જેની શરણતા હોય તેનું પ્રયોજન ભાસે છે. જેનું પ્રયોજન ભાસે તેના પ્રત્યેની રુચિ અને મહિમા પણ અવશ્ય હોય જ છે. જેનું પ્રયોજન, મહિમા અને રુચિ હોય તે તરફ પોતાનો પુરુષાર્થ પ્રવર્તે છે.

અશરણભાવનાના અભ્યાસથી શુદ્ધાત્મસ્વભાવની શરણતા, પ્રયોજન, મહિમા અને રુચિ આવે છે. તેથી અનાદિકાળથી પરસંયોગ તરફ પ્રવર્તતો પોતાનો પુરુષાર્થ ત્યાંથી પાછો વળીને પોતાના સ્વભાવ-સન્મુખ વળે છે. આ રીતે સ્વભાવ-સન્મુખતાના પુરુષાર્થના પ્રવર્તન માટે અશરણભાવનાનો અભ્યાસ અત્યંત ઉપયોગી છે.

ઉપસંહાર

સંસારી જીવની કોઇપણ બાબત અસુરક્ષિત અને અસહાય હોય છે. શરીર, ઘનાદિ ઇષ્ટ પદાર્થોને કાયમ માટે જાળવી રાખી શકાતા નથી કે જરા, મરણાદિ અનિષ્ટ બાબતોથી બચી શકાતું નથી. અને તે માટે નરેન્દ્ર-ધરણેન્દ્ર-સુરેન્દ્ર જેવા પણ શરણ થઇ શકતા નથી. સંસારી જીવને એક માત્ર શરણ હોય તો તે પોતાનો શુદ્ધાત્મા જ છે. અને વ્યવહારથી આ શુદ્ધાત્માના શરણને બતાવનાર પંચ પરમેષ્ઠી છે. કહ્યું પણ છે :

शरण न जिय को जगत में, सुर-नर-खगपति सार।
निश्चय शुद्धात्म शरण, परमेष्ठी व्यवहार ॥

ભાવાર્થ : આ જગતમાં આ જીવને નિશ્ચયથી પોતાનો શુદ્ધાત્મા અને વ્યવહારથી પંચ પરમેષ્ઠી શરણ છે. તે સિવાય સુરેન્દ્ર-ધરણેન્દ્ર-નરેન્દ્ર જેવા પણ કોઇ શરણ નથી.

(પં. દીપચંદજીકૃત બાર ભાવના : છંદ ૨)

સંદર્ભ ગ્રંથો

● ૧. બારસઅણુવેકખા : ગાથા ૮ થી ૧૩; ● ૨. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨૩ થી૩૧; ● 3. ભગવતી આરાધના : ગાથા ૧૭૨૪ થી૧૭૪૧; ● ૪. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા, ૬૯૭ થી ૬૯૯; ● ૫.તત્ત્વાર્થરાજવાર્તિક : ૯/૭, ૨/૬૦૦/૧૧, ૨૫; ● ૬.સર્વાર્થસિદ્ધિ : ૯/૭/૪૧૪; ● ૭. જ્ઞાનાર્ણવ : સર્ગ ૨ : શ્લોક ૪૮ થી ૬૬; ● ૮. તત્ત્વાર્થસાર : અધ્યાય ૬ : ગાથા ૩૨; ● ૯. સમણસુત્તમ્ : અનુપ્રેક્ષા સૂત્ર : ૫૦૯-૧૦; ● ૧૦. પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૬ : શ્લોક ૪૬ ● ૧૧. અનગારધર્મામૃત : અધ્યાય ૬ : ગાથા ૬૦, ૬૧; ● ૧૨. બહેનશ્રીનાં વચનામૃત : ૫, ૬૭, 3૪૯, ૪૦૯, ૪૧૨; ● ૧૩.જૈ.સિ.કોશઃ ભાગ-૧ : ૨/૫, પાનુ ૭3; ૪/૫, પાનુ ૭૯

અશરણભાવનાની કથા : અનાથી મુનિ. ● ૧. ઉત્તરાધ્યનસૂત્ર : અધ્યાય ૨૦ : શ્લોક 3, ૬, ૧૧, ૧૨;● ૨. શ્રીમદ્ રાજચંદ્ર : મોક્ષમાળા : શિક્ષાપાઠ ૫, ૬, ૭; ● 3. શ્રીમદ્ જીવનસિદ્ધિ : ભૂમિકા : પાનુ : ૧૬3.

❖ અશરણભાવનાની કથા ❖

અનાથી મુનિ



મગધદેશનો મહારાજા શ્રેણિક અશ્વક્રીડા કરતો મંડિકુક્ષ વનમાંથી પસાર થઇ રહ્યો હતો. ફળફુલથી લચી પડેલા ઘટાટોપ વૃક્ષો, ખળખળ વહેતા જળના ઝરણાઓ અને પક્ષીઓના મધુર કલરવથી તે વન નંદનવન સમાન શોભતું હતું.

વનની વચ્ચે એક વિશાળ વૃક્ષ નીચે પથ્થરની શિલા ઉપર મહાસમાધિવંત પણ સુકુમાર એવા એક મુનિ ધ્યાનમગ્ન બેઠેલા દેખાયા. સંયમની મૂર્તિ સમાન મુનિરાજ વયથી નાદાન પણ આત્મજ્ઞાનથી પ્રૌઢ જણાતા હતા. એકદમ નાનકડા અને નમણા મુનિરાજનું અનુપમ રૂપ અને અતુલ્ય સૌંદર્ય કોઇ કામદેવથી કમ નહોતું. તદ્દન નિગ્રંથ, નિર્મોહ, નિષ્પરિગ્રહી અને નિસ્પૃહ જણાતા એકાકી મુનિરાજને જોઇને શ્રેણિકને સાનંદ આશ્ચર્ય થયું. તે મનોમન મુનિરાજની પ્રશંસા કરવા લાગ્યો :

"અહો ! આ સુકોમળ સાધક સમસ્ત શાંતિનું સ્થાન જણાય છે. તેમના ચોમેર ફેલાયેલ તપના તેજના પ્રભાવે સર્પ અને નોળિયો જેવા પ્રાણીઓ પોતાનું જાતિવેર ભૂલીને તેમના સાન્નિધ્યની સુવાસ માણી રહ્યા છે. મુનિરાજની મનોહર મુદ્રા, સુંદર રૂપ અને અદ્‌ભુત સૌમ્યતાના દર્શન પણ મહાન સૌભાગ્ય છે."

મુનિરાજના દર્શનથી પુલકિત થયેલા મહારાજા તેમની સમીપે વિનયપૂર્વક બે હાથ જોડીને નતમસ્તકે બેઠા. મુનિરાજ ધ્યાનમાંથી

બહાર આવતાં વિનવણી કરતાં કહ્યું:

"હે ભદ્રે ! તમે પ્રશંસનીય તરૂણ વયના છો. અત્યારની તમારી વય સાંસારિક ભોગોપભોગ ભોગવવા યોગ્ય છે. સંસારના અનેક પ્રકારના સુખોને છોડીને તમે શા માટે દિગંબર દશા ધારણ કરી છે ?"

રાજાના વચનો સાંભળી મુનિએ કહ્યું :

"હે રાજન્ ! હું અનાથ હતો. સંસારમાં મને કોઇ આધાર, શરણ કે સહાય આપનારૂં નહોતું. તેથી હું અનાથ હતો. અનાથ હોવાના કારણે મેં આ સંયમ સ્વીકાર્યો છે."

સાધુના આવા વચનો સાંભળી શ્રેણિક આશ્ચર્ય સાથે ખેદ પામતા બોલી ઉઠ્યો :

"અરે ! હું આ મગધના મહાન સામ્રાજ્યનો અધિપતિ છું.મારી પ્રજામાં કોઇ અનાથ હોય તે સંભવી શકે નહિ. વળી તમે તો મહાન ઋદ્ધિવંત અને પ્રતાપી પુરુષ જણાવ છો. તેથી તમારો કોઇ નાથ ન હોય તે તો નવાઇ ઉપજાવનારૂં છે. જે હોય તે. લો. આજથી હું જ તમારો નાથ છું.

હે શરણાર્થી પુત્ર ! તમારી દરેક પ્રકારની દેખભાળની જવાબદારી મારે શિર છે. તમો ઉત્તમ પ્રકારના ભોગોને ભોગવો. સંસારના સર્વોત્તમ સુખને માણો અને તમારા યૌવનને સફળ કરો."

અનાથી મુનિએ કહ્યું :

"અરે, મગધ દેશનાં મહારાજ ! આપ પોતે જ અનાથ છો.

નિર્ધનના આશ્રયે ધનવાન કઇ રીતે થવાય ?

અજ્ઞના આધારે વિદ્વાન કઇ રીતે બનાય ?

વંધ્યાના સમાગમથી સંતાનની પ્રાપ્તિ શી રીતે થાય ?

તેમ અનાથના શરણે સનાથ કેમ થવાય ?"

અનાથીના અકારા અને અળખામણાં વચનો સાંભળી શ્રેણિક તો સ્તબ્ધ થઇ ગયો, સડ્ડડ બની ગયો. કોઇ દિવસ સાંભળ્યા ન હોય તેવા વચનોથી વિસ્મિત અને આકુલિત થયેલો રાજા છેડાઇ ગયો :

"શું કહો છો, કુમાર ? ! શું હું અનાથ છું ? મહાન સામ્રાજ્યનો ધણી અનાથ ? આખા મગધના નાથને આપ અનાથ કહો છો? અરે, ભગવાન શું આપ મજાક કરો છો ?"

મુનિએ કહ્યું :

"અરે, મગધ નરેશ ! મજાક કરવી એ અમારૂં કામ નથી. પરંતુ તું પોતે અનાથ છો, એ એક હકીકત છે. પરંતુ તે સંબંધી તારી અજ્ઞતા છે."

રાજાએ કહ્યું :

"હે સુજ્ઞ ! મારી એ અજ્ઞતા દૂર કરો. અને હું કઇ રીતે અનાથ છું તે સમજાવો."

મુનિએ કહ્યું :

"હે ભવ્ય ! તારૂં અનાથપણું કઇ રીતે છે તે સમજાવું તે પહેલાં જ હું કઇ રીતે અનાથ હતો અને પ્રવજ્યા અંગીકાર કરવાથી કઇ રીતે સનાથ થયો તે સમજાવું છું. તેથી તને તારૂં અનાથપણું પણ સહજપણે સમજાશે."

રાજાએ પૂછ્યું :

"હે કૃપાનિધાન ! આપ અનાથ કઇ રીતે હતા ?"

અનાથીએ ઉત્તર આપ્યો :

"હે મગધ સમ્રાટ ! હું આપના રાજ્યની કૌશાંબી નગરીનો રહેવાસી હતો. ધનસંચય નામના મારા પિતા તેના નામ પ્રમાણે ધનથી સમૃદ્ધ હતા. તે ઇલાકાના આગેવાન વેપારી અને

અગ્રણી નાગરીક ગણાતા હતા. અમારૂં કુટુંબ સેવાભાવી, સુશીલ અને સદાચારી તરીકે સુપ્રસિદ્ધ હતું.

પરંતુ યૌવનના ઉંબરે પગ મૂકતા વેંત જ મારી આંખોમાં એકાએક વેદના ઉત્પન્ન થઇ. આંખના નિષ્ણાત વૈદ્યોએ મારી સારવાર કરવામાં કોઇ કસર ન રાખી પણ વેદના તો વધતી જ ચાલી. આંખની અસહ્ય વેદનાથી માથું પણ દુઃખવા લાગ્યું. વૈરીની પેઠે વેર વાળતી વેદના વજના પ્રહારની પેઠે મારી આંખોમાં શૂળ ઊભી કરતી હતી. પણ કોઇ મને મદદ કરી શકતુ નથી.

અરે ! આ મહાનિપુણ મનાતા વૈદરાજો મારો રોગ મટાડી શકતા નથી. મણિ–મંત્ર–તંત્ર પણ નિષ્ફળ જ નીવડે છે.

મારી માતા પુત્રના દુઃખે દુઃખી થઇને અતિ પ્રેમથી મને પંપાળે છે. તેના પ્રેમથી મારૂં હૈયું ભરાય આવે છે પણ દરદ દૂર થતું નથી.

મારા પિતા મારી સારવાર પાછળ પાણીની જેમ પૈસો વાપરે છે. પણ એકેય પૈસો મારી તકલીફ દૂર કરી શકતો નથી.

મારી પતિવ્રતા પત્નિ મારાથી એક ક્ષણ પણ અળગી થતી નથી. મારી સઘળા પ્રકારે સેવા–સુશ્રૂષા કરે છે. પણ તેથી મારો રોગ જરાય મચક આપતો નથી.

મારી ભગિનીઓથી મારૂં દુઃખ દેખ્યું જતું નથી. તેઓની આંખોમાંથી આંસુ સૂકાતા નથી. પણ તેથી મારી આંખોની વેદના ઓછી થતી નથી.

મારા ભાઇઓ રાતદિનના ઉજાગરા કરી કોઇ ઉપાય શોધવા આકાશપાતાળ એક કરે છે. પણ તેમનો પરિશ્રમ જરાય સફળ થતો નથી.

વૈદ્યોની સારવાર, માતાનો પ્રેમ, પિતાના પૈસા, પત્નિની સેવા, ભગિનીઓનો વિલાપ, ભાઇઓનો પરિશ્રમ કોઇ કારગત નીવડતા નથી. અને એ જ હે રાજન ! મારૂં અનાથપણું હતું. સઘળાં સાનુકૂળ સંયોગોની વચ્ચે પણ હું અસહાય હતો. તેથી જ હું અશરણ હતો, અનાથ હતો."

રાજાએ પૂછયું :

"હે આર્ય ! આપ અનાથમાંથી સનાથ શી રીતે થયા ?"

અનાથી મુનિએ ઉત્તર આપ્યો :

"હે રાજપ્રમુખ ! દિવસે દિવસે વધતી જતી દારૂણ વેદનાથી હું દુઃખી હતો પણ

आर्त्व नराः धर्म परा भवन्ति ।

(**અર્થ** : ઘણું કરીને મનુષ્યનું દુઃખ જ તેને ધર્મ સન્મુખ કરાવે છે.)

એ આગમના વચન અનુસાર મારા આ દુઃખે જ મને આત્મહિતની વિચારણા કરવાની પ્રેરણા આપી. આત્મહિત માટે અશરણભાવનાનું ઊંડું ચિંતવન કરતાં મને સમજાયું :

જે પોતાના આત્માથી અભિન્ન ત્રિકાળ ધ્રુવ અને શુદ્ધ હોય તે જ પોતાને સહાયક હોય. જે સહાયક હોય તે જ શરણરૂપ કહેવાય. માત–પિતા–પરિવારાદિ પોતાનાથી તદ્દન ભિન્ન, અધ્રુવ અને અશુદ્ધ અવસ્થા ધરાવતા સંયોગો હોવાથી તે આત્માને ક્યારેય કિંચિત્ પણ સહાયક થઇ શકે નહિ. વળી આ સંયોગોના લક્ષે પોતાના આત્મામાં રાગાદિ સંયોગીભાવોની જ ઉત્પત્તિ થાય છે, જે આત્માને અત્યંત દુઃખરૂપ હોય છે. તેથી સઘળાં પ્રકારના સાનુકૂળ સંયોગો વચ્ચે પણ પોતાનો આત્મા એકદમ અસહાય જ હોય છે. આ સંયોગો અસહાય હોવાથી અશરણ જ છે.

પોતાના આત્માને શરણરૂપ પોતાનાથી અભિન્ન, ત્રિકાળ ધ્રુવ અને શુદ્ધ એવો પોતાનો શુદ્ધાત્મસ્વભાવ જ છે. આ શુદ્ધાત્માને લક્ષે જ વીતરાગી અસંયોગી શુદ્ધભાવની ઉત્પત્તિ થાય છે, જે આત્માને સુખરૂપ હોય છે. તેથી આ શુદ્ધાત્મસ્વભાવ જ પોતાને સહાયક છે, અને તેથી તે જ નિશ્ચયથી શરણરૂપ છે. વ્યહારથી શરણરૂપ આવા શુદ્ધાત્માના શરણને બતાવનાર અને તે શરણને પ્રાપ્ત કરવા માટેનો પુરુષાર્થ પ્રેરનાર વીતરાગી દેવ–ગુરુ–ધર્મ છે.

તેથી આ અશરણ સંસારમાં બહારમાં વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે અંદરમાં પોતાના શુદ્ધાત્મસ્વભાવના શરણને શીઘ્ર સાધવા જેવું છે. ***જો હું આ મહાવિડંબનામય વેદનાથી મુક્ત થાઉં તો સૌ પ્રથમ કાર્ય શુદ્ધાત્માના શરણના સાધનભૂત શ્રમણ–દશાને ધારણ કરું.*** *આ પ્રકારનું ચિંતવન કરતાં હું શયન કરી ગયો.*

જ્યારે રાત્રિ પસાર થઇ અને પ્રભાતના પ્રથમ પહોરમાં જ મારી આંખ ઉઘડી ત્યારે જાણે એક ચમત્કાર જ થયો. અશરણભાવનાના ચિંતવનથી જ મારો અશાતાનો ઉદય ઉપશમી ગયો. મારું દર્દ દૂર થયું, વેદના વિલય પામી અને હું સંપૂર્ણ સ્વસ્થ જણાયો. મારા નિર્ધાર અનુસાર સ્વજનોની વિદાય લઇ નિર્ગ્રંથ મુનિદીક્ષા અંગીકાર કરી. તેથી હે રાજાધિરાજ! હું અનાથમાંથી ***સનાથ*** *થયો."*

અવ્યગ્ર અને એકાગ્ર ચિત્તે અનાથી મુનિની કહાણી સાંભળી સંતોષ પામેલા શ્રેણિક વધુ પૂછે છે :

"હે સંયતશિરોમણિ ! સંયતદશા અંગીકાર કરવાને કારણે આપ અનાથમાંથી સનાથ બન્યા કઇ રીતે કહેવાય ?"

શ્રમણ કહે છે :

"હે ***શ્રેણિક*** *! જેના કારણે પોતાનું શરણ, સુખ, સહાય, આધાર કે મોક્ષમાર્ગ હોય તેના કારણે જ પોતે સનાથ કહેવાય. સંયતદશા ગ્રહણ કરવાને કારણે મને મારા આત્માનું સાચું ૧.* ***શરણ,*** *૨.* ***સુખ,*** *૩.* ***સહાય,*** *૪.* ***આધાર*** *અને ૫.* ***મોક્ષમાર્ગ*** *પ્રાપ્ત થયાં તેથી હું અનાથમાંથી સનાથ થયો. તે આ રીતે –*

૧. સંયતદશા અંગીકાર કરવાને કારણે મેં અશરણભૂત સર્વ સાંસારિક સંયોગો અને સંયોગીભાવોને છોડીને મારા સાચા શરણભૂત ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્માનું શરણ ગ્રહણ કર્યું. સાચા ***શરણ****ને ગ્રહણ કરવાથી હે સમ્રાટ ! હું અનાથમાંથી સનાથ થયો.*

૨. શ્રમણપણાના કારણે દુઃખદાયક સાંસારિક આધિ–વ્યાધિ–ઉપાધિમાંથી મુક્ત થઇ સુખદાયક સમાધિને પ્રાપ્ત થયો. સાચા આત્મિક અતીન્દ્રિય ***સુખ****ને પ્રાપ્ત થવાથી હે નરેશ ! હું અનાથમાંથી સનાથ થયો.*

૩. અણગારપણાના અંગીકારના કારણે અસહાય માત–પિતા–પરિવારાદિ સંયોગ–માંથી છૂટો પડી પરમ સહાયક વીતરાગી દેવ–ગુરુ–ધર્મના નિકટ સાન્નિધ્યમાં આવ્યો. સાચા ***સહાયક****ના સાન્નિધ્યમાં આવવાથી હે ભવ્ય ! હું અનાથમાંથી સનાથ બન્યો.*

૪. સાધુદશાના કારણે નિરાધાર શુભાશુભ અવસ્થાઓનો આશ્રય છૂટીને સાધાર શુદ્ધાત્મ–સ્વભાવનો આશ્રય આવ્યો. આ પ્રકારે સાચા ***આધાર****ના આશ્રયે આવવાથી હે મહારાજા! હું અનાથમાંથી સનાથ થયો.*

*૫. નિષ્પરિગ્રહી પ્રવજ્યા ગ્રહણ કરવાના કારણે બંધ અને બંધમાર્ગના કારણભૂત સર્વ પરિગ્રહોનો પરિત્યાગ થઇને મોક્ષમાર્ગ અને મોક્ષના કારણભૂત દિગંબર સાધકદશા પ્રાપ્ત થઇ. બંધમાર્ગને છોડી **મોક્ષમાર્ગને** પ્રાપ્ત થવાથી હે બંધુ! હું અનાથમાંથી સનાથ થયો."*

અનાથી મુનિ પોતે સનાથ કઇ રીતે થયા તેનું કથન સાંભળીને શ્રેણિકને સંતોષ થયો. તોપણ પોતાનું અનાથપણું કઇ રીતે કહેવાય તે વિશેષ પ્રકારે જાણવાની જિજ્ઞાસાના કારણે તેણે પૂછયું:

"હે ભદન્ત ! તમારું સનાથપણું સમજાય છે. પણ મારું અનાથપણું આપ કઇ રીતે કહો છો ?"

અનાથમાંથી સનાથ થયેલા સાધુએ જવાબ આપ્યો :

"હે ભૂપતિ ! જે સાધાર હોય, સુરક્ષિત હોય અને અસહાય હોય તો તે જ સશરણ કહેવાય. અને જે શરણ સહિતનો હોય તે જ સનાથ કહેવાય. પણ જે પોતે જ ૧. નિરાધાર, ૨. અરક્ષિત કે ૩. અસહાય હોય તો તે શરણ રહિતનો હોવાથી અનાથ જ કહેવાય.

*હે રાજવી ! તું પોતે જ ૧. **નિરાધાર** ૨. **અરક્ષિત** અને ૩. **અસહાય** હોવાથી અનાથ છે ! તે આ રીતે ઃ*

*૧. હે રાજેશ્વર ! જે પોતાથી અભિન્ન, નિત્ય અને અવિનાશી હોય તે આધારરૂપ કહેવાય. તારા વિશાળ સામ્રજય ને તું તારો આધાર માને છે પણ આ સામ્રાજય તારાથી અત્યંત ભિન્ન, ક્ષણિક અને વિનાશી છે. તેથી તે આધારભૂત નથી. તેથી આ વિશાળ સામ્રાજયની વચ્ચે પણ તું **નિરાધાર** જ છો. તેથી તું અનાથ છો.*

*૨. હે રાજેન્દ્ર ! જે સ્વાધીન હોય તે સુરક્ષિત કહેવાય. તારી ચતુરંગી સેનાથી તું તને સુરક્ષિત માને છે પણ તારા હાથી–ઘોડા–સૈન્ય–સેનાપતિ સઘળાં તેના આયુષ્યને આધીન છે અને તેનું આધિપત્ય તારા પુણ્યને આધીન છે. તેથી તે સ્વાધીન નથી. તેથી આ તારી અજેય સેનાની વચ્ચે પણ તું **અરક્ષિત** છે. તેથી તું અનાથ છો.*

*૩. હે રાજરત્ન ! જે સુખ આપનાર હોય તે સહાયક કહેવાય. તું તારા પદ–પ્રતિષ્ઠાદિ અચેતન સંયોગો કે પુત્ર–પરિવારાદિ ચેતન સંયોગોને સુખનું કારણ સમજી સહાયક માને છે. પણ આ કોઇ સંયોગોમા સુખ જ નથી. વળી આ સંયોગોને લક્ષે દુઃખ જ થાય છે. તેથી આ સઘળાં સાનુકૂળ સંયોગોની વચ્ચે પણ તું **અસહાય** છો, તેથી તું અનાથ છો.*

*હે નીતિનિપુણ ! ઉપર જણાવ્યા અનુસાર તું પોતે જ ૧. **નિરાધાર** ૨. **અરક્ષિત** અને ૩. **અસહાયક** હોવાથી અશરણ છો, અનાથ છો."*

મુનિરાજના સમાધાનથી શ્રેણિક રાજા સંપૂર્ણ સંતોષ પામ્યા. મુનિરાજની માફી ચાહતા કહ્યું :

"હે સ્વામી ! હું, મારી જાતને મગધની પ્રજાનો નાથ માનતો હતો પણ હું પોતે જ અનાથ નીકળ્યો. તમે જ સનાથ છો. સર્વ અનાથોના નાથ છો.

હે ક્ષમામૂર્તિ ! મેં, અજ્ઞાનીએ સાંસારિક ભોગ ભોગવવાની ભલામણ કરી મોટો અપરાધ કર્યો છે. તે માટે હું તમને ક્ષમાવું છું.

હે ભગવાન ! હું, મૂઢ છું, નિરાશ્રિત છું, અનાથ છું, હવે હું તમારું અને તમારા ધર્મનું શરણ ગ્રહું છું. અશરણભાવનાના અભ્યાસ અને ચિંતવનથી શુદ્ધાત્માના શરણને પ્રાપ્ત થાઉં એ જ મારી અભિલાષા છે."

અશરણભાવનાના ચિંતનવનના બળે અનાથમાંથી સનાથ બનનાર અનાથી મુનિને અનંત પ્રણામ !

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુના ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. શરણ આપનાર કેવો ન હોય ? ૦૧. ☐
A:: નિત્ય B:: શુદ્ધ C:: પર્યાયરૂપ D:: દ્રવ્યરૂપ

૦૨. જેને શરણ માનવામાં આવે છે તે સંયોગોના લક્ષે શું ન થાય ? ૦૨. ☐
A:: સુખ B:: દુઃખ C:: રાગ D:: સંયોગીભાવ

૦૩. શુદ્ધાત્માના લક્ષે શું હોતું નથી ? ૦૩. ☐
A:: કેવળજ્ઞાન અને મોક્ષ B:: શાંતિ અને સમાધિ
C:: આપત્તિઓનો અંત D:: સ્વ-પરનું શરણ

૦૪. શું કરાવનાર હોવાથી દેવ-ગુરુ-ધર્મ શરણ છે? ૦૪. ☐
A:: આત્માની રક્ષા B:: આત્માની ઓળખાણ
C:: આત્માનો મોક્ષ D:: આત્માનો ધર્મ

૦૫. દેવ-ગુરુ-ધર્મના શરણે શેનાથી બચી શકાય છે ? ૦૫. ☐
A:: કર્મબંધન B:: મરણના ભય
C:: દુઃખદર્દ D:: સંસાર

૦૬. સંસારી જીવ ક્યારે અશરણ છે ? ૦૬. ☐
A:: પાપનો ઉદય આવે ત્યારે B:: સમગ્ર જીવનના દરેક પ્રસંગે
C:: પત્નિ પોતાથી મોઢું ફેરવી લ્યે ત્યારે D:: મરણ સમયે

૦૭. શુદ્ધાત્માના શરણ માટે કોનું શરણ છે ? ૦૭. ☐
A:: શુદ્ધાત્મા B:: દેવ-ગુરુ-ધર્મ C:: પુણ્યોદય D:: શુભભાવ

૦૮. અંદરમાં પોતાના આત્માનું અને બહારમાં કોનું પ્રયોજન રાખવું ? ૦૮. ☐
A:: સ્ત્રી-પુત્ર-પરિવાર B:: દ્રવ્ય-ગુણ-પર્યાય
C:: સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર D:: દેવ-ગુરુ-ધર્મ

૦૯. સાચા શરણ કેટલાં ? ૦૯. ☐
A:: એક : શુદ્ધાત્મા
B:: બે : નિશ્ચય અને વ્યવહાર
C:: ત્રણ : દેવ, ગુરુ અને ધર્મ
D:: ચાર : અરિહંત, સિદ્ધ, સાધુ અને કેળવી પ્રરૂપિત ધર્મ

૧૦. આત્માના પારમાર્થિક કાર્ય માટે ડગલે ને પગલે શેની જરૂર પડે છે? ૧૦. ☐
A:: પૈસા B:: દેવ-ગુરુ-શાસ્ત્ર C:: પુરુષાર્થ D:: અશરણભાવના

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૦૧. શરણ કોને કહે છે ?
૦૨. નિશ્ચયથી શું શરણ છે ?
૦૩. વ્યવહારથી શું શરણ છે ?
૦૪. શા માટે દેવ-ગુરુ-ધર્મ શરણ છે?
૦૫. શા માટે મુનિરાજને ઉપસર્ગ મિત્ર સમાન છે?
૦૬. અશરણભાવનાના અભ્યાસથી કઈ સમજણ આવે છે?
૦૭. અશરણભાવનાના વિશેષ પ્રકારના બે ફળના નામ આપો.
૦૮. રુચિ કોને કહે છે ?
૦૯. પુરુષાર્થ કોને કહે છે ?
૧૦. અશરણભાવનાના અભ્યાસથી શુદ્ધાત્મા સંબંધી કઈ બાબત આવે છે ?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૦૧. અશરણભાવના એટલે શું? તેની સમજૂતી આપો.
૦૨. સાંસારિક સંયોગો અને સંયોગીભાવો શા માટે અશરણ છે ? તે સમજાવો.
૦૩. શરણ આપનાર કેવા હોવા જોઈએ? શા માટે?
૦૪. શા માટે શુદ્ધાત્મા જ શરણ છે ? તે સમજાવો.
૦૫. દેવ-ગુરુ-ધર્મ કઈ રીતે શરણ છે ? તે સમજાવો.
૦૬. અશરણભાવનાની ચિંતવન પ્રક્રિયા સમજાવો.
૦૭. અશરણભાવનાનું સાધન કે કારણ સમજાવો.
૦૮. અશરણભાવના કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?
૦૯. અશરણભાવના કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?
૧૦. અશરણભાવનાની અભ્યાસથી શુદ્ધાત્માનું શરણ અને સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ કઈ રીતે પ્રવર્તે છે ? તે સમજાવો.

ભાવના

3

સંસારભાવના

(છંદ : નરેન્દ્ર અથવા જોગીરાસા)

जो संसार विषे सुख होता, तीर्थंकर क्यों त्यागे ।
काहे को शिव साधन करते, संयम सों अनुरागै ॥





❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી
૨. સંસાર એટલે શું ? અને તેના પ્રકાર
૩. સંસારનું દુઃખમય સ્વરૂપ
૪. મોક્ષનું સુખમય સ્વરૂપ
૫. સંસારભાવનાની ચિંતવન પ્રક્રિયા
૬. સંસારભાવનાનું સાધન કે કારણ
૭. કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?
૮. કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?
૯. પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ
૧.સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ
૨.આત્માર્થીપણાની પ્રગટતા
૧૦. ઉપસંહાર
૧૧. સંસારભાવનાની કથા :
રાજચંડી બન્યા ધર્મચંડી

સંસારભાવનાના અભ્યાસનો મહિમા દર્શાવતુ કબીરનું કાવ્ય.



રહના નહિ દેશ વિરાના હૈ ।।ટેક।।

યહ સંસાર કાંટે કી વાડી
ઉલઝ ઉલઝ મર જાના હૈ... રહના...।।૧।।

યહ સંસાર કાગજકી પુડીયાં (૨),
બૂંદ પડે ધૂલ જાના હૈ... રહના...।।૨।।

યહ સંસાર ઝાડ ઔર ઝાંખ્ખર (૨),
આગ લગે જલ જાના હૈ... રહના...।।૩।।

કહત કબીરા સુન ભાઇ સાધુ (૨),
સદગુરુ નામ ઠિકાના હૈ... રહના...।।૪।।



ભાવાર્થ : આ સંસાર કાંટાની વાડી જેવો છે. જેમ કાંટાની વાડીમાં ફસાયેલો માણસ ઉલઝી ઉલઝીને મરી જાય છે. તેમ સંસારમાં ફસાયેલ જીવ મુંઝાઇ મુંઝાઇને મરી જાય છે.

આ સંસાર કાગળના પડીકા જેવો છે. જેમ કાગળના પડીકાને કોઇમાં બંધાઇને પાણીનું ટીપું પડતાં ઘૂળ ભેગું થઇ જવાનું હોય છે. તેમ સંસારી જીવને કર્મમાં બંધાઇને મરણ આવી પડતાં ઘૂળમાં મળી જવાનું હોય છે.

આ સંસાર ઝાડ અને ઝાંખરા જેવો છે. જેમ ઝાડ અને ઝાંખરાને બઠી, સગડી કે ચૂલાની અગ્નિમાં સળગી જવાનું હોય છે. તેમ સંસારી જીવને આધિ, વ્યાધિ કે ઉપાધિના તાપમાં બળી જવાનું હોય છે.

માટે આ વેરાન વગડા જેવાં દુઃખમય સંસારમાં અમારે રહેવું નથી. કબીર કહે છે કે, ભલા ભાઈ ! આ દુઃખમય સંસારમાંથી બહાર નીકળવા માટે એક સદ્‌ગુરુ જ શરણરૂપ છે. (કબીરના દોહામાંથી)

ભાવના ૩.

સંસારભાવના

આત્માની અશુદ્ધ અવસ્થા તે સંસાર અને શુદ્ધ અવસ્થા તે મોક્ષ છે. સંસાર અને સંસારનો માર્ગ દુઃખમય હોવાથી અસાર છે. તેનાથી વિરુદ્ધ મોક્ષ અને મોક્ષનો માર્ગ સુખમય હોવાથી સારભૂત છે. તેવા પ્રકારનું ચિંતવન કરવું તે સંસારભાવના છે.

અજ્ઞાની જીવ સાંસારિક સાનુકૂળ સંયોગોમાં સુખ માને છે. પણ સંસારનું સ્વરૂપ જ દુઃખરૂપ છે. સંસારની ચારેય ગતિ દુઃખ ભોગવવાનું જ સ્થાન છે. સ્વર્ગના દેવો પણ દુઃખી જ છે. સંસારમાં કયાંય સુખ સંભવતું નથી. તેથી સંસાર અસાર છે. સંસારથી વિરુદ્ધ મોક્ષ અને મોક્ષમાર્ગ સુખરૂપ છે. તેથી સારભૂત છે. સંસારના પરિભ્રમણથી છૂટી મોક્ષમાર્ગની પ્રાપ્તિનો ઉપાય શીઘ્ર કરવા જેવો છે. આવા પ્રકારની વિચારણા થવી તે સંસારભાવના છે.

સંસાર એટલે શું ? અને તેના પ્રકાર

संसरण इति संसारः । એ સૂત્ર અનુસાર પોતાના શુદ્ધાત્મસ્વભાવથી ચ્યૂત થઇને પરાશ્રયે થતી આત્માની અશુદ્ધ પરિણતિ પોતે જ નિશ્ચયથી સંસાર છે. પોતાની આ અશુદ્ધ પરિણતિમાં સ્ત્રી, પુત્ર, પરિવાર વગેરે બાહ્ય નિમિત્ત હોવાથી તેને પણ વ્યવહારથી સંસાર કહેવાય છે. પોતાના શુદ્ધસ્વભાવમાંથી છૂટેલી પોતાની પરિણતિને કયાંય આશ્રય કે વિસામો હોતો નથી. તેથી તે સતત ભટકતી જ રહે છે. સતત ભટકતી પરિણતિ એક ચક્ર સમાન છે. જેમ કોઇ એક ચક્રનું ભ્રમણ ત્રણ પ્રકારે હોય છે તેમ સંસારચક્ર પણ ત્રણ પ્રકારે છે—

૧. **ધરીભ્રમણ એટલે જન્મ-મરણરૂપ સંસાર** [Revolution]

૨. **કક્ષીયભ્રમણ એટલે ચારગતિરૂપ સંસાર** [Retention]

૩. **પરાવર્તન એટલે પાંચ પ્રકારનાં પરાવર્તનરૂપ સંસાર** [Reflection]

સંસારનું દુઃખમય સ્વરૂપ

જન્મ-મરણ, ચારગતિ અને પાંચ પરાવર્તનરૂપ ત્રણેય પ્રકારના સંસારચક્રમાં સંસારનું સ્વરૂપ દુઃખમય છે.

જન્મ-મરણરૂપ સંસારમાં જીવ ૮૪ લાખ યોનિઓમાં જન્મ-મરણ કરતો રહે છે. જન્મનું દુઃખ અનંત હોય છે અને મરણનું દુઃખ જન્મથી પણ અનંતગણું હોય છે.

ચાર ગતિરૂપ સંસારમાં સંસારની ચારેય ગતિ પણ દુઃખ ભોગવવાનું જ સ્થાન છે. નરક ગતિના ભયાનક દુઃખોનું વર્ણન થઇ શકતું નથી. તિર્યંચ ગતિના છેદન-ભેદન અને વધ-બંધન જેવા દુઃખો પ્રત્યક્ષપણે દેખી શકાય છે. મનુષ્ય પોતે જ પોતાના દુઃખોને અનુભવે છે. સ્વર્ગના દેવોને સુખી માનવામાં આવે છે. પણ તેઓને પણ વિષયોની પ્રવૃતિ જોવામાં આવે છે જે તેમના દુઃખને જ દર્શાવે છે. તેથી સ્વર્ગના દેવોને પણ દુઃખી જ જાણવા.

પંચ પરાવર્તનરૂપ સંસાર પૈકી દ્રવ્યપરાવર્તનમાં નિરંતર પૌદ્ગલિકકર્મ-નોકર્મનું ગ્રહણ-ત્યાગ હોય છે. આ ગ્રહણ-ત્યાગ કષાય સહિતના આત્મપ્રદેશના પરિસ્પંદનરૂપ યોગના કારણે હોવાથી તે અત્યંત દુઃખરૂપ

છે. ક્ષેત્રપરાવર્તનમાં સ્વક્ષેત્ર અને પરક્ષેત્રમાં સતત ભ્રમણ થતું રહેવાના કારણે તે પણ દુઃખરૂપ છે. કાળપરાવર્તનમાં સંસારી જીવ અનંતકાળ નિગોદમાં જ વીતાવે છે. નિગોદના દુઃખો ભગવાન જ જાણે અને ભોગવનારો જ ભોગવે. ભવપરાવર્તનમાં સંસારના ચારેય પ્રકારના ભવો એક પ્રકારની જેલ કે બંધન હોવાથી તે પણ દુઃખરૂપ છે. ભાવ પરાવર્તનમાં સંસારી જીવ અનેક પ્રકારની અશુદ્ધ અવસ્થાઓમાંથી પસાર થતો અસ્થિરતા અને આકુળતાના કારણે થતા દુઃખોને પામતો રહે છે.

સંસારની વાસ્તવિકતા જ એવી છે કે તેમાં રહેલો કોઇ જીવ ક્યારેય સુખી હોતો જ નથી. સંસારમાં સુખ ન હોવા સંબંધી આ વાસ્તવિકતાને સમજવા આપણે આપણા મનુષ્ય સમાજને બે ભાગમાં વિભાજિત કરી શકીએ. એક ભાગમાં એવા લોકો છે કે જેમની પાસે આજીવિકાનું કોઇ સાધન નથી. સાંસારિક સુખ-સુવિધા શૂન્ય છે. બીજા ભાગમાં એવા લોકો છે કે જેમની પાસે આજીવિકાનું કોઇ સાધન છે. સાંસારિક સુખ-સુવિધા પણ કાંઇક છે. વાસ્તવિકતાથી વિચારમાં આવે તો આ બન્ને પ્રકારના લોકો દુઃખી જ છે. જેમની પાસે કાંઇ નથી તે પોતાની દીનતાના કારણે દુઃખી છે અને કાંઇક મેળવવા તનતોડ પ્રયત્ન કરી રહ્યા છે. અને જેમની પાસે આજીવિકાનું સાધન છે. કાંઇક મકાન-મિલ્કત પણ છે. તેઓને તેનાથી સંતોષ નથી. તેથી અતૃપ્ત આંકાક્ષાઓને કારણે તેઓ દુઃખી છે. આ કારણે તેમની પાસે જે છે તેનો કોઇ મતલબ રહેતો નથી અને વધુ મેળવવા માટે તેઓ પણ સતત સંઘર્ષ કરે છે. આ પ્રકારે બન્ને પ્રકારના મનુષ્યો દુઃખી જ છે.

એક ગરીબ બ્રાહ્મણે સુખી થવા માટે તપસ્યા કરી દેવને પ્રસન્ન કર્યા. દેવે તેને કોઇ સુખી માણસના કપડાં પહેરવાથી પોતે સુખી થશે એવું વરદાન આપ્યું. બ્રાહ્મણ બધે ફરી વળ્યો. પણ દરેક માણસ શારીરિક, આર્થિક, કૌટુંબિક, સામાજીક જેવી કોઇને કોઇ સમસ્યાથી પરેશાન હતો. દરેક મનુષ્ય આધિ-વ્યાધિ-ઉપાધિથી ત્રસ્ત હતા. તેથી કોઇએ એમ ન કહ્યું કે પોતે સુખી છે. છેવટે કોઇએ તેને પાસેના વનમાં વિચરતા સાધુ સુખી છે તેમ જણાવ્યું. તેથી તે સાધુ પાસે ગયો. પણ તેણે જોયું તો નિગ્રંથ નિષ્પરીગ્રહી સાધુ પાસે કોઇ વસ્ત્ર જ નહોતું ! અહી કહેવાનું તાત્પર્ય એ છે કે સંસારી સપરિગ્રહી અજ્ઞાની જીવ કોઇ સુખી હોતો જ નથી. અને મોક્ષામાર્ગી નિષ્પરિગ્રહી મહાત્મા જ સુખી હોય છે.

સંસારની પ્રતિકૂળતા અને અગવડતાઓ દુઃખરૂપ છે અને બધા તેને દુઃખ માને પણ છે. પરંતુ અજ્ઞાની જીવ સંસારની સાનુકૂળતા અને સગવડતાઓને સુખ માને છે. પણ વાસ્તવમાં તે પણ દુઃખરૂપ છે. પુણ્યોદયથી પ્રાપ્ત સંયોગોમાં મોહજન્ય રતિભાવ અને મિથ્યાત્વના કારણે દુઃખ હોવા છતાં પણ સુખપણે અનુભવાય છે.

સંસારી જીવનો ઉપયોગ એક સમયને માટે પણ સ્થિર હોતો નથી. ઉપયોગની અસ્થિરતા એ જ આકુળતા છે અને આકુળતા એ દુઃખનું જ લક્ષણ છે. તેથી સંસારી જીવ નિરંતર દુઃખી જ જાણવો. મોક્ષમાર્ગ અને મોક્ષમાં જ ઉપયોગની સ્થિરતા હોય છે તેથી આત્માનું નિરાકુળતામય સાચું સુખ તેમાં જ છે.

મોક્ષનું સુખમય સ્વરૂપ

આત્માની અશુદ્ધ પરિણતિરૂપ સંસારના અભાવથી ઉત્પન્ન થતી શુદ્ધ પરિણતિને મોક્ષ કહે છે. મોક્ષમાં પોતાની પરિણતિની શુદ્ધતા હોવાથી મોક્ષનું સ્વરૂપ સુખમય છે.

દુઃખનું લક્ષણ આકુળતા અને સુખનું લક્ષણ નિરાકુળતા છે. પોતાના આત્માની પરિણતિની અશુદ્ધતાના કારણે થતી ઉપયોગની અસ્થિરતા એ જ આકુળતા છે અને આકુળતા એ જ દુઃખ છે.

સંસારી અજ્ઞાની જીવની પરિણતિની અશુદ્ધતા અને ઉપયોગની અસ્થિરતા નિરંતર રહ્યા કરે છે. તેથી તે કાયમ દુઃખી જ હોય છે. મોક્ષમાર્ગ અને મોક્ષમાં જ પરિણતિની શુદ્ધતા અને ઉપયોગની સ્થિરતા હોય છે. તેથી પોતાના આત્માનું સાચું સુખ મોક્ષમાર્ગ અને મોક્ષમાં જ હોય છે.

આત્માની પરમ નિર્બંધ, નિરપેક્ષ અને નિરાવરણ અવસ્થા એ મોક્ષ છે. આત્માની આવી અવસ્થા સંપૂર્ણ વીતરાગી હોવાથી સંપૂર્ણ શુદ્ધ હોય છે. સંપૂર્ણ વીતરાગી શુદ્ધતાથી પરિપૂર્ણ જ્ઞાનની પ્રગટતા હોય છે. પરિપૂર્ણ જ્ઞાનના કારણે પરમ તૃપ્તિ હોય છે. પરમ તૃપ્તિના કારણે ઉપયોગની સ્થિરતા હોય છે. ઉપયોગની સ્થિરતા એ જ અનાકુળતા છે અને અનાકુળતા એ જ સુખ છે. આ રીતે પોતાનું આત્મિક અતીન્દ્રિય અનાકુળ સુખ મોક્ષમાં જ છે તેથી મોક્ષનું સ્વરૂપ સુખમય છે. સંસારભાવનાનો અભ્યાસ સંસારમાં ક્યાંય સુખ નથી પણ મોક્ષમાં જ સુખ છે તે સમજવા માટે છે. સંસારમાં ક્યાંય સુખ નથી તે નાસ્તિનું કથન છે. અસ્તિથી પોતાના આત્મામાં જ એટલે કે આત્માની શુદ્ધ અવસ્થારૂપ મોક્ષમાં જ પોતાના આત્માનું સાચું સુખ છે. વાસ્તવમાં નાસ્તિ પણ અસ્તિને બનાવનારૂં હોય છે. તેથી નાસ્તિથી સંસારમાં ક્યાંય સુખ નથી તે બાબત સમજી શકાય છે તો તેથી વિરુદ્ધ અસ્તિથી મોક્ષમાં જ સુખ છે તે બાબત પણ સમજી શકાય છે.

જગતમાં દુઃખ છે તો સુખ પણ હોવું જોઇએ અને જે દુઃખી હોય તે જ સુખી થઇ શકે છે. તેથી જે દુઃખ આત્માની અવસ્થા છે તો સુખ પણ આત્માની જ અવસ્થા છે. આત્માની સંસાર અવસ્થા દુઃખમય છે તો તેથી વિરુદ્ધ આત્માની મોક્ષ અવસ્થા સુખમય છે.

જ્ઞાન અને સુખ અભિન્ન હોય છે. તેથી જેમાં જ્ઞાન હોય તેમાં જ સુખ હોય છે અને જ્ઞાન ન હોય તેમાં સુખ હોતું નથી. પરપદાર્થો કે પરવિષયોમાં જ્ઞાન નથી તો સુખ પણ નથી. તેથી તેઓ સુખ કે દુઃખરૂપે પરિણમતા પણ નથી. આત્મામાં જ્ઞાનગુણ છે તો સુખગુણ પણ છે. પરાશ્રયે ઉત્પન્ન થતી આત્માની અશુદ્ધ અવસ્થારૂપ સંસારમાં સુખગુણની વિભાવ દશા એટલે કે દુઃખ હોય છે. અને સ્વાશ્રયે ઉત્પન્ન થતી આત્માની શુદ્ધ અવસ્થારૂપ મોક્ષમાં સુખગુણની સ્વભાવ દશા એટલે કે સુખ હોય છે.

ઉપરોકત પ્રકારે મોક્ષનું સુખમય સ્વરૂપ સમજી શકાય છે.

સંસારભાવનાની ચિંતવન પ્રક્રિયા

સંસારનાં દુઃખમય સ્વરૂપ અને મોક્ષના સુખમય સ્વરૂપની સાચી સમજણ કરીને સંસારનાં નાશનો અને મોક્ષની પ્રાપ્તિનો ઉપાય વિચારવો તે સંસારભાવનાની ચિંતવનની પ્રક્રિયા છે.

સંસારનું સ્વરૂપ અનિત્ય, અશરણ અને અસાર છે. સંસાર એ આત્માની અશુદ્ધ અવસ્થા છે. આ અશુદ્ધ અવસ્થા પરાશ્રયે થતી હોવાથી તેને કોઇ આધાર કે શરણ નથી. તેથી તે સતતપણે પલટતી રહે છે. સતતપણે પલટતી અવસ્થા એક સમયને માટે પણ સ્થિર હોતી નથી. અવસ્થા કે ઉપયોગની અસ્થિરતા એ જ આકુળતા છે અને આકુળતા પોતે જ દુઃખ છે. આ રીતે સંસાર પોતાના સ્વરૂપથી જ દુઃખમય છે.

સંસારી જીવ જન્મમરણ, ચાર ગતિ અને પાંચ પ્રકારના પરાવર્તનરૂપ સંસારચક્રમાં નિરંતર પરિભ્રમણ પામતો અનેક પ્રકારના અનંત દુઃખો ભોગવે છે અને તેને ક્યાંય કિંચિંત્ પણ સુખ પ્રાપ્ત થતું નથી.

અજ્ઞાની જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયો, સત્તા-સંપત્તિ જેવી સાંસારિક બાહ્ય બાબતોમાંથી સુખ મેળવવાની ભ્રમણા રાખે છે. પણ આ બધાં પૌદ્ગલિક પદાર્થો છે અને તેમાં ક્યાંય સુખ નથી. વળી પરપદાર્થમાં સુખ હોય તોય પોતાને મળી શકે નહિ. તેથી સંસારમાંથી સુખ

મેળવવું એ રેતીમાંથી તેલ કાઢવા જેવું છે. સંસારના કહેવાતા સુખની શોધમાં જ આ જીવ આત્મિક અતીન્દ્રિય સુખને ગુમાવી બેસે છે.

સંસારની સાનુકૂળતાઓમાં સુખ માનવામાં આવે છે. પણ પુણ્યોદયથી પ્રાપ્ત આ સુખ મોહજન્ય રતિકષાયના પરિણામ હોવાથી પરમાર્થે તે દુઃખ જ છે. સંસારનું કહેવાતું સુખ પરાધીન, બાધાવાળું, ખંડિત, ખેદખિન્ન, બંધ સહિતનું, વિષમ, ક્ષુબ્ધ, ક્ષણિક, સોપાધિક અને સાપેક્ષ હોવાથી અત્યંત આકુળ છે તેથી તે દુઃખ જ છે. આ સાંસારિક કહેવાતું સુખ અત્યંત નિકૃષ્ટ, નિઃસાર અને નિરર્થક હોવાથી તદ્દન હેય છે. તેથી વિરુદ્ધ મોક્ષ અને મોક્ષમાર્ગનું સુખ સ્વાધીન, બાધા વિનાનું, અખંડિત, અખેદખિન્ન, બંધ રહિતનું, એક સરખું, અક્ષુબ્ધ, શાશ્વત, નિરૂપાધિક અને નિરપેક્ષ હોવાથી અત્યંત નિરાકુળ છે અને તેથી તે જ સાચું સુખ છે. આ પારમાર્થિક સાચું સુખ અત્યંત ઉત્કૃષ્ટ, સારભૂત અને સાર્થક હોવાથી પરમ ઉપાદેય છે.

આ પ્રકારે સંસારદુઃખ અને મોક્ષસુખની સાચી સમજણ કરીને સંસારના નાશનો અને મોક્ષની પ્રાપ્તિનો ઉપાય વિચારવો તે સંસારભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

સંસારભાવનાનું સાધન કે કારણ

સંસારનાં દુઃખમય સ્વરૂપના કારણે સંસારની નિરર્થકતા અને મોક્ષના સુખમય સ્વરૂપના કારણે મોક્ષમાર્ગની સાર્થકતા સમજવી એ જ સંસારભાવના ચિંતવનનું સાધન કે કારણ છે.

આ સંસારમાં ડગલે ને પગલે દુઃખ, દુઃખ ને દુઃખ જ જોવા મળે છે. જન્મનું દુઃખ, મરણનું દુઃખ, વૃદ્ધાવસ્થાનું દુઃખ, શારીરિક દુઃખ, માનસિક દુઃખ, કર્મોદયજન્ય દુઃખ, વિષયજન્ય દુઃખ, કષાયજન્ય દુઃખ, પાપોદયના દુઃખ, પુણ્યોદયના દુઃખ, અસ્થિરતાના દુઃખ જેવા અનેક પ્રકારના દુઃખો પૈકી કોઇને કોઇ દુઃખો કાયમ માટે હોય જ છે.

આપણે કોઇની પાસે દુઃખના ગાણા ગાઇએ તે પહેલાં જ તે પોતાના રોદણાં રોવા માંડે છે. કોઇને ઇષ્ટના વિયોગનું તો કોઇને અનિષ્ટના સંયોગનું દુઃખ હોય છે. કોઇને કર્કશા સ્ત્રીનું દુઃખ તો કોઇને અત્યાચારી પુરુષનું દુઃખ, કોઇને વાંઢા રહેવાનું દુઃખ તો કોઇને પરણવાથી થતું દુઃખ, કોઇને સધવાપણાથી દુઃખ તો કોઇને વિધવાપણાનું દુઃખ, કોઇને વાંઝિયા રહેવાનું દુઃખ તો કોઇને સંતાન હોય તોય દુઃખ, કોઇને પુત્રના કપાતરપણાનું દુઃખ તો કોઇને પુત્રીના કુઆચરણથી દુઃખ, નિર્ધનને ધન ન હોય તેનું દુઃખ તો ધનવાનને વધતી જતી તૃષ્ણાનું દુઃખ, રોગીને વેદનાનું દુઃખ તો નિરોગીને રોગથી બચી શરીરને સાચવવાનું દુઃખ, ખાવાનું ન મળે ત્યારે ભૂખનું દુઃખ અને ભાવતા ભોજન મળે ત્યારે ડોકટર તે ખાવાની મનાઇ ફરમાવે તેનું દુઃખ, કોઇને દુશ્મનથી થતી દખલગીરીનું દુઃખ તો કોઇને મિત્રથી થતી હિતશત્રુતાનું દુઃખ, કોઇને અપમાનનું દુઃખ તો કોઇને સન્માનની ઓછપનું દુઃખ. આ જગતમાં કોઇપણ મનુષ્ય કોઇપણ દુઃખ વગરનો હોય તેવું જોવા મળતું નથી. મનુષ્યજીવનમાં રેંટના ચક્રની જેમ એક દુઃખ મટે ત્યાં બીજું દુઃખ આવીને ઊભું જ હોય છે.

અજ્ઞાની જીવ પુણ્યોદયથી પ્રાપ્ત સાનુકૂળ સંયોગોમાં સુખ માને છે. તોપણ તે કોઇ સાચું સુખ નથી. તીર્થંકર જેવા સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી સાંસારિક સર્વ પ્રકારની સાનુકૂળ સામગ્રીઓનો ત્યાગ કરીને આત્માની સાધના કરવા માટે મુનિદીક્ષા અંગીકાર કરીને વનમાં વસે છે, તે જ બતાવે છે કે સંસારમાં ક્યાંય સુખ હોતું નથી. અજ્ઞાનીના અજ્ઞાનના કારણે જ જેમાં સુખ નથી તેમાં સુખ ભાસે છે.

પોતાનું સાચું સુખ મોક્ષમાર્ગની આત્મહિતની સાધનામાં જ છે. આ પ્રકારે સંસારની નિરર્થકતા અને મોક્ષમાર્ગની સાર્થકતા સમજવી તે જ સંસારભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બને છે.

કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

આ જીવને જેમાં સુખ ભાસે તે તેનો અર્થી હોય છે. જેને સંસારમાં સુખ ભાસે તે સંસારાર્થી અને મોક્ષમાં સુખ ભાસે તે મોક્ષાર્થી છે. સંસાર અને મોક્ષ એકબીજાથી તદ્દન વિરુદ્ધ અને વિપરીત છે. તેથી જે સંસારાર્થી હોય તે મોક્ષાર્થી હોય શકે નહિ અને જે મોક્ષાર્થી હોય તે સંસારાર્થી સંભવી શકે નહિ.

અનાદિ સંસારનો અભાવ કરી મોક્ષની પ્રાપ્તિ કરવા માટે સંસારાર્થીપણું ટાળી મોક્ષાર્થીપણું પ્રગટાવવું અત્યંત આવશ્યક છે પણ આ માટે સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ જરૂરી છે. જે સંસારભાવનાના અભ્યાસથી આવે છે.

સંસારભાવનાનો અભ્યાસ કરવાથી સંસાર એ આત્માની અશુદ્ધ અને અસ્થિર દશા હોવાથી દુઃખરૂપ છે અને મોક્ષ એ આત્માની શુદ્ધ અને સ્થિર દશા હોવાથી સુખરૂપ છે, તે બાબત સમજાય છે. મોક્ષનું સુખ વાસ્તવિક અને પારમાર્થિક હોવાથી તે જ સાચું સુખ છે. અને સંસારનું કહેવાતું સુખ કાલ્પનિક અને છેતરામણું હોવાથી તે સાચું સુખ નથી, પણ સુખાભાસ છે. જેમ ઝાંઝવામાં જળનો આભાસ છે તેમ સંસારમાં પણ સુખનો આભાસ છે. વાસ્તવમાં સંસારમાં કયાંય સુખ હોતું જ નથી. સાચુ સુખ ઇન્દ્રિય અને અતીન્દ્રિય કે લૌકિક અને અલૌકિક એમ બે પ્રકારનું હોતું નથી. તેથી સંસારમાં અને મોક્ષમાં બેયમાં સુખ સંભવતું નથી. મોક્ષમાં જ આત્માનું સાચુ સુખ છે. અને સંસારમાં બિલકુલ નથી. તેવી સુખ-દુઃખના સ્વરૂપની સમજણ સંસારભાવનાના અભ્યાસથી આવે છે. તેથી સંસારભાવનાનો અભ્યાસ વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર પણ છે.

કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?

સંસારભાવનાનો અભ્યાસ કરવાથી સંસારમાંથી સુખબુદ્ધિ ટળી જાય છે. સંસારમાં કયાંય સુખ નથી અને તે દુઃખનો જ દરિયો છે તે બાબત સમજાય છે. તેથી સંસારની અસારતા અને નિરર્થકતા ભાસે છે. તેના કારણે સંસારનું કોઇ પ્રયોજન ભાસતું નથી. તેથી સંસાર પ્રત્યે ઉપેક્ષા કે ઉદાસીનતા આવે છે. જેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે.

આ જીવનું એક માત્ર પ્રયોજન સુખ પ્રાપ્ત કરવાનું હોય છે. જીવની કોઇ પણ પ્રવૃતિ અને તેનો પ્રયત્ન સુખ મેળવવા માટે જ હોય છે. જેમાં સુખબુદ્ધિ હોય તેનું પ્રયોજન રહે છે. અને જેનું પ્રયોજન હોય તેની અપેક્ષા કે ભાવના હોય છે. જેમાં સુખબુદ્ધિ ન હોય તેનું પ્રયોજન રહેતું નથી. અને જેનું પ્રયોજન ન હોય તેના પ્રત્યે ઉપેક્ષા કે ઉદાસીનાતા આવે છે. સંસારભાવનાના અભ્યાસથી મોક્ષમાં જ સુખ ભાસવાથી મોક્ષમાર્ગની અપેક્ષા કે ભાવના આવે છે અને સંસારમાંથી સુખબુદ્ધિ ટળી જતા સંસાર પ્રત્યે ઉપેક્ષા કે ઉદાસીનતા આવે છે, જેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહેવામાં આવે છે.

સંસારભાવનાનો અભ્યાસ સંસારમાંથી સુખબુદ્ધિ ટાળી સંસારની અસારતા અને નિરર્થકતા સમજાવનારો હોવાથી તે સંસાર પ્રત્યેના પ્રબળ વૈરાગ્યનું કારણ બની રહે છે.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

બીજી દરેક ભાવનાની જેમ સંસારભાવનાના અભ્યાસનું પ્રયોજન જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની ઉત્પત્તિ કરાવવાનું છે. સંસારભાવનાના અભ્યાસથી સુખ-દુઃખના સાચા સ્વરૂપની સમજણ થાય છે અને સંસાર પોતાના સ્વરૂપથી જ દુઃખમય છે તે સમજાય છે. દુઃખમય સંસારની અસારતા સમજાવાથી સંસાર પ્રત્યેનો સમજણપૂર્વકનો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. એટલે કે જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય ઉત્પન્ન થવાની સાથે સંસારભાવનાના અભ્યાસના વિશેષ ફળ પૈકી નમૂનારૂપ મુખ્ય બે ફળ આ પ્રમાણે છેઃ

૧. સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ

૨. આત્માર્થીપણાની પ્રગટતા

૧. સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ

સંસારમાં સુખ કહેવાતી પુણ્યોદયથી પ્રાપ્ત સાનુકૂળતાઓ પણ દુઃખરૂપ હોય છે તેવી સમજણને સંસારદુઃખ અને એક માત્ર મોક્ષમાર્ગ અને મોક્ષમાં જ આત્માનું સાચુ સુખ હોય છે તેવી સમજણને મોક્ષસુખ કહે છે. સંસારદુઃખ અને મોક્ષસુખની આવી સમજણ સંસારભાવનાના અભ્યાસથી આવે છે.

સંસાર પોતાના સ્વરૂપથી જ દુઃખમય છે. તેથી સંસારમાં ક્યાંય કિંચિત્ પણ સુખ હોતું નથી. સુખ એ આત્માની સ્વાભાવિક શુદ્ધ અવસ્થા છે. શુદ્ધતા હંમેશાં એક જ પ્રકારે હોય છે અને તેના બે પ્રકાર હોતા નથી. તેથી સુખના પણ સાંસારિક અને પારમાર્થિક એવા બે પ્રકાર નથી. પુણ્યોદયથી પ્રાપ્ત સાનુકૂળ સંયોગોમાં સાંસારિક સુખ માનવામાં આવે છે તે ખરેખર સુખ નથી. તોપણ અપારમાર્થિક રૂઢિથી તેને સુખ કહેવાની પદ્ધતિ છે.

સંસારનું કહેવાતું સુખ અત્યંત આકુળ અને અસાર છે. તેથી તે પરમાર્થે દુઃખ જ છે. તેનાથી વિરુદ્ધ મોક્ષનું વાસ્તવિક સુખ અત્યંત અનાકુળ અને અનંત સારવાળું છે. તેથી તે જ પરમાર્થે સુખ છે.

જગતના કહેવાતા સાંસારિક સુખથી તદ્દન વિપરીત એવું મોક્ષનું પારમાર્થિક સુખ અલૌકિક અને અચિંત્ય છે. તે અનુભવગોચર છે અને વચનગોચર નથી. તેથી તેનું કોઇ કથન કે વર્ણન હોતું નથી. તો પણ સંસારભાવનાના અભ્યાસથી સંસારના દુઃખની જેમ મોક્ષના સુખની સમજણ મળે છે.

૨. આત્માર્થીપણાની પ્રગટતા

એક માત્ર આત્મહિતનું જ પ્રયોજન, લક્ષ્ય અને ધ્યેય હોય તેને આત્માર્થીપણું કહે છે. આત્માનું હિત મોક્ષમાર્ગ અને મોક્ષમાં છે. તેથી આત્માર્થીપણાને મોક્ષાર્થીપણું પણ કહે છે. સંસારમાંથી સુખબુદ્ધિ ટળી પોતાના આત્માના મોક્ષ અને મોક્ષમાર્ગમાં સુખબુદ્ધિ સ્થપાતા આવું આત્માર્થીપણું કે મોક્ષાર્થીપણું પ્રગટે છે.

આત્માનું હિત આત્માના સુખમાં છે અને આત્માનું સાચું સુખ આત્માના મોક્ષ અને મોક્ષમાર્ગમાં છે. આ જીવને જેમાં સુખ જણાય તે તેનો અર્થી હોય છે. સંસારમાં સુખબુદ્ધિ રાખનારો સંસારાર્થી અને મોક્ષમાં સુખ માનનારો મોક્ષાર્થી કે આત્માર્થી છે. સંસારમાં ક્યાંય પણ સુખ ન ભાસે અને પોતાનું સુખ પોતાના આત્માના મોક્ષમાર્ગ અને મોક્ષમાં જ ભાસે તે આત્માર્થી છે.

સંસારી જીવ અનેક પ્રકારનો અર્થી એટલે કે પ્રયોજન ધરાવનારો હોય છે. સંસારી જીવના અનેક પ્રકારના પ્રયોજનને મુખ્યત્વે ચાર પ્રકારમાં વહેંચી શકાય છે. **૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ અને ૪. મોક્ષ.**

ધર્મ એટલે કે પુણ્ય, **અર્થ** એટલે કે ધન, **કામ** એટલે કે વિષયભોગ અને **મોક્ષ** એટલે કે સંસારના બંધનમાંથી મુક્તિ છે.

અહીં ધર્મ, અર્થ, અને કામ એ ત્રણેય સંસાર સાથે સંબંધિત છે. સામાન્ય રીતે એ ત્રણેય એકસાથે જોવા મળે છે. એટલે કે એ ત્રણ પૈકી એકનું પ્રયોજન હોય તેને બાકીના બેનું પ્રયોજન પણ હોય જ છે. તેથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણેયના સમૂહને ત્રિવર્ગ કહેવામાં આવે છે અને મોક્ષ એ ત્રિવર્ગથી એકદમ અલગ અને વિપરીત હોવાથી તેને અપવર્ગ કહેવામાં આવે છે. અહીં જેને ત્રિવર્ગનું પ્રયોજન હોય તે સંસારાર્થી અને અપવર્ગનું પ્રયોજન હોય તે મોક્ષાર્થી છે. જે જીવને દયા, દાન, વ્રત, તપ,ભક્તિ, પુજાદિ શુભભાવમાં સુખબુદ્ધિ છે તેને પુણ્યનું પ્રયોજન છે એટલે કે તે પુણ્યાર્થી છે. તે જ રીતે સત્તા, સંપત્તિ, મોટર, બંગલા વગેરેમાં સુખબુદ્ધિ અને તેનું પ્રયોજન છે તે ધનાર્થી છે. પાંચ ઇન્દ્રિયોના વિષયભોગમાં જેને સુખ જણાય છે અને તેથી તેનું પ્રયોજન છે તે વિષયાર્થી છે. પુણ્યાર્થી, ધનાર્થી અને વિષયાર્થી એ ત્રણેય પ્રકાર સંસાર સાથે સંબંધિત છે. તેથી આ ત્રણેય કે તે પૈકી કોઇમાં સુખબુદ્ધિ અને તેનું પ્રયોજન હોય તે જીવ **સંસારાર્થી** છે. અને તેનાથી વિરુદ્ધ જેને એક માત્ર સંસારના બંધનમાંથી મુક્તિ એટલે કે મોક્ષમાં જ સુખબુદ્ધિ અને તેથી તેનું જ પ્રયોજન છે તે જીવ મોક્ષાર્થી કે **આત્માર્થી** છે.

આત્માર્થીપણું અને સંસારાર્થીપણું એકબીજાથી તદ્દન ભિન્ન અને વિપરીત છે. તેથી તેઓ એકસાથે સંભવી શકતા નથી. જેને સાંસારિક સંયોગો કે સંયોગીભાવોમાં કિંચિત્ પણ સુખબુદ્ધિ છે તે જીવ સંસારાર્થી છે અને આત્માર્થી નથી અને તેથી ઊલટુ જેને આત્મામાં અને મોક્ષમાર્ગમાં સુખ ભાસે છે તે આત્માર્થી છે અને સંસારાર્થી નથી.

સંસારભાવનાના અભ્યાસથી સુખ-દુઃખનું સાચું સ્વરૂપ સમજાય છે. સંસાર પોતાના સ્વરૂપથી જ દુઃખમય છે અને તેમાં ક્યાંય કિંચિત્ પણ સુખ સંભવતું નથી. સંસારમાં જેને સુખ માનવામાં આવે છે, તે પણ પરમાર્થે દુઃખ જ હોય છે, તેથી સંસાર અસાર અને નિરર્થક છે. આત્મા સ્વયમેવ સુખસ્વભાવી છે. તેથી તેનું સુખ મોક્ષમાર્ગ અને મોક્ષમાં છે. આ પ્રકારની સમજણથી સંસારમાંથી સુખબુદ્ધિ ટળે છે અને મોક્ષમાં સુખબુદ્ધિ આવે છે. જેમાં સુખબુદ્ધિ હોય તેનું અર્થીપણું હોય છે. સંસારમાંથી સુખબુદ્ધિ ટળતાં અનાદિથી ચાલ્યું આવતું સંસારાર્થીપણું ટળે છે અને મોક્ષમાં સુખબુદ્ધિ થતા મોક્ષાર્થી કે આત્માર્થીપણું પ્રગટે છે.

ઉપસંહાર

પોતાના આત્માના ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વરૂપના સ્વાશ્રયના બદલે શરીરાદિના પરાશ્રયે નિરંતર પલટતી આત્માની અશુદ્ધ અવસ્થા જ પોતાના આત્માનો સાચો સંસાર છે. સંસારનું સ્વરૂપ અનિત્ય, અશરણ, અસ્થિર અને આકુળતામય હોવાથી અત્યંત દુઃખરૂપ છે. સંસારમાં કહેવાતું સુખ પણ આકુળતામય હોવાથી પરમાર્થે દુઃખ જ છે.

સઘળો સંસાર દુઃખનો જ દાવાનળ છે. તેમાં ક્યાંય કિંચિંત્ પણ સુખ કે શાંતિ નથી. તેથી સંસાર અને સંસારનો માર્ગ અસાર છે. અને તેનાથી વિરુદ્ધ મોક્ષમાં જ આત્માની પરમ શાંતિ અને સુખ છે. તેથી મોક્ષ અને મોક્ષનો માર્ગ સારભૂત છે. આ પ્રકારની વિચારણાને સંસારભાવના કહે છે.

સંસારભાવનાના ચિંતવન દ્વારા સંસારમાંથી છૂટી મોક્ષમાર્ગનો આત્મહિતનો ઉપાય અમૂલ્ય મનુષ્યજીવનમાં સંભવે છે. તેથી બુદ્ધિશાળી વિવેકી મનુષ્યે સાંસારિક કાર્યોમાં રચ્યાપચ્યા રહેવાને બદલે આત્મહિતના પારમાર્થિક કાર્ય માટેનો પૂરતો સમય

ગાળવવો જોઈએ. તોપણ મૂઢ મનુષ્ય પારમાર્થિક કાર્યમાં પ્રમાદ સેવે છે. આવા મનુષ્યને સંસારની અસારતા સમજાવી સંસારભાવના દ્વારા આત્મહિત સાધવાની પ્રેરણા કરતા પં. ભૂધરદાસજી કહે છે—

काहू घर पुत्र जायौ काहू के वियोग आयौ,
काहू राग-रंग काहू रोआ रोई करी है ।
जहा भान उगत उछाह गीत गान देखे,
सांझ समै ताही थान हाय हाय परी है ।।
अेसी जगरीति कोन देखि भयभीत होय,
हा हा नर मूढ ! तेरी मति कौने हरी है ।
मानुषजनम पाय सोवत विहाय जाय,
खोवत करोरन की अेक-अेक घडी है ।।

ભાવાર્થ : અહો ! સંસારમાં કોઈના ઘરમાં પુત્રનો જન્મ થાય છે અને કોઈના ઘરમાં સ્વજનનું મરણ થાય છે. તેથી કોઈ એક ઘરમાં પુત્રજન્મની વધાઈનો રંગ-રાગમય ઉત્સવ હોય તે જ સમયે કોઈ અન્ય ઘરમાં મરણના શોકની રોકકળ હોય છે. વળી જે જગ્યાએ પ્રાતઃકાળે નૃત્ય-ગાનાદિ વડે ઉત્સવ ઉજવતા જોવા મળે છે તે જ સ્થળે સંધ્યા સમયે હાય ! હાય ! નો કરૂણ વિલાપ સંભળાય છે. તેથી સઘળો સંસાર ઘણો વિચિત્ર અને દુઃખમય હોવાથી અસાર છે.

સંસારના આવા સ્વરૂપને જોઈને પણ હે મુઢ મનુષ્ય ! તું સંસારથી ભયભીત થઈને સંસારના અભાવનો ઉપાય કરતો નથી. સંસારભાવનાના ચિંતવન દ્વારા સંસારના અભાવનો ઉપાય મનુષ્યજન્મમાં થઈ શકતો હોવાથી મનુષ્યજીવનની એક-એક ઘડી કરોડો સુવર્ણમહોરોથી પણ અધિક મૂલ્યવાન છે. આવા અમૂલ્ય મનુષ્ય-જીવનમાં સંસારભાવનાના ચિંતવન દ્વારા આત્મહિત સાધવાને બદલે તે કાર્યમાં પ્રમાદી રહીને વ્યર્થ ગુમાવી રહ્યો છે. તો તારી બુદ્ધિ કોણે હરી લીધી છે ?

(જૈન શતક : કાવ્ય નં. ૧૫, પાનુ ૨૬)

❁ સંસારદુઃખ અને મોક્ષસુખ ❁

સંસારભાવનાનો વિશદ અને વિસ્તૃત અભ્યાસ કરવા માટે લેખકનું પુસ્તક "સંસારદુઃખ અને મોક્ષસુખ" અત્યંત ઉપયોગી છે. સાત વિભાગમાં વહેંચાયેલ કુલ એકત્રીસ પ્રકરણ દ્વારા આ પુસ્તકમાં સંસારના દુઃખમય અને મોક્ષના સુખમય સ્વરૂપની સર્વાંગીણ સંપૂર્ણ સમજૂતી આપવામાં આવેલ છે. પુણ્યોદયજન્ય પ્રવૃતિમાં જે સુખ માનવામાં આવે છે તે પણ પરમાર્થે દુઃખ જ છે તેનું તાર્કિક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિરૂપણ કરવામાં આવેલ છે. મોક્ષ અને તેના અનુપમ અતીન્દ્રિય સુખની છણાવટ પણ સચોટ અને અસરકારક રીતે કરાયેલ છે. ચારસો જેટલા ચિત્રોથી સુશોભિત આ દળદાર પુસ્તક પ્રથમ ભૂમિકાવાળા જીવો પણ સમજી શકે તેવી સરળ, સુગમ, રોચક અને લોકભોગ્ય શૈલીથી તૈયાર થયેલ છે. સંસારભાવનાના સર્વગ્રાહી અભ્યાસ માટે ઉપયોગી આ પુસ્તક ટૂંકમાં પ્રસિદ્ધ થશે. આપની નકલ મેળવવા પ્રકાશક સંસ્થાનો સંપર્ક કરો.

❖ સંસારભાવનાની કથા ❖

રાજચક્રી બન્યા ધર્મચક્રી



શાંતિનાથ ભગવાન તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ એવી ત્રણ પદવીઓના ધારક હતા. ચક્રવર્તી તરીકે તેઓ મહારાજ શાંતિકુમાર તરીકે પ્રસિદ્ધ હતા. મહારાજા શાંતિકુમાર ભરતક્ષેત્રના સમસ્ત છ ખંડના અધિપતિ, દેવોપનિત નવનિધિથી સુશોભિત, ચૌદ રત્નોના ધારક, છન્નુ હજાર મનોહર રાણીઓના સ્વામી, છાસઠ હજાર રાજકુમારોના પિતા હતા. સૌધર્મ ઇન્દ્ર દ્વારા તેમની તહેનાતમાં રખાયેલા સોળ હજાર દેવો તેમની સેવા માટે હંમેશાં તત્પર રહેતા. આવા ચક્રવર્તી મહારાજા શાંતિકુમારનો ૭૫ હજારમો જન્મદિન ભારે ધામધુમ અને હર્ષોલ્લાસથી ઉજવાઇ રહ્યો છે. ચારેકોર મંગલ વાજા વાગી રહ્યા છે. ઠેર ઠેર ધજા–પતાકા અને તોરણ શોભી રહ્યા છે. દેશોદેશથી ઉત્તમ ભેટ લઇને અનેક રાજાઓ આવી પહોંચ્યા છે. સૌધર્મ ઇન્દ્ર પણ ઐરાવત હાથી ઉપર સવાર થઇને હસ્તિનાપુર પહોંચી ગયા છે. ચક્રવર્તી મહારાજા શાંતિકુમાર પણ દૈવી વસ્ત્રાભુષણ પહેરીને રાજદરબારમાં જવા માટે તૈયાર થતા દર્પણમાં મુખ દેખી રહ્યા છે. ત્યાં તો ઃઃઃ

"અરે! આ....શું ?" ચક્રવર્તી એકદમ ચમક્યા.... દર્પણના પ્રતિબિંબમાં જે દૈવી વસ્ત્રાભૂષણ સહિતનું સુંદરરૂપ દેખાયું તે તુરત

જ પલટાઇને વસ્ત્રવિહિન દિગંબરદશાપણે જણાયું એટલે કે ચક્રવર્તીપદ અને મુનિપદ એ બન્નેના સ્વરૂપ તેમણે વારાફરતી જોયા. અને તુરત જ તેમના જ્ઞાનદર્પણમાં પોતાના પૂર્વના અનેક ભવોનું સ્મરણ આવ્યું:

"અરે...! પૂર્વે હું વિદેહક્ષેત્રમાં વજ્રાયુધ નામનો ચક્રવર્તી હતો. પિતા ક્ષેમંકર તીર્થંકરના સમવસરણમાં જઇને જિનદીક્ષા ગ્રહણ કરેલ. અરે! આ બીજીવાર હું ચક્રવર્તી પદને પામ્યો છું.

પૂર્વેનું ચક્રવર્તીપદ અને મુનિદશા એ બન્નેના સ્વરૂપનો તાદશ્ય ચિતાર મારા નિર્મળ જાતિસ્મરણજ્ઞાનમાં પ્રત્યક્ષ તરવરે છે. તેના આધારે જણાય છે કે, મુનિદશામાં જે શાંતિ છે, શોભા છે, સુખ છે તે ચક્રવર્તીપદમાં નથી. મુનિદશાનું પારમાર્થિક આત્મિક અતીન્દ્રિય સુખ અને ચક્રવર્તીપદનું સાંસારિક વિષયજન્ય ઇન્દ્રિય સુખ વચ્ચે આસમાન–જમીનનું અંતર છે."

ચક્રવર્તીના સાંસારિક સુખ અને મુનિદશાના પારમાર્થિક સુખ વચ્ચેનો ભેદ વિચારતા સંસારભાવના ભાવતા શાંતિકુમાર મનોમન કહેવા લાગ્યા :

*"અરે ! ચક્રવર્તીપદનું સાંસારિક સુખ ઝાંઝવાના જળ જેવું **જૂઠું અને છેતરામણું** છે. મુનિદશાનું પારમાર્થિક સુખ જ **સાચું અને વાસ્તવિક** છે.*

*ચક્રવર્તીનું વિષયજન્ય ઇન્દ્રિયસુખ પાંચ ઇન્દ્રિયો અને તેના વિષયોને અવલંબીને થતું હોવાથી **પરાધીન** છે. મુનિદશાનું આત્મિક અતીન્દ્રિય સુખ પરના સબંધ વગર શુદ્ધાત્માને અવલંબીને થતું હોવાથી **સ્વાધીન** છે.*

*ચક્રવર્તીનું સવિકલ્પ પરાનુભૂતિથી ઉત્પન્ન સાંસારિક સુખ ખાવાની ઇચ્છા, પીવાની ઇચ્છા, મૈથુનની ઇચ્છા, જેવી અનેક પ્રકારની ઇચ્છા સહિતનું હોતું થકું બાધા સહિતપણાના કારણે **સબ્બાબાધ** છે. મુનિદશાનું નિર્વિકલ્પ સ્વાનુભૂતિથી ઉત્પન્ન પારમાર્થિક સુખ કોઇ પણ પ્રકારની તૃષ્ણાની પ્રગટ વ્યકતતા વિનાનું હોતું થકું બાધારહિતપણાના કારણે **અબ્બાબાધ** છે.*

*પુણ્યોદયથી પ્રાપ્ત ચક્રવર્તીનું કર્માધીન સાંસારિક સુખ પાપોદયથી ચ્યૂત થઇ જતું હોવાથી **ખંડિત** છે. શુદ્ધોપયોગથી નિષ્પન્ન મુનિદશાનું આત્માધીન પારમાર્થિક સુખ કોઇના વડે છીનવી નહિ શકાતું હોવાથી **અખંડિત** છે.*

*ચક્રવર્તીનું ઇન્દ્રિય સુખ ભોગોપભોગની પ્રવૃત્તિના કારણે છે. ભોગોપભોગના માર્ગને વળગેલી રાગાદિ દોષોની સેના અનુસાર ભવિષ્યમાં સહી ન શકાય તેવા નરકાદિ દુઃખના ઉત્પાદક કર્મરજના ઘનપટલનો સબંધ થાય છે. તેથી તે **બંધનું કારણ** છે. મુનિદશાનું અતીન્દ્રિય સુખ શુદ્ધોપયોગની પ્રવૃત્તિના કારણે છે. શુદ્ધોપયોગના માર્ગને વળગેલી વીતરાગી પરિણતિ અનુસાર ભવિષ્યમાં મોક્ષના સુખનો ઉત્પાદ કરનારી કર્મની નિર્જરા થાય છે. તેથી તે **મોક્ષનું કારણ** છે.*

*ચક્રવર્તીનું સુખ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ કર્માધીન અશુદ્ધ વિભાવ પરિણતિના કારણે છે. કર્મનો ઉદય અશાંત અને ચલાયમાન હોવાથી તેને અવલંબનારી પરિણતિ અસ્થિર ચંદ્રની કળાને અવલંબનારા સમુદ્રના જળની માફક અસ્થિર રહે છે. ચક્રવર્તીનું કહેવાતું સુખ આવી કર્માનુવિધાયિની એક સરખી ન રહેતી અસ્થિર વિભાવ પરિણતિને કારણે હોવાથી **વિષમ** છે.*

મુનિદશાનું સુખ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ આત્માધીન શુદ્ધસ્વભાવ પરિણતિના કારણે છે. આત્માનો શુદ્ધસ્વભાવ શાંત અને નિશ્ચળ હોવાથી તેને અવલંબનારી પરિણતિ સ્થિર સ્વરૂપને અવલંબનારા સરોવરનાં જળની માફક સ્થિર રહે છે. મુનિદશાનું વાસ્તવિક સુખ આવી ચૈતન્યાનુવિધાયિની એક સરખી રહેતી સ્થિર સ્વભાવ પરિણતિને કારણે હોવાથી ***સમ*** *છે.*

આ રીતે ચક્રવર્તીપદનું કહેવાતું સુખ પરાધીન, સવ્યાબાધ, ખંડિત, બંધનું કારણ અને વિષમ છે. તેથી તે અત્યંત ***હીન*** *અને* ***હેય*** *છે. મુનિદશાનું વાસ્તવિક સુખ સ્વાધીન, અવ્યાબાધ, અખંડિત, મોક્ષનું કારણ અને સમ છે. તેથી તે પરમ* ***ઉત્કૃષ્ટ*** *અને* ***ઉપાદેય*** *છે.*

અરે ! મારો અવતાર મુનિદશા અંગીકાર કરી મોક્ષ મેળવવા માટેનો છે. મારા જીવનના ૭૫ હજાર વર્ષો તો વીતી ગયા. પોણી જીંદગી પલકવારમાં પસાર થઇ ગઇ. હવે ચક્રવર્તીના રાજ્ય વહીવટમાં રોકાવું મારા માટે યોગ્ય નથી.

મુનિદશાના રત્નત્રય પાસે ચક્રવર્તીના ચૌદ રત્નો તુચ્છ છે. મુનિદશાથી પ્રગટતા અનંતગુણોના નિધાન પાસે નવનિધાન નિર્માલ્ય છે. મુનિદશાના આત્મિક વૈભવ પાસે ચક્રવર્તીપદનો વૈભવ ધૂળના ઢેફા જેવો છે. મુનિદશાના વનજંગલના મુક્ત નિવાસ પાસે સુવર્ણનિર્મિત રાજમહેલ કારાગૃહ છે. મુનિદશાથી પ્રાપ્ત શિવરમણીની શોભા પાસે રાણીઓના રૂપ કુરૂપ છે. મુનિદશાના અતીન્દ્રિય આનંદામૃતના ભોગવટા પાસે ચક્રવર્તીના ભોગ ઝેર જેવા છે.''

આ પ્રકારે સંસારભાવના ભાવતા મહારાજા શાંતિકુમાર સંસારથી અત્યંત વિરકત થયા. અને અસાર સંસારનો અભાવ કરવા માટે સંયમદશા અંગીકાર કરવા કૃતનિશ્ચયી થયા. અને સ્વજનોની વિદાય લઇ સ્વયંદીક્ષિત થયા.

હવે, મહારાજા શાંતિકુમાર મુનિરાજ થયા. કેવળજ્ઞાન પ્રગટાવી તીર્થંકર શાંતિનાથ થયા. તેઓ **રાજચક્રી** મટી **ધર્મચક્રી** થયા.

ચોથો કાળ હોવા છતાં વર્તમાન હુંડા વસર્પિણી કાળના પ્રભાવે નવમા સુવિધિનાથ ભગવાનથી સોળમાં શાંતિનાથ ભગવાન સુધીના અંતરાળ સાત ગાળામાં સાત વખત ધર્મનો વિચ્છેદ થયેલો. પરંતુ રાજચક્રીમાંથી ધર્મચક્રી બનેલા શાંતિનાથ ભગવાને જગાવેલી ધર્મની જ્યોત પાંચમા કાળના અંત સુધી અખંડ રહેવાની છે.

રાજચક્રીમાંથી ધર્મચક્રી બનેલા શાંતિનાથને શત્ શત્ પ્રણામ !

સંદર્ભગ્રંથો

● ૧. દ્વાદશાનુપ્રેક્ષા : ગાથા ૨૪ થી ૩૭; ● ૨. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૩૨ થી ૭૩; ● 3. ભગવતી આરાધના : ગાથા ૧૭૬૩ થી ૧૭૯૦; ● ૪. જ્ઞાનાર્ણવ : સર્ગ૨ : શ્લોક ૧, ૨, ૬૭ થી ૮૩; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૦૫ થી ૭૧૨; ● ૬. તત્ત્વાર્થસાર : ગાથા 33; ● ૭. તત્ત્વાર્થરાજવાર્તિક : ૯/૭, 3/૬૦૦, ૬૦૧; ● ૮. સર્વાર્થસિદ્ધિ : ૯/૭/૪૧૫; ● ૯. સમણસુત્તમ્ : અનુપ્રેક્ષા સૂત્ર : ગાથા ૫૧૧ થી ૫૧૪ ● ૧૦. પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૬, શ્લોક-૪૭; ● ૧૧. અનગાર ધર્મામૃત : અધ્યાય ૬ : ગાથા ૬૨, ૬૩; ● ૧૨. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા 3૫ ની ટીકા; ● ૧૩. બહેનશ્રીનાં વચનામૃત : નં.૩૨૭, ૪૧૬; ● ૧૪. જૈ.સિ.કોશ : ભાગ ૧: અનુપેક્ષા : ૧/૧૪, પાનુ ૭૭;

સંસારભાવનાની કથા : રાજચક્રી બન્યા ધર્મચક્રી

● ૧. ઉત્તરપુરાણ : પર્વ : ૬૩ : શ્લોક ૧થી ૫૧૦; ● ૨. પ્રવચનસાર : ગાથા ૧૩, ૨૨, ૪૦થી ૪૩, ૫૨થી ૫૯, ૬૧ અને તેની ટીકા; ● 3. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૨૩૮ થી ૨૫૯, ૨૭૭ થી 30૬ અને તેની ટીકા.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુના ☐ ચારસમા દર્શાવો.

૦૧. **સંસારભાવનામાં સંસારના કયા સ્વરૂપનું ચિંતવન છે?** ૧. ☐

A:: અનિત્ય B:: અશરણ C:: અસહાય D:: અસાર

૦૨. **સંસારચક્રનું ભ્રમણ કયા પ્રકારે હોતું નથી?** ૨. ☐

A:: જન્મ-મરણ B:: સુખ-દુઃખ C:: પંચપરાવર્તન D:: ચારગતિ

૦૩. **નિગોદના દુઃખોને કોણ જાણે ?** ૩. ☐

A:: ભગવાન B:: અવધિજ્ઞાની C:: નિગોદનો જીવપોતે D:: કોઈ ન જાણે

૦૪. **સુખી માણસના વસ્ત્ર કેવા હોય ?** ૪. ☐

A:: ફેશનેબલ B:: કૈવી C:: વસ્ત્ર જ ન હોય D:: હાથે કાંતેલ ખાદીના

૦૫. **સંસારી જીવના દુઃખનું કારણ શું ?** ૫. ☐

A:: એ પ્રકારનો દૃષ્ટિકોણ B:: મોહજન્ય રતિભાવ

C:: ઉપયોગની અસ્થિરતા D:: પાપનો ઉદય

૦૬. **સંસારભાવનાની ચિંતવન પ્રક્રિયામાં શેનો સમાવેશ નથી?** ૬. ☐

A:: સંસારનું દુઃખમય સ્વરૂપ

B:: સંસારદુઃખ અને મોક્ષસુખની સાચી સમજણ

C:: સાંસારિક સુખ મેળવવાના ઉપાયની વિચારણા

D:: સંસારની વિચિત્રતા

૦૭. **સંસારભાવનાના ચિંતવનનું સાધન કે કારણ શું છે?** ૭. ☐

A:: સંસારનું સુખ B:: સંસારની અનિત્યતા

C:: સંસારની નિરર્થકતા D:: સંસારની વિચિત્રતા

૦૮. **મોક્ષનું પારમાર્થિક સુખ કેવું નથી?** ૮. ☐

A:: વચનગોચર B:: અલૌકિક C:: અનુભવગોચર D:: અચિંત્ય

૦૯. **અપવર્ગ એટલે શું ?** ૯. ☐

A:: વિષયભોગ B:: મોક્ષ C:: ધર્મ D:: ધન

૧૦. **ન્યાયરૂપી નેત્ર કઇ રીતે ખુલે છે ?** ૧૦. ☐

A:: ન્યાયકોર્ટના નિર્ણયથી

B:: નેત્રનો વિકાર દૂર કરવાથી

C:: નેત્રમાં જ્ઞાનરૂપી આંજણ આંજવાથી

D:: સંસારભાવનાના અભ્યાસથી

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૦૧. સંસાર એટલે શું ?
૦૨. મોક્ષ એટલે શું ?
૦૩. સંસાર અને તેનો માર્ગ શા માટે અસાર છે?
૦૪. શા માટે જન્મ-મરણરૂપ સંસાર દુઃખમય છે ?
૦૫. કઇ બાબત સ્વર્ગનાદેવોના દુઃખને દર્શાવે છે ?
૦૬. કાળપરાવર્તનમાં સંસારી જીવ અનંતકાળ ક્યાં વિતાવે છે?
૦૭. જેમની પાસે કાંઇક છે તેવા લોકો શા માટે દુઃખી છે?
૦૮. દેવે બ્રાહ્મણને શું વરદાન આપ્યું ?
૦૯. સાનુકૂળ સંયોગોમાં સુખ અનુભવાય છે તે શું છે ?
૧૦. દુઃખનું લક્ષણ શું છે ?
૧૧. શા માટે મોક્ષ માર્ગ અને મોક્ષમાં જ સાચુ સુખ છે ?
૧૨. સંસારનું કહેવાતું સુખ કેવું છે કે જેથી તે દુઃખ જ છે?
૧૩. સંસારના કોઇ પણ ત્રણ દુઃખના નામ આપો.
૧૪. તીર્થંકર જેવા મહાપુરુષ સંસારનો ત્યાગ શા માટે કરે છે?
૧૫. શા માટે સંસારાર્થી અને મોક્ષાર્થીપણું એક સાથે સંભવી શકે નહિ ?
૧૬. સંસારભાવનાના બે પ્રકારના વિશેષફળના નામ આપો.
૧૭. આત્માર્થીપણું કોને કહે છે ?
૧૮. આત્માર્થીપણાને શા માટે મોક્ષાર્થીપણું પણ કહે છે ?
૧૯. સંસારી જીવના ચાર પ્રકારના પ્રયોજનના નામ આપો.
૨૦. ત્રિવર્ગ કોને કહે છે ? શા માટે ?
૨૧. અપવર્ગનું પ્રયોજન ધરાવનારો જીવ કેવો હોય છે ?
૨૨. આત્માનું હિત શેમાં છે ?
૨૩. આત્મહિતનો ઉપાય કરવામાં ઢીલ કરવા જેવી નથી. શા માટે ?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૦૧. સંસારભાવના એટલે શું ? તેની સમજૂતી આપો.
૦૨. શા માટે સંસાર એક ચક્ર સમાન છે ? સંસારચક્રના પ્રકાર જણાવો.
૦૩. ચારગતિરૂપ સંસારનું દુઃખમય સ્વરૂપ સમજાવો.
૦૪. પંચપરાવર્તનરૂપ સંસારનું દુઃખમય સ્વરૂપ સમજાવો.
૦૫. સંસારની વાસ્તવિકતા જ દુઃખ છે એ બાબત સમજાવો.
૦૬. મોક્ષનું સુખમય સ્વરૂપ સમજાવો
૦૭. સંસારભાવનાની ચિંતવન પ્રક્રિયા સમજાવો.
૦૮. સંસારભાવનાનું સાધન કે કારણ સમજાવો.
૦૯. સંસારભાવનાનો અભ્યાસ કઇ રીતે વૈરાગ્યનું કારણ છે?
૧૦. સંસારભાવનાનો અભ્યાસ કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવે છે ?
૧૧. સંસારભાવના અભ્યાસનું ફળ સંસારદુઃખ અને મોક્ષસુખ કઇ રીતે છે?
૧૨. સંસારભાવનાના અભ્યાસનું ફળ આત્માર્થીપણું કઇ રીતે છે ?
૧૩. સંસારભાવનાનો અભ્યાસ કઇ રીતે આત્મહિતની પ્રેરણા અને પુરુષાર્થ પૂરો પાડે છે ?
૧૪. શ્રીમદ્ રાજચંદ્રજીના શબ્દોમાં અનાદિ અજ્ઞાની સંસારી જીવની વિચિત્રતા શું છે ?

ભાવના


૪

એકત્વભાવના

(હરિગીત)

છું એકલો હું, કોઈ પણ મારાં નથી લોકત્રયે
– એ ભાવનાથી યોગીઓ પામે સુશાશ્વત સૌખ્યને.

(મોક્ષપાહુડ : ગાથા ૮૧)



❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી

૨. એકત્વભાવનાનું એકત્વ શું છે?

૩. એકત્વભાવનાના એકત્વના બે પ્રકાર

- ૧. એકત્વભાવનાનો લૌકિક પ્રકાર
- ૨. એકત્વભાવનાનો પારમાર્થિક પ્રકાર

૪. એકત્વભાવનાની ચિંતવન પ્રક્રિયા

૫. એકત્વભાવનાનું સાધન કે કારણ

૬. કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

૭. કઈ રીતે વૈરાગ્યનું કારણ છે?

૮. પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

- ૧. એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ કરાવે છે.
- ૨. પરસંયોગોની નિરર્થકતા અને શુદ્ધાત્મસ્વભાવની સાર્થકતા દર્શાવે છે.

૯. ઉપસંહાર

૧૦. એકત્વભાવનાની કથા : નમિરાજની એકત્વસિદ્ધિ

પંડિત ભાગચંદજીકૃત

એકત્વભાવના પ્રેરક કાવ્ય

जीव तुं भ्रमत सदैव अकेला (२)
संग साथी कोई न तेरा (२)

अपना सुख-दुःख आप ही भुगतै, होत कुटुंब न भैला ।
स्वार्थ भये सब बिछूरी जात है, विघट जात ज्यों मैला ।।...जीव तुं.(१)


रक्षक कोई न पूरन ह्वै, जब आये अंत की बैला ।
फूटत पारि बंधत नहि जैसे, भू पर जल को ठैला ।।...जीव तुं.(२)

तन धन जोबन विनश जात जो, ईन्द्रजाल का खैला ।
'भागचंद' ईम लखकर भाई, हो सत्गुरु का चैला ।।...जीव तुं.(३)

ભાવાર્થ : હે જીવ ! આ સંસારમાં તારો કોઈ સહાયક કે સાથી નથી. તેથી તું હંમેશાં એકલો જ ભ્રમણ કરી રહ્યો છે.

જેમ પ્રસંગ પૂરો થતાં માણસોનો મેળો વિખરાઈ જાય છે, તેમ પોતાનો સ્વાર્થ સધાઈ જતાં સગા-સંબંધીઓ છૂટા પડી જાય છે. તેથી પોતાના સુખ-દુઃખ પોતે જ ભોગવવાના હોય છે. તે સમયે કોઈ ભાગીદાર હોતું નથી.

જેમ તૂટેલી પાળ જમીન ઉપરના જળના પ્રવાહને રોકી શકતી નથી, તેમ આયુષ્યનો અંત આવતા જીવનની જાળવણી કે પૂરવણી કોઈથી કરી શકાતી નથી.



જેમ મેઘધનુષ્યની છટા જોતજોતામાં વિણસી જાય છે, તેમ તન-ધન-યૌવન પણ ઘડીકમાં વિલય પામી જાય છે. તેથી પં.ભાગચંદજીનું એટલું જ કહેવાનું છે કે, હે ભાઈ ! માત્ર સદ્ગુરુ જ સહાયક હોવાથી તેની જ આજ્ઞામાં રહે.

(ભાગચંદ પદ સંગ્રહ : કાવ્ય નં. ૧૨)

ભાવના

૪. એકત્વભાવના

સંસારીજીવનના દરેક પ્રસંગ કે અવસ્થામાં પોતાનો આત્મા અનેક પરસંયોગોની વચ્ચે હોય તોય તેનો કોઈ પણ સાથી કે સહાયક ન હોવાથી તે રીતે પોતે એકલો જ છે. અને પોતાના શુદ્ધાત્મસ્વભાવનું એકત્વ જ પોતાનું સાચું શરણ કે આધાર હોવાથી તે જ પોતાનો સાચો સાથી કે સહાયક છે. આ પ્રકારનું ચિંતવન કરવું તેને એકત્વભાવના કહે છે.

એકત્વભાવના અનુસાર બહારમાં પોતાનો કોઇ સાથી કે સહાયક ન હોવાથી પોતે એકલો જ છે. તે પોતાનું બહારથી એકત્વ છે. અંદરમાં અનેક પ્રકારની અવસ્થાઓ કે ભેદભાવોની વચ્ચે પણ પોતાના આત્માનું એકરૂપપણું છે. તે પોતાનું અંદરથી એકત્વ છે. બહારનું એકત્વ પોતાની અસહાયતા સૂચવે છે પણ અંદરનું એકત્વ પોતાની સહાયતા સૂચવે છે. તેથી અસહાયભૂત બહિર્મુખ વૃત્તિ છોડી સહાયભૂત અંતર્મુખ વૃત્તિ કરવી તે જ એકત્વભાવનાનો એક માત્ર આશય છે.

સંસારી જીવના જન્મજ્મરણ, સુખ-દુઃખ, ધર્મ-કર્મ, બંધ-મોક્ષ જેવા કોઇપણ પ્રસંગ કે અવસ્થામાં તેને અન્ય કોઇ આધાર કે શરણ નથી. સ્ત્રી-પુત્ર-પરિવારાદિ અનેક પરસંયોગોની વચ્ચે હોય તોય તેનો કોઇ સાથી કે સહાયક નથી. જીવ પોતે એકલો જ પોતાના કર્માનુસારના ફળને ભોગવતો જન્મમાં પ્રવેશે છે, જીવન ગુજારે છે અને મરણ પામે છે. અને અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે. પોતાના દુઃખમાંથી ઉગારનાર, બચાવનાર કે તેમાં ભાગ પડાવનાર અન્ય કોઇ હોતું નથી. તેથી તે પોતે એકલો જ છે.

પોતાનો એકત્વસ્વરૂપી શુદ્ધાત્મા જ પોતાનો આધાર કે શરણ છે. તેના આધારે જ આત્મિક અતીન્દ્રિય સુખની પ્રગટતા હોય છે. તે જ સંસાર અને તેના દુઃખોથી બચાવી મોક્ષમાર્ગ અને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. તેથી આ શુદ્ધાત્મસ્વભાવનું એકત્વ જ પોતાનો સાચો સાથી કે સહાયક છે. અસંયોગી શુદ્ધાત્મસ્વભાવ સિવાય અન્ય કોઇ સંયોગ કે સંયોગીભાવ પોતાનો સાથી કે સહાયક નથી. આ પ્રકારની વારંવાર વિચારણા થવી તે એકત્વભાવના છે.

એકત્વભાવનાનું એકત્વ શું છે ?

અનેક પ્રકારના સંયોગો અને સંયોગીભાવોની વચ્ચે પણ પોતાને કોઇ સાથી કે સહાયક હોતો નથી અને પોતે એકલો જ હોય છે. તેથી તેઓ કોઇ આધાર કે શરણરૂપ થતા નથી. પરંતુ આ સમયે પોતાના અખંડ, અભેદ, એકરૂપ, ત્રિકાળી ધ્રુવ શુદ્ધસ્વભાવરૂપ એકત્વ જ એક માત્ર આધાર કે શરણરૂપ હોય છે. તે પ્રકારની સમજણપૂર્વકની વિચારણા તે જ એકત્વભાવનાનું એકત્વ છે. એકત્વભાવનાનું આ એકત્વ બે પ્રકારે છે :**૧. વ્યવહારથી** અને **૨. નિશ્ચયથી**

૧. **વ્યવહાર**થી અનેક સંયોગોની વચ્ચે પણ જેનો કોઇ સાથી કે સહાયક ન હોય તેને એકલો કહેવામાં આવે છે. સંસારીજીવના સ્ત્રી-પુત્ર-પરિવારાદિ અનેક પરસંયોગોની વચ્ચે પણ તેના સુખ-દુઃખાદિના પ્રસંગે તે એકલો હોય છે. તે બાબતનું ચિંતવન એ એકત્વભાવનાનું એકત્વ વ્યવહારથી છે.


૨. **નિશ્ચય**થી જે અભેદ અને એકરૂપ હોય તથા અનેક પ્રકારના ભેદભાવોના આધારરૂપ હોય તેને એકત્વ કહેવામાં આવે છે. અનેક પ્રકારની વિકારી કે અવિકારી અવસ્થાઓ, અનંતગુણો, અનેક ધર્મો, છ કારકો વગેરેના ભેદો વચ્ચે પણ આત્માનું પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધસ્વભાવથી અભેદ અને એકરૂપપણું હોય છે. અને તે પોતાના શુદ્ધસ્વભાવ જેવી શુદ્ધ અવસ્થા પ્રગટ કરવા માટે આધારરૂપ પણ છે. તે બાબતનું ચિંતવન એ એકત્વભાવનાનું એકત્વ નિશ્ચયથી છે.

એકત્વભાવનાના એકત્વના બે પ્રકાર

ઉપરોકત રીતે એકત્વભાવનાનું ચિંતવન વ્યવહારથી અને નિશ્ચયથી એમ બે પ્રકારે છે. વ્યવહારથી ચિંતવન એ વ્યાવહારિક કે લૌકિક પ્રકારનું છે. અને નિશ્ચયથી ચિંતવન એ આધ્યાત્મિક કે પારમાર્થિક પ્રકારનું છે. આ રીતે એકત્વભાવના એકત્વના ચિંતવનના બે પ્રકાર છે

૧. એકત્વભાવનાનો લૌકિક પ્રકાર

૨. એકત્વભાવનાનો પારમાર્થિક પ્રકાર



૧. એકત્વભાવનાનો લૌકિક પ્રકાર

એકત્વભાવનાના લૌકિક પ્રકાર અનુસાર સંસારી જીવ પોતાની પ્રત્યેક પરિસ્થિતિમાં એકલો જ હોય છે. સત્તા-સંપત્તિ-સગા-સબંધીઓ જેવા સંયોગો હોય તોપણ તેને કોઈનો સાથ કે સહકાર સંભવતો નથી. તે એકત્વભાવનાનો લૌકિક પ્રકાર છે.

આ જગતમાં દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. તેથી કોઇ કોઇનો કર્તા-હર્તા નથી. તેથી કોઇ કોઇનો આધાર કે શરણ નથી. તેથી કોઇને કોઇનો સહકાર કે સહયોગ સંભવતો નથી. વસ્તુનું અનેકાંતમય સ્વરૂપ અને તેના કારણે તેની વ્યવસ્થા જ એવી છે કે કોઇ કોઇનો સાથી, સહાયક, મદદગાર, ઉગારક કે તારણહાર હોતો નથી. નિમિત્ત-નૈમિત્તિક સબંધની રૂએ અને પુણ્યોદયના પ્રતાપે કોઇને કોઇ સહાય કરતો દેખાય છે. પણ વસ્તુની વાસ્તવિક સ્થિતિનો વિચાર કરતાં તે સમયે પણ કોઇને કોઇ સહાય કરતું નથી અને કરી શકતું પણ નથી.

જન્મ-મરણ, સુખ-દુ:ખ, સ્વર્ગ-નરકગમન જેવા અનેક પ્રસંગોએ પોતે એકલો જ હોય છે અને તે પ્રસંગે પોતાનો કોઇ સાથી કે સહાયક હોતો નથી તે બાબત એકદમ સ્પષ્ટ અને પ્રત્યક્ષ અનુભવગમ્ય છે.

આ પ્રકારે આત્માનું એકત્વ ન હોય અને તેનો કોઇ સહાયક હોય તેમ માની લેવામાં આવે તો અનવસ્થા નામનો દોષ આવે છે. એકની સહાય બીજો કરે અને બીજાની સહાય ત્રીજો કરે... એમ ચાલ્યા જ કરે તો મોટો ગોટાળો, અંધાધૂંધી કે અરાજકતા ઉભી થાય. અને તે જ અનવસ્થા દોષ છે. તેથી અનેક પ્રકારના સંયોગોની વચ્ચે પણ અસંયોગી આત્માનું એકત્વ જ જાણવું.

વાસ્તવમાં સત્તા-સંપત્તિ, સ્ત્રી-પુત્રાદિ જેવા કોઇ પણ પરસંયોગો આત્માને બિલકુલ ઉપકારી નથી પણ અપકારી જ છે. કેમ કે, આ સંયોગોના લક્ષે ઉત્પન્ન થતો રાગાદિ સંયોગીભાવ આત્માને અત્યંત દુઃખરૂપ છે. તેથી આત્મહિતનું પારમાર્થિક સાધન સાધવા માટે કોઇ પરસંયોગોની આવશ્યકતા નથી. શ્રીમદ્ રાજચંદ્રે સાચું જ કહ્યું છે ઃ

કુટુંબરૂપી કાજળની કોટડીના સંયોગથી સંસાર વધે છે. એકાંતવાસથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે. મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે. (શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૨૩મું, પત્રાંક ૧૦૩, પાનુ ૨૧૦)



૨. એકત્વભાવનાનો પારમાર્થિક પ્રકાર

એકત્વભાવનાના પારમાર્થિક પ્રકાર અનુસાર આત્માનું મૂળ સ્વરૂપ એકત્વ છે. ગુણોના, પર્યાયોના, ધર્મોના, કારકોના જેવા અનેક પ્રકારના ભેદ-ભાવોની વચ્ચે પણ આત્મા અભેદ, અખંડ, એકરૂપ રહે છે. તેને આત્માનું એકત્વસ્વરૂપ કહે છે. તે એકત્વભાવનાનો પારમાર્થિક પ્રકાર છે.

અનેકાંતસ્વરૂપી આત્મા એક-અનેક, ભેદ-અભેદ, નિત્ય-અનિત્ય, ધ્રુવ-અધ્રુવ જેવા પરસ્પર વિરોધી અને સાપેક્ષ એવા બે અંશોથી રચાયેલ છે. તેમાં એકરૂપ, અભેદ, નિત્ય, ધ્રુવ અંશ તે આત્માનું પારમાર્થિક પ્રકારે એકત્વસ્વરૂપ છે.

વ્યવહારથી જેમ આત્માનું સ્ત્રી-પુત્રાદિ પરસંયોગોથી ભિન્ન એકત્વ છે, તેમ નિશ્ચયથી તેનું પોતાના ગુણભેદ, પર્યાયભેદ વગેરેથી પણ ભિન્ન એકત્વ છે. નિશ્ચયથી એકત્વપણે આત્મા ધ્રુવ, શુદ્ધ અને ત્રૈકાળિક પરિપૂર્ણ સામર્થ્યથી સભર હોવાથી આત્માનું સાચું મૂલ્યાંકન તે એકત્વપણે છે. સમયસાર શાસ્ત્રમાં આ એકત્વની જ પારાયણ છે. એકત્વની ઓળખાણ, સ્વીકાર અને આશ્રયથી જ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ હોય છે. આત્માના અનંત ગુણોની પ્રગટતા તેમ જ શાંતિ, સમાધિ, સુખ વગેરે આ એકત્વના અવલંબને જ હોય છે. આપણા આત્મા માટે એક માત્ર આધાર, શરણ, સાથી, સહાયક, તારણહાર કે ઉપકારક કોઇ હોય તો તે આત્માનું નિશ્ચય એકત્વસ્વરૂપ જ છે.

નિશ્ચયથી બધાં આત્માઓ એકત્વસ્વરૂપ હોવાથી નિશ્ચયથી બધાં આત્માઓ એક સમાન છે. એક સમાનપણું શુદ્ધતા અને પૂર્ણતામાં જ સંભવતું હોવાથી બધાં આત્માઓ નિશ્ચય અપેક્ષાએ સિદ્ધ સમાન શુદ્ધ અને પૂર્ણ છે.

નિશ્ચયથી કે પારમાર્થિકપણે આત્માનું એકત્વ ન હોય તો જેટલા આત્મા હોય તેટલા જુદી જુદી જાતના દ્રવ્ય થાય. એટલે કે જાતિ અપેક્ષાઓ બધાં આત્માઓ એક જ જાતિના ન રહેતાં પુદ્ગલ, ધર્માસ્તિકાય, કાળ વગેરે જુદી-જુદી જાતિના દ્રવ્યો છે, તેમ દરેક આત્મા પણ જાતિ અપેક્ષાએ જુદા જુદા દ્રવ્યો થાય.

નિશ્ચયથી આત્મસ્વભાવનું એકત્વ ન હોય તો તેનું અનેકત્વ હોય. તેથી કોઇ આત્મસ્વભાવમાં જ્ઞાન વધુ હોય, કોઇમાં તે ઓછું હોય, કોઇમાં સુખ ઓછું હોય, કોઇમાં વધુ હોય. આ રીતે જેટલા આત્મા તેટલા પ્રકારની વિવિધતા હોય. વિવિધતામાં શુદ્ધતા કે સંપૂર્ણતા કદાપિ ન હોય. શુદ્ધતા અને સંપૂર્ણતા હંમેશાં એકપણે જ હોય. તેથી આત્મસ્વભાવનું એકત્વ જ તેની શુદ્ધતા અને સંપૂર્ણતા દર્શાવે છે. જ્યાં શુદ્ધતા અને સંપૂર્ણતા હોય ત્યાં જ સ્વતંત્રતા હોય. આ રીતે આત્માનું એકત્વ જ તેની સ્વતંત્રતાને સિદ્ધ કરે છે. જો એકત્વ ન હોય તો સ્વતંત્રતા ન હોય.

આત્મસ્વભાવની એકત્વમાં જ તેની શુદ્ધતા, સંપૂર્ણતા અને સ્વતંત્રતા હોવાથી એકત્વમાં જ તેની શોભા, સુંદરતા અને સુસંવાદિતા છે. આપણા આત્માના એકત્વસ્વરૂપને જાણી, સ્વીકારીને તેનો આશ્રય કરવાથી આત્માની અવસ્થા પણ સ્વભાવ જેવી શુદ્ધ, સંપૂર્ણ અને સ્વતંત્ર થાય છે. અને અન્ય પ્રકારે જોડાણ કે બંધથી વિભાવની ઉત્પત્તિ થાય છે. વિભાવદશા અશુદ્ધ, અપૂર્ણ અને પરાધીન હોવાથી તેમાં આત્માની અશોભા, અસુંદરતા અને વિસંવાદિતા છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાંદ્ધદ્ધ

એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં, તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં.

ભાવાર્થ : નિશ્ચયથી શુદ્ધાત્મસ્વભાવના એકત્વમાં જ તેની શોભા કે સુંદરતા લોકમાં સર્વત્ર છે. તેથી પરસંયોગોના નિમિત્તે ઉત્પન્ન થતા સંયોગીભાવોના બંધની કથા તે એકત્વની શોભા કે સુંદરતામાં વિસંવાદ કે વિરોધ કરનારી છે. (સમયસાર : ગાથા ૩)

એકત્વભાવનાની ચિંતવન પ્રક્રિયા

અનેક પ્રકારના સાનુકૂળ સંયોગોની વચ્ચે હોવા છતાં પણ કોઈ પોતાના સુખ-દુઃખનો ભાગીદાર નથી, તેથી પોતાનો કાંઈ સાથી કે સહાયક ન હોવાથી પોતે એકલો જ છે પરંતુ પોતાના આત્માના એકત્વસ્વરૂપના આશ્રયે જ પોતાનું અનાદિનું દુઃખ ટળી શાશ્વત સુખની પ્રાપ્તિ હોવાથી તે જ પોતાનો સાચો સાથી કે સહાયક છે. આ પ્રકારની સમજણ પૂર્વકની વારંવારની વિચારણા તે એકત્વભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

સંસારી જીવ એક સામાજીક પ્રાણી છે અને તેને સગા-સંબધી-સ્નેહી-મિત્રો જેવા સંયોગોમાં રહેવું ગમે છે. અને એકલું રહેવું ગમતું નથી. એકલું રહેવું તેને જેલ જેવું લાગે છે. કેટલાક એકલાં લોકો એકલવાયું જીવન અકારૂં લાગવાથી વૃદ્ધાવસ્થા હોય તોય જીવનસાથીની શોધ કરે છે. કોઈ એકલવાયું જીવન ટાળવા કૂતરાં-બીલાડા પાળે છે.

પુણ્યશાળી જીવ મોટાભાગે ક્યારેય એકલતા અનુભવતો જણાતો નથી. ધનવાન અને આબરૂદાર મોટા માણસની આપત્તિ સમયે સઘળો સમાજ તેની સહાય કરવા આતુર હોય છે. તેને કોઈ માર્ગ અકસ્માતની દુર્ઘટના આવી પડે તો ડોકટરોની ફોજ ખડે પગે સારવાર કરવા ઊભી રહી જાય છે. તેના મિત્રો અને પ્રસંષકો તેની તંદુરસ્તી માટે ચિંતા અને પ્રાર્થના કરે છે. તેથી બહારથી એવું લાગે કે પોતાના દુઃખના ભાગીદાર અનેક છે અને પોતે એકલો નથી. પણ વાસ્તવિક રીતે જોઈએ તો પોતાના શુદ્ધાત્મા સિવાય પોતાનો સાથી કે સહાયક કોઈ હોતું જ નથી અને દરેક પરિસ્થિતિમાં પોતે એકલો જ હોય છે.

કુંટુંબમાં એક સાથે રહેતાં લોકો માને છે કે અમે બધાં એકબીજાના સુખ-દુઃખના ભાગીદાર છીએ. પણ આ જગતમાં કોઈ પોતાના દુઃખ કે સુખની વહેંચણી કરી શકતાં નથી. નિગોદના એક જ શરીરમાં અનંત જીવો એક સાથે જ રહે છે. અને અનંત દુઃખી હોય છે. તોપણ બધાનું દુઃખ જુદું જુદું જ હોય છે. તેઓ એક સાથે જન્મે, એક સાથે જીવે અને એકસાથે મરે છે. તોપણ તેઓના જન્મ-જીવન-મરણનાં દુઃખ એક સાથે હોતાં નથી અને જુદાં-જુદાં જ હોય છે. તેઓ દુઃખમાં ભાગ પડાવતા નથી. દુઃખની જેમ સુખની બાબત જોઈએ તો લોકાગ્રે

સિદ્ધશિલા ઉપર એક ક્ષેત્રમાં અનંત સિદ્ધ ભગવંતો એક સાથે રહેલાં છે અને બધાં અનંત સુખી છે. પણ બધાંનું સુખ જુદું-જુદું જ હોય છે અને કોઇ પોતાનાં સુખની બીજાની સાથે વહેંચણી કરતું નથી. સુખ-દુઃખની જેમ દરેક બાબતમાં પોતાનો જીવ એકલો જ હોય છે.

આપણો જીવ સ્ત્રી-પુત્ર-પરિવારાદિક અનેક સંયોગોની વચ્ચે હોય તોય તે એકલો જ છે. કેમ કે, જ્યારે પણ કોઇ દુઃખ આવી પડે ત્યારે આ લોકો કોઇ મદદ કરતાં નથી કે કરી શકતાં પણ નથી. જન્મ કે મરણ પ્રસંગે પોતે અનંત દુઃખથી પીડાતો હોય ત્યારે કુંટુંબીજનો, ડોકટરો વગેરે હાજર હોવા છતાં કોઇ પોતાનું દુઃખ દૂર કરી શકતું નથી કે તેમાં ભાગ પડાવી શકતું નથી. આ બધાં સંયોગો છે પણ દુઃખમાંથી ઉગારી શકે તેવો સાથી કે સહાયક કોઇ નથી. આપણા જીવનમાં કોઇ પણ આપત્તિ આવે પડે ત્યારે તે આપણે એકલાએ જ ભોગવવી પડે છે અને તેમાં બીજા કોઇ મદદ કરી શકતા નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે કોઇ કોઇની કિંચિત્ પણ મદદ કરી શકે નહિ. સાક્ષાત્ જિનેન્દ્ર ભગવાન પણ તેના ભક્તોની ભીડ ભાંગી શકતા નથી તો બીજા પામર મનુષ્યોની શી વિશાત!



વર્તમાનપત્રમાં એવા સમાચાર ઘણીવાર જાણવા મળે છે કે ઘમાચકડી અને ઘક્કામુક્કીમાં ઘણા લોકો મૃત્યુ પામે છે. આ સમયે કુંટુંબીજનો અને મિત્રો સાથે હોવા છતાં કોઇ કોઇનો ભાવ પૂછતાં નથી અને બધાં પોતાનો જીવ બચાવવા નાસભાગ કરી મૂકે છે. અને તેમાં કચડાઇને કેટલાંય ઘાયલ થાય છે અને મૃત્યુ પણ પામે છે. આ જ બતાવે છે કે આપણાં જ સગા કે સબંધીઓ આપણાં સાથી કે સહાયક હોતાં નથી.

કેટલાંક નેતાઓ પોતાના રક્ષણ માટે પોતાની સાથે સિપાઇ રાખે છે. પણ દુશ્મનો મોટી સંખ્યામાં અને જોરાવર હોય અને તેનો સામનો ન થઇ શકે તેમ હોય ત્યારે સિપાઇ પોતાનું રક્ષણ પહેલાં વિચારે છે અને પછી નેતાનું. પ્રસુતિ સમયે ડોકટર મા કે બાળક એ બેમાંથી એકની જ જીંદગી બચી શકે તેમ છે તેવું જણાવે ત્યારે મા પોતાની જીંદગી પહેલાં બચાવવાનું જણાવે છે અને પછી બાળક બચી શકે તો બચાવવાનું કહે છે. પ્રસિદ્ધ કથા અનુસાર પૂરના પાણીમાં ફસાયેલ વાંદરી પોતાના બચ્ચાને પાણીમાં ડૂબી જતાં બચાવવા માથા ઉપર રાખે છે પણ પછી પાણી માથા સુધી વધી જતાં બચ્ચાને પાણીમાં ડુબાડી પોતે તેના ઉપર ઉભી રહી જઇને બચ્ચાના ભોગે પોતાનો જીવ બચાવવા પ્રયત્ન કરે છે.

મરણ પછી સગા-સબંધીઓ સ્મશાન સુધી આવે છે પણ પોતાની પાછળ કોઇ મરતું નથી. મોહના કારણે સ્ત્રી-પુત્ર-પરિવાર થોડા દિવસ રડે છે. પણ તે પોતાના રાગને કારણે રડે છે અને પોતાની સગવડતા છીનવાઇ ગઇ તેને રડે છે. પણ પોતે પરિવાર માટે પૈસા કમાવવા પાપ કર્યું અને તેથી મરીને ઢોરમાં ગયો તે માટે કોઇ રડતું નથી.

કોઇ મેળામાં કે મુસાફરીમાં અનેક માણસો આપણાં સંગાથી હોય છે પણ તેમાં સાથી કોઇ હોતું નથી. તેમ સત્તા-સંપત્તિ, સગા-સબંધી જેવા અનેક સંયોગો હોવા છતાં તેમાં કોઇ સાથી કે સહાયક નથી. તેથી પોતે એકલો જ છે. જન્મ-મરણ સમયે એકલો છે તેમ જીવનના દરેક પ્રસંગોમાં અને કોઇ પણ અવસ્થામાં પોતે એકલો જ હોય છે. તે એકત્વ ભાવનાની ચિંતવના પ્રક્રિયા છે.

બહારના અનેક સંયોગોની વચ્ચે પણ કોઇ આધાર, શરણ કે સહાયરૂપ ન હોવાથી પોતે એકલો છે પરંતુ પોતાને સાચો આધાર, શરણ કે સહાયરૂપ હોય તો તે પોતાનો એકત્વરૂપ સ્વભાવ છે. પોતાના આત્માના એકત્વરૂપ ત્રિકાળસ્વભાવના આશ્રયે જ આત્માની સાચી શાંતિ-સુખ હોય છે. તેથી પોતાના કોઇ પણ કાર્ય કે પ્રયોજન માટે બહારના સંયોગોનો સાથ શોધવાને બદલે પોતાના એકત્વસ્વભાવને જ ઓળખીને તેનો આશ્રય કરવો તે જ એકત્વ-ભાવનાની ચિંતવનની પ્રક્રિયાનું ચરમબિંદુ છે.

એકત્વભાવનાનું સાધન કે કારણ

અનેક પ્રકારના સંયોગોની વચ્ચે પણ પોતે અશરણ અને અસહાય હોવાથી એકલો છે. અને એકત્વસ્વરૂપી શુદ્ધાત્મા જ શરણ અને સહાય હોવાથી પરસંયોગોથી લક્ષ હઠાવી શુદ્ધાત્માનું જ લક્ષ કરવું. એકત્વભાવનાના અભ્યાસથી આ પ્રકારની યથાર્થ સમજણ કેળવવી તે જ એકત્વભાવનાના ચિંતવનનું સાધન કે કારણ છે.

સંસારી જીવના જન્મ-મરણ, સુખ-દુઃખ, ધરમ-કરમ, બંધ-મોક્ષ, પુણ્ય-પાપ અને તેનાં ફળ, સ્વર્ગ-નરકગમન જેવા કોઇ પણ પ્રસંગ કે અવસ્થામાં આપણો આત્મા એકલો જ હોય છે. અનેક સગા-સંબંધી-સ્નેહીઓ અને સત્તા-સંપત્તિ-સન્માન જેવા સંયોગો હોય તોપણ તેઓ આપણને આપત્તિ સમયે કે બીજી કોઇ બાબતમાં બિલકુલ મદદ કરતા નથી કે કરી શકતાં પણ નથી. આ પ્રકારની સમજણ એકત્વભાવનાનું કારણ કે સાધન બને છે.

પોતે બીમાર હોય અને વેદનાથી પીડાતો હોય ત્યારે સ્ત્રી-પુત્ર- પરિવાર, દવા-દવાખાના-ડોકટર વગેરે પોતાની સેવા અને સારવાર માટે ખડે પગે હાજર હોય તોપણ તેઓ કોઇ પોતાનું દુઃખ દૂર કરી શકતા નથી કે તેમાં કિંચિત્ પણ ભાગ પડાવી શકતા નથી. પોતાનું દર્દ અને દુઃખ પોતે એકલાએ જ ભોગવવું પડે છે. આ બાબત દરેક પ્રસંગ કે ઘટનામાં લાગુ પડે છે.

સંસારની કહેવાતી સુખ-સંપત્તિમા ભાગ પડાવવા સૌ કોઇ દોડી આવે છે પણ દુઃખના પ્રતિકૂળ પ્રસંગે કોઇ ઊભું રહેતું નથી. નજીકના સગા-સબંધી પણ સંગાથ છોડી જાય છે. અને જે સંગાથ રાખે છે તે પણ પોતાને કોઇ સહાય કરી શકતું નથી. તેથી આ જગતમાં કોઇ કોઇનો સાથી કે સહાયક હોતો જ નથી અને તેથી પોતે એકલો જ હોય છે તે બાબત એકદમ સ્પષ્ટ છે.

પોતે કરેલ પુણ્ય-પાપના કર્મફળને ભોગવતો સંસારી જીવ એકલો જ હોય છે. પુણ્યનો ઉદય હોય ત્યારે પરસંયોગો સહાયક થતા ભાસે છે. તોપણ વાસ્તવમાં તે સમયે પણ કોઇ સહાયક હોતું નથી. પાપના ઉદય સમયે તે જ પરસંયોગો કિંચિત્ પણ સહાયક થઇ શકતા જણાતા નથી. તેથી આ સઘળાં પરસંયોગો વચ્ચે પોતે એકલો જ છે તે સમજી શકાય છે.

આ જગતમાં સ્ત્રી-પુત્ર-મિત્રાદિક પરસંયોગો આજીવિકા માટે એકઠી થયેલી ધુતારાઓની ટોળી કે એક ભાગીદારી પેઢી સમાન છે. ભાગીદારી પેઢીનો કોઇ ભાગીદાર કામ ન કરી શકે તો તેને છૂટો કરી દેવામાં આવે છે.ભાગીદારી પેઢી જેવા પરિવારમાં કોઇ સભ્ય નકામો જણાય તો તેનો કોઇ ભાવ પૂછતું નથી. ધુતારાની ટોળી સમાન પરિવારમાં બધાં સ્વાર્થના જ સગા હોય છે. ખીસામાં પૈસા અને શરીરમાં લોહી હોય ત્યાં સુધી જ પત્નિને પતિ પ્યારો લાગે છે અને ન હોય તો શેરડીના કૂચા જેવો નિરસ જણાય છે. વૃદ્ધાવસ્થાની

લાંબી બિમારી, ખર્ચા અને સારવારથી કંટાળી પરિવારના સભ્યો પણ આની *'માટી ટાઢી થાય* તેમ અંદરખાને ઇચ્છે છે.

સંસારી જીવને પરસંયોગોની વચ્ચે વસવું ગમે છે અને એકલું ગમતું નથી. પણ આ પરસંયોગોમાં કોઇ પોતાનો સાથી કે સહાયક ન હોવાથી પોતે એકલો જ છે. તેથી કોઇ પરસંયોગોનું પ્રયોજન રાખવા જેવું નથી.

આ પરસંયોગોના લક્ષે ઉત્પન્ન થતો રાગાદિ સંયોગીભાવ એ જ આત્માનો સંસાર છે. તેથી સંસારનો અભાવ કરવો હોય તેણે સંયોગો અને સંયોગીભાવોનું લક્ષ છોડી પરથી વિભક્ત અને પોતાના અનંતગુણોથી એકત્વ ધરાવતા એકત્વ-વિભક્ત એવા શુદ્ધાત્મ-સ્વભાવનું જ પ્રયોજન અને લક્ષ રાખવા જેવું છે. એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવ જ પોતાનો આધાર કે શરણરૂપ હોવાથી તે જ પોતાનો સાચો સાથી કે સહાયક છે.

અનેક પરસંયોગોની વચ્ચે પણ પોતે અસહાય હોવાથી એકલો જ છે. અને પોતાનો એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવ જ પોતાને સહાયક છે તેમ સમજી પરસંયોગો પ્રત્યેનું લક્ષ હટાવી પોતાની અંદરના એકત્વસ્વરૂપના આશ્રયે આત્મહિત સાધવાની સમજણ કેળવવી તે જ બાબત એકત્વભાવનાના ચિંતવન માટેનું સાધન કે કારણ છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

એકત્વભાવનાનો અભ્યાસ દરેક પ્રસંગ કે અવસ્થામાં આત્માનું એકલાપણું દર્શાવે છે. અનેકાંતસ્વરૂપ આત્મા પોતાના શુદ્ધાત્મસ્વભાવનું એકત્વ કાયમ રાખીને જુદી-જુદી અનેક અવસ્થાઓપણે પરિણમે છે. આ અવસ્થા જન્મ-મરણ, સુખ-દુ:ખ, બંધ-મોક્ષ જેવી કોઇ પણ હોય તેનો કર્તા-હર્તા પોતે જ છે. દરેક અવસ્થાનું પરિણમન પોતાના અવળા કે સવળા પુરુષાર્થના પરિણામે હોય છે અને તેમાં અન્ય કોઇ સંયોગો સહાયક કે ઉપકારી હોતા નથી. તેથી આવા સંયોગોની વચ્ચે પણ પોતાનું એકલાપણું એટલે કે એકત્વ છે.

વ્યવહારથી સ્ત્રી-પુત્રાદિ પરસંયોગોથી પોતે ભિન્ન હોવાથી તેઓ પોતાને કોઇ આધાર કે શરણ આપી શકતા નથી. આધાર કે શરણ આપ્યા વિના તેઓ કોઇ સહાય કરી શકતા નથી. તેથી આ સંયોગોની વચ્ચે પણ આત્માનું એકત્વ વ્યવહારથી કહેવાય છે. નિશ્ચયથી એકત્વમાં પોતાની ભિન્ન-ભિન્ન અવસ્થાઓ, અનેક ગુણભેદો વગેરેમાં પણ પોતાના શુદ્ધાત્મસ્વભાવનું અખંડ, અભેદ, એકરૂપપણું છે. શુદ્ધાત્મસ્વભાવના નિશ્ચય એકત્વથી પોતે અભિન્ન હોવાથી તે પોતાને આધાર કે શરણરૂપ છે અને તેથી તે પોતાને સહાયરૂપ છે. નિશ્ચય એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીના સઘળાં પારમાર્થિક પ્રયોજનો સિદ્ધ થાય છે.

આ પ્રકારની વસ્તુસ્વરૂપની સાચી સમજણ એકત્વભાવનાના અભ્યાસથી આવે છે.

કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ?

અનાદિ અજ્ઞાની જીવ સાંસારિક સંયોગોને પોતાના સહાયક માની તેને શોધવા, સાચવવા અને સંભાળવામાં પોતાનું જીવન વ્યર્થ વેડફી નાખે છે. પણ સ્ત્રી-પુત્ર-પરિવાર જેવા ચેતન

સંયોગો કે સત્તા-સંપત્તિ-સન્માન જેવા અચેતન સંયોગો પોતાને જરાય સહાયકારી નથી. આ બધાં સંયોગોની વચ્ચે પણ પોતે એકદમ અસહાય જ હોય છે. પોતાના જન્મ-મરણ, સુખ-દુઃખ, સ્વર્ગ-નરકગમન જેવા પ્રસંગો કે અન્ય કોઇ પણ અવસ્થામાં આવા સંયોગો પોતાને કિંચિત્ પણ કાર્યકારી હોતા નથી.

એકત્વભાવનાનો અભ્યાસ આપણને સમજાવે છે કે, માત-પિતા હોય છે પણ તેઓ આપણા પાલક હોતા નથી. ભાઇ-ભાડુંઓ સમર્થ હોય છે પણ સંકટ સમયે અસમર્થ પુરવાર થાય છે. પત્નિ પ્રબુદ્ધ હોય છે પણ આપત્તિ આવે ત્યારે અબુધ બની જાય છે. પુત્રો સફળ અને સબળ કહેવાય છે પણ પોતાના દુઃખ-દર્દ મટાડવામાં તેઓ નિષ્ફળ અને નિર્બળ જ નીવડે છે. પરિવારજનો પરસ્પર આધાર આપનારા કહેવાય છે પણ પીડા સમયે તેઓ નિરાધાર જ હોય છે. સમાજ મોટો છે પણ પોતાના [૨]*પરિત્રાણ* માટે પડકારો થાય ત્યારે નાનો છે. સગા ઘણાં છે પણ તેમાં સહાયક કોઇ નથી. સ્નેહી-સબંધીઓ અનેક છે પણ ઉપયોગી એકેય નથી. મિત્રવૃંદ વિશાળ છે પણ મદદગારમાં મીંડું છે. સેવકો સેવા કરે છે પણ તે કાંઇ ફળદાયી થતી નથી. ડોકટરો સારવાર કરે છે પણ દર્દ મટાડી શકતા નથી. રક્ષકો ખડે પગે ઊભા છે તોપણ રક્ષા કરી શકતા નથી. પૈસો પારાવાર છે પણ કોઇ કામનો નથી. સત્તા સર્વોપરી છે તોય તે શરણરૂપ નથી. આ રીતે કોઇ પણ પ્રકારના સંયોગો કોઇ પણ પ્રકારે કાર્યકારી હોતા નથી.

તેથી આવા સાંસારિક સંયોગો પ્રત્યે ઉપેક્ષા અને ઉદાસીનતા આવે છે. જેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે. આ પ્રકારે એકત્વભાવનાનો અભ્યાસ સંસાર પ્રત્યેના તીવ્ર વૈરાગ્યનું કારણ બને છે.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

એકત્વભાવનાના અભ્યાસનું પ્રયોજન આત્માનું વ્યવહારથી અને નિશ્ચયથી એકત્વસ્વરૂપ ઓળખાવી વસ્તુસ્વરૂપની સાચી સમજણપૂર્વક સંસાર પ્રત્યેનો વૈરાગ્ય ઉત્પન્ન કરાવવાનું છે. એકત્વભાવનાના અભ્યાસનું અસાધારણ અને મુખ્ય ફળ આ પ્રમાણે છે:-

૧. એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ કરાવે છે.

૨. પરસંયોગોની નિરર્થકતા અને શુદ્ધાત્મ-સ્વભાવની સાર્થકતા દર્શાવે છે.

૧. એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ કરાવે છે.

એકત્વભાવનામાં આત્માના એકત્વનું ચિંતવન છે, જે બે પ્રકારે છે. એક લૌકિક પ્રકારે કે વ્યવહારથી એકત્વ અને બીજું પારમાર્થિક પ્રકારે કે નિશ્ચયથી એકત્વ. એકત્વભાવનાનો અભ્યાસ આત્માના વ્યવહાર એકત્વ દ્વારા નિશ્ચય એકત્વસ્વરૂપી શુદ્ધાત્માની ઓળખાણ કરાવે છે.

આત્માનું વ્યવહારથી એકત્વ એટલે સુખ-દુઃખ જેવી દરેક અવસ્થાઓમાં પરસંયોગોની વચ્ચે અસહાયપણું હોવાથી એકલાપણું તે એકત્વ અને નિશ્ચયથી એકત્વ એટલે સુખ-દુઃખ જેવી ભિન્ન-ભિન્ન અનેક અવસ્થાઓમાં આત્માનું એકરૂપપણું તે એકત્વ છે. અનેકાંતસ્વરૂપી આત્માની ઓળખાણ આ બે પ્રકારના એકત્વ

પૈકી કોઇ પણ એક પ્રકારે શક્ય છે.

વ્યવહારથી એકત્વ સુખ-દુઃખ જેવી અનેક અવસ્થાઓ સહિતનો આત્મા છે. આત્માની અવસ્થા ક્ષણિક, પલટતી, અનેકરૂપ, વિસદૃશ અને વર્તમાનમાં અશુદ્ધ છે તેથી તે આત્માની સાચી ઓળખાણ નથી.

નિશ્ચયથી એકત્વપણે આપણો આત્મા એકરૂપ, સદૃશ, શાશ્વત અને ત્રૈકાળિક પરિપૂર્ણ સામર્થ્યથી સભર છે. આ એકત્વપણે આત્મા ત્રિકાળ શુદ્ધ, સંપૂર્ણ અને સ્વતંત્ર હોવાથી તે આત્માની સાચી શોભા, સુંદરતા અને સુસંપાદિતા છે. તેથી તે આત્માની સાચી ઓળખાણ છે. તેના આશ્રયે જ પારમાર્થિક આત્મહિતની સાધના થાય છે. અને સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે.

એકત્વભાવનાનો અભ્યાસ કરવાથી સમજાય છે કે, સૌ પ્રથમ આપણો આત્મા તેની સુખ-દુઃખ, શુભ-અશુભ જેવી દરેક અવસ્થામાં સ્ત્રી-પુત્ર-પરિવારાદિ, સત્તા-સંપત્તિ-સન્માનાદિ જેવા પરસંયોગોથી અત્યંત ભિન્ન, નિરાધાર, અશરણ છે. તેથી તે તેની વચ્ચે પણ અસહાય છે. તેથી તે વ્યવહારથી એકલો છે. આ પ્રકારે વ્યવહારથી એકત્વને સમજ્યા પછી તેના આધારે સમજી શકાય તેવું આત્માની સુખ-દુઃખ, શુભ-અશુભ જેવી અવસ્થાઓને આધારભૂત અંદરમાં એકત્વરૂપ સામાન્ય શુદ્ધાત્મસ્વભાવ હોય છે. આ શુદ્ધાત્મસ્વભાવ આત્માથી તદ્દન તન્મય, આધારભૂત અને સાચું શરણ છે. તેથી તે આત્માને સહાયભૂત છે. તેથી તે આત્માનું નિશ્ચયથી એકત્વ છે. આ નિશ્ચય એકત્વરૂપ શુદ્ધાત્મસ્વભાવ જ સાચો આધાર, શરણ અને સહાયભૂત હોવાથી તેનાથી આત્માની સાચી ઓળખાણ છે. આ રીતે એકત્વભાવનાનો અભ્યાસ એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ કરાવે છે.

૨. પરસંયોગોની નિરર્થકતા અને શુદ્ધાત્મસ્વભાવની સાર્થકતા દર્શાવે છે.

પોતાની કોઈ પણ બાબતમાં જે બિલકુલ બિનઉપયોગી, બિનપ્રયોજનભૂત, અશરણ કે અસહાય હોય તેને નિરર્થક કહે છે. અને તેનાથી વિરુદ્ધ, જે તદ્દન ઉપયોગી, પ્રયોજનભૂત, શરણભૂત કે સહાયકારી હોય તેને સાર્થક કહે છે. એકત્વભાવનાનો અભ્યાસ પરસંયોગોની નિરર્થકતા અને પોતાના શુદ્ધાત્મસ્વભાવની સાર્થકતા દર્શાવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના કહેવા અનુસાર સઘળાં સિદ્ધાંતનો સાર **પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ને ટચ, આટલું કર તો બસ છે.** પરંતુ પરથી ખસી ને સ્વમાં વસવા માટે પરસંયોગોની નિરર્થકતા અને શુદ્ધાત્મસ્વભાવની સાર્થકતા સમજવી જરૂરી છે. જે સમજવા માટે એકત્વભાવનાનો અભ્યાસ કાર્યકારી છે.

સ્ત્રી-પુત્ર-પરિવારાદિ પરસંયોગો હોય તોપણ તે પોતાના જન્મ-મરણ, સુખ-દુખ, બંધ-મોક્ષ જેવા કોઇપણ પ્રસંગ કે અવસ્થામાં બિલકુલ કાર્યકારી નથી. પોતે એકલો જ કર્મને બાંધે છે, એકલો જ કર્મનું ફળ ભોગવવા જન્મે છે, જીવે છે અને મરે છે. સ્વયં એકલો જ સંસારમાં રખડે છે અને એકલો જ તે સંસારના બંધનમાંથી મુકત થઇ મોક્ષમાર્ગ દ્વારા મોક્ષને પામે છે. તેથી બંધ-મોક્ષ જેવી કોઇ પણ બાબતમાં અન્ય કોઇ પરસંયોગો જરાય ઉપકારી નથી. વાસ્તવમાં પરસંયોગો આત્માને ઉપકારી બનવાને બદલે

તેના લક્ષે આત્મામાં રાગદ્વેષાદિ સંયોગીભાવો જ થાય છે, જે આત્માને અત્યંત દુઃખરૂપ હોય છે. આ રીતે પરસંયોગોની નિરર્થકતા દર્શાવવામાં એકત્વભાવનાનો અભ્યાસ કાર્યકારી છે.

વળી આ એકત્વભાવનાના અભ્યાસથી આ અગાઉ જોઇ ગયા તે મુજબ એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ થાય છે. આ શુદ્ધાત્મસ્વભાવ અનંતગુણોનો નિધાન અને પરિપૂર્ણ સામર્થ્યથી સભર હોય છે. શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે સ્વભાવ જેવી શુદ્ધ અને પરિપૂર્ણ પર્યાય પ્રગટે છે. અનાદિકાળનું દુઃખ દૂર થઇ આત્મિક અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે. સંસારનો જ સમૂળગો અભાવ થઇ મોક્ષમાર્ગ અને મોક્ષદશાનો સદ્‌ભાવ થાય છે. આ રીતે પોતાનો શુદ્ધાત્મસ્વભાવ જ તદ્દન ઉપયોગી, પ્રયોજનભૂત, શરણભૂત અને સહાયકારી હોવાથી તેની સાર્થકતા છે. શુદ્ધાત્મસ્વભાવની આવી સાર્થકતા સમજવા માટે એકત્વભાવનાનો અભ્યાસ ઉપયોગી છે.

ઉપર મુજબ એકત્વ ભાવનાનો અભ્યાસ પરસંયોગોની નિરર્થકતા અને શુદ્ધાત્મસ્વભાની સાર્થકતા દર્શાવનારો છે.

ઉપસંહાર

કોઇ પણ બાબતમાં આપણા આત્માને અન્ય કોઇ સાથી કે સહાયક ન હોવાથી તે એકલો જ છે. તે એકલો જ પોતાના કર્માનુસાર જન્મમાં પ્રવેશે છે, કર્મના ફળને ભોગવતો જીવન વિતાવે છે અને આયુષ્ય પૂરું થતા મરે છે. તે સમયે સ્ત્રી-પુત્ર-પરિવારાદિ અનેક પરસંયોગો હોય તોપણ તે કોઇ પ્રકારે ઉપકારક થઇ શકતા નથી. વાસ્તવમાં સ્ત્રી-પુત્ર-પરિવારાદિ પરસંયોગના લક્ષે આત્મામાં રાગાદિ સંયોગીભાવો જ થાય છે. જે આત્માને આકુળતા અને દુઃખ ઉપજાવનારા હોય છે. અસંયોગી એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવના લક્ષે જ આત્માની સુખ-શાંતિ હોય છે. તેથી પારમાર્થિક સુખ-શાંતિ માટે અંદરમાં એકત્વસ્વરૂપી શુદ્ધાત્માનું લક્ષ અને તે માટે બહારમાં પરસંયોગોથી અળગાપણું ઉપયોગી છે. પારમાર્થિક કાર્ય એકાંતમાં થાય છે તેટલું સ્ત્રી-પુત્ર-પરિવારાદિના સંયોગમાં થતું નથી. બહારમાં એકાંતવાસમાં અને અંદરમાં એકત્વસ્વરૂપના લક્ષે પોતાની સુંદરતા, શોભા, શુદ્ધતા અને સુસંવાદ છે. અને પરસંયોગોના લક્ષે અસુંદરતા, અશોભા, અશુદ્ધતા અને વિસંવાદ છે. પોતાના વ્યવહાર- નિશ્ચય એકત્વસ્વરૂપની ઓળખાણ કરી પરસંગોથી પૃથ્થક થઇ પોતાના એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે આત્મહિત સાધવું એ જ એકત્વભાવનાનો આશય છે. આચાર્યશ્રી યોગીન્દુદેવના શબ્દોમાંઃઃઃ

(દોહરા)

જન્મ-મરણ એક જ કરે, સુખ-દુખ વેદે એક;
નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક

જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;
આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષ સુખ થાય.

ભાવાર્થ : જીવ તેના જન્મ-મરણ, સુખ-દુઃખ કે નરક નિર્વાણગમન જેવા દરેક પ્રસંગમાં હંમેશાં એકલો જ હોય છે.

હે જીવ ! જો તું દરેક અવસ્થામાં ખરેખર એકલો જ છો, તો તું પર સંયોગો અને તેના લક્ષે થતા પરભાવોને છોડ અને જ્ઞાયક આત્માના એકત્વનું જ ધ્યાન કર, જેથી તું શીઘ્ર જ મોક્ષસુખને પામીશ. (યોગસાર : દોહરો નં. ૬૯,૭૦)

નમિરાજની એકત્વસિદ્ધિ



મિથિલાનગરીના નરેશ નમિરાજની કિર્તી ચોમેર ફેલાયેલી હતી. અનેક ગુણોના નિકેતન અને કામદેવ જેવું સૌંદર્ય ધરાવતા નમિરાજ અનેક યૌવનવંતી સોહામણી અને સુશીલ રાણીઓના સ્વામી હતા. મહાપુણ્યશાળી અને સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા હોવા છતાં મિથિલાનરેશને પૂર્વ પાપકર્મના ઉદયે શરીરમાં ભયંકર દાહજ્વરની ઉત્પત્તિ



થઇ. આખું શરીર ભડકે બળતું હોય તેવી તીવ્ર બળતરા થવા લાગી. રોમેરોમ હજારો વીંછીઓનાં ડંખ જેવી વેદના વ્યાપી ગઇ. અનેક ઉપચાર કરવામાં આવ્યા તોય રોગ તો વધતો જ ચાલ્યો. તેથી નિપુણ વૈદ્યોપણ નાસિપાસ થયા. મહારાજા પણ મહાવ્યાધિથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા.

દેશદેશાવરમાં દાહજ્વર મટાડી શકે તેવાની શોધ કરવા માટે ઢંઢોરો પીટવામાં આવ્યો. ત્યારે એક મહાકુશળ વૈદ્ય મળી આવ્યા. તેમણે દાહજ્વરને મટાડવા માટે આખા શરીરે મલયાગરુ ચંદનનું વિલેપન કરવાનું સૌ પ્રથમ સૂચન કર્યું.

મનોરમા રાણીઓ તુરત જ ચંદનને ઘસવા લાગી ગઇ. ચંદન ઘસવાથી હાથમાં પહેરેલાં કંકણોનો ખખડાટ થવા લાગ્યો. નમિરાજના અંગમાં એક દાહજ્વરની વેદના તો હતી ત્યાં બીજી આ કંકણોના કકળાટથી ઉત્પન્ન થઇ. તેથી તેમણે રાણીઓને કહ્યું કે, તમારો આ કંકણોનો કોલાહલ મારી વેદનામાં વધારો કરે છે. માટે તમે આ કામ ન કરો. રાણીઓએ સૌભાગ્યના પ્રતિક પૂરતું એક કંકણ હાથમાં પહેરી રાખી બીજા કંકણોને દૂર કર્યા. એટલે કોલાહલ શાંત થયો. નમિરાજે રાણીઓને પૂછ્યું, તમે શું ચંદન ઘસવાનું બંધ કર્યુ ?

રાણીઓએ જણાવ્યું કે, ના; માત્ર કોલાહલ શાંત કરવા માટે એક જ કંકણ પહેરી અને બીજા કંકણોને કાઢી નાખી અમે ચંદન ઘસીએ છીએ. તેથી અવાજ થતો નથી.

રાણીઓની આ વાત સાંભળી મહારાજા ઊંડા મનોમંથનમાં ડૂબી ગયા:

"અરે ! એક કંકણથી અવાજ આવતો નથી તે બાબત મને જ પ્રતિબોધવા માટે જણાય છે. બગડે બે. એટલે કે બેપણામાંજ બગાડો હોય છે. આ બાબત મારા આત્માને પણ લાગુ પડે છે.

મારો આત્મા એકત્વસ્વરૂપી છે. એકત્વ–સ્વરૂપી શુદ્ધાત્મા તેની શુભાશુભ અવસ્થાઓથી પણ ભિન્ન છે. તો આ શરીર અને તેના દાહજ્વરથી તો તદ્દન ભિન્ન છે. મારો આત્મા ઉનો થઇ શકતો જ નથી અને થતો પણ નથી. માત્ર ઉનાપણાનું જ્ઞાન કે તેના લક્ષે થતો રાગ જ આત્મામાં થાય છે. હું આ દાહજ્વરના ઉનાપણાનું જ્ઞાન કરવાને બદલે મારા એકત્વસ્વભાવને ચૂકીને દાહજ્વરના સંયોગોના લક્ષે રાગદ્વેષાદિ વેદનારૂપ સંયોગીભાવને કરું છું.

અરે ચેતન ! તારા એકત્વસ્વરૂપમાં જ તારી શોભા છે, સુંદરતા છે, સુખ છે, શાંતિ છે. તું આ અસંયોગી એકત્વસ્વભાવને છોડીને સંયોગી શરીરનું લક્ષ કરીને વેદનાયુક્ત સંયોગીભાવને શા માટે ઉત્પન્ન કરે છે ?

આ કુશળ વૈદ્ય, મનોહર રાણીઓ અને ચંદનનો લેપ મારા આત્માથી અત્યંત ભિન્ન છે. અને તેઓ કોઇ આ વેદના દૂર કરવા માટે બિલકુલ અસહાય છે. તેથી આ બધાંની વચ્ચે પણ હું એકલો જ છું. આત્માનું એકત્વસ્વરૂપ જ સહાયરૂપ છે. તેના લીધે જ આ વેદનાનો અભાવ છે. આત્માની શાંતિ અને સુખ છે. આ સામ્રાજ્ય અને સમૃદ્ધિ આત્માની અશાંતિ અને દુઃખનું જ

કારણ છે. તેનો ત્યાગ કર અને આત્માના એકત્વ–સ્વરૂપનું જ ગ્રહણ કર. આત્માના એકલાપણાનો સ્વીકાર કરીને તેના એકત્વ–સ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવની જ સિદ્ધિ કર.

કંકણ અનેક હતા ત્યારે અશાંતિ હતી અને એક થતા શાંતિ થઇ. કંકણની પેઠે જ્યાં સુધી તું પણ એકલો નહિ થા અને રાજપાટ કે રાણીઓના મોહમાં પડ્યો રહીશ ત્યાં સુધી ભવોભવનાં દુઃખો ભોગવતો રહીશ. બહારમાં રાજપાટાદિ રહિત એકાંતવાસ અને અંદરમાં એકત્વ–સ્વરૂપની સાધના કરીને આત્માની શાંતિ સાધી શકાય છે. તેથી હે ભવ્ય ! આ એકત્વની સિદ્ધિ માટે કટિબદ્ધ થા.''

નમિરાજના આવા પ્રકારના એકત્વભાવનાના ચિંતવનથી જ પૂર્વ કર્મનો ઉદય શાંત થયો. ચંદનના વિલેપન વગર જ તેમના શરીરમાં શીતળતા વ્યાપી ગઇ અને દાહજવર દૂર થયો.

પ્રભાત થતાં જ નમિરાજે એકત્વભાવનાના ચિંતવનના કારણે ઉત્પન્ન થયેલ જ્ઞાનપૂર્વકના વૈરાગ્યના બળે એકત્વની સિદ્ધિ માટે સંસારનો ત્યાગ કરી મુનિદીક્ષા અંગીકાર કરી.

એકત્વની સિદ્ધિ સાધનાર નમિરાજ મુનિવરને અનેકાનેક નમસ્કાર !

ટિપ્પણ

૧. **માટી ટાઢી થાય** શરીર ઠંડુ થાય, મરી જાય. ● ૨. **પરિત્રાણ** સંરક્ષણ, બચાવ.

સંદર્ભ ગ્રંથો

● ૧. દ્વાદશાનુપ્રેક્ષા : ગાથા ૧૪ થી ૨૦; ● ૨. સ્વામીકાર્તિકેયાનુપેક્ષા : ગાથા ૭૪ થી ૭૯; ● 3. ભગવતી આરાધના : ગાથા ૧૭૪૨ થી ૧૭૪૮; ● ૪. જ્ઞાનાર્ણવ : સર્ગ ૨: શ્લોક ૮૪ થી ૯૪; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૦૦, ૭૦૧; ● ૬. ત ત્ત્વાર્થસાર : ગાથા 3૪; ● ૭. તત્ત્વાર્થરાજવાર્તિક : ૯/૭, ૪/૬૦૧; ● ૮. સર્વાર્થસિદ્ધિ : ૯/૭/૪૧૫; ● ૯. સમણસુત્તમ : ગાથા ૫૧૫ થી ૫૧૮; ● ૧૦. પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય ૪, શ્લોક ૧૮ થી ૨૪; અધ્યાય ૬, શ્લોક ૪૮; ● ૧૧. અનગાર ધર્મામૃત : અધ્યાય ૬, ગાથા ૬૪, ૬૫; ● ૧૨. ગુરુ દેવશ્રીનાં વચનામૃત : નં.૧૦૭; ● ૧૩. બહેનશ્રીનાં વચનામૃત : નં.૩૫૭; ● ૧૪. સમયસાર : ગાથા 3, 3૮, ૭3, ૧૯૮, ૧૯૯, ૨૦૦; ● ૧૫. સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક : ૬, ૭; ● ૧૬. નિયમસાર : ગાથા ૧૦૧, ૧૦૨; ● ૧૭. સમયસાર નાટક: જીવદ્વાર : છંદ ૨૦, 33; ● ૧૮. મોક્ષપાહુડ : ગાથા ૮૧; ● ૧૯. હરિવંશપુરાણ : સર્ગ ૫૮, શ્લોક ૧૨; ● ૨૦. યશસ્તિલકચંપૂકાવ્ય : અધિકાર ૨, શ્લોક : ૧૧૯; ● ૨૧. યોગસાર : દોહરો ૬૯, ૭૦; ● ૨૨. જૈ.સિ.કોશ : ભાગ ૧ : અનુપ્રેક્ષા : ૧/૮, પાનુ ૭૪; ૪/૮, પાનુ-૭૯.

એકત્વભાવનાની કથા : નમિરાજની એકત્વસિદ્ધિ : ૨.શ્રીમદ્‌રાજચંદ્ર : વર્ષ ૧૭મું : ભાવનાબોધ : એકત્વભાવના : પાનુ ૪૦થી ૪3.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુના ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. પોતે ક્યારે એકલો હોય છે ? ૧. ☐

A:: પ્રત્યેક પળે B:: પાપનો ઉદય હોય ત્યારે
C:: સ્ત્રી-પુત્રાદિ ન હોય ત્યારે D:: આપત્તિ આવે ત્યારે

૦૨. કયા કારણે કોઇને કોઇનો સહકાર કે સહયોગ સાંપડતો નથી ? ૨. ☐

A:: સમયનો અભાવ B:: માનવતાનો અભાવ
C:: વસ્તુનું અનેકાંતસ્વરૂપ D:: મતલબી જીવન

૦૩. આત્માનો કયો અંશ તેનું પારમાર્થિક પ્રકારે એકત્વ છે ? ૩. ☐

A:: સમુચ્ચય દ્રવ્ય B:: ધ્રુવ દ્રવ્ય
C:: સહભાવી ગુણ D:: ક્રમભાવી પર્યાય

૦૪. સમયસાર શાસ્ત્રમાં કોની પારાયણ છે ? ૪. ☐

A:: આત્મા B:: નવતત્ત્વ C:: કર્તા D:: એકત્વ

૦૫. આત્મસ્વભાવની એકત્વના કારણે શું હોવું નથી? ૫. ☐

A:: સ્વતંત્રતા B:: શુદ્ધતા C:: સંપૂર્ણતા D:: પરાધીનતા

૦૬. શેના અભાવે પોતે એકલો કહેવાય છે ? ૬. ☐

A:: મિત્રો કે પ્રશંસકો B:: સત્તા કે સંપત્તિ
C:: સગા કે સંબંધી D:: સાથી કે સહાયક

૦૭. પોતાના મરણ પછી પરિવારના સભ્યો શા માટે રડે છે? ૭. ☐

A:: પોતે પોતાનું આત્મહિત ચૂકી ગયો તેથી
B:: પરિવાર માટે પાપ કરીને ઢોરમાં ગયો તેથી
C:: પોતાની પાછળ લીલી વાડી મૂકીને ગયો તેથી
D:: પોતાના પ્રત્યેના રાગના કારણે

૦૮. સ્ત્રી-પુત્ર-મિત્રાદિક શું નથી ? ૮. ☐

A:: સ્વાર્થના જ સગા B:: સુખ-દુઃખના ભાગીદાર
C:: ધુતારાઓની ટોળી D:: આજીવિકા માટેની ભાગીદારી પેઢી

૦૯. નિશ્ચયથી એકત્વ શું છે ? ૯. ☐

A:: પરદ્રવ્ય અને પરભાવથી પૃથક્પણું
B:: અનેક સંયોગોની વચ્ચે એકલાપણું
C:: અનેક અવસ્થાઓમાં એકરૂપપણું
D:: સુખ-દુઃખના પ્રસંગોમાં અસહાયપણું

૧૦. પોતાની સુંદરતા અને શોભા શેમાં છે ? ૧૦. ☐

A:: બહારમાં એકાંતવાસ અને અંદરમાં એકત્વનું લક્ષ
B:: બહારમાં ટાપટીપ અને અંદરમાં સુઘડતા
C:: બહારમાં શિષ્ટાચાર અને અંદરમાં સદાચાર
D:: બહારમાં હળવુંમળવું અને અંદરમાં અલિપ્ત રહેવું.

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાકયોમાં જવાબ આપો.

૦૧. સંસારી જીવ એકલો કઈ રીતે છે ?
૦૨. પોતાનો સાચો સાથી કે સહાયક કોણ છે ?
૦૩. એકત્વભાવના અનુસાર બહારનું એકત્વ શું છે ?
૦૪. એકત્વભાવના અનુસાર અંદરનું એકત્વ શું છે ?
૦૫. એકત્વભાવનાનો આશય શું છે ?
૦૬. એકત્વભાવનાના એકત્વના ચિંતવનના કયા બે પ્રકારે છે?
૦૭. બહારમાં આત્માનુ, એકત્વ ન માનવામાં આવે તો શો દોષ આવે?
૦૮. શા માટે સત્તા-સંપત્તિ, સ્ત્રી-પુત્રાદિ જેવા સંયોગો આત્માને ઉપકારીને બદલે અપકારી જ છે ?
૦૯. શા માટે કુટુંબરૂપી કાજળ કોટડીના સંયોગથી સંસાર વધે છે?
૧૦. એકત્વની ઓળખાણ, સ્વીકાર અને આશ્રયથી શેની પ્રાપ્તિ હોય છે?
૧૧. આત્માનો સાથી કે સહાયક કોણ છે ?
૧૨. નિશ્ચયથી કે પારમાર્થિક પણે આત્માનું એકત્વ ન હોય તો શો દોષ આવે ?
૧૩. આત્માની શોભા કે સુંદરતા શેમાં છે ?
૧૪. એકત્વભાવનાના ચિંતવનનું ચરમબિંદુ શું છે ?
૧૫. પત્નિને પોતાનો પતિ કયાં સુધી પ્યારો લાગે છે ?
૧૬. શા માટે પરસંયોગોનું પ્રયોજન રાખવા જેવું નથી ?
૧૭. પરસંયોગોના લક્ષે શેની ઉત્પત્તિ થાય છે ?
૧૮. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના કથન અનુસાર સઘળાં સિદ્ધાંતનો સાર શું છે ?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૦૧. એકત્વભાવનાનું એકત્વ શું છે ?
૦૨. વ્યવહારથી અકેત્વભાવનાનું એકત્વ શું છે ?
૦૩. નિશ્ચયથી એકત્વભાવનાનું એકત્વ શું છે ?
૦૪. એકત્વભાવનાનો લૌકિક પ્રકાર શું છે ?
૦૫. એકત્વભાવનાનો પારમાર્થિક પ્રકાર શું છે ? તેનું ચિંતવન કઈ રીતે છે ?
૦૬. એકત્વભાવનાની ચિંતવન પ્રક્રિયા સમજાવો
૦૭. કયાં પ્રકારની સમજણ એકત્વભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બને છે ?
૦૮. એકત્વભાવનાનો અભ્યાસ કઈ રીતે વૈરાગ્યનું કારણ છે?
૦૯. એકત્વભાવનાના અભ્યાસથી કઈ પ્રકારની વસ્તુસ્વરૂપની સમજણ આવે છે ?
૧૦. એકત્વભાવનાના અભ્યાસનું ફળ એકત્વસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ કઈ રીતે છે ?
૧૧. એકત્વભાવનાનો અભ્યાસ પરસંયોગોની નિરર્થકતા અને શુદ્ધાત્મસ્વભાવની સાર્થકતા કઈ રીતે દર્શાવે છે?

ભાવના

૫

અન્યત્વભાવના

जहाँ देह अपनी नहीं, तहाँ न अपनो कोय ।
घर संपति पर प्रगट ये, पर हैं परिजन लोय ।।



❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી
૨. અન્યત્વભાવનાના અન્ય નામ
૩. અન્યત્વભાવનાનું અન્યત્વ શું છે ?
૪. શુદ્ધાત્મસ્વભાવના અન્યત્વની ઓળખાણ માટે ચાર પ્રકારે ભેદજ્ઞાનની સમજૂતી
૫. અન્યત્વભાવનાના અન્યત્વ માટે સ્વ-પરના ભેદજ્ઞાનની સમજણની આવશ્યકતા
૬. સ્વ-પરના ભેદજ્ઞાનનો વિષય અને તેની પ્રાપ્તિનો ઉપાય
૭. એકત્વભાવના અને અન્યત્વભાવનાની તુલના
૮. અન્યત્વભાવનાની ચિંતવન પ્રક્રિયા
૯. અન્યત્વભાવનાનું સાધન કે કારણ
૧૦. કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?
૧૧. કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ?
૧૨. પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ
    ૧. સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવે
    ૨. પરાધીનતા મટાડે
૧૩. ઉપસંહાર

૧૪. અન્યત્વભાવનાની કથા : **તુષ-માષ મુનિ**


કવિવર પંડિત બનારસીદાસ વિરચિત
અન્યત્વભાવનાની વિધિ અને ફળ દર્શાવતું પદ્ય

(સવૈયા એકત્રીસા)

જૈસે રજસોધા રજ સોધી કૈં દરબ કાઢૈ,
પાવક કનક કાઢિ દાહત ઉપલકો ।
પંકકે ગરભમૈં જ્યોં ડારિયે કતક ફલ,
નીર કરૈ ઉજ્વલ નિતારિ ડારૈ મલકૌં ।।
દધિકો મથૈયા મથિ કાઢે જૈસે માખન માખન કૌં,
રાજહંસ જૈસે દૂધ પીવૈ ત્યાગિ જલકૌં ।।
તૈસે ગ્યાનવંત મેદગ્યાનકી સકતિ સાધિ,
વેદૈ નિજ સંપતિ ઊછેદૈ પર-દલકૌ ।।

ભાવાર્થ : જેવી રીતે ધૂળધોયો ધૂળ શોધીને ધૂળમાંથી ધાતુને છૂટી પાડે છે. સુવર્ણકાર ખનિજ પથ્થર (Raw Gold) માંથી અગ્નિની પ્રક્રિયા વડે શુદ્ધ સુવર્ણ (Pure Gold) મેળવે છે. તરસ્યો માણસ કાદવમાં કતકફળ નામની નિર્મળી ઔષધી નાંખીને મેલને નીચે નિતારીને નિર્મળ પાણીને પ્રાપ્ત કરે છે. ગોવાલણ દહીંને વલોવીને દહીંમાંથી માખણ બહાર કાઢે છે. રાજહંસ દૂધ પીએ ત્યારે દૂધને જ ગ્રહણ કરે છે અને પાણીને ત્યજી દયે છે. તેવી રીતે સમજુ માણસ ભેદજ્ઞાનની ભિન્નભાવનાની સાધના અને બળથી એટલે કે અન્યત્વભાવનાના અભ્યાસ અને ચિંતવનના પરિણામે પરપદાર્થો અને પરભાવોથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપની સંપદાને અલગ તારવીને તેનો ભોગવટો કરે છે.

(સમયસારનાટક : ૬. સંવરદ્વાર: પદ્ય નં. ૧૦)



ભાવના

૫. અન્યત્વભાવના

પોતાનો ત્રિકાળી શુદ્ધાત્મસ્વભાવ જ પોતાનું સ્વ છે. અને તે સિવાયના નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મ-ભેદભાવો પોતાનાથી પર છે. તે પ્રકારે સ્વ-પરના ભેદજ્ઞાનની વારંવાર વિચારણા થવી તે અન્યત્વભાવના છે.

પોતાનો એકરૂપ અખંડ અભેદ ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ તે જ પોતાનું સ્વ છે. તે સિવાયના શરીરાદિ નોકર્મો અને જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મો જેવા સંયોગો તથા આ સંયોગોના લક્ષે થતા રાગાદિ વિકારીભાવોરૂપ ભાવકર્મો જેવા સંયોગી-ભાવો તેમ જ જ્ઞાનાદિ ગુણભેદ જેવા ભેદભાવો પોતાનાથી પર છે તે પ્રકારે સ્વ-પરના ભેદજ્ઞાનનું ચિંતવન તે અન્યત્વભાવના છે.

અન્યત્વભાવનાના અન્ય નામ

અન્યત્વભાવનાને **ભિન્નભાવના** કે **ભેદ-જ્ઞાનની ભાવના** પણ કહે છે.

અન્યત્વભાવનામાં નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મ-ભેદભાવોથી ભિન્ન પોતાના શુદ્ધાત્મસ્વભાવનું ચિંતવન હોવાથી તેને **ભિન્નભાવના** કહેવાય છે. અને આ પ્રકારનું ચિંતવન સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવનાર હોવાથી તેને **ભેદજ્ઞાનની ભાવના** પણ કહે છે.



અન્યત્વભાવનાનું અન્યત્વ શું છે ? અને તેની સમજૂતી

પોતાથી પર, ભિન્ન, જુદા કે અલગ હોય તેને અન્ય કહે છે. પોતાનો ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ ૧. નોકર્મ ૨. દ્રવ્યકર્મ ૩. ભાવકર્મ અને ૪. ભેદભાવોથી અન્ય છે, તે અન્યત્વભાવનાનું અન્યત્વ છે.

આ ચારેય પ્રકારના અન્યત્વની સમજૂતી આ પ્રમાણે છે.

૧. નોકર્મ : પૌદ્ગલિક અઘાતિકર્મોના કારણે મળતા શરીર-મન-વાણી, સ્ત્રી-પુત્ર-પરિવાર, સત્તા-સંપત્તિ-સન્માન જેવા બ્રાહ્ય સંયોગોને નોકર્મ કહે છે

૨. દ્રવ્યકર્મ : પૌદ્ગલિક જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય એ ચાર ઘાતિકર્મો અને નામ, આયુ, ગોત્ર, વેદનીય એ ચાર અઘાતિકર્મો જેવા અંતરંગ સંયોગોને દ્રવ્યકર્મ કહે છે.

૩. ભાવકર્મ : પૌદ્ગલિક ઘાતિકર્મોના કારણે થતા જીવના મોહ-રાગ-દ્વેષાદિ સંયોગી-ભાવોને ભાવકર્મ કહે છે.

૪. ભેદભાવ : અભેદ આત્માને સમજવા થતાં જ્ઞાનાદિ ગુણોના ભેદ, વિકારી કે અવિકારી અવસ્થાના ભેદ, નિત્ય-અનિત્યાદિ ધર્મોના ભેદ, કર્તા-કર્માદિ કારકોના ભેદ જેવા ભેદને ભેદભાવો કહે છે.

પોતાનો અન્યત્વમય આત્મા ઉપરોકત ચારેય બાબતોથી અન્ય છે, તે અન્યત્વભાવનાનું અન્યત્વ છે. પોતાના શુદ્ધાત્મસ્વભાવને આ ચારેય બાબતોથી અન્ય તરીકે ઓળખવા માટે ચાર પ્રકારના ભેદજ્ઞાનની આવશ્યકતા હોય છે.

શુદ્ધાત્મસ્વભાવના અન્યત્વની ઓળખાણ માટે ચાર પ્રકારે ભેદજ્ઞાનની સમજૂતી

નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મ-ભેદભાવોથી ભિન્ન પોતાના અખંડ, અભેદ, એકરૂપ, ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવને ઓળખવાના ઉપાય તરીકે ભેદજ્ઞાનની આવશ્યકતા હોય છે. ચારેય બાબતના અન્યત્વ સાથે સંબંધિત ભેદજ્ઞાનના પણ ચાર પ્રકાર છે.

પ્રદેશભેદ અને અતદ્‌ભાવ અથવા વિભક્તપ્રદેશ અને અવિભક્તપ્રદેશ એમ મુખ્યત્વે બે પ્રકારે ભિન્નતા કે ભેદ હોય છે. તેના પણ વધુ બબ્બે પ્રકાર અન્યત્વ અને અનન્યત્વ કરતાં કુલ ચાર પ્રકારે ભિન્નતા કે ભેદ હોય છે. જેને ચાર પ્રકારે ભેદજ્ઞાન કહે છે. જે નીચેના કોષ્ટક અનુસાર છે.

ભેદજ્ઞાન

૧. વિભક્તપ્રદેશ	**૨. અવિભક્તપ્રદેશ**
૧.૧. અન્યત્વ	૨.૧. અન્યત્વ
૧.૨. અનન્યત્વ	૨.૨. અનન્યત્વ

૧. વિભક્તપ્રદેશરૂપ ભેદ

બે ભિન્ન-ભિન્ન પ્રકારના દ્રવ્યો વચ્ચેના ભેદને વિભક્તપ્રદેશરૂપ ભેદ કહે છે.

વિભક્તપ્રદેશરૂપ ભેદમાં એક દ્રવ્ય અને બીજા દ્રવ્ય વચ્ચેના પ્રદેશો એટલે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તદ્દન ભિન્ન હોય છે. જેમ કે, જીવ અને પુદ્‌ગલ.

વિભક્તપ્રદેશરૂપ ભેદ બે પ્રકારે છે.

૧.૧. વિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ

૧.૨. વિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ

૧.૧. વિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ

વિભક્તપ્રદેશરૂપ ભેદમાં જે ભેદ સ્થૂળ કે સરળતાથી જોઈ શકાય તેવાં હોય તેને વિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ કહે છે.

ઉદાહરણ તરીકે, જેમ શ્રીફળનો ગોળો તેના છોતરાથી જુદો હોય છે, તેમ આત્માનો ત્રિકાળી ચૈતન્યસ્વભાવ તેના શરીરાદિ નોકર્મથી જુદો હોય છે.

૧.૨. વિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ

વિભક્તપ્રદેશરૂપ ભેદમાં જે ભેદ સૂક્ષ્મ કે સરળતાથી જોઈ ન શકાય તેવો હોય તેને વિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ કહે છે.


ઉદાહરણ તરીકે, જેમ શ્રીફળનો ગોળો તેની કાચલીથી જુદો હોય છે, તેમ આત્માનો ધ્રુવસ્વભાવ તેના જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મથી જુદો હોય છે.

૨. અવિભક્તપ્રદેશરૂપ ભેદ

એક જ દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચેના ભેદને અવિભક્તપ્રદેશરૂપ ભેદ કહે છે.

અહીં દ્રવ્ય-ગુણ-પર્યાયોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એક જ દ્રવ્યરૂપ હોવાથી અવિભક્તપ્રદેશરૂપ છે. તોપણ તેઓની સંજ્ઞા, સંખ્યા, લક્ષણ કે પ્રયોજનાદિ જુદાં જુદાં હોવાથી તેઓ વચ્ચે ભેદ રહે છે. આવા ભેદમાં તે-પણાંનો અભાવ હોવાથી તેને અતાદ્‌ભાવિક ભેદ પણ કહે છે.

આ પ્રકારનો ભેદ વસ્તુના અનેકાંતસ્વરૂપમાં જ સંભવે છે. તેથી આ પ્રકારના ભેદની વાત વસ્તુના સ્વરૂપને અનેકાંતપણે સ્વીકારનાર જૈનદર્શનમાં હોય છે પણ વસ્તુના સ્વરૂપને એકાંતપણે સ્વીકારનાર અન્યદર્શનોમાં હોતી નથી. જેમ કે, દ્રવ્ય અને તેની પર્યાયો કે દ્રવ્ય અને તેના ગુણો



ઉદાહરણ તરીકે, જેમ શ્રીફળનો ગોળો તેના ઉપરની રાતપથી જુદો, તેમ આત્માનો ત્રિકાળી શુદ્ધસ્વભાવ તેની પલટતી પર્યાયથી જુદો છે.

અવિભક્તપ્રદેશરૂપ ભેદ પણ બે પ્રકારે છેદ્રદ્રદ્ર

૨.૧. અવિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ

૨.૨. અવિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ.

૨.૧. અવિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ

અવિભક્તપ્રદેશરૂપ ભેદમાં જે ભેદ સ્થૂળ કે સહેલાઈથી સમજી શકાય તેવો હોય તેને અવિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ કહે છે.

૨.૨. અવિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ

અવિભક્તપ્રદેશરૂપ ભેદમાં જે ભેદ સૂક્ષ્મ કે સહેલાઈથી સમજી ન શકાય તેવો હોય તેને અવિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ કહે છે.

ઉદાહરણ તરીકે, જેમ શ્રીફળનો ગોળો તેની સફેદાઇ કે મીઠાશથી જુદો છે, તેમ આત્માનો જ્ઞાયકસ્વભાવ તેના જ્ઞાનગુણથી જુદો છે.

શુદ્ધાત્મસ્વભાવની નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મ-ભેદભાવ જેવા ચાર પ્રકારના અન્યત્વની ઓળખાણ માટે ઉપયોગી ઉપરોક્ત ચાર પ્રકારના ભેદજ્ઞાનને નીચેના કોષ્ટક અનુસાર દર્શાવી શકાય છે. તેમાં શ્રીફળના દ્રષ્ટાંતે શુદ્ધાત્મ-સ્વભાવના અન્યત્વનો સિદ્ધાંત દર્શાવવામાં આવ્યો છે.

ક્રમ	ભેદજ્ઞાનનો પ્રકાર	દૃષ્ટાંત	સિદ્ધાંત
૧.	વિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ	શ્રીફળનો ગોળો અને તેના છોતરા	આત્માનો ધ્રુવસ્વભાવ અને તેના નોકર્મ
૨.	વિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ	શ્રીફળનો ગોળો અને તેની કાચલી	આત્માનો ધ્રુવસ્વભાવ અને તેના દ્રવ્યકર્મ
૩.	અવિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ	શ્રીફળનો ગોળો અને તેની રાતપ	આત્માનો ધ્રુવસ્વભાવ અને તેના ભાવકર્મ
૪.	અવિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ	શ્રીફળનો ગોળો અને તેની સફેદાઇ	આત્માનો ધ્રુવસ્વભાવ અને તેનો જ્ઞાનગુણ

અન્યત્વભાવનાના અન્યત્વ માટે સ્વ-પરના ભેદજ્ઞાનની સમજણની આવશ્યકતા

સાંસારિક સંયોગોની અનિત્યતા દર્શાવનારી અનિત્યભાવના, અશરણતા બતાવનારી અશરણ ભાવના, અસારતા જણાવનારી સંસારભાવના અને અસંગતા દેખાડનારી એકત્વભાવના આપણે જોઇ ગયા છીએ. આ જ સાંસારિક સંયોગોની ભિન્નતા સમજાવનારી અન્યત્વભાવના છે.

અન્યત્વભાવનમાં સર્વ પ્રકારના સંયોગો, સંયોગીભાવો કે ભેદભાવોથી પોતાના શુદ્ધાત્માનું અન્યત્વ ઓળખવાનું હોય છે. તે માટે પોતાના શુદ્ધસ્વભાવને સર્વ પ્રકારના પરભાવોથી પૃથ્થક પાડવાનો હોય છે. પરથી પૃથ્થકતા માટે સ્વ-પરનું ભેદજ્ઞાન જરૂરી હોય છે. સ્વ-પરનું ભેદજ્ઞાન જ અન્યત્વભાવનાના અન્યત્વનું આધારબિંદુ છે. સ્વ-પરના ભેદજ્ઞાનની સમજણ વિના પોતાના શુદ્ધાત્મસ્વભાવને પરસંયોગો, સંયોગીભાવો કે ભેદભાવોથી ભિન્ન ઓળખી શકાતો નથી. તેથી અન્યત્વભાવનાના અન્યત્વ માટે સ્વ-પરના ભેદજ્ઞાનની સમજણની આવશ્યકતા રહે છે.

અન્યત્વભાવનાનો આશય પરથી પોતાનું અન્યત્વ ઓળખવાનું છે. પરથી પોતાનું અન્યત્વ ઓળખવા માટે સ્વ-પરનું ભેદજ્ઞાન સમજવું આવશ્યક છે. સ્વ-પરના ભેદજ્ઞાન માટે ભેદજ્ઞાનનો વિષય અને તેની પ્રાપ્તિનો ઉપાય જણવો જરૂરી છે.

સ્વ-પરના ભેદજ્ઞાનનો વિષય અને તેની પ્રાપ્તિનો ઉપાય

ચાર પ્રકારના ભેદજ્ઞાનમાં શુદ્ધાત્માને ભિન્ન પાડવા માટે ભેદજ્ઞાનનો મૂળભૂત વિષય ભેદજ્ઞાનનો બીજો પ્રકાર એટલે કે શુદ્ધાત્મા અને દ્રવ્યકર્મ વચ્ચેનો ભેદનો છે. પરંતુ શુદ્ધાત્મા સુધી પહોંચવા માટે ચોથા પ્રકારનો અને દ્રવ્યકર્મને ઓળખવા માટે પહેલા અને ત્રીજા પ્રકારના ભેદનો ઉપયોગ થતો હોવાથી સ્વ-પરના ભેદજ્ઞાન માટે ચારેય પ્રકારનો ભેદ સમજવો જરૂરી છે.

પોતાના શુદ્ધાત્માને નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને જ્ઞાનગુણથી અન્ય જણવો તે સ્વ-પરનુ ભેદજ્ઞાન છે. સ્વ-પરના ભેદજ્ઞાન વડે પોતાના ધ્રુવસ્વભાવ એટલે કે શુદ્ધાત્માને અન્ય સર્વ ભાવોથી ભિન્ન જણવો તે જ અન્યત્વભાવનાનો કેન્દ્રવર્તી વિચાર છે.

શુદ્ધાત્માના દ્રવ્યકર્મ સાથેના બંધના કારણે સઘળો સંસાર હોય છે. સ્વ-પરના ભેદજ્ઞાન વડે દ્રવ્યકર્મથી પોતાના શુદ્ધાત્માને જુદો પાડવાથી સઘળાં સંસારનો અભાવ થાય છે. કેમ કે, દ્રવ્યકર્મમાં ઘાતિકર્મોના ઉદયમાં જોડાણના કારણે રાગાદિ ભાવકર્મ અને અઘાતિકર્મોના ઉદયના કારણે શરીરાદિ નોકર્મ હોય છે. તેથી પોતાના શુદ્ધાત્માને સ્વ-પરના ભેદજ્ઞાન વડે દ્રવ્યકર્મથી જુદો જાણી દ્રવ્યકર્મના ઉદયમાં ન જોડાવાથી રાગાદિ ભાવકર્મો ઉત્પન્ન થતાં નથી અને દ્રવ્યકર્મના સમૂળગા અભાવથી શરીરાદિ નોકર્મનો પણ અભાવ થાય છે. આ રીતે સંસારના અભાવના કારણરૂપ સ્વ-પરના ભેદજ્ઞાન માટે તેનો વિષય બીજા પ્રકારનું ભેદજ્ઞાન એટલે કે શુદ્ધાત્મા અને દ્રવ્યકર્મ વચ્ચેનું ભેદજ્ઞાન છે.

સ્વ-પરના ભેદજ્ઞાનનો વિષય શુદ્ધાત્મા અને દ્રવ્યકર્મ છે. પરંતુ વર્તમાન મતિ-શ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે આ બેમાંથી એકેય જણી શકાતા નથી. તેથી તેમને તેમના લક્ષણો વડે ઓળખી

પરોક્ષપણે જાણી સ્વ-પરનું ભેદજ્ઞાન કરવામાં આવે છે.

દ્રવ્યકર્મને ઓળખવા માટે દ્રવ્યકર્મના બે પ્રકાર જાણવા જરૂરી છે. એક અઘાતિકર્મો અને બીજા ઘાતિકર્મો. અઘાતિકર્મોના કારણે શરીરાદિ નોકર્મ અને ઘાતિકર્મોના કારણે રાગાદિ ભાવકર્મ હોય છે. તેથી શરીરાદિ નોકર્મ અને રાગાદિ ભાવકર્મો વચ્ચેના પહેલા અને ત્રીજા પ્રકારના ભેદજ્ઞાન વડે દ્રવ્યકર્મને ઓળખી શકાય છે. આ રીતે નોકર્મ અને ભાવકર્મરૂપ લક્ષણ વડે દ્રવ્યકર્મને ઓળખ્યા બાદ શુદ્ધાત્માને ઓળખવા માટે તેનું લક્ષણ જ્ઞાનગુણ છે. તેથી શુદ્ધાત્મા અને જ્ઞાનગુણ વચ્ચેના ચોથા પ્રકારના ભેદજ્ઞાન વડે શુદ્ધાત્માને ઓળખી શકાય છે.

સ્વ-પરના ભેદજ્ઞાનના વિષયભૂત શુદ્ધાત્મા અને દ્રવ્યકર્મના બંધને અલગ ઓળખવા માટે સૌપ્રથમ સ્વભાવ-વિભાવ કે જ્ઞાન-રાગનું ભેદજ્ઞાન જરૂરી છે. પોતાની વર્તમાન અવસ્થામાં દરેક સમયે એકીસાથે જ્ઞાન અને રાગ બન્ને હોય છે. જ્ઞાન લક્ષણ વડે શુદ્ધાત્માને ઓળખી શકાય છે અને રાગલક્ષણ વડે દ્રવ્યકર્મના બંધને ઓળખી શકાય છે. રાગાદિ ભાવકર્મો ઉપરાંત શરીરાદિ નોકર્મના લક્ષણ વડે પણ દ્રવ્યકર્મના બંધને ઓળખી શકાય છે. આ રીતે સ્વ-પરના ભેદજ્ઞાન વડે પોતાના શુદ્ધાત્માને અલગ ઓળખવા માટે નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને જ્ઞાનગુણ એમ ચારેય પ્રકારે ભેદજ્ઞાન આવશ્યક હોય છે. પરંતુ જ્ઞાન અને રાગના ભેદજ્ઞાન માટે ઉપયોગની એકદમ સૂક્ષ્મતા જરૂરી છે. ઉપયોગની સૂક્ષ્મતા માટે મિથ્યાત્વની મંદતા જરૂરી હોય છે. મિથ્યાત્વની મંદતા માટે અન્યત્વભાવનાનો અભ્યાસ ઉપયોગી છે. અન્યત્વભાવનાના અભ્યાસમાં સ્વ-પરના ભેદજ્ઞાનની સમજણ સમાયેલી હોય છે.

એકત્વભાવના અને અન્યત્વભાવનાની તુલના

એકત્વભાવના અને અન્યત્વભાવનાનો આશય એક જ હોવા છતાં તેમાં અસ્તિ-નાસ્તિરૂપ કથનનો ભેદ છે. એકત્વભાવનામાં અસ્તિથી પોતાનો એકત્વસ્વરૂપી શુદ્ધાત્મા સઘળાં સંયોગોની વચ્ચે પણ એકલો જ છે તે બાબત છે. અન્યત્વભાવનામાં નાસ્તિથી તે જ શુદ્ધાત્મા સઘળાં સંયોગોથી અન્ય છે તે બાબત છે.

એકત્વભાવના અનુસાર અનેક પ્રકારના સંયોગોની વચ્ચે પણ પોતે એકલો જ છે, એટલે કે પોતાનું કોઇ સાથી કે સહાયક હોતું નથી. અન્યત્વભાવના અનુસાર સઘળાં પ્રકારના સંયોગોથી પોતે અન્ય જ છે. એટલે કે પોતે પોતાની આગવી ઓળખ કે વિશેષતા જાળવી રાખે છે.

એકત્વભાવનાનું એકત્વ અનેક પ્રકારના સંયોગોની વચ્ચે પણ પોતે અસહાય છે તે વ્યવહારથી એકત્વ છે. અને અનેક પ્રકારના સંયોગીભાવોની વચ્ચે પણ પોતાનું એકરૂપપણું છે તે નિશ્ચયથી એકત્વ છે. અન્યત્વભાવનાનું અન્યત્વ પોતે નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને ભેદભાવોથી ભિન્ન છે તે વ્યવહારથી અન્યત્વ છે અને પોતે સઘળાં પરસંયોગો અને પરભાવોથી પૃથક રહી પોતાની આગવી ઓળખ કે વિશેષતા જાળવી રાખે છે તે નિશ્ચયથી અન્યત્વ છે.

એકત્વભાવના અને અન્યત્વભાવનાની ઉપરોક્ત તુલના નીચેના કોઠામાં ટૂંકમાં દર્શાવી છે.

એકત્વભાવના	અન્યત્વભાવના
૧. એકત્વ-વિભક્ત શુદ્ધાત્માની અોળખાણ કરાવવાનો આશય છે.	૧. પરસંયોગો અને પરભાવોથી પૃથક શુદ્ધાત્માની ઓળખાણ કરાવવાનો આશય છે.
૨. અસ્તિથી પોતે સઘળાં સંયોગોની વચ્ચે પણ એકલો છે.	૨. નાસ્તિથી પોતે સઘળાં સંયોગોથી અન્ય છે.
3. કોઇ પણ સમયે પોતાનું કોઇ સાથી કે સહાયક હોતું નથી.	3. કોઇ પણ સમયે પોતે પોતાની આગવી ઓળખ કે વિશેષતા ધરાવે છે.
૪. વ્યવહારથી પોતાનું અસહાયપણું તે એકત્વ છે અને નિશ્ચયથી પોતાનું એકરૂપપણું તે એકત્વ છે.	૪. વ્યવહારથી પોતે પરથી ભિન્ન છે તે અન્યત્વ છે અને નિશ્ચયથી પોતાની આગવી ઓળખ જાળવે છે તે અન્યત્વ છે.

અન્યત્વભાવનાની ચિંતવન પ્રક્રિયા

પોતાનો શુદ્ધાત્મસ્વભાવ જ પોતાનું સ્વ છે અને તે સિવાય ૧. શરીરાદિ નોકર્મ ૨. રાગાદિ ભાવકર્મ 3. જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ અને ૪. જ્ઞાનાદિ ગુણભેદ પોતાનાથી પર છે તે પ્રકારે સ્વ-પરના ભેદજ્ઞાનની ભાવના ભાવવી તે જ અન્યત્વભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

જે આ પ્રકારે હોય છેઃઃઃ

૧. અન્યત્વભાવનાના ચિંતવન પ્રક્રિયામાં સૌપ્રથમ શરીરાદિ નોકર્મથી પોતાનું ભિન્નપણું ચિંતવવામાં આવે છે. એકક્ષેત્રાવગાહપણે રહેલા અને ગાઢપણે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી સંકળાયેલા શરીરમાં પહેલેથી જ પોતાપણું હોય છે. પણ જે ચીજ પોતાપણે હોય તે કાયમ પોતાની સાથે એકરૂપપણે રહેવી જોઇએ. પણ આ શરીરના પરમાણુઓ સતત બદલાતા રહે છે. ચૌદ વર્ષ પહેલાનો એક પણ પરમાણુ અત્યારના શરીરમાં હોતો નથી. પોતાની ઊંમર ચૌદ વર્ષથી વધારે છે અને ચૌદ વર્ષ પહેલા પણ પોતે હતો જ. તેથી આ શરીર પોતાપણે હોય શકે નહિ.

મરણ થતાં શરીર અહીં પડ્યું રહે છે અને આત્મા અન્ય ગતિમાં ચાલ્યો જાય છે. શરીર એક સંયોગી ચીજ છે તેથી તેનો વિયોગ પણ અવશ્ય થાય જ છે. સંયોગી શરીરનો વિયોગ થતાં પણ અંદરનો અસંયોગી આત્મા કાયમ માટે જેવો ને તેવો રહે છે. આ બાબત શરીરથી આત્માનું ભિન્નપણું દર્શાવે છે.

દેહ અને આત્માનો સંયોગ હોવા છતાં બન્નેનો સ્વભાવ તદ્દન ભિન્ન-ભિન્ન છે. દેહ પાંચ ઇન્દ્રિયોથી રચાયેલ પૌદ્ગલિક પદાર્થ છે અને આત્મા ચૈતન્યસ્વભાવી જાણનાર દેખનાર છે. ઇન્દ્રિય વડે જે તે વિષયનું જ્ઞાન થાય છે પણ તે આત્માની હયાતિ વિના થતું નથી. આ રીતે પાંચેય ઇન્દ્રિય દ્વારા જણાતા પદાર્થોનું જ્ઞાન એકલા આત્માને જ થાય છે. આત્મા વિનાના મરણ પામેલા દેહની આંખ ઉઘાડી હોય તોપણ તે કાંઇ દેખતી નથી. આ કારણે દેહદેવળમાં બિરાજમાન હોવા છતાં આત્મા દેહથી તદ્દન ભિન્ન છે એમ સમજી શકાય છે.

પોતાનો આત્મા શરીરથી ભિન્ન છે તો શરીર સાથે સંબંધિત સ્ત્રી-પુત્ર-પરિવારાદિ મારા કઇ રીતે હોય? ન જ હોય. તે તો પ્રગટપણે જ પોતાનાથી ભિન્ન છે. આ રીતે શરીરાદિ સંયોગોરૂપ નોકર્મથી પોતાનું ભિન્નપણું ભાસે છે. આ ભિન્નતા વિભક્તપ્રદેશરૂપઅન્યપણે છે.

૨. જેમ શરીરાદિ સંયોગોરૂપ નોકર્મ આત્માથી ભિન્ન છે તેમ સંયોગોના લક્ષે થતા રાગાદિ સંયોગીભાવરૂપ ભાવકર્મ પણ આત્માથી ભિન્ન છે. રાગાદિ ભાવ ક્ષણિક અને વિનાશી છે. તેથી કોઇ પણ રાગ કાયમ ટકતો નથી. વળી તે આત્માની વિકારી અવસ્થા હોવાથી આત્માને અત્યંત દુઃખરૂપ છે. તેથી તે આત્માને પ્રતિકૂળ છે. આત્માને પ્રતિકૂળ હોય તે આત્માનો સ્વભાવ હોય શકે નહિ. તેથી પોતાનો શુદ્ધાત્મસ્વભાવ આવા ક્ષણે-ક્ષણે પલટતા અનેક પ્રકારના રાગાદિ સંયોગીભાવરૂપ ભાવકર્મથી ભિન્ન જ છે. આ ભિન્નતા અવિભકતપ્રદેશરૂપ અન્યપણે છે.

૩. શરીરાદિ નોકર્મ અને રાગાદિ ભાવકર્મથી આપણો આત્મા ભિન્ન છે. તો આ નોકર્મ અને ભાવકર્મના કારણભૂત દ્રવ્યકર્મથી પણ ભિન્ન જ છે. દરેક સમયે જૂના દ્રવ્યકર્મનો ઉદય આવી તેનું ફળ નોકર્મ અને ભાવકર્મપણે આપી તે ખરી જાય છે. અને જીવના ભાવકર્મરૂપ રાગાદિભાવોના નિમિત્તે નવીન કર્મનું બંધન થતું રહે છે. આ રીતે કર્મોનું આવાગમન નિરંતર ચાલુ રહે છે.

આ રીતે જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના બદલતા રહેતા પૌદ્‌ગલિક દ્રવ્યકર્મોના સંયોગોની વચ્ચે પણ અસંયોગી ચૈતન્યમય આત્મા કાયમ જેવો ને તેવો ટકી રહે છે. તેથી જ્ઞાનાવરણીયયાદિ દ્રવ્યકર્મોથી પણ પોતાનો આત્મા ભિન્ન જ છે. આ ભિન્નતા વિભકતપ્રદેશરૂપ અનન્યપણે છે.

૪. પોતાનો અખંડ, અભેદ, એકરૂપ શુદ્ધાત્મા નોકર્મ, ભાવકર્મ, દ્રવ્યકર્મથી ભિન્ન છે તેમ જ્ઞાનાદિ ગુણભેદથી પણ ભિન્ન છે.

નોકર્મ-ભાવકર્મ-દ્રવ્યકર્મને પોતાનાથી ભિન્ન જણવાના સાધનભૂત જ્ઞાનગુણ એ પણ જ્ઞાયક આત્માનું સ્વરૂપ નથી. જ્ઞાયક આત્મા તો અનંતગુણોના અખંડ, અભેદ, એકરૂપપિંડ છે. તેથી અભેદ એકરૂપ આત્મા જ્ઞાનાદિ અનેક ગુણોના ભેદથી પણ ભિન્ન છે. આ ભિન્નતામાં પ્રદેશભેદ નથી પણ અતાદ્‌ભાવિક ભેદ છે.

વસ્ત્ર પાંચેય ઇન્દ્રિયનો વિષય છે. અને તેની સફેદાઇ માત્ર ચક્ષુઇન્દ્રિયનો વિષય છે. તેથી વસ્ત્ર અને તેની સફેદાઇ વચ્ચે અતાદ્‌ભાવિક ભેદ છે. તેમ અભેદ આત્મા અને જ્ઞાનાદિ ગુણભેદ વચ્ચે પણ અતાદ્‌ભાવિક ભેદ છે. આ ભેદ અવિભકતપ્રદેશરૂપ અનન્યપણે છે.

ઉપરોક્ત પ્રકારે ૧. શરીરાદિ નોકર્મ ૨. રાગાદિ ભાવકર્મ ૩. જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ ૪. જ્ઞાનાદિ ગુણભેદથી ક્રમાનુસાર પોતાના શુદ્ધાત્માને ભિન્નપણે જણી શકાય છે. આ પ્રકારે ભિન્નતાનો કે ભેદજ્ઞાનનો વારંવાર અભ્યાસ કરવો તે અન્યત્વભાવનાની ચિંતવન પ્રકિયા છે.

સંયોગોની અનિત્યતા, અશરણતા, અસારતા અને અસહાયતા જ તેની પૃથ્થકતાને બતાવનારી છે. તેથી પોતાનો શુદ્ધાત્મસ્વભાવ પરસંયોગોથી અત્યંત ભિન્ન છે. તોપણ અનાદિની મિથ્યા માન્યતા તેમજ લાંબા સમયના સહવાસ અને પરિચયના કારણે એમ ભાસે છે કે આ સંયોગો મારાં છે. તેથી આ જીવ આ સંયોગોને પોતાનાથી પૃથ્થક માનવા તૈયાર હોતો નથી. જો કે, કથનમાં તો બધાં એમ જ કહે છે કે આ સંયોગો પોતાના આત્માથી એકદમ ભિન્ન છે. પરંતુ પોતાનું આચરણ તે સંયોગોથી અભિન્ન હોય તેમ જ પ્રવર્તે છે. તેનું કારણ સંયોગોથી ભિન્નતાનું અંદરથી સાચું શ્રદ્ધાન નથી. આવું શ્રદ્ધાન લાવવા માટે અન્યત્વભાવનાનું ચિંતવન આવશ્યક છે.

અન્યત્વભાવનાનું સાધન કે કારણ

શરીરાદિ નોકર્મ, રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ અને જ્ઞાનાદિ ગુણભેદથી પોતાના શુદ્ધાત્માની ભિન્નતા વિચારવી તે અન્યત્વભાવનાની ચિંતવન પ્રક્રિયા છે. અન્યત્વભાવનાની ચિંતવન પ્રક્રિયા માટેનું સાધન કે કારણ અનેક પ્રકારે જોવા મળે છે.

જેમ શ્રીફળ તેના છોતરા, કાચલી, રાતપ અને સફેદાઇથી ભિન્ન છે તેમ પોતાનો શુદ્ધાત્મસ્વભાવ પણ નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને ભેદભાવોથી ભિન્ન છે.

જે ચીજ પોતાથી જુદી પડી જાય તે પોતાથી અન્ય જ હોય છે. શરીરાદિ નોકર્મ અને જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ તેની સ્થિતિ પૂરી થતાં પોતાથી છૂટી પડી જાય છે. તેથી તેમનાથી પોતાનો આત્મા ભિન્ન છે. આ ભિન્નતા પ્રદેશભેદ કે વિભક્તપ્રદેશપણે છે.

જે ક્ષણિક અને વિનાશી હોય તે પણ પોતાની ચીજ ન હોય. રાગાદિ ભાવકર્મો ક્ષણિક અને વિનાશી છે તેથી તે પણ પોતાના ધ્રુવ અને અવિનાશી આત્માથી ભિન્ન છે. તે જ રીતે જ્ઞાનાદિ ગુણભેદ પણ અભેદ આત્મામાં સમાવેશ ન પામતા હોવાથી તેનાથી પણ પોતાનો અભેદ એકરૂપ શુદ્ધાત્મસ્વભાવ ભિન્ન છે. આ પ્રકારની ભિન્નતા અતદ્‌ભાવ કે અવિભક્તપ્રદેશપણે છે.

જિનપ્રતિમા પણ અન્યત્વ ભાવનાનું એક ઉત્કૃષ્ટ સાધન કે કારણ થઇ શકે છે. જિનેન્દ્ર ભગવાનનું સ્વરૂપ એ જ પોતાનું સ્વરૂપ છે. તેથી જિનેન્દ્ર ભગવાનમાં જે છે તે પોતામાં છે અને તેમનામાં જે નથી તે પોતામાં નથી. જિનેન્દ્ર ભગવાનનું સ્વરૂપ દર્શાવતી જિનપ્રતિમા ટંકોત્કીર્ણ છે એટલે કે પથ્થરને ટાંકણાથી ઉત્કીર્ણ કરીને કંડારવામાં આવેલ છે. તેથી જે પથ્થર અસુંદર, અશોભનીય અને અરુચિરૂપે હતો તે જ પથ્થર પ્રતિમાપણે સુંદર, શોભનીય અને સુરુચિપણે પ્રગટ થાય છે. જે અપૂજ્ય હતો તે જ હવે પૂજ્ય બને છે. જેમ પથ્થરને ટાંકણા વડે ઉત્કીર્ણ કરી તેમાંથી અન્ય ભાગો દૂર કરવાથી જિનપ્રતિમા પ્રગટે છે, તેમ પોતાના આત્મા સાથે સંકળાયેલ સંયોગરૂપ નોકર્મ અને દ્રવ્યકર્મ, સંયોગીભાવરૂપ ભાવકર્મ અને જ્ઞાનાદિ ગુણભેદરૂપ ભેદભાવોથી પોતાના આત્માને જુદો તારવવાથી અંદરનો ટંકોત્કીર્ણ શુદ્ધ ચૌતન્યસ્વભાવ પ્રગટ થાય છે.

ઉપરોક્ત પ્રકારે શ્રીફળ અને જિનપ્રતિમા જેવા સાધન વડે તેમજ શરીરાદિની ભિન્નતા ભાસવાના કારણ વડે અન્યત્વભાવનાનું ચિંતવન થઇ શકે છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

અન્યત્વભાવનાનો અભ્યાસ સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવનાર છે. વસ્તુસ્વરૂપની સાચી સમજણ વિના સ્વ-પરનું ભેદજ્ઞાન સંભવતું નથી.

અન્યત્વભાવનાનો અભ્યાસ પોતાના શુદ્ધાત્મસ્વભાવરૂપ સ્વની ઓળખાણ કરાવે છે. અને શરીરાદિ સંયોગોને પોતાનાથી ભિન્ન દર્શાવે છે. આ ભિન્નતા દર્શાવવા માટે ચાર પ્રકારના ભેદજ્ઞાનની સમજણ કરાવે છે. આ પ્રકારે અન્યત્વભાવનાને અભ્યાસ વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે.

કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ?

સંસારી જીવ જેને પોતાના માને છે તે જ પારકા નીકળે છે. અને આ પારકાની પળોજણમાં જ પોતાનું જીવન વ્યર્થ વેડફી નાંખે છે.

અન્યત્વભાવના એમ જણાવે છે કે પોતાનો ત્રિકાળી શુદ્ધાત્મસ્વભાવ જ પોતાનું સ્વ છે અને તે સિવાયનું સઘળું પર છે. એક બાજુ રામ ને બીજી બાજુ ગામ. તેમ એક બાજુ આત્મરામ

અને બીજી બાજુ સઘળાં સાંસારિક સંયોગો છે. આત્મરામનું જે મહત્વ અને સ્થાન છે તે બીજા કોઇ સંયોગોનું નથી. આ પ્રકારે સ્વનો મહિમા અને પરની તુચ્છતા ભાસતા શરીરાદિ પરસંયોગો પ્રત્યેનું પ્રયોજન અને લક્ષ ટળે છે. તેથી સઘળાં સાંસારિક સંયોગો પ્રત્યે ઉપેક્ષા અને ઉદાસીનતા આવે છે. જેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે. આ પ્રકારે અન્યત્વભાવનાનો અભ્યાસ સંસાર પ્રત્યેના વૈરાગ્યનું કારણ છે.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

એકત્વભાવનાનો અભ્યાસનું પ્રયોજન વસ્તુ સ્વરૂપની સાચી સમજણપૂર્વક સંસાર પ્રત્યેના વૈરાગ્યનું છે. આવા પ્રયોજનપૂર્વક એકત્વભાવનાના અભ્યાસનું આગળું ફળ આ પ્રકારે છે.

૧. સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવે

૨. પરાધીનતા મટાડે

૧. સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવે

પોતાના શુદ્ધાત્મસ્વભાવને અન્યભાવોથી ભિન્ન જાણવો તેને સ્વ-પરનું ભેદજ્ઞાન કહે છે. અન્યત્વ ભાવનાનો અભ્યાસ સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવનાર છે.

પોતાનો શુદ્ધાત્મસ્વભાવ એ જ પોતાનું સ્વ છે. આ શુદ્ધાત્મસ્વભાવ સાથે સંકળાયેલ શરીરાદિ નોકર્મ, જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ અને જ્ઞાનાદિ ગુણભેદ એ પોતાનાથી પર છે. અન્યત્વભાવના પરને પર તરીકે ઓળખાવી સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવે છે.

પોતાના શુદ્ધાત્મસ્વભાવને અન્ય ભાવોથી ભિન્ન જણવો તેનું જ નામ અન્યત્વ છે. તેથી અન્યત્વભાવનાને ભિન્નભાવના કે ભેદજ્ઞાનની ભાવના પણ કહેવાય છે. આ ભેદજ્ઞાન ચાર પ્રકારે છે. જેની સમજૂતી આ અગાઉ અપાઇ ગયેલ છે.

સ્વ-પરના ભેદજ્ઞાનનો મહિમા અલૌકિક અને અચિંત્ય છે. પારમાર્થિક પંથમાં પરથી પૃથ્થકતા દર્શાવનારા ભેદજ્ઞાન વિના એક ડગલુંય આગળ વધી શકાતું નથી. જગતમાં જે કોઇ જીવો સંસારનો અભાવ કરી સિદ્ધદશાને પામ્ય થયા છે, થાય છે અને હવે પછી થશે તે બધાંય સ્વ-પરના ભેદજ્ઞાનના કારણે જ થાય છે. અને જે કોઇ જીવો સંસારમાં રખડે છે અને અનંત દુ:ખો ભોગવે છે તે ભેદજ્ઞાન ન હોવાના કારણે જ રખડે છે.

ભેદજ્ઞાનની પ્રાપ્તિ માટે પરથી પૃથ્થકતા જણવી જરૂરી છે. પરથી પૃથ્થકતા જણવા માટે અન્યત્વભાવનાનો અભ્યાસ હોય છે. આ રીતે અન્યત્વભાવનાના અભ્યાસનું ફળ સ્વ-પરનું ભેદજ્ઞાન જણવું.

૨. પરાધીનતા મટાડે

પરમાં પોતાપણાની માન્યતાના કારણે થતું પરનું વલણ, પરનું પ્રયોજન કે પરના આશ્રયને પરાધીનતા કહે છે. અન્યત્વભાવનાનો અભ્યાસ આવી પરાધીનતા મટાડનારો છે.

'પરાધીનતામાં સ્વપ્નેય સુખ નથી' એવી પ્રસિદ્ધ લોકોક્તિ છે. આ પરાધીનતા ટાળવા માટે પરને પર તરીકે જણવું અત્યંત આવશ્યક છે.

અન્યત્વભાવનાનો અભ્યાસ પરને પર તરીકે જણાવે છે. આ પરમાં નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મ-ભેદભાવોનો સમાવેશ છે. શરીરાદિ નોકર્મ વિભક્ત પ્રદેશરૂપ અન્યત્વપણે પોતાથી પર છે.

જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ વિભક્તપ્રદેશરૂપ અનન્યત્વપણે પોતાથી પર છે. રાગાદિ ભાવકર્મ અવિભક્તપ્રદેશરૂપ અન્યત્વપણે પોતાથી પર છે. અને જ્ઞાનાદિ ગુણોના ભાવભેદ અવિભક્ત-પ્રદેશરૂપ અનન્યત્વપણે પોતાથી પર છે.

અન્યત્વભાવનાના અભ્યાસ દ્વારા આ પ્રકારે પરથી ભિન્નતા ભાસવાથી પરનું કોઇ વલણ, પ્રયોજન કે આશ્રય સંભવતો નથી. તેથી પરાધીનતા મટે છે.

ઉપસંહાર

અન્યત્વભાવના એ સ્વ-પરના ભેદજ્ઞાનની ભાવના છે. સ્વ-પરના ભેદજ્ઞાનમાં સ્વ એટલે પોતાનો તિકાળી ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ છે અને તે સિવાયના નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મ પોતાનાથી પર છે. આ ઉપરાંત જ્ઞાનાદિ ગુણભેદ જેવા ભેદભાવો પણ પોતાના અભેદસ્વભાવમાં સમાવેશ પામતા ન હોવાથી પર છે. ભેદજ્ઞાનનો મૂળભૂત વિષય આત્મા અને તેની સાથેનો પૌદ્‌ગલિક દ્રવ્યકર્મના બંધનો છે.

આત્મા અને બંધ એ બેમાંથી એકેયને સીધી રીતે ઓળખી શકાતા નથી. પણ તેમના લક્ષણ વડે તેમને ઓળખી શકાય છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે અને બંધનું લક્ષણ રાગ છે. જ્ઞાન લક્ષણ વડે આત્માને અને રાગ લક્ષણ વડે બંધને ઓળખી શકાય છે. પોતાની અવસ્થામાં એક સાથે થતાં જ્ઞાન અને રાગ વચ્ચેનો ભેદ પારખવાથી જીવ અને બંધ વચ્ચેનું ભેદજ્ઞાન થઇ શકે છે. દ્રવ્યકર્મના બંધથી છૂટું પડતાં તેના કારણે થતા નોકર્મ અને ભાવકર્મનો અભાવ થાય છે. અને નોકર્મ અને ભાવકર્મનો અભાવ થતાં સંસારનો પણ અભાવ થાય છે. પરંતુ આ માટે સૌ પ્રથમ જ્ઞાન અને રાગને ભિન્નપણે ભાસવા જરૂરી છે. જ્ઞાન અને રાગની ભિન્નતા માટે સૂક્ષ્મ ઉપયોગરૂપ પ્રજ્ઞાછીણીની જરૂર પડે છે. પ્રજ્ઞાછીણીની પ્રગટતા માટે અન્યત્વ-ભાવનાનો અભ્યાસ ઉપયુક્ત છે. અન્યત્વભાવનાના અભ્યાસ વડે પ્રગટ થયેલ જ્ઞાનના સુક્ષ્મ ઉપયોગરૂપ પ્રજ્ઞાછીણી વડે જીવ અને બંધને અન્યપણે ઓળખી શકાય છે તેમ દર્શાવતા આચાર્યશ્રી કુંદકુંદ કહે છે—

जीव बंध बन्ने, नियत निज निज लक्षणे छेदाय छे,
प्रज्ञाछीणी वडी छेदतां बन्ने जुदा पडी जाय छे.

ભાવાર્થ : જીવ અને બંધને પોતપોતાના નિશ્ચિત લક્ષણો વડે ઓળખીને જુદા પાડી શકાય છે. અન્યત્વભાવનાના અભ્યાસથી ઉત્પન્ન થયેલ સૂક્ષ્મ ઉપયોગરૂપ પ્રજ્ઞાછીણી વડે તેમને છેદતાં તેઓ બન્ને જુદા પડી જાય છે.

(સમયસાર : ગાથા ૨૯૪)

સંદર્ભ ગ્રંથો

● ૧. ક્ષાદશાનુપ્રેક્ષા : ગાથા ૨૧ થી ૨૩; ● ૨. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૮૦ થી ૮૨; ●૩. ભગવતી આરાધના : ગાથા ૧૭૪૯ થી ૧૭૬૨; ● ૪. જ્ઞાનાર્ણવ : સર્ગ ૨ : ગાથા ૯૫ થી ૧૦૬; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૦૨ થી ૭૦૪; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાય ૬ : ગાથા ૩૫; ● ૭. તત્ત્વાર્થરાજવાર્તિક : ૯/૭, ૫/૬૦૨/૩; ● ૮. સર્વાર્થસિદ્ધિ : ૯/૭/૪૧૬; ● ૯. સમણસતુમ્ : ગાથા ૫૧૯; :: ● પદ્મનંદી પંચવિંશતિ : અધ્યાય ૬, શ્લોક ૪૯; ● ૧૧. અનગારધર્મામૃત : ગાથા ૬૬, ૬૭; ● ૧૨. બૃહદ્‌દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ ની ટીકા;● ૧૩. ગુરુદેવશ્રીના વચનામૃત : નં.૭૮; ● ૧૪. પ્રવચનસાર : ગાથા ૧૦૫, ૧૦૬, ૧૯૨, ૨૩૩ અને તેની ટીકા; ● ૧૫. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૪૫, ૧૦૩ અને તેની ટીકા; ● ૧૬. સમયસાર : ગાથા ૧૯૦-૯૨, ૨૯૪ અને તેની ટીકા; ● ૧૭. પંચાધ્યાયી ઉત્તરાર્ધ : ગાથા ૧૫; ● ૧૮. સમયસારનાટક : અધ્યાય ૬ : સંવરદ્વાર : ગાથા ૮, ૯; અધ્યાય ૮, બંધદ્વાર : ગાથા ૫૭, ૪૬; ● ૧૯. જૈ.સિ.કોશ : ભાગ : ૧ : અનુપ્રેક્ષા : ૧/૪, પાનુ ૭૨; ૪/૪, પાનુ ૭૯.

અન્યત્વભાવનાની કથા : તુષ-માષ મુનિ

● ૧. ભાવપાહુડ : ગાથા ૫૩ અને તેની ટીકા; ● ૨. આરાધના- કથાકોષ

❖ અન્યત્વભાવનાની કથા ❖

તુષ-માષ મુનિ



નગર બહારના ઉદ્યાનમાં મુનિરાજ પધારતાં લોકોના ટોળેટોળા તેમનાં દર્શન કરવા માટે ઊમટ્યા છે. શિવભૂતિ પણ તે પૈકીના એક છે. અત્યંત ભીંજાયેલ હૃદય ધરાવતા શિવભૂતિની આત્મજિજ્ઞાસા એકદમ તીવ્ર છે. આત્મહિતની ઉદાત્ત ભાવના અને પરમપદની પ્રાપ્તિનું ધ્યેય તેનાં જીવન સાથે વણાયેલ છે. મુનિરાજના દર્શન કરી અત્યંત આનંદ પામેલા શિવભૂતિ કાંઇક ધર્મોપદેશ સાંભળવાની ભાવના ધરાવે છે. શિવભૂતિની ઉત્કટ આત્મલગની અને વૈરાગી મુખમુદ્રા નિહાળી મુનિરાજ અન્યત્વભાવનાનો ઉપદેશ આપતા કહે છેઃ

"હે વત્સ ! પોતાનો અખંડ, અભેદ, એકરૂપ, ત્રિકાળધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ એ જ પોતાનું સ્વ છે અને તે સિવાય તેની સાથે સંકળાયેલ નોકર્મ–દ્રવ્યકર્મ–ભાવકર્મ–ભેદભાવ એ સઘળું પર છે. સ્વ–પરની સાચી સમજણ વડે પરનું પ્રયોજન છોડી સ્વનું પ્રયોજન સાધવું એટલે કે પરાર્થપણું મટાડી સ્વાર્થપણું સાધવું એ જ સકળ સિદ્ધાંતનો સાર છે.

જગતમાં સ્વાર્થી માણસને લુચ્ચો માનવામાં આવે છે અને પરાર્થી માણસને પરમાર્થી માનવમાં આવે છે. પણ વાસ્તવમાં સ્વાર્થમાં જ પરમાર્થ સમાયેલો છે. વળી સ્વાર્થ વિના પરાર્થ પણ થઇ શકતો નથી. એટલે કે જે પોતાનું કાંઇ ભલુ કરી શકતો નથી તે બીજાનું પણ કાંઇ ભલું કરી શકતો નથી. જે પોતાની દયા પાળી શકતો નથી તે બીજાની દયા પણ પાળી શકતો નથી. તેથી પરનું કામ કરવા માટે પણ પહેલાં સ્વનું કામ કરવું જરૂરી હોય છે. વળી સંસારી જીવોસ્વભાવથી જ સ્વાર્થી હોય છે. અને આ સ્વાર્થમાં કાંઇ ખોટું પણ નથી. ખોટું માત્ર એ છે કે, અજ્ઞાની જીવો પરને જ પોતાનું સ્વ માની તે પરની પળોજણમાં ખુવાર થઇને પોતાનું જીવન વ્યર્થ વેડફી નાંખે છે."

શિવભૂતિ એ કહ્યું:

"હે સ્વામી ! કોઇ ઉદાહરણ આપી સ્વ–પરની સાચી સમજણ આપો અને તેનું ફળ બતાવો"

મુનિરાજે બાજુમાં ઊગી નીકળેલા અડદના છોડને બતાવીને કહ્યું :

"જેમ અડદની દાળ તેના ઉપરના ફોતરાથી જુદી છે તેમ આપણો આત્મા શરીરાદિ નોકર્મથી જુદો છે. આ જુદાઇ વિભક્તપ્રદેશરૂપ અન્યપણે છે.

ફોતરા કાઢી નાંખ્યા બાદ તેની ઉપરના છોતરાથી પણ તે દાળ ભિન્ન છે. તેમ શરીરાદિથી નોકર્મથી ભિન્ન પડયા બાદ જ્ઞાનાવરણીયાદિ પૌદ્ગલિક દ્રવ્યકર્મથી પણ આત્મા ભિન્ન છે. આ ભિન્નતા વિભક્તપ્રદેશરૂપ અનન્યપણે છે.

ફોતરા અને છોતરા કાઢી નાંખ્યા બાદ છોતરાના કારણે દાળ ઉપર દેખાતી કાળપ એ પણ દાળનો ભાગ નથી. તે કાળપથી પણ દાળ અલગ છે. તેમ દ્રવ્યકર્મના કારણે થતા રાગાદિ વિકારીભાવરૂપ ભાવકર્મથી પણ આપણો આત્મા અલગ છે. આ અલગતા અવિભક્તપ્રદેશરૂપ અન્યપણે છે.

કાળપ કાઢી નાખ્યા બાદ છેવટે જે સફેદ દાળ દેખાય છે તે તેની સફેદાઇથી પણ ભિન્ન છે. તેમ જ્ઞાનાદિ ગુણભેદ જેવા ભેદભાવોથી પણ અભેદ આત્મા ભિન્ન છે. આ ભિન્નતા અવિભક્તરૂપ અનન્યપણે છે.

આ પ્રકારે અડદની દાળના દૃષ્ટાંતે આત્માના ચૈતન્યસ્વભાવની ભિન્નતાનો સિદ્ધાંત સમજી શકાય છે. આ પ્રમાણે પરથી ભિન્નતા સમજવાથી પરપ્રત્યેનું પ્રયોજન, વલણ કે આશ્રયરૂપ પરાધીનતા ટળે છે. પરાધીનતા ટળવાથી પરાશ્રયે થતાં રાગ–દ્વેષ મટવાથી સંસાર અને તેના દુઃખોનો અભાવ થાય છે. અને મોક્ષમાર્ગ અને તેનું સુખ પ્રગટે છે. આ પ્રકારે સ્વ–પરની સાચી સમજણનું ફળ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીનું જાણવું."

મુનિરાજના સદુપદેશથી શિવભૂતિ સંતુષ્ઠ થયા. તોપણ અન્યત્વભાવનાના અંગરૂપ સ્વ–પરના ભેદજ્ઞાનને સંક્ષેપમાં સમજી શકાય તેવું કોઇ સૂત્ર આપવાની માંગણી કરી. શિવભૂતિની જીજ્ઞાસા જાણી મુનિરાજે કહ્યું :

પરથી ખસ, સ્વમાં વસ,
ટૂંકુને ટચ, બાટલું કર તો બસ.

આ એક સૂત્રમાં સર્વ સિદ્ધાંતોનો સાર સમાયેલો છે. અન્યત્વભાવનાના અભ્યાસ વડે સ્વ–પરનું ભેદજ્ઞાન પામી પરને પર તેમ જ સ્વને સ્વ તરીકે ઓળખી પરથી પાછું વળી પોતાના સ્વ એવા શુદ્ધાત્મસ્વભાવમાં સ્થિત રહેવાથી સ્વાત્માનુભૂતિની પ્રાપ્તિ થાય છે. સ્વાત્માનુભૂતિની પ્રાપ્તિ થતા રાગ–દ્વેષ અને તેના કારણે થતા સઘળા સંસારનો અભાવ થાય છે. માટે હે બંધુ ! આ એક સૂત્રને યાદ રાખવાથી સર્વ પ્રયોજનની સિદ્ધિ થશે."

મુનિરાજના ધર્મોપદેશથી શિવભૂતિ પ્રભાવિત થયા.પણ આત્મરુચિમાં ઉત્કૃષ્ટ છતાં તેઓ સ્મરણશકિતમાં નબળા હતા. તેથી તેમને કોઇ પણ બાબત કંઠસ્થ રાખવી કઠિન લાગતી. મુનિરાજે સમજાવેલ સાદુ સીધું સૂત્ર પણ તેઓ યાદ રાખી શકતાં ન હતા. તેથી તેમણે મુનિરાજને પોતાને કરવા જેવા કાર્ય સંબંધી અને સરળતાથી સ્મરણમાં રહી શકે તેવો કોઇ એક નાનકડો કલ્યાણકારી મંત્ર જ આપવાની વિનંતી કરી.

શિવભૂતિની જિજ્ઞાસા જાણીને મુનિરાજે કહ્યું:

"હે ભવ્ય ! જીવના સંસારનું કારણ રાગ–દ્વેષ છે. રાગ–દ્વેષનું કારણ પરાધીનતા છે. પરાધીનતાનું કારણ પર સાથેનું એકત્વ કે મમત્વ છે. પર સાથેના એકત્વ કે મમત્વનું કારણ અન્યત્વભાવનાનો અણઅભ્યાસ છે. જો તું અન્યત્વભાવનાનો અભ્યાસ કરી તેનું ચિંતવન રાખીશ તો સ્વ–પરનું ભેદજ્ઞાન થશે અને તેથી પર સાથેનું એકત્વ કે મમત્વ મટશે. તેથી પરાધીનતા ટળશે અને તેથી પરાશ્રિતપણે થતો રાગ–દ્વેષ પણ નહિ રહે. તેથી હે મિત્ર ! રાગ–દ્વેષ ન કરવા. આથી તું

मा तुष ! मा रुष !

(અર્થ : રાગ ન કર, દ્વેષ ન કર)

એટલો જ નાનકડો મંત્ર યાદ રાખજે. અને રાગ–દ્વેષ ન થાય તે માટેના ભેદજ્ઞાનનો અભ્યાસ અને અન્યત્વભાવનાનું ચિંતવન કર જે.

હે ભવ્ય ! તારું અવિનાશી કલ્યાણ થાઓ"

મુનિરાજ પાસેથી મંત્ર મેળવી અને આશીર્વાદ પામી શિવભૂતિ અતિ આનંદ પામ્યા અને *मा तुष ! मा रुष !* એ મંત્રનું રટણ કરતાં પોતાના સ્વભાવને પરથી પૃથક જાણીને રાગ–દ્વેષને દૂર કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ શિવભૂતિની નબળી સ્મરણશક્તિના કારણે એ મંત્ર પણ પૂરો યાદ ન રહ્યો. અને **मा तुष**માંથી **मा** શબ્દ અને **मा रुष** માંથી **रु** શબ્દ ભૂલીને **तुष माष तुष माष** એમ ગોખવા લાગ્યા.

એક વખત શિવભૂતિ **तुष माष**નું રટણ કરતાં જઈ રહ્યા હતા ત્યારે તેમણે એક બાઈને જોઈ. બાઈએ અડદની શીંગમાંથી ફોતરા કાઢી અડદ કાઢ્યા. ત્યાર પછી છોતરા જુદા કરી અંદરની દાળ કાઢી. ત્યારબાદ દાળની ઉપરથી કાળપ પણ ધોઈને દૂર કરી અને સફેદ દાળ જુદી કરી. શિવભૂતિએ આ બધું જોઈને પૂછયું :

"બહેન, તું આ શું કરે છે ?"

બાઈએ જવાબ આપ્યો :

*"**तुष** (ફોતરા) અને **माष** (દાળ) ભિન્ન કરી રહી છું"*

આ સાંભળીને જ શિવભૂતિને પોતે રટણ કરતાં તે **तुष–माष** મંત્રનો ભાવ સમજાયો. અને તે ઊંડા મનોમંથનમાં ડૂબી ગયા :

"અરે મારા ગુરુએ મને જણાવ્યું હતું કે જેમ આ અડદની દાળ તેના ફોતરા, છોતરા, કાળપ અને સફેદાઈથી જુદી છે તેમ મારો શુદ્ધાત્મા પણ ફોતરારૂપ શરીરાદિ નોકર્મ, છોતરારૂપ જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ, કાળપરૂપ રાગાદિ ભાવકર્મ અને સફેદાઈરૂપ જ્ઞાનાદિ ગુણભેદથી જુદો છે. આ સઘળાં અન્યભાવોથી ભિન્ન શુદ્ધાત્માનો આશ્રય કરવાથી પરાશ્રયે થતો રાગ–દ્વેષ ટળે છે. રાગ–દ્વેષ ટળવાથી સંસારનો પણ અભાવ થાય છે. મારે શીઘ્ર જ આ શુદ્ધાત્માનો આશ્રય કરવાનો છે."

આ પ્રકારે અન્યત્વભાવનાના ઊંડા ચિંતવનથી શિવભૂતિ સ્વાત્માનુભૂતિરૂપ સમ્યગ્દર્શન પામ્યા. ત્યાર પછી મુનિદશા અંગીકાર કરી કેવળજ્ઞાન અને મોક્ષને પામ્યા. તુષ માષના રટણ વડે સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશાની પ્રાપ્તિ કરવાથી તેઓ **तुष-माष** મુનિ તરીકે પણ પ્રસિદ્ધ થયા.

તુષ-માષના રટણ વડે અન્યત્વભાવનાની આરાધના કરી શિવની ભૂતિ એટલે કે મોક્ષની લક્ષ્મી પ્રાપ્ત કરી પોતાના શિવભૂતિ નામને સાર્થક કરનાર तुष–माष મુનિને ભાવભર્યા નમસ્કાર.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુના ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. **ભેદ મુખ્યત્વે કેટલા પ્રકારે હોય છે ?** ૧. ☐
A:: એક : વસ્તુભેદ
B:: બે : પ્રદેશભેદ અને અતદ્‌ભાવ
C:: ત્રણ : નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મ
D:: ચાર : વિભક્તપ્રદેશ અન્યત્વ, વિભક્તપ્રદેશ અનન્યત્વ, અવિભક્તપ્રદેશ અન્યત્વ અને અવિભક્ત પ્રદેશ અનન્યત્વ.

૦૨. **અન્યત્વભાવનામાં ભેદજ્ઞાનનો વિષય શો?** ૨. ☐
A:: આત્મા અને શરીર B:: આત્મા અને જ્ઞાનગુણ
C:: સ્વભાવ અને વિભાવ D:: સ્વ અને પર

૦૩. **શુદ્ધાત્માના કોની સાથેના બંધના કારણે સદાળો સંસાર હોય છે ?** ૩. ☐
A:: સંચિતકર્મ B:: નોકર્મ C:: દ્રવ્યકર્મ D:: ભાવકર્મ

૦૪. **ઉપયોગી સૂક્ષ્મતા માટે શું જરૂરી છે ?** ૪. ☐
A:: મિથ્યાત્વની મંદતા B:: ચિત્તની એકાગ્રતા
C:: મગજની કસરત D:: શંખપુષ્પીનું સેવન

૦૫. **જ્ઞાન અને રાગના ભેદજ્ઞાન માટે શું ઉપયોગી છે ?** ૫. ☐
A:: અન્યત્વભાવના B:: ઉત્તમબુદ્ધિ
C:: પુણ્યનો ઉદય D:: મનુષ્યજીવન

૦૬. **અન્યત્વભાવનાના અન્યત્વનું આધારબિંદુ શું છે ?** ૬. ☐
A:: સ્વપરનું ભેદજ્ઞાન B:: પરસંયોગોથી પૃથક્પણું
C:: સંયોગીભાવોથી અન્યપણું D:: ભેદભાવોથી ભિન્નપણું

૦૭. **પરસંયોગોથી પોતે પૃથક હોવા છતાં તેમ ન માનવાનું કારણ શું નથી?** ૭. ☐
A:: સંયોગોથી અભિન્ન આચરણ B:: સંયોગો સાથેનો સહવાસ
C:: સંયોગોનો ગાઢ પરિચય D:: અનાદિની મિથ્યા માન્યતા

૦૮. **ભાવકર્મથી પોતાની ભિન્નતા ક્યાં પ્રકારે છે?** ૮. ☐
A:: વિભક્તપ્રદેશરૂપ અન્યપણે B:: વિભક્તપ્રદેશરૂપ અનન્યપણે
C:: અવિભક્તપ્રદેશરૂપ અન્યપણે D:: અવિભક્તપ્રદેશરૂપ અનન્યપણે

૦૯. **કોના અભાવે જીવ સંસારમાં રખડે છે અને અનંત દુઃખો ભોગવે છે?** ૯. ☐
A:: કેવળજ્ઞાન B:: ભણતર C:: પૈસા D:: ભેદજ્ઞાન

૧૦. **પરાધીનતા ટાળવા માટે કોની આવશ્યકતા છે ?** ૧૦. ☐
A:: પરને પોતાપણે માનવાની B:: પરને પર તરીકે જાણવાની
C:: પુણ્યના ઉદયની D:: શરીરના સ્વાસ્થ્યની

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં ટૂંકો જવાબ આપો.

૦૧. સ્વ-પરના ભેદજ્ઞાનમાં અને સ્વપર શું છે ?
૦૨. અન્યત્વભાવનાના અન્ય ક્યાં નામ છે ?
૦૩. શા માટે અન્યત્વભાવનાને ભિન્નભાવના પણ કહેવાય છે ?
૦૪. શા માટે અન્યત્વભાવનાને ભેદજ્ઞાનની ભાવના પણ કહેવાય છે?
૦૫. અન્યત્વભાવનાનું અન્યત્વ શું છે ?
૦૬. નોકર્મ કોને કહે છે ?
૦૭. દ્રવ્યકર્મ કોને કહે છે ?
૦૮. ભાવકર્મ કોને કહે છે ?
૦૯. ભેદભાવ કોને કહે છે ?
૧૦. વિભક્તપ્રદેશરૂપ ભેદ કોને કહે છે ?
૧૧. વિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ કોને કહે છે ?
૧૨. વિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ કોને કહે છે ?
૧૩. અવિભક્તપ્રદેશરૂપ ભેદ કોને કહે છે ?
૧૪. અવિભક્તપ્રદેશરૂપ અન્યત્વ ભેદ કોને કહે છે?
૧૫. અવિભક્તપ્રદેશરૂપ અનન્યત્વ ભેદ કોને કહે છે ?
૧૬. ચાર પ્રકારના ભેદજ્ઞાનમાં શુદ્ધાત્માને ભિન્ન પાડવા માટે ભેદજ્ઞાનનો મૂળભૂત વિષય શું છે ?
૧૭. શા માટે સ્વ-પરના ભેદજ્ઞાન માટે ચારેય પ્રકારનો ભેદ સમજવો જરૂરી છે ?
૧૮. અન્યત્વભાવનાનો કેન્દ્રવર્તી વિચાર શું છે ?
૧૯. સંસારના અભાવના કારણરૂપ સ્વ-પરના ભેદજ્ઞાન માટે તેનો વિષય શુદ્ધાત્મા અને દ્રવ્યકર્મ વચ્ચેનું ભેદજ્ઞાન શા માટે છે ?
૨૦. દ્રવ્યકર્મના કયા બે પ્રકાર છે ?
૨૧. ઘાતિકર્મોના કારણે શું હોય છે ?
૨૨. અઘાતિકર્મોના કારણે શું હોય છે ?
૨૩. શુદ્ધાત્માને ઓળખવા માટે તેનું લક્ષણ શું છે ?
૨૪. અન્યત્વભાવનાનો આશય શું છે ? તેના માટે શેની આવશ્યકતા હોય છે ?
૨૫. એકત્વભાવનાનો અને અન્યત્વભાવનાનો અકે કઈ રીતે છે ?
૨૬. અન્યત્વભાવનાની ચિંતવન પ્રક્રિયામાં કોનાથી ભિન્નતા કે ભેદજ્ઞાનની ભાવના હોય છે ?

નીચેનાના વિસ્તૃત જવાબ આપો.

૦૧. અન્યત્વભાવના એટલે શું ? તેની સમજૂતી આપો.
૦૨. શ્રીફળના દૃષ્ટાંત વડે આત્માનો સિદ્ધાંત સમજાવતી ચાર પ્રકારના ભેદજ્ઞાનની સમજૂતી અને તેનો કોઠો આપો.
૦૩. સ્વ-પરના ભેદજ્ઞાનનો વિષય અને તેની પ્રાપ્તિનો ઉપાય સમજાવો.
૦૪. અન્યત્વભાવનાના અન્યત્વ માટે સ્વ-પરના ભેદજ્ઞાનની સમજણની આવશ્યકતા શા માટે છે ?
૦૫. એકત્વભાવના અને અન્યત્વભાવનાની તુલના કરો.
૦૬. એકત્વભાવનાની ચિંતવન પ્રક્રિયામાં શરીરાદિ નોકર્મ સાથેનું ભેદજ્ઞાન સમજાવો.
૦૭. અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયામાં રાગાદિ ભાવકર્મ સાથેનું ભેદજ્ઞાન સમજાવો.
૦૮. અનિત્યભાવનાની ચિંતવન પ્રક્રિયામાં જ્ઞાનાદિ ગુણભેદ સાથેનું ભેદજ્ઞાન સમજાવો.
૦૯. જિનપ્રતિમા અન્યત્વભાવનાનું સાધન કે કારણ કઈ રીતે થઈ શકે તે સમજાવો.
૧૦. અન્યત્વભાવના કઈ રીતે સંસાર પ્રત્યેના વૈરાગ્યનું કારણ છે?
૧૧. અન્યત્વભાવનાનો અભ્યાસ કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?
૧૨. અન્યત્વભાવના અભ્યાસનું ફળ સ્વ-પરનું ભેદજ્ઞાન કઈ રીતે છે?
૧૩. અન્યત્વભાવનાના અભ્યાસથી કઈ રીતે પરાધીનતા મટે છે ?


ભાવના

૬

અશુચિભાવના

अस्थि-चर्ममय देह मम, तामें ऐसी प्रीति ।
होति जो शुद्धात्म संग, मिटती भव की भीति ।।

ભાવાર્થ : પીયરમાં રહેલી પોતાની પત્નિ રત્નાવલીની આસક્તિમાં આકંઠ ડૂબેલા તુલસીદાસ લોકલાજ છોડીને સાસરામાના તેને મળવા પહોંચે છે. ત્યારે રત્નાવતી તેને કહે છે: હાડ-ચામમય મારા અશુચિ દેહમાં આવી પ્રીતિ રાખો છો તેના બદલે તમારા પરમ શુચિ શુદ્ધાત્મામાં રાખો તો ભવભ્રમણનો ભય ભાંગી જશે.



❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી
૨. અશુચિભાવનામાં અશુચિની વિચારણા માટે શરીર શા માટે?
૩. શરીરનું અશુચિપણું કઇ રીતે ?
૪. સ્ત્રીનાં શરીરનું અશુચિપણું
૫. સ્નાનથી શુચિતા નથી
૬. શુચિ માટેનો સાચો ઉપાય
૭. આત્માનો શત્રુ : શરીર
૮. મનુષ્યદેહની મહત્તા-દુર્લભતા-સાર્થકતા
૯. અશુચિભાવનાની ચિંતવન પ્રક્રિયા
૧૦. અશુચિભાવનાનું સાધન કે કારણ
૧૧. કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવે છે ?
૧૨. કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ?
૧૩. પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ
    ૧. શરીર પ્રત્યેનો મોહ મટાડે
    ૨. શુદ્ધાત્મસ્વભાવની શુચિને સમજાવે
૧૪. ઉપસંહાર
૧૫. અશુચિભાવનાની કથા :
ભવરોગની દવા : અશુચિભાવના

વજ્રનાભિ ચક્રવર્તીએ જિનદીક્ષા ગ્રહણ કરતા સમયે ભાવેલી

અશુચિભાવનાના કેટલાંક સારભૂત પદો

(ભગવાન ઋષભદેવ પૂર્વના ત્રીજાભવમાં વજ્રનાભિ નામના ચક્રવર્તી હતા. પિતા વજ્રસેન તીર્થંકરના સમવસરણમાં દિવ્યધ્વનિ વડે અશુચિભાવનાનો ધર્મોપદેશ સાંભળી ચક્રવર્તી વજ્રનાભિ મહાવૈરાગ્ય પામ્યા. વજ્રનાભિએ પોતે પણ અશુચિભાવનાનું ચિંતવન કરી વૈરાગ્યને દૃઢ બનાવ્યો. તેના પરિણામે તેમણે તીર્થંકર સમીપે મુનિદીક્ષા અંગીકાર કરી અને તીર્થંકર નામકર્મનું પણ ઉપાર્જન કર્યું. મુનિદીક્ષા અંગીકાર કરતા સમયે વજ્રનાભિ ચક્રવર્તીએ ભાવેલી અશુચિભાવનાના કેટલાંક સારભૂત પદો અહીં પ્રસ્તુત છે.)



(છંદ : નરેન્દ્ર અથવા જોગીરાસા)

देह अपावन अथिर धिनावन, यामें सार न कोई ।
सागर के जलसों शुचि कीजै, तो भी शुद्ध न होई ।।
सप्त कुधातु भरी मल मूरत, चाम लपेटी सोहै ।
अन्तर देखत या सम जग में, और अपावन को है ।।
नव मल द्वार सर्वे निशिवासर, नाम लिये धिन आवै ।
व्याधि उपाधि अनेक जहां तहं, कौन सुधी सुख पावै ।।
पोषत तो दुःख दोष करै अति, सोषत सुख उपजावै ।
दुर्जन देह स्वभाव बराबर, मूरख प्रीति बढावै ।।
राचन जोग स्वरुप न याको, विरचन जोग सही है ।
यह तन पाय महा तप कीजे, यामैं सार यही है ।।

ભાવાર્થ : અનિત્ય, અપવિત્ર અને ઘૃણાસ્પદ દેહમાં કોઇ સાર નથી. સ્વભાવથી જ મલિન એવા શરીરને સમુદ્રના સંપૂર્ણ જળથી ધોવામાં આવે તોપણ તે નિર્મલ થઇ શકતું નથી.

સાત પ્રકારની કુધાતુઓ અને મળથી ભરેલ મૂર્તિ સમાન શરીર બહારથી ચામડીથી લપેટાયેલું શોભે છે પણ તેને અંદરથી જોવામાં આવે તો તેના સમાન બીજી કોઇ અપવિત્ર ચીજ નથી.

જેનું નામ લેતા પણ ઘૃણા આવે તેવા મળ શરીરના નવ દ્વારોમાંથી રાત્રિ-દિવસ નિરંતર ઝરતાં રહે છે. અનેક પ્રકારની વ્યાધિઓ અને ઉપાધિઓના રહેઠાણ દેહમાં કોણ સુબુદ્ધિ જીવ સુખ માને ?

દેહ સ્વભાવથી જ દુર્જન જેવું છે. તેથી દેહનું જેટલું વધુ પોષણ કરવામાં આવે તેટલા વિષય-વિકાર વધુ વકરે છે અને તેથી તે ઘણાં પ્રકારના દોષ એન દુઃખનું જ કારણ બને છે. પરંતુ આ દેહનું સમ્યક પ્રકારે સંયમનું સાધન બનાવાવથી તે સુખનું કારણ બની શકે છે.

તેથી આ દેહનું સ્વરૂપ જ એવું છે કે એમાં રાગ કરવા યોગ્ય નથી. તેના પ્રત્યે તો વૈરાગ્ય ધરાવવો જ યોગ્ય છે. દેહના પ્રત્યે વૈરાગ્ય ધરાવી દેહના સાધન વડે મહા તપનું આચરણ કરવું તેમાં જ તેની સાર્થકતા છે.


(પં. ભૂધરદાસકૃત વજ્રનાભિ ચક્રવર્તીની વૈરાગ્યભાવનામાંથી)

ભાવના

૯. અશુચિભાવના

જે શુદ્ધ હોય તે શુચિ અને જે અશુદ્ધ હોય તે અશુચિ કહેવાય. પોતાનો ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ જ પરમ શુચિ છે અને તે સિવાયના શરીરાદિ સંયોગો અને રાગાદિ સંયોગીભાવો અશુચિ છે. સઘળાં સંયોગો અને સંયોગીભાવોનું કેન્દ્રસ્થાન શરીર છે. અને શરીર મહાન અશુચિ છે. આ પ્રકારની વારંવાર વિચારણા થવી તે અશુચિભાવના છે.

શુચિ એટલે પવિત્ર. જે શુદ્ધ હોય તે પવિત્ર કે શુચિ હોય છે. પોતાનો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ અખંડ, એકરૂપ, અભેદ અને તદ્દન નિર્મળ હોવાથી શુદ્ધ છે અને શુદ્ધ હોવાથી તે શુચિ છે.



અશુચિ એટલે અપવિત્ર. જે અશુદ્ધ હોય તે અપવિત્ર કે અશુચિ હોય છે. શરીરાદિ સંયોગો અને આ સંયોગોના લક્ષે થતા રાગાદિ વિકારી સંયોગીભાવો અશુદ્ધ અવસ્થારૂપ હોવાથી અશુચિ છે.

પોતાના પરમ શુચિસ્વરૂપ શુદ્ધાત્મસ્વભાવના લક્ષે એટલે કે સ્વાશ્રયે પોતાની અવસ્થા પણ શુદ્ધ કે શુચિરૂપે હોય છે અને શુદ્ધાત્મસ્વભાવ સિવાયના શરીરાદિના લક્ષે એટલે કે પરાશ્રયે પોતાની અવસ્થા અશુદ્ધ કે અશુચિરૂપે હોય છે. આ પ્રકારે શુચિ-અશુચિની વારંવાર વિચારણા થવી તે અશુચિભાવના છે.

અશુચિભાવનામાં અશુચિની વિચારણા માટે શરીર શા માટે?

પોતાના ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ સિવાય સઘળાં સંયોગો અને સંયોગીભાવો અશુદ્ધ અવસ્થારૂપ હોવાથી અશુચિ છે. તોપણ અશુચિભાવનામાં અશુચિની વિચારણા માટે મુખ્યપણે શરીરની જ અશુચિની વિચારણા કરવામાં આવે છે. કેમ કે, સઘળાં સંયોગો અને સંયોગીભાવોનું મૂળ કારણ શરીર પ્રત્યેનું જ લક્ષ હોય છે. શરીરના લક્ષે જ સઘળો સંસાર હોય છે.

શરીર છે તો જ શરીર સાથે સંબંધિત સ્ત્રી-પુત્ર-પરિવાર અને શરીરની સુવિધા માટે રોટી-કપડા-મકાન જેવા સંયોગો હોય છે. આ શરીરાદિ સંયોગોના લક્ષે જ રાગાદિ સંયોગીભાવો હોય છે. તેથી સઘળાં સંયોગો અને સંયોગીભાવોનું કેન્દ્રસ્થાન કે મૂળ કારણ શરીર જ છે. અનાદિકાળથી આ જીવને શરીરની સાથે ઘનિષ્ટ અને નિકટનો નાતો છે. અનાદિકાળથી શરીર સાથેનું એકત્વ અને મમત્વ છે. વળી આ શરીરનું અશુચિપણું સરળતાથી સમજાય તેવું છે. તેથી અશુચિભાવનામાં અશુચિની વિચારણાનું આધારબિંદુ શરીર હોય છે.

શરીરનું અશુચિપણું કઇ રીતે ?

બહારથી સુંદર દેખાતું શરીર અંદરથી રસ, રુધિર, માંસ, મજ્જા, હાડ, ચરબી અને શુક્ર જેવી સાત કુધાતુઓ અને વાત, પિત્ત, કફ, શિરા, સ્નાયુ, ચામડી અને ઉદરાગ્નિ જેવી સાત કુઉપધાતુઓથી બનેલ છે. જે અત્યંત ગ્લાનિ ઉપજાવનાર, ખેદદાયક અને જુગુપ્સાપ્રેરક હોવાથી મહાન અશુચિ છે. આ ઉપરાંત શરીરનાં દ્વારો દ્વારા નિરંતર મળ વહે છે તેમ જ ચામડીના છિદ્રો દ્વારા દુર્ગંધી પરસેવો ઝરે છે. આ શરીર એક એવો સંચો છે કે જેના સંપર્કમાં આવતા કેસર અને કસ્તુરી જેવા સુગંધી અને પવિત્ર પદાર્થો પણ દુર્ગંધી અને અપવિત્ર થઇ જાય છે. બહારમાં નિરોગી જણાતું શરીર અંદરમાં અનેક રોગોનું ઘર છે. બહારથી ચામડીથી મઢાયેલું શરીર અંદરથી અશુચિનો જ ભંડાર છે. શરીરની ચામડી ઉતરડીને જોવામાં આવે તો તે અત્યંત ઘૃણાસ્પદ જણાય છે. તેથી આ જગતમાં આ શરીરથી ચઢિયાતો અશુચિમય પદાર્થ બીજો કોણ હોય શકે ? કોઇ જ ન હોય શકે.

સ્ત્રીના શરીરનું અશુચિપણું

મનુષ્યનું શરીર મહાન અશુચિ છે. તોપણ મનુષ્યને પોતાના દેહ પ્રત્યેનો મોહ હોય છે. અને તેના કારણે સંસાર અને તેના દુ:ખો હોય છે. સ્વદેહ ઉપરાંત પરદેહમાં સ્ત્રીના શરીર પ્રત્યેનું આકર્ષણ હોય છે. શાસ્ત્રમાં સ્ત્રી પ્રત્યેના લક્ષને સંસારચક્રની ઘરી માનવામાં આવી છે. સ્ત્રી પ્રત્યેનો વાસનાજન્ય અનુરાગ જ પુરૂષના આત્માની મહાન અશુચિ છે. તેથી સ્ત્રી પ્રત્યેનું લક્ષ હટાવવા માટે અશુચિભાવનામાં સ્ત્રીનાં શરીરનાં અશુચિપણાને ભારપૂર્વક ચિંતવવામાં આવે છે.

સુંદર રૂપ, નાજુક નમણાશ, મધુર ભાષા, આકર્ષક દેખાવ અને વિવિધ હાવભાવ વડે સ્ત્રી પુરુષના મનને હરી લ્યે છે. પણ વાસ્તવમાં જોવામાં આવે તો સ્ત્રીનું શરીર અત્યંત ઘૃણાસ્પદ હોવાથી તે મહાન અશુચિ જ છે. પુરુષના શરીરમાં નવ દ્વારો છે પણ સ્ત્રીના શરીરમાં બાર દ્વારો છે, જેમાંથી નિરંતર મળ વહેતો રહે છે. વધુ દ્વારોનાં કારણે સ્ત્રીનાં રોગો પણ વધુ હોય છે.

સ્ત્રીની શોભા વિવિધ વસ્ત્રાભુષણો વગેરેને કારણે હોય છે. પણ વેશભૂષાના કારણે જેની શોભા હોય તે મૂળમાં તો અશોભનીય જ હોય. બહારમાં સૌંદર્ય પ્રસાધનોના કારણે જે સુંદર જણાતી હોય તે અંદરમાં તો અસુંદર જ હોય. સુગંધી સ્પ્રેનો છંટકાવ કરવો પડે તે શરીર પોતે તો દુર્ગંધી જ હોય. કેટલાંક કહેવાતા કુકવિઓ અનેક કુયુક્તિઓ વડે સ્ત્રીનાં અંગોપાંગની રમ્યતા બતાવી તેના વાળને રેશમની, મુખને ચંદ્રમાની, નેત્રોને નીલકમળની, સ્તનોને અમૃતમય કુંભયુગલની, પેટ અને નિતંબને કોમળ કમળપત્રની, પગોને કદલીસ્તંભની વગેરે જેવી ઉપમાઓ આપી પુરૂષને સ્ત્રી પ્રત્યે આકર્ષણ કરાવે છે. પરંતુ ખરેખર જોઇએ તો સ્ત્રીનાં કેશ જૂઓનું નિવાસસ્થાન છે. મોઢું ચામડાથી મઢેલું છે. નેત્ર એ બે છિદ્રો છે. બન્ને સ્તનો મલિન માંસના લોચા છે. પેટ એ મળમૂત્રનું ગૃહ છે. નિતંબ એ નિરંતર સ્તવવાવાળા મળનું સ્થાન છે અને પગો એ મળગૃહના સ્થંભો છે. આ પ્રકારે સ્ત્રીનું શરીર અશુચિમય જાણવું. સ્ત્રીના અશુચિમય શરીરનો અનુરાગ ટાળવાથી તેના લક્ષે થતી પુરૂષના આત્માની રાગરૂપ અશુચિ ટાળી શકાય છે. તેથી સ્ત્રીના વિષય પ્રત્યેનો અનુરાગ કરવો નહિ.



સ્નાનથી શુચિતા નથી

કેટલાંક લોકો પવિત્ર નદી, સરોવર કે સમુદ્રમાં સ્નાન કરવાથી આત્મા અને શરીરની પવિત્રતા માને છે. પર્વના દિવસોમાં આવું સ્નાન કરવાનું વધુ મહત્વ માને છે. તેથી પર્વના પ્રસંગે ગંગા નદી, પુષ્કર સરોવર અને ત્રિવેણી સંગમ જેવા સ્થાનોમાં સ્નાન કરવા માટે લોકોની ભારે ભીડ જમા થાય છે. વાસ્તવમાં આવા પ્રકારના સ્નાનથી આત્માની તો કોઇ પવિત્રતા સંભવતી નથી અને શરીરની સ્વચ્છતા પણ થતી નથી. એક જ સમયે એક સાથે અનેક લોકોના સ્નાનથી ગંદકી જ ફેલાય છે. વળી જેમ મળથી ભરેલા ઘડાને ગમે તેટલો ધોવામાં આવે તોપણ તેમાંથી મળ જ ઝરતો રહે છે અને તે કયારેય સ્વચ્છ થતો નથી. તેમ શરીરના દ્વારો અને છિદ્રોમાંથી નિરંતર મળ ઝરતું રહેતું હોવાથી તેને ગમે તેટલા પાણીથી ધોવામાં આવે તોપણ તે તુરત જ મેલું થઇ જાય છે. નિર્મળ નીરના સ્નાનથી પણ સ્વભાવથી જ અશુચિમય શરીર કયારેય નિર્મળ થતું નથી. પણ શરીરના સંપર્કથી તે નિર્મળ નીર તો અવશ્ય મલિન થાય જ છે. માટે અશુચિમય શરીરની શુચિતા સ્નાનથી નથી.

શરીરની જેમ આત્માની શુચિતા પણ સ્નાનથી નથી. ગંગાદિ તીર્થજળમાં રહેલાં જળચર જીવો નિત્ય સ્નાન કરે છે. જળ પોતે પણ સ્થાવર પ્રકારનો એકેન્દ્રિય જીવ છે. પરંતુ આ જીવોની અવસ્થા અશુચિ જ છે. માટે આત્માની પણ શુચિતા સ્નાનથી નથી.

શુચિ માટેનો સાચો ઉપાય

જળના સ્નાનથી આત્માની શુચિતા નથી. મુનિરાજને અસ્નાનતા હોય છે તોપણ શરીરના લક્ષ વિનાનો તેમનો આત્મા પરમ પવિત્ર છે. અજ્ઞાની જીવો વારંવાર સ્નાન કરે છે તોપણ શરીરના લક્ષના કારણે તેમનો આત્મા અત્યંત અપવિત્ર છે. ભેદજ્ઞાનરૂપી જળથી દેહ સાથેની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા માન્યતાને ધોઇ નાખીને દેહદેવળમાં બિરાજમાન પણ દેહથી ભિન્ન પરમ પવિત્ર શુદ્ધાત્મસ્વભાવરૂપી તીર્થમાં ડૂબકી લગાવીને સ્નાન કરવાથી એટલે કે પોતાનો ઉપયોગ શુદ્ધાત્મસ્વભાવમાં જ સ્થિત રાખવાથી પર્યાયની મલિનતા મટી જાય છે. એટલે કે વર્તમાન પલટતી પર્યાય પણ પોતાના શુદ્ધાત્મસ્વભાવ જેવી જ પરમ શુચિપણે પ્રગટે છે. આત્મા પોતાના સ્વભાવથી જ શુચિ છે અને શરીર પોતાના સ્વભાવથી જ અશુચિ છે. શુચિમય આત્મસ્વભાવનું લક્ષ કરવાથી આત્માની અવસ્થામાં પણ શુચિતા પ્રગટે છે અને અશુચિમય શરીરનું લક્ષ કરવાથી આત્માની અવસ્થામાં પણ વિકારીભાવોરૂપ અશુચિ ઉત્પન્ન થાય છે. તેથી આત્માની શુચિતા માટે શરીરનું લક્ષ છોડી પોતાના શુદ્ધાત્મસ્વભાવનું લક્ષ જરૂરી છે. અને તે માટે આત્માની શુચિતા અને શરીરની અશુચિતા સમજાવનારી અશુચિભાવના ભાવવી જરૂરી છે.

જે કોઇ અશુદ્ધતા, મલિનતા કે અશુચિતા ઉત્પન્ન થાય છે તે પરલક્ષે જ થાય છે. જગતમાં પણ કહેવાય છે કે "બગડે બે" એટલે બીજા સાથે સંબંધના કારણે થતા બેપણામાં બગાડો હોય છે. અને એકત્વમાં જ આત્માની શુદ્ધતા, નિર્મળતા કે શુચિતા હોય છે. તેથી સ્વલક્ષે શુચિતા અને પરલક્ષે અશુચિતા જાણવી. પરલક્ષમાં

સૌથી પ્રથમ અને નિકટનું પરલક્ષ શરીર જ હોય છે. શરીરના સંબંધે જ બીજા પરપદાર્થો અને તેમનું લક્ષ હોય છે તેથી શરીરનું લક્ષ છોડવાથી સઘળાં પ્રકારનું પરલક્ષ છૂટી જાય છે. શરીરાદિનું પરલક્ષ છૂટી શુદ્ધાત્માનું સ્વલક્ષ થતા આત્માની અવસ્થાની અશુચિતા ટળી શુચિતા પ્રગટે છે. આ માટે અશુચિભાવનાનો અભ્યાસ કાર્યકારી છે.

આત્માનો શત્રુ : શરીર

સર્પને દુધ પાવા છતાં તે ઝેરમાં જ પરિણમે છે. દુર્જન કે દુશ્મનનો ઉપકાર કરવા છતાં તે તેનો બદલો અપકારથી જ વાળે છે. તેમ દુર્જન સ્વભાવી દેહનું પાલનપોષણ કરવા છતાં તે દોષ અને દુ:ખનો જ દાતા છે.

સંસારી જીવ શરીરની સંભાળ પાછળ આખું આયખું ખર્ચી નાંખે છે. મોંઘામૂલના મેવા મીઠાઇ ખવડાવી તેનું પોષણ કરવામાં આવે છે. સુગંધી સાબુથી તેને નવડાવવામાં આવે છે. વિવિધ પ્રકારની વેશભૂષા વડે તેને સજાવવામાં આવે છે. શરીરની ચુસ્તી અને સ્ફૂર્તિ માટે આસન અને પ્રાણાયામ કરવામાં આવે છે. ચોવીસેય કલાક શરીરલક્ષી પ્રવૃત્તિ કરવા છતાં શરીરમાં રોગ, પીડા, વૃદ્ધાવસ્થા વગેરે આવે જ છે. શરીરના રૂંવાડે-રૂંવાડે પોણા બેના હિસાબે આખા શરીરમાં ૫,૬૮,૯૯,૫૦૦ જેટલા રોગો સત્તામાં હોય છે. તેમાંથી કોઇ પણ રોગ કયારેય પણ ઉદયમાં આવે છે. શરીર પ્રત્યે અપાર પ્રેમ અને મમત્વ હોવા છતાં પણ તે શરીર એક દિવસ દગો દઇને આત્માથી અળગું થઇ જાય છે. તે સમયે જન્મ કરતાંય અનંતગણી પીડા પહોંચાડે છે. આ પ્રકારે આત્મા શરીર પ્રત્યે ગમે તેટલો પ્રેમ રાખી તેની સંભાળ રાખ્યા કરે તોપણ શરીર આત્માને પીડા, વેદના, દુ:ખ અને દોષ અપાવીને એક શત્રુ જેવું જ કામ કરે છે.

મનુષ્યદેહની મહત્તા-દુર્લભતા-સાર્થકતા

અશુચિમય મનુષ્યનો દેહ આત્માના શત્રુ તરીકે જ ભાગ ભજવતો હોવા છતાં આ જ દેહવડે આત્મહિતનું સાધન પણ થઇ શકતું હોવાથી તેની મહત્તા પણ માનવામાં આવી છે.

મનુષ્યદેહ વડે આત્મહિતની શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધીનું એટલે કે સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીનું સંપૂર્ણ સાધન સંભવે છે. સમ્યગ્દર્શન માટે સાચી સમજણ અને સદ્વિવેકની આવશ્યકતા હોય છે. મનુષ્યદેહમાં સાચી સમજણની સર્વોત્કૃષ્ટતા અને સદ્વિવેકની પૂર્ણતા હોય છે. જેનો સદુપયોગ કરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી શકાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી પારમાર્થિક પંથમાં આગળ વધવા માટે સંયમની જરૂર હોય છે. સકળ સંયમની સંભાવના એક માત્ર મનુષ્યદેહમાં જ સંભવે છે. મનુષ્યદેહ વડે સંયમનું સાધન કરીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ થઇ શકે છે. આ પ્રકારે મનુષ્યના એક જ દેહ વડે અનાદિકાળથી ચાલ્યા આવતાં અનંત દેહભ્રમણનો અભાવ થઇ શકે છે અને તે જ મનુષ્યદેહની મહત્તા છે.

આ પ્રકારની મહત્તા ધરાવનારો મનુષ્યદેહ મળવો અત્યંત મુશ્કેલ હોવાથી તેને દુર્લભ માનવામાં આવ્યો છે. સંસારની ચારેય ગતિઓમાં

મનુષ્યગતિ મહાદુર્લભ છે. મનુષ્યનો એક ભવ મળે ત્યારે તેની સામે નરકગતિના અસંખ્યભવો કરેલા હોય છે. નરકના એક ભવ સામે દેવગતિના અસંખ્યભવો અને દેવના એક ભવ સામે તિર્યંચગતિના અનંતભવો કરવા પડે છે. આ રીતે બીજી ગતિના અસંખ્ય અને અનંતભવો કરીએ ત્યારે એકાદ મનુષ્યનો ભવ પામ થાય છે. કાળ અપેક્ષાએ જોઈએ તો અસંખ્યાત કલ્પકાળમાં મહાભાગ્યે મહાકષ્ટે એકાદ મનુષ્યનો ભવ પામ થાય છે. મનુષ્યનો ભવ પામ થયા પછી પણ તેમાં કર્મભૂમિ, આર્યક્ષેત્ર, પાંચ ઇન્દ્રિયો અને મનની પૂર્ણતા, ઉત્તમકુળ, પુણ્યનો ઉદય, નિરોગીપણું, લાંબુ આયુષ્ય, ઉત્તમ બુદ્ધિ, વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપલબ્ધિ અને જ્ઞાનીની દેશના જેવી આત્મહિત માટે અનુકૂળ બાબતો ઉત્તરોતર દુર્લભ છે. આ બધી બાબતો આપણને પામ હોવાથી આપણા વર્તમાન મનુષ્યદેહની દુર્લભતા છે.

દુર્લભ મનુષ્યદેહનો સદુપયોગ આત્મહિતના સાધન માટે કરવામાં આવે તો તેમાં તેની સાર્થકતા છે. મનુષ્યદેહમાં મનની ઉત્કૃષ્ટતા અને પાંચ ઇન્દ્રિયોની પરિપકવ પૂર્ણતા હોય છે. તેથી તેના વડે શાસ્ત્રસ્વાધ્યાય, સત્સંગ, સદાચરણ, સંયમ જેવા સાધન વડે આત્મહિત સાધવામાં આવે તો તેની સાર્થકતા છે. પણ તેના બદલે વેપાર-ધંધા, વિષય-કષાય જેવી સાંસારિક પ્રવૃત્તિ જ કરવામાં આવે તો તે તેની નિરર્થકતા પણ છે.

અશુચિભાવનાની ચિંતવન પ્રકિયા

સઘળાં સાંસારિક સંયોગો અને સંયોગીભાવો અશુદ્ધ અવસ્થારૂપ હોવાથી અશુચિ જ છે. તોપણ આ બધાંના કેન્દ્રસ્થાને શરીર જ હોવાથી અશુચિભાવનામાં મુખ્યત્વે શરીરનાં અશુચિપણાનું ચિંતવન કરવામાં આવે છે. અને તેની સામે શુદ્ધાત્માના શુચિપણાને પણ ચિંતવવામાં આવે છે. આ ચિંતવન પ્રકિયા નીચે મુજબ છે.

સઘળાં સંસારનું મૂળ કારણ મોહ છે. મોહનું કારણ શરીર પ્રત્યેનું લક્ષ છે. તેથી સંસારનો અભાવ કરવાને માટે મોહને મટાડવો જરૂરી છે. અને તેના માટે શરીરનું લક્ષ ટાળવું જરૂરી છે. શરીર પ્રત્યેનો મોહ મટાડવા માટે શરીરની અશુચિતા ચિંતવવી જરૂરી છે. શરીરની અશુચિતા ચિંતવવાથી શરીર પ્રત્યેનો મોહ મટે છે.

આ જીવ જેને અશુચિ જાણે તેના પર નજર પણ ન નાખે. તેનું લક્ષ કે મોહ કયારેય ન કરે. બહારથી સુંદર દેખાતું શરીર અંદરથી જોવામાં આવે તો તેના જેવી ઘૃણાસ્પદ અશુચિ જગતમાં બીજે કયાંય જોવા ન મળે. ચામડીથી મઢેલું સોહામણું જણાતું શરીર અંદરમાં ભયાનક હાડપીંજરવાળું છે. બહારથી સુશોભિત લાગતું શરીર અંદરમાં કુધાતુઓ અને મળ-મૂત્રથી ભરેલું છે. શરીરના નવ દ્વારોમાંથી નિરંતર મળ ઝરતો હોય છે. પુષ્પ જેવી સુગંધિત ચીજો શરીરના સંપર્કથી દુર્ગંધી થઇ જાય છે. બદામ-પિસ્તા જેવા મૂલ્યવાન પદાર્થો મોઢામાં મૂકતાં જ એઠવાડ થઇ જાય છે. ગંગાનદીનું નિર્મળ નીર શરીરની અંદર પેસતા જ પરસેવો અને પેસાબરૂપે પરિણમી જાય છે. કોઇ પણ પવિત્ર પદાર્થ શરીરના સંપર્કથી અપવિત્રે થઇ જાય છે. તો શરીર પોતે પવિત્ર કેમ હોય શકે ? ન જ હોય શકે.

શરીર અપવિત્ર કે અશુચિ છે તો તેની સામે જગતમાં કોઇ પવિત્ર કે શુચિ હોય તેવી ચીજ હોવી જોઇએ. અને તે પોતાનો જ શુદ્ધાત્મા છે. પોતાનો શુદ્ધાત્મસ્વભાવ એકરૂપ, અખંડ,

અભેદ અને ત્રિકાળ ધ્રુવ હોવાથી શુદ્ધ છે. અને તેથી તે પવિત્ર કે શુચિ છે. શરીરનું લક્ષ છોડી શુદ્ધાત્માનું લક્ષ કરવાથી આત્માની અવસ્થામાં પણ શુચિતા આવે છે અને તે જ અશુચિભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

અશુચિભાવનાનું સાધન કે કારણ

બહારથી સુંદર જણાતા શરીરના અશુચિપણાના ચિંતવન માટે બીજા કોઇ સાધન કે કારણને ન શોધીએ અને પોતાના જ શરીર તરફ જોવાથી તેનું અશુચિપણું સ્પષ્ટ જણાઇ આવે છે.

પોતાનું શરીર એક સુંદર પેકીંગમાં પેક કરેલા ઉકરડા સમાન છે. રૂપાળી અને સુંવાળી ચામડીથી મઢાયેલું શરીર અંદરમાં અશુચિનો ભંડાર છે. શરીરની થોડીક પણ ચામડી ઉતરડીને જોવામાં આવે તો તે ચીતરી ચડે તેવું હોય છે. શરીરની અંદરમાં ભયાનક હાડપીંજર, બિભત્સ કુધાતુઓ અને ઘૃણાસ્પદ મળ-મૂત્ર રહેલા છે. શરીરના બે કાનના ઢારોમાંથી શ્લેષ, બે આંખના ઢારોમાંથી આંસુ અને ચીપડા, નાકના બે ઢારોમાંથી લીક, મોઢામાંથી થૂંક અને કફ, મૂત્ર ઢારમાંથી મૂત્ર અને વીર્ય તેમજ મળ ઢારમાંથી મળ અને વાયુ એ પ્રકારે નવેય ઢારોમાંથી ગંદકી વહ્યા કરે છે. ચામડીના અનેક છિદ્રોમાંથી દુર્ગંધી પસીનો પણ ઝરતો રહે છે.

જગતના પવિત્ર મનાતા પદાર્થો પણ પેટમાં પડતાં જ અપવિત્ર થઇ જાય છે અને વમન થતાં તે જોઇ શકાતાં પણ નથી. પુષ્પ જેવા સુગંધી અને સુંદર પદાર્થો શરીરના સંપર્કમાં આવતાં જ દુર્ગંધી બની ચીમળાઇ જાય છે. કોઇ હોસ્પીટલમાં આંટો મારી રોગીઓના શરીરને જોવાથી તેનું અશુચિપણું સ્પષ્ટ જણાઇ આવે છે. કોઢીયાના શરીરમાંથી લોહી-પરુ વહે છે અને ભારે દુર્ગંધ ફેલાય છે. શરીર અંદરમાં તો કૃમિ-કીડાથી ભરેલું હોય પણ કોઇ રોગીને જીવતાં જીવડાં પડે છે અને પડખું ફરતાં જ હજારો ઇયળોનો ઢગલો થઇ જાય છે.

જેમ હાથીના બહારના દેખાવના દાંત અને અંદરના ચાવવાના દાંત જુદા હોય છે તેમ શરીરનું બહારનું અને અંદરનું સ્વરૂપ જુદું હોય છે. બહારથી સુંદર જણાતું શરીર અંદરથી નરક જેવી અશુચિવાળું છે.

શરીરનું અશુચિપણું સમજાય તો તેના પ્રત્યેનો મોહ મટી જાય છે. શરીરનો મોહ મટી જતાં શરીર પ્રત્યેનું લક્ષ ટળી જાય છે. શરીરનું લક્ષ ન રહેતાં શરીરના લક્ષે થતા રાગાદિ વિકારીભાવો થતાં નથી. રાગાદિ વિકારીભાવો ન થતાં આત્માની અવસ્થા તેના સ્વભાવ જેવી પવિત્રપણે પ્રગટે છે.

અશુચિમય શરીરની અંદર બિરાજમાન શુદ્ધાત્મા પરમ પવિત્ર છે. અપવિત્ર શરીરમાં જ પવિત્ર પરમાત્માનું રહેઠાણ છે. મેલાઘેલા શરીરમાં જ નિર્મળ નિરંજનનો નિવાસ છે. અશુચિમય શરીરના સાધન વડે જ પોતાના પરમ શુચિમય શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ થાય છે. અને ત્યારબાદ અશુચિ ભાવનાના અભ્યાસ અને ચિંતવનાના બળે અશુચિમય શરીરનું લક્ષ અને આશ્રય છોડી શુચિમય શુદ્ધાત્માનું લક્ષ અને આશ્રય કરવાથી પોતાના આત્માની અશુચિમય અવસ્થા ટળી શુચિમય અવસ્થા પ્રગટે છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવે છે ?

અશુચિભાવનાનો અભ્યાસ નાસ્તિથી શરીરાદિક સંયોગો અને રાગાદિક સંયોગીભાવોની અશુચિ દર્શાવે છે અને અસ્તિથી પોતાના શુદ્ધાત્મસ્વભાવની શુચિ દર્શાવે છે. જે શુદ્ધ હોય તે શુચિ અને અશુદ્ધ હોય તે અશુચિ છે. અશુદ્ધતાનું કારણ પરસાપેક્ષતા અને શુદ્ધતાનું કારણ પરનિરપેક્ષતા હોય છે. સઘળાં સંયોગો અને સંયોગીભાવો પરસાપેક્ષ અશુદ્ધ અવસ્થારૂપ હોવાથી અશુચિ છે. પોતાનો ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ પરનિરપેક્ષ હોવાથી શુચિ છે. અશુચિમય શરીરાદિક સંયોગો પ્રત્યેનું લક્ષ છોડી પરમ શુચિમય શુદ્ધાત્મસ્વભાવનું લક્ષ કરાવી પોતાની અવસ્થામાં પણ શુચિ ઉત્પન્ન કરાવવામાં અશુચિભાવનાનો અભ્યાસ ઉપયોગી છે.

અશુચિ શરીરના જ સદુપયોગ વડે પરમ શુચિ શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ કરી શકાય છે. આ પ્રકારે શુચિ-અશુચિનું સ્વરૂપ સમજાવી અશુચિભાવનાનો અભ્યાસ વસ્તુસ્વરૂપની સાચી સમજણ કરાવનાર છે.

કઇ રીતે વૈરાગ્યનું કારણ છે?

સાંસારિક સંયોગો પ્રત્યે ઉપેક્ષા કે ઉદાસીનતાને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે. આ સંયોગોમાં બધાં સંયોગોનું કેન્દ્રવર્તી અને નિકટવર્તી સ્થાન શરીરનું છે. સંસારી જીવને અનાદિકાળથી પોતાના શરીર પ્રત્યે એકત્વ કે મમત્વરૂપ મોહ હોય છે. પારકા શરીર પૈકી સ્ત્રીના શરીર પ્રત્યેનું આકર્ષણ હોય છે. અશુચિભાવનાના અભ્યાસથી આ શરીર રોગો અને ઉપદ્રવોનું ઘર છે, દુર્ગંધમય, ઘૃણાસ્પદ પદાર્થોથી પરિપૂર્ણ છે અને તેથી તે મહાન અશુચિ છે, તે બાબત સમજી શકાય છે. તેથી શરીર પ્રત્યેનો મોહ કે આકર્ષણ આપમેળે અટકી જાય છે. અને તેથી શરીરાદિક સઘળાં સાંસારિક સંયોગો પ્રત્યે ઉપેક્ષા કે ઉદાસીનતા આવે છે, જેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે. આ રીતે અશુચિભાવનાનો અભ્યાસ સંસાર પ્રત્યેના વૈરાગ્યનું કારણ છે.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

અશુચિભાવનાના અભ્યાસનું પ્રયોજન શુદ્ધાત્મસ્વભાવની શુચિ અને શરીરની અશુચિ વડે વસ્તુસ્વરૂપની સાચી સમજણપૂર્વક શરીરાદિક સંયોગો પ્રત્યેનો વૈરાગ્ય છે. આવા પ્રયોજનપૂર્વક અશુચિભાવનાનો અભ્યાસ કરવામાં આવતાં તેનું ખાસ પ્રકારનું વિશેષ ફળ નીચે પ્રમાણે છે.

૧. શરીર પ્રત્યેનો મોહ મટાડે

૨. શુદ્ધાત્મસ્વભાવની શુચિને સમજાવે

૧. શરીર પ્રત્યેનો મોહ મટાડે

શરીર પ્રત્યેના પ્રેમ અને આકર્ષણના કારણે શરીર પ્રત્યેનો મોહ હોય છે. શરીરની અશુચિ સમજવાથી તેના પ્રત્યેનો પ્રેમ અને આકર્ષણ મટે છે. અને તેથી થતો મોહ મટે છે. અશુચિભાવનાનો અભ્યાસ શરીરની અશુચિ સમજાવી શરીર પ્રત્યેનો મોહ મટાડે છે.

સઘળાં સંસારનું મૂળ કારણ શરીર પ્રત્યેના એકત્વ કે મમત્વરૂપ મોહ છે. મોહનું કારણ

શરીર પ્રત્યેનો પ્રેમ કે આકર્ષણ છે. શરીર પ્રત્યેના પ્રેમ કે આકર્ષણનું કારણ શરીરને સુંદર, સુડોળ, શોભાસ્પદ કે મનોહર માનવાનું છે. અશુચિભાવનાનો અભ્યાસ કરવાથી શરીર અસુંદર, બેડોળ, અશોભનીય અને ઘૃણાસ્પદ જણાય છે. તેથી શરીર પ્રત્યેનો પ્રેમ કે આકર્ષણ ટળે છે. તેથી તેના પ્રત્યેનો મોહ પણ મટે છે.

૨. શુદ્ધાત્મસ્વભાવની શુચિને સમજાવે

જે શુદ્ધ હોય તેને શુચિ કહેવાય છે. પોતાનો ત્રિકાળ ધ્રુવ આત્મસ્વભાવ શુદ્ધ હોવાથી શુચિ છે. અશુચિભાવનાનો અભ્યાસ પોતાના શુદ્ધાત્મસ્વભાવની શુચિને સમજાવે છે.

શુચિ એટલે પવિત્ર. પવિત્ર એટલે શુદ્ધ. તેથી શુદ્ધ એટલે શુચિ છે. જે અશુદ્ધ હોય તે અશુચિ અને જે શુદ્ધ હોય તે શુચિ કહેવાય છે. અશુદ્ધતા પરસાપેક્ષતાના કારણે અને શુદ્ધતા પરનિરપેક્ષતાના કારણે હોય છે. અશુદ્ધતામાં અનેકરૂપપણું કે ખંડખંડપણું જોવા મળે છે. પણ શુદ્ધતામાં એકરૂપપણું કે અખંડપણું હોય છે. પોતાનો ત્રિકાળી ધ્રુવ આત્મસ્વભાવ પરનિરપેક્ષ, અખંડ અને એકરૂપ હોવાથી શુદ્ધ છે અને તેથી તે શુચિ છે.

અશુચિભાવનાનો અભ્યાસ શરીરની અશુચિને સમજાવે છે. તેમ શુદ્ધાત્મસ્વભાવની શુચિને પણ સમજાવે છે. જગતમાં અશુચિ છે તો શુચિ પણ છે. આવો શુચિ પદાર્થ પોતાનો જ શુદ્ધાત્મસ્વભાવ છે. અશુચિમય શરીરમાં રહેલો હોવા છતાં શરીરથી ભિન્ન એવો પોતાનો શુદ્ધાત્મસ્વભાવ પરમ શુચિ છે. શુદ્ધાત્મસ્વભાવ અને તેની શુચિતા સીધી કે પ્રત્યક્ષ જણી શકાતી નથી. તોપણ અશુચિભાવનાના અભ્યાસ દ્વારા શરીરની અશુચિ અને તે અશુચિનું કારણ સમજી તે જ શરીરના સાધન વડે શુદ્ધાત્મસ્વભાવને અને તેની શુચિતાને સમજી શકાય છે. આ પ્રકારે અશુચિભાવનાના અભ્યાસનું વિશેષ ફળ પોતાના શુદ્ધાત્મસ્વભાવની શુચિને સમજાવે તે પણ છે.

ઉપસંહાર

સઘળાં સંસારનું મૂળ કારણ શરીર પ્રત્યેનો મોહ છે. અશુચિભાવનાના અભ્યાસથી શરીરની અશુચિ સમજાય છે અને તેથી શરીર પ્રત્યેનો મોહ મટે છે. શરીર પ્રત્યેનો મોહ મટવાથી શરીર પ્રત્યેનું લક્ષ ટળે છે. વળી આ જ અશુચિભાવનાનો અભ્યાસ પોતાના શુદ્ધાત્મસ્વભાવની પરમ શુચિતાને પણ સમજાવનાર છે. તેથી શરીરની અશુચિને જાણીને શરીર પ્રત્યેનો મોહ અને લક્ષ ટાળવો અને તેનાથી વિરુદ્ધ પોતાના શુદ્ધાત્મસ્વભાવની પરમ શુચિને સમજીને શુદ્ધાત્માની ભાવના અને લક્ષ કરવો. જેથી શીઘ્ર જ આ સંસારનો અભાવ થાય. આ જ બાબત આચાર્યશ્રી યોગીન્દુદેવ આ પ્રમાણે કહે છે--

નર્કાવાસ સમ જર્જરિત જાણો મલિન શરીર,

કરી શુદ્ધાત્મ ભાવના, શીઘ્ર લહો ભવતીર.

ભાવાર્થ : હે જીવ ! જેવી રીતે નરકસ્થાન દુર્ગંધમય હોવાથી જર્જરિત છે તેવી જ રીતે મલિન શરીર પણ મળમૂત્રથી દુર્ગંધમય હોવાથી જર્જરિત છે. આવા અશુચિ શરીરનું લક્ષ છોડી પરમ શુચિ શુદ્ધાત્માની ભાવના કર તો તું શીઘ્ર જ સંસારથી પાર પામીશ. (આ માટે અશુચિભાવનાનો અભ્યાસ કાર્યકારી છે.) (યોગસાર : દોહરો-૫૧)

❖ અશુચિભાવનાની કથા ❖

ભવરોગની દવાઃ અશુચિભાવના



સૌધર્મ ઇન્દ્રની સભામાં નજીકના ભવિષ્યમાં ભરતક્ષેત્રમાં અવતરનારા સોળમાં તીર્થંકર શાંતિનાથ સબંધી ચર્ચા ચાલતી હતી. આગામી તીર્થંકર શાંતિનાથ એ તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ એમ ત્રણ પદવીઓના ધારક હશે. કામદેવ, ચક્રવર્તી, અને તીર્થંકરના ઉત્તરોતર ચઢિયાતા રૂપ અને સૌંદર્ય વિશે વાત કરતાં ઇન્દ્ર મહારાજાએ કહ્યું :

"જગતમાં જે રૂપ અને સૌંદર્યથી સભર હોય તેવા પુરુષને કામદેવ કહે છે. ચોવીસ તીર્થંકરોના સમયમાં ચોવીસ કામદેવ થાય છે. કામદેવના કામણગારા રૂપ અને સૌંદર્યને ચંદ્રની ઉપમા પણ કેમ અપાય ? ચંદ્રને તો કલંક હોય છે. નિષ્કલંક અને અનુપમ રૂપના ધારક કામદેવથી કોઇ પણ સામાન્ય સ્ત્રી મોહિત થઇ જાય છે. જગતની સમ્યગ્દષ્ટિ ધર્માત્મા હોય તેવી સતી સિવાયની સઘળી સ્ત્રીઓ તેને ઇચ્છનારી હોય છે.

કામદેવથી પણ ચઢિયાતું રૂપ અને સૌંદર્ય હોય તો તે ચક્રવર્તીનું હોય છે. ચક્રવર્તીને વજ્રઋષભનારાચ નામના ઉત્તમ સંહનનને કારણે તેમના હાડકા વજ્ર જેવા મજબૂત હોય છે. સમચતુરસ્ર નામના ઉત્તમ સંસ્થાનને કારણે તેમના શરીરના અંગોપાંગ સપ્રમાણ અને સુડોળ હોય છે. સુંદર આકૃતિ ધરાવનાર ચક્રવર્તીનું રૂપ અને સૌંદર્ય અવર્ણનીય હોય છે.

ચક્રવર્તીથી પણ ચઢિયાતું રૂપ અને સૌંદર્ય ધરાવનાર તીર્થંકર ભગવાનનું શરીર છે. તીર્થંકરનું પરમ ઔદારિક શરીર સ્ફટિક જેવું નિર્મળ અને નિર્દોષ હોય છે. તીર્થંકરના શરીરમાં મળ–મૂત્ર–પસીનો થતો નથી. તેમના શરીરમાં કોઇ પણ

રોગ થતો નથી. તેમને કયારેય વૃદ્ધાવસ્થા આવતી નથી. તેમને મરણની પીડા કે વેદના અનુભવવી પડતી નથી. તીર્થંકરના શરીરનું રૂપ હજારો ચંદ્રની ચાંદનીને ઝંખવાણુ પાડી દયે તેવું હોય છે. તેમના શરીરનું તેજ હજારો સૂર્યના તેજને ઢાંકી દેનારું હોય છે. તેમના શરીરના સૌંદર્યથી આભામંડળની દશેય દિશાઓ પુલકિત થઇ ઉઠે છે. તેમના દર્શનમાત્રથી બધાં દુ:ખો દૂર થાય છે અને આત્મિક આનંદ વ્યાપી જાય છે.

શાંતિનાથ ભગવાન આવા કામદેવ, ચક્રવર્તી અને તીર્થંકર એ ત્રણેય પદવીને પામ થઇ જગતના અમુલ્ય રૂપ અને સૌંદર્યના ધારક બનશે.”

આગામી તીર્થંકર શાંતિનાથના અચિંત્ય રૂપ અને સૌંદર્યની વાત સાંભળી દેવો હર્ષ પામ્યા. તે સમયે એક દેવે જીજ્ઞાસાથી પૂછયું કે, વર્તમાનકાળમાં આવું રૂપ અને સૌંદર્ય ધરાવનાર કોઇ છે ? એવો પ્રશ્ન પૂછાતાં ઇન્દ્ર મહારાજાએ જવાબ આપ્યો :

“શાંતિનાથના પુરોગામી ચક્રવર્તી સનત્કુમાર હાલ ભરતક્ષેત્રમાં વિચરી રહ્યા છે. તેઓ ચક્રવર્તી હોવા છતાં તેમનું રૂપ અને સૌંદર્ય તીર્થંકરતુલ્ય છે. તેમના રૂપનો જોટો જડવો જગતમાં મુશ્કેલ છે. તેમના સૌંદર્યનું પાન કરનાર ધન્ય બની જાય છે. ”

સૌધર્મ ઇન્દ્ર પાસેથી ચક્રવર્તી સનત્કુમારના રૂપ અને સૌંદર્યની ભરપૂર પ્રશંસા સાંભળી તે દેવને તે સાક્ષાત્ નિહાળવાની ઇચ્છા થઇ. ઇન્દ્ર મહારાજની આજ્ઞા લઇને તેઓ સનત્કુમારની રાજસભાના દ્વારે આવીને ઊભા રહ્યા. દ્વારપાળ દ્વારા ચક્રવર્તીને કહેવરાવ્યું કે સ્વર્ગલોકનો દેવ તમારું રૂપ નિહાળવા આવ્યા છે. ચક્રવર્તીની સંમતિથી તે દેવ રાજયસભામાં પ્રવેશ પામ્યા. દૈવી વસ્ત્રાભુષણ પહેરીને રાજસિંહાસન ઉપર બિરાજતા સનત્કુમાર રત્નાચળના શિખર સમાન શોભતા હતા. ચક્રવર્તીનું મનોહર મુખ, કંચનવર્ણી કાયા, સોહામણું સૌંદર્ય, લાવણ્યમય રૂપ, ચંદ્રથી ચઢિયાતી કાંતિ અને સૂર્ય જેવું તેજ જોઇને તે દેવ તો આભો જ બની ગયો. તેણે મનોમન વિચાર્યું :

“અરે ! તીર્થંકરનેય ટક્કર લ્યે તેવું આનું રૂપ અને સૌંદર્ય છે. ઇન્દ્ર મહારાજે કહ્યું હતું તેવું જ આ રૂપ છે, એથી વિશેષ છે, પણ ઓછું નથી.”

ચક્રવર્તીના રૂપથી દિગ્મૂઢ બની ગયેલો દેવ એકદમ અવાક્ બનીને સનત્કુમારનાં સૌંદર્યનું પાન કરતો જ રહ્યો. ત્યારપછી બહુ પુલકિત અને પ્રભાવિત થયેલા દેવે ચક્રવર્તીની લળી લળીને સ્તુતિ કરતાં કહ્યું :

“અરે ! જો તમારા શરીરમાં વૃદ્ધાવસ્થા, રોગ, ખેદ કે મરણ ન હોત તો તમે તમારા રૂપ અને સૌંદર્ય વડે તીર્થંકરના રૂપ અને સૌંદર્યને જીતનારા છો.”

સ્તુતિ કરીને દેવ તો પોતાના સ્થાને ચાલ્યો ગયો પણ આ બાજુ દેવના કથનથી સનત્કુમાર પ્રતિબોધ પામ્યા અને ઊંડા વિચારમાં ડૂબી ગયા. અશુચિભાવના ભાવતાં તેઓ ચિંતવવા લાગ્યા :

“અરે ! અત્યારે સુંદર દેખાતા શરીરમાં વૃદ્ધાવસ્થા આવવાની જ છે. અને ત્યારે તે એકદમ બિહામણું અને વિરસ બની જનારું છે.

અરે ! અત્યારે સ્વસ્થ દેખાતું શરીર અંદરમાં અનેક રોગોનું નિવાસસ્થાન છે. તેમાંથી કોઇ પણ રોગ કયારેક તો ઉદયમાં આવવાનો જ છે.

અરે ! અત્યારે વિષયોનાં ભોગ અને ઉપભોગથી હર્ષ માનનારો આ દેહ કયારેક રોગની પીડા અને વેદનાથી ખેદ પણ પામનારો છે.

અરે ! જેનો જન્મ છે તેનું મરણ પણ છે. શું મારે પણ આ દેહના વિયોગરૂપ મરણ પામવાનું છે ?

અરે ! દુર્જન સ્વભાવી શરીર આત્માનો શત્રુ જ છે. અશુચિમય શરીર કઇ રીતે અદ્‌ભુત અને આશ્ચર્યકારી કહેવાય ? મારે હવે આ શરીરનો મોહ કે લક્ષ રાખવું પાલવે નહિં. મને જે આ પુણ્યોદયના પ્રતાપે ઉત્તમ સંહનન અને ઉત્તમ સંસ્થાનવાળું શરીર પામ થયું છે તેનો ઉપયોગ ચક્રવર્તીના ભોગોપભોગમાં કરવાને બદલે સંયમના સાધન વડે શુદ્ધાત્માની સાધના સાધવા માટે કરવાનો છે. શરીરમાં કોઇ રોગ કે વૃદ્ધાવસ્થા આવે તે પહેલાં જ આ શરીરના સાધન વડે અશરીરી દશા પામ કરવાનું કાર્ય આજે જ શરૂ કરી દેવાનું છે. ધર્મના કાર્યમાં કોઇ ઢીલ રાખવાની ન હોય.

અરે ! મારા ત્રણ લાખ વર્ષના આયુષ્યમાં નેવું હજાર વર્ષ તો આમને આમ પસાર થઇ ગયા. અને મારે મારા આત્માની સાધના કરવાની તો બાકી જ રહી ગઇ. કદાચ ઇન્દ્ર મહારાજાએ મને પ્રતિબોધવા માટે જ આ દેવને મોકલ્યો છે. હું અત્યારે જ ગુરુ પાસે પ્રવજ્યા અંગીકાર કરીશ.''

ઉપર મુજબ અશુચિભાવના ભાવતાં સનત્‌કુમાર સંયમ લેવા માટે ઉદ્યત થયા. સનત્‌કુમારની સંયમની વાત સાંભળી ચારેબાજુ ખળભળાટ વ્યાપી ગયો. છ ખંડનું આધિપત્ય, નવ નિધાન, ચૌદ રત્નો, છન્નુ હજાર રાણીઓ વગેરે સર્વેનો ત્યાગ કરી સનત્‌કુમારે ગુરુ પાસે જિનદીક્ષા અંગીકાર કરી.

મહારાજા સનત્‌કુમાર હવે મુનિરાજ સનત–કુમાર થયા છે. રત્નોના મહેલમાં વસનારા હવે વનજંગલમાં વસે છે. દૈવી વસ્ત્રાભૂષણો પહેરનારા હવે દિશારૂપી અંબરના ઓઢનારા થયા છે. સુવર્ણ સિંહાસનમાં બિરાજનારા હવે પદ્માસનમાં ધ્યાન ધરનારા છે. સેજપલંગમાં પોઢનારા હવે જમીન પર શયન કરે છે. વરસના ૩૬૦ દિવસના જુદા–જુદા ૩૬૦ રસોઇયાઓ જેના એક દિવસના ભોજન માટે એક વરસ અગાઉથી તૈયારી કરતા હતા. જેના ભોજનનો એક કોળિયો ચક્રવર્તીનું સમસ્ત સૈન્ય પણ પચાવી ન શકે તેવો સમૃદ્ધ આહાર કરનારા હવે ઉપવાસી હોય છે. કદાચિત્ આહાર ગ્રહણ કરે તોપણ તે દાતારથી મળેલ એક જ વાર ઊભા ઊભા ગ્રહણ કરે છે. ચાર દિશાઓનો વિજય કરનારા હોવાથી જેઓ ચતુરન્ત રાજચક્રી મનાતા હતા તે હવે ચાર ગતિઓનો અંત કરનારા થયા હોવાથી ચતુરન્ત ધર્મચક્રી બન્યા છે. ચતુરંગી સૈન્યના નાયક હવે મોક્ષમાર્ગની ચાર પ્રકારની આરાધનાના નાયક બન્યા છે. છ ખંડના સામ્રાજયના ધારક હવે મુનિના છ આવશ્યકના ધારક થયા છે. નવનિધિને ત્યજીને તેઓ હવે નવ ક્ષાયિકલબ્ધિને મેળવવા પ્રવૃત્ત થયા છે. ચક્રવર્તીપણાના ચૌદ રત્નોથી રહિત થઇને તેઓ

હવે સંસારના ચૌદ ગુણસ્થાનોથી રહિત એવી મોક્ષદશા પામ્યા કરવા આગળ વધ્યા છે. ૯૬ હજાર રાણીઓને છોડીને તેઓએ હવે શિવરમણીને વરવા માટેની જાન જોડી છે. આવા સનકુમારના શરીરની શોભા ચકવર્તીપણામાં હતી તેના કરતાંય મુનિપણામાં વધી ગઇ છે. રાગમાં જે શોભા હોય તેના કરતાં વીતરાગતામાં તે વધારે જ હોય. મુનિરાજ સનત્કુમારે સઘળાં ઉપસર્ગ જીતી લીધા છે. સઘળાં પરિષહ સહી લીધા છે. ઘોર તપશ્ચર્યા અને આત્મધ્યાનની ઉગ્રતાના પ્રતાપે તેમને અનેક પ્રકારની ઋદ્ધિઓ પ્રગટી છે. તેમાં ક્ષેલૌષધિ નામની ઋદ્ધિ મુખ્ય છે. આ ઋદ્ધિના કારણે તેમના મોઢાની લાળ કે થૂંકનો સ્પર્શ થતાં જ કોઇ પણ રોગ તુરત જ મટી જાય.

સ્વરૂપસ્થિત સનત્કુમાર મુનિરાજ અનેક પ્રકારના સંચિત કર્મોનો નાશ કરીને મોક્ષમાર્ગમાં આગળ વધી રહ્યા છે. તોપણ પૂર્વના કોઇ નિકાચિત કર્મના ઉદયે તેઓ કોઢના રોગનો ભોગ બને છે. તેથી શરીરમાંથી લોહી અને પરુ વહે છે અને ભયંકર દુર્ગંધ ફેલાય છે. અનુપમ રૂપ અને સૌંદર્ય ધરાવનારા મુનિરાજ સનત્કુમાર ભયંકર કોઢના રોગના કારણે બિભત્સ અને બિહામણા ભાસે છે.

આ સમયે ફરીથી તે જ દેવ ભક્તિભાવથી સનત્કુમાર પાસે આવે છે અને કહે છે :

"હે પ્રભુ ! હું તમારો ભક્ત દેવ છું, અગાઉ મારા વચનોથી વૈરાગ્ય પામીને આપે મુનિદશા અંગીકાર કરેલ છે. મારી પાસે એવી દૈવી ઔષધિ છે કે જેનાથી આપના શરીરનો કોઢનો રોગ તુરત જ મટી જશે. માટે મને તેનો ઉપચાર કરવાની આજ્ઞા આપો."

મુનિરાજ સનત્કુમારે કહ્યું :

"હે દેવ ! આ અશુચિમય શરીર રોગોનું જ રહેઠાણ છે. રોગમૂર્તિ શરીરના અનેક રોગો પૈકી કોઇને કોઇ રોગ ઉદયમાં આવે જ છે. તો તું કયા કયા રોગનો ઉપચાર કરીશ ? મારે તો આ ભવનો રોગ મટાડવો છે તેનો કોઇ ઉપચાર કરી શકતો હોય તો કર. શરીરના રોગને મટાડવાનું મારું કોઇ પ્રયોજન નથી. શરીરનો રોગ તો આ થુંકથી પણ મટી શકે છે."

એમ કહીને મુનિરાજ પોતાનું જ થુંક શરીર પર લગાડે છે અને તરત જ તેમનો રોગ નાબુદ થઇ તેમની કાયા કંચનવર્ણી થઇ જાય છે. અગાઉનું રૂપ અને સૌંદર્ય ફરી નિખરી ઉઠે છે. મુનિરાજની રોગ મટાડવાની ઋદ્ધિથી અચંબો પામી ગયેલ દેવ કહે છે :

"હે ગુરુદેવ ! આપના શરીરનો રોગ મટાડવાની બાલિશ ચેષ્ટા કરવા બદલ મારો અપરાધ માફ કરો. તમને શરીર સાથેનું કોઇ પ્રયોજન કે લક્ષ નથી. રોગિષ્ટ શરીરની વચ્ચે પણ તમે રત્નત્રયરૂપી રસાયણથી ભવના રોગને મટાડવા માટે પ્રવૃત્ત હતા. આપ શીઘ્ર જ ભવના રોગને મટાડો અને મને પણ તેનો ઉપાય બતાવો એવી પ્રાર્થના છે."

દેવની જિજ્ઞાસા જાણી મુનિરાજે કહ્યું :

"હે ભવ્ય ! અશુચિભાવના જ ભવરોગને મટાડવાની ઔષધિ છે. બહારથી સુંદર જણાતું શરીર અંદરથી હાડ–માંસ–લોહી જેવી

કુધાતુઓથી બનેલ છે. તેના નવ દ્વારોમાંથી દુર્ગંધમય મળ વહેતું રહે છે. જગતમાં જે કોઇ મહાન ખેદ, ગ્લાનિ, જુગુપ્સા કે ઘૃણા ઘરાવતી ચીજ હોય તો તે આ શરીર જ છે. તેથી તે મહાન અશુચિ છે.

જગતમાં જેમ અશુચિ હોય છે તેમ શુચિ પણ હોય છે. જે અખંડ, અભેદ, એકરૂપ અને શુદ્ધ હોય તેને શુચિ કહે છે. પોતાનો ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ આવો હોવાથી શુચિ છે.

મનુષ્યનું શરીર મહાન અશુચિ હોવા છતાં તેના વડે તેની અંદર રહેલ પોતાના પરમ શુચિ શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ કરી આત્મહિતનું સાધન કરી શકાય છે. આત્મહિતના પારમાર્થિક પંથમાં આગળ વધવા માટે સંયમની આવશ્યકતા હોય છે. આવી સંયમદશા માત્ર મનુષ્યદેહમાં જ સંભવે છે. તેથી તેની મહત્તા માનવામાં આવી છે. આવી મહત્તા ધરાવનારો મનુષ્યદેહ મળવો મુશ્કેલ હોવાથી તેને દુર્લભ પણ માનવામાં આવ્યો છે. દુર્લભ મનુષ્યદેહનો સદુપયોગ આત્મહિતના સાધન માટે કરવામાં આવે તો તેની સાર્થકતા છે.

હે વત્સ ! અશુચિભાવના વડે ચક્રવર્તીના રાજરોગમાંથી છૂટકારો મેળવી મુનિદશા ગ્રહણ કરાવવામાં તારી સ્તુતિ નિમિત્ત બની હતી. આજે ફરી અશુચિભાવના વડે ભવરોગને મટાડવાનું નિમિત્ત પણ તું બની રહ્યો છે. તેથી તું મારો શુભેચ્છક અને ઉપકારી છો. તું પણ મનુષ્યપણું પામ કરી અશુચિભાવના ભાવીને સંયમદશા અંગીકાર કરીને ભવરોગને શીઘ્ર મટાડશે એવી મારી શુભાશિષ છે.''

આમ કહેતા જ મુનિરાજ સનત્કુમાર શરીરની અશુચિ અને આત્માની શુચિ દર્શાવતી અશુચિભાવના ભાવતાં પોતાના શુદ્ધાત્મસ્વરૂપમાં સંપૂર્ણ સમાય ગયા અને અપ્રતિમ આત્મિક પુરુષાર્થ વડે ક્ષપકશ્રેણીનું આરોહણ કરીને કેળવજ્ઞાન પામ્યા. સનત્કુમાર કેવળી સિદ્ધવરકૂટમાંથી મોક્ષ પામ્યા.

અશુચિભાવના વડે ભવરોગને મટાડનાર

સનત્કુમારને શત્ શત્ પ્રણામ !

(આ કથા આચાર્યશ્રી ગુણભદ્રરચિત ઉત્તરપુરાણ : સર્ગ ૬૧, શ્લોક ૧૦૪ થી ૧૩૦ ના આધારે છે. અન્ય શાસ્ત્રો અનુસાર સનત્કુમાર મોક્ષને બદલે સ્વર્ગમાં ગયા છે તેવો ઉલ્લેખ પણ જોવા મળે છે.)

संदर्भग्रंथो

૧. બારસઅણુવેક્ખાનુપ્રેક્ષા : ગાથા ૪૩ થી ૪૬; ● ૨. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૮૩ થી ૮૭ અને તેની ટીકા; ● ૩. ભગવતી આરાધના : ગાથા ૧૮૦૬ થી ૧૮૧૩ અને તેની ટીકા; ● ૪. જ્ઞાનર્ણવ : સર્ગ૨ : શ્લોક ૧૦૭ થી ૧૧૯; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૨૨ થી ૭૨૮; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાય ૬ : ગાથા ૩૬; ● ૭. સમણસુત્તં: ૩૦ અનુપ્રેક્ષાસૂત્ર : ગાથા ૫૨૦; ● ૮. સર્વાર્થસિદ્ધિ : ૯/૭/૪૧૬; ● ૯. પદ્મનંદી પંચવિંશતિ : અધ્યાય : ૬, શ્લોક ૫૦; ● ૧૦. અનગાર ધર્મામૃત : અધ્યાય ૬, ગાથા ૬૮, ૬૯ અને તેની ટીકા; ● ૧૧. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ ની ટીકા; ● ૧૨. જૈ.સિ.કોશ: ભાગ-૧ : અનુપ્રેક્ષા : ૧/૬, પાનુ-૭૩; ૪/૬, પાનુ-૭૯

સંવરભાવનાની કથા : ભવરોગની દવા ● ઉત્તરપુરાણ : સર્ગ ૬૧, શ્લોક ૧૦૪ થી ૧૩૦.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. શુચિ એટલે શું? ૧. ☐
A:: નિર્મળ B:: અખંડ C:: પવિત્ર D:: પરમાત્મા

૦૨. સંસારચક્રની ધરી કોણ છે? ૨. ☐
A:: સ્ત્રી પ્રત્યેનું લક્ષ B:: પરસ્ત્રીગમન
C:: પોતાની પત્નિ D:: કોઈ પણ સ્ત્રી

૦૩. શુચિતા માટે કયા તીર્થમાં સ્નાન કરવું? ૩. ☐
A:: ગંગા નદી B:: પુષ્કર સરોવર
C:: ત્રિવેણી સંગમ D:: પોતાનો શુદ્ધાત્મા

૦૪. અશુચિ કઇ રીતે થાય? ૪. ☐
A:: સ્વલક્ષે B:: પરલક્ષે
C:: અસ્નાનતાથી D:: અસ્વચ્છતાથી

૦૫. શરીરથી શું મળે છે? ૫. ☐
A:: પુત્ર અને પુત્રી B:: દોષ અને દુઃખ
C:: સુખ અને શાંતિ D:: શોભા અને સુંદરતા

૦૬. શરીરનાં રૂંવાડે-રૂંવાડે કેટલા રોગ હોય છે? ૦૬. ☐
A:: એકેય નહિ B:: પોણા બે
C:: ૫,૬૮,૬૯,૫૦૦ D:: અસંખ્ય

૦૭. કાળ અપેક્ષાએ કેટલા કાળમાં મનુષ્યનો એકાદ ભવ પ્રાપ્ત થાય છે? ૦૭. ☐
A:: અંતર્મૂહુર્તમાં B:: અસંખ્યાત કલ્પકાળમાં
C:: બે હજાર સાગરમાં D:: કાંઇ કહેવાય નહિ

૦૮. મનુષ્યજીવનની સાર્થકતા શેમાં છે? ૦૮. ☐
A:: પૈસાની પ્રાપ્તિમાં B:: વિષયના ભોગવટામાં
C:: સમાજની સેવામાં D:: આત્માના હિતમાં

૦૯. અશુચિભાવનાની ચિંતવન પ્રક્રિયાના કેન્દ્રસ્થાને શું છે? ૦૯. ☐
A:: શરીર B:: આત્મા
C:: સંયોગો D:: સંયોગીભાવો

૧૦. સંસારનું મૂળ કારણ શું છે? ૧૦. ☐
A:: સ્ત્રી B:: અલ્પજ્ઞતા C:: મોહ D:: શરીર

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં જવાબ આપો.

૦૧. અશુચિભાવનામાં અશુચિ શું છે?
૦૨. સમગ્ર શરીરમાં કેટલા રોગો સત્તામાં હોય છે?
૦૩. મનુષ્યનો ભવ શેના અભાવ માટે હોય છે?
૦૪. અન્ય ગતિના કેટલાં ભવો પછી મનુષ્યનો એક ભવ મળે છે?
૦૫. મનુષ્યદેહની નિરર્થકતા કઇ રીતે છે?
૦૬. શરીર પ્રત્યેનો મોહ મટાડવા શું કરવું જોઇએ?
૦૭. અશુચિભાવનાની ચિંતવન પ્રક્રિયાનું કારણ કે સાધન શું છે?
૦૮. અશુચિભાવનાની અભ્યાસથી શરીરની કઇ બાબત સમજી શકાય છે?
૦૯. સંસારી જીવને કોના પ્રત્યે મોહ હોય છે?
૧૦. શુદ્ધતા અને અશુદ્ધતાનું કારણ શું હોય છે?
૧૧. શા માટે સઘળાં સંયોગો અને સંયોગીભાવો અશુચિ છે?
૧૨. શા માટે પોતાનો ત્રિકાળી ધ્રુવ આત્મસ્વભાવ શુચિ છે?
૧૩. અશુચિભાવનાના અભ્યાસના બે વિશેષ ફળના નામ આપો.
૧૪. શુદ્ધાત્માની શુચિને કઇ રીતે જાણી શકાય છે?
૧૫. શા માટે દેહ જર્જરિત હોય છે?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.


૦૧. અશુચિભાવનાની વ્યાખ્યા અને તેની સમજૂતી આપો.
૦૨. અશુચિભાવનામાં અશુચિની વિચારણાનું આધારબિંદુ શું છે? શા માટે ?
૦૩. શરીરનું અશુચિપણું કઇ રીતે છે?
૦૪. અશુચિભાવનામાં સ્ત્રીના શરીરના અશુચિપણાને શા માટે ભારપૂર્વક ચિંતવવામાં આવે છે?
૦૫. શા માટે શરીરની શુચિતા સ્નાનથી નથી?
૦૬. શા માટે આત્માની શુચિતા સ્નાનથી નથી?
૦૭. શુચિ માટેનો સાચો ઉપાય શું છે?
૦૮. શરીર આત્માનો શત્રુ કઇ રીતે છે?
૦૯. મનુષ્યદેહની મહત્તા કઇ રીતે છે?
૧૦. મનુષ્યદેહની દુર્લભતા કઇ રીતે છે?
૧૧. અશુચિભાવનાની ચિંતવન પ્રક્રિયા સમજાવો.
૧૨. અશુચિભાવનાના સાધન કે કારણ વિષે સમજૂતી આપો.
૧૩. અશુચિભાવના કઇ રીતે વૈરાગ્યનું કારણ છે?
૧૪. અશુચિભાવના કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવે છે?
૧૫. અશુચિભાવના કઇ રીતે શરીર પ્રત્યેનો મોહ મટાડે છે?
૧૬. અશુચિભાવના કઇ રીતે શુદ્ધાત્મસ્વભાવની શુચિને સમજાવે છે?

ભાવના

૭

આસ્રવભાવના

मिथ्या, अविरति, योग, कषाय; ये आस्रव कारन-समुदाय ।
आस्रव आठों करम के हेत; करम चतुर्गति के दु:ख देत ।।
(પાર્શ્વપુરાણ ૭/૧૦૦)



❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી
૨. આસ્રવના ભેદ અને તેનું સ્વરૂપ
  ૧. જીવના અને પૌદ્ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ બે ભેદ છે :
    ૧.ભાવાસ્રવ અને ૨.દ્રવ્યાસ્રવ
  ૨. શુભ અને અશુભની અપેક્ષાએ આસ્રવના બે ભેદ છે:
    ૧. પુણ્યાસ્રવ અને ૨. પાપાસ્રવ
  ૩. આસ્રવભાવની વિવિધતાની અપેક્ષાએ તેના ચાર ભેદ છે:
    ૧. મિથ્યાત્વ ૨. અવિરતિ ૩. કષાય અને ૪. યોગ
  ૪. આસ્રવભાવના ઉપરોક્ત ચાર ભેદના પેટાભેદની અપેક્ષાએ તેના સતાવન ભેદ છે:
    ૫ મિથ્યાત્વ + ૧૨ અવિરતિ + ૨૫ કષાય + ૧૫ યોગ = ૫૭
૩. નવતત્ત્વો પૈકીના આસ્રવ અને બારભાવના માંહેના આસ્રવમાં શો ફેર છે?
૪. આસ્રવભાવનાની જેમ બંધભાવના શા માટે નહિ ?
૫. આસ્રવભાવનાની ચિંતવન પ્રક્રિયા
૬. આસ્રવભાવનાનું સાધન કે કારણ
૭. કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે?
૮. કઈ રીતે વૈરાગ્યનું કારણ છે?
૯. પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ
  ૧. મિથ્યાત્વને મંદ કરાવે
  ૨. કષાયો ઉપશાંત કરાવે
૧૦. ઉપસંહાર
૧૧. આસ્રવભાવનાની કથા : મોક્ષની પાયડી

આચાર્યશ્રી અમૃતચંદ્રકૃત આત્મખ્યાતિમાં

આસ્રવભાવના દ્વારા આસ્રવોની નિવૃત્તિનો ઉપાય

(આસ્રવભાવનાના અભ્યાસ સહિતના ચિંતવન દ્વારા આસ્રવ અને આત્માનું સ્વરૂપ સમજી આસ્રવ અને આત્માનું ભેદજ્ઞાન કરવું એ જ આસ્રવોની નિવૃત્તિનો ઉપાય છે તેમ દર્શાવતા આચાર્યશ્રી અમૃતચંદ્ર નીચે મુજબ કહે છે.)

૧. વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતક સ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે બંધાયેલા છે, પરંતુ અવિરુદ્ધ સ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી.

(લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે. માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે, લાખ પોતે વૃક્ષ નથી તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે. આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી)


૨. આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે, ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.

૩. આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે,વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.

૪. જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતો નથી, તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે, રોકી શકાતા નથી માટે તેઓ અશરણ છે આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ જીવ જ શરણસહિત છે.

૫. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે, સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે.

૬. આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે, જીવ જ સમસ્ત પુદ્ગલપરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે.



આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાંવેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે એવા દિશાના વિસ્તારની જેમ અમર્યાદ જેનો વિસ્તાર છે એવા સહજપણે વિકાસ પામતી ચિત્શકિત વડે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે. અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે. તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે, અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાન(ભેદજ્ઞાન)ને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.

(મિથ્યાત્વ ટળી ગયા પછી પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વભાવમાં જેટલી સ્થિરતા વધતી જાય છે તેટલો પોતાનો આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થયો એમ કહેવાય છે)

(સમયસાર ગાથા ૭૨ની આત્મખ્યાતિ ટીકા)

ભાવના ૭.

આસ્રવભાવના

આસ્રવ એટલે આવવું તે. જીવના જે પરિણામના કારણે પૌદ્‌ગલિકકર્મનું જીવના પ્રદેશોમાં આવવાનું બને તે રાગાદિ વિકારી પરિણામને આસ્રવ કહે છે. આ આસ્રવભાવો અત્યંત હેય એટલે કે છોડવા જેવા છે અને પોતાનો નિરાસ્રવી શુદ્ધાત્મસ્વભાવ પરમ ઉપાદેય એટલે કે પ્રાપ્ત કરવા જેવો છે તે પ્રકારની અવારનવાર વિચારણા થયા કરવી તેને આસ્રવભાવના કહે છે.

येन कर्म आस्रवति यदा आस्रवण मात्रं वा स आस्रव : ।

અર્થ : જેનાથી કર્મો આવે તે અને કર્મોનું આવવું તે **આસ્રવ છે.** (तत्वार्थराजवार्तिक : १/४/९/२६)

આસ્રવનો અર્થ *'આવવું'* થાય છે. શરીરાદિ સંયોગોના લક્ષે થતાં જીવના રાગાદિ વિકારી સંયોગીભાવોને કારણે પૌદ્‌ગલિકકર્મનું જીવના પ્રદેશોમાં આવવું બને છે તે આસ્રવ છે. અહીં જીવના વિકારીભાવ તે ભાવાસ્રવ અને પૌદ્‌ગલિકકર્મનું આવવું તે દ્રવ્યાસ્રવ છે.

આ આસ્રવો અનિત્ય, અશરણ, અસાર, અસહાય, આત્મસ્વભાવથી ભિન્ન, અશુચિ, આકુળતા ઉપજાવનારા, દુઃખરૂપ અને ભવિષ્યમાં દુઃખફળ દેનાર છે. તેથી તેઓ અત્યંત હેય છે, એટલે કે ત્યાગવા યોગ્ય છે. અને તેની વિરુદ્ધ પોતાનો નિરાસ્રવી શુદ્ધાત્મસ્વભાવ નિત્ય, શરણભૂત, સારભૂત, સહાયરૂપ, આત્મસ્વભાવથી અભિન્ન, શુચિ, નિરાકુળતા ઉપજાવનારો, સુખરૂપ અને સુખનું કારણ છે. તેથી તે પરમ ઉપાદેય છે. એટલે કે ગ્રહણ કરવા યોગ્ય છે. આ પ્રકારે આસ્રવોના હેયપણાનું અને શુદ્ધાત્મસ્વભાવના ઉપાદેયપણાનું ચિંતવન થવું તે આસ્રવભાવના છે.

આસ્રવના ભેદ અને તેનું સ્વરૂપ

જીવના પ્રદેશમાં પૌદ્‌ગલિકકર્મના આવવાનું કારણ કે તે કર્મનું આવવું તે આસ્રવ છે.

આસ્રવના જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા પ્રકારના ભેદ હોય છે. તે આ પ્રકારે.

૧. જીવના અને પૌદ્‌ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ બે ભેદ છે: ૧. **ભાવાસ્રવ** અને ૨. **દ્રવ્યાસ્રવ**

૨. શુભ અને અશુભની અપેક્ષાએ આસ્રવના બે ભેદ છે: ૧. **પુણ્યાસ્રવ** અને ૨. **પાપાસ્રવ**

૩. આસ્રવભાવની વિવિધતાની અપેક્ષાએ તેના ચાર ભેદ છે: ૧. **મિથ્યાત્વ** ૨. **અવિરતિ** ૩. **કષાય** ૪. **યોગ**

૪. આસ્રવભાવના ઉપરોક્ત ચાર ભેદના પેટાભેદની અપેક્ષાએ તેના સતાવન ભેદ છે:

૫ મિથ્યાત્વ+૧૨ અવિરતિ+૨૫ કષાય+૧૫ યોગ = ૫૭

૧. *જીવના અને પૌદ્‌ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ આસ્રવના બે ભેદ છે:*

૧. *ભાવાસ્રવ* અને ૨. *દ્રવ્યાસ્રવ*

ચૈતન્યસ્વરૂપી જીવ અને જડસ્વરૂપી પૌદ્‌ગલિકકર્મના પરિણામને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક પ્રકારનો ઘનિષ્ટ સંબંધ હોય છે. તેમાં પૌદ્‌ગલિકકર્મના કારણે થતા જીવના પરિણામને ભાવ અને જીવના કારણે થતા પૌદ્‌ગલિકકર્મના પરિણામને દ્રવ્ય પૂર્વગ લગાડવાની પદ્ધતિ છે. આ કારણે જીવના આસ્રવને ભાવાસ્રવ અને પૌદ્‌ગલિકકર્મના આસ્રવને દ્રવ્યાસ્રવ કહેવામાં આવે છે. તેથી જીવના પરિણામ અને પૌદ્‌ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ આસ્રવના બે ભેદ છે:

૧. ભાવાસ્રવ ૨. દ્રવ્યાસ્રવ

૧. ભાવાસ્રવ

પૌદ્ગલિકકર્મ-નોકર્મના સંયોગે જીવમાં થતા રાગાદિ ચિદ્વિકારોરૂપ સંયોગીભાવ કે જેના કારણે નવીન પૌદ્ગલિકકર્મનું જીવના પ્રદેશોમાં આવવાનું બને તેને ભાવાસ્રવ કહે છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ જીવના પરિણામો એ ભાવાસ્રવ છે. ભાવાસ્રવના કારણે જીવના સ્વભાવનો ઘાત થઇ આકુળતા અને અવગુણની ઉત્પત્તિ થાય છે. વળી આજ ભાવાસ્રવ પૌદ્ગલિકકર્મના આસ્રવ-બંધનું કારણ બની આગામી દુઃખફળ દેનારૂં છે.

૨. દ્રવ્યાસ્રવ

ભાવાસ્રવના કારણે આકર્ષણ પામી પૌદ્ગલિકકર્મનું જીવના પ્રદેશોમાં આવવાનું બને તેને દ્રવ્યાસ્રવ કહે છે.

જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના પૌદ્ગલિકકર્મો એ દ્રવ્યાસ્રવ છે. જૂના જ્ઞાનાવરણીયાદિ પૌદ્ગલિકકર્મોના ઉદયના નિમિત્તે જીવનો ભાવાસ્રવ હોય છે અને ભાવાસ્રવનું ફળ દ્રવ્યાસ્રવ આવે છે.

૨. શુભ કે અશુભની અપેક્ષાએ આસ્રવના બે ભેદ છેઃ ૧.પુણ્યાસ્રવ અને ૨. પાપાસ્રવ

જીવના રાગાદિ વિકારીભાવો એ ભાવાસ્રવ છે અને તેના નિમિત્તે જીવના પ્રદેશોમાં પ્રવેશતાં પૌદ્ગલિકકર્મ એ દ્રવ્યાસ્રવ છે. આ ભાવાસ્રવ કે દ્રવ્યાસ્રવ ના શુભ કે અશુભની અપેક્ષાએ બે ભેદ છે :

૧. પુણ્યાસ્રવ અને **૨. પાપાસ્રવ**

૧. પુણ્યાસ્રવ

આસ્રવભાવના શુભભાવ કે શુભપ્રકૃતિને પુણ્યાસ્રવ કહે છે.

પુણ્યાસ્રવ બે પ્રકારે છે : ૧. ભાવપુણ્યાસ્રવ અને ૨. દ્રવ્યપુણ્યાસ્રવ

૧. ભાવપુણ્યાસ્રવ : ભાવાસ્રવની મંદતાવાળા જીવના શુભ પરિણામને ભાવપુણ્યાસ્રવ કહે છે.

જીવના દયા, દાન, પુજા, ભક્તિ, વ્રત, તપ, સંયમાદિ જેવા શુભભાવોને ભાવપુણ્યાસ્રવ કહે છે.

૨. દ્રવ્યપુણ્યાસ્રવ : ભાવપુણ્યાસ્રવના નિમિત્તે થતા દ્રવ્યાસ્રવની શુભપ્રકૃતિનું જીવના પ્રદેશોમાં આવવારૂપ પરિણામને દ્રવ્યપુણ્યાસ્રવ કહે છે.

પૌદ્ગલિકકર્મના શાતાવેદનીય, શુભઆયુ, શુભનામ અને ઉચ્ચગોત્ર જેવા શુભકર્મોનું જીવના પ્રદેશોમાં આવવું તે દ્રવ્યપુણ્યાસ્રવ છે.

જ્ઞાની ધર્માત્માના વીતરાગભાવ સાથે સંબંધિત ભૂમિકા અનુસારના પુણ્યને વ્યવહારથી ધર્મ કહેવાતો હોવાથી તેને શુભ માનવામાં આવે છે. પાપની અપેક્ષાએ તે પ્રશંસનીય હોવાથી તેને પ્રશસ્ત પણ કહેવામાં આવે છે. તોપણ આ પુણ્ય પણ આસ્રવ કે બંધનો જ ભેદ હોવાથી તે હેય જ છે. બંધનની અપેક્ષાએ પુણ્ય પણ પાપની જેમ કર્મના બંધનનું જ કારણ હોવાથી તે પાપ સમાન જ હેય છે. પુણ્ય-પાપથી ભિન્ન વીતરાગભાવ જ ઉપાદેય છે.

૨. પાપાસ્રવ

આસ્રવભાવના અશુભભાવ કે અશુભપ્રકૃતિને પાપાસ્રવ કહે છે.

પાપાસ્રવ બે પ્રકારે છેઃ

૧. ભાવપાપાસ્રવ અને ૨. દ્રવ્યપાપાસ્રવ

૧. ભાવપાપાસ્રવ : ભાવાસ્રવની તીવ્રતાવાળા જીવના અશુભ પરિણામને ભાવપાપાસ્રવ કહે છે.

જીવના હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના, પરિગ્રહ જેવા અશુભભાવો તે ભાવપાપાસ્રવ છે.

૨. દ્રવ્યપાપાસ્રવ : ભાવપાપાસ્રવના નિમિત્તે થતા દ્રવ્યાસ્રવના અશુભપ્રકૃતિના જીવના પ્રદેશોમાં આવવારૂપ પરિણામને **દ્રવ્યપુણ્યાસ્રવ કહે છે.**

પૌદ્ગલિકકર્મના ઘાતિકર્મો, અશાતાવેદનીય, અશુભઆયુ, અશુભનામ અને નીચગોત્ર જેવા અશુભકર્મોનું જીવના પ્રદેશોમાં આવવું તે દ્રવ્યપાપાસ્રવ છે.

૩. આસ્રવભાવની વિવિધતાની અપેક્ષાએ તેના ચાર ભેદ છે :

૧. મિથ્યાત્વ ૨. અવિરતિ ૩. કષાય અને **૪. યોગ**

પૌદ્ગલિકકર્મના આવવાના કારણભૂત જીવના વિકારીભાવ અને પૌદ્ગલિકકર્મનું જીવના પ્રદેશોમાં આવવું તે આસ્રવભાવ છે. કર્મના આસ્રવણના કારણભૂત જીવના વિકારીભાવો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ પ્રકારના છે. અહીં પ્રમાદને કષાયમાં અંતર્ગત કરવાથી આસ્રવના વિવિધતાની અપેક્ષાએ મુખ્ય ચાર ભેદ થાય છે :

૧. મિથ્યાત્વ, ૨. અવિરતિ,
૩. કષાય અને ૪. યોગ.

૧. મિથ્યાત્વ

પ્રયોજનભૂત વસ્તુના સ્વરૂપ સંબંધી જીવના વિપરિત અભિનિવેશ એટલે કે મિથ્યા માન્યતાને મિથ્યાત્વ કહે છે.

મિથ્યાત્વ એ મુખ્યત્વે જીવના શ્રદ્ધાનગુણની વિકારી દશા છે. તેથી તે મિથ્યાશ્રદ્ધાન એટલે કે મિથ્યાદર્શન છે. તેમાં મિથ્યાદર્શન ઉપરાંત મિથ્યાજ્ઞાન-ચારિત્રનો પણ સમાવેશ છે. મિથ્યાત્વના કારણે જ અવિરતિ આદિ અન્ય આસ્રવભાવો હોય છે. તેથી મિથ્યાત્વ મટયા વિના કોઇપણ પ્રકારે આસ્રવનો અભાવ થઇ શકતો નથી. સઘળાં સંસાર અને તેનાં દુઃખોનું મૂળ કારણ મિથ્યાત્વ જ છે.

૨. અવિરતિ

અસંયમ, અવ્રતાદિ જીવના પાપભાવોને અવિરતિ કહે છે.

હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના, પરિગ્રહ જેવા પાપભાવોનો અવિરતિમાં સમાવેશ છે. અવિરતિ એ એક પ્રકારનો હિંસાદિ કષાયનો જ ભાવ છે. તેથી જેમ પ્રમાદને કષાયમાં અંતર્ગત કરી શકાય છે તેમ અવિરતિને પણ કષાયમાં અંતર્ગત કરી શકાય છે. તોપણ વ્યવહારનયની અપેક્ષાએ તેમાં કારણ-કાર્યનો ભેદ છે. કષાય એ કારણ છે અને અવિરતિ એ તેનું કાર્ય છે. તેથી આસ્રવભાવમાં અવિરતિને અલગ લેવામાં આવે છે.

૩. કષાય

પરાશ્રયે થતા આત્માની અંદરના કલુષિત વિકારીભાવોનો કષાય કહે છે.

કષાય=કષ+આય

અહીં કષ એટલે સંસાર અને આય એટલે લાભ કે પ્રાપ્તિ છે. જેના કારણે સંસારની પ્રાપ્તિ થાય તેવા સંસારના કારણભૂત કર્મનું આસ્રવણ કરાવનારો ભાવ તે કષાય છે.

૪. યોગ

મન, વચન કે કાયા દ્વારા થતી પ્રવૃત્તિના કારણે આત્મપ્રદેશોનું જે પરિસ્પંદન કે કંપન થાય છે તેને યોગ કહે છે.

યોગના કારણે પૌદ્ગલિક કાર્માણવર્ગણા આકર્ષણ પામી જીવના પ્રદેશોમાં કર્મપણે પ્રવેશ

પામે છે. તેથી યોગનો આસ્રવમાં સમાવેશ છે. સંસારીજીવને આત્મપ્રદેશોના કંપનરૂપ યોગ નિરંતર હોય છે. તેથી સંસારીજીવને નિરંતર નવીન પૌદ્‌ગલિકકર્મોનો આસ્રવ થયા કરે છે.

આસ્રવનો અભાવ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ક્રમાનુસાર થાય છે. યોગનો અભાવ સૌથી છેલ્લે ચૌદમાગુણ સ્થાને થાય છે. ચૌદમાગુણ સ્થાને અયોગીદશા અને સિદ્ધભગવાનને અશરીરીદશા હોવાથી તેમને યોગનો અભાવ છે અને તેથી આસ્રવનો પણ અભાવ છે.

४.आस्रवभावना उपरोक्त चार भेदना पेटा भेदनी अपेक्षाओ तेना कुल सत्तावन भेद छेः

५ मिथ्यात्व + १२ अविरति +२५ कषाय + १५ योग = ५७

કર્મોના આવવાના કારણભૂત જીવના અને પુદ્‌ગલના પરિણામને આસ્રવ કહે છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર પ્રકારના મુખ્ય આસ્રવો છે. આ ચારના વધુ પેટા ભેદ કરતાં મિથ્યાત્વના ૫, અવિરતિના ૧૨, કષાયના ૨૫ અને યોગના ૧૫ મળીને કુલ ૫૭ પ્રકારના ભેદ થાય છે. આસ્રવના અન્ય પ્રકારે થતાં અલગ પ્રકારના પણ ભેદ જોવા મળે છે. પણ આ ૫૭ પ્રકારના ભેદ વિસ્તૃત અને પ્રચલિત હોવાથી તેની ચર્ચા કરીએ છીએ. આ ૫૭ પ્રકારના ભેદ આ પ્રમાણે છે:

મિથ્યાત્વના ..... ૫ ભેદ
અવિરતિના ..... ૧૨ ભેદ
કષાયના ..... ૨૫ ભેદ
યોગના ..... ૧૫ ભેદ
કુલ ..... ૫૭ ભેદ

મિથ્યાત્વના ૫ ભેદ

તત્ત્વજ્ઞાન સંબંધી જીવના વિપરીત અભિપ્રાયને મિથ્યાત્વ કહે છે. મિથ્યાત્વ એ જીવના શ્રદ્ધાનગુણ સંબંધી અશુદ્ધ કે વિકારી દશા છે. જીવનું મિથ્યાત્વ મુખ્યત્વે બે પ્રકારનું હોય છે: **૧. અગૃહિત મિથ્યાત્વ** અને **૨. ગૃહિત મિથ્યાત્વ**

૧. અગૃહિત મિથ્યાત્વ

જીવને પરાપૂર્વથી કે અનાદિકાળથી ચાલી આવતી વસ્તુના પ્રયોજનભૂત સ્વરૂપ સંબંધી મિથ્યા માન્યતાને અગૃહિત મિથ્યાત્વ કહે છે.

અગૃહિત મિથ્યાત્વ એ અનાદિકાળથી ચાલ્યુ આવતું સાહજિક કે કુદરતી મિથ્યાત્વ હોવાથી તેને નિસર્ગજ મિથ્યાત્વ પણ કહેવાય છે. આ અગૃહિત મિથ્યાત્વ અનેક પ્રકારે હોય છે. પણ તેના મુખ્ય પાંચ પ્રકારો આ મુજબ છેઃ

૧. પર્યાયદૃષ્ટિ
૨. પરપદાર્થનું કર્તૃત્વ
૩. પુણ્યમાં ઉપાદેયપણું
૪. દેહાદિમાં હુંપણું
૫. તત્ત્વની અપ્રતિપત્તિ

૧. પર્યાયદૃષ્ટિ

પોતાના આત્માને તેની પલટતી પર્યાયપણે પામર જ માનવો અને તેના ત્રિકાળ ટકતા શુદ્ધ સ્વભાવપણે પરમાત્મ ન માનવો તેવી એકાંત માન્યતાને પર્યાયદૃષ્ટિ નામનું અગૃહિત મિથ્યાત્વ કહે છે.

અજ્ઞાનીને પોતાના આત્માનો અનુભવ અને પરિચય તેની પલટતી પર્યાયપણે હોય છે અને ત્રિકાળ ધ્રુવ સ્વભાવપણે હોતો નથી. વળી તેને આત્માના અનેકાંતસ્વરૂપની યથાર્થ ઓળખાણ નથી. તેથી તે પોતાના આત્માને એકાંતસ્વરૂપે પર્યાયપણે જ માને છે. આ પ્રકારની એકાંત માન્યતા તે જ મિથ્યાત્વ છે.

૨. પરપદાર્થનું કર્તૃત્વ

હું પરના કાર્યો કરી શકું છું કે પર મારા કાર્યો કરી શકે છે એ પ્રકારની મિથ્યા માન્યતાને પરપદાર્થનું કર્તૃત્વ નામનું અગૃહિત મિથ્યાત્વ કહે છે.

વસ્તુના અનેકાંતસ્વરૂપના આધારે પરિણમતો પદાર્થ પોતે જ કર્તા હોય છે અને તેના સમયે સમયે થતા પરિણામ તે જ તેનું કાર્ય કે કર્મ હોય છે. તેથી એક દ્રવ્ય કોઇ બીજા દ્રવ્યનું કર્તા-હર્તા કયારેય હોતું નથી. તોપણ અજ્ઞાની જીવને પરપદાર્થનું કર્તૃત્વ નામનું અગૃહિત મિથ્યાત્વ પહેલેથી જ હોય છે. પરપદાર્થના કર્તૃત્વની મિથ્યા માન્યતાના કારણે કોણ કોનું કામ કરે છે કે કરી શકે છે ? તેવો સંશય તેને કાયમ માટે રહ્યા કરે છે. આ પ્રકારની સંશયયુક્ત માન્યતા તે જ મિથ્યાત્વ છે.

૩. પુણ્યમાં ઉપાદેયપણું

પુણ્ય પોતે જ ધર્મ છે કે ધર્મનું કારણ છે તેમ સમજી પુણ્ય ત્યાજય હોવા છતાં તેને ગ્રાહ્ય માનવાની વિપરીત માન્યતાને પુણ્યમાં ઉપાદેયપણું નામનું અગૃહિત મિથ્યાત્વ કહે છે.

અજ્ઞાની જીવને પુણ્ય અને પુણ્યના ફળમાં મીઠાશ વર્તે છે. વળી જ્ઞાની ધર્માત્માના પુણ્યને વ્યવહારથી ધર્મ કહેવામાં આવતો હોવાથી તે પુણ્યને જ ધર્મ કે ધર્મનું કારણ માને છે. પણ વાસ્તવમાં વીતરાગભાવ જ ધર્મ છે અને પુણ્ય કોઇ ધર્મ નથી. સ્વભાવ-સન્મુખતાનો પુરુષાર્થ જ ધર્મનું કારણ છે પણ પુણ્ય કોઇ ધર્મનું કારણ નથી. પુણ્ય પણ પાપની જેમ આસ્રવ-બંધનો જ પ્રકાર હોવાથી તે હેય જ છે. તોપણ અજ્ઞાની જીવ પુણ્યને હેયને બદલે ઉપાદેય માનવાની વિપરીત માન્યતા ધરાવતો હોય છે. આ પ્રકારની વિપરીત માન્યતા તે જ મિથ્યાત્વ છે.

૪. દેહાદિમાં હુંપણું

દેહાદિ પરસંયોગો અને રાગાદિ સંયોગીભાવો પોતાથી પૃથક હોવા છતાં તેને પોતાપણે માનવાની મિથ્યા માન્યતારૂપ અજ્ઞાનને દેહાદિમાં હુંપણું નામનું અગૃહિત મિથ્યાત્વ કહે છે.

દેહાદિ પરસંયોગો અને તેના લક્ષે થતા રાગાદિ સંયોગીભાવો પોતાના શુદ્ધાત્મસ્વભાવથી ભિન્ન છે. તોપણ અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે તેને પોતાપણે માને છે. આ પ્રકારની અજ્ઞાનરૂપ માન્યતા તે જ મિથ્યાત્વ છે.

૫. તત્ત્વની અપ્રતિપત્તિ

પ્રયોજનભૂત વસ્તુના સ્વરૂપને તત્ત્વ કહે છે. અજ્ઞાનીને આ તત્ત્વની સાચી સમજણ કે પ્રાપ્તિ હોતી નથી. તેના કારણે તે દરેક ધર્મમત પ્રરૂપિત તત્ત્વને સમાન માની દરેક પ્રત્યે સમાનપણે વિનય રાખવાનું માને છે. દરેક ધર્મમત પ્રરૂપિત તત્ત્વો પ્રત્યે એક સરખો વિનય રાખવાની મિથ્યા માન્યતાને તત્ત્વની અપ્રતિપત્તિ નામનું અગૃહિત મિથ્યાત્વ કહે છે.

જૈન દર્શન અનુસાર જીવાદિ નવતત્ત્વો છે. આ તત્ત્વની યથાર્થ ઓળખાણથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની જીવને તત્ત્વની યથાર્થ ઓળખાણ હોતી નથી. તેને તત્ત્વની અપ્રતિપત્તિ એટલે કે તત્ત્વની અપ્રાપ્તિ કહે છે. તત્ત્વની અપ્રતિપત્તિના કારણે અજ્ઞાની જીવ સઘળાં ધર્મમતો પ્રરૂપિત તત્ત્વોને સમાન ગણી તેના પ્રત્યે સમાન વિનય રાખે છે. દરેક તત્ત્વો પ્રત્યે સમાન વિનયરૂપ મિથ્યા માન્યતા તે જ મિથ્યાત્વ છે.

૨. ગૃહિત મિથ્યાત્વ

જીવના અનાદિકાળથી ચાલ્યા આવતાં અગૃહિત મિથ્યાત્વને મટાડવાને બદલે કુદેવાદિના સંગે તેનું વધુ દૃઢીકરણ થવું તેને ગૃહિત મિથ્યાત્વ કહે છે.

ગૃહિત મિથ્યાત્વ એ ધર્મના નામે અધર્મનું સેવન છે. અનાદિકાળના અગૃહિત મિથ્યાત્વને ટાળવાને બદલે તેને કુદેવ, કુગુરુ કે કુશાસ્ત્રના નિમિતે વધુ મજબૂત કરવું તે ગૃહિત મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ કુદેવાદિના કારણે નવું ગ્રહણ થયેલ હોવાથી તેને બાહ્ય પ્રાપ્ત મિથ્યાત્વ પણ કહે છે.

સૌપ્રથમ ગૃહિત મિથ્યાત્વ ટળે તો અને તો જ ત્યાર પછી અગૃહિત મિથ્યાત્વ ટળી શકે છે.

અગૃહિત મિથ્યાત્વના પાંચ પ્રકાર કુદેવાદિના સંગે વધુ પોષણ પામતા થકા થતા ગૃહિત મિથ્યાત્વના પાંચ પ્રકાર નીચે મુજબ છે.

૧. એકાંતિક મિથ્યાત્વ
૨. સાંશયિક મિથ્યાત્વ
૩. વિપરીત મિથ્યાત્વ
૪. અજ્ઞાનિક મિથ્યાત્વ
૫. વૈનયિક મિથ્યાત્વ

૧. એકાંતિક મિથ્યાત્વ

પર્યાયદષ્ટિ નામના અગૃહિત મિથ્યાત્વની એકાંત માન્યતાનું કુદેવાદિના સંગે વધુ દઢીકરણ થવું તેને એકાંતિક નામનું ગૃહિત મિથ્યાત્વ કહે છે.

જૈન દર્શન સિવાયના અન્ય દર્શનો વસ્તુના સ્વરૂપને એકાંતપણે માને છે. અજ્ઞાની જીવને આત્માના અનેકાંતસ્વરૂપની ઓળખાણ હોતી નથી. તેથી તે આત્માના અસલી સ્વરૂપને અવગણીને પરલક્ષી પર્યાયને જ પોતાનું સ્વરૂપ માને છે. કુદેવાદિના કારણે આ પ્રકારની પર્યાયદષ્ટિની એકાંત માન્યતાનું વધુ દઢીકરણ થાય છે. આવી એકાંત માન્યતાનું પોષણ થવું તે એકાંતિક મિથ્યાત્વ છે.

૨. સાંશયિક મિથ્યાત્વ

અજ્ઞાની જીવને અનાદિકાળથી પરપદાર્થનું કર્તૃત્વ નામનું અગૃહિત મિથ્યાત્વ હોય છે. તેના કારણે તેને કોણ કોનું કામ કરતું હશે તેવો સંશય રહ્યા કરે છે. કુદેવાદિ પરપદાર્થનું કર્તૃત્વનું સમર્થન કરી આ સંશયને ચાલુ રખાવે છે. તેને સાંશયિક નામનું ગૃહિત મિથ્યાત્વ કહે છે.

સંશયાત્મા વિનશ્યતિ । એ સૂત્ર અનુસાર સંશય રાખનારો જીવ પતન પામે છે. તેથી તે કયારેય માર્ગની પ્રાપ્તિ કરી શકતો નથી. પરપદાર્થના કર્તૃત્વ નામના અગૃહિત મિથ્યાત્વના કારણે કોણ કોનું કાર્ય કરે તેવો સંશય હોય જ છે. કુદેવાદિના સંગે પરપદાર્થના કર્તૃત્વનું વધુ પોષણ થાય છે અને તેથી સંશય પણ વધુ મજબૂત બને છે. આવી સંશયયુક્ત માન્યતાનું મજબૂત થવું તે સાંશયિક મિથ્યાત્વ છે.

૩. વિપરીત મિથ્યાત્વ

પુણ્યમાં ઉપાદેયપણું નામના અગૃહિત મિથ્યાત્વની વિપરીત માન્યતાનું કુદેવાદિના નિમિત્તે વધુ પોષણ થવું તેને વિપરીત નામનું ગૃહિત મિથ્યાત્વ કહે છે.

પુણ્ય પણ પાપની જેમ હેય હોવા છતા તેને ઉપાદેય માનવાની વિપરીત માન્યતા અજ્ઞાની જીવને હોય જ છે. અને કુગુરુઓ ઉપદેશ પણ એવો હોય છે કે આ કાળે પુણ્યમાં ધર્મ કે ધર્મનું કારણ હોય છે. તેથી પુણ્યમાં ઉપાદેયપણાની વિપરીત માન્યતાનું વધુ દઢીકરણ થાય છે તે વિપરીત મિથ્યાત્વ છે.

૪. અજ્ઞાનિક મિથ્યાત્વ

દેહાદિમાં હું પણું નામના અગૃહિત મિથ્યાત્વરૂપ અજ્ઞાનતાનું કુદેવાદિના કારણે વધુ મજબૂત થવું તેને અજ્ઞાનિક નામનું ગૃહિત મિથ્યાત્વ કહે છે.

દેહાદિ પરસંયોગો પોતાનાથી તદ્દન ભિન્ન છે. તોપણ અજ્ઞાનીને પોતાના અજ્ઞાનના કારણે દેહાદિમાં હુંપણું ભાસે છે. અને કુદેવ-ગુરુ-શાસ્ત્ર આવા અજ્ઞાનનું વધુ પોષણ કરાવે છે. દેહાદિમાં હુંપણારૂપ અજ્ઞાનનું વધુ પોષણ થવું તે અજ્ઞાનિક મિથ્યાત્વ છે.

૫. વૈનયિક મિથ્યાત્વ

તત્ત્વની અપ્રતિપત્તિ નામના અગૃહિત મિથ્યાત્વના કારણે બધાં ધર્મમતો અને તેના દ્વારા પ્રરૂપિત તત્ત્વોમાં કોઈ ફેર ભાસતો નથી. તેથી દરેક ધર્મમતો અને તેના પ્રરૂપક દેવોનો વિનય કરવાની ભાવના રહે છે. કુદેવાદિના કારણે આવો વિનય કરવાની ભાવનાને વધુ બળ મળે છે. તેને વૈનયિક નામનું ગૃહિત મિથ્યાત્વ કહે છે.

ભિન્ન-ભિન્ન ધર્મમતોની ભિન્નતાનું કારણ તેમના દ્વારા પ્રરૂપિત તત્ત્વનું સ્વરૂપ હોય છે. જૈન દર્શન અનુસાર જીવાદિ નવ તત્ત્વો છે. અન્ય દર્શનો તત્ત્વોને અન્યપણે માને છે. તત્ત્વની અપ્રતિપત્તિને કારણે બધાં ધર્મમતો અને તેમનાં દ્વારા પ્રરૂપિત તત્ત્વોની યથાર્થ ઓળખાણ હોતી નથી. તેથી દરેક ધર્મમતો અને તેમનાં દ્વારા પ્રરૂપિત તત્ત્વોમાં નામનો ફેર છે. પણ આશય એક જ છે તેવી મિથ્યા માન્યતાના કારણે બધાં ધર્મમતો અને તેમનાં દ્વારા પ્રરૂપિત ભાવો સમાન ભાસે છે. તેથી દરેક ધર્મમતો અને તેમના પ્રરૂપક દેવ પ્રત્યે સમાનપણે વિનય રાખવાનો અભિપ્રાય રહે છે. આવા વિનયના અભિપ્રાયનું કુદેવાદિના સંગે વધુ દૃઢીકરણ થાય છે તે વૈનયિક મિથ્યાત્વ છે.

ઉપર મુજબ પાંચ પ્રકારના અગૃહિત મિથ્યાત્વ સાથે સંબંધિત પાંચ પ્રકારના ગૃહિત મિથ્યાત્વ નીચે મુજબ દર્શાવી શકાય છે.

અગૃહિત મિથ્યાત્વ	**ગૃહિત મિથ્યાત્વ**
૧. પર્યાયદૃષ્ટિ	૧. એકાંતિક મિથ્યાત્વ
૨. પરપદાર્થનું કર્તૃત્વ	૨. સાંશયિક મિથ્યાત્વ
૩. પુણ્યમાં ઉપાદેયપણું	૩. વિપરીત મિથ્યાત્વ
૪. દેહાદિમાં હુંપણું	૪. અજ્ઞાનિક મિથ્યાત્વ
૫. તત્ત્વની અપ્રતિપતિ	૫. વૈનયિક મિથ્યાત્વ

અવિરતિના ૧૨ ભેદ

અસંયમ, અવ્રત, હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના, પરિગ્રહ જેવા પાપભાવોને અવિરતિ કહે છે.

અવિરતિના ભાવો અનેક પ્રકારના હોય છે. તેમાં છ કાય જીવોની રક્ષા માટેનો ઉપાય ન કરવો, પાંચ ઇન્દ્રિયો અને મનના વિષયની આસક્તિ ઘરાવવી જેવા બાર પ્રકારના અવિરતિના ભાવો મુખ્ય છે. જે નીચે મુજબ દર્શાવી શકાય છે.

૧.	પૃથ્વીકાય	*પાંચ સ્થાવર અને છઠું ત્રસ મળી તે છ કાય જીવોની રક્ષા માટેનો યત્નાચાર ન ઘરાવવો.*
૨.	પાણીકાય	
૩.	અગ્નિકાય	
૪.	વાયુકાય	
૫.	વનસ્પતિકાય	
૬.	ત્રસકાય	
૭.	સ્પર્શેન્દ્રિય	*પાંચ ઇન્દ્રિયોના વિષયની આસક્તિ અને મનના સંગે થતા વિકલ્પોની નિરંકુશતા*
૮.	રસનેન્દ્રિય	
૯.	ઘ્રાણેન્દ્રિય	
૧૦.	ચક્ષુરિન્દ્રિય	
૧૧.	શ્રોત્રેન્દ્રિય	
૧૨.	મન	

કષાયના ૨૫ ભેદ

આત્માના રાગાદિ કલુષિત ભાવોને કષાય કહે છે. કષાય એ આત્માના ચારિત્રગુણની વિકારી દશા એટલે કે પરચારિત્ર છે. પરચારિત્રના કારણે પોતાના અંતરંગ શુદ્ધ સ્વભાવનો ઘાત થઇ તેની પ્રગટતા થતી નથી. અંતરંગ શુદ્ધ સ્વભાવનો ઘાત કરવાની અપેક્ષાએ એટલે કે કષાયની શક્તિ અપેક્ષાએ તેના ચાર ભેદ છે.

૧. અનંતાનુબંધી
૨. અપ્રત્યાખ્યાનાવરણીય
૩. પ્રત્યાખ્યાનાવરણીય
૪. સંજ્વલન

ઉપરોકત દરેક પ્રકારના કષાયની વ્યક્તિ કે પ્રગટતાની અપેક્ષાએ કષાયના મુખ્યત્વે ચાર ભેદ છે.

૧. ક્રોધ ૨. માન

૩. માયા ૪. લોભ

ઉપર મુજબ કષાયની ચાર પ્રકારની શક્તિ અને તે દરેકની ચાર-ચાર પ્રકારની વ્યક્તિ મળીને કષાયના કુલ ૪×૪=૧૬ પ્રકાર થાય છે.તેમાં ૯ પ્રકારના નોકષાય ઉમેરતાં કષાયના કુલ ૨૫ પ્રકાર નીચે મુજબ છે.

અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ ૪

અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-માન-માયા-લોભ..... ૪

પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-માન-માયા-લોભ ૪

સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ ૪

નવ નોકષાય :

૧. હાસ્ય, ૨. રતિ, ૩. અરતિ, ૪. ભય,

૫. શોક, ૬. જુગુપ્સા, ૭.સ્ત્રીવેદ ૮. પુરુષવેદ,

૯. નપુંસકવેદ..... ૯

કુલ કષાયના પ્રકાર ૨૫

યોગના ૧૫ ભેદ

મન-વચન-કાય દ્વારા થતું આત્મપ્રદેશોનું પરિસ્પંદન કે કંપનને યોગ કહે છે.

આ યોગની પ્રગટતા પણ મન-વચન-કાય દ્વારા જણાતી હોવાથી યોગના મુખ્ય ત્રણ પ્રકાર છે.

૧.મનોયોગ ૨.વચનયોગ અને ૩.કાયયોગ

ઉપરોકત ત્રણ પ્રકારના યોગમાં મનોયોગના પેટાભેદ સત્ય, મૃષા, સત્યમૃષા અને અસત્યમૃષા કે અનુભય એ ચાર છે. તે જ પ્રકારે વચનયોગના પણ ચાર પેટા ભેદ છે. આ ઉપરાંત કાયયોગના સાત ભેદ મળીને યોગના કુલ પંદર ભેદ નીચે મુજબ છે.

૧. સત્ય મનોયોગ

૨. મૃષા મનોયોગ

૩. સત્યમૃષા મનોયોગ

૪. અસત્યમૃષા મનોયોગ કે અનુભય મનોયોગ

૫. સત્ય વચનયોગ

૬. મૃષા વચનયોગ

૭. સત્યમૃષા વચનયોગ

૮. અસત્યમૃષા વચનયોગ કે અનુભય વચનયોગ

૯. ઔદારિક કાયયોગ

૧૦.ઔદારિકમિશ્ર કાયયોગ

૧૧.વૈક્રિયિક કાયયોગ

૧૨.વૈક્રિયિકમિશ્ર કાયયોગ

૧૩.આહારક કાયયોગ

૧૪.આહારકમિશ્ર કાયયોગ

૧૫.કાર્માણ કાયયોગ

ઉપરોકત આસ્રવના ૫૭ પ્રકારના ભેદને નીચે મુજબ દર્શાવી શકાય છે.

૦૫ મિથ્યાત્વ

૧. એકાંતિક ૨. સાંશયિક ૩. વિપરીત

૪. અજ્ઞાનિક ૫. વૈનયિક

૧૨ અવિરતિ

૬ કાય+૫ પાંચ ઈન્દ્રિયો+ ૧ મન=૧૨

૨૫ કષાય

અનંતાનુબંધીઆદિ ૪ ક્રોધાદિ ૪=૧૬

+૯ નોકષાય = ૨૫

૧૫ યોગ

૪ મનોયોગ + ૪ વચનયોગ +
૭ કાયયોગ=૧૫

૫૭ કુલ આસ્રવ

નવતત્ત્વો પૈકીના આસ્રવ અને બારભાવના માંહેના આસ્રવમાં શો ફેર છે ?

વસ્તના પ્રયોજનભૂત સ્વરૂપને દર્શાવનાર તત્ત્વ હોય છે. આસ્રવ પણ વસ્તુનું પ્રયોજનભૂત સ્વરૂપ હોવાથી જીવાદિ નવતત્ત્વોમાં તેનો સમાવેશ છે. આસ્રવ તત્વ એ સંસારનું કારણ હોવાથી હેય છે. તોપણ જણીતા આસ્રવ દ્વારા અજાણ્યા શુદ્ધાત્મસ્વભાવને ઓળખી શકાય છે. આ શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણનું ફળ સમ્યગ્દર્શન છે.

બારભાવના એ એક પ્રકારની ચિંતવનની બાબત છે. બારભાવનામાં આસ્રવ તત્વનું હેયપણું અને શુદ્ધાત્મસ્વભાવનું ઉપાદેયપણું ચિંતવવામાં આવે છે. જે સમજણપૂર્વકનો વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે.

નવતત્ત્વો અને બારભાવનાનું આસ્રવ એક જ હોવા છતાં નવતત્વોમાં તે પ્રયોજનભૂત વસ્તુના સ્વરૂપ તરીકે છે અને તેના દ્વારા શુદ્ધાત્મસ્વભાવને ઓળખવાનું પ્રયોજન છે. બારભાવનામાં આસ્રવના હેયપણાની અને શુદ્ધાત્મસ્વભાવની ઉપાદેયપણાની ચિંતવન પ્રક્રિયા છે અને તેના દ્વારા વસ્તુનું સાચું સ્વરૂપ સમજી સંસાર પ્રત્યેના વૈરાગ્યનું પ્રયોજન છે.

નવ તત્ત્વો પૈકીનું જીવ, અજીવ એ જ્ઞેય; આસ્રવ, બંધ, પુણ્ય, પાપ એ હેય; સંવર, નિર્જરા અને મોક્ષ એ ઉપાદેય છે. બારેય ભાવના આત્મહિત સંબંધી પારમાર્થિક વિચારણા હોવાથી ઉપાદેય છે. આ રીતે આસ્રવતત્વ હેય છે પરંતુ આસ્રવભાવના ઉપાદેય છે.

આસ્રવ ઉપરાંત સંવર અને નિર્જરા પણ તત્ત્વ તેમ જ ભાવના એ બન્નેમાં સમાવેશ પામે છે. આસ્રવતત્ત્વ અનેઆસ્રવભાવનાના ઉપરોક્ત તફાવતના આધારે તત્ત્વ અને ભાવના વચ્ચેનો સંક્ષિપ્ત તફાવત નીચેના કોઠા અનુસાર દર્શાવી શકાય છે.

તત્ત્વ	ભાવના
૧. તત્ત્વએ પ્રયોજનભૂત વસ્તુનું સ્વરૂપ છે.	૧. ભાવના એ પારમાર્થિક ચિંતવનની બાબત છે.
૨. કોઇપણ તત્ત્વનું પ્રયોજન જણીતા તત્ત્વ દ્વારા અજાણ્યા શુદ્ધાત્મસ્વભાવને ઓળખવાનું છે.	૨. દરેકભાવનાના ચિંતવનનું પ્રયોજન વસ્તુના સાચા સ્વરૂપની સમજણ સહિતનો વૈરાગ્ય છે.
3. તત્ત્વ નવ પ્રકારે છે.	3. ભાવના બાર પ્રકારે છે.
૪. નવ તત્ત્વો પૈકી જીવ, અજીવ એ જ્ઞેય; આસ્રવ, બંધ, પુણ્ય, પાપ એ હેય તેમ જ સંવર, નિર્જરા, મોક્ષ એ ઉપાદેય તત્ત્વ છે.	૪. બારેય ભાવના આત્મહિત સંબંધી પારમાર્થિક વિચારણા હોવાથી બારેય ભાવના ઉપાદેય છે.

આસ્રવભાવનાની જેમ બંધભાવના શા માટે નહિં ?

નવતત્ત્વો પૈકીનું આસ્રવ તત્ત્વ એ આસ્રવ-ભાવનાપણે છે તેમ બંધતત્ત્વ એ બંધભાવનાપણે નથી. તેનું કારણ દ્રવ્યાસ્રવ અને દ્રવ્યબંધમાં ફેર પડતો હોવા છતાં તેના કારણભૂત ભાવાસ્રવ અને ભાવબંધમાં કોઇ ફેર નથી. જીવના જે

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના પરિણામ દ્રવ્યાસ્રવનું કારણ છે તે જ પ્રદેશ-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ બંધરૂપ દ્રવ્યબંધનું પણ કારણ છે. દ્રવ્યાસ્રવના કારણભૂત અને દ્રવ્યબંધના કારણભૂત મિથ્યાત્વાદિભાવો એક જ હોવા છતાં તેમાં પ્રદેશ-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ રૂપ બંધની વિવિધતાના કારણપણે સૂક્ષ્મભેદ હોય છે. તેથી આસ્રવતત્ત્વ અને બંધતત્ત્વ જુદા છે. પણ બારભાવનામાં ચિંતવનની અપેક્ષા હોવાથી અને હેયપણે આસ્રવ અને બંધ સમાન હોવાથી જુદી બંધભાવના નથી. વળી આસ્રવભાવનાના ચિંતવનમાં બંધનું હેયપણું પણ આવી જ જાય છે. એ જ રીતે પુણ્ય-પાપનો સમાવેશ પણ આસ્રવ-બંધમાં થઇ જતો હોવાથી પુણ્ય કે પાપભાવના પણ જુદી હોતી નથી. એ જ રીતે સંસારભાવનામાં મોક્ષનું ઉપાદેયપણું આવી જતું હોવાથી મોક્ષભાવના પણ જુદી હોતી નથી.

આસ્રવભાવનાની ચિંતવન પ્રક્રિયા

જીવના મિથ્યાત્વ, રાગાદિ વિકારીભાવોને આસ્રવ કહે છે. આસ્રવભાવનાની ચિંતવન પ્રક્રિયામાં આસ્રવોનું હેયપણું અને શુદ્ધાત્મસ્વભાવનું ઉપાદેયપણું ચિંતવવામાં આવે છે.

જીવના રાગાદિ સંયોગીભાવોરૂપ આસ્રવ જ જીવનો સંસાર છે. તે જ કર્મબંધનનું અને અનેક પ્રકારના દુઃખોનું કારણ છે. શરીરાદિ સંયોગોની જેમ સંયોગીભાવરૂપ આસ્રવ પણ અનિત્ય, અશરણ, અસાર, અસહાય, અશુચિ અને આત્માથી ભિન્ન છે. વળી તે દુઃખરૂપ અને દુઃખનું કારણ છે. તેથી તે અત્યંત હેય છે. તેનાથી વિરુદ્ધ પોતાનો શુદ્ધાત્મસ્વભાવ નિત્ય, શરણરૂપ, સારભૂત, સહાયરૂપ, શુચિ અને આત્માથી એકમેક છે. વળી તે સુખરૂપ અને સુખનું કારણ છે. તેથી તે પરમ ઉપાદેય છે. આ પ્રકારની વિચારણા તે આસ્રવભાવનાની ચિંતવન પ્રક્રિયા છે. તે આ રીતે...

૦૧. અનિત્ય-નિત્ય

જે ક્ષણિક અને વિનાશી હોય તે અનિત્ય અને તેનાથી વિરુદ્ધ શાશ્વત અને અવિનાશી હોય તે નિત્ય કહેવાય છે.

આસ્રવો આત્માની અશુદ્ધ વિકારીદશા છે. તેઓ અનેક પ્રકારની ભિન્ન-ભિન્ન અવસ્થાઓરૂપ છે. આસ્રવો વાઇના વેગની માફક વધતા-ઘટતા છે. શીતદાહજ્વરના આવેગની જેમ અનુક્રમે ઉત્પન્ન થાય છે. તેથી તેઓ ક્ષણિક અને વિનાશી છે. આ કારણે તેઓ અનિત્ય છે. તેથી હેય છે.

તેનાથી વિરુદ્ધ શુદ્ધાત્મસ્વભાવ વિજ્ઞાનઘન ચૈતન્યસ્વરૂપી છે. તે ત્રિકાળ ધ્રુવ, અખંડ, અભેદ અને એકરૂપ છે. તેથી તે શાશ્વત અને અવિનાશી છે. આ કારણ તે નિત્ય છે. તેથી ઉપાદેય છે.

૨. અશરણ-શરણ

જે નિરાધાર કે અરક્ષિત હોય તેને અશરણ અને સાધાર કે સુરક્ષિત હોય તેને શરણ કહેવાય છે.

આસ્રવો શુદ્ધાત્મસ્વભાવને ચૂકીને પરલક્ષે થાય છે. તેથી તેને કોઇ આધાર નથી. વળી તે કર્મોદય અનુસાર હોય છે. જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારૂણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે, કોઇથી રોકી રાખી શકાતો નથી. તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે, રોકી રાખી શકાતો નથી. તેથી તેઓ અરક્ષિત છે. આ રીતે આસ્રવો નિરાધાર અને અરક્ષિત છે. તેથી તેઓ અશરણ છે. અશરણ હોવાથી હેય છે.

તેનાથી વિરુદ્ધ પોતાનો ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ અન્ય કોઇના આધાર વિના પોતાના જ આધારે હોવાથી સાધાર છે. વળી તે અનાદિ-અનંત સ્વયંરક્ષિત હોવાથી સુરક્ષિત છે. આ રીતે શુદ્ધાત્મસ્વભાવ સાધાર અને સુરક્ષિત હોવાથી શરણરૂપ છે. શરણરૂપ હોવાથી ઉપાદેય છે.

૩. અસાર-સારભૂત

જે નિઃસત્ત્વ, નિરર્થક કે તુચ્છ હોય તેને અસાર અને જે સત્ત્વશીલ, સાર્થક કે સમૃદ્ધ હોય તેને સારભૂત કહેવાય છે.

આસ્રવો આત્માની આકુળતા ઉપજાવનારી અશુદ્ધ અવસ્થા છે. તેથી તે નિઃસત્ત્વ, નિરર્થક અને તુચ્છ છે. તેથી તે અસાર છે. અસાર હોવાથી હેય છે.

શુદ્ધાત્મસ્વભાવ પોતાનો અનંતગુણોથી સભર ત્રિકાળ શુદ્ધ સ્વભાવ છે. તેથી તે સત્ત્વશીલ, સાર્થક અને સમૃદ્ધ છે. તેથી તે સારભૂત છે. સારભૂત હોવાથી ઉપાદેય છે.

૪. અસહાય- સહાયભૂત

જેને પોતાનો કોઇ મદદગાર, ઉપકારી, સહાયક કે સાથી ન હોય તેને અસહાય અને જે સ્વયં પોતે પોતાનો મદદગાર, ઉપકારી, સહાયક કે સાથી હોય તેને સહાયભૂત કહેવાય છે.

આસ્રવો સુખ-દુઃખ, પુણ્ય-પાપ જેવી અનેક અવસ્થાઓપણે હોય છે. પોતાના સુખ-દુઃખ જેવી કોઇ પણ અવસ્થામાં તે એકલો જ હોય છે અને તેનો કોઇ મદદગાર, ઉપકારી, સહાયક કે સાથી હોતાં નથી. તેથી આસ્રવો અસહાય છે. તેથી તે હેય છે.

શુદ્ધાત્મ સ્વભાવ એ અનંતગુણોના નિધાનરૂપ પોતાનો અખંડ, એકરૂપ, ધ્રુવ સ્વભાવ છે. તેને પોતાનું કોઇ પણ કાર્ય કરવા માટે અન્ય કોઇની આવશ્યકતા હોતી નથી. તેથી તે સ્વયં પોતે જ પોતાનો મદદગાર, ઉપકારી, સહાયક કે સાથી છે. તેથી શુદ્ધાત્મસ્વભાવ સહાયભૂત છે. તેથી તે ઉપાદેય છે.

૫. ભિન્ન-અભિન્ન

પોતાથી વિરુદ્ધ સ્વભાવવાળો હોય તે પોતાથી ભિન્ન અને પોતાથી અવિરુદ્ધ સ્વભાવવાળો હોય તે પોતાની અભિન્ન કહેવાય છે.

આસ્રવો એ પોતાના શુદ્ધાત્મસ્વભાવને ચૂકીને પરસંયોગે થતા વિભાવો છે. તેથી તે પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવવાળા છે.

વૃક્ષ ઉપર લાખ નામનો એક રોગ થાય છે. આ રોગ એ વૃક્ષની પોતાની જ અવસ્થા છે. પણ આ રોગના કારણે વૃક્ષ નાશ પામે છે. આ કારણે વૃક્ષ અને લાખને વધ્ય-ઘાતકપણું છે. લાખ ઘાતક છે એટલે કે હણનાર છે અને વૃક્ષ વધ્ય છે એટલે કે લાખ દ્વારા હણાવા યોગ્ય છે. લાખ દ્વારા પીપળ જેવા વૃક્ષ નાશ પામે છે. તેથી લાખનો સ્વભાવ વૃક્ષથી વિરુદ્ધ છે. લાખ વૃક્ષની સાથે સંબંધિત તેની જ અવસ્થા હોવા છતાં વૃક્ષથી વિરુદ્ધ સ્વભાવપણું છે. તેથી લાખ એ વૃક્ષથી ભિન્ન છે. તેમ આસ્રવો ઘાતક છે અને આત્મ વધ્ય છે. આત્માનો શુદ્ધ સ્વભાવ આસ્રવો દ્વારા નાશ પામે છે. આ પ્રકારે આસ્રવોનું આત્માથી વિરુદ્ધ સ્વભાવપણું હોવાથી તે આત્માથી ભિન્ન છે. તેથી તે હેય છે.

પોતાનો ત્રિકાળ ધ્રુવ અસંયોગી શુદ્ધાત્મસ્વભાવ પોતાથી અવિરુદ્ધ સ્વભાવવાળો હોવાથી પોતાથી અભિન્ન છે. તેથી તે ઉપાદેય છે.

૬. અશુચિ-શુચિ

જે અશુદ્ધ હોય તેને અશુચિ અને શુદ્ધ હોય તેને શુચિ કહે છે.

આસ્રવો આત્માની અશુદ્ધ અવસ્થા છે. જળમાં ઉત્પન્ન થતો શેવાળ તે મળ છે. તેથી અશુચિ છે. તેમ શેવાળની માફક આત્મામાં ઉત્પન્ન થતાં સંયોગીભાવરૂપ આસ્રવો પણ અશુદ્ધ અવસ્થારૂપ હોવાથી મળ છે, મેલ છે. તેથી તે અશુચિ છે. અશુચિ હોવાથી તે હેય છે.

આસ્રવોથી વિરુદ્ધ પોતાનો અખંડ, એકરૂપ, ત્રિકાળ ધ્રુવ આત્મસ્વભાવ શુદ્ધ હોવાથી ઉપાદેય છે.

૭. દુઃખ - સુખ

જયાં આકુળતા હોય ત્યાં દુઃખ અને નિરાકુળતા હોય ત્યાં સુખ હોય છે.

આસ્રવો પોતાના શુદ્ધાત્મસ્વભાવને ચૂકીને પરસંગે થતી આત્માની નિરાધાર અવસ્થા હોવાથી તે અત્યંત અસ્થિર છે અને તેથી તે અત્યંત આકુળ છે. આકુળતાના કારણે તે દુઃખરૂપ છે. તેથી તે હેય છે.

પોતાનો ત્રિકાળ ધ્રુવ શુદ્ધસ્વભાવ અન્ય કોઇના આધાર વિના પોતે જ પોતાના આધારે હોવાથી સાધાર છે.તેથી તે અત્યંત સ્થિર છે. તેથી તે અત્યંત નિરાકુળ છે. નિરાકુળતાના કારણે તે સુખરૂપ છે તેથી તે ઉપાદેય છે.

૮. દુઃખફળ - સુખફળ

કર્મના બંધનું કારણ હોય તે આગામી દુઃખફળ દેનાર અને કર્મના અભાવનું કારણ હોય તે આગામી સુખફળ આપનાર કહેવાય છે.

'દુઃખરૂપ કૃતિનું ફળ દુઃખ અને સુખરૂપ કૃતિનું ફળ સુખ' એ એક સમ્યક્ સિદ્ધાંત છે. આસ્રવો પોતે જ દુઃખરૂપ હોવાથી અને તેના કારણે આગામી દુઃખનું કારણ એવા કર્મનું બંધન હોવાથી તે દુઃખફળ દેનાર છે. તેથી તે હેય છે.

પોતાનો શુદ્ધાત્મસ્વભાવ પોતે જ સુખરૂપ છે. અને તેના આશ્રયે કર્મની નિર્જરા હોવાથી તે આગામી શાશ્વત સુખફળ આપનાર છે. તેથી તે ઉપાદેય છે.

ઉપર મુજબ આસ્રવોનું હેયપણું અને શુદ્ધાત્મસ્વભાવનું ઉપાદેયપણું ચિંતવવું તે આસ્રવભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

આસ્રવભાવનાનું સાધન કે કારણ

સંસારી જીવ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ આસ્રવભાવોથી સદાકાળ ઘેરાયેલો હોય છે. તે પોતે જ પોતાના પરિણામોની તપાસ કરીને પોતાના જ આસ્રવભાવોને પોતાની આસ્રવભાવનાનું ચિંતવન માટેનું સાધન કે કારણ બનાવી શકે છે. તે આ રીતે

મિથ્યાત્વ એ આત્માના સઘળાં દોષો અને દુઃખોનું સ્થાન છે. અવિરતિના કારણે વિષયોની આસક્તિ અને મનની અસ્થિરતા રહ્યા કરે છે. કષાયના કારણે પોતાના શુદ્ધ સ્વભાવનો ઘાત થઇ આકુળતાની ઉત્પત્તિ થાય છે. યોગના કારણે આત્મપ્રદેશોનું પરિસ્પંદન હોય છે. આ કારણે મિથ્યાત્વાદિ આસ્રવો પ્રત્યક્ષપણે હેયરૂપ સમજાય છે અને પોતાનો નિરાસ્રવ સ્વભાવ જ ઉપાદેયપણે સમજી શકાય છે.

આસ્રવોનું અનિત્યપણું, અશરણપણું, અસારપણું, અસહાયપણું, ભિન્નપણું, અશુચિપણું,

દુઃખરૂપપણું અને દુઃખફળપણું પણ સમજી શકાય તેવું છે. મિથ્યાત્વાદિ આસ્રવોના કારણે આ જગતમાં અનેક પ્રકારની સામાજીક, કૌટુંબિક, રાજકીય અને વૈશ્વિક સમસ્યાઓ જોવા મળે છે. સમાજમાં જે કાંઇ બુરાઇઓ, બેઇમાની, ભ્રષ્ટાચાર, ત્રાસવાદ વગેરે જોવા મળે છે તેનું કારણ આ મિથ્યાત્વાદિ જ હોય છે. તેથી આસ્રવો હેય છે. અને આસ્રવોને અટકાવવા માટે આશ્રયભૂત પોતાનો નિરાસ્રવ શુદ્ધાત્મસ્વભાવ ઉપાદેય છે.

ઉપરોકત જેવી બાબતો આસ્રવભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બની શકે છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

આસ્રવભાવનાનો અભ્યાસ આસ્રવોનું હેયપણું અને પોતાના શુદ્ધાત્મસ્વભાવનું ઉપાદેયપણું બતાવી વસ્તસ્વસ્ત્પની યથાર્થ સમજણ કરાવે છે.

આસ્રવભાવ જણીતો છે અને પોતાનો ત્રિકાળ શુદ્ધાત્મસ્વભાવ અજાણ્યો છે. આસ્રવભાવનાનો અભ્યાસ જણીતા આસ્રવભાવ દ્વારા અજાણ્યા શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ પણ કરાવે છે.

આસ્રવભાવ અનિત્ય, અશરણ, અસાર, અસહાય, અશુચિ અને દુઃખરૂપ છે. પણ તેમાં છૂપાયેલો પોતાનો શુદ્ધાત્મસ્વભાવ નિત્ય, શરણ, સારભૂત, સહાયરૂપ, શુચિ અને સુખરૂપ છે. અનેક પ્રકારના આસ્રવભાવોની વચ્ચે અન્વયરૂપ પોતાનો એકરૂપ, અખંડ, ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ રહેલો હોય છે. આ રીતે જણીતા આસ્રવભાવ દ્વારા અજાણ્યા શુદ્ધાત્મસ્વભાવને સમજી વસ્તુસ્વરૂપની સાચી સમજણ આસ્રવભાવનાના અભ્યાસ દ્વારા થાય છે.

કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ?

શરીરાદિ સંયોગોને સંસાર કહેવાય છે. પણ તે વ્યવહારથી સંસાર છે. નિશ્ચયથી રાગાદિ આસ્રવભાવ જ આત્માનો સાચો સંસાર છે. આસ્રવભાવનાનો અભ્યાસ અને તેનું ચિંતવન આસ્રવનું હેયપણું દર્શાવે છે. આસ્રવનું હેયપણું તે સંસારનું જ હેયપણું છે. આસ્રવભાવનાના આધારે સંસારનું હેયપણું સમજાતાં સંસાર પ્રત્યે ઉદાસીનતા કે ઉપેક્ષા આવે છે, જેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે. આ પ્રકારે આસ્રવભાવના વૈરાગ્યનું કારણ છે.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

બીજી બધી ભાવનાની જેમ આસ્રવભાવનાનાં અભ્યાસનું પ્રયોજન વસ્તુસ્વરૂપની સાચી સમજણ કરાવી સંસાર પ્રત્યે વૈરાગ્ય કરાવવાનું છે. આવા પ્રયોજનપૂર્વક આસ્રવભાવનાના અભ્યાસનું વિશેષ ફળ આ પ્રકારે છે.

૧. મિથ્યાત્વને મંદ કરાવે

૨. કષાયો ઉપશાંત કરાવે

૧. મિથ્યાત્વને મંદ કરાવે

પ્રયોજનભૂત વસ્તુના સ્વરૂપ અને પોતાના શુદ્ધાત્મસ્વભાવ સંબંધી મિથ્યા માન્યતાને મિથ્યાત્વ કહે છે. આસ્રવભાવનાનો અભ્યાસ આ મિથ્યાત્વને મંદ કરાવનારો છે.

પોતાના શુદ્ધાત્મસ્વભાવની અણસમજણ અને તેના સંબંધી મિથ્યા માન્યતા તે જ મિથ્યાત્વ છે. સઘળાં આસ્રવભાવોમાં મિથ્યાત્વ જ મૂળભૂત અને મુખ્ય છે. મિથ્યાત્વના કારણે જ અવિરતિ,

કષાય એન યોગરૂપ અન્ય આસ્રવભાવો હોય છે. આસ્રવભાવનાનો અભ્યાસ મિથ્યાત્વાદિ આસ્રવોને હેયપણે સમજાવે છે. આસ્રવોને હેયપણે સમજવાથી મિથ્યાત્વ અવશ્ય મંદ પડે છે.

આસ્રવભાવનાનો અભ્યાસ જાણીતા આસ્રવ દ્વારા અજાણ્યા શુદ્ધાત્મસ્વભાવને પણ ઓળખાવે છે. આસ્રવો હેય છે અને અનેક પ્રકારના આસ્રવોની વચ્ચે અન્વયપણે રહેલ પોતાનો ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ પરમ ઉપાદેય છે. આસ્રવો અનિત્ય, અશરણ, અસાર, અસહાય, અશુચિ, દુઃખરૂપ અને દુઃખનું જ કારણ છે. તેનાથી વિરુદ્ધ પોતાનો શુદ્ધાત્મસ્વભાવ નિત્ય, શરણરૂપ, સારભૂત, સહાયરૂપ, શુચિમય અને સુખનું જ કારણ છે. શુદ્ધાત્મસ્વરૂપની આ પ્રકારની સાચી સમજણ જ મિથ્યાત્વને મંદ કરાવનારી છે. તેથી પણ આસ્રવભાવનાનો અભ્યાસ મિથ્યાત્વને મંદ કરાવનારો છે.

૨. કષાયો ઉપશાંત કરાવે

જેનાથી સંસારની પ્રાપ્તિ થાય તેવા ક્રોધ, માન, માયા, લોભ જેવા વિકારીભાવોને કષાયો કહે છે. આસ્રવભાવનાનો અભ્યાસ કષાયોને ઉપશાંત કરાવનારો છે.

આસ્રવભાવનાનો અભ્યાસ આસ્રવને હેયપણે દર્શાવી આસ્રવભાવોનો અભાવ કરાવવા માટે હોય છે. કષાયો પણ આસ્રવભાવ જ છે. મિથ્યાત્વરૂપ આસ્રવ મંદ પડતા કષાયરૂપ આસ્રવ પણ અવશ્ય ઉપશાંત થાય છે.

કષાયો શક્તિ અને વ્યક્તિ એમ બન્ને પ્રકારે હોય છે. અનંતાનુબંધી આદિ ચાર પ્રકારો કષાયોની અંતરંગ શક્તિ છે. આ અનંતાતુબંધી કષાયની વ્યક્તિ કે પ્રગટતા ક્રોધાદિપણે હોય છે. આસ્રવભાવનાના અભ્યાસથી મિથ્યાત્વ મંદ પડે છે. મિથ્યાત્વ મંદ થતાં જ મિથ્યાત્વ સાથે સંબંધિત અનંતાનુબંધી કષાય પણ મંદ પડે છે. અનંતાનુબંધી કષાય મંદ પડતાં તેની પ્રગટતા ક્રોધાદિ કષાયોરૂપ જે થાય છે તે પણ અવશ્ય ઉપશાંત થાય છે. આ રીતે આસ્રવભાવનાનો અભ્યાસ ક્રોધાદિ કષાયોને ઉપશાંત કરાવનારો છે.

ઉપસંહાર

આસ્રવભાવનાનો અભ્યાસ અને તેનું ચિંતવન રાગાદિ આસ્રવભાવોને અત્યંત હેય અને પોતાના શુદ્ધાત્મસ્વભાવને પરમ ઉપાદેય તરીકે ઓળખાવે છે. સંયોગીભાવોરૂપ આસ્રવો અને પોતાનો અસંયોગી શુદ્ધાત્મસ્વભાવ એ બન્ને વચ્ચેનો તફાવત અને ભેદને જાણતા આસ્રવો હેયરૂપ અને શુદ્ધાત્મસ્વભાવ ઉપાદેયરૂપ જણાય છે. આ પ્રકારે આસ્રવો અને આત્માના ભેદ પડે તેનું હેય-ઉપાદેયપણું સમજાતાં નવીન આસ્રવો થતાં નથી. અને આસ્રવોને કારણે થતો નવીન કર્મનો બંધ પણ થતો નથી. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં દૃઢદૃઢ

(હરિગીત)

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું
જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું

ભાવાર્થ : જ્યારે આ જીવ પોતાના શુદ્ધાત્મસ્વભાવને આસ્રવોથી ભિન્ન જાણે છે, ત્યારે તેને નવીન કર્મનો બંધ થતો નથી. (સમયસાર : ગાથા ૭૧)

❖ આસ્રવભાવનાની કથા ❖

મોક્ષની પાઘડી



વસુદેવ–દેવકીનો શ્રીકૃષ્ણ પછીનો આઠમો અને અંતિમ પુત્ર ગજકુમાર હતો. તે અનેક પ્રકારના શુભ લક્ષણોથી યુક્ત, મહાવૈરાગી અને પરાક્રમી હતો. શ્રીકૃષ્ણને પણ પોતાનો નાનો ભાઈ ગજકુમાર અત્યંત પ્રિય હતો. સુકોમળ કાયા અને મનોહર રૂપ ધરાવતા ગજકુમારે યૌવનના ઊંબરે પગ મૂક્યો ત્યારે શ્રીકૃષ્ણે જાતે પસંદ કરીને કેટલીક ઉત્તમોત્તમ રાજકન્યાઓ સાથે ગજકુમારનો વિવાહ સબંધ નક્કી કરાવ્યો. તે ઉપરાંત સોમશર્મા શેઠ નામના બ્રાહ્મણની ક્ષત્રિયાણી સ્ત્રીથી ઉત્પન્ન સોમા નામની અત્યંત સુંદર કન્યાનું કહેણ પણ સ્વીકારવામાં આવ્યું.

સોમા સહિતની અનેક કન્યાઓ સાથે ગજકુમારના લગ્નનું મુહૂર્ત નક્કી થતાં યાદવકુળમાં આનંદ વ્યાપી ગયો અને ધામધૂમથી લગ્ન કરવા માટે તેઓ બધાં દ્વારિકાપુરીમાં આવી પહોંચ્યા. તે સમયે નેમિનાથ ભગવાન અનેક સ્થળોએ વિહાર કરીને ગિરનાર પર્વત ઉપર સમવસરણ સહિત બિરાજમાન થયાના સમાચાર આવતાં યાદવો સૌ પ્રથમ ભગવાનના દર્શન કરવા માટે નીકળી પડ્યા. ગજકુમાર પણ નેમિનાથ ભગવાનના દર્શન માટે અત્યંત રોમાંચિત થઇ હર્ષોલ્લાસપૂર્વક સુવર્ણ રથપર સવાર થઇને આવી પહોંચ્યા. અને સમવસરણની શ્રીમંડપ

ભૂમિમાં ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈ વિનયપૂર્વક મનુષ્યની સભામાં બેઠા. તે સમયે સર્વજનહિતકારી જિનેન્દ્ર ભગવાનનો ભવાતાપનાશક દિવ્યધ્વનિનો ધર્મોપદેશ પણ શરૂ થયો. ભગવાનની દિવ્યવાણીમાં આસ્રવભાવનાનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું:

"સઘળાં સંસારનું મૂળ કારણ જીવના મિથ્યાત્વાદિ આસ્રવભાવો છે. આ આસ્રવો આત્માની અશુદ્ધ અવસ્થા હોવાથી અત્યંત અશુચિ છે. તેઓ પૌદ્‌ગલિકકર્મના આશ્રયે થતાં ચૈતન્યના વિકાર હોવાથી વિરુદ્ધ સ્વભાવવાળા છે. તેઓ જીવના જ્ઞાન-દર્શન-વીર્યાત્મક શુદ્ધ સ્વભાવનો ઘાત કરી આકુળતા ઉપજાવનારા હોવાથી વર્તમાનકાળે દુઃખરૂપ છે અને નવીન કર્મબંધનના કારણ હોવાથી આગામીકાળે પણ દુઃખફળ આપનારા છે. આ રીતે આસ્રવો અત્યંત અશુચિ, વિરુદ્ધ સ્વભાવવાળા, દુઃખરૂપ અને દુઃખફળ દેનારા હોવાથી અત્યંત હેય છે.

આસ્રવોથી વિરુદ્ધ પોતાનો ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ પરમ શુચિ, અવિકારી અવિરુદ્ધ સ્વભાવવાળો, સુખરૂપ, સુખફળ આપનારા હોવાથી પરમ ઉપાદેય છે.

આ પ્રકારે આસ્રવોનું હેયપણું અને પોતાના શુદ્ધાત્મસ્વભાવનું ઉપાદેયપણું જાણી પરાશ્રયે થતાં આસ્રવોને છોડી સ્વાશ્રયે થતી શુદ્ધાત્મ સ્વભાવની ઉપલબ્ધિ કરવી એ જ આસ્રવ-ભાવનાનો ઉદ્દેશ છે."

વીતરાગરસ ઝરતી નેમિનાથપ્રભુની દિવ્યવાણીમાં આસ્રવભાવનાનું સ્વરૂપ સાંભળી ગજકુમારનું હૃદય વૈરાગ્યથી ઝણઝણી ઉઠ્યું. આસ્રવભાવના ભાવતાં ગજકુમાર ઊંડા ચિંતવનમાં સરી પડ્યાં

"અહો ! વિવાહ સમયે જ વૈરાગ્ય પામનારા મારા મોટાભાઇ (નેમિનાથ ભગવાન) મને પ્રતિબોધવા માટે જ આસ્રવભાવનાનો ઉપદેશ ફરમાવી રહ્યા હોય તેમ જણાય છે. તેઓ મને સંસારરમણીને બદલે શિવરમણી વરાવવા મારા વિવાહના સમયે જ પધાર્યા લાગે છે. સંસારરમણી સાથે વિવાહ કરીને સ્ત્રી પ્રત્યેના રાગાદિ આસ્રવભાવોમાં ફસાઇ જઇ મારે મારો મહામૂલો મનુષ્ય અવતાર એળે જવા દેવો નથી. સંસારરમણીને બદલે શિવરમણીને વરવા માટેનો મારો અવતાર છે. તેથી મારે શીઘ્ર જ આત્મહિત સાધી લેવાનું છે."

ગજકુમારે તુરત જ માતપિતા અને વડીલોની અનુજ્ઞા મેળવી નેમિનાથપ્રભુની સમીપે જિનદીક્ષા અંગીકાર કરી. ગજકુમારની સાથે બીજા અનેક લોકોએ પણ મુનિદશા ધારણ કરી. ગજકુમારની સાથે વિવાહ માટે નક્કી કરાયેલી સોમા સિવાયની પ્રભાવતી આદિ કન્યાઓએ પણ સંસારથી વિરકત થઇને આર્યિકાદીક્ષા અંગીકાર કરી.

ગજકુમાર મુનિએ પ્રતિમાયોગ ધારણા કરીને ઉગ્ર તપશ્ચર્યા આદરી. રાત્રિના સમયે સ્મશાનની સમીપે એકાંતવાસમાં આત્મધ્યાનમાં લીન ગજકુમાર મુનિ પાસે સોમાના પિતા સોમશર્મા શેઠ આવી પહોંચે છે. ગજકુમારને જોતાં જ ક્રુર પરિણામી સોમશર્માનો ક્રોધ પ્રજ્જવલી ઉઠે છે.

"અરે ! આ દુષ્ટે જ મારી દિકરીને લગ્ન વગર રખડાવી. મુનિ જ થવું હતું તો સોમાની સાથે સગાઇ શા માટે કરી ? સગાઇ પછી સસરા તરીકે મારે આને કોઇ સરપાવ કે ભેટ તરીકે પાઘડી તો

પહેરાવવાની જ હોય, તો આ જેને લાયક છે એવા સ્મશાનની અગ્નિની સગડી બનાવીને જ પાઘડી તરીકે પહેરાવું.''

આમ વિચારી તે દુષ્ટે ધ્યાનસ્થ ગજકુમાર મુનિના માથામાં સ્મશાનની ચીકણી માટીની પાળ કરી સગડી જેવું બનાવી તેમાં સ્મશાનના ધગધગતા અંગારા મૂકી, લે આ પાઘડી પહેર! તેમ કહીને મુનિનું માથુ સળગાવ્યું.

ગજકુમાર મુનિનું મસ્તક અગ્નિની પ્રચંડ જ્વાળાઓથી એકદમ સળગી ઉઠ્યું. બહારમાં અગ્નિના ભયંકર ભડકાઓની વચ્ચે પણ મુનિરાજ અંદરમાં પરમ શીતળતા સ્વરૂપ શાંતરસમાં નિમગ્ન થઈ આસ્રવભાવનાના ઊંડા ચિંતવનમાં ઉતરી ગયા :

''અહા ! આ શરીર અને તેના લક્ષે થતો આસ્રવભાવ એ મારું સ્વરૂપ નથી. અગ્નિથી ન સળગતો એવો ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મા એજ મારું સ્વરૂપ છે. આ ઉપસર્ગ મારો કસોટીનો કાળ છે. અસ્થિતરતાજન્ય આસ્રવભાવનો પણ અભાવ કરી નિરાસ્રવી શુદ્ધાત્મસ્વરૂપમાં સંપૂર્ણ સ્થિરતા સ્થાપી સિદ્ધદશા પ્રગટ કરવાનો આ અમૂલ્ય અવસર મને સાંપડ્યો છે. સસરાએ મને સળગતી સગડીની નહિ પણ મહામૂલી મોક્ષની જ પાઘડી પહરાવી છે. સસરા તરફથી સંસારરમણી વરાવતી વખતે પહેરાવવામાં આવતી કપડાંની પાઘડી તો કાયમ ટકતી નથી, ફાટી જાય છે. પણ આ શિવરમણીને વરાવનારી મોક્ષની પાઘડી તો ફાટતી નથી અને કાયમ ટકે છે. આ પાઘડી પહેરીને હું શિવરમણીને વરવા શીઘ્ર જ પ્રયાણ કરું છું.''

આ પ્રકારે આસ્રવભાવના ભાવતાં મુનિરાજ ગજકુમાર પોતાના શુદ્ધાત્મસ્વરૂપમાં એવા લીન થઇ ગયા કે તેમનો ઉપયોગ ફરી બહારમાં આવ્યો જ નહિ. મહાપરાક્રમી ગજકુમારે બહારના અગ્નિના ભડકાના નિમિત્તે અંદરમાં ધ્યાનરૂપી ઉગ્ર અગ્નિ પ્રગટાવી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરનારી ક્ષપકશ્રેણીનું આરોહણ કર્યું. બહારના અગ્નિના ભડકા વચ્ચે અંદરમાં પરમ શાંતરસમાં નિમગ્ન રહીને અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન અને મોક્ષદશાની પ્રાપ્તિ કરી. આ પ્રકારે તેઓ નેમિનાથપ્રભુની સમીપમાં અંતકૃત કેવળી બની મોક્ષ પામનારા બન્યા. તેથી દેવોએ તેમનો કેવળજ્ઞાન અને મોક્ષનો મહોત્સવ એક સાથે જ મનાવ્યો.

આસ્રવભાવનાની આરાધના વડે માથા ઉપર મૂકાયેલી સળગતી સગડીની પાઘડીને મોક્ષની પાઘડીમાં પલટાવી મુક્તિ રમણીને વરનાર અંતકૃત કેવળી ગજકુમારને કાટિ કોટિ પ્રણામ !

સંદર્ભગ્રંથો

● ૧. બારસઅણુવેક્ખા : ગાથા ૪૭ થી ૬૦; ● ૨. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૮૮ થી ૯૪; ● 3. ભગવતી આરાધના : ગાથા ૧૮૧૪ થી ૧૮૨૭; ● ૪. જ્ઞાનર્ણવ : સર્ગ૨ : શ્લોક ૧૨૦ થી ૧૨૮; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૨૯ થી ૭૩૬; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાય ૬ : ગાથા 3૭; ● ૭. તત્ત્વાર્થરાજવાર્તિક : ૯/૭, ૬/૬૦૨/૨૨; ૯/૭, ૭/૬૦૨/3૦; ● ૮. સર્વાર્થસિદ્ધિ : ૯/૭/૪૧૬, ૪૧૭;● ૯. સમણસુત્તં: 3૦ અનુપ્રેક્ષાસૂત્ર : ગાથા ૫૨૧; ● ૧૦. પદ્મનંદીપંચવિંશતિ : અધ્યાય : ૬, શ્લોક ૫૧; ● ૧૧. અનગાર ધર્મામૃત : ગાથા ૭૦, ૭૧; ● ૧૨. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૨૮, 3૧, 3૫ ની ટીકા; ● ૧3. સમયસાર : ગાથા ૭૨, ૧૬૪, ૧૬૫ અને તેની ટીકા; ● ૧૪. જૈ.સિ.કોશ: ભાગ-૧ : અનુપ્રેક્ષા : ૧/૭, પાનુ-૭૪; ૪/૭, પાનુ-૭૯; આસ્રવ: પાનુ ૨૮૨, નયચક્રબૃહદ: ગાથા ૧૫૨, ૧૫3.

આસ્રવભાવનાની કથા : મોક્ષની પાઘડી ● હરિવંશપુરાણ : સર્ગ ૬૦, ૬૧.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. આસ્રવભાવનાના ચિંતવનમાં ઉપાદેય શું છે? ૧. ☐
A:: આસ્રવ B:: સંવર C:: નિર્જરા D:: શુદ્ધાત્મસ્વભાવ

૦૨. અવિરતિનું કારણ શું? ૨. ☐
A:: મિથ્યાત્વ B:: કષાય C:: પ્રમાદ D:: યોગ

૦૩. આસ્રવનો અભાવ કોને હોતો નથી? ૩. ☐
A:: અરિહંત ભગવાન B:: અયોગી કેવળી
C:: શીઘ્રગતિથી લોકાગ્રે જતા મુક્તાત્મા D:: સિદ્ધ ભગવાન

૦૪. અગૃહિત મિથ્યાત્વને શું કહી શકાતું નથી? ૪. ☐
A:: અનાદિની મિથ્યા માન્યતા B:: તત્ત્વની અપ્રતિપત્તિ
C:: ધર્મના નામે અધર્મનું સેવન D:: નિસર્ગજ મિથ્યાત્વ

૦૫. ગૃહિત મિથ્યાત્વનું કારણ શું? ૫. ☐
A:: કુજ્ઞાન-શ્રદ્ધાન-આચરણ B:: કુમન-વચન-કાયા
C:: કુદેવ-ગુરુ-શાસ્ત્ર D:: કુસ્ત્રી-પુત્ર-પરિવાર

૦૬. દરેક ધર્મમતો અને તેમના પ્રરૂપક દેવ પ્રત્યે સમાનપણે વિનય રાખવાનો અભિપ્રાય શું કહેવાય? ૬. ☐
A:: સર્વધર્મસમભાવ B:: સમદૃષ્ટિ C:: મિથ્યાત્વ D:: સમ્યક્ત્વ

૦૭. નીચે પૈકી ઉપાદેય શું છે?
A:: આસ્રવભાવ B:: આસ્રવતત્ત્વ C:: આસ્રવભાવના D:: કોઈ નહિ. ૭. ☐

૦૮. આસ્રવોને પોતાથી ભિન્ન કહેવાનું કારણ શું? ૮. ☐
A:: વિરુદ્ધ સ્વભાવ B:: અશુદ્ધ અવસ્થા
C:: ક્ષણિક અને વિનાશી D:: નિઃસત્ત્વ અને નિરર્થક

૦૯. મિથ્યાત્વ સાથે સંબંધિત કષાય કયો છે? ૯. ☐
A:: સંજ્વલન B:: અનંતાનુબંધી
C:: અપ્રત્યાખ્યાનાવરણીય D:: પ્રત્યાખ્યાનાવરણીય

૧૦. કયા પ્રકારનો ભેદ જાણવાથી નવીન કર્મનો બંધ ટળે? ૧૦. ☐
A:: સંયોગ અને સંયોગીભાવ B:: લોક અને અલોક
C:: કર્મ અને નોકર્મ D:: આત્મા અને આસ્રવ

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં જવાબ આપો.

૦૧. આસ્રવ એટલે શું?
૦૨. ભાવાસ્રવ એટલે શું?
૦૩. દ્રવ્યાસ્રવ એટલે શું?
૦૪. શા માટે આસ્રવો હેય છે?
૦૫. શા માટે શુદ્ધાત્મસ્વભાવ ઉપાદેય છે?
૦૬. આસ્રવભાવના એટલે શું?
૦૭. જીવના કયા પરિણામો ભાવાસ્રવ કહેવાય છે?
૦૮. પુદ્ગલના કયા પરિણામો દ્રવ્યાસ્રવ કહેવાય છે?
૦૯. પુણ્યાસ્રવ કોને કહે છે?
૧૦. ભાવપુણ્યાસ્રવ કોને કહે છે?
૧૧. દ્રવ્યપુણ્યાસ્રવ કોને કહે છે?
૧૨. મિથ્યાત્વ કોને કહે છે?
૧૩. અવિરતિ કોને કહે છે?
૧૪. કષાય કોને કહે છે?
૧૫. યોગ કોને કહે છે?
૧૬. આસ્રવના ૫૭ ભેદ કઈ રીતે છે?
૧૭. મિથ્યાત્વના મુખ્ય બે ભેદના નામ આપો.
૧૮. અગૃહિત મિથ્યાત્વ કોને કહે છે?
૧૯. અગૃહિત મિથ્યાત્વના મુખ્ય પાંચ પ્રકારના નામ આપો.
૨૦. ગૃહિત મિથ્યાત્વ કોને કહે છે?
૨૧. ગૃહિત મિથ્યાત્વના મુખ્ય પાંચ પ્રકારના નામ આપો.
૨૨. પાંચેય પ્રકારના અગ્રહિત મિથ્યાત્વ સાથે સંબંધિત ગૃહિત મિથ્યાત્વના નામ આપો.
૨૩. અવિરતિના ૧૨ ભેદ કઈ રીતે છે?
૨૪. કષાયના ૨૫ ભેદ કઈ રીતે છે?
૨૫. મનોયોગના ચાર ભેદના નામ આપો.
૨૬. વચનયોગના ચાર ભેદના નામ આપો.
૨૭. કાયયોગના સાત ભેદના નામ આપો.
૨૮. શા માટે આસ્રવ તત્ત્વ હેય છે?
૨૯. શા માટે આસ્રવભાવના ઉપાદેય છે?
૩૦. આસ્રવો કઈ રીતે અનિત્ય છે?
૩૧. આસ્રવો કઈ રીતે અશરણ છે?
૩૨. આસ્રવો કઈ રીતે અસાર છે?
૩૩. આસ્રવો કઈ રીતે અસહાય છે?
૩૪. આસ્રવો કઈ રીતે અશુચિ છે?
૩૫. આસ્રવો કઈ રીતે દુઃખરૂપ છે?
૩૬. આસ્રવો કઈ રીતે દુઃખફળ દેનાર છે?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૦૧. આસ્રવોના જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા પ્રકારના ભેદના માત્ર નામ આપો.
૦૨. ભાવાસ્રવની સમજૂતી આપો.
૦૩. દ્રવ્યાસ્રવની સમજૂતી આપો.
૦૪. પુણ્યાસ્રવ અને પાપાસ્રવની સમજૂતી આપો.
૦૫. અગૃહિત મિથ્યાત્વના મુખ્ય પ્રકારો અને દરેકની સમજૂતી આપો.
૦૬. ગૃહિત મિથ્યાત્વના મુખ્ય પ્રકારો અને દરેકની સમજૂતી આપો.
૦૭. નવતત્ત્વ પૈકીના આસ્રવ અને બારભાવના માંહેના આસ્રવમાં શો ફેર છે? તેની સમજૂતી આપો.
૦૮. આસ્રવભાવનાની જેમ બંધભાવના શા માટે નહિ?
૦૯. આસ્રવભાવનાની ચિંતવન પ્રક્રિયા સમજાવો.
૧૦. આસ્રવભાવનાનું ચિંતવન માટેનું સાધન કે કારણ સમજાવો.
૧૧. આસ્રવભાવના કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે?
૧૨. આસ્રવભાવના કઈ રીતે વૈરાગ્યનું કારણ છે?
૧૩. આસ્રવભાવના કઈ રીતે મિથ્યાત્વને મંદ કરાવે છે?
૧૪. આસ્રવભાવના કઈ રીતે કષાયો ઉપશાંત કરાવે છે?

નીચેનાનો તફાવત આપો.

૦૧. તત્ત્વ અને ભાવના.


ભાવના

૮

સંવરભાવના

श्रद्धा निजात्मा की हो चित्स्वरुप ज्ञान, समभाव का वरण हो संवर यही महान ।
होता न जिस समय में कर्मों का आगमन, संवर सुखद यही श्री जिनराज के वचन ।।

(બ્ર.વસંતજીકૃત સંવરભાવના)



❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી

૨. સંવરના ભેદ અને તેનું સ્વરૂપ

૧. જીવ અને પૌદ્ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ સંવર બે પ્રકારે છે.
૧. ભાવસંવર અને ૨. દ્રવ્યસંવર

૨. ઓળખાણ માટે કરવામાં આવતા કથનની અપેક્ષાએ સંવરના બે ભેદ છે.
૧. નિશ્ચયસંવર અને ૨. વ્યવહારસંવર

૩. વ્યવહારસંવરની વિવિધતાની અપેક્ષાએ તેના મુખ્યભેદ છ અને તેના પેટાભેદ સહિતનાં કુલ સતાવન ભેદ છે.
૫ મહાવ્રત+૫ સમિતિ+૩ ગુપ્તિ+
૨૨ પરિષહ+૧૦ ધર્મ+૧૨ ભાવના = ૫૭

૩. સંવરનો મહિમા

૪. સંવરતત્ત્વ અને સંવરભાવનામાં શો ફેર ?

૫. સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયા

૬. સંવરભાવનાનું સાધન કે કારણ

૭. કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

૮. કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?

૯. પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ
૧. મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવે
૨. મુનિદશાની ભાવના કરાવે

૧૦. ઉપસંહાર

૧૧. સંવરભાવનાની કથા :
સંવરવીર સુકૌશલ

સંવરભાવનાનો મહિમા દર્શાવતું
પં. ભૂધરદાસનુ ભજન

(રાગ: મલ્હાર)

अब मेरैं समकित सावन आयो ।।टेक।।

बीति कुरीति मिथ्यामति ग्रीष्म, पावस सहज सुहायो ।। १ ।।
अनुभव-दामिनि दमकन लागी, सुरति घटा घन छायो ।। २ ।।
बोलै विमल विवेक पपीहा, सुमति सुहागिनि भायो ।। ३ ।।
भूल-धूल कहिं भूल न सूझत, समरस जल झर लायो ।। ४ ।।
'भूधर' को निकसै अब बाहिर, निज निरचू घर पायो ।। ५ ।।

ભાવાર્થ : અહો ! સંવરભાવનાના પ્રતાપે પ્રગટેલી સંવરદશાના કારણે હવે મારા જીવનની મિથ્યાત્વરૂપી ગ્રીષ્મ ઋતુ વીતી ગઇ છે, અને સમકિતરૂપી સુહાવની પાવસ એટલે કે વર્ષા ઋતુ આવી પહોંચી છે.

સંવરદશામાં આત્માના અતીન્દ્રિય આનંદની ઘનઘોર છટા છવાઇ ગઇ છે, કે જેમાં સ્વાનુભવરૂપી વીજળી ચમકે છે.

આવી સંવરદશાને દેખીને વિવેકરૂપી કોયલની ધ્વનિ મુખરિત થાય છે, કે જે સુમતિરૂપ સૌભાગ્યવતીને અત્યંત પ્રિયકર છે.



સંવરભાવના અને તેના કારણે પ્રગટતી સંવરદશામાં સમતારસરૂપી જળધારાની ઝડી વરસવાને કારણે ભૂલરૂપી એટલે કે ભ્રમરૂપી ધૂળ હવે ભૂલથી પણ ક્યાંય ઉડતી નજરમાં આવતી નથી.

પંડિત ભૂધરદાસ કહે છે કે, આ પ્રકારે જેણે સંવરભાવના અને સંવરદશારૂપી નિરચૂં એટલે કે ન ટપકે તેવું મજબૂત ઘર પ્રાપ્ત કરી લીધું છે, તે હવે તેમાંથી બહાર કેમ નીકળે ? એટલે કે બિલકુલ ન નીકળે.

(ભૂધર ભજન સૌરભ: ભજન નં. ૫૫ , પાનું ૭૮)

ભાવના ૮.

સંવરભાવના

સંવર એટલે અટકવું તે. જીવના વીતરાગીભાવ અને તેના કારણે પૌદ્‌ગલિકકર્મોનું જીવના પ્રદેશોમાં આવવાનું અટકવું તે સંવર છે. સંવરદશા અને તેના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવ ઉપાદેય છે. આ પ્રકારની વારંવાર વિચારણા થવી તેને સંવરભાવના કહે છે.

आस्रव निरोधः संवर ।

અર્થ : આસ્રવનો નિરોધ તે સંવર છે.

(તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય ૯, સૂત્ર ૨)

સંવર એટલે રોકાઇ જવું, અટકી જવું તે. જીવના અવિકારી શુદ્ધ વીતરાગીભાવના કારણે નવીન કર્મના આસ્રવનો નિરોધ થાય છે તે સંવર છે.

જેમ નાવમાં પડેલું છિદ્ર બુરાઇ જવાથી નાવમાં નવીન પાણી પ્રવેશ પામતું નથી તેમ આસ્રવોના અભાવથી નવીન કર્મોનું જીવના પ્રદેશોમાં આવવાનું અટકી જાય છે તે સંવર છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ તે આસ્રવ છે અને તેનો અભાવ થવાથી ઉત્પન્ન થતા સમ્યક્ત્વ, વિષયવિરક્તિ, કષાયનિગ્રહ અને યોગનિરોધ તે સંવર છે.

આસ્રવ હેય છે અને તેનો વિરોધી સંવર ઉપાદેય છે. વીતરાગભાવરૂપ સંવરની ઉત્પત્તિ પોતાના ત્રિકાળી શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે થાય છે. તેથી પ્રગટતાની અપેક્ષાએ સંવરદશા ઉપાદેય છે અને આશ્રયની અપેક્ષાએ પોતાનો શુદ્ધાત્મસ્વભાવ ઉપાદેય છે.



ઉપર મુજબ સંવરનું સ્વરૂપ અને તેને પ્રાપ્ત કરવાના ઉપાયનું વારંવાર ચિંતવન થવું તે સંવરભાવના છે.

સંવરના ભેદ અને તેનું સ્વરૂપ

જીવના પ્રદેશોમાં પૌદ્‌ગલિકકર્મને આવતાં અટકાવનારો જીવનો અવિકારી શુદ્ધ ભાવ અને તે કર્મનું આવવું અટકવું તે સંવર છે.

સંવરના જુદી-જુદી અપેક્ષાએ જુદા જુદા ભેદ હોય છે. તે આ પ્રકારે :

૧. જીવ અને પૌદ્‌ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ સંવર બે પ્રકારે છે:

૧. **ભાવસંવર** અને ૨. **દ્રવ્યસંવર**

૨. ઓળખાણ માટે કરવામાં આવતા કથનની અપેક્ષાએ સંવરના બે ભેદ છે :

૧. **નિશ્ચયસંવર** અને ૨. **વ્યવહારસંવર**

3. વ્યવહાર સંવરની વિવિધતાની અપેક્ષાએ સંવરના મુખ્ય છ અને તેના પેટાભેદ સહિતના કુલ સતાવન ભેદ છે:

૫ મહાવ્રત +૫ સમિતિ +૩ ગુપ્તિ +૨૨ પરિષહ +૧૦ ધર્મ +૧૨ ભાવના=૫૭ કુલ

૧. જીવ અને પૌદ્‌ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ સંવરના બે પ્રકારો છે :

૧. **ભાવસંવર** અને ૨. **દ્રવ્યસંવર**

જીવ અને પૌદ્‌ગલિકકર્મને અરસપરસ અનુકૂળ-અનુરૂપપણાનો નિમિત્ત-નૈમિત્તિક પ્રકારનો સંબંધ હોય છે. આવા સંબંધ સમયે જીવના પરિણામને **ભાવ** અને

પૌદ્‌ગલિકકર્મના પરિણામને દ્રવ્ય કહેવાની પદ્ધતિ છે. આ કારણે જીવના શુદ્ધોપયોગમય વીતરાગભાવરૂપ સંવરને **ભાવસંવર** અને તેના નિમિત્તે થતા નવીન પૌદ્‌ગલિકકર્મના આવવાના અટકાવવારૂપ પૌદ્‌ગલિકકર્મના સંવરને **દ્રવ્યસંવર** કહેવામાં આવે છે. તેથી જીવ અને પૌદ્‌ગલિકકર્મની અપેક્ષાએ સંવર બે પ્રકારે છે.

૧. ભાવસંવર અને **૨. દ્રવ્યસંવર**

૧. ભાવસંવર

જીવના પ્રદેશમાં નવીન પૌદ્‌ગલિકકર્મના આવવાના અટકાવવાના કારણભૂત જીવના શુદ્ધોપયોગરૂપ વીતરાગી પરિણામને ભાવસંવર કહે છે.

જીવના શુભાશુભભાવરૂપ અશુદ્ધોપયોગથી વિરુદ્ધ વીતરાગભાવરૂપ શુદ્ધોપયોગના પરિણામ તે ભાવસંવર છે. જીવના સંવર સ્વરૂપ ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે શુદ્ધોપયોગરૂપ ભાવસંવર ઉત્પન્ન થાય છે. શુદ્ધોપયોગરૂપ ભાવસંવરના કારણે જીવની શુદ્ધ સ્વભાવ જેવી વીતરાગી અવિકારી શુદ્ધ અવસ્થા હોય છે. આ ભાવસંવર જ સાક્ષાત્ મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ છે. તે જ આત્મિક અતીન્દ્રિય આનંદનો આહ્‌લાદ છે. તેમાં જ આત્માના અનંતગુણોની યથાસંભવ આંશિક શુદ્ધતાની પ્રગટતા છે. તેથી પ્રગટ કરવાની અપેક્ષાએ તે ઉપાદેય છે.

૨. દ્રવ્યસંવર

ભાવસંવરના નિમિત્તે જીવના પ્રદેશોમાં નવીન પૌદ્‌ગલિકકર્મનું આવવાનું અટકે તેવા પુદ્‌ગલપરિણામને દ્રવ્યસંવર કહે છે.

સંવર એટલે આસ્રવનો નિરોધ. આસ્રવના કારણે જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના પૌદ્‌ગલિકકર્મો જીવના પ્રદેશોમાં આવતા હતા. તે જ કર્મો આસ્રવના વિરોધી સંવરના કારણે નિરોધ પામે છે, તે દ્રવ્યસંવર છે. ભાવસંવરના કારણે જ દ્રવ્યસંવર હોય છે. દ્રવ્યસંવરના કારણે દ્રવ્યબંધ થતો નથી. દ્રવ્યબંધ ટળતાં તેના કારણે થતાં સંસારનો પણ અભાવ થાય છે.

૨. ઓળખાણ માટે કરવામાં આવતા કથનની અપેક્ષાએ સંવરના બે ભેદ છે.

૧. નિશ્ચયસંવર અને **૨. વ્યવહારસંવર**

જીવનો અવિકારી શુદ્ધભાવ અને તેના નિમિત્તે પૌદ્‌ગલિકકર્મોનું આવવાનું અટકવું તે સંવર છે. તેમાં જીવના પરિણામ તે ભાવસંવર અને પુદ્‌ગલના પરિણામ તે દ્રવ્યસંવર છે.

આ સંવરની ઓળખાણ માટે કરવામાં આવતા કથન, વક્તાનો અભિપ્રાય કે શ્રોતાની સમજણ તે નય છે. આ ઓળખાણ કરાવવા માટે કરવામાં આવતું કથન સીધી રીતનું હોય તો તેને નિશ્ચયનય અને બીજી જાણીતી બાબત દ્વારા આડકતરી રીતે કરવામાં આવે તો તેને વ્યવહારનય કહેવામાં આવે છે. નિશ્ચયનયની પદ્ધતિથી સંવરની ઓળખાણને નિશ્ચયસંવર અને વ્યવહારનયની પદ્ધતિથી કરવામાં આવતી સંવરને ઓળખાણને વ્યવહારસંવર કહે છે. આ રીતે નયપદ્ધતિથી સંવરનું કથન બે પ્રકારે છે.

૧. નિશ્ચયસંવર અને **૨. વ્યવહારસંવર**

૧. નિશ્ચયસંવર

નિશ્ચયનયની કથન પદ્ધતિ અનુસાર સીધી રીતની ઓળખાણ માટે કરવામાં આવતા સંવરના કથનના પ્રકારને નિશ્ચયસંવર કહે છે. પૌદ્‌ગલિક-કર્મને જીવના પ્રદેશમાં આવતા અટકાવનાર જીવના વીતરાગીભાવ અને તેના કારણે કર્મોનું અટકવું તે નિશ્ચયસંવર છે.

નિશ્ચયનય તેના વિષયને સીધી રીતે ઓળખાવે છે. નિશ્ચયનય અનુસાર જીવના વીતરાગી શુદ્ધભાવ

અને તેના નિમિત્તે થતું પૌદ્‌ગલિકકર્મોનું જીવના પ્રદેશોમાં આવવાનું અટકવું તે નિશ્ચયસંવર છે.

નિશ્ચયનયનું કથન સીધી અને સાચી રીતે થતું હોવાથી તેના કોઇ પ્રકાર હોતા નથી. તેથી નિશ્ચયસંવરના પણ કોઇ પ્રકાર હોતા નથી. તેમ છતાં સંવરના જીવના અને પૌદ્‌ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ બે પ્રકાર છેઃ ભાવસંવર અને દ્રવ્યસંવર. ભાવસંવરને સીધી રીતે ઓળખાવનાર કથનને નિશ્ચયભાવસંવર અને દ્રવ્યસંવરને સીધી રીતે ઓળખાવનાર કથનને નિશ્ચયદ્રવ્યસંવર કહેવાય છે. જીવના શુદ્ધોપયોગરૂપ અવિકારી વીતરાગીભાવ તે નિશ્ચયભાવસંવર અને તેના નિમિત્તે પૌદ્‌ગલિકકર્મોનું જીવના પ્રદેશોમાં આવવાનું સર્વથા અને સંપૂર્ણપણે અટકવું તે નિશ્ચયદ્રવ્યસંવર છે.

૨. વ્યવહારસંવર

વ્યવહારનયની પદ્ધતિ અનુસાર આડકતરી રીતે કરવામાં આવતાં સંવરની ઓળખાણ માટેના કથનના પ્રકારને વ્યવહારસંવર કહે છે. નિશ્ચયસંવર સાથે સંબંધિત જીવના શુભોપયોગરૂપ પરિણામ અને તેના કારણે થતું કર્મોનું આંશિકપણે અટકવું તે વ્યવહારસંવર છે.

વ્યવહારનય નક્કી કરાયેલા વિષયને બીજી જાણીતી બાબત દ્વારા આડકતરી રીતે ઓળખાવે છે. વ્યવહારનયની પદ્ધતિ અનુસારની સંવરની ઓળખાણ માટેના કથનની પદ્ધતિને વ્યવહારસંવર કહે છે.

નિશ્ચયથી જીવના વીતરાગીભાવ તે ભાવસંવર છે. અને પૌદ્‌ગલિકકર્મના આવવાના અટકાવવારૂપના પરિણામ તે દ્રવ્યસંવર છે. આ ભાવસંવર કે દ્રવ્યસંવર સીધી રીતે જોઇ શકાતો નથી કે સમજી શકાતો નથી. તેથી બીજી જાણીતી બાબત દ્વારા તેની ઓળખાણ કરાવવા માટેની કથન પદ્ધતિ તે વ્યવહારનય છે.

વ્યવહારનય નિર્દિષ્ટ વિષયભૂત વીતરાગી સંવરને તેની સાથે સંબંધિત જાણીતા શુભભાવ દ્વારા આડકતરી રીતે ઓળખાવે છે. વ્યવહારનય દ્વારા વીતરાગભાવરૂપ નિશ્ચયસંવરને વાસ્તવિક ઓળખવા માટે થોડા પ્રયત્નની જરૂર રહે છે. પરંતુ વ્યવહારસંવરને જ નિશ્ચયસંવર માની લેવામાં આવે તો તે અયથાર્થ કે અભૂતાર્થ છે.

જીવના વીતરાગભાવરૂપ ભાવસંવરને બતાવવા માટે તેની સાથે સંબંધિત જાણીતા શુભભાવ વડે અજાણ્યા નિશ્ચયભાવસંવરને ઓળખવા માટે કરવામાં આવતી કથનની પદ્ધતિને વ્યવહારભાવસંવર કહે છે. અને કર્મોના અટકવારૂપ નિશ્ચયદ્રવ્યસંવરને તેની સાથે સંબંધિત જાણીતી બાબત દ્વારા તેની ઓળખાણ કરાવવા માટે કરવામાં આવતી કથનની પદ્ધતિને વ્યવહારદ્રવ્યસંવર કહે છે.

નિશ્ચયભાવસંવર કે નિશ્ચયદ્રવ્યસંવર વિના કે તેની સાથે સંબંધ વિનાના શુભભાવને વ્યવહારથી પણ ભાવસંવર કે દ્રવ્યસંવર કહી શકાતા નથી.

વ્યવહારનયનું કથન બીજી સંબંધિત જાણીતી બાબત દ્વારા આડકતરી રીતે કરવામાં આવતું હોવાથી તેના અનેક પ્રકાર છે. તેથી વ્યવહારસંવર અનેક પ્રકારે છે.

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો, બાવીસ પ્રકારના પરિષહો અને અનિત્યાદિ બાર પ્રકારની ભાવનાઓ જેવા જાણીતા અને નિશ્ચયસંવર સાથે સંબંધિત શુભોપયોગને વ્યવહારથી ભાવસંવર કહેવામાં આવે છે.

વાસ્તવમાં શુભોપયોગ પોતે સંવર નથી તોપણ વીતરાગભાવરૂપ નિશ્ચયસંવર સાથે તે સંબંધિત હોવાથી આ વીતરાગ સંવરની પહેલાં કે પછી થતા મહાવ્રતાદિ શુભભાવોને આરોપથી કે ઉપચારથી સંવર કહેવામાં આવે છે તે વ્યવહારસંવર છે. આ શુભોપયોગરૂપ વ્યવહારસંવર

વડે જીવના શુદ્ધોપયોગરૂપ વીતરાગ ભાવસંવરને ઓળખવામાં આવે તો તે વ્યવહારભાવસંવર છે અને તે જ શુભોપયોગરૂપ વ્યવહારસંવર વડે કર્મોના અટકવારૂપ નિશ્ચયદ્રવ્યસંવરને ઓળખવામાં આવે તો તે વ્યવહારદ્રવ્યસંવર છે.

૩. *વ્યવહારસંવરની વિવિધતાની અપેક્ષાએ તેના મુખ્યભેદ છ અને તેના પેટાભેદ સહિતના કુલ સત્તાવન ભેદ છે.*

૧. પાંચ મહાવ્રત, ૨. પાંચ સમિતિ, ૩. ત્રણ ગુપ્તિ, ૪. બાવીસ પરિષહ, ૫. દશ ધર્મ અને ૬. બાર ભાવના મળીને કુલ સત્તાવન ભેદ છે.

જીવના વીતરાગી શુદ્ધભાવ અને તેના નિમિત્તે પૌદ્‌ગલિકકર્મનું જીવના પ્રદેશોમાં આવવાનું અટકવું તે સંવર છે.

સંવરની ઓળખાણ માટે કરવામાં આવતા કથનની અપેક્ષાએ સંવર બે પ્રકારે છે. નિશ્ચયસંવર અને વ્યવહારસંવર.

નિશ્ચયસંવર જીવના વીતરાગભાવ છે. નિશ્ચયનય તેના વિષયનું સીધી રીતે કથન કરનારો હોવાથી નિશ્ચયસંવરના કોઇ પ્રકાર હોતા નથી. પણ વ્યવહારસંવર એ વીતરાગીભાવરૂપ નિશ્ચયસંવર સાથે સંબંધિત શુભભાવરૂપ છે અને નિશ્ચયસંવરને આડકતરી રીતે બતાવનારૂં છે. શુભભાવ એ આત્માની અશુદ્ધ અવસ્થા છે. અને અશુદ્ધતા અનેક પ્રકારે સંભવે છે. વ્યવહારનય કોઇ જાણીતા શુભભાવ દ્વારા અજાણ્યા વીતરાગીસંવરની ઓળખાણ આડકતરી રીતે કરાવે છે. તેથી વ્યવહારસંવર અનેક પ્રકારે સંભવે છે. આ સંવરદશાની મુખ્યતા મુનિદશામાં હોય છે. મુનિની ભૂમિકાના શુભભાવોને મુખ્યત્વે છ પ્રકારમાં દર્શાવી શકાય છે અને તેના પટાભેદ કરતાં તે સત્તાવન પ્રકારના બતાવી શકાય છે. તેથી વ્યવહારસંવરના મુખ્યભેદ છ અને તેના પેટાભેદ મળીને કુલ સત્તાવન ભેદ નીચે મુજબ કહી શકાય છે.

૧. મહાવ્રત	**૫**
૨. સમિતિ	**૫**
૩. ગુપ્તિ	**૩**
૪. ધર્મ	**૧૦**
૫. પરિષહ	**૨૨**
૬. ભાવના	**૧૨**
કુલ ભેદ	**૫૭**

૧. મહાવ્રત

હિંસાદિ પાપોની નિવૃત્તિને વ્રત કહે છે. આજીવન આવા પાપોની સર્વથા અને સંપૂર્ણ નિવૃત્તિને મહાવ્રત કહે છે.

હિંસાદી પાપોની અમુક અંશે અને અમુક પ્રકારે નિવૃત્તિ હોય તેને અણુવ્રત કહે છે. શ્રાવકને આવા અણુવ્રત હોય છે. હિંસાદી પાપોની સર્વપ્રકારે સર્વથા અને સંપૂર્ણ નિવૃતિને મહાવ્રત કહે છે. મુનિની ભૂમિકામાં આવા મહાવ્રત હોય છે. મુનિના મૂળગુણોમાં તેનો સમાવેશ છે.

નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં વીંટાઇ રહેવારૂપ વીતરાગભાવ જ વ્રત છે. આવા વીતરાગભાવરૂપ વ્રતપૂર્વક મુનિદશામાં હિંસાદી પાંચ પાપોની સર્વથા નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રત હોય છે. અહિંસા, સત્ય, અચૌર્ય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય એ પાંચ મહાવ્રત છે.

તત્ત્વાર્થસૂત્ર (અધ્યાય ૯, સૂત્ર-૧૮) અનુસાર સત્તાવન પ્રકારના સંવરમાં પાંચ પ્રકારના મહાવ્રતોને બદલે પાંચ પ્રકારના ચારિત્રનો સમાવેશ છે. સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસાંપરાય અને યથાખ્યાત એ પાંચ પ્રકારના ચારિત્ર છે.

૨. સમિતિ

દૈહિક ક્રિયા વખતે જીવની રક્ષા થાય તે રીતે યત્નપૂર્વકની સમ્યક્ પ્રકારની પ્રવૃત્તિ કરવી તેને સમિતિ કહે છે.

જીવની રક્ષા કરાવતી સમ્યક્ પ્રકારની પ્રવૃત્તિને સમિતિ કહે છે. મુનિને આહાર, વિહાર, ભાષા, વસ્તુઓને લેવા મૂકવા અને મળમૂત્રના વિસર્જન વખતે સૂક્ષ્મ જીવોની રક્ષા થાય તે રીતની યત્નપૂર્વકની પ્રવૃત્તિ હોય છે તે પાંચ પ્રકારની સમિતિ છે. મુનિના મૂળગુણોમાં તેનો સમાવેશ છે.

નિશ્ચયથી પોતાના શુદ્ધ સ્વરૂપમાં પરિણતિરૂપ સમ્યક પ્રકારની પ્રવૃત્તિ જ સમિતિ છે. જે વીતરાગભાવરૂપ છે. આવા વીતરાગભાવ સાથે સંબંધિત મુનિદશામાં પાંચ પ્રકારની યત્નપૂર્વકની પ્રવૃત્તિ હોય છે. જે શુભરાગરૂપ હોય છે તે વ્યવહારથી સમિતિ છે. જે ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાનનિક્ષેપણ સમિતિ અને પ્રતિષ્ઠાપન સમિતિ એ પાંચ પ્રકારે કહેવાય છે.

૩. ગુપ્તિ

મન, વચન, કાયા દ્વારા થતી સાવદ્ય પ્રવૃત્તિનો સમ્યક્ પ્રકારે નિરોધ કરવો તે ગુપ્તિ કહેવાય છે.

મન, વચન કે કાયા દ્વારા થતી હિંસા સહિતની પ્રવૃત્તિને અટકાવવી તે ગુપ્તિ છે. આવી પ્રવૃતિથી પોતાના શુદ્ધ સ્વરૂપનું ગોપન એટલે કે રક્ષા થાય છે. મુનિના ૨૮ પ્રકારના મૂળગુણોમાં ત્રણ પ્રકારની ગુપ્તિનો સમાવેશ છે.

નિશ્ચયથી પોતાના શુદ્ધ સ્વરૂપમાં ગુપ્ત રહેવારૂપ વીતરાગભાવ જ ગુપ્તિ છે. આવી નિશ્ચયગુપ્તિપૂર્વક મન, વચન કે કાયા દ્વારા સ્વચ્છંદ અને સાવદ્ય પ્રવૃત્તિનો નિરોધ કરવો તે વ્યવહારથી ગુપ્તિ છે. મન, વચન, કાયા દ્વારા થતી હોવાને કારણે ગુપ્તિને મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એમ ત્રણ પ્રકારે કહેવામાં આવે છે.

૪. પરિષહજય

ઠંડી, ગરમી, ભૂખ, તરસ જેવી કુદરતી બાધાઓને પરિષહ કહે છે. આવા પરિષહોને જીતવા તેને પરિષહજય કહે છે.

શરીર સંબંધી કુદરતી બાધાઓને પરિષહ કહે છે. તે બાવીસ પ્રકારે હોય છે. ટાઢ, તાપ જેવી બાધાઓ એટલે કે પરિષહ સમયે પોતાના સ્વરૂપના ધ્યાનમાંથી વિચલિત ન થવું કે કોઇ પ્રકારે પોતાના પરિણામોમાં કલુષિતતા ન થવા દેવી તેને પષિહજય કહે છે. મુનિની ભૂમિકામાં આવો પરિષહજય સંભવે છે.

મુનિરાજ શરીર સંબંધી કુદરતી બાધા કે આપત્તિ સમયે પોતાના મોક્ષમાર્ગથી બિલકુલ ચ્યૂત થતા નથી તે જ તેનો પરિષહજય છે.

નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં અચલિત સ્થિતિરૂપ વીતરાગભાવ જ પરિષહજય છે. આવા નિશ્ચય પરિષહજયપૂર્વક ટાઢ, તાપ જેવી બાધાઓરૂપ પરિષહ સમયે પોતાના સંયમની સાધનામાંથી ડગી ન જવું અને તેવી બાધાઓ પ્રત્યે કોઇ દ્વેષ ન કરવારૂપ શુભભાવને વ્યવહારથી પરિષહજય કહે છે. તે બાવીસ પ્રકારે હોય છે.

૫. ધર્મ

સંવરદશા ધારણ કરવાના સામર્થ્યને ટકાવી રાખનાર તે ધર્મ છે.

ધ્રુ ધારયતિ ઇતિ ધર્મ: ।

એ ધર્મની વ્યુત્પત્તિ અનુસાર ધારણ કરવું તે ધર્મ છે. અહીં સંવરભાવનાના પ્રકરણને અનુલક્ષીને વીતરાગદશારૂપ સંવરને ધારણ કરવા માટેના સાધનરૂપ ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકારના શુભભાવો તે ધર્મ છે. આ દશધર્મો મુખ્યત્વે મુનિદશામાં હોય છે.

નિશ્ચયથી પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવ જેવી જ શુદ્ધ પરિણતિ પ્રગટ થવી તે ધર્મ છે. શુદ્ધ પરિણતિ એટલે કે વીતરાગભાવ પોતે જ નિશ્ચયથી ધર્મ છે. આવા નિશ્ચય ધર્મના

સાધનરૂપ કે તેની સાથે સંબંધિત હોય તેવા શુભભાવને વ્યહારથી ધર્મ કહે છે. ધર્મની ઉત્તમતા સમ્યગ્દર્શનના કારણે જ હોય છે. તેથી નિશ્ચય કે વ્યવહાર કોઇ પણ ધર્મ હંમેશાં સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે. તે સૂચવવા તેની સાથે ઉત્તમ શબ્દ જોડવામાં આવે છે. આવા ઉત્તમ ધર્મ દશ પ્રકારે છે. ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય અને ઉત્તમ બ્રહ્મચર્ય એ ધર્મના દશ પ્રકાર છે.

૯. ભાવના

જ્ઞાનસહિતના વૈરાગ્યની ઉત્પત્તિ અને વૃદ્ધિ માટે કરવામાં આવતી વિચારણા કે ચિંતવનને ભાવના કહે છે.

પારમાર્થિક મોક્ષના માર્ગ માટે પહેલેથી છેલ્લે સુધી જ્ઞાન અને વૈરાગ્યની આવશ્યકતા હોય છે. જ્ઞાનપૂર્વકના વૈરાગ્યના કારણભૂત બાબતોની વારંવાર વિચારણા કે ચિંતવનને ભાવના કે અનુપ્રેક્ષા કહે છે.આ ભાવના જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની માનવામાં આવે છે.

મોક્ષમાર્ગની પ્રાપ્તિ, જળવણી અને આગળ વધવા માટે આ ભાવના ઉપયોગી હોય છે. મુનિદશામાં આવી ભાવના મુખ્યપણે જોવામાં આવે છે.

નિશ્ચયથી વીતરાગી સમતાભાવ એ જ ભાવના છે. આવી નિશ્ચય ભાવનાપૂર્વક સંસારના અનિત્યાદિ સ્વરૂપની વિચારણારૂપ શુભભાવ તે વ્યવહારથી ભાવના છે. વ્યવહાર ભાવના બાર પ્રકારે છે. બાર ભાવના પૈકી આ સંવરભાવનાનું પ્રકરણ છે. સંવરભાવના પોતાની સંવરદશા પ્રગટવાનું કારણ કે સાધન છે.

ઉપર મુજબ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દસ ધર્મ, બાવીસ પરિષહ અને બાર ભાવના મળીને વ્યવહારસંવરની વિવિધતાની અપેક્ષાએ તેના ૫૭ ભેદ છે.

સંવરનો મહિમા

આત્માની શુભાશુભભાવવિરહિત શુદ્ધ વીતરાગદશા તે જ સંવર છે.

સંવરના કારણે નવીન કર્મોનું આવવાનું અટકે છે. સ્વ-પરના ભેદજ્ઞાનના બળે પોતે પર એવા નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મથી ભિન્ન પડી સ્વ એવા પોતાના શુદ્ધાત્મમાં સ્થિતિ પામે છે.

ધર્મનું મૂળ સ્વરૂપ જ સંવર છે. સંવર જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગમાં ઉપર ચઢી મોક્ષ સુધી પહોંચવા ચઢવા માટેની તે નિસરણી છે. તે જ અતીન્દ્રિય આનંદની અમીધારા છે. સમ્યગ્જ્ઞાનની ગંગા છે. આત્માના અનંત ગુણોની યથાસંભવ આંશિક પ્રગટતાને પ્રવર્તનાર છે. સંવર જ સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવનાર સુબુદ્ધિરૂપ તીક્ષ્ણ છીણી છે.

ઉપર મુજબ સંવરનો મહિમા અલૌકિક અને અચિંત્ય છે.

સંવરતત્ત્વ અને સંવરભાવનામાં શો ફેર ?

તત્ત્વ એ વસ્તુનું પ્રયોજનભૂત સ્વરૂપ છે. સંવરદશા એ વસ્તુનું પ્રયોજનભૂત સ્વરૂપ હોવાથી જીવાદિ નવ તત્ત્વોમાં તેનો સમાવેશ છે. સંવરદશારૂપ સંવરતત્ત્વ એ શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતી વીતરાગદશા છે. તેથી તે ઉપાદેય છે. સંવરતત્ત્વનું પ્રયોજન જાણીતા અને પ્રગટ એવા સંવરતત્ત્વ દ્વારા તેના આશ્રય-ભૂત એવા અજાણ્યા અને અપ્રગટ શુદ્ધાત્મ-સ્વભાવને ઓળખવાનું છે. શુદ્ધાત્મસ્વભાવને ઓળખવારૂપ સંવરતત્ત્વની યથાર્થ શ્રદ્ધાનનું ફળ સમ્યગ્દર્શન છે.

ભાવના એ એક ચિંતવન પ્રક્રિયા છે. બારભાવના પૈકીની સંવરભાવનામાં સંવરનું સ્વરૂપ અને તેનું ઉપાદેયપણું ચિંતવવામાં આવે છે.

સંવરનું સ્વરૂપ સમજીને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય ઉત્પન્ન કરાવી સંવરદશાની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ પ્રેરવો તે સંવરભાવનાનું પ્રયોજન છે. આ પ્રકારે સંવરભાવનાના ચિંતવનનું ફળ સંવરદશાની જ પ્રગટતા કરાવવાનું છે. સંવરદશા એ જ સંવરતત્ત્વ છે. તેથી સંવરભાવના એ સાધન છે અને તેનું સાધ્ય એ સંવરતત્ત્વ છે.

સંવરતત્વ અને સંવરભાવનાના ઉપરોકત ભેદને નીચેના કોઠા અનુસાર સંક્ષિપ્તમાં દર્શાવી શકાય છે.

સંવરતત્ત્વ	સંવરભાવના
૧. વસ્તુનું સ્વરૂપ છે	૧. ચિંતવનપ્રક્રિયા છે
૨. સંવર તત્ત્વનું પ્રયોજન તેના દ્વારા અજાણ્યા શુદ્ધાત્મ-સ્વભાવને ઓળખવાનું છે.	૨. સંવરભાવનાનું પ્રયોજન સંવરનું ઉપાદેય સ્વરૂપ સમજી સંસાર પ્રત્યેના વૈરાગ્યનું છે.
૩. સંવરતત્ત્વનાં શ્રદ્ધાનનું ફળ સમ્યગ્દર્શન છે	૩. સંવરભાવનાનાં ચિંતવનનું ફળ સંવરદશા એટલે કે સંવરતત્ત્વની પ્રાપ્તિ છે.
૪. સંવરતત્ત્વ સાધ્ય છે.	૪. સંવરભાવના સાધન છે.

સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયા

જીવના શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવને સંવર કહે છે. સંવરદશાનું ઉપાદેયપણું અને તેના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવનું પરમ ઉપાદેયપણું વિચારવું તે સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયામા, જીવના અવિકારી વીતરાગભાવરૂપ સંવરદશાનું ઉપાદેયપણું અને તે સંવરદશા જેના આશ્રયે પ્રગટે છે તે આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવનું પરમ ઉપાદેયપણું ચિંતવવામાં આવે છે. અહીં વીતરાગતારૂપ સંવર જ આત્મહિતનું સાધન હોવાથી ઉપાદેય છે અને સંવર જેના કારણે ઉત્પન્ન થાય છે તે શુદ્ધાત્મસ્વભાવ જ એક માત્ર આશ્રયસ્થાન હોવાથી તે પરમ ઉપાદેય છે.

અહીં પ્રગટ કરવાની અપેક્ષાએ વીતરાગભાવરૂપ સંવરનું ઉપાદેયપણું નીચેના પ્રથમ ત્રણ પ્રકારે હોય છે. અને ચોથા પ્રકારે આશ્રયની અપેક્ષાએ પોતાના ત્રિકાળી શુદ્ધાત્મસ્વભાવનું પરમ ઉપાદેયપણું હોય છે. આ પ્રકારની વારંવારની વિચારણા તે જ સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયા છે. જે આ પ્રકારે છે.

૧. સંવરનું સાક્ષાત્ મોક્ષમાર્ગપણું
૨. સંવરનું અતીન્દ્રિય આનંદસ્વરૂપ
૩. સંવરનું કર્મના સંવરનું કારણપણું
૪. સંવરનો આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવ

૧. સંવરનું સાક્ષાત્ મોક્ષમાર્ગપણું

નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના એકત્વને સાક્ષાત્ મોક્ષમાર્ગ કહે છે.

વીતરાગભાવરૂપ સંવરદશા એ પોતે જ નિશ્ચયથી સમ્યક્ચારિત્ર છે. નિશ્ચય સમ્યકચારિત્ર એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ હોય છે. તેથી વીતરાગભાવરૂપ સંવરદશામાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય સમાવેશ પામે છે. તેથી વીતરાગભાવરૂપ સંવર પોતે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ હોવાથી તે પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે.

૨. સંવરનું અતીન્દ્રિય આનંદસ્વરૂપ

આત્મિક અનાકુળતાને અતીન્દ્રિય આનંદ કહે છે.

આત્મિક અનાકુળતારૂપ અતીન્દ્રિય આનંદનું કારણ સ્વભાવપ્રતિઘાતનો અભાવ છે. સ્વભાવપ્રતિઘાતના અભાવનું કારણ સ્વચારિત્ર છે. સ્વચારિત્રનું કારણ વીતરાગભાવ છે. વીતરાગભાવ એ જ સંવર છે. તેથી વીતરાગભાવરૂપ સંવર પોતે જ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અને તેથી તે ઉપાદેય છે.

૩. સંવરનું કર્મના સંવરનું કારણપણું

નવીન પૌદ્ગલિકકર્મનું જીવનાપ્રદેશોમાં

આવવાનું અટકવું તેને કર્મનો સંવર કહે છે. જીવનો શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવ કર્મના સંવરનું કારણ છે.

સંવરદશા તે શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવ છે. તેથી તે કર્મના સંવરનું કારણ છે. તેથી સંવરદશા ઉપાદેય છે.

અહીં સુધી પ્રગટ કરવાની અપેક્ષાએ સંવરનું ઉપાદેયપણું ચિંતવવાની પ્રક્રિયાની ચર્ચા છે. હવે આશ્રયની અપેક્ષાએ એક માત્ર શુદ્ધાત્મસ્વભાવ જ ઉપાદેય હોવાથી તે પરમ ઉપાદેય છે, તેની ચર્ચા કરવામાં આવે છે.

૪. સંવરનો આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવ

પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વભાવને શુદ્ધાત્મસ્વભાવ કહે છે.

પોતાનો શુદ્ધાત્મસ્વભાવ નિત્ય, શરણભૂત, સારભૂત, સહાયકારી, પરમશુચિ અને ત્રિકાળિક સામર્થ્યથી સભર છે. તેથી તે પોતે જ સંવરસ્વરૂપ છે. સંવરસ્વરૂપી શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે જ આત્માની વીતરાગભાવરૂપ સંવરદશા પ્રગટે છે. શુદ્ધાત્મસ્વભાવ જ સંવરદશાના એક માત્ર આશ્રયભૂત હોવાથી આશ્રયની અપેક્ષાએ તે પરમ ઉપાદેય છે.

ઉપર મુજબ સંવરદશાનું ઉપાદેયપણું અને તેના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવનું પરમ ઉપાદેયપણું ચિંતવવું તે સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

સંવરભાવનાનું સાધન કે કારણ

સંવરનું ઉપાદેયપણું અને તેના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાનું પરમ ઉપાદેયપણું ચિંતવવું તે સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયા છે. સંવરભાવનાની આ પ્રકારની ચિંતવન પ્રક્રિયા માટેનું સાધન કે કારણપણે નિગ્રંથ મુનિદશા પ્રત્યેનો આદર અને ભેદજ્ઞાનની ભાવના છે.

સંવરની સાક્ષાત્ મૂર્તિ અને સંવરનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ ભાવલિંગી નિગ્રંથ મુનિદશા છે. સંવરભાવનાના સર્વોતમ આદર્શ ઉદાહરણરૂપે પણ મુનિદશા જ છે. આવા મુનિ પ્રત્યેનો પરમ આદર અને મુનિદશા પ્રગટ કરવાની અંતરની ઊંડી ભાવના તે જ સંવરભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બની શકે છે.

સંવશદશા માટે સ્વાનુભૂતિની આવશ્યકતા હોય છે. અને સ્વાનુભૂતિ માટે સ્વ-પરના ભેદ-જ્ઞાનની આવશ્યકતા હોય છે. આ રીતે ભેદજ્ઞાનના આધારે સંવરદશાની પ્રગટતા હોય છે. તેથી સ્વ-પરના ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાની ભાવના પણ સંવરભાવનાના ચિંતવનનું કારણ કે સાધન થાય છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

સંવરદશાનું ઉપાદેયપણું અને સંવરદશાને આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવનું પરમ ઉપાદેયપણું સમજવા માટે કરવામાં આવતાં અભ્યાસને સંવર-ભાવનાનો અભ્યાસ કહે છે. સંવરભાવનાના અભ્યાસથી વસ્તુસ્વરૂપની સમજણ થાય છે. તે આ રીતે.

સંવરદશા પ્રગટ હોય છે અને તેના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવ અપ્રગટ હોય છે. સંવરભાવનાના અભ્યાસ દ્વારા અજાણ્યા અને અપ્રગટ એવા શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ થાય છે.

આ ઉપરાંત મુનિદશા, ભેદજ્ઞાન જેવી બાબતો પણ સંવરભાવનાના અભ્યાસ સાથે સંકળાયેલી છે. આ બધી બાબતો પ્રયોજનભૂત આત્મવસ્તુના સ્વરૂપ સંબંધી છે. તેથી સંવરભાવનાનો અભ્યાસ વસ્તુસ્વરૂપની સમજણ કરાવવામાં અત્યંત ઉપકારી છે.

કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ?

સંવરભાવનાનો અભ્યાસ સંવરદશાનું ઉપાદેયપણું સમજાવનારો છે. સંવરદશા પોતે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ અને મોક્ષનું સીધું કારણ છે. તેથી સંવરદશાનું ઉપાદેયપણું એ મોક્ષમાર્ગ

અને મોક્ષનું જ ઉપાદેયપણું છે. મોક્ષ અને મોક્ષમાર્ગ ઉપાદેય છે તો તેથી વિરુદ્ધ સંસાર અને તેનો માર્ગ હેય છે તે સમજી શકાય છે. સંવરભાવનાના અભ્યાસથી સંસાર અને તેના માર્ગનું હેયપણું સમજતા સંસાર પ્રત્યે સહજ વૈરાગ્ય ઉત્પન્ન કરનાર છે.

આ રીતે સંવરભાવનાનો અભ્યાસ અને તેનું ચિંતવન સંસાર પ્રત્યેના વૈરાગ્યનું કારણ પણ જાણવું

પ્રયોજનપૂર્વકનું વિશેષફળ

સંવરભાવનાના અભ્યાસનું પ્રયોજન જ્ઞાન-પૂર્વકના વૈરાગ્યને ઉત્પન્ન કરાવવાનું છે. આવા પ્રયોજનપૂર્વક સંવરભાવનાના અભ્યાસથી પ્રાપ્ત થતાં બે મુખ્ય વિશેષ ફળ આ પ્રકારે છે–

૧. મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવે

૨. મુનિદશાની ભાવના કરાવે

૧. મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવે

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને મોક્ષમાર્ગ કહે છે. સંવરભાવનાનો અભ્યાસ આવા મોક્ષમાર્ગના સ્વરૂપને સમજાવનારો છે.

સંવર એ આત્માની વીતરાગીદશા છે. વીતરાગીદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયના પરિણામે હોય છે. રત્નત્રય પોતે જ મોક્ષમાર્ગ છે. તેથી સંવર એ પોતે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. સંવરભાવનાનો અભ્યાસ સંવરના એટલે કે મોક્ષમાર્ગના સ્વરૂપને સમજાવનારો છે.

૨. મુનિદશાની ભાવના કરાવે

અંદરમાં ત્રણ કષાયના અભાવપૂર્વક શુદ્ધાત્મનું સ્વસંવેદન અને બહારમાં પંચમહાવ્રતાદિ શુભભાવો તે મુનિદશા છે. સંવરભાવનાનો અભ્યાસ મુનિ-દશાના આવા સ્વરૂપને સમજાવનારો અને મુનિ-દશા પ્રાપ્ત કરવાની ભાવના કરાવનારો છે.

સંવરની મુખ્યતા મુનિદશામાં હોય છે. તેથી સંવરદશાના આદર્શ ઉદાહરણ તરીકે મુનિદશા માનવામાં આવે છે. શુદ્ધાત્માના સ્વસંવેદનરૂપ નિશ્ચય મુનિદશા એ પોતે જ નિશ્ચય સંવર છે. અને પંચમહાવ્રતાદિ શુભભાવોરૂપ વ્યવહાર મુનિદશા એ જ વ્યવહાર સંવર છે. તેથી સંવરનું સ્વરૂપ એ જ મુનિદશાનું સ્વરૂપ છે. સંવરભાવનાનો અભ્યાસ સંવરના સ્વરૂપને સમજાવનારો હોય છે. આ સંવરના સ્વરૂપમાં મુનિદશાનું સ્વરૂપ સમાય જતું હોવાથી તે મુનિદશાના સ્વરૂપને પણ સમજાવનારો કહી શકાય છે. મુનિદશાના સ્વરૂપની સાચી સમજણપૂર્વક જ મુનિદશા પ્રાપ્ત કરવાની ભાવના સંભવે છે. પરિપૂર્ણ સંવરદશા પ્રગટ કરવા માટે મુનિદશા જરૂરી છે. સંવરભાવનાનો અભ્યાસ મુનિનું સ્વરૂપ સમજાવી સંવરદશા પ્રગટ કરવા માટે તે મુનિદશા પ્રાપ્ત કરવાની ભાવના કરાવનારો છે.

ઉપસંહાર

સંવર એટલે રોકાવું કે અટકાવવું તે છે. નવીન પૌદ્ગલિકકર્મનું જીવના પ્રદેશોમાં આવવાનું અટકવું તે સંવર છે. શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવના કારણે નવીન કર્મોનો આસ્રવ અટકે છે તેથી તે સંવર છે.

શુભાશુભભાવને રોકવામાં સમર્થ આત્માનો શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવ તે ભાવસંવર અને ભાવસંવરના કારણે નવીન કર્મોના આસ્રવનો નિરોધ થાય તે દ્રવ્યસંવર છે. જે આવા દ્રવ્ય-ભાવરૂપ સંવરના સ્વરૂપને દર્શાવતી સંવરભાવનાનો અભ્યાસ અને ચિંતવન કરે છે તેને વીતરાગભાવરૂપ સંવર અને તેના ફળમાં અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે. આ બાબત પંડિત દૌલતરામ નીચેના શબ્દોમાં કહે છે–


जिन पुण्य-पाप नहीं कीना, आतम अनुभव चित्त दीना ।
तिन ही विधि आवत रोके, संवर लहि सुख अवलोके ।।

ભાવાર્થ : જે જીવો સંવરભાવનાના અભ્યાસ અને ચિંતવન દ્વારા શુભાશુભભાવોરૂપ પુણ્ય-પાપ કરતા નથી અને પોતાના શુદ્ધાત્મસ્વરૂપના અનુભવમાં પોતાના ઉપયોગને રોકે છે તેઓ નવીન કર્મોના આસ્રવને પણ રોકે છે. અને તેથી પ્રાપ્ત થતા સાક્ષાત્ સંવર અને તેના ફળમાં આત્મિક અતીન્દ્રિય સુખને પ્રાપ્ત કરી તેને અવલોકે છે એટલે કે અનુભવે છે.

(છઢાળા : ઢાળ-૫ : ગાથા-૧૦)

❖ સંવરભાવનાની કથા ❖

સંવરવીર સુકૌશલ



રાજા દશરથ અને રામના પૂર્વજ એવા અયોધ્યાના મહારાજા કીર્તિધર મહાવૈરાગી અને મોક્ષગામી મહાત્મા હતા. કીર્તિધરના પુત્ર અને આપણા કથાનાયક સુકૌશલના કારણે અયોધ્યાનગરી **સુકૌશલા** તરીકે પણ પ્રસિદ્ધ છે. આત્મહિતની સંયમની સાધનામાં તત્પર મહારાજા કીર્તિધર સૂર્યગ્રહણને જોઈને સંવરભાવના ભાવતા વૈરાગ્ય પામ્યા. મંત્રીમંડળની બેઠક બોલાવી જિનદીક્ષા અંગીકાર કરવાની પોતાની ભાવના વ્યકત કરી. મંત્રીઓ અને અન્ય વડીલોએ રાજ્યધુરા સંભાળનાર રાજકુમારનો જન્મ થાય પછી સંયમના માર્ગે આગળ વધવાની વિનંતી કરી. મહારાજા કિર્તીધર મંત્રીમંડળ અને વડીલોની વિનંતીને ઠુકરાવી ન શકયા પણ પુત્રની પ્રાપ્તિ થતાં જ મુનિદીક્ષા અંગીકાર કરશે તેવો દૃઢ નિર્ણય વ્યકત કર્યો. સમય જતાં મહારાણી સહદેવીના કુખે પુત્રરત્ન સુકૌશલના જન્મની વધાઇના સમાચાર સાંભળતા જ બાળ રાજકુમારને રાજ્યતિલક કરી આત્મહિતની સાધના માટે સર્વસંગપરિત્યાગ કરીને જિનેશ્વરી મુનિદશા ધારણ કરી.

મહારાજાનું મુનિ થવું મહારાણીને ન રુચ્યું. તેથી મુનિલિંગ પ્રત્યે નફરત ધરાવી પોતાનાં પુત્ર સુકૌશલને મુનિદર્શનથી દૂર જ રાખ્યો. કેટલાંક સમય પછી વનજંગલમાં વિચરતાં મુનિરાજ કીર્તિધર અયોધ્યાનગરીના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. અને આહાર માટે તેમણે નગરમાં

પ્રવેશ કર્યો. રાજમહેલ તરફ આવતાં મુનિરાજ કીર્તીધરને જોઇને રાજમાતા સહદેવીના મનમાં ફાળ પડી ! અરે, આને જોઇને મારો પુત્ર સુકૌશલ વૈરાગ્ય પામી મુનિદશા અંગીકાર કરશે તો હું કોના સહારે જીવન જીવીશ ? આવું વિચારી તેણે દ્વારપાળને હુકમ કર્યો :

"હે દ્વારપાળ ! જ્યારથી આ નિર્દય મહારાજા કિર્તીધર બાલપુત્રને ત્યજીને મુનિ થયા છે ત્યારથી મને મુનિલિંગ પ્રત્યે આદર રહ્યો નથી. આ લોકો લજ્જાહીન થઇને નગ્નદશામાં વિચરે છે. રાજ્યલક્ષ્મીને નિંદ્ય કહે છે. ભોગ છોડાવીને યોગ શીખવે છે. મારો પુત્ર નાનો છે, ભોળો છે, તેનું ચિત્ત એકદમ કોમળ છે. તેના પિતા જેવો જ વૈરાગી છે. માટે મારા પુત્ર મહારાજા સુકૌશલની નજરે ચડે તે પહેલાં જ આને નગરની બહાર હાંકી કાઢો."

મુનિરાજ કીર્તિધરનો આવો અવિનય જોઇને સુકૌશલની ધાવમાતા વસંતમાલાને એકદમ લાગી આવ્યું અને તે જોરથી રુદન કરવા લાગી. વસંતમાલાના રુદનનો અવાજ સાંભળીને મહારાજા સુકૌશલ તેની પાસે દોડી આવ્યા. ધાવમાતાને રડતી જોઇને તેણે કહ્યું :

"હે માતા ! તું શા માટે રડે છે ? મારી માતાએ તો મને ગર્ભમાં જ ઉછેર્યો પણ મારું શરીર તો તારા દુધ અને દેખભાળથી જ વૃદ્ધિ પામ્યું છે. તું મારી જનેતાથી પણ અધિક છે. જો મારી માતાએ તારું અપમાન કર્યું હશે તો હું તેને પણ શિક્ષા કરીશ. તું મને રડવાનું કારણ કહે."

ત્યારે ધાવમાતા વસંતમાલાએ જણાવ્યું :

"હે મહાભાગ્ય ! તારા પિતા એ તને બાલ્યાવસ્થામાં જ રાજ્ય સોંપી આત્મહિત સાધવા માટે મુનિદીક્ષા અંગીકાર કરી છે. તે મુનિરાજ કીર્તિધર આજે આપણાં નગરમાં આહાર માટે પધાર્યા છે. પણ તારી માતા સહદેવીએ દ્વારપાળને આજ્ઞા કરીને તેમને નગરની બહાર કઢાવી મૂક્યા છે.

હે પુત્ર ! તે આપણાં સૌના સ્વામી છે અને અત્યારે નિગ્રંથ મુનિરાજ છે. તેમનું અપમાન કઇ રીતે થાય ? તારો જન્મ થતાં જ મહારાજાએ મુનિદીક્ષા અંગીકાર કરી તે તારી માતાને પસંદ ન પડ્યું તેથી તે મુનિમાત્રને ધિક્કારે છે. મુનિને જોઇને મારો પુત્ર પણ વૈરાગ્ય પામશે એમ માનીને તને મુનિદર્શનથી દૂર જ રખાવે છે. પણ તારા ગોત્રમાં આ જૈનધર્મની પ્રાચીન પરંપરા ચાલી આવે છે. અને તે અનુસાર પુત્રને રાજ્ય સોંપી આત્મહિતની સાધના માટે પિતા વનની વાટ પકડે છે. કોઇપણ સાધુ આપણા આંગણેથી આહાર વિના પરત ગયાનો પ્રસંગ ક્યારેય બન્યો નથી. પરંતુ આજે તારા પિતાને જ પરત જવું પડ્યું છે."

આ પ્રકારનું વૃતાંત સાંભળી મહારાજા સુકૌશલ પોતાના પિતા મુનિરાજ કીર્તિધરના દર્શન કરવા માટે અધીરો થઇ ગયો. ચામર, છત્ર, રથ ઇત્યાદિ રાજચિહ્નોને પડતાં મૂકી કમળથી પણ કોમળ એવા અડવાણા પગે મુનિને શોધવા દોટ મૂકી. છત્ર–ચામરવાળા વગેરે પણ તેની પાછળ દોડ્યા. મહામુનિ ઉદ્યાનમાં શિલા ઉપર બિરાજતા હતા. ત્યાં મહારાજા સુકૌશલ આવી પહોંચ્યા. દ્વારપાળે દરવાજેથી કાઢી મૂક્યા તેથી અત્યંત લજ્જા અનુભવતાં અને ક્ષમાયાચના

કરતાં સુકૌશલે દિલગીરી દર્શાવી અને આત્મહિતનો ઉપાય જાણવાની જિજ્ઞાસા વ્યક્ત કરી. સુકૌશલની જિજ્ઞાસા જાણી ધીરગંભીર સ્વરે મુનિરાજ કીર્તિધરે કહ્યું :

"હે ભવ્ય ! આ મનુષ્યનો ભવ અનંત ભવભ્રમણના અભાવ માટેનો છે. મનુષ્યના ભવમાં આત્મહિતનું સાધન થાય તો જ તે સાર્થક છે. આત્મહિત સાધવા માટે સ્વ-પરના ભેદજ્ઞાનના બળે પરથી પાછો વળી પોતાના શુદ્ધાત્મસ્વભાવના અવલંબને વીતરાગીદશા પ્રગટ કરવાની છે. આ વીતરાગદશા જ નવીન પૌદ્‌ગલિકકર્મને આવતાં અટકાવનારી સંવરદશા છે. સંવરદશા જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શનની સહેલી છે, સમ્યગ્જ્ઞાનની ગંગા છે, સમ્યક્‌ચારિત્રનું પવિત્ર ઝરણું છે. અતીન્દ્રિય આનંદનું ઘર છે. આવી સંવરદશા એ મુનિદશા વિના સંભવતી નથી.

મુનિના પાંચ મહાવ્રત સંવરદશાના સૈનિકો છે. ત્રણ ગુપ્તિ તેની સુરક્ષિત ગુફા છે. બાવીસ પરિષહો તેના મિત્રો છે. દશધર્મો તેના દુશ્મનને દૂર રખાવનાર છે. બારભાવના તેનો સુશોભિત શણગાર છે.

હે પુત્ર ! આવી સંવરદશા પ્રગટ કરવા માટે સંયમદશાનો સ્વીકાર એકદમ આવશ્યક છે."

સંવરભાવનાનો આવો સદુપદેશ સાંભળી મહારાજા સુકૌશલ અત્યંત વૈરાગ્ય પામ્યા. સંવરભાવનાના ઊંડા ચિંતવનમાં સરી પડેલા સુકૌશલે મહામુનિને વિનંતી કરી:

"હે નાથ ! જેમ કોઇ પુરુષ અગ્નિથી બળતાં ઘરમાં મોહનિદ્રાથી યુક્ત સૂતો હોય અને તેને કોઇ મેઘનાં ગડગડાટ જેવા ઊંચા સ્વરે જગાડીને બહાર કઢાવે, તેમ આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રિવિધ અગ્નિથી પ્રજ્વલિત સંસારરૂપ કારાગૃહમાં ગાઢ મોહનિદ્રામાં સુતા એવા મને આપે સંવરભાવનાનો સદુપદેશ આપીને જગાડ્યો છે. હે કૃપાનિધાન ! હવે આપ જ મને સંવરદશાના સાધનભૂત સંયમદશાને પ્રાપ્ત કરાવી સંસારના દુઃખના દાવાનળમાંથી બહાર કઢાવો."

આ પ્રકારે મહારાજ સુકૌશલનો સંયમદશા અંગીકાર કરવાનો દૃઢ નિર્ધાર જાણી બધાં સામંતો અને ગર્ભવતી મહારાણી વિચિત્રમાલા સહિત સમસ્ત રાજકુટુંબ આવી પહોંચ્યું. ત્યારે મહારાજા સુકૌશલે વડીલોનો વિનય કરી, અનુજ્ઞા મેળવી વિચિત્રમાલાના ગર્ભમાંના પુત્રને રાજતિલક કરી, સર્વ પ્રકારના પરિગ્રહોનો પરિત્યાગ કરીને, ભવતનભોગથી અત્યંત વિરકત થઇને પિતા કીર્તિધર મુનિરાજ પાસે જિનદીક્ષા ગ્રહણ કરી.

પતિ પછી એકનાં એક પુત્રના મુનિ થવાથી રાજમાતા સહદેવીને ઊંડો આઘાત લાગ્યો. ચિંતા, દુઃખ અને આર્તધ્યાનના બૂરા ભાવોથી મરણ પામી તે વાઘણ થઇ. તે પાપિણી વાઘણ મહાક્રોધથી કોપાયમાન છે. વિકરાળ જેનું મુખ છે, ભયંકર તીક્ષ્ણ જેની દાઢ છે, જેની લાલ જીભનો અગ્રભાગ લહલહે છે, જેની આંખો પીળી છે, જેણે માથા ઉપર પૂંછડી મૂકી છે. નહોરથી અનેક જીવ જેણે વિદાર્યા છે, તેથી જેના કેશ લોહીથી લાલ છે, તેવી હત્યારીએ જ જાણે વાઘણનું શરીર ધારણ કરેલું છે ! તે વાઘણ ભયંકર ગર્જના કરતી વનમાં વિચરતા એકાકી મુનિરાજ સુકૌશલ પાસે આવી પહોંચે છે.

સુકૌશલ મુનિરાજ કાયોત્સર્ગ ધારણ કરીને ઊભા રહ્યા અને તે પાપિણી તેને જોઇને મહાવેગથી ઊછળી. અને તે વાઘણ સુકૌશલ મુનિના શરીરને ફાડી ખાવા લાગી. ધ્યાનમગ્ન સુકૌશલ મુનિને ખાતા ખાતા તેનું ધ્યાન તેના હાથના પદ્મના ચિહ્ન પર પડ્યું જેને જોઇને તેને પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થયું. અરે ! જે પુત્રને પોતે બેહદ પ્યાર કરતી હતી તેને જ પોતે ભક્ષણ કરી રહી છે ! તેથી તેને અસહ્ય દુઃખ અને આત્મગ્લાનિ થઇ. જેનું વર્ણન વચનોથી ન થઇ શકે. તે પોતાને અનેક પ્રકારે ધિક્કારવા લાગી. આ સમયે સંવરભાવના ભાવતા સુકૌશલ મુનિરાજે આત્મસંબોધન કરતાં વાઘણને સંબોધન કર્યું :

"હે માતા ! જ્યાં જનની જ પુત્રને ખાઇ જાય તેનાથી મોટી સંસારની વિચિત્રતા બીજી કઇ હોય શકે ? તેથી મોટું કષ્ટ કયું હોય શકે ?

હે જનેતા ! તારા અનહદ પ્યારે જ મને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કરાવી સંવરભાવના દ્વારા સંયમદશાની પ્રાપ્તિ કરાવી હતી. અને અત્યારે તારો મહાક્રોધ જ મને સંવરભાવનાનું ચિંતવન કરાવી સિદ્ધદશાની પ્રાપ્તિ કરાવનાર છે. સમગ્ર સંસાર દુઃખનો જ દરિયો છે. તેમાં આ સંવરદશા જ સુખનો સાગર છે. તે જ મોક્ષમાર્ગની નિસરણી છે. તેથી હે માતા ! તું શાત થા. ખેદ ન કર. તું મારૂં બૂરૂ નહિ પણ ભલું થવાનું જ કારણ બની છે. તેથી હે મા ! તું પણ સંવરભાવનાના અવલંબને આત્મોન્નતિ સાધ. "

પૂર્વના સ્મરણ અને સુકૌશલના પ્રેમાળ ઉદ્‌બોધનથી શાંત પડેલી વાઘણ નિરાહારવ્રત અંગીકાર કરી અને સંવરભાવના ભાવી સ્વર્ગમાં ગઇ અને સંવરની સાધનામાં એકદમ લીન સુકૌશલ મુનિ ઉપસર્ગ વિજેતા બની કેવળજ્ઞાન પ્રગટાવી અંતર્મુહૂર્તમાં જ મોક્ષને પામ્યા.

સંવરભાવનાના બળે સંયમદશા, આત્મ–સાધના અને ઉપસર્ગ વિજેતા થઇ અંતઃકૃત કેવળી થઇને સિદ્ધદશાની પ્રાપ્તિ કરનાર સંવરમાં પરાક્રમી એવા સંવરવીર સુકૌશલને શત્ શત્ પ્રણામ !

સંદર્ભગ્રંથો

● સંવરના ભેદ અને તેનું સ્વરૂપ ● ૧. તત્ત્વાર્થ સૂત્ર : અધ્યાય-૯, સૂત્ર : ૧, ૨; ●૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૧/૪/૧૧/૨૬/૫; ૧/૪/૧૮/૨૭/૪; ૧/૭/૧૪/૪૦/૧૨; ૯/૧/૧, ૨, ૬/૫૮૭; ૯/૧/૭, ૮, ૯/૫૮૮/૧; ૯/૪/૪/૫૯૩/૨૦; ૯/૫/૯/૫૯૪/૩૨; ૯/૭/૧૧/૬૦૭/૫; ૯/૯/૨૮/૬૧૨/૨૧; ● 3. સર્વાર્થસિદ્ધિ : ૯/૧/૪૦૬/૫; ૯/૪/૪૧૧/૫; ૯/૫/૪૧૧/૧૧; ૯/૭/૪૧૯/૭; ૯/૯/૪૨૮/૧; ● ૪. જ્ઞાનર્ણવ : ૨/૮ ● ૫. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૨૮, ૩૪, ૩૫; ● ૬. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા : ૯૫, ૯૬, ૧૦૧; ● ૭. સમયસાર : ગાથા ૧૮૭-૮૯ અને તેની ટીકા; આત્મખ્યાતિ : શ્લોક ૧૨૬; ● ૮. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૧૪૨, ૧૪૩.

● ૧. બારસઅણુવેક્ખ્યાનુપ્રેક્ષા : ગાથા ૬૧ થી ૬૫; ● ૨. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૯૫ થી ૧૦૧; ● 3. ભગવતી આરાધના : ગાથા ૧૮૨૮ થી ૧૮૩૭; ● ૪. જ્ઞાનર્ણવ : સર્ગર : શ્લોક ૧૨૯ થી ૧૪૦; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૪૦ થી ૭૪૫; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાય-૬ : ગાથા ૩૯, ૪૩, ૫૧; ● ૭. તત્ત્વાર્થરાજવાર્તિક : ૯ /૭, ૬/૬૦૨/૩૨; ● ૮. સર્વાર્થસિદ્ધિ : ૯/૭/૪૧૭; ● ૯. સમણસુત્તં: 30. અનુપ્રેક્ષાસૂત્ર : ગાથા ૫૨૨; ● ૧૦. પદ્મનંદી પંચવિંશતિ : અધ્યાય : ૬, શ્લોક ૫૨; ● ૧૧. અનગાર ધર્મામૃત : ગાથા ૭૨, ૭૩; ● ૧૨. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ ની ટીકા; ● ૧૩. સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક ૧૨૭; ● ૧૪. જૈ.સિ.કોશ: ભાગ-૧ : અનુપ્રેક્ષા : ૧/૧૩, પાનુ-૭૭; ૪/૧૩, પાનુ-૮૦
સંવરભાવનાની કથા : સંવરવીર સુકૌશલ ● ૧. પદ્મપુરાણ : પર્વ ૨૧, શ્લોક-૧૫૯; પર્વ-૨૨, શ્લોક-૪૦, ૪૯, ૮૫ થી ૯૮, ૧૫૯.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. સંવરમાં કોનો સમાવેશ છે? ૧. ☐

A:: યોગનિરોધ B:: કષાય C:: અવિરતિ D:: મિથ્યાત્વ

૦૨. સંવર કોનો વિરોધી છે? ૨. ☐

A:: પુણ્ય B:: પાપ C:: આસ્રવ D:: બંધ

૦૩. વ્યવહારસંવર કઇ રીતે અભૂતાર્થ છે? ૩. ☐

A:: વ્યવહારસંવર દ્વારા નિશ્ચયસંવરને ઓળખવામાં

B:: વ્યવહારસંવરને જ નિશ્ચયસંવર માનવામાં

C:: નિશ્ચયસંવર સંબંધિત શુભભાવને વ્યવહારસંવર માનવામાં

D:: વ્યવહારસંવર સર્વથા અભૂતાર્થ છે.

૦૪. દશ પ્રકારના ધર્મ સાથે જોડાયેલ 'ઉત્તમ' શબ્દ શું છે? ૪. ☐

A:: શ્રેષ્ઠતા B:: પ્રશંષનીયતા C:: ઊંચી કક્ષા D:: સમ્યગ્દર્શન

૦૫. સંવરનો મહિમા શા માટે છે? ૫. ☐

A:: ધર્મનું મૂળ કારણ B:: ઋતજ્ઞાનની ગંગા

C:: અતીન્દ્રિય આનંદનો ધોધ D:: સાક્ષાત્ મોક્ષમાર્ગ

૦૬. સંવરતત્ત્વનું સાધન શું છે? ૬. ☐

A:: આસ્રવભાવના B:: ભેદજ્ઞાનની ભાવના

C:: ધર્મભાવના D:: સંવરભાવના

૦૭. સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયામાં કોનો સમાવેશ નથી? ૭. ☐

A:: સંવરનો આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવ B:: સંવરનું કર્મનાં સંવરનું કારણપણું

C:: સંવરનું અતીન્દ્રિય આનંદસ્વરૂપ D:: સંવરનું પરમ ઉપાદેયપણું

૦૮. સંવરની સાક્ષાત્ મૂર્તિ કોણ? ૮. ☐

A:: સમ્યગ્દષ્ટિ ધર્માત્મા B:: નિર્ગ્રંથ મુનિરાજ

C:: અરિહંત ભગવાન D:: સિદ્ધ પરમાત્મા

૦૯. સંવરભાવનાનો અભ્યાસ કોના સ્વરૂપને સમજાવનારો છે? ૯. ☐

A:: મોક્ષમાર્ગ B:: મોક્ષ C:: સંવર D:: નિર્જરા

૧૦. સંવરભાવના અભ્યાસના ફળમાં શેની પ્રાપ્તિ છે? ૧૦. ☐

A:: અતીન્દ્રિય સુખ B:: ઈન્દ્રિય સુખ

C:: મોક્ષનું સુખ D:: સંસારનું સુખ

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં જવાબ આપો.

૦૧. સંવર એટલે શું?
૦૨. સંવરભાવના કોને કહે છે?
૦૩. કોનો નિરોધ એ સંવર છે?
૦૪. જીવ અને પુદ્ગલના પરિણામની અપેક્ષાએ થતા સંવરના બે પ્રકાર જણાવો.
૦૫. ઓળખાણ માટે કરવામાં આવતા કથનની અપેક્ષાએ થતા સંવરના બે ભેદ જણાવો..
૦૬. વ્યવહારસંવરની વિવિધતાની અપેક્ષાએ સંવરના સતાવન ભેદ કઇ રીતે છે?
૦૭. ભાવસંવર કોને કહે છે?
૦૮. દ્રવ્યસંવર કોને કહે છે?
૦૯. નય તે શું છે?
૧૦. નિશ્ચયસંવર કોને કહે છે?
૧૧. નિશ્ચયભાવસંવર કોને કહે છે?
૧૨. નિશ્ચયદ્રવ્યસંવર કોને કહે છે?
૧૩. વ્યવહારસંવર કોને કહે છે?
૧૪. કયા પ્રકારના શુભોપયોગને વ્યવહારસંવર કહે છે?
૧૫. વ્યવહારભાવસંવર અને વ્યવહારદ્રવ્યસંવર શું છે?
૧૬. અણુવ્રત કોને કહે છે?
૧૭. મહાવ્રત કોને કહે છે?
૧૮. નિશ્ચયથી વ્રત શુ, છે?
૧૯. પાંચ મહાવ્રતના નામ આપો.
૨૦. પાંચ પ્રકારના ચારિત્રના નામ આપો.
૨૧. સમિતિ કોને કહે છે?
૨૨. નિશ્ચય અને વ્યવહાર સમિતિ શું છે?
૨૩. પાંચ સમિતિના નામ આપો.
૨૪. ગુપ્તિ કોને કહે છે?
૨૫. નિશ્ચય અને વ્યવહાર ગુપ્તિ શું છે?
૨૬. ત્રણ ગુપ્તિના નામ આપો.
૨૭. પરિષહજય કોને કહે છે?
૨૮. નિશ્ચય અને વ્યવહાર પરિષહજય શું છે?
૨૯. ધર્મ કોને કહે છે?
૩૦. નિશ્ચય અને વ્યવહાર ધર્મ શું છે?
૩૧. દશ ધર્મના નામ આપો.
૩૨. ભાવના કોને કહે છે?
૩૩. નિશ્ચય અને વ્યવહાર ભાવના શું છે?
૩૪. સંવરનું સાક્ષાત્ મોક્ષમાર્ગપણું કઇ રીતે છે?
૩૫. સંવરનું અતીન્દ્રિય આનંદસ્વરૂપ કઇ રીતે છે?
૩૬. સંવરનું કર્મનાં સંવરનું કારણપણું કઇ રીતે છે?
૩૭. શુદ્ધાત્મસ્વભાવ એ સંવરનો આશ્રયભૂત શી રીતે છે?
૩૮. સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયાનું સાધન કે કારણ શું છે?
૩૯. સંવરભાવનાનાં અભ્યાસના બે મુખ્ય વિશેષ ફળનાં નામ આપો.
૪૦. મોક્ષમાર્ગ કોને કહે છે?
૪૧. મુનિદશા શું છે?
૪૨. સંવરનું સ્વરૂપ એ કોનું સ્વરૂપ છે?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૦૧. સંવરભાવનાની વ્યાખ્યા અને તેની સમજૂતી આપો.
૦૨. ભાવસંવર અને તેનું ઉપાદેયપણું સમજાવો.
૦૩. દ્રવ્યસંવર અને તેનું સંસારના અભાવનું કારણપણું સમજાવો.
૦૪. નિશ્ચયસંવર અને તેનું સ્વરૂપ સમજાવો.
૦૫. વ્યવહારસંવર અને તેનું સ્વરૂપ સમજાવો.
૦૬. શા માટે નિશ્ચયસંવરના કોઈ પ્રકાર હોતા નથી અને વ્યવહારસંવરના અનેક પ્રકાર હોય છે?
૦૭. સંવરનો મહિમા સમજાવો.
૦૮. સંવરતત્ત્વ અને સંવરભાવનામાં શો ફેર છે? તે સમજાવો.
૦૯. સંવરભાવનાની ચિંતવન પ્રક્રિયા સમજાવો.
૧૦. સંવરભાવનાનું સાધન કે કારણ સમજાવો.
૧૧. સંવરભાવના કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે?
૧૨. સંવરભાવના કઈ રીતે વૈરાગ્યનું કારણ છે?
૧૩. સંવરભાવના કઈ રીતે મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવે છે?
૧૪. સંવરભાવના કઈ રીતે મુનિદશાની ભાવના કરાવે છે?

નીચેનાનો તફાવત આપો.

૧. સંવરતત્ત્વ અને સંવરભાવના

ભાવના

૯

નિર્જરાભાવના

अरे निजस्वभाव साधन द्वारा, कर तूं चैतन्य प्रतपन ।
चल जायेगें कर्म मूजंग, बसेगा तूं मोक्ष सदन ।।
(બ્રહ્મચારી હેમચંદજી 'હેમ'કૃત નિર્જરાભાવનાના આધારે)



❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી
૨. સંવરભાવના અને નિર્જરાભાવના વચ્ચેનો ભેદ
૩. નિર્જરાભાવના માત્ર જ્ઞાનીને જ સંભવે છે.
૪. નિર્જરાતત્ત્વ અને નિર્જરાભાવના વચ્ચેનો ભેદ
૫. સંવર-નિર્જરાભાવનાની જેમ મોક્ષભાવના શા માટે નહિ ?
૬. નિર્જરાના ભેદ અને તેનું સ્વરૂપ
  ૧. જીવ અને પૌદ્ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છે.
    ૧. ભાવનિર્જરા અને ૨. દ્રવ્યનિર્જરા
  ૨. ફળદાનની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છે.
    ૧.સવિપાકનિર્જરા અને ૨. અવિપાકનિર્જરા
  ૩. પુરુષાર્થની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છે.
    ૧. સકામનિર્જરા અને ૨. અકામ નિર્જરા
  ૪. ઓળખાણ માટે કરવામાં આવતા કથનની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છે.
    ૧. નિશ્ચય નિર્જરા અને ૨. વ્યવહાર નિર્જરા
૫. વ્યવહાર નિર્જરાની વિવિધતાની અપેક્ષાએ બાર પ્રકારના તપ અનુસાર નિર્જરાના બાર પ્રકાર છે.
  ૧. ઉપવાસ ૨.અવમૌદર્ય ૩.વૃતિપરિસંખ્યાન ૪.રસપરિત્યાગ ૫. વિવિક્ત શય્યાસન ૬.કાયક્લેશ ૭.પ્રાયશ્ચિત ૮. વિનય ૯.વૈયાવૃત્ય ૧૦.સ્વાધ્યાય ૧૧.વ્યુત્સર્ગ ૧૨.ધ્યાન
૭. નિર્જરાભાવનાની ચિંતવન પ્રક્રિયા
૮. નિર્જરાભાવનાનું સાધન કે કારણ
૯. કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?
૧૦. કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?
૧૧. પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ
  ૧. તપનું સ્વરૂપ સમજાવે
  ૨. ઇચ્છાનો નિરોધ કરાવે
૧૨. ઉપસંહાર
૧૩. નિર્જરાભાવનાની કથા :
  તપસ્વી તીર્થંકર ઋષભદેવ

કવિવર પં.દૌલતરામકૃત

નિર્જરાભાવના પ્રેરક ભજન

आतमरुप अनुपम अद्‌भूत, याहि लखैं भव सिंधु तरो ।। टेक ।।
अल्पकाल में भरत चक्रधर निज आतमको ध्याय खरो ।
केवलज्ञान पाय भवि बोधे, ततछिन पायौ लोकशिरो ।। १ ।।
सम्यगदर्शन-ज्ञान-चरन-तप, येहि जगतमें सार नरो !
पूरव शिव को गये जाहिं अब, फिर जैहैं, यह नियत करो ।। २ ।।
कोटी ग्रन्थ को सार यही है, ये ही जिनवाणी उचरो ।
'दौल' ध्याय निर्जर भावनको, मुक्तिरमा तब वेग वरो ।। ४ ।।

ભાવાર્થ : પોતાના શુદ્ધ આત્માનું સ્વરૂપ અનુપમ છે, અદ્‌ભૂત છે. આ શુદ્ધાત્માના આશ્રયે થતી કર્મની નિર્જરા અને નિર્જરાભાવનાના ચિંતવનથી જ ભવસિંધુને તરીને પાર ઉતરી જવાય છે.

ભરત ચક્રવર્તીએ પોતાના શુદ્ધાત્માના ધ્યાનના કારણભૂત નિર્જરાભાવનાનું ચિંતવન કરીને અલ્પકાળમાં જ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. ત્યારપછી ભવ્યજનોને નિર્જરાભાવનાનો બોધ આપીને તુરત જ લોકશિખર ઉપર નિર્વાણદશાને પામ્યા.

જેઓ પૂર્વમાં મોક્ષ પામ્યા છે, અત્યારે પામે છે અને ભવિષ્યમાં પામશે તેઓએ એ બાબત નિશ્ચિતરૂપથી સિદ્ધ કરી છે કે આ જગતમાં નિર્જરાભાવના અને તેના કારણે થતું સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્ર સહિતનું તપ જ મોક્ષનું કારણ હોવાથી અત્યંત સારભૂત છે.

કરોડો ગ્રંથોનો સાર અને જિનવાણીનું કહેવું પણ આ જ પ્રકારે છે. તેથી કવિ દોલતરામ કહે છે કે, નિર્જરાભાવનાના ચિંતવનના બળે પોતાના શુદ્ધાત્માનું ધ્યાન ધરો અને તેથી તુરત જ મુક્તિ-રમણીને વરો. એટલે કે મોક્ષદશાને પ્રાપ્ત થાઓ.

(દૌલત-જૈનપદ-સંગ્રહ : ભજન નં. ૮૬, પાનું ૫૫ ના આધારે)



ભાવના ૯.

નિર્જરાભાવના

નિર્જરા એટલે જીર્ણ થવું કે ઝડી જવું તે. જીવના વીતરાગભાવની પ્રચુરતાના કારણે પૌદ્‌ગલિક-કર્મના સંવરપૂર્વક તેનું ક્ષીણ થવું કે ફળ આપ્યા વિના ખરી જવું તે નિર્જરા છે. નિર્જરા અને તેના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવ ઉપાદેય છે તે પ્રકારનું ચિંતવન તે નિર્જરાભાવના છે.

पुव्वकदकम्मसडणं तु णिज्जरा ।

અર્થ : પૂર્વબદ્ધ કર્મોનું ઝડવું તે નિર્જરા છે.

(ભગવતી આરાધના : ગાથા ૧૮૪૧)

જીવના વીતરાગભાવના કારણે સત્તામાં રહેલ પૌદ્‌ગલિકકર્મરૂપ સ્કંધોના અવયવોનું જીર્ણ કે ક્ષીણ થવું તેમ જ ઉદયમાં આવેલ કર્મ સ્કંધોનું ફળ આપ્યા વિના ખરી જવું તે નિર્જરા છે. આ નિર્જરા સંવરપૂર્વકની હોય છે. જેમ નાવમાં પડેલું છિદ્ર બૂરાઇ જવાથી નાવમાં નવીન પાણી પ્રવેશતું નથી અને પછી અગાઉ ભરાઇ ગયેલ પાણીને સૂકવીને કે ઉલેચીને દૂર કરવામાં આવે છે, તેમ નવીન કર્મના સંવરપૂર્વક પૂર્વબદ્ધ કર્મોને તપ દ્વારા ક્ષીણ કરીને તેને દૂર કરવામાં આવે છે તે નિર્જરા છે. નિર્જરાના કારણે કોઇ નવીન કર્મબંધ થયા વિના સત્તામાં રહેલ કર્મ ક્ષીણ થાય છે કે ઉદયમાં આવેલ કર્મ ફળ આપ્યા વિના ખરી જાય છે.

સામાન્ય રીતે જીવના પ્રદેશમાં પૂર્વ બંધાયેલ પૌદ્‌ગલિકકર્મ સ્વરૂપ કે પરરૂપથી ઉદયમાં આવીને ફળ આપ્યા વિના ખરતું નથી. કોઇ કર્મ સંક્રમણ પામી ઉદયમાં આવે તેને પરરૂપથી ઉદયમાં આવેલ કહેવાય છે. પરંતુ કોઇ કર્મ ઉદીરણા, ઉત્કર્ષણ કે અપકર્ષણ પામી ઉદયમાં આવે તો તે પરરૂપથી ઉદયમાં કહેવાતું નથી પણ તે સ્વરૂપથી જ ઉદયમાં આવેલ કહેવાય છે. વીતરાગી તપના પ્રભાવથી સત્તામાં રહેલ પૌદ્‌ગલિકકર્મ ઉદીરણા, ઉત્કર્ષણ કે સંક્રમણ પામી ક્ષીણ થઇ જાય છે. તે નિર્જરા એકદમ ક્ષીણ થયેલ કર્મનો જઘન્ય અંશ ઉદયમાં આવે ત્યારે તે જીવના પરિણામમાં મલિનતા કે વિકાર કરી શકતો નથી તેથી તે ફળ આપ્યા વિના ખરી ગયું તેમ માનવામાં આવે છે. તેને અવિપાક નિર્જરા કહે છે.

પ્રગટ કરવાની અપેક્ષાએ નિર્જરા ઉપાદેય છે અને આશ્રય કરવાની અપેક્ષાએ પોતાનો નિર્જરાસ્વભાવી ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવ પરમ ઉપાદેય છે. આ પ્રકારે નિર્જરાનું સ્વરૂપ અને તેના પ્રાપ્ત કરવાના ઉપાયનું વારંવાર ચિંતવન થવું તે નિર્જરાભાવના છે.

સંવરભાવના અને નિર્જરાભાવના વચ્ચેનો ભેદ

નિર્જરા પણ સંવરની જેમ આત્માના શુદ્ધોપયોગરૂપ વીતરાગી પરિણામ છે. બન્ને મોક્ષમાર્ગરૂપ છે અને તેથી ઉપાદેય છે આ પ્રકારે સંવર અને નિર્જરાનું કારણ, મોક્ષમાર્ગમાં સ્થાન અને ઉપાદેયપણાની અપેક્ષાએ સમાનતા છે. વળી બન્ને જીવના એકસરખા વીતરાગભાવ જ છે. આ રીતે સંવર અને નિર્જરા સમાન જણાતા હોવાથી નિર્જરાભાવનામાં સંવરભાવનાથી શું વિશેષતા છે ? તેવો પ્રશ્ન સહજપણે થાય. તો તેનો ઉત્તર આ મુજબ છે:

સંવરમાં વીતરાગતાની પ્રાપ્તિ કે ઉત્પત્તિ છે પણ નિર્જરામાં ઉત્પન્ન થયેલ વીતરાગતાની વૃદ્ધિ છે. જેના કારણે સંવર નવીન પૌદ્‌ગલિકકર્મને આવતાં અટકાવે છે. પણ નિર્જરા તે ઉપરાંત સત્તામાં રહેલ પુરાણા કર્મને ક્ષીણ કરી તેનો ક્ષય પણ કરે છે. મોક્ષમાર્ગની શરૂઆત સંવરથી થાય છે પણ તેની પૂર્ણતા માટે નિર્જરા જરૂરી છે. શુદ્ધાત્માની રુચિ અને તેથી થતા સમ્યગ્દર્શનપૂર્વક સંવર હોય છે. પણ નિર્જરામાં તે ઉપરાંત શુદ્ધાત્માની સાધના પણ સમાયેલી છે. સમ્યગ્દર્શનપૂર્વક સંવર હોય છે તેમ સંવરપૂર્વક જ નિર્જરા હોય છે.

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ ધર્મ, બાવીસ પરિષહજય, બાર ભાવના જેવા કારણોથી સંવર હોય છે. અને બાર પ્રકારના તપના કારણે નિર્જરા હોય છે. સંવરભાવનાનું ચિંતવન શુદ્ધાત્માની રુચિ ધરાવનાર આત્માર્થીને પણ હોય છે. પણ નિર્જરાભાવનાનું ચિંતવન મુખ્યપણે જ્ઞાનીને જ હોય છે.

સંવર અને નિર્જરાના ઉપરોક્ત ભેદને સંક્ષિપ્તમાં નીચેના કોઠા અનુસાર દર્શાવી શકાય છે.

સંવર	નિર્જરા
1. husfpNsp_u DE`nÑR>¡.	1. husfpNsp_u hQ¤jUR>¡.
f. _hu_ L$d®_¡ Aphsp„ A§$h¡R>¡.	f. `|h®ÙL$dfp£_¡ M¡fhu _pM¡R>¡.
3. k„hfdp„ iyÙDdp_u {nQ kdpe¡guR>¡.	3. r_S>®fpdp„ iyÙDdp_u kp^_p kdpe¡guR>¡.
4. dp¡ndpN®_u iê$Apsdp„ k„hf S¤fuR>¡.	4. dp¡ndpN®_u `|Z®pdp„ r_S>®fpS¤fuR>¡.
`. h°s„ krdrs„ Nyrá S>¡hp L$pfZ¡ k„hf lpeR>¡.	`. s`_p L$pfZ¡ r_S>®fp lpeR>¡.
6. kçeÁv$i®_`|h®L$ k„hf lpeR>¡.	6. k„hf`|h®L$ r_S>®fp lpeR>¡.
7. k„hfqph_p_y„ tQsh_ Ap¤dp\} L¡$ op_u_¡ lpeR>¡.	7. r_S>®fpqph_p_y„ tQsh_ dy¿e`Z¡ op_u_¡ lpeR>¡.

નિર્જરાભાવના માત્ર જ્ઞાનીને જ સંભવે છે.

નિર્જરામાં શુદ્ધાત્માની સાધના છે, ચૈતન્યનું પ્રતપન છે, વીતરાગતાની વૃદ્ધિ છે. જેમ પુત્રના જન્મ વિના તેના ઉછેર વિષેની વિચારણા હોતી નથી તેમ વીતરાગતાની ઉત્પત્તિ વિના તેની વૃદ્ધિ કે પૂર્ણતા વિષેની વિચારણા હોતી નથી. આ વીતરાગતા જ્ઞાનીને જ હોય છે. વળી સંવરપૂર્વક જ નિર્જરા હોય છે. અને સંવરદશા જ્ઞાનીને જ હોય છે. તેથી નિર્જરા સંબંધી વિચારણા કરનારી નિર્જરાભાવના પણ મુખ્યપણે જ્ઞાનીને મુનિદશામાં સંભવે છે.

નિર્જરાતત્ત્વ અને નિર્જરાભાવના વચ્ચેનો ભેદ

તત્ત્વ એ વસ્તુનું પ્રયોજનભૂત સ્વરૂપ છે. નિર્જરા અવસ્થા એ વસ્તુનું પ્રયોજનભૂત સ્વરૂપ હોવાથી જીવાદિ નવતત્ત્વોમાં તેનો સમાવેશ છે. નિર્જરા અવસ્થારૂપ નિર્જરાતત્ત્વ એ સંવરદશાપૂર્વક થતી વીતરાગદશાની વૃદ્ધિ છે તેથી તે ઉપાદેય છે. નિર્જરાતત્ત્વનું પ્રયોજન જાણીતી કે પ્રગટ નિર્જરાદશા દ્વારા તેના આશ્રયભૂત અજાણ્યા અને અપ્રગટ એવા શુદ્ધાત્મસ્વભાવને ઓળખવાનું છે. શુદ્ધાત્મસ્વભાવને ઓળખવારૂપ નિર્જરાતત્ત્વની યથાર્થ શ્રદ્ધાનનું ફળ સમ્યગ્દર્શન છે.

ભાવના એ એક ચિંતવનપ્રક્રિયા છે. બારભાવના પૈકીની નિર્જરાભાવનામાં નિર્જરાનું સ્વરૂપ અને તેનું ઉપાદેયપણું ચિંતવવામાં આવે છે. નિર્જરાભાવનાનાં ચિંતવનનું પ્રયોજન નિર્જરાનું ઉપાદેયપણું સમજીને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય વધારી મોક્ષમાર્ગમાં આગળ વધવા માટેનો પુરુષાર્થ પ્રેરવાનું છે. નિર્જરાભાવનાનાં ચિંતવનનું

ફળ વીતરાગતાની વૃદ્ધિરૂપ નિર્જરાદશાની જ પ્રચુરતા છે. નિર્જરાદશા એ જ નિર્જરાતત્ત્વ છે. તેથી નિર્જરાભાવના સાધન છે અને નિર્જરાતત્ત્વ એ તેનું સાધ્ય છે.

નિર્જરાતત્ત્વ અને નિર્જરાભાવના વચ્ચેનો ઉપરોકત ભેદ નીચેના કોઠા અનુસાર ટુંકમાં દર્શાવી શકાય છે.

નિર્જરાતત્ત્વ	નિર્જરાભાવના
૧. વસ્તુનું સ્વરૂપ છે.	૧. ચિંતવન પ્રક્રિયા છે.
૨. નિર્જરાતત્ત્વનું પ્રયોજન તેના દ્વારા અજાણ્યા અને અપ્રગટ એવા શુદ્ધાત્મસ્વભાવને ઓળખી તેનો આશ્રય કરાવવાનું છે.	૨. નિર્જરાભાવનાનું પ્રયોજન નિર્જરાનું ઉપાદેયસ્વરૂપ સમજી સંસાર પ્રત્યેનો વૈરાગ્ય વધારી મોક્ષમાર્ગમાં આગળ વધવાનો પુરુષાર્થ પ્રેરવાનું છે.
૩. નિર્જરાતત્ત્વની યથાર્થ શ્રદ્ધાનનું ફળ સમ્યગ્દર્શન છે.	૩. નિર્જરાભાવનાનું ચિંતવનનું ફળ નિર્જરાતત્ત્વની પ્રાપ્તિ છે.
૪. નિર્જરાતત્ત્વ એ સાધ્ય છે.	૪. નિર્જરાભાવના એ સાધન છે.

સંવર-નિર્જરાભાવનાની જેમ મોક્ષભાવના શા માટે નહિ ?

નવતત્ત્વો પૈકીના સંવરતત્ત્વ અને નિર્જરાતત્ત્વનું સ્વરૂપ અને તેનું ઉપાદેયપણું ચિંતવનારી સંવરભાવના અને નિર્જરાભાવના છે. તેમ મોક્ષતત્ત્વનું સ્વરૂપ અને તેનું ઉપાદેયપણું ચિંતવનારી મોક્ષભાવના નથી. તેનું કારણ એ છે કે સંવર-નિર્જરાભાવનાના ચિંતવનમાં મોક્ષનું સ્વરૂપ અને તેનું ઉપાદેયપણું આવી જ જાય છે. સંસારભાવનામાં પણ સંસારથી વિરુદ્ધ મોક્ષનું સારભૂતપણું અને ઉપાદેયપણું હોય છે. દરેક ભાવનાના ચિંતવનનું ફળ મોક્ષમાર્ગ અને મોક્ષ હોય છે.

સંવર-નિર્જરા પોતે જ મોક્ષમાર્ગ છે. સંવર-નિર્જરાની ઉત્પત્તિ પણ મોક્ષસ્વરૂપી શુદ્ધાત્માના આશ્રયથી અને મોક્ષપદ પ્રાપ્તિના ધ્યેયથી હોય છે. તેથી અલગ મોક્ષભાવનાની આવશ્યકતા નથી.

નિર્જરાના ભેદ અને તેનું સ્વરૂપ

જીવના પ્રદેશોમાં રહેલ પૂર્વબદ્ધ કર્મોનું ક્ષીણ થઈને ખરી જવા માટેના કારણભૂત જીવના પરિણામ અને તે કર્મોનું ખરી જવું તે નિર્જરા છે.

નિર્જરાના જુદી-જુદી અપેક્ષાએ જુદા-જુદા ભેદ છે. તે આ પ્રકારે છે :

૧. જીવ અને પૌદ્ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ નિર્જરા બે પ્રકારે છે :
   ૧. **ભાવ નિર્જરા** અને ૨. **દ્રવ્ય નિર્જરા**
૨. ફળદાનની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છે :
   ૧. **સવિપાક નિર્જરા** અને ૨. **અવિપાક નિર્જરા**
૩. પુરુષાર્થની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છે :
   ૧. **સકામ નિર્જરા** ૨. **અકામ નિર્જરા**
૪. ઓળખાણ માટે કરવામાં આવતા કથનની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છે :
   ૧. **નિશ્ચય નિર્જરા** ૨. **વ્યવહાર નિર્જરા**
૫. વ્યવહાર નિર્જરાની વિવિધતાની અપેક્ષાએ બાર પ્રકારના તપ અનુસાર નિર્જરાના બાર પ્રકાર છે :

૦૧. ઉપવાસ	**૦૭. પ્રાયશ્ચિત**
૦૨. અવમૌદર્ય	**૦૮. વિનય**
૦૩. વૃતિપરિસંખ્યાન	**૦૯. વૈયાવૃત્ય**
૦૪. રસપરિત્યાગ	**૧૦. સ્વાધ્યાય**
૦૫. વિવિક્ત શય્યાસન	**૧૧. વ્યુત્સર્ગ**
૦૬. કાયક્લેશ	**૧૨. ધ્યાન**

૧. જીવ અને પૌદ્ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ નિર્જરા બે પ્રકારે છે :

૧. ભાવનિર્જરા અને **૨. દ્રવ્યનિર્જરા**

જીવના પરિણામ અને પૌદ્ગલિકકર્મના પરિણામ વચ્ચે પરસ્પર અનુકૂળ-અનુરૂપપણાનો સંબંધ હોય છે જેને નિમિત-નૈમિત્તિક પ્રકારનો

સંબંધ કહે છે. આવા સંબંધ સમયે જીવના પરિણામને ભાવ અને પૌદ્ગલિકકર્મના પરિણામને દ્રવ્ય કહેવાની પદ્ધતિ છે. આ કારણે જીવની શુદ્ધિની વૃદ્ધિ અર્થાત વીતરાગભાવની પ્રચુરતારૂપ નિર્જરાને ભાવનિર્જરા અને તેના નિમિત્તે થતા પૂર્વબદ્ધ પૌદ્ગલિકકર્મના ઝડવારૂપ નિર્જરાને દ્રવ્યનિર્જરા કહેવામાં આવે છે. તેથી જીવ અને પૌદ્ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ નિર્જરા બે પ્રકારે છે:

૧. ભાવનિર્જરા અને ૨. દ્રવ્યનિર્જરા

૧. ભાવનિર્જરા

જીવ સાથે જોડાયેલ પૂર્વબદ્ધ પૌદ્ગલિકકર્મોનું ક્ષીણ થઈને ખરી જવાના કારણભૂત જીવના શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવને ભાવનિર્જરા કહે છે.

જીવના શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવ જ સંવર અને નિર્જરા છે. તેથી જે ભાવસંવર છે તે જ ભાવનિર્જરા હોય છે. તોપણ ભાવનિર્જરામાં વીતરાગભાવની પ્રચુરતા કે વૃદ્ધિરૂપ વિશેષ પ્રકારના વીતરાગભાવ છે કે જે સંવર ઉપરાંત નિર્જરાનું પણ કારણ હોય છે. તેથી ભાવસંવરપૂર્વક જ ભાવનિર્જરા હોય છે અને તે જ્ઞાનીને જ સંભવે છે. ભાવસંવરના કારણે મોક્ષમાર્ગની શરૂઆત છે પણ મોક્ષમાર્ગની આરાધના અને પૂર્ણતા તો ભાવનિર્જરાથી જ હોય છે. ભાવનિર્જરા જ સાક્ષાત્ મોક્ષમાર્ગ અને મોક્ષનું સીધું કારણ છે.ભાવનિર્જરામાં શુદ્ધોપયોગની વૃદ્ધિ, શુદ્ધાત્માનું પ્રચુર સ્વસંવેદન અને અતીન્દ્રિય આનંદનો આહ્લાદ છે. આત્માના અનંતગુણોની યથાસંભવ આંશિક શુદ્ધતાની પ્રગટતાનું કારણ પણ ભાવનિર્જરા છે. તેથી પ્રગટ કરવાની અપેક્ષાએ ભાવસંવર કરતાં પણ તે વધુ ઉપાદેય છે.

૨. દ્રવ્યનિર્જરા

ભાવનિર્જરાના નિમિત્તે જીવના પ્રદેશોમાં રહેલ પૂર્વબદ્ધ પૌદ્ગલિકકર્મોનું ક્ષીણ થઈ જવાં કે ખરી જવારૂપ પુદ્ગલના પરિણામને દ્રવ્યનિર્જરા કહે છે.

નિર્જરા એટલે ઝડવું કે ખરી જવું. નવીન પૌદ્ગલિકકર્મના સંવરપૂર્વક પૂર્વબદ્ધ કર્મોનુ ઝડવું કે ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે. દ્રવ્યસંવરપૂર્વક જ દ્રવ્યનિર્જરા હોય છે તેથી તે જ્ઞાનીને જ હોય છે. દ્રવ્યનિર્જરાના કારણે જીવ મોક્ષમાર્ગની સાધનામાં એકદમ આગળ વધતો મોક્ષની તદ્દન નિકટ પહોંચે છે.

૨. ફળદાનની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છે :

૧. સવિપાક નિર્જરા અને

૨. અવિપાક નિર્જરા

૧. સવિપાક નિર્જરા

પૌદ્ગલિકકર્મનું ઉદયમાં આવીને પોતાનું ફળ આપીને ખરી જવું તે સવિપાક નિર્જરા છે.

જીવના પ્રદેશોમાં પૂર્વે જે પૌદ્ગલિકકર્મો બંધાયેલા હોય છે તે તેના ઉદયકાળ અનુસાર વહેંચાયેલા હોય છે જેને નિષેકો કહે છે. આ નિષેકો તેના સ્વકાળે ઉદયમાં આવે છે. અને તે ઉદય અનુસાર જીવ તેમાં જોડાઈને તે અનુસારના રાગાદિ વિકારો પામે તો તેણે પોતાનું ફળ આપ્યું કહેવાય છે. પૌદ્ગલિકકર્મો આ રીતે પોતાનું ફળ આપીને જીવના પ્રદેશોથી છૂટા પડી જાય તો તેને સવિપાક નિર્જરા કહે છે.

સવિપાક નિર્જરા જ્ઞાની કે અજ્ઞાની દરેક જીવને સતત ચાલતી રહે છે. સવિપાક નિર્જરાનું ફળ આવે છે અને તેથી તે અનુસાર જીવ

રાગાદિ વિકારો પામે છે. અને તેના નિમિત્તે નવીન કર્મનું બંધન પણ થતું રહે છે. તેથી આ પ્રકારની નિર્જરા તે વાસ્તવિક નિર્જરા ગણાતી નથી. મોક્ષમાર્ગમાં તેનું કોઇ સ્થાન નથી. તેથી નિર્જરાભાવનાનો તે વિષય નથી. તેથી તેનું કોઇ ચિંતવન કે વિચારણા હોતી નથી.

૨. અવિપાક નિર્જરા

પૂર્વબદ્ધ પૌદ્‌ગલિકકર્મોનું ફળ આપ્યા વિના જીવના પ્રદેશોમાંથી છૂટા પડીને ખરી જવું તેને અવિપાક નિર્જરા કહે છે.

સામાન્યપણે ઉદયગત પૌદ્‌ગલિકકર્મોનુ ફળ આપ્યા વિના ખરી જવું તે અવિપાક નિર્જરા છે. આ ઉપરાંત સતામાં રહેલ પૌદ્‌ગલિકકર્મોનુ ઉત્કર્ષણ, અપકર્ષણ કે સંક્રમણ પામી ક્ષીણતા પામે અને તેથી તેના સ્થિતિ-અનુભાગમાં ઘટાડો થાય તે પણ અવિપાક નિર્જરા છે. અવિપાક નિર્જરાની સામે નવીન પૌદ્‌ગલિકકર્મોનુ બંધન થતું નથી. આ અવિપાક નિર્જરા નીચેના પાંચ પ્રકારે હોય છે :

૨.૧. પૂર્વબદ્ધ પાપકર્મોની સ્થિતિ અનુભાગ ઘટવા

૨.૨. પૂર્વબદ્ધ પુણ્યકર્મોની સ્થિતિ અનુભાગ વધવા

૨.૩. પૂર્વબદ્ધ પાપકર્મોનું પુણ્યમાં ફેરવાઇ જવું

૨.૪. પૂર્વબદ્ધ કર્મોની ઉદીરણા થઇને તેનું ખરી જવુ

૨.૫. ઉદયમાં આવેલ કર્મોનું ફળ આપ્યા વિના ખરી જવું

૨.૧.પૂર્વબદ્ધ પાપકર્મોની સ્થિતિ અનુભાગ ઘટવા

સમસ્ત ઘાતિકર્મો અને અઘાતિકર્મોમાં અશાતા વેદનીય, અશુભનામ, નીચગોત્ર અને અશુભઆયુ એ પાપકર્મો છે. પૂર્વે બંધાયેલા અને સત્તામાં રહેલ આ પાપકર્મોનું અપકર્ષણ થઇ તેની સ્થિતિમાં કે અનુભાગમાં કે બન્નેમાં ઘટાડો થવો અને તેના કારણે તેની ફળદાન શક્તિ ઘટવી તે પણ અવિપાક પ્રકારની નિર્જરા છે. જીવના પુરુષાર્થ પૂર્વકના વીતરાગભાવ કે શુભ-ભાવના કારણે આ પ્રકારની નિર્જરા હોય છે.

૨.૨.પૂર્વબદ્ધ પુણ્યકર્મોની સ્થિતિ અનુભાગ વધવા

અઘાતિકર્મોની શાતાવેદનીય, શુભનામ, ઉચ્ચગોત્ર અને શુભઆયુ એ પુણ્યકર્મોની પ્રકૃત્તિ છે. જીવના પુરુષાર્થપૂર્વકના વીતરાગભાવ કે શુભભાવના નિમિત્તે સત્તામાં રહેલ પૂર્વબદ્ધ પુણ્યકર્મોનું ઉત્કર્ષણ થઇ તેની સ્થિતિમાં, અનુભાગમાં કે બન્નેમાં વધારો થવો અને તેના કારણે પુણ્યકર્મની ફળદાન શક્તિ વધી જવી તે પણ એક પ્રકારની અવિપાક નિર્જરા છે.

૨.૩.પૂર્વબદ્ધ પાપકર્મોનું પુણ્યમાં ફેરવાઇ જવું

જીવના પુરુષાર્થપૂર્વકના વીતરાગીભાવ કે મંદકષાયરૂપ શુભભાવના કારણે અઘાતિકર્મોની પાપપ્રકૃતિનું પુણ્યમાં સંક્રમણ થવું એટલે કે ફેરવાઇ જવું તે પણ અવિપાક નિર્જરા છે.

૨.૪.પૂર્વબદ્ધ કર્મોની ઉદીરણા થઇને તેનું ખરી જવું

અગાઉ બંધાયેલા અને સત્તામાં રહેલ પૌદ્‌ગલિકકર્મોને વહેલા ઉદયમાં લાવવા તેને ઉદારણા કહે છે. આવી રીતે ઉદીરણા પામીને ઉદયમાં આવેલ કર્મને તપના પ્રભાવે ફળ આપ્યા વિના જીવના પ્રદેશોથી અલગ કરીને ખેરવી નાખવા તે પણ અવિપાક નિર્જરા છે.

૨.૫. ઉદયમાં આવેલ કર્મોનુ ફળ આપ્યા વિના ખરી જવું

જીવના વીતરાગભાવની પ્રચુરતાના પ્રભાવે ઉદયમાં આવેલ કર્મોને ફળ આપ્યા વિના ખેરવી નાખવા તે અવિપાક નિર્જરા છે. વીતરાગી નિશ્ચય તપના કારણે આવી અવિપાક નિર્જરા હોય છે.

સામાન્ય રીતે કોઇપણ કર્મ સ્વરૂપથી કે પરરૂપથી ઉદયમાં આવીને તેનું ફળ આપ્યા વિના ખરતો નથી. પૂર્વબદ્ધ કર્મનું તે જ જાતિની અન્ય પ્રકૃતિમાં ફેરવાઇ જઇને એટલે કે સંક્રમણ પામીને ઉદયમાં આવવું તે પરરૂપથી ઉદય કહેવાય છે પણ કોઇ કર્મ સંક્રમણ પામ્યા સિવાય ઉત્કર્ષણ કે અપકર્ષણ પામીને કે જે સ્વરૂપે બંધાયેલ હોય તે જ સ્વરૂપે ઉદયમાં આવે તો તે સ્વરૂપથી ઉદય કહેવાય છે.

પૌદ્‌ગલિકકર્મના સર્વઘાતિ સ્પર્ધકોની શક્તિ સર્વપ્રકારે આત્માના ગુણોનું આચ્છાદન કરવાની હોય છે, જેના કારણે નવીન કર્મબંધન થાય છે. આ રીતે નવીન કર્મબંધન કરાવનાર કર્મના ઉદયને વિપાકરૂપ ઉદય કહે છે. પણ દેશઘાતિ સ્પર્ધકોની શક્તિ અમુક પ્રકારે આત્માના ગુણોનું આચ્છાદન કરવાની હોય છે, જેના કારણે નવીન કર્મબંધન થતો નથી. આ રીતે નવીન કર્મબંધન ન કરાવનાર કર્મના ઉદયને પ્રદેશરૂપ ઉદય કહે છે.

જીવના વીતરાગીભાવના કારણે સત્તામાં રહેલ સર્વઘાતિ સ્પર્ધકોનું દેશઘાતિમાં સંક્રમણ થઇને પરરૂપથી ઉદયમાં આવવું અને તેના કારણે તેનો વિપાકરૂપ ઉદય ન થવો અને માત્ર પ્રદેશરૂપ ઉદય થવો તે એક પ્રકારની કર્મની અવિપાક નિર્જરા છે.

ઉપરોકત દરેક પ્રકારની અવિપાક નિર્જરા જ્ઞાની ધર્માત્માને સંવરપૂર્વક હોય છે. નિર્જરાભાવનામાં આવી અવિપાક નિર્જરાનું ચિંતવન હોય છે.

૩. પુરુષાર્થની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છે :

૧. સકામ નિર્જરા અને

૨. અકામ નિર્જરા

૧. સકામ નિર્જરા

અહીં કામ એટલે પ્રયત્ન કે પુરુષાર્થ છે. તેથી પ્રયત્ન કે પુરુષાર્થપૂર્વક થતી નિર્જરાને સકામ નિર્જરા કહે છે.

વીતરાગતાના પુરુષાર્થપૂર્વક થતી નિર્જરા તે સકામ નિર્જરા છે. જે કર્મ સત્તામાં હોય તેને વીતરાગી તપના પ્રભાવે પુરુષાર્થપૂર્વક ઉદયમાં લાવીને એટલે કે તેની ઉદીરણા કરીને સમભાવપૂર્વક તેનો ભોગવટો કરવો કે જેના કારણે કોઇ નવીન કર્મબંધન ન થાય તો તે સમયે થતી કર્મની નિર્જરા એ સકામ નિર્જરા કહેવાય છે. જીવનું સમ્યક્ પ્રકારનું વીતરાગી તપ એ જ સકામ નિર્જરા છે.

જીવનું આવી સકામ નિર્જરા માત્ર જ્ઞાનીને જ હોય છે અને અજ્ઞાનીને હોતી નથી. વાસ્તવમાં સકામ નિર્જરા તે જ અવિપાક નિર્જરા છે. જીવના પુરુષાર્થ સહિતના પરિણામરૂપ ભાવનિર્જરા તે સકામ નિર્જરા છે અને તેના નિમિત્તે ફળ આપ્યા વિના પૌદ્‌ગલિકકર્મના ખરી જવારૂપ થતી દ્રવ્યનિર્જરા તે અવિપાક નિર્જરા છે. એટલે કે ભાવનિર્જરા તે સકામ નિર્જરા અને તેના નિમિત્તે થતી દ્રવ્યનિર્જરા તે અવિપાક નિર્જરા છે. નિર્જરાભાવનામાં આ પ્રકારની નિર્જરાનું ચિંતવન હોય છે.

૨. અકામ નિર્જરા

વીતરાગતાના પુરુષાર્થ વિનાની હોય તેવી નિર્જરાને અકામ નિર્જરા કહે છે.

પોતાના પ્રયત્ન કે પુરુષાર્થ વગર કે સમ્યક્ પ્રકારના તપ વગર માત્ર સંજોગોવશાત કે પરતંત્રતાના કારણે ભૂખ-તરસ વેઠવા, બ્રહ્મચર્યનું પાલન કરવું, જમીન પર સૂવું, પીડા, સંતાપ જેવી બાબતો શાંતિપૂર્વક સહન કરવી તે અકામ નિર્જરા છે.

અકામ નિર્જરા એ સવિપાક નિર્જરા જ છે. જીવના પરિણામની અપેક્ષાએ એટલે કે ભાવનિર્જરારૂપે જે અકામ નિર્જરા છે તે જ તેના નિમિત્તે પૌદ્ગલિક્કર્મનું ફળ આપીને ખરી જવારૂપ પુદ્ગલ પરિણામની અપેક્ષાએ એટલે કે દ્રવ્યનિર્જરારૂપે તે સવિપાક નિર્જરા છે. અકામ નિર્જરા જ્ઞાની કે અજ્ઞાની કોઇને પણ હોય શકે છે. આવી નિર્જરા સામે કોઇક કર્મનુ બંધન પણ હોય છે. તેથી મોક્ષમાર્ગમાં તેનું સ્થાન નથી. અને નિર્જરાભાવનામાં તેનું ચિંતવન નથી.

૪. ઓળખાણ માટે કરવામાં આવતા કથનની અપેક્ષાએ નિર્જરાના બે પ્રકાર છેઃ

૧. નિશ્ચય નિર્જરા અને
૨. વ્યવહાર નિર્જરા

નિર્જરાની ઓળખાણ માટે કરવામાં આવતા કથનને નય કહે છે. નયમાં વક્તાનો અભિપ્રાય અને શ્રોતાની સમજણ સંકળાયેલી હોય છે. જીવના વીતરાગ ભાવરૂપ નિર્જરાની ઓળખાણ માટે કરવામાં આવતા સીધી રીતના કથનને નિશ્ચયનય અને આડકતરી રીતના કથનને વ્યવહાનય કહે છે. નિશ્ચયનય અનુસારની નિર્જરાની ઓળખાણ તે નિશ્ચય નિર્જરા અને વ્યવહારનય અનુસારની ઓળખાણ તે વ્યવહાર નિર્જરા છે. આ રીતે નય પદ્ધતિથી નિર્જરાના બે પ્રકાર છેઃ

૧. નિશ્ચય નિર્જરા અને ૨. વ્યવહાર નિર્જરા

૧. નિશ્ચય નિર્જરા

નિશ્ચયનયની પદ્ધતિ અનુસાર સીધી રીતની ઓળખાણ માટે કરવામાં આવતા નિર્જરાના કથનના પ્રકારને નિશ્ચય નિર્જરા કહે છે. જીવના શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવ અને તેના કારણે જીવના પ્રદેશોમાં રહેલ પૂર્વબદ્ધ પૌદ્ગલિક્કર્મોનું ઝડવું તે નિશ્ચય નિર્જરા છે.

નિશ્ચયનય તેના વિષયને સીધી રીતે ઓળખાવે છે. જીવના વીતરાગી શુદ્ધભાવની વૃદ્ધિ અને તેના કારણે થતું પૌદ્ગલિકકર્મોનું ઝડવુ તે નિશ્ચય નિર્જરા છે. નિશ્ચયનય અને તે અનુસારની નિશ્ચય નિર્જરાના કોઇ પ્રકાર હોતા નથી તોપણ આપણે અગાઉ જોઇ ગયા તે મુજબ નિર્જરાને જીવના પરિણામની અપેક્ષાએ ભાવનિર્જરા અને પૌદ્ગલિકકર્મના પરિણામની અપેક્ષાએ દ્રવ્યનિર્જરા કહે છે. તેથી જીવના વીતરાગભાવમય ભાવનિર્જરાને સીધી રીતે ઓળખાવનાર કથનને નિશ્ચય ભાવનિર્જરા અને પૌદ્ગલિકકર્મોના, ઝડવારૂપ દ્રવ્યનિર્જરાને સીધી રીતે ઓળખાવનાર કથનને નિશ્ચય દ્રવ્યનિર્જરા કહેવાય છે.

૨. વ્યવહાર નિર્જરા

વ્યવહારનયની પદ્ધતિ અનુસાર આડકતરી રીતે કરવામાં આવતા નિર્જરાની ઓળખાણ માટેના કથનના પ્રકારને વ્યવહાર નિર્જરા કહે છે. નિશ્ચય

નિર્જરા સાથે સંબંધિત જીવના શુભોપયોગરૂપ પરિણામ અને તેના કારણે થતું પૂર્વબદ્ધ પાપકર્મનું ક્ષીણપણું તે વ્યવહાર નિર્જરા છે.

વ્યવહારનય તેના નિર્દિષ્ટ વિષયને બીજી જણીતી બાબત દ્વારા આડકતરી રીતે ઓળખાવે છે. નિશ્ચયથી જીવના વીતરાગભાવ તે નિશ્ચય ભાવનિર્જરા અને તેના કારણે થતું પૌદ્‌ગલિક કર્મોનું ઝડવું કે ખરી જવું તે નિશ્ચય દ્રવ્યનિર્જરા છે. આ નિશ્ચય ભાવનિર્જરા કે નિશ્ચય દ્રવ્યનિર્જરા સીધી રીતે ઓળખી કે સમજી શકાતી નથી. તેથી તેની સાથે સંબંધિત બીજી જણીતી બાબત દ્વારા તેની ઓળખાણ કે સમજણ કરાવવા માટેની કથન પદ્ધતિ તે વ્યવહાર નિર્જરા છે.

જીવના વીતરાગભાવ અજાણ્યા હોય છે અને તેની સાથે સંબંધિત શુભભાવ જણીતા હોય છે. તેથી જીવના વીતરાગભાવરૂપ અજાણી ભાવનિર્જરાને ઓળખાવવા માટે તેની સાથે સંબંધિત જણીતા શુભભાવો દ્વારા ઓળખાણ કરાવવા માટે કરવામાં આવતા કથનને વ્યવહાર ભાવનિર્જરા કહે છે. અહીં વીતરાગભાવ તે નિશ્ચય ભાવનિર્જરા છે અને તેની સાથે સંબંધિત શુભભાવ તે વ્યવહાર ભાવનિર્જરા છે. અને તે વ્યવહાર ભાવનિર્જરાના કારણે સત્તામાં રહેલ પાપકર્મની સ્થિતિ-અનુભાગનું ઘટવું કે તેનું પુણ્યમાં પરિવર્તન થવું કે પુણ્યનો રસ વધવો તેને વ્યવહાર દ્રવ્યનિર્જરા કહે છે. પરંતુ અહીં એ ધ્યાન રાખવું જરૂરી છે કે નિશ્ચય ભાવનિર્જરા કે નિશ્ચય દ્રવ્યનિર્જરા વિનાના માત્ર શુભભાવને વ્યવહારથી ભાવનિર્જરા કે સતામાં રહેલ પૌદ્‌ગલિકકર્મની ક્ષીણતાને વ્યવહારથી દ્રવ્યનિર્જરા પણ કહી શકાતી નથી. કેમ કે, નિશ્ચય કે વ્યવહારનો નિર્દિષ્ટ વિષય જુદો હોતો નથી પણ નિશ્ચય તેના વિષયને સીધી રીતે બતાવે છે. અને વ્યવહાર તેના વિષયને બીજી જણીતી બાબત દ્વારા આડકતરી રીતે બતાવે છે. પણ વ્યવહાર દ્વારા તેના નિર્દિષ્ટ વિષયને ઓળખવા કે સમજવા થોડો પ્રયત્ન, વિચારણા કે તર્કણા જરૂરી હોય છે. પરંતુ વ્યવહારના કથનને જ નિશ્ચય માની લેવું યોગ્ય નથી.

વીતરાગભાવરૂપ નિશ્ચય ભાવનિર્જરા સાથે સબંધિત શુભભાવને વ્યવહારથી ભાવનિર્જરા કહે છે. શુભભાવ અનેક પ્રકારના હોવાથી વ્યવહાર ભાવનિર્જરા પણ અનેક પ્રકારે હોય છે. વીતરાગભાવ સાથે સબંધિત બાર પ્રકારના તપરૂપ શુભભાવને વ્યવહારથી ભાવનિર્જરા માનવામાં આવે છે. શુભભાવરૂપ વ્યવહાર ભાવનિર્જરાના કારણે સત્તામાં રહેલ પૂર્વબદ્ધ પાપકર્મોનુ ક્ષીણ થવું કે પાપનું પુણ્યમાં પરિવર્તન થવું કે પુણ્યનો રસ વધવો તે વ્યવહારથી દ્રવ્યનિર્જરા છે.

વ્યવહાર ભાવનિર્જરા કે વ્યવહાર દ્રવ્યનિર્જરા જણીતી છે અને તેના દ્વારા થોડો પ્રયત્ન, વિચારણા કે તર્કણા કરીને વીતરાગભાવરૂપ નિશ્ચય ભાવનિર્જરા કે પૌદ્‌ગલિકકર્મના ઝડવારૂપ નિશ્ચય દ્રવ્યનિર્જરાને ઓળખવી તેમાં વ્યવહારની સાર્થકતા છે.

૫. વ્યવહાર નિર્જરાની વિવિધતાની અપેક્ષાએ બાર પ્રકારના તપ અનુસાર નિર્જરાના બાર પ્રકાર છે :

૦૧. ઉપવાસ	૦૭. પ્રાયશ્ચિત
૦૨. અવમૌદર્ય	૦૮. વિનય
૦૩. વૃતિપરિસંખ્યાન	૦૯. વૈયાવૃત્ય
૦૪. રસપરિત્યાગ	૧૦. સ્વાધ્યાય
૦૫. વિવિક્ત શય્યાસન	૧૧. વ્યુત્સર્ગ
૦૬. કાયક્લેશ	૧૨. ધ્યાન

નિર્જરાના કારણભૂત તપનો મહિમા

तपसा निजर्रा च ।

અર્થ : તપથી સંવર ઉપરાંત નિર્જરા પણ થાય છે.

(તત્વાર્થસૂત્ર : અધ્યાય ૯, સૂત્ર – ૩)

ઉપરોક્ત સૂત્ર અનુસાર વિશેષ પ્રકારે નિર્જરા કરવામાં સમ્યક્ પ્રકારના તપનો સિંહફાળો છે. પૂર્વબદ્ધ કર્મોની ઉદીરણા કરીને તેનો નાશ કરવામાં તપ જ કાર્યકારી છે. અનેક ભવોમાં ભોગવાઈને પણ જે કર્મની નિર્જરા થતી નથી તેનાથી અનેકગણી નિર્જરા ભોગવાયા વિના સમ્યક્ પ્રકારના તપથી ઉચ્છ્વાસમાત્રમાં થાય છે.

મોક્ષમાર્ગ અને મોક્ષની સર્વ પ્રકારની સાધના અને સિદ્ધિ તપથી છે. જન્મ-મરણના રોગને દૂર કરવા માટે તેના સમાન અન્ય કોઇ ઔષધી નથી. ચોસઠ પ્રકારની ઋદ્ધિઓ પૈકી દરેક ઋદ્ધિઓ તપના પ્રભાવથી જ પ્રગટે છે. આલોકના સંતાપને દૂર કરાવી પરલોકમાં સ્વર્ગની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ કરાવનાર કોઇ હોય તો તે તપ જ છે. સાધકની કામધેનુ, કલ્પવૃક્ષ કે ચિંતામણી સમાન તપ છે.

તપ એ દુઃખનું નહિં પણ સુખનું જ સાધન છે

કેટલાંક લોકો તપને કષ્ટદાયક કે દુઃખરૂપ કહેતા હોય છે. પણ વાસ્તવમાં રાગ-દ્વેષ-મોહ જ દુઃખદાયક છે, રાગ-દ્વેષ-મોહ વિનાનું સમ્યક્ પ્રકારનું તપ નહિ. તપ એ સાંસારિક આધિ-વ્યાધિ-ઉપાધિના તાપથી ત્રસ્ત જીવોને પરમ શીતળતા આપનાર શીતઘર સમાન છે. આત્માની વીતરાગતા, પવિત્રતા અને વિશુદ્ધિનું સ્થાન સમ્યક્ તપ જ છે. તેથી તપ જ સિદ્ધ ભગવાન સમાન આત્મિક અતીન્દ્રિય સ્વાભાવિક સુખનું સર્વોતમ સાધન છે.

શક્તિ અનુસાર તપ કરવાનો ઉપદેશ

સમ્યક્ પ્રકારના તપનો અધિકારી એક માત્ર મનુષ્ય જ છે. તેથી શક્તિ અનુસાર તપ કરી મનુષ્યજીવનને સફળ બનાવવાનો ઉપદેશ છે. શક્તિ બે પ્રકારની છે : અંતરંગ અને બાહ્ય. આત્માની અંદરમાં અનંતાનુબંધી આદિ કષાયનો જે પ્રકારે અભાવ હોય તે અંતરંગ શક્તિ છે અને શરીરની સ્થિતિ વગેરે બાહ્ય શક્તિ છે, શક્તિ અનુસાર તપ કરવાની ભાવનામાં તીર્થંકર નામકર્મના કારણભૂત સોળેય ભાવનાનો સમાવેશ છે. તપ વિના દેહમાં શાતાશિલીયાપણું રાખવાથી જીવ તીવ્ર દુઃખદેવાવાળા અશાતાવેદનીયકર્મને બાંધે છે. તપમાં આળસ કરવાથી વીર્યાંતરાય અને ચારિત્રમોહનીયકર્મ પણ બંધાય છે. તેથી શક્તિ હોવા છતાં જે તપ કરતો નથી તે પોતાની આત્મશક્તિરૂપ વીર્યને ગોપવે છે, પોતાની જાતને જ છેતરે છે, તેથી શક્તિ અનુસાર તપ કરવાનો ઉપદેશ છે.

નિશ્ચય-વ્યવહાર તપનું સ્વરૂપ

समस्त रागादि परभाव ईच्छात्यागेन
स्वस्वरुपे प्रतपनं विजयनं तप : ।

અર્થ : સમસ્ત રાગાદિ પરભાવોરૂપ ઇચ્છાઓના ત્યાગપૂર્વક પોતાના શુદ્ધ સ્વરૂપનું પ્રતપન કરવું, વિજયન કરવું તે તપ છે. (પ્રવચનસાર : ગાથા ૭૯ પછીની ગાથાની જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ ટીકામાંથી)

તપની ઉપરોક્ત પરિભાષા અનુસાર ઇચ્છાના નિરોધપૂર્વક પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા વડે તેનું પ્રતપન કે વિજયન કરવારૂપ વીતરાગ-ભાવ જ વાસ્તવિક તપ છે. નાસ્તિથી ઇચ્છાનો નિરોધ અને અસ્તિથી ચૈતન્યનું પ્રતપન એ તપ છે. ઇચ્છા એ જ મૂર્છા છે, મોહ છે, રાગ છે. તેથી નાસ્તિથી ઇચ્છાના અભાવથી જ તપ છે. અસ્તિથી પોતાના શુદ્ધ સ્વરૂપનું

પ્રતપન એટલે કે સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગપણે ચૈતન્યનું તપ્તાયમાન થવાથી તેનું દેદીપ્યમાન કે ઉજ્જ્વળપણું પ્રગટ થાય તે તપ છે.

અહીં સ્વરૂપવિશ્રાંત એટલે પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતારૂપ શુદ્ધોપયોગ છે. જે સ્વરૂપમાં વિશ્રાંત એટલે કે સ્વરૂપમાં લીનતાના કારણે સ્થિરતા પામેલ હોવાથી એકદમ અડોલ કે નિષ્કંપ હોય તેવો નિસ્તરંગ છે. આવા સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગરૂપ શુદ્ધોપયોગના કારણે ચૈતન્યનું પ્રતપન કે વિજયન થાય છે. જેમ સોનાને અગ્નિની આંચ આપવાથી સોનાની શુદ્ધતા વધે છે તેમ પોતાના શુદ્ધ સ્વરૂપમાં વધુને વધુ સ્થિરતારૂપ પ્રતપન એટલે કે તપ્તાયમાન થવાથી ચૈતન્યની શુદ્ધિની વૃદ્ધિ થાય છે, જેને તપ કહે છે. આ રીતે સ્વરૂપવિશ્રાંત નિસ્તરંગ ચૈતન્યના પ્રતપનરૂપ વિશેષ પ્રકારના વૃદ્ધિગત વીતરાગભાવ જ નિશ્ચયથી તપ છે.

આ પ્રકારે વીતરાગભાવરૂપ નિશ્ચયતપપૂર્વક તેની સાથે સબંધિત જે બાર પ્રકારના શુભભાવ હોય છે તેને વ્યવહારથી તપ કહે છે. અહીં ખાસ લક્ષમાં રાખવાનું છે કે વીતરાગતાની વૃદ્ધિરૂપ નિશ્ચય તપ વિનાના ઉપવાસાદિના શુભભાવો વ્યવહારથી પણ તપ નથી, પણ તપાભાસ છે. તેથી મોક્ષમાર્ગમાં તેનું સ્થાન નથી અને તેથી નિર્જરાભાવનાનો તે વિષય પણ નથી.

બાર પ્રકારના તપમાં પ્રથમ છ પ્રકારના તપ શરીરાદિ બાહ્ય પદાર્થોના આધારે અને બહારથી એકદમ ઓળખી શકાય તેવા હોવાથી તેને બાહ્ય તપ કહે છે. બાકીના છ પ્રકારના તપ અંતરંગ મનનું નિયમન કરનારા અને બહારથી એકદમ ઓળખી શકાય તેવા ન હોવાથી તેને આભ્યંતર તપ કહે છે. બાહ્ય-અભ્યંતર બારેય પ્રકારના તપ શુભોપયોગરૂપ હોવાથી તે વ્યવહારથી તપ કહેવાય છે. વીતરાગભાવરૂપ નિશ્ચય તપ એક જ પ્રકારે છે અને તેના કોઇ પ્રકાર હોતા નથી તોપણ આ વીતરાગભાવ સાથે સબંધિત અને આ વીતરાગભાવની આગળ-પાછળ રહેનારા ઉપવાસાદિ બાર પ્રકારના શુભભાવોને આધારે તે વીતરાગભાવરૂપ નિશ્ચય તપને પણ ઉપવાસાદિ બાર પ્રકારે ઓળખવામાં આવે છે. અહીં શુભભાવરૂપ વ્યવહારતપથી પાપકર્મની સ્થિતિ-અનુભાગ ઘટવા, પાપનું પુણ્યમાં સંક્રમણ થવું અને પુણ્યકર્મની સ્થિતિ-અનુભાગ વધવા જેવી પહેલી ત્રણ પ્રકારની અવિપાક નિર્જરા હોય છે. અને વીતરાગભાવરૂપ તપના પ્રભાવે પૂર્વબદ્ધ કર્મોની ઉદીરણા થઇને તેનું ખરી જવું કે ઉદયમાં આવેલ કર્મોનું ફળ આપ્યા વિના ખરી જવું જેવી બાકીની બે પ્રકારની અવિપાક નિર્જરા હોય છે.

આ નીચે બારેય પ્રકારના તપની વ્યાખ્યા, સમજૂતી, તેનું ફળ અને નિશ્ચય-વ્યવહાર સ્વરૂપ આપવામાં આવે છે.

૧. ઉપવાસ

પોતાના શુદ્ધ સ્વરૂપના લક્ષે વિષય, કષાય અને આહારના ત્યાગને ઉપવાસ નામનું તપ કહે છે.

ઉપવાસમાં ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય અને પાન (એટલે કે પીણુ, પાણી) એ ચારેય પ્રકારના આહાર એટલે કે અશનનો ત્યાગ હોવાથી તેને **અનશન** પણ કહે છે.

ઉપ એટલે પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વરૂપની પાસે અને **વાસ** એટલે વસવુ તે. પોતાના શુદ્ધ સ્વરૂપના વસવાટના લક્ષે વિષય, કષાય અને આહારનો ત્યાગ તે ઉપવાસ છે. વિષય-કષાયના ત્યાગ વિના માત્ર આહારનો ત્યાગ એ ઉપવાસ

નથી. પોતાના શુદ્ધ સ્વરૂપના લક્ષ વિના અન્ય કોઇ પ્રયોજનાર્થે આહારનો ત્યાગ કરવામાં આવે કે કોઇ સંજોગોવશાત્ આહારનો યોગ ન બને તો તેને પણ ઉપવાસ કહી શકાતું નથી.

પોતાના શુદ્ધાત્મસ્વભાવની રુચિ, લક્ષ કે આશ્રયપૂર્વક થતો આહારની ઇચ્છાના અભાવપૂર્વક આહારનો ત્યાગ એ ઉપવાસ નામનું તપ છે. એ સિવાય કોઇ રીતે ભૂખે મરવું તે ઉપવાસ નથી.

આત્માના લક્ષ કે રુચિ વિના કોઇ દેખાદેખીથી, રૂઢિથી, પરંપરાથી, મોટાઇ દેખાડવા કે બીજા કોઇ કારણસર ઉપવાસ કરે અને ઉપવાસને યોગ્ય પોતાની અંતરંગ-બાહ્ય શક્તિ ન હોય તેના કારણે અંદરમાં આહારની ઇચ્છા ઉભી હોય અને આહાર વગર અણગમાનો કલુષિત ભાવ થાય અને ઉપવાસનો દિવસ જેમ-તેમ જલ્દીથી પૂરો કરવાનો ભાવ રહે તો તેવા ઉપવાસથી પુણ્ય તો દૂર રહ્યું પણ ઉલટાનું પાપ થાય છે.

વર્તમાનકાળ અનુસાર સામાન્યપણે એક દિવસમાં બે ટંક ભોજન માનવામાં આવે છે. એક દિવસના ઉપવાસમાં ત્રણ ટંક છોડીને ચોથા ટંકે ભોજન લેવાનું બને છે. તેથી એક દિવસના ઉપવાસને ચતુર્થ પણ કહે છે. તે રીતે બે દિવસના ઉપવાસમાં પાંચ ટંક છોડીને છઠ્ઠા ટંકે ભોજન લેવાનું હોય છે. તેથી તે છઠ્ઠ તરીકે ઓળખાય છે. તે રીતે ત્રણ દિવસના ઉપવાસમાં આઠમા ટંકે ભોજન સંભવે છે. તેથી તે અઠ્ઠમ તરીકે પણ ઓળખાય છે.એક મહિનાના ઉપવાસને માસક્ષમણ અને એક વરસના ઉપવાસને વરસીતપ કહે છે. આ ઉપરાંત કનકાવલી, એકાવલી વગેરે પણ કાળની મર્યાદા ધરાવતા ઉપવાસના પ્રકાર છે.

પોતના શુદ્ધ સ્વરૂપમાં વસવાટરૂપ વીતરાગભાવ જ નિશ્ચયથી ઉપવાસ તપ છે અને આવા નિશ્ચય તપપૂર્વક આહારની ઇચ્છા અને આહારની ક્રિયાના અભાવરૂપ શુભભાવ એ વ્યવહારથી ઉપવાસ તપ છે.

૨. અવમૌદર્ય

પોતના શુદ્ધ સ્વરૂપના લક્ષે પોતાની ભૂખ કરતાં અડધો આહાર લેવો તેને અવમૌદર્ય તપ કહે છે.

અવમૌદર્યમાં ઉદરની પૂર્તિમાં ઊણપ રાખવાની હોવાથી તે **ઊણોદરી** તરીકે પણ ઓળખાય છે.

ઉદરપૂર્તિ માટે સામાન્યપણે પુરૂષોનો બત્રીસ કોળીયા જેટલો અને સ્ત્રીઓનો અઠ્ઠાવીસ કોળીયા જેટલો આહાર આવશ્યક મનાય છે. આમાં પોતાને જે સ્વાભાવિક આહાર હોય તેના કરતા અડધો આહાર લેવો તે અવમૌદર્ય તપ છે.

આહારના સંપૂર્ણ ત્યાગ કરવા કરતાં ભૂખથી ઓછો આહાર ગ્રહણ કરવો તે આહારની ગૃદ્ધિ ઘરાવતી વ્યક્તિ માટે મુશ્કેલ બાબત હોય છે. તેથી ઉપવાસ કરતાંય અવમૌદર્ય તપ ઊંચા પ્રકારનું છે. બારેય પ્રકારના તપ ક્રમિકપણે એકબીજાથી ઉત્તરોતર ચઢિયાતા માનવામાં આવે છે.

બીજી કોઇ પણ તપની જેમ અવમૌદર્ય તપ સંયમમાં સાવધાન રખાવવામાં, દોષોને દૂર કરાવવા, સંતોષ કેળવવામાં અને સ્વાધ્યાયાદિની ધાર્મિક પ્રવૃત્તિ સુખપૂર્વક કરાવવામાં સહાયભૂત છે.

સામાન્યપણે ભરપેટ કે અતિમાત્રામાં આહાર કરવાથી અનેક રોગો થાય છે. ઘનિક લોકો વધુ ખાઇને વધુ માંદા પડે છે અને ગરીબ લોકો અર્ધા ભૂખ્યા સૂએ તોય ઓછા માંદા પડે છે. વિશ્વમાં ભૂખમરાથી જે મોત થાય છે તેનાથી અનેકગણાં વધુ મોત વધુ ખાવાથી

થાય છે. આ રીતે ઉણોદરી તપ આરોગ્ય માટે પણ ઉપકારક છે.

નિશ્ચયથી પોતાના શુદ્ધ સ્વરૂપના આશ્રયે અનંતાનુબંધી આદિ કષાયોમાં ઘટાડો થવારૂપ વીતરાગભાવ જ અવમૌદર્ય તપ છે. અને આવા નિશ્ચય અવમૌદર્ય તપપૂર્વક આહારની આસક્તિ અને આહારની માત્રામાં ઘટાડો થવારૂપ શુભભાવ તે વ્યવહારથી અવમૌદર્ય તપ છે.

૩. વૃત્તિપરિસંખ્યાન

પોતાના શુદ્ધ સ્વરૂપના લક્ષે આહારની ઈચ્છા ઉપર વિજય મેળવીને કોઈ પ્રકારના અભિગ્રહ, નિયમ કે પ્રતિજ્ઞાપૂર્વક આહાર લેવો તે વૃત્તિપરિસંખ્યાન નામનું તપ છે.

અમુક સ્થળેથી અમુક પ્રકારના દાતાના હાથે, અમુક પ્રકારનું ભોજન લેવું જેવા નિયમ કરીને તે પ્રકારની વિધિ મળે તો જ આહાર ગ્રહણ કરવો તેવા સંકલ્પને વૃત્તિપરિસંખ્યાન તપ કહે છે. આહારસંજ્ઞાને જીતવા માટે આવું તપ કયારેક કરવામાં આવે છે.

વૃત્તિપરિસંખ્યાન તપથી સંયમની સાધના સુખરૂપ થાય છે. તેમ જ આહાર અને દાતાર સંબંધીનો કોઇ રાગ રહેતો નથી.

તીર્થંકર ભગવાન મહાવીરે મુનિદશામાં એક સમયે માથે મુંડાયેલી, બેડીથી બંધાયેલી, દાસીના રૂપમાં ત્રણ દિવસની ઉપવાસી રાજકુમારી આહારદાન કરાવે તો જ આહાર ગ્રહણ કરવો તેવો આકરો અભિગ્રહ ધારણ કર્યો હતો. તેઓ કૌશામ્બી નગરીમાં આહાર માટે આવતાં પણ અભિગ્રહ અનુસારનો આહારનો યોગ ન થવાથી પરત જતા. પોણા બસો દિવસના ઉપવાસ પછી તીર્થંકર મુનિરાજ વર્ધમાનકુમારને પોતાના અભિગ્રહ અનુસાર સતી ચંદનાના હાથે પારણું થયેલું તે બાબત પ્રસિદ્ધ છે. તે એક વૃત્તિપરિસંખ્યાન તપનું ઉદાહરણ છે.

નિશ્ચયથી રાગાદિ વિકલ્પો પર વિજય મેળવીને વિકલ્પોમાં રોકાયેલી વૃત્તિને મર્યાદામાં લાવવારૂપ વીતરાગભાવ જ વૃત્તિપરિસંસ્થાન તપ છે. આવા નિશ્ચય તપપૂર્વક આહારની વૃત્તિ પર વિજય મેળવીને કોઇ પ્રકારના નિયમપૂર્વક આહાર લેવારૂપ શુભભાવ તે વ્યવહારથી વૃત્તિપરિસંખ્યાન તપ છે.

૪. રસપરિત્યાગ

આત્મિક અતીન્દ્રિય આનંદના રસ પાસે ઇન્દ્રિયના રસને વિષ સમાન જાણી રસની લોલુપતાના ત્યાગપૂર્વક નીરસ આહારનું ગ્રહણ કરવો તે રસપરિત્યાગ નામનું ચોથું તપ છે.

તીખો, કડવો, કષાયેલો, ખારો, ખાટો અને મધુર એ છ પ્રકારના રસ પૈકી અથવા દુધ, દહીં, ઘી, તેલ, ગોળ અને લવણ એ છ પદાર્થ પૈકી કોઇનો ત્યાગ કરવોએ રસપરિત્યાગ નામનું તપ છે. રસપરિત્યાગમાં સઘળાં રસનો ત્યાગ ન હોય તોય તેની આસક્તિનો અભાવ તો હોય જ છે.

જગતમાં કહેવાય છે કે **'જેણે જીભ જીતી તેણે જગ જીત્યુ'** એટલે એક રસના ઇન્દ્રિયને જીતવાથી બધી ઇન્દ્રિયો જીતી શકાય છે. આવો ઇન્દ્રિયવિજયી સંયમની સાધના સારી રીતે કરી શકે છે. સંયમની સાધના ઉપરાંત જિતેન્દ્રિયપણું, શરીરના તેજનું વધવું, નિદ્રા પર કાબુ, સુખપૂર્વક સ્વાધ્યાય વગેરેની ઉપલબ્ધિ રસપરિત્યાગ તપના પરિણામે હોય છે.

નિશ્ચયથી સાસાંરિક વિષયજન્ય રસનો ત્યાગ કરીને વીતરાગી શાંતરસમાં નિમગ્ન રહેવું તે રસપરિત્યાગ તપ છે. આવા વીતરાગી નિશ્ચય તપપૂર્વક છ પ્રકારના રસ પૈકી કોઇ પ્રકારના રસના ત્યાગપૂર્વક નીરસ આહાર લેવારૂપ શુભ-ભાવને વ્યવહારથી રસપરિત્યાગ તપ કહે છે.

૫. વિવિક્ત શય્યાસન

પોતાના શુદ્ધ સ્વભાવના લક્ષે ચિત્તની વ્યગ્રતાને રોકવા માટે વિવિક્ત સ્થાન પર સૂવા કે બેસવાનું રાખવું તે વિવિક્ત શય્યાસન નામનું તપ છે.

નિર્જન, નિર્મળ અને નિરાળા સ્થાનને વિવિક્ત કહે છે. વિવિક્ત સ્થાને શય્યા કે આસન રાખવું તે વિવિક્ત શય્યાસન છે.

પર્વતની ગુફા, ઝાડની બખોલ, નદીનો કિનારો, નગરના સીમાડે આવેલ નિર્જન ઉધાન, ભયાનક જંગલ, ખાલી મકાન, સ્મશાનભૂમિ જેવા સ્થાનો વિવિક્ત શય્યાસન માટે યોગ્ય છે. કોલાહલ, ઉપદ્રવ, મનુષ્યોનો મેળો, અસંયમી જીવોનો સહવાસ જેવાં ધ્યાન-અધ્યયનમાં બાધારૂપ સ્થાનો વિવિક્ત શય્યાસન માટે યોગ્ય નથી.

વિવિક્ત શય્યાસન સંયમી જીવને રાગ-દ્વેષ અને તેના કારણે થતી ચિત્તની વ્યગ્રતાથી બચાવે છે. નિર્બાધ બ્રહ્મચર્યની જાળવણી માટે, ધ્યાન-અધ્યયનની સુવિધા માટે, સ્ત્રીઓ અને અસત્ય પુરૂષોના સંપર્કથી બચવા માટે, મન-વચન - કાયાની અશુભ પ્રવૃત્તિઓને રોકવા માટે તે ઉપયોગી છે.

નિશ્ચયથી પોતાના શુદ્ધ સ્વરૂપમાં વસવારૂપ વીતરાગભાવ જ વિવિક્ત શય્યાસન તપ છે. આવા નિશ્ચય તપપૂર્વક વિવિક્ત સ્થાનમાં વસવારૂપ શુભભાવ તે વ્યવહારથી વિવિક્ત શય્યાસન તપ છે.

૬. કાયક્લેશ

પોતના શુદ્ધાત્મસ્વભાવના લક્ષે પોતાની શક્તિ અનુસાર આકરા શારીરિક કષ્ટને સહન કરવા તે કાયક્લેશ નામનું તપ છે.

પોતાના શરીરને જાણી જોઇને આકરા કષ્ટ સહન કરાવવા તે કાયકલેશ તપ છે. કાયાને કષ્ટ અપાવનારા અનેક ઉપાયો દ્વારા કાયકલેશ તપ હોય છે. તેમાં મુખ્યત્વે છ પ્રકારના ઉપાયો આ પ્રમાણે છે :

૧. અયન ૨. શયન ૩. આસન ૪. અવસ્થાન ૫. અવગ્રહ અને ૬. યોગ

૧. અયન : એક સ્થાનેથી બીજા સ્થાને જવા માટે કરવામાં આવતાં ગમન કે વિહારને અયન કહે છે.

સૂર્યના પ્રખર તાપમાં આહાર માટે બીજા ગામે જઇ પોતાના સ્થાનમાં પરત આવવું તે અયન સબંધી કાયકલેશ તપ છે.

૨. શયન : સૂવાની સ્થિતિને શયન કહે છે.

લગડશય્યા એટલે શરીર સંકોચીને સૂવું, ઉત્તાન શય્યા એટલે કે ઉપરની તરફ મુખ રાખીને સૂવું, અવાક્શય્યા એટલે કે નીચેની તરફ મુખ રાખીને સૂવું, શબશય્યા એટલે કે મડદાની જેમ નિશ્ચેષ્ટ થઇને સૂવું, એકપાર્શ્વશય્યા એટલે કે માત્ર એક જ પડખે સૂવું, અવકાશશય્યા એટલે કે ખુલા આકાશની નીચે સૂવું વગેરે શયન સંબંધી કાયકલેશ તપ છે.

૩. આસન : બેસવાની સ્થિતિને આસન કહે છે.

પદ્માસન, ગોદોહનઆસન, ઉત્કટિકાસન, મકરમુખાસન, હસ્તિસૂંઢાસન, ગોશય્યાસન, અર્ધપર્યંકાસન, વીરાસન, દંડાસન વગેરે આસન સંબંધી કાયકલેશ તપ છે.

૪. અવસ્થાન : કાયોત્સર્ગપૂર્વક ઊભા રહેવાની પદ્ધતિને અવસ્થાન કહે છે.

સાધાર એટલે કે કોઇના ટેકામાં ઉભા રહેવું, સવિચાર એટલે કે પહેલા થોડું ચાલીને પછી ઉભા રહેવું, સન્નિરોધ એટલે કે નિશ્ચલ ઉભા રહેવું, વિસૃષ્ટાંગ એટલે કે શરીરને ઢીલું કરીને ઉભા રહેવું, એકપાદ એટલે કે એક પગે ઉભા રહેવું, સમપાદ એટલે કે બન્ને પગે ઉભા રહેવું, પ્રસારિતબાહૂ એટલે કે ગીધની માફક બન્ને હાથ ફેલાવીને ઊભા રહેવું વગેરે અવસ્થાન સંબંધી કાયકલેશ તપ છે.

૫. અવગ્રહ : અનેક પ્રકારે શારીરિક બાધાઓને સહન કરવી તે અવગ્રહ છે.

થૂંક-કફ ન કાઢવા, છીંકને રોકી રાખવી, આળસ ન મરડવી, ખાજ ન ખુજાવવી, ફાંસ કે કાંટો વાગે તોપણ ખેદ ન પામવું, રાત્રે જાગરણ કરવું, યથાસમયે કેશલોંચ કરવા, સ્નાન ન કરવું, દાતણ ન કરવું વગેરે અવગ્રહ સંબંધી કાયકલેશ તપ છે.

૬. યોગ : ઠંડી, ગરમી, વરસાદ જેવી ઋતુઓની બાધાઓને સહન કરવી તે યોગ છે.

આતાપન યોગ એટલે કે ગ્રીષ્મઋતુમાં સૂર્યના પ્રખર તાપમાં પર્વતની ટોચ ઉપર ઉભા રહેવું, શીતયોગ એટલે કે શિયાળામાં નદી કિનારે, ધ્યાન ધરવું, વૃક્ષમૂલયોગ એટલે કે વર્ષાઋતુમાં વૃક્ષની બખોલમાં બેસવું વગેરે યોગ સંબંધી કાયકલેશ તપ છે.

કાયકલેશમાં કલેશ શબ્દ હોવાથી કેટલાક તેને કષ્ટદાયક માને છે. વાસ્તવમાં કાયકલેશ સહિતનું કોઇપણ તપ કયારેય કષ્યદાયક હોતું નથી. કાયાને કષ્ટ આપવાથી આત્માને દુઃખ થતું હોય તો તેવું તપ લાભપ્રદ બની શકે નહિ પરંતુ કાયાથી ભિન્ન શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ કરવા માટે જ્ઞાની ધર્માત્મા શુદ્ધાત્મસ્વભાવના આશ્રયે કાયાપ્રત્યેનો મોહ મટાડી શક્તિ અનુસાર શરીરને કષ્ટ આપવારૂપ શુભભાવ કરે છે તે કાયકલેશ તપ છે. તે સમયે શરીરના કષ્ટથી આત્માને કોઇ ખેદ કે દુઃખ થતું નથી અને પૂર્વબદ્ધ કર્મો ઉદીરણા થઇને નિર્જરી જાય છે.

કાયકલેશ તપ કરવાથી દેહદુઃખને સહન કરવાની શક્તિ કેળવાય છે. કાયકલેશમાં હાથે કરીને કષ્ટ સહન કરવામાં આવે છે. ઉપસર્ગમાં અન્યકૃત આપત્તિ હોય છે. પરિષહમાં કુદરતી પ્રકોપ હોય છે. કાયકલેશ કરનારો ઉપસર્ગ કે પરિષહ આવી પડે ત્યારે અડગ રહી શકે છે. આ ઉપરાંત કાયકલેશ તપ કરવાથી શરીરનું શાતાશીલિયાપણું ટળી જાય છે. રોગાદિના સમયે કાયર થવાતું નથી. અને અંતરંગ તપની શક્તિ વધે છે. ખાસ કરીને ધ્યાનના અભ્યાસ માટે તે અત્યંત ઉપકારી છે.

નિશ્ચયથી શરીર પ્રત્યેનો મોહ મટાડી શરીરની પ્રતિકુળતા વખતે પણ શરીર પ્રત્યેનું લક્ષ નહિ રાખી પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિરતારૂપ વીતરાગભાવ જ કાયકલેશ તપ છે. આવા નિશ્ચય તપપૂર્વક પોતાની શક્તિ અનુસાર હાથે કરીને

કાયાને કષ્ટ આપવારૂપ શુભભાવ વડે કોઇ પ્રકારે ખેદ ન પામવું તે વ્યવહારથી કાયકલેશ તપ છે.

બાર પ્રકારના તપ પૈકી પ્રથમ પૈકી પ્રથમ છ પ્રકારના બાહ્ય તપની ચર્ચા અહીં પૂરી થઇ. આ બાહ્ય તપ જો આભ્યંતર તપ સહિત હોય તો જ કર્મની નિર્જરાનું કારણ બને છે. તેથી તે આભ્યંતર તપ સહિત જ કાર્યકારી અને સફળ બને છે. તે છ પ્રકારના આભ્યંતર તપની ચર્ચા હવે કરવામાં આવે છે.

૭. પ્રાયશ્ચિત

પ્રતિસમય થતાં અંતરંગ દોષો અને કયારેક થતા બ્રાહ્ય દોષોથી નિવૃત થઈને તેનું અંતર્શોધન કરવા માટે કરવામાં આવતાં પશ્ચાતાપ કે દંડરૂપ ઉપવાસાદિના ગ્રહણને પ્રાયશ્ચિત તપ કહે છે.

પ્રાયશ્ચિત = પ્રાયઃ + ચિત્ત. અહીં પ્રાયઃ એટલે દોષ અને ચિત્ત એટલે શુદ્ધિ છે. પોતાના દોષોની શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત છે. પોતાના દોષો અંતરંગ અને બાહ્ય એમ બે પ્રકારે હોય છે.

પોતાના શુદ્ધ સ્વભાવનો ઘાત થવો અને તેના કારણે પોતાના શુદ્ધ સ્વભાવ જેવી શુદ્ધતા અને પૂર્ણતા પ્રગટ ન થવી તે અંતરંગ દોષ છે. જ્ઞાનીને પણ સાધક અવસ્થા સાથે બાધક અવસ્થા પણ હોય છે. તેથી અંતરંગ દોષો નિરંતર રહ્યા કરે છે. આ દોષો માટે આત્મનિંદા, ગર્હાદિરૂપ પ્રશ્વાતાપ જ તેનું પ્રાયશ્ચિત છે.

વ્રત, નિયમ, પ્રતિજ્ઞા વગેરેમાં કોઇ અતિચાર થવા જેવા બાહ્ય દોષોના શુદ્ધિકરણ માટેના પ્રાયશ્ચિત અનેક પ્રકારે છે. તેમાં મુખ્યત્વે નવ પ્રકાર નીચે મુજબ છે-

૧. આલોચના ૨. પ્રતિક્રમણ ૩. તદુભય ૪. વિવેક ૫. વ્યુત્સર્ગ ૬. તપ ૭. છેદ ૮. પરિહાર અને ૯. ઉપસ્થાપના.

૧. આલોચના : પોતાના દોષની કબુલાતને **આલોચના** કહે છે.

પ્રમાદથી થયાલા દોષને ગુરુની પાસે જઇને નિષ્કપટપણે પ્રગટ કરવા તે આલોચના નામનું પ્રાયશ્ચિત તપ છે.

૨. પ્રતિક્રમણ : પોતાના દોષ માટે માફી માંગવી તે **પ્રતિક્રમણ** છે.

પોતે કરેલા દોષો મિથ્યા થાઓ એવી આલોચનાપૂર્વકની ભાવના અને પ્રાર્થના તે પ્રતિક્રમણ નામનું પ્રાયશ્ચિત તપ છે.

૩ તદુભય : આલોચના અને પ્રતિક્રમણ બન્ને એક સાથે ગુરુની સમક્ષ કરવામાં આવે તે **તદુભય** છે.

પોતાના દોષની આલોચના અને પ્રતિક્રમણ બન્ને ગુરુની સમક્ષ તેમની આજ્ઞા અનુસાર કરવામાં આવે તે તદુભય નામનું પ્રાયશ્ચિત તપ છે.

૪. વિવેક : દોષના કારણને ઓળખીને તેનાથી દૂર રહેવાનો ઉપાય કરવો તે **વિવેક** છે.

જે દ્રવ્ય, ક્ષેત્ર, ખાન, પાન કે ઉપકરણાદિના કારણે દોષ થતો હોય તેને ઓળખી તેનાથી અલગ રહેવાનો ઉપાય કરવો તે વિવેક નામનું પ્રાયશ્ચિત તપ છે.

૫. વ્યુત્સર્ગ : અમુક કાળ સુધીના કાયોત્સર્ગને **વ્યુત્સર્ગ** કહે છે.

શરીર પરનું મમત્વ છોડીને, ઉપસર્ગ, આદિને જીતીને નિશ્ચલપણે ઉભા રહેવું તે કાર્યોત્સર્ગ છે. પોતાના દોષને દૂર કરવા માટે નિશ્ચિત સમય સુધી કાયોત્સર્ગ કરવામાં આવે તો તે વ્યુત્સર્ગ નામનું પ્રાયશ્ચિત તપ છે.

૬. તપઃ ઉપવાસાદિ બાર પ્રકારના શુભભાવને **તપ** કહે છે.

પોતાના દોષને દંડવા માટે પોતાની જાતે ઉપવાસાદિ તપ કરવા તે તપ નામનું પ્રાયશ્ચિત તપ છે.

૭. છેદ : પોતાના દોષના કારણે પોતાને દંડવા માટે પોતાની પદવીથી નીચેલી પદવીનો સ્વીકાર કરવો તે **છેદ** છે.

પોતાના દોષ અનુસાર પોતાની જાતે કે ગુરુ દ્વારા અમુક સમય સુધી પોતાની ભૂમિકા કે પછીથી નીચેની ભૂમિકા કે પદવીમાં પોતાને સ્થાપિત કરવો તે છેદ નામનું પ્રાયશ્ચિત તપ છે.

૮. પરિહાર : અમુક સમય સુધીના અલગપણાને **પરિહાર** કહે છે.

પોતાના દોષ દૂર ન થાય ત્યાં સુધી પોતાના સંઘથી અગલ થઇ જવું કે દોષને દૂર કરવા માટે નિયત કાળ સુધી સંઘથી અલગ થઇ જવું તે પરિહાર નામનું પ્રાયશ્ચિત તપ છે.

૯. ઉપસ્થાપના : ફરી નવેસરથી પોતાની પદવીમાં પ્રસ્થાપિત થવું તે **ઉપસ્થાપના** છે.

પોતામાં કોઇ દોષ જણાતા પોતાની દીક્ષાનો સંપૂર્ણ છેદ કરવો અને દોષ દૂર થયા પછી તે જ દીક્ષાને ફરી નવેસરથી ગ્રહણ કરવી તે ઉપસ્થાપના નામનું પ્રાયશ્ચિત તપ છે.

પોતાનો પ્રમાદ, શલ્ય જેવા અનેક દોષો નિવારવા, મર્યાદાનું પાલન કરાવવા, સંયમની દૃઢતા અને સાધનાની સિદ્ધિ જેવા કાર્યો માટે પ્રાયશ્ચિત તપ જરૂરી છે.

નિશ્ચયથી સમસ્ત રાગાદિ દોષોને દૂર કરીને પોતાના નિર્વિકાર શુદ્ધ સ્વરૂપમાં રહેવારૂપ વીતરાગભાવ જ પ્રાયશ્ચિત તપ છે. આવા નિશ્ચય પ્રાયશ્ચિત તપપૂર્વક પોતાના બાહ્ય દોષોને નિવારવા માટે આલોચના, પ્રતિક્રમણ જેવા શુભભાવો તે વ્યવહારથી પ્રાયશ્ચિત તપ છે.

૮. વિનય

મોક્ષમાર્ગના સાધનો અને પૂજ્ય પુરુષોનો યથાયોગ્ય વિનય કરવો તે વિનય તપ છે.

વિનયમાં આદર, સત્કાર, નમ્રતા, સભ્યતા, વિવેક વગેરેનો સમાવેશ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષમાર્ગના સાધનો છે. જ્ઞાની ધર્માત્માઓ અને પંચ પરમેષ્ઠી પૂજ્ય છે. તેમના પ્રત્યે મન-વચન-કાયાથી નમ્રભાવે નમસ્કાર, આદર, સત્કાર વગેરેને વિનય નામનું તપ કહે છે.

વિનય તપનું આચરણ મુખ્યત્વે ચાર પ્રકારે છે:

૧. જ્ઞાન વિનય ૨. દર્શન વિનય ૩. ચારિત્ર વિનય અને ૪. ઉપચાર વિનય

૧. જ્ઞાન વિનય : સમ્યગ્જ્ઞાનના સાધનભૂત સત્શાસ્ત્રોનો યોગ્યકાળમાં આદરપૂર્વક અભ્યાસ, તત્ત્વજ્ઞાનનું યથાર્થ ગ્રહણ, પાઠનું શુદ્ધ ઉચ્ચારણ વગેરેને **જ્ઞાન વિનય** કહે છે.

૨. દર્શન વિનય : નિર્મળ સમ્યગ્દર્શનને ધારણ કરવું અને જાળવી રાખવું તે **દર્શન વિનય** છે.

૩. ચારિત્ર વિનય:નિશ્ચય-વ્યવહાર સમ્યક્ચારિત્રનું નિર્દોષ પાલન તે **ચારિત્ર વિનય** છે.

૪. ઉપચારવિનય : મોક્ષમાર્ગી મહાત્મા કે અન્ય માત-પિતા જેવા વડીલોને જોઈને ઉભા થઈ જવું, નમસ્કાર કરવા વગેરેને **ઉપચાર વિનય** કહે છે.

વિદ્યા વિનયથી શોભે છે, વિનય વિના કોઇ વિદ્યા, જ્ઞાન, આચાર, આરાધના આદિ સંભવતા પણ નથી. મોક્ષમાર્ગી મહાત્મા પ્રત્યેના વિનય વિના તેમના ગુણો કદાપિ ગ્રહણ થઇ શકતા નથી. અને તેથી મોક્ષમાર્ગ સાધી શકાતો નથી. તેથી વિનયને મોક્ષમાર્ગનું દ્વાર પણ કહેવાય છે. વિનયના આધારે જ આત્માના અનેક ગુણોની પ્રગટતા છે.

નિશ્ચયથી પોતાના ત્રિકાળ સ્વરૂપનો આદર કરવાથી ઉત્પન્ન થતો વીતરાગીભાવ જ વિનય તપ છે. આવા નિશ્ચય વિનયપૂર્વક ઉપરોકત ચાર પ્રકારનો શુભરાગરૂપ વિનય તે વ્યવહારથી વિનય તપ છે.

૯. વૈયાવૃત્ય

ગુણાનુરાગી થઈને શક્તિ-ભક્તિપૂર્વક સંયમી પુરુષોની સેવા-સુશ્રુષા કરવી તેને વૈયાવૃત્ય તપ કહે છે.

ગુણી પુરુષોના ગુણોને ગ્રહણ કરવા માટે ગુણાનુરાગી થઇને તેમની ભક્તિપૂર્વક પોતાની શક્તિ અનુસાર જે કોઇ સેવા-ચાકરી થઇ શકે તે કરવી તે વૈયાવૃત્ય તપ છે.

સંયમી પુરુષો અને તેમાં પણ જે કોઇ અશક્ત, વૃદ્ધ, રોગી કે બાળ હોય અને કોઇ સેવાની અપેક્ષા ધરાવતા હોય તેમને સૂવા-બેસવાના સ્થાનની વ્યવસ્થા કરવી, તેમના હાથ-પગ દબાવવા, તેમને નિર્દોષ આહાર-ઔષધ પૂરા પાડવા, તેમના મળ-મૂત્ર સાફ કરવા અને કોઇ વખત સંયમમાં શિથિલ થતાં જણીને તેમને યથાર્થ ઉપદેશ વડે ફરી પાછા સંયમમાં સાવધાન કરવા કે સ્થાપિત કરવા જેવા કાર્યો વૈયાવૃત્યને યોગ્ય મનાય છે.

સંયમી પુરુષોની વૈયાવૃત્ય કરવાથી તેમના ગુણરૂપ પોતાના પરિણામ થાય છે. આ ઉપરાંત શ્રદ્ધા, વાત્સલ્ય, ભક્તિ, પાત્રલાભ, રત્નત્રયનું સંધાન, તપ, પૂજા, ધર્મ આરાધનાની અખંડતા, સમાધિ, તીર્થંકરોની આજ્ઞાનું અનુપાલન, સંયમમાં સહાય, દાન, નિર્વિચિકિત્સા, પ્રભાવના, કાર્યની પૂર્ણતા જેવા ગુણોનો લાભ થાય છે.

નિશ્ચયથી પોતાના શુદ્ધ સ્વરૂપની સેવા કરવારૂપ વીતરાગભાવ જ વૈયાવૃત્ય તપ છે. આવા નિશ્ચય વૈયાવૃત્ય તપપૂર્વક સંયમી પુરૂષોની યથાયોગ્ય સેવા-ચાકરી કરવાનો શુભભાવ તે વ્યવહારથી વૈયાવૃત્ય તપ છે.

૧૦. સ્વાધ્યાય

આત્મહિત માટે કરવામાં આવતા સત્શાસ્ત્રના અધ્યયનને સ્વાધ્યાય તપ કહે છે.

આત્માનું હિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ અને મોક્ષમાં છે. આત્માના આ પ્રકારના

હિત માટે સત્શાસ્ત્રનું અધ્યયન આવશ્યક છે. શાસ્તા પુરુષના વચનને સત્શાસ્ત્ર કહે છે. જેનું શાસન ચાલતું હોય તેને શાસ્તા પુરુષ કહે છે. પારમાર્થિક પંથમાં જિનેન્દ્રભગવાનનું શાસન ચાલતું હોવાથી તેઓ શાસ્તા પુરુષ છે. આ જિનેન્દ્ર ભગવાનની દિવ્યધ્વનિ અનુસાર ગણધર, આચાર્ય દ્વારા થયેલી રચના એ સત્શાસ્ત્ર છે. સમયસારાદિ શાસ્ત્રનો સત્શાસ્ત્રમાં સમાવેશ છે. આ સત્શાસ્ત્રના અધ્યયનને સ્વાધ્યાય કહે છે.

સત્શાસ્ત્રની વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને તેનો ધર્મોપદેશ પણ સ્વાધ્યાયમાં સમાય છે.

બારેય પ્રકારના તપમાં સ્વાધ્યાયને શ્રેષ્ઠ માનવામાં આવે છે. ચિત્તની સ્થિરતા માટે તે અત્યંત ઉપકારી છે. સ્વાધ્યાય પહેલા ઉપવાસાદિ તપો સ્વાધ્યાયની સાનુકુળતા કરાવે છે અને તેઓ સ્વાધ્યાય સહિત હોય તો સફળ થાય છે. સ્વાધ્યાય પછીના વ્યુત્સર્ગ અને ધ્યાન એ સ્વાધ્યાયના કારણે સંભવે છે. યથાવિધિ સ્વાધ્યાયનું ફળ સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ છે.

નિશ્ચયથી પોતાના શુદ્ધ સ્વરૂપની સમજણ, શ્રદ્ધાન અને સ્થિરતારૂપ વીતરાગભાવ જ સ્વાધ્યાય તપ છે. આવા નિશ્ચય સ્વાધ્યાય તપપૂર્વક સત્શાસ્ત્રોના અધ્યયન કરવારૂપ શુભભાવ એ વ્યવહારથી સ્વાધ્યાય તપ છે.

૧૧. વ્યુત્સર્ગ

બાહ્ય-અભ્યંતર ઉપધિના ત્યાગને **વ્યુત્સર્ગ** તપ કહે છે.

ઉપધિ એટલે પરિગ્રહ. ધન, ધાન્યાદિ, બ્રાહ્ય પરિગ્રહ અને મિથ્યાત્વ, કષાયાદિ અભ્યંતર પરિગ્રહના ત્યાગને વ્યુત્સર્ગ તપ કહે છે. મુનિદશામાં વ્યુત્સર્ગ કાયમ માટે હોય છે અને શ્રાવકને અમુક અંશે અમુક કાળની મર્યાદા સુધીનો હોય છે.

બંધના કારણભૂત દોષો અને દોષોના કારણોનો ત્યાગ કરવો તે વ્યુત્સર્ગ છે. આત્માના સઘળાં દોષો કાયાના કારણે થતા હોય છે. તેથી કાયાના ત્યાગથી જ વ્યુત્સર્ગ હોય છે. કાયાનો ત્યાગ મરણ થતાં પહેલા થતો નથી. પણ અહીં કાયા પ્રત્યેના એકત્વ-મમત્વના ત્યાગને જ કાયાનો ત્યાગ કહ્યો છે. આ પ્રકારે કાયાના ત્યાગને કાયોત્સર્ગ કહે છે અને આવા કાયોત્સર્ગપૂર્વક જ વ્યુત્સર્ગ તપ હોય છે.

વ્યુત્સર્ગ તપના પરિણામે નિસંગપણું, નિર્ભરપણું અને જિજીવિષાના અભાવ જેવા ગુણો હોય છે.

નિશ્ચયથી રાગના ત્યાગરૂપ વીતરાગભાવ જ વ્યુત્સર્ગ તપ છે. આવા નિશ્ચય વ્યુત્સર્ગ તપપૂર્વક કાયાદિ પ્રત્યેના મમત્વના ત્યાગરૂપ શુભભાવને વ્યવહારથી વ્યુત્સર્ગ તપ કહે છે.

૧૨. ધ્યાન

મનની એકાગ્રતાને ધ્યાન કહે છે. પંચપરમેષ્ઠી કે શુદ્ધાત્મામાં મનને એકાગ્ર કરવું તે ધ્યાન તપ છે.

एकाग्र चिन्ता निरोध ध्यानः ।

અર્થ : અન્ય સમસ્ત ચિંતાઓનો નિરોધ કરીને એકજ વિષયમાં પોતાના મનને એકાગ્ર એટલે કે સ્થિર કરવું તે ધ્યાન છે. (તત્વાર્થસૂત્ર : અધ્યાય ૯, સૂત્ર ૨૭)

ઉપરોક્ત સૂત્ર અનુસાર પોતાના ચિત્તને કોઇ એક જ વિષયમાં રોકી રાખવું તે ધ્યાન છે. પોતાનું ચિત્ત કોઇને કોઇ વિષયમાં રોકાયેલું રહેવાથી કોઇને કોઇ ધ્યાન અવશ્ય હોય છે. પણ અહીં કર્મની નિર્જરાના કારણભૂત ધ્યાનનો જ તપમાં સમાવેશ છે. શુદ્ધાત્મા કે તે શુદ્ધાત્માની પ્રગટતા કરવામાટે નિમિત્તભૂત પંચપરમેષ્ઠીનું ધ્યાન કર્મની નિર્જરાના કારણભૂત છે, જેને ધર્મધ્યાન કે શુકલધ્યાન કહે છે. તે સિવાયના સાંસારિક વિષયના ધ્યાનને આર્તધ્યાન કે રૌદ્રધ્યાન કહે છે, જે કર્મબંધનનું કારણ હોય છે.

શુદ્ધાત્માના આશ્રયે કે તેના સ્વરૂપના ચિંતવનના કારણે ચિત્તની સ્થિરતા કે એકાગ્રતા પ્રાપ્ત કરવાથી કર્મબંધન અટકે છે અને કર્મની નિર્જરા થાય છે. બારેય પ્રકારના તપમાં કર્મની નિર્જરાનું મુખ્ય કારણ આ પ્રકારનું ધ્યાન છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ ધ્યાનના કારણે હોય છે.

નિશ્ચયથી પોતાના શુદ્ધાત્મસ્વભાવમાં સ્થિરતારૂપ વીતરાગભાવ જ ધ્યાન તપ છે. આવા નિશ્ચય ધ્યાન તપપૂર્વક પંચપરમેષ્ઠી કે તત્ત્વના સ્વરૂપનું ચિંતવન કરી તેના દ્વારા શુદ્ધાત્મસ્વરૂપના ચિંતવનમાં મનને એકાગ્ર કરવારૂપ શુભભાવ તે વ્યવહારથી ધ્યાન તપ છે.

નિર્જરાભાવનાની ચિંતવન પ્રક્રિયા

જીવની શુદ્ધિની વૃદ્ધિને નિર્જરા કહે છે. નિર્જરા અવસ્થાનું ઉપાદેયપણું અને નિર્જરાના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવનું પરમ ઉપાદેયપણું વિચારવું તે નિર્જરાભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

જ્ઞાનીને સવિકલ્પ કે નિર્વિકલ્પ કોઇ પણ દશામાં નિરંતર નિર્જરા હોય છે. જ્ઞાનીના આવા સ્વરૂપનું ચિંતવન નિર્જરાભાવનામાં કરવામાં આવે છે.

અજ્ઞાની અનેક ભવોમાં જે કર્મોને ભોગવીને ખપાવે છે તે જ કર્મો જ્ઞાની પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત રહીને ઉચ્છ્વાસમાત્રમાં તેને ભોગવ્યા વિના ખપાવે છે. અજ્ઞાનીને અનેક ઉપવાસથી પણ જે વિશુદ્ધિ પ્રગટ થતી નથી તેનાથી અનેકગણી વિશુદ્ધિ જ્ઞાનીને ભોજન કરતાં પણ હોય છે.

જ્ઞાનીની પરિણતિ સાવ જુદી જ કામ કરે છે. તેથી તે દરેક સમયે નિર્જરા કરે છે. તેથી જ્ઞાનીના ભોગને પણ નિર્જરાનો હેતુ કહેવામાં આવ્યો છે. વાસ્તવમાં ભોગ નિર્જરાનું કારણ હોતો નથી. પણ જ્ઞાનીને ભોગ કે ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી. અનંતાનુબંધીનો અભાવ હોવાથી અભિપ્રાયપૂર્વકના રાગનો અભાવ છે. ભૂમિકા અનુસારનો અસ્થિરતાજન્ય અલ્પ રાગ હોય તોપણ તેની સાથેનું જોડાણ કે રાગનો રાગ નથી. તેને રાગ અને જ્ઞાન વચ્ચેનું ભેદજ્ઞાન નિરંતર હોય છે. જ્ઞાનીને ભોગ સમયે જૂના કર્મો ઉદયમાં આવીને ખરી જાય તેની સામે નવું કર્મબંધન ઘણું અલ્પ થાય છે. તેથી જ્ઞાનીના ભોગને પણ નિર્જરાનું કારણ માનવામાં આવે છે.

નિર્જરા વિના કોઇપણ પ્રકારે મોક્ષમાર્ગ અને મોક્ષ સંભવી શકતો નથી. મોક્ષનું સાક્ષાત્ કારણ નિર્જરા જ છે.તેથી પ્રગટ કરવાની અપેક્ષાએ નિર્જરા ઉપાદેય છે. અને નિર્જરાસ્વરૂપી શુદ્ધાત્મ-સ્વભાવ નિર્જરાનું આશ્રયસ્થાન હોવથી તે આશ્રયની અપેક્ષાએ પરમ ઉપાદેય છે. આ પ્રકારે નિર્જરાભાવનાની ચિંતવન પ્રક્રિયા હોય છે, જે જ્ઞાનીની ભૂમિકામાં જ મુખ્યત્વે હોય છે.

નિર્જરાભાવનાનું સાધન કે કારણ

નિર્જરાનું ઉપાદેયપણું અને નિર્જરાના આશ્રયભૂત નિર્જરાસ્વભાવી શુદ્ધાત્મસ્વભાવનું પરમ ઉપાદેયપણું ચિંતવવું તે નિર્જરાભાવનાની ચિંતવન પ્રક્રિયા છે. નિર્જરા ભાવનાની આ પ્રકારની ચિંતવન પ્રક્રિયા માટેનું સાધન કે કારણ નિર્જરાના સાધન કે કારણભૂત સમ્યક્ તપનું સ્વરૂપ અને તેની ભાવના છે. સમ્યક્ પ્રકારના તપ માટે મુનિદશા આવશ્યક છે. બાહ્ય પ્રકારના તપનું ઉત્તમ ઉદાહરણ મુનિદશામાં હોય છે. તપના કારણે પ્રચુર કર્મની નિર્જરા મુનિને હોય છે. તેથી સમ્યક્ પ્રકારના તપ અને તેના આરાધક મુનિનું સ્વરૂપ નિર્જરાભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બને છે.

કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

નિર્જરાનું સ્વરૂપ અને તેના ઉપાદેયપણા વિષેની સમજણ કેળવવા માટે કરવામાં આવતા ઉપાયને નિર્જરાભાવનાનો અભ્યાસ કહે છે. નિર્જરાભાવનાના અભ્યાસથી પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ, તેના આશ્રયે ઉત્પન્ન થતી નિર્જરાદશા અને તેના સાધનભૂત સમ્યક્ તપનું સ્વરૂપ સમજી શકાતું હોવાથી તે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે. તે આ રીતે...

નિર્જરા દશા પ્રગટ છે અને તેના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવ અપ્રગટ છે. પ્રગટ નિર્જરા દ્વારા અપ્રગટ એવા શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ કરી શકાય છે.

નિર્જરાભાવનાનો અભ્યાસ નિર્જરાનું સ્વરૂપ સમજાવી નિર્જરાતત્ત્વનું ઉપાદેયપણું બતાવે છે.

નિર્જરાભાવનાનો અભ્યાસ નિર્જરાના સાધન-ભૂત સમ્યક્ તપનું સ્વરૂપ પણ સમજાવનાર છે.

ઉપર મુજબ નિર્જરાભાવનાનો અભ્યાસ શુદ્ધાત્મસ્વભાવ, નિર્જરાતત્ત્વ અને સમ્યક્ તપનું સ્વરૂપ વગેરે વસ્તુનું પ્રયોજનભૂત સ્વરૂપ સમજાવનાર છે.

કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?

નિર્જરાભાવનાનો અભ્યાસ નિર્જરાતત્ત્વનું સ્વરૂપ અને તેનું ઉપાદેયપણું સમજાવનારો છે. નિર્જરાતત્ત્વના ઉપાદેયપણામાં ગૌણપણે બંધતત્ત્વનું હેયપણું પણ સમાય જાય છે. નિર્જરાતત્ત્વ સાક્ષાત મોક્ષસ્વરૂપે છે તેમ બંધતત્ત્વ સાક્ષાત્ સંસારસ્વરૂપે છે. તેથી બંધતત્ત્વનું હેયપણું એ સંસારનું જ હેયપણું છે. સંસારનું હેયપણું સમજતાં સંસાર પ્રત્યેની ઉદાસીનતા કે વૈરાગ્ય આપમેળે આવે છે. આ પ્રકારે નિર્જરાભાવનાનો અભ્યાસ સંસાર પ્રત્યેના વૈરાગ્યનું પણ કારણ છે.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

નિર્જરાભાવનાનું પ્રયોજન મુખ્યપણે નિર્જરાનું ઉપાદેયપણું અને નિર્જરાના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવનું પરમ ઉપાદેયપણું સમજાવવાનો છે. અને ગૌણપણે તેનું પ્રયોજન સંસાર પ્રત્યે વૈરાગ્ય પણ ઉત્પન્ન કરાવવાનો છે. આવા પ્રયોજનપૂર્વકનો નિર્જરાભાવનાનો અભ્યાસ કરવાથી તેના આગવા કે વિશેષ પ્રકારના બે ફળ નીચે મુજબ છે...

૧. તપનું સ્વરૂપ સમજાવે

૨. ઈચ્છાના નિરોધની ભાવના કરાવે

૧. તપનું સ્વરૂપ સમજાવે

ચૈતન્ય સ્વભાવનું નિસ્તરંગ પ્રતપનરૂપ વીતરાગભાવ એ જ નિશ્ચયથી તપ છે અને આવા નિશ્ચય તપપૂર્વક ઉપવાસાદિના બાર પ્રકારના શુભભાવ એ વ્યવહારથી તપ છે. નિર્જરાભાવનાનો અભ્યાસ આવા તપનું સ્વરૂપ સમજાવનારો છે.

तपसा निर्जराः च।(तत्वार्थसूत्र : ૯/૨૨)

એ સૂત્ર અનુસાર તપ જ સંવરપૂર્વકની નિર્જરાનું કારણ છે. નિશ્ચય તપથી ઉદયમાં આવેલ કર્મની અવિપાક નિર્જરા થાય છે તેમ જ પૂર્વબદ્ધ કર્મોની ઉદીરણા થઇને પણ તેની અવિપાક નિર્જરા થાય છે. શુભભાવરૂપ વ્યવહાર તપથી પૂર્વબદ્ધ કર્મોની સ્થિતિ-અનુભાગ ઘટવારૂપ કે પાપકર્મોનું પુણ્યમાં સંક્રમણ થવારૂપ નિર્જરા થાય છે. નિર્જરાભાવનાનો અભ્યાસ આ પ્રકારે નિર્જરાના કારણરૂપ તપનું યથાર્થ સ્વરૂપ સમજાવે છે.

૨. ઇચ્છાના નિરોધની ભાવના કરાવે

પાંચ ઇન્દ્રિયોના વિષયની આકાંક્ષાને ઇચ્છા કહે છે. આવી ઇચ્છાના અભાવપૂર્વક જ તપ સંભવે છે. અને તપના કારણે જ નિર્જરા હોય છે. નિર્જરાભાવનાનો અભ્યાસ તપનું સ્વરૂપ સમજાવે છે. તેમ તપના કારણભૂત ઇચ્છાના નિરોધની ભાવના પણ કરાવે છે.

ईच्छा निरोध तपः।

(મોક્ષપંચાશત : શ્લોક ૪૮ અને ધવલઃ ૧૩/૫,૪,૨૬/૫૪/૧૨)

એ સૂત્ર અનુસાર ઇચ્છાના નિરોધથી જ તપ હોય છે અને તપના કારણે જ નિર્જરા હોય છે. તેથી નિર્જરાભાવનાનો અભ્યાસ નિર્જરાના કારણભૂત તપનું સ્વરૂપ સમજાવે છે તેમજ તપના કારણભૂત ઇચ્છાના નિરોધની ભાવના પણ કરાવે છે.

ઉપસંહાર

ઉદયમાં આવેલ પૌદ્ગલિકકર્મનું ફળ આપ્યા વિના ખરી જવું કે સત્તામાં રહેલ પૌદ્ગલિકકર્મનું ક્ષીણ થવું તેને નિર્જરા કહે છે. વીતરાગભાવરૂપ નિશ્ચય તપથી પૌદ્ગલિકકર્મનું ફળ આપ્યા વિના ખરી જવારૂપ નિર્જરા અને શુભભાવરૂપ બાર પ્રકારના વ્યવહાર તપથી કર્મની ક્ષીણતારૂપ નિર્જરા હોય છે.

નિર્જરાભાવનાનો અભ્યાસ નિર્જરાનું સ્વરૂપ અને તેનું ઉપાદેયપણું સમજાવે છે અને નિર્જરા અવસ્થાના આધારભૂત શુદ્ધાત્મસ્વભાવની ઓળખાણ કરાવી તેનું પરમ ઉપાદેયપણું પણ સમજાવે છે.

સમ્યગ્દર્શનપૂર્વક સંવર સહિત જ નિર્જરા હોય છે. નિર્જરા માટે તપની આવશ્યકતા છે. તપ માટે સંયમની સાધના જરૂરી છે. સંયમની સાધના માટે મનુષ્યપણાની અનિવાર્યતા હોય છે. તેથી દુર્લભ મનુષ્યપણામાં સંયમની સાધના કરી શક્તિ અનુસાર તપ કરી કર્મની નિર્જરા વડે મનુષ્યજીવનને સફળ કરવો જોઇએ. ધાનતરાયના શબ્દોમાં...

तप चाहे सूरराय, करम शिखर को वज्र है ।
द्वादशविधि सुखदाय, क्यों न करे निज शक्ति सम ॥

ભાવાર્થ : સ્વર્ગના ઇન્દ્રો પણ તપને ઇચ્છે છે. કેમ કે, તપ જ અનાદિ સંચિત વિપુલ કર્મરૂપી પર્વતના ચૂરા કરવા માટે વજ્ર સમાન છે. તો પછી કર્મની નિર્જરાના કારણભૂત બાર પ્રકારના સુખદાયક તપની પોતાની શક્તિ અનુસાર આરાધના શા માટે ન કરવી જોઇએ? જરૂર કરવી જોઇએ. (ધાનતરાયકૃત દશલક્ષણ ધર્મની પૂજામાંથી)

❖ નિર્જરાભાવનાની કથા ❖

ભગવાન ઋષભદેવનો વૈરાગ્ય



ભવસાગરથી તરવાનો માર્ગ બતાવનાર આદિ તીર્થાધિનાથ ભગવાન ઋષભદેવે ધર્મતીર્થનું પ્રવર્તન કરી ધર્મયુગનો પ્રારંભ કર્યો. આ કાળે ધર્મતીર્થ ઉપરાંત દાનતીર્થની સ્થાપના પણ તેમના કારણે સૌ પ્રથમ થઇ. આ કાર્ય સાધવામાં તેમની નિર્જરાભાવનાના ચિંતવનનો અનન્ય ફાળો છે.

નિર્જરાભાવના ભાવવાના કારણે ભવતન–ભોગથી અત્યંત વિરક્ત થઇ મહારાજા ઋષભદેવે સ્વયં દિક્ષીત થઇ નિગ્રંથ દિગંબર જિનલિંગ ધારણ કર્યું. જિનલિંગ ધારણ કર્યા પછી તુરત જ ઋષભમુનિરાજે કર્મની નિર્જરા માટે દુર્ધર તપશ્ચર્યા આદરી અને છ મહિનાનો પ્રતિમાયોગ ધારણા કરી નિશ્ચલપણે કાર્યોત્સર્ગમુદ્રામાં મૌનપૂર્વક ઊભા રહ્યા.

તપોનિષ્ઠ તીર્થંકર મુનિરાજ ઋષભદેવને તપના પ્રભાવે કર્મની નિર્જરા થઇ અનેક ઋદ્ધિની પ્રગટતા થાય છે. છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલતા મુનિરાજ ઋષભદેવ અંદરમાં નિર્વિકલ્પ દશાના સાતમા ગુણસ્થાને હોય ત્યારે નિસ્તરંગ ચૈતન્યના પ્રતપનરૂપ વીતરાગદશાની વૃદ્ધિરૂપ નિશ્ચય તપના પ્રભાવે અવિપાક નિર્જરા અને ગુણશ્રેણી નિર્જરા કરી અનંત કર્મોનો ક્ષય કરે છે. અને તેઓ બહારમાં સવિકલ્પ દશાના છઠ્ઠા ગુણસ્થાને હોય ત્યારે બાર પ્રકારના શુભરાગરૂપ વ્યવહાર તપના પ્રભાવે સત્તામાં રહેલ કર્મની સ્થિતિ–અનુભાગની ક્ષીણતારૂપ કર્મની નિર્જરા કરે છે. આ બાર પ્રકારના તપના કારણે ઉત્પન્ન થતા સાતિશય પુણ્યના પ્રભાવે તેમને આઠેય પ્રકારની મહાન ઋદ્ધિ અને તેમના પેટાભેદના ચોસઠ પ્રકાર પૈકીની મોટાભાગની ઋદ્ધિની પ્રગટતા થાય છે. આ રીતે તપના પ્રભાવે અનંત કર્મોની નિર્જરા અને આઠ મહાન ઋદ્ધિને પ્રાપ્તિ થતા ઋષભમુનિરાજનું આંતર–બાહ્ય સ્વરૂપ એકદમ અનોખું જણાય છે.

બહારથી જોતા એમ જણાય છે કે, એકલ–વિહારી તીર્થંકર મુનિરાજ તેમના તપોવનમાં એકલા વસે છે. પણ અંદરથી જોતા એમ જણાય છે કે, તપના પ્રભાવે થતી નિર્જરાના કારણે પ્રગટતા અનંતગુણોની સાથે પોતાના નિર્જરા–નગરમાં નિવાસ કરે છે.

બહારથી જોતા એમ જણાય છે કે, અનેક મહિનાના ઉપવાસના કારણે તેઓ ભૂખ્યા–તરસ્યા છે. પણ અંદરથી જોતા એમ જણાય છે કે, તેઓ તપના કારણે પ્રગટતા આત્મિક અતીન્દ્રિય આનંદરૂપ અમૃતના અદ્‌ભુત અને આહ્‌લાદકકારી આસ્વાદને અનુભવી રહ્યા છે.

બહારથી જોતા એમ જણાય છે કે, ઋષિશ્વર ઋષભદેવ સૂર્યના પ્રખર તાપમાં તપી રહ્યા છે. પણ અંદરથી જોતા એમ જણાય છે કે, તેઓ તપોવનના તપરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે.

બહારથી જોતા એમ લાગે કે, ઋષભ–મુનિરાજના ઘટાટોપ તપોવનમાં ઘનઘોર અંધારું વ્યાપી ગયું હશે. પણ અંદર જઈને જોતા જણાય છે કે, તપના પ્રભાવે સૂર્યના તેજને ઢાંકનાર ઉત્કૃષ્ટ તેજ તેમના શરીરમાં પ્રગટેલું છે.

અનેક પરિષહોના વિજેતા જિનભગવાન સમાન આચરણ ધરાવનાર જિનકલ્પી એકલવિહારી ઋષભમુનિરાજ અડોલ અને નિશ્ચલપણે પોતાની આત્મસાધના સાધે છે. કર્મશત્રુને મારી હઠાવી મોક્ષસામ્રાજ્યને પ્રાપ્ત કરવા મોક્ષમાર્ગમાં આગળ વધતા ઋષભ–મુનિરાજના ત્રણ ગુપ્તિ તેમના અંગરક્ષક જેવા છે. સંયમ તેમનું બખ્તર છે. અઠ્ઠાવીસ પ્રકારના મૂળગુણો તેમના સૈનિકો સમાન છે. બારેય પ્રકારના તપ તેમના સેનાનાયકો છે.

જો કે છ મહિનાથી ઋષભમુનિરાજ જરા પણ ખાતાપીતા નથી. તોપણ તેમનામાં બિલકુલ થાક કે ખેદ નથી. તપના પ્રતાપે તેમના શરીરનું તેજ દેવોના દિવ્યતેજથી પણ ચઢિયાતું થવાથી તેઓ મહાદેવ તરીકે ઓળખાય છે. તેમના વાળ જટા સમા વધી જવાથી તેઓ જટાશંકર તરીકે પણ જાણીતા છે. સમ્યક્ રત્નત્રયના ધારક હોવાથી તેઓ ત્રિશૂળધારી પણ કહેવાય છે. જગતના પ્રાણીઓના સ્વામી હોવાથી તેઓ ભૂતનાથ તરીકે પણ ઓળખાય છે. કૈલાશ પર્વત પર તપ કરવાથી તેઓ કૈલાશવાસી પણ કહેવાય છે. જન્મથી જ તેઓ ત્રણ જ્ઞાનરૂપી નેત્ર ધેરાવનારા હોવાથી ત્રિનેત્ર તરીકે પણ પ્રસિદ્ધ છે. આવા મહાદેવ ઋષભનાથ ભગવાન છ માસના ધ્યાન યોગમાંથી બહાર આવતાં તેઓ આહાર માટે વિહાર કરે છે. પણ નિર્દોષ આહાર અને આહારદાનની વિધિથી અજાણ લોકોના કારણે તેમને આહારનો યોગ બનતો નથી. અને એ પ્રમાણે બીજા છ મહિના પણ પસાર થઈ જાય છે.

આ રીતે એક વરસના વરસીતપના પ્રભાવે તપસ્વી મુનિરાજ ઋષભદેવના તપોવનમાં રાત્રે પણ દિવસ જેવો ઉત્તમ પ્રકાશ રહેવા લાગ્યો, તેમના તપતેજના પ્રભાવે ચારેબાજુ સુભુક્ષિતા વ્યાપી ગઈ. રોગ, મરી જેવા ઉપદ્રવો અટકી ગયા. હિંસક પ્રાણીઓ પોતાનું જાતિવેર ભૂલી શાંતિથી સાથે રહેવા લાગ્યા. સિંહ અને હરણ, સર્પ અને મોર એક બીજાને બાધા કર્યા વિના એક સાથે ઋષભમુનિની સન્મુખ બેસી રહેતા. અહા ! કેવું આશ્ચર્ય કે ગાયના નાના વાછરડાં સિંહણનું દુધ પી રહ્યા છે અને સિંહબાળ ગાયનું દુધ ધાવી રહ્યો છે.

ઋષભમુનિરાજના આશ્ચર્યકારી તપના પ્રભાવે ઇન્દ્રનું ઇન્દ્રાસન પણ કંપી ઉઠે છે. સ્વર્ગના દેવો અને ઇન્દ્ર આવીને અદ્ધર આકાશમાંથી તીર્થંકર મુનિના તપોવનમાં દૈવી પુષ્પોની વૃષ્ટિ કરે છે. અને ગાંધર્વો મંગલ વાધો વગાડે છે. તપના અતિશય પ્રભાવથી ઋષભ મુનિરાજનું અદભુત રૂપ એવું શોભે છે કે ઇન્દ્ર તેને હજાર–હજાર નેત્રોથી નીરખે છે તોપણ તૃપ્તિ થતી નથી. ઇન્દ્ર મહારાજ અત્યંત ભક્તિપૂર્વક તપસ્વી તીર્થંકરની પુજા કરી તેની સ્તુતિરૂપ નિર્જરાભાવના ભાવે છે :

"હે તપોનિધિ ! સંયમ શિરોમણિ સાધુ મહારાજ અમે આપની શી રીતે સ્તુતિ કરીએ ?

આપની સંયમદશા જોઇ અમારું આ વૈક્રિયિક શરીર પવિત્ર મનાતું હોવા છતાં તેમાં સંયમની સાધનાની યોગ્યતા ન હોવાથી તે અત્યંત નિંદ્ય છે.

નિર્વાણદશાનું એકદમ નજીકનું અને સીધું કારણ કર્મની નિર્જરા છે. ઇચ્છાના નિરોધથી ઉત્પન્ન થતું નિસ્તરંગ ચૈતન્ય પ્રતપનરૂપ તપ જ નિશ્ચયથી કર્મની અવિપાક નિર્જરાનું કારણ છે. આવા નિશ્ચય તપપૂર્વક ઉપવાસાદિ બાર પ્રકારના તપથી પણ કર્મના સ્થિતિ અનુ–ભાગની ક્ષીણતારૂપ કર્મની નિર્જરા છે. કર્મની નિર્જરા માટે તપ અને તપ માટે સંયમદશા જરૂરી છે. સંયમદશા માટે મનુષ્યપર્યાય જરૂરી છે. મનુષ્યપર્યાય સિવાય અન્ય કોઇ અવસ્થામાં સંયમદશા સંભવતી નથી. અમે પણ જલ્દીથી મનુષ્યપર્યાય ધારણ કરી સંયમની સાધન વડે કર્મની નિર્જરાના કારણભૂત તપને પ્રાપ્ત થાય એ જ અમારી અભિલાષા છે.

હે તપશ્રેષ્ઠ સ્વામી ! આપના જેવી તપસ્વીદશા ધારણ કરી કર્મની નિર્જરાના કારણે પ્રાપ્ત થતી નિર્વાણદશાને પામીએ એ જ અમારી આ નિર્જરાભાવનારૂપ સ્તુતિનું ફળ હો જો."

નિર્જરાભાવનાના ઉપરોકત પ્રકારના ચિંતવનના કારણે એકાવતારી ઇન્દ્ર મહારાજ મનુષ્યદશા પ્રાપ્ત કરી તપની આરાધના વડે કર્મની નિર્જરા કરી મોક્ષદશાને પ્રાપ્ત થયા છે.

તીર્થકર મુનિરાજ ઋષભદેવે પણ નિર્જરાભાવનાનું ફળ કેવળજ્ઞાનને પ્રાપ્ત થઇ દિવ્યધ્વનિ વડે ધર્મોપદેશ આપી આ કાળમાં ધર્મયુગનો પ્રારંભ કર્યો છે, જે પંચમહાકાળના અંત સુધી પ્રવર્તનારો છે.

નિર્જરાભાવનાના બળે નિર્જરાના કારણભૂત તપની આરાધના કરી તપના પ્રભાવે તપરૂપી અગ્નિથી આઠેય પ્રકારના કર્મોના દહનવડે તેની નિર્જરા કરી, તપના પ્રભાવે આઠે પ્રકારની મહાન ઋદ્ધિને પ્રાપ્ત કરી નિર્જરાભાવનાનું ફળ પરમ નિર્વાણને પ્રાપ્ત તપસ્વી તીર્થંકર ઋષભદેવને નમ્રભાવે નમન !

સંદર્ભ ગ્રંથો

નિર્જરાના ભેદ અને તેનું સ્વરૂપ :

૧. ભગવતી આરાધના : ગાથા ૧૮૪૧ થી ૧૮૪૩ અને તેની ટીકા; ● ૨. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૬૬, ૧૦૩; ● ૩. તત્ત્વાર્થસૂત્ર : ૧/૪, ૮/૨૩, ૯/૭ અને તેથી ટીકા; ● ૪. સર્વાર્થસિદ્ધિ : ૧/૪/૧૪/૫; ૧/૪/૧૯/૨૭/૭; ૮/૨૩/૩૯૯/૬; ૯/૭/૪૧૭/૯; ● ૫. તત્વાર્થરાજવાર્તિક : ૧/૪/૧૨/૨૭; ૧/૪/૧૯/૨૭/૮; ૧/૭/૧૪/૪૦/૧૭, ૧૯; ● ૬. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૬ ની ટીકા; ● ૭. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૧૪૪ ની ટીકા; ● ૮. જૈ.સિ.કોશ : ભાગ ૨ : નિર્જરા : પાનુ ૬૨૧, ૬૨૨.

નિર્જરાભાવનાના અન્ય મુદ્દાઓ :

૧. બારસઅણુવેક્ખાનુપ્રેક્ષા : ગાથા ૬૬ થી ૬૭; ● ૨. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૧૦૨ થી ૧૧૪; ● ૩. ભગવતી આરાધના : ગાથા ૧૮૩૮ થી ૧૮૫૦; ● ૪. જ્ઞાનર્ણવ : સર્ગ૨ : ગાથા ૧૪૧ થી ૧૪૯; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૪૬ થી ૭૫૧; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાપક : ગાથા ૩૯; ● ૭. તત્ત્વાર્થરાજવાર્તિક : ૯ /૭, ૬/૬૦૨/૧૧, ૩/૭, ૭/૬૦૩/૩; ● ૮. સર્વાર્થસિદ્ધિ : ૯/૭/૪૧૭; ● ૯. સમણસુત્તં: 30 અનુપ્રેક્ષાસૂત્ર : ગાથા ૫૨૪; ● ૧૦. પદ્મનંદી પંચવિંશતિ : અધ્યાય : ૬, શ્લોક ૫૩; ● ૧૧. અનગાર ધર્મામૃત : ગાથા ૭૪, ૭૫; ● ૧૨. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ ની ટીકા; ● ૧૩. સમયસાર : ગાથા ૧૯૮; આત્મખ્યાતિ : શ્લોક ૧૩૩; ● ૧૪. જૈ.સિ.કોશ: ભાગ-૧ : અનુપ્રેક્ષા : ૧/૧૦, પાનુ-૭૫; ૪/૧૦, પાનુ-૭૯;

નિર્જરભાવનાની કથા : તપસ્વી તીર્થંકર ઋષભદેવ :

૧. આદિપુરાણ : ભાગ ૧ : પર્વ ૧૮, ૧૯, ૨૦; ● ૨. બહેનશ્રીના વચનામૃત : નં.૮૯, ૩૮૮, ૩૯૪, ૪૦૩; ● ગુરુદેવશ્રીનાં વચનામૃત : નં.૭૫.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. કઇ રીતે ઉદિત્ય પામેલ કર્મનો ઉદિત્ય પરરૂપ કહેવાય છે? ૦૧. ☐
A:: અપકર્ષણ B:: સંક્રમણ C:: ઉત્કર્ષણ D:: ઉદીરણા

૦૨. નિર્જરા શું નથી? ૦૨. ☐
A:: પૂર્વબદ્ધ કર્મોનું જીર્ણ થવું કે ઝડી જવું
B:: સત્તામાં રહેલ કર્મોનું ક્ષીણ થવું.
C:: ઉદયગત્ત ફળ આપ્યા વિના ખરી જવું.
D:: નવીન કર્મોનું આવવું અટકવું.

૦૩. નિર્જરાભાવનાનું ચિંતવન મુખ્યપણે કોને હોય છે? ૦૩. ☐
A:: સમ્યક્ત્વ-સન્મુખ મિથ્યાદષ્ટિને B:: સમ્યગ્દદષ્ટિ શ્રાવકને
C:: ભાવલિંગી મુનિને D:: અરિહંત ભગવાનને

૦૪. નિર્જરાતત્ત્વનું સાધન શું છે? ૦૪. ☐
A:: નિર્જરાભાવના B:: વીતરાગભાવ C:: શુદ્ધાત્મસ્વભાવ D:: સંવરતત્ત્વ

૦૫. કઇ નિર્જરા વાસ્તવિક નથી? ૦૫. ☐
A:: સવિપાક B:: અવિપાક C:: સકામ D:: અકામ

૦૬. નિર્જરાભાવનામાં કયા પ્રકારની નિર્જરાનું ચિંતવન હોય છે? ૦૬. ☐
A:: અવિપાક B:: અકામ C:: સવિપાક D:: વ્યવહાર

૦૭. સકામ નિર્જરા એ કેવી નિર્જરા છે? ૦૭. ☐
A:: અવિપાક B:: સવિપાક C:: વ્યવહાર D:: નિશ્ચય

૦૮. વિશ્વમાં વધુ મોત શાથી થાય છે? ૦૮. ☐
A:: અભક્ષ્યના ભક્ષણથી B:: ભૂખમરાથી
C:: વધુ ખાવાથી D:: ઓછું ખાવાથી

૦૯. બારેય પ્રકારના તપમાં શ્રેષ્ઠ તપ કયું? ૦૯. ☐
A:: ઉપવાસ B:: પ્રાયશ્ચિત C:: ધ્યાન D:: સ્વાધ્યાય

૧૦. જ્ઞાનીના ભોગને પણ નિર્જરા કહેવાનું કારણ શું નથી? ૧૦. ☐
A:: ભોગ કે ભોગની સામગ્રી પ્રત્યે અભિપ્રાયપૂર્વકના રાગનો અભાવ
B:: સ્વરૂપમાં સ્થિત રહીને કર્મોને ભોગવ્યા વિના અપાવવા
C:: રાગ અને જ્ઞાન વચ્ચેનું નિરંતર ભેદજ્ઞાન
D:: જૂના કર્મો ઉદયમાં આવીને ખરી જાય તેની સામે નવું કર્મબંધન અલ્પ થાય

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં ટૂંકા જવાબ આપો.

૦૧. નિર્જરાભાવના કોને કહે છે?
૦૨. ભાવનિર્જરા કોને કહે છે?
૦૩. ભાવનિર્જરા શું છે?
૦૪. દ્રવ્યનિર્જરા કોને કહે છે?
૦૫. સવિપાક નિર્જરા કોને કહે છે?
૦૬. નિષેકો કોને કહે છે?
૦૭. સવિપાક નિર્જરા કોને હોય છે?
૦૮. અવિપાક નિર્જરા કોને કહે છે?
૦૯. અવિપાક નિર્જરાના પાંચ પ્રકારના નામ આપો.
૧૦. પાપકર્મો કોને કહે છે?
૧૧. અપકર્ષણ કોને કહે છે?
૧૨. પુણ્યકર્મો કોને કહે છે?
૧૩. ઉત્કર્ષણ કોને કહે છે?
૧૪. સંક્રમણ કોને કહે છે?
૧૫. ઉદીરણા કોને કહે છે?
૧૬. કર્મનો પરરૂપથી ઉદય એટલે શું?
૧૭. કર્મનો સ્વરૂપથી ઉદય એટલે શું?
૧૮. સર્વઘાતિ સ્પર્ધકો કોને કહે છે?
૧૯. વિપાકરૂપ ઉદય કોને કહે છે?
૨૦. દેશઘાતિ સ્પર્ધકો કોને કહે છે?
૨૧. પ્રદેશરૂપ ઉદય કોને કહે છે?
૨૨. સકામ નિર્જરા કોને કહે છે?
૨૩. અકામ નિર્જરા કોને કહે છે?
૨૪. નિશ્ચય નિર્જરા કોને કહે છે?
૨૫. નિશ્ચય ભાવનિર્જરા કોને કહે છે?
૨૬. નિશ્ચય દ્રવ્યનિર્જરા કોને કહે છે?
૨૭. વ્યવહાર નિર્જરા કોને કહે છે?
૨૮. વ્યવહાર ભાવનિર્જરા કોને કહે છે?
૨૯. વ્યવહાર દ્રવ્યનિર્જરા કોને કહે છે?
૩૦. વ્યવહાર દ્વારા નિર્દિષ્ટ વિષયને ઓળખવા કે સમજવા શેની જરૂર હોય છે?
૩૧. વ્યવહારના કથનને શું માની લેવું યોગ્ય નથી?
૩૨. વ્યવહારની સાર્થકતા શેમાં છે?
૩૩. તપ માટેની અંતરંગ અને બાહ્ય શક્તિ શું છે?
૩૪. બાહ્ય તપ કોને કહે છે?
૩૫. બાહ્ય તપના નામ આપો.
૩૬. અભ્યંતર તપ કોને કહે છે?
૩૭. અભ્યંતર તપના નામ આપો.
૩૮. શુભભાવરૂપ વ્યવહાર તપથી કઇ પ્રકારની નિર્જરા હોય છે?
૩૯. વીતરાગભાવરૂપ નિશ્ચય તપથી કઇ પ્રકારની નિર્જરા હોય છે?
૪૦. ઉપવાસ નામનું તપ કોને કહે છે?
૪૧. ચાર પ્રકારના આહારના નામ આપો.
૪૨. શા માટે ઉપવાસને અનશન પણ કહે છે?
૪૩. નિશ્ચયથી ઉપવાસ તપ શું છે?
૪૪. વ્યવહારથી ઉપવાસ તપ શું છે?
૪૫. અવમૌદર્ય તપ કોને કહે છે?
૪૬. શા માટે અવમૌદર્ય તપ કોને કહે છે?
૪૭. નિશ્ચયથી અવમૌદર્ય તપ કોને કહે છે?
૪૮. વ્યવહારથી અવમૌદર્ય તપ કોને કહે છે?
૪૯. વૃત્તિપરિસંખ્યાન તપ કોને કહે છે?
૫૦. વૃત્તિપરિસંખ્યાન તપથી કયા પ્રકારનો રાગ રહેતો નથી?

૫૧. નિશ્ચયથી વૃત્તિપરિસંખ્યાન તપ શું છે?
૫૨. વ્યવહારથી વૃત્તિપરિસંખ્યાન તપ શું છે?
૫૩. રસપરિત્યાગ તપ કોને કહે છે?
૫૪. છ પ્રકારના રસના નામ આપો.
૫૫. નિશ્ચયથી રસપરિત્યાગ તપ કોને કહે છે?
૫૬. વ્યવહારથી રસપરિત્યાગ તપ કોને કહે છે?
૫૭. વિવિકત શય્યાસન તપ શું છે?
૫૮. વ્યવહારથી વિવિકત શય્યાસન તપ શું છે?
૫૯. કાયકલેશ તપ કોને કહે છે?
૬૦. નિશ્ચયથી કાયકલેશ તપ શું છે?
૬૧. વ્યવહારથી કાયકલેશ તપ શું છે?
૬૨. પ્રાયશ્ચિત તપ કોને કહે છે?
૬૩. પ્રાયશ્ચિત તપના નવ પ્રકારના નામ આપો.
૬૪. પ્રાયશ્ચિત તપ શા માટે જરૂરી છે?
૬૫. નિશ્ચયથી પ્રાયશ્ચિત તપ કોને કહે છે?
૬૬. વ્યવહારથી પ્રાયશ્ચિત તપ કોને કહે છે?
૬૭. વિનય તપ કોને કહે છે?
૬૮. વિનય તપના આચરણ માટેના મુખ્યત્વે ચાર પ્રકારના નામ આપો.
૬૯. મોક્ષમાર્ગનું દ્વાર કયા પ્રકારનું તપ કહેવાય છે?
૭૦. નિશ્ચયથી વિનય તપ શું છે?
૭૧. વ્યવહારથી વિનય તપ શું છે?
૭૨. વૈયાવૃત્ય તપ કોને કહે છે?
૭૩. સંયમી પુરુષોની વૈયાવૃત્યથી શો લાભ છે?
૭૪. નિશ્ચયથી વૈયાવૃત્ય તપ કોને કહે છે?
૭૫. વ્યવહારથી વૈયાવૃત્ય તપ કોને કહે છે?
૭૬. સ્વાદ્યાય તપ કોને કહે છે?
૭૭. શાસ્તા પુરુષ કોને કહે છે?
૭૮. કોની રચના સત્‌શાસ્ત્ર કહેવાય છે?
૭૯. સ્વાદ્યાયમાં કોનો સમાવેશ છે?
૮૦. સ્વાદ્યાયનું ફળ શું છે?
૮૧. નિશ્ચયથી સ્વાદ્યાય તપ શું છે?
૮૨. વ્યવહારથી સ્વાદ્યાય તપ શું છે?
૮૩. વ્યુત્સર્ગ તપ કોને કહે છે?
૮૪. વ્યુત્સર્ગ તપના પરિણામે કેવા ગુણો હોય છે?
૮૫. નિશ્ચયથી વ્યુત્સર્ગ તપ કોને કહે છે?
૮૬. વ્યવહારથી વ્યુત્સર્ગ તપ કોને કહે છે?
૮૭. ધ્યાન તપ કોને કહે છે?
૮૮. નિશ્ચયથી ધ્યાન તપ શું છે?
૮૯. વ્યવહારથી ધ્યાન તપ શું છે?
૯૦. નિર્જરાભાવનાની ચિંતવન પ્રક્રિયામાં શેનું ચિંતવન હોય છે?
૯૧. નિર્જરાભાવનાનું સાધન કે કારણ શું હોય છે?
૯૨. નિર્જરાભાવનાનું વિશેષ પ્રકારના બે ફળના નામ આપો.
૯૩. મનુષ્યજીવનને સફળ કરવાનો ઉપાય શો?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપો

૦૧. નિર્જરાભાવનાની વ્યાખ્યા અને તેની સમજૂતી આપો.
૦૨. સંવરભાવના અને નિર્જરાભાવના વચ્ચેનો ભેદ સમજાવો.
૦૩. નિર્જરાતત્વ અને નિર્જરાભાવના વચ્ચેનો ભેદ સમજાવો.
૦૪. સંવર-નિર્જરાભાવનાની જેમ અલગ મોક્ષભાવનાની આવશ્યકતા શા માટે નથી?
૦૫. નિર્જરાના જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા ભેદ દર્શાવો.
૦૬. ભાવનિર્જરા અને તેનું સ્વરૂપ સમજાવો.
૦૭. દ્રવ્યનિર્જરા અને તેનું સ્વરૂપ સમજાવો.
૦૮. સવિપાક નિર્જરા અને તેનું સ્વરૂપ સમજાવો.
૦૯. અવિપાક નિર્જરા પ્રકાર અને દરેકનું સ્વરૂપ સમજાવો.
૧૦. સકામ નિર્જરા અને તેનું સ્વરૂપ સમજાવો.
૧૧. અકામ નિર્જરા અને તેનું સ્વરૂપ સમજાવો.
૧૨. નિશ્ચય નિર્જરા અનેતેનું સ્વરૂપ સમજાવો.
૧૩. વ્યવહાર નિર્જરા અનેતેનું સ્વરૂપ સમજાવો.
૧૪. નિર્જરાના કારણભૂત તપનો મહિમા સમજાવો.
૧૫. તપ એ દુઃખનું નહિ પણ સુખનું સાધન છે એ બાબત સમજાવો.
૧૬. શક્તિ અનુસાર તપ શા માટે કરવું જોઈએ?
૧૭. નિશ્ચય-વ્યવહાર તપનું સ્વરૂપ સમજાવો.
૧૮. ઉપવાસ તપનું સ્વરૂપ સમજાવો.
૧૯. કયા પ્રકારના ઉપવાસથી પાપ પણ થાય છે?
૨૦. કાળની મર્યાદા ધરાવતા ઉપવાસના પ્રકાર સમજાવો.
૨૧. અવમૌદર્ય તપનું સ્વરૂપ સમજાવો.
૨૨. વૃત્તિપરિસંખ્યાન તપનું સ્વરૂપ સમજાવો.
૨૩. વૃત્તિપરિસંખ્યાન તપ સંબંધી ભગવાન મહાવીરનું ઉદાહરણ આપો.
૨૪. રસપરિત્યાગ તપનું સ્વરૂપ સમજાવો.
૨૫. વિવિકત શયયાસન તપનું સ્વરૂપ સમજાવો.
૨૬. કાયકલેશ તપનું સ્વરૂપ સમજાવો.
૨૭. પ્રાયશ્ચિત તપનું સ્વરૂપ સમજાવો.
૨૮. વિનય તપનું સ્વરૂપ સમજાવો.
૨૯. વૈયાવૃત્ય તપનું સ્વરૂપ સમજાવો.
૩૦. સ્વાદ્યાય તપનું સ્વરૂપ સમજાવો.
૩૧. વ્યુત્સર્ગ તપનું સ્વરૂપ સમજાવો.
૩૨. ધ્યાન તપનું સ્વરૂપ સમજાવો.
૩૩. નિર્જરાભાવનાની ચિંતવન પ્રક્રિયા સમજાવો.
૩૪. નિર્જરાભાવનાનું સાધન કે કારણ સમજાવો.
૩૫. નિર્જરાભાવના કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજ કરાવનાર છે?
૩૬. નિર્જરાભાવના કઈ રીતે વૈરાગ્યનું કારણ છે?
૩૭. નિર્જરાભાવનાનું ફળ તપનું સ્વરૂપ સમજાવનાર કઈ રીતે છે?
૩૮. નિર્જરાભાવનાનું ફળ ઈચ્છાના નિરોધની ભાવના કરાવનાર કઈ રીતે છે?

નીચેનાનો તફાવત આપો.

૧. સંવરભાવના અને નિર્જરભાવના
૨. નિર્જરાતત્વ અને નિર્જરાભાવના

ભાવના

૧૦


લોકભાવના

णाऊण लोगसारं, णिस्सारं दीहगमण संसार ।
लोयग्ग सिहरवासं, झाहि पयत्तेण सुहवासं ।।

ભાવાર્થ : લોકસંજ્ઞાથી દીર્ઘકાળથી લોકમાં રખડતો જીવ લોકભાવનાના ચિંતવન વડે નિજલોકનું સારભૂતપણુ અને પરલોકનું અસારભૂતપણું સમજી પરદ્રવ્યરૂપ પરલોકનો આશ્રય છોડી શુદ્ધ ચૈતન્યરૂપ નિજલોકનો આશ્રય કરે તો તે લોકનું ભ્રમણ છોડી લોકના શિખર ઉપર શાશ્વત સુખની સ્થિર દશાને પ્રાપ્ત થાય છે. (સમાધિસુત્ત : ગાથા ૫૨૩)

❖ રૂપરેખા ❖

૧.વ્યાખ્યા અને સમજૂતી
૨.લોકના અનેક પ્રકાર
૩.લોકભાવના અને સંસારભાવના વચ્ચેનો ભેદ
૪.લોકભાવનાની વિષયવસ્તુની વિશાળતા અને તેનું પ્રયોજન
૫.લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા
૬.લોકભાવનાનું સાધન કે કારણ
  ૧. અંતરંગ સંયોગો
  ૨. બહિરંગ સંયોગો
  ૩. અન્ય પદાર્થો
  ૪. ચૈતન્યલોક
૭.કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?
૮.કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?
૯.પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ
  ૧. કર્તાપણું ટાળી જ્ઞાતાપણું પ્રગટાવે
  ૨. નિજલોકના નિવાસ દ્વારા પરલોકનું ભ્રમણ મટાડી લોકાગ્રે સિદ્ધલોકની પ્રાપ્તિ કરાવે
૧૦. ઉપસંહાર
૧૧. લોકભાવનાની કથા : લોકભાવનાથી લોકાગ્રે પહોંચતા ચક્રવર્તી મઘવા



કવિ શોભાચંદ્ર ભારિલ્લકૃત


લોકભાવના પ્રેરક કાવ્ય

लोक अनादी-अनन्त है, नर्तक पुरुषाकार ।
उंचा चौदह राजु है, चेतन-कारागार ।।

है ईस लोकाकाश के, संख्यातीत प्रदेश ।
जन्म-मरण कर जीव ने छूआ, न कौन प्रदेश ?

अरे भव्य ! कर चित्त में थोडा बहुत विचार ।
परलोक में भरमत, मरा अनन्तो बार ।।

विषयो से कर विमुख मन, करो सदा शुभ ध्यान ।
निजलोक स्वरुप को, पाओ पद निर्वाण ।।



ભાવાર્થ : બે પગ પહોળા કરી કેડ ઉપર હાથ મૂકી નૃત્ય કરનારા પુરુષ જેવા આકારનો ચૌદ રાજૂ ઊંચો લોકાકાશ છે. આ લોકાકાશરૂપી કારાગારમાં અજ્ઞાની જીવ કેદ થયેલો છે. લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે. તેમાં ભ્રમણ કરતાં અજ્ઞાની જીવે લોકના કયા પ્રદેશને અડકીને જન્મ-મરણ નથી પામ્યો ? અર્થાત્ દરેક પ્રદેશે જન્મ-મરણ પામ્યો છે.

હે ભવ્ય ! પરલોકમાં ભ્રમણ કરતા તું અનંત વાર મરણ પામ્યો છે. તે સંબંધી લોકભાવનાનું થોડું ઘણું પણ ચિંતવન કર. અને પરલોકમાં ભ્રમણનું કારણ એવા વિષયોથી વિમુખ થઈને નિજલોકના સ્વરૂપનું શુભ ધ્યાન ધર કે જેથી તને લોકાગ્રે નિર્વાણ પદની પ્રાપ્તિ થાય.

(કવિ શોભાચંદ ભારિલ્લકૃત લોકભાવનાના આધારે)

ભાવના


૧૦. લોકભાવના

કોઈ ચોક્કસ જાતિ કે વર્ગના સમુદાયને લોક કહે છે. લોકનાં નિવાસસ્થાનને પણ લોક કહે છે. છ દ્રવ્યોનો સમુદાય અને આકાશમાંનું તેનું નિવાસસ્થાન તે લોક છે. પોતાના આત્મા માટે તે પરલોક છે અને તેથી તે જ્ઞેય છે.પોતાનો વાસ્તવિક વસવાટ પોતાના શુદ્ધસ્વરૂપી ચૈતન્ય-લોકમાં છે. પોતાના આત્મા માટે તે નિજલોક છે અને તેથી તે ઉપાદેય છે. આ પ્રકારની વારંવાર વિચારણા થવી તે લોકભાવના છે.

કોઇ ચોક્કસ પ્રકારની જાતિનો સમૂહ તે લોક કહેવાય છે. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ છ પ્રકારનાં ચોક્કસ જાતિના દ્રવ્યો આ વિશ્વમાં છે. આ છયે પ્રકારના દ્રવ્યોના સમૂહને લોક કહેવાય છે.

આ ઉપરાંત આ છ દ્રવ્યો જેમાં વસે છે તેને પણ લોક કહેવાય છે. છ દ્રવ્યો આકાશનાં અમુક ભાગમાં રહે છે. તેને લોકાકાશ કે લોક કહેવાય છે. પોતાના આત્મા વ્યવહારથી લોકાકાશમાં અને નિશ્ચયથી પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં વસે છે. પોતાના આત્મા માટે લોકાકાશ અને અન્ય દ્રવ્યો એ **પરલોક** છે. અને પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ચૈતન્યલોક એ **નિજલોક** છે.

પોતાના માટે પરલોક જ્ઞેય છે અને નિજલોક ઉપાદેય છે એ પ્રકારનું ચિંતવન એ **લોકભાવના** છે.



લોકના અનેક પ્રકાર

ચોક્કસ જાતિના સમુદાય અને તેનાં વસવાટનાં સ્થાનને લોક કહેવાય છે.

મૂળભૂતપણે છ દ્રવ્યોનો સમુદાય તે લોક છે. આ છ દ્રવ્યસ્વરૂપ લોકમાં અનંત જીવોના સમૂહને જીવલોક કહેવામાં આવે છે. જીવલોકમાં તેની પેટાજાતિ પ્રમાણે દેવલોક, મનુષ્યલોક જેવા પ્રકારો પડે છે.

છ દ્રવ્યો આકાશમાં ચૌદ રાજૂ ઊંચા પુરુષાકાર ભાગમાં રહે છે તેને લોકાકાશ કે ભૌગોલિક સ્વરૂપી લોક કહે છે. આ ભૌગોલિક સ્વરૂપી લોકના ઉપરના ભાગને ઊર્ધ્વલોક, વચલા ભાગને મધ્યલોક અને નીચેના ભાગને અધોલોક કહે છે. ઊર્ધ્વલોકના સૌથી ઉપરના ટોચના ભાગમાં સિદ્ધશિલા ઉપર સિદ્ધોનો સમૂહ વસે છે તેને સિદ્ધલોક કહે છે. ઊર્ધ્વલોકના જે ભાગમાં વૈમાનિક દેવો રહે છે તેને સ્વર્ગલોક કહે છે. આ પ્રકારે જ્યોતિષીદેવોના સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારા જેવા નિવાસસ્થાનને જ્યોતિર્લોક કહે છે. એક રાજૂ લાંબા, એક રાજૂ પહોળા અને એક લાખ ૪૦ યોજન ઊંચા મધ્યલોકને તિર્યક્લોક પણ કહે છે. મધ્યલોકના વચ્ચેનાં અઢી દ્વીપના વિસ્તારમાં મનુષ્યો વસતાં હોવાથી તે મનુષ્યલોક તરીકે ઓળખાય છે. આ રીતે નીચેના અધોલોકમાં નારકીઓના નિવાસ હોય તે નરકલોક કહેવાય છે.

નિશ્ચયથી જીવ પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં વસે છે તેને ચૈતન્યલોક કહે છે. આ ચૈતન્યલોક જ પોતાનો નિશ્ચયલોક છે, નિજલોક છે. નિજલોક એક જ પ્રકારે હોય છે. વ્યવહારથી જીવ લોકાકાશના સ્વર્ગલોક, મનુષ્યલોક વગેરે જેવા ભાગમાં રહે છે. આ સ્વર્ગલોક, મનુષ્યલોક વગેરે પોતાના આત્માનો વ્યવહારલોક કે પરલોક છે. પરલોક અનેક પ્રકારે છે.

એક માત્ર નિજ ચૈતન્યલોક જ ઉપાદેય છે અને તે સિવાયના સઘળાં સ્વર્ગલોક, મનુષ્યલોક વગેરે અનેક પ્રકારના પરલોક જ્ઞેય છે એ લોક ભાવનાની વિચારણાનો કેન્દ્રિય વિચાર છે.

લોકભાવના અને સંસારભાવના વચ્ચેનો ભેદ

લોકભાવનાનો કેન્દ્રિયવિચાર સ્વર્ગલોક, મનુષ્યલોક વગેરેને માત્ર જ્ઞેય માની તેમનું પ્રયોજન છોડાવવાનું છે. અને પોતાના ચૈતન્યલોકને ઉપાદેય જાણી તેને ગ્રહણ કરાવવાનું છે. તેથી એમ લાગે કે લોકભાવના પણ સંસારભાવના જેવી જ છે. પણ વાસ્તવમાં એવું નથી. લોકભાવના અને સંસારભાવનામાં સિંધુ અને બિંદુ જેવો તફાવત છે. લોકભાવનાની વિષયવસ્તુ સિંધુ એટલે સમુદ્ર જેવી વિશાળ છે. તો સંસારભાવનાની વિષયવસ્તુ લોક-ભાવનાની અપેક્ષાએ એક બિંદુ સમાન છે. લોકભાવના અને સંસારના વચ્ચેનો મૂલ ભેદ નીચે મુજબ છે.

૧. છ દ્રવ્યોના સમુદાય અને તેના વસવાટના સ્થાનને લોક કહે છે. જીવની વિકારી અવસ્થાને સંસાર કહે છે.

૨. લોકભાવનાની વિષયવસ્તુમાં સમસ્ત છ દ્રવ્યો અને સંપૂર્ણ ત્રિલોકનું સ્વરૂપ સમાય છે. સમગ્ર જિનાગમની વિષયવસ્તુ એ જ લોકભાવનાની વિષયવસ્તુ છે તેથી લોકભાવનાની વિષયવસ્તુ સમુદ્ર જેવી અત્યંત વિશાળ છે. સંસારભાવનાની વિષયવસ્તુ જીવની વિકારી અવસ્થા અને તેના કારણે થતું તેનું ભ્રમણ છે. લોકભાવનાની અપેક્ષાએ સંસારભાવનાની વિષયવસ્તુ સિંધુ સામે બિંદુ જેવી એટલે કે દરિયા સામે ખાબોચિયા જેવી છે.

૩. લોકભાવનામાં નિશ્ચયથી લોક પોતાનો શુદ્ધ સ્વરૂપી ચૈતન્યલોક છે. વ્યવહારથી તે જીવલોક, અજીવલોક, ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક, તિર્યક્‌લોક, વ્યંતરલોક, જ્યોતિર્લોક, મનુષ્યલોક જેવા અનેક પ્રકારે છે.

સંસારભાવનામાં નિશ્ચયથી સંસાર જીવની વિકારી દશા છે. વ્યવહારથી તે જન્મ-મરણ, ચારગતિ અને પાંચ પરાવર્તન એ ત્રણ પ્રકારે છે.

૪. લોકભાવનાના ચિંતવનનો વિષય પોતાના નિશ્ચયલોક કે નિજલોકને ઉપાદેય જાણી તે સિવાયના સઘળાં વ્યવહારલોક કે પરલોકને જ્ઞેય જાણવાનું છે.

સંસારભાવનાના ચિંતવનનો વિષય એક માત્ર મોક્ષ અને મોક્ષમાર્ગને ઉપાદેય જાણી સઘળાં પ્રકારના સંસારને હેય જાણવાનો છે.

૫. અજ્ઞાની જીવ સંપૂર્ણ લોકમાં સતત ભ્રમણ કરતો રહે છે તેનું કારણ પરલોક પ્રત્યેના મોહ-રાગ-દ્વેષના કારણે થતું કર્તૃત્વ છે. લોકભાવનાના ચિંતવન વડે પરલોકનું કર્તૃત્વ ટળી જ્ઞાતૃત્વ પ્રગટે છે. તેથી પરલોક પ્રત્યેનો ઉપયોગ ત્યાંથી પાછો વળી પોતાના નિજ ચૈતન્યલોકમાં જોડાય છે. અને તેથી સંપૂર્ણ લોકમાં થતું ભ્રમણ ટળી

લોકાગ્રે સ્થિતિ થાય છે. એટલે કે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારે લોકભાવનાના ચિંતવનનું વિશેષ પ્રકારનું ફળ પરનું કર્તાપણું ટાળી જ્ઞાતાપણું પ્રગટાવવાનું અને નિજલોકમાં થતાં નિવાસ દ્વારા પરલોકમાં થતું ભ્રમણ મટાડી નિજલોકમાં અને લોકાગ્રે સ્થિતિ કરાવવાનું છે.

અજ્ઞાની જીવ સંસારમાં નિરંતર ભ્રમણ કરતો રહે છે તેનું કારણ સંસારમાં સુખ માની તેનું પ્રયોજન રાખવાનું છે. સંસારભાવના ચિંતવન વડે સંસારને દુઃખરૂપ જાણી તેની અસારતા સમજાય છે. અને મોક્ષને જ સુખરૂપ જાણી તેની સારભૂતતા સ્થપાય છે. તેથી સંસાર પ્રત્યેનું પ્રયોજન એટલે કે સંસારાર્થીપણું ટળી મોક્ષનું પ્રયોજન એટલે કે મોક્ષાર્થી કે આત્માર્થીપણું પ્રગટે છે. આ રીતે સંસારભાવનાની ચિંતવનનું વિશેષ પ્રકારનું ફળ સંસારની અસારતા સમજાવવાનું અને આત્માર્થીપણું પ્રગટાવવાનું છે.

લોકભાવના અને સંસારભાવનાના ભેદને આ નીચે કોઠામાં મુદ્દાસર અને ટૂંકમાં રજૂ કરવામાં આવે છે.

લોકભાવના	**સંસારભાવના**
૧. લોક એટલે શું ? છ દ્રવ્યો અને તેના વસવાટનાં સ્થાનને લોક કહે છે.	**૧. સંસાર એટલે શું ?** જીવની વિકારી અવસ્થાને સંસાર કહે છે.
૨. લોકના પ્રકાર નિશ્ચયથી ચૈતન્યસ્વરૂપી નિજલોક એ એક જ લોક છે અને વ્યવહારથી તે સ્વર્ગલોક, મનુષ્યલોક જેવા અનેક પ્રકારે છે.	**૨. સંસારના પ્રકાર** નિશ્ચયથી જીવની અશુદ્ધ અવસ્થા જ સંસાર છે અને વ્યવહારથી તે જન્મ-મરણ, ચાર ગતિ અને પાંચ પરાવર્તન એ ત્રણ પ્રકારે છે.
૩. લોકભાવનાની વિષયવસ્તુ લોકભાવનાની વિષયવસ્તુ સમસ્ત છ દ્રવ્યો અને સંપૂર્ણ ત્રિલોક હોવાથી તે અત્યંત વિશાળ સિંધુ સમાન છે.	**૩. સંસારભાવનાની વિષયવસ્તુ** સંસારભાવનાની વિષયવસ્તુ જીવની વિકારી અવસ્થા અને તેના કારણે પરિભ્રમણ હોવાથી તે લોકભાવનાની અપેક્ષાએ બિંદુ સમાન છે.
૪. લોકભાવનાના ચિંતવનનો વિષય એક માત્ર નિશ્ચયલોક કે નિજલોક જ ઉપાદેય છે અને તે સિવાયનો સઘળો પરલોક જ્ઞેયમાત્ર છે એ લોકભાવનાના ચિંતવનનો વિષય છે.	**૪. સંસારભાવનાના ચિંતવનનો વિષય** એક માત્ર મોક્ષ જ ઉપાદેય છે અને તે સિવાયનો સઘળો સંસાર હેય છે એ સંસાર-ભાવનાના ચિંતવનનો વિષય છે.
૫. લોકભાવનાના ચિંતવનનું વિશેષફળ પરપદાર્થનું કર્તાપણું ટળી જ્ઞાતાપણું પ્રગટાવે અને નિજલોકના નિવાસ દ્વારા પરલોકનું ભ્રમણ મટાડી લોકાગ્રે સ્થિતિ કરાવે એ લોકભાવનાના ચિંતવનનું વિશેષ ફળ છે.	**૫. સંસારભાવનાના ચિંતવનનું વિશેષફળ** સંસારની અસારતા સમ-જાવે અને આત્માર્થીપણાની પ્રગટતા કરાવે એ સંસાર-ભાવનાના ચિંતવનનું વિશેષ ફળ છે.

લોકભાવનાની વિષયવસ્તુની વિશાળતા અને તેનું પ્રયોજન


બારેય પ્રકારની ભાવનામાં લોકભાવનાની વિષયવસ્તુ અત્યંત વિશાળ છે. તેમાં સમસ્ત જીવાદિ છ દ્રવ્યોનું સ્વરૂપ અને ત્રિલોકનું સ્વરૂપ પણ સમાય છે. બૃહદ દ્રવ્યસંગ્રહ, તત્ત્વાર્થસૂત્ર, પંચાસ્તિકાયસંગ્રહ, ત્રિલોકસાર, તિલોય-પણણતિ વગેરે શાસ્ત્રોનો અભ્યાસ એ લોકભાવનાનો જ અભ્યાસ છે. અહીં વિસ્તારભયના કારણે તેની ચર્ચા કરવામાં આવતી નથી. પણ માત્ર તેના પ્રયોજનની ચર્ચા કરવામાં આવે છે.

અનાદિ અજ્ઞાની જીવ છ દ્રવ્યસ્વરૂપ લોકમાં પોતાનું પ્રયોજન રાખી પરપરિણતિ રાખે છે અને તેના કારણે ૩૪૩ ઘનરાજૂ પ્રમાણ સંપૂર્ણ લોકમાં પરિભ્રમણ પામે છે. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે અને નિજસ્વરૂપ ચૈતન્યલોક ઉપાદેય છે એ પ્રકારની ભાવના કેળવવી એ જ વિશાળ વિષયવસ્તુ ધરાવતા લોકભાવનાનું એક માત્ર પ્રયોજન છે. આ પ્રયોજન પાર પાડવા લોકભાવનાનું ચિંતવન આવશ્યક છે.

લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા

નિજલોક ઉપાદેય છે અને પરલોક હોય છે. પરલોક જ્ઞેય હોવાથી પોતે તેનો જ્ઞાતા છે પણ કર્તા નથી. આ પ્રકારની સમજણપૂર્વકની વિચારણાને લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા કહે છે.

છ દ્રવ્યોના સમૂહને લોક કહે છે. આ ઉપરાંત આ છ દ્રવ્યો અને પોતાનો જીવ જેમાં વસે છે તે લોકાકાશ પણ લોક કહેવાય છે. નિશ્ચયથી જીવ લોકાકાશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશી પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વભાવરૂપ ચૈતન્યલોકમાં વસે છે. આ ચૈતન્યલોક જ પોતાનો નિશ્ચયલોક કે નિજલોક છે. વ્યવહારથી પોતાનો જીવ લોકાકાશમાં કે તેનાં સ્વર્ગલોક, મનુષ્યલોક વગેરે જેવા ભાગમાં વસે છે. આ સ્વર્ગલોક વગેરે પોતાના માટે વ્યવહાર-લોક કે પરલોક છે. વ્યવહારલોક કે પરલોકમાં વસવાટથી સંપૂર્ણલોકમાં રખડપટ્ટી અને સંસારનાં દુઃખો હોય છે. અને નિશ્ચયલોક કે નિજલોકમાં વસવાટ કરવાથી લોકાગ્રે સ્થિર નિવાસ અને મોક્ષનું સુખ હોય છે. પરલોકને જ્ઞેય માનવાથી પરલોકનું પ્રયોજન ટળે છે અને તેથી લોકમાં થતું ભ્રમણ પણ ટળે છે. અને નિજલોકને ઉપાદેય માનવાથી નિજલોકમાં પોતાનો વસવાટ થાય છે અને તેથી લોકાગ્રે સ્થિર નિવાસની પ્રાપ્તિ થાય છે. તેથી પરલોક એ જ્ઞેય છે અને નિજલોક ઉપાદેય છે એ પ્રકારની સમજણ-પૂર્વકની વારંવાર વિચારણા થવી તે લોક-ભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.



લોકભાવનાની ચિંતવન પ્રક્રિયામાં સૌ પ્રથમ છ દ્રવ્ય સ્વરૂપ લોક, સ્વર્ગલોક વગેરે પરલોક પોતાના જ્ઞાનના જ્ઞેય જ છે, એમ સમજવું જરૂરી છે. એટલે કે પોતે પરલોકનો જ્ઞાતા જ છે અને કર્તા નથી એમ સમજવુ જરૂરી છે. જ્યાં સુધી પોતે પરપદાર્થરૂપી લોકનો કર્તા થાય છે, ત્યાં સુધી પોતે તેનો જ્ઞાતા થઇ શકતો નથી. જ્ઞાતા થવા માટે અસ્તિથી પોતાના શુદ્ધ સ્વરૂપી નિજલોકનું ગ્રહણ થાય તો જ નાસ્તિથી પરલોકનું કર્તાપણું છૂટી જાય. પરલોકનું કર્તાપણું છૂટે તો જ પોતે તેનો જ્ઞાતા બની શકે. કેમ કે, પરપદાર્થસ્વરૂપી પરલોકનું કર્તાપણું અને જ્ઞાતાપણું એક સાથે સંભવી શકે નહિ.

પ્રશ્નઃ ૧ઃ શા માટે પરપદાર્થનું કર્તાપણું અને જ્ઞાતાપણું એક સાથે સંભવી શકે નહિ ?

ઉત્તર : પરપદાર્થનું કર્તાપણું એ મિથ્યા માન્યતારૂપ મિથ્યાત્વ છે અને જ્ઞાતાપણું એ સમ્યક્ માન્યતારૂપ સમ્યક્ત્વ છે. જેમ અંધકાર અને ઉજાસ એક સાથે રહીં શકે નહિ તેમ મિથ્યાત્વ અને સમ્યક્ત્વ એક સાથે રહી શકે નહિ. તેથી કર્તાપણું અને જ્ઞાતાપણું એક સાથે સંભવી શકે નહિ.

પ્રશ્ન : ૨ઃ અમે તો પરપદાર્થના કાર્યને કરીએ પણ છીએ અને જાણીએ પણ છીએ તેથી અમે તો કર્તા અને જ્ઞાતા બન્ને એક સાથે છીએ ?

ઉત્તર : કરવાપણું અને જાણવાપણું એ બન્ને એકબીજાથી વિરુદ્ધ ક્રિયાઓ છે. તેથી તેઓ એક સાથે સંભવી શકે નહિ. જ્યાં સુધી કરવાપણું હોય ત્યાં સુધી જાણવાપણું સંભવી શકે નહિ અને જાણવાપણું પ્રગટ્યા પછી કરવાપણું ટકી શકે નહિ. જ્ઞાની પરપદાર્થને જાણતો પ્રવર્તે છે અને તેથી તે તેનો કર્તા થતો નથી. અજ્ઞાની પરપદાર્થના કાર્યનો કર્તા થાય છે અને તેથી તે તેનો જાણનારો હોય શકે નહિ.

પોતાના જ્ઞાનના ક્ષયોપશમ કે ઉઘાડ અનુસાર પોતે પરનો પ્રતિભાસ કે અવલોકન કરે છે પણ એ અવલોકન જાણપણું નામ ત્યારે જ પામે કે પોતે તેનો માત્ર જાણનાર જ રહે અને તે સિવાય જાણનાર પદાર્થ સાથે કોઇ સબંધ કે પ્રયોજન ન રાખે. પરને જાણતાં પરથી નિર્લેપ રહે, તેમાં કોઇ મોહ, રાગ કે દ્વેષ ન કરે; તો જ તે તેનો જાણનાર કહેવાય. મોહ-રાગ-દ્વેષ વિના જાણવાથી કોઇ શત્રુ કે મિત્ર, ભલું કે બુરું વગેરે જેવું દ્વૈત ભાસતું નથી. અને તેથી માત્ર જાણવાપણું જ રહે છે અને કરવાપણું રહેતું નથી. જિનેન્દ્ર ભગવાન આવી જ રીતે જગતને જાણે છે. તેઓ જાણે છે બધાંને પણ કર્તા-હર્તા કોઇના નથી. પણ અજ્ઞાની જીવ જાણવાની સાથે જણાનાર પદાર્થ સાથે કોઇ પ્રકારનો રાગ કર્યા વિના રહેતો નથી. આવું રાગ સહિતનું જાણપણું તે જ્ઞાતાપણું કહેવાતું નથી. અને કર્તાપણું જ કહેવાય છે. રાગભાવ પોતે જ કર્તાભાવ છે.

વળી અજ્ઞાનીને પોતાના રાગભાવનું જ વેદન કે ભોગવટો છે અને પોતાના જ્ઞાયકસ્વભાવનું કોઇ વેદન કે ભોગવટો નથી. જે જેનો ભોક્તા થાય તે તેનો કર્તા પણ થાય જ છે. અજ્ઞાની પોતાના રાગનો ભોક્તા હોવાથી તેનો કર્તા થાય છે. અને રાગનો કર્તા થવાથી રાગના નિમિત્તે થતા પરના કાર્યનો પણ કર્તા થાય છે. પરનો કર્તા થવાથી પરનો જ્ઞાતા રહી શકતો નથી. અજ્ઞાનીને રાગનો જ સ્વીકાર છે અને જ્ઞાતાપણાનો સ્વીકાર જ નથી. તેથી તે પરનો કર્તા જ છે અને જ્ઞાતા નથી.

અજ્ઞાની પરને જાણતાં એકત્વબુદ્ધિના મિથ્યા અભિપ્રાય કે કર્તૃત્વબુદ્ધિની મિથ્યાવાસનાપૂર્વક પરને જાણે છે. તેથી તે તેનો જાણનાર જ નથી અને કર્તા જ છે. અહીં કર્તા એટલે વાસ્તવિક કર્તા નથી પણ અજ્ઞાનથી કે ભ્રાંતિથી તે પરનો કર્તા થાય છે. પરનો કર્તા ન હોવા છતાં પોતાને પરનો કર્તા માનવો તે જ અજ્ઞાનીનું અજ્ઞાન છે. તે જ રીતે પોતાને કરતો અને જાણતો બન્ને માને એ પણ અજ્ઞાન જ છે. વાસ્તવમાં જ્ઞાની કે અજ્ઞાની કોઇપણ જીવ પરપદાર્થના કાર્યનો કર્તા બિલકુલ હોતો જ નથી.

પ્રશ્ન :૩: શા માટે જ્ઞાની કે અજ્ઞાની કોઇ પણ જીવ પરનાં કાર્યનો બિલકુલ કર્તા હોતો જ નથી ?

ઉત્તર : દરેક પદાર્થ સ્વતંત્ર અને સંપૂર્ણ હોય છે. પદાર્થનું સ્વરૂપ જ એવું હોય છે કે કોઇ કોઇનો કર્તા હોતો નથી. અનેકાંતસ્વરૂપી પદાર્થ સ્વતઃ પરિણમનશીલ હોય છે. સ્વતઃ પરિણમનશીલ પરિણમતો પદાર્થ પોતે જ કર્તા હોય છે. અને તેના સમયે સમયે થતાં પરિણામ જ તેનું કર્મ કે કાર્ય હોય છે. તેથી કર્તા-કર્મ એ જુદા-જુદા પદાર્થોમાં હોતા નથી.

જે આદિ-મધ્ય-અંતમાં અંતર્વ્યાપક થઇને સ્વતંત્રપણે કરે તેને કર્તા કહેવાય અને કર્તા જે રૂપે પરિણામે, ઉપજે કે જેને પ્રાપ્ત કરે કે ગ્રહે તેને તેનું કર્મ કે કાર્ય કહેવાય. કર્તા-કર્મની આ પરિભાષા અનુસાર કર્તા-કર્મ એક જ પદાર્થમાં અભિન્નપણે હોય છે. જેથી કોઇ કોઇનો કર્તા હોતો નથી.

વળી જ્યાં વ્યાપક-વ્યાપ્યપણું હોય ત્યાંજ કર્તા-કર્મપણું હોય છે. સર્વે અવસ્થાઓમાં સ્વતંત્રપણે પરિણમીને પ્રસરતો પદાર્થ વ્યાપક કહેવાય છે અને તેની કોઇ એક અવસ્થાવિશેષ તેનું વ્યાપ્ય કહેવાય છે. આ વ્યાપક-વ્યાપ્યપણું તત્સ્વરૂપમાં જ એટલે કે એક જ પદાર્થમાં અભિન્નપણે હોય છે. તેથી કોઇ કોઇનો કર્તા હોતો નથી.

આત્મા પોતાના રાગ કે વીતરાગ પરિણામને કરે છે. અને જેને કરે છે તેને ભોગવે છે. અજ્ઞાની કુંભારનો જીવ ઘડો બનાવવા સંબંધી રાગને કરે છે અને તે રાગનું ફળ દુઃખ હોય તેને ભોગવે છે. પણ તે રાગના નિમિત્તે થતા માટીના ઘડાને કરતો નથી કે ભોગવતો નથી. કુંભારનો જીવ પોતાના ઘડા બનાવવા સબંધી રાગને પણ કરે અને તેના નિમિત્તે થતા ઘડાને પણ કરે તો એક જ કુંભારના જીવના એક સાથે બે કાર્ય થઇ જાય. એટલે કે તે એક સાથે રાગને પણ કરે અને ઘડાને પણ કરે. તે જ રીતે ઘડાનો કર્તા માટી પણ હોય અને કુંભાર પણ હોય તો એક જ કાર્યના બે કર્તા થઇ જાય પણ આવું ક્યારેય સંભવી શકે નહિ. આ કારણે કુંભાર પોતાના રાગને કરે છે પણ ઘડાને કરતો નથી. આ રીતે પણ એક દ્રવ્ય અન્ય કોઇનું કર્તા હોય શકે નહિ.

ઉપર મુજબ જ્ઞાની કે અજ્ઞાની કોઇપણ જીવ પરનાં કાર્યનો બિલકુલ કર્તા હોતો નથી. તોપણ અજ્ઞાની ભ્રાંતિથી પોતાને પરનો કર્તા માને છે.

પ્રશ્ન :૪: અજ્ઞાની કઇ પ્રકારની ભ્રાંતિથી પોતાને પરનો કર્તા માને છે ?

ઉત્તર : અજ્ઞાની જીવ પરપદાર્થના કાર્ય કરવા સંબંધીનો જે યોગ અને ઉપયોગ કરે છે તેનો તે કર્તા હોય છે, પણ પરપદાર્થના કાર્યનો કર્તા બિલકુલ હોતો નથી. અહીં યોગ એટલે મન-વચન-કાયાના કારણે થતું આત્મપ્રદેશોનું પરિસ્પંદન છે અને ઉપયોગ એટલે જ્ઞાનનું રાગાદિ વિકારો સાથે ઉપયુક્ત થવું-જોડાવું તે છે. અજ્ઞાની પોતાનાં યોગ-ઉપયોગના કારણે પરપદાર્થના કાર્ય થતાં માને છે. પણ તે એક અનુકુળ-અનુરુપતા ધરાવતો નિમિત્ત-નૈમિત્તિક પ્રકારનો સબંધ છે, પણ વ્યાપક-વ્યાપ્યતા ધરાવતો કર્તા-કર્મ સબંધ નથી. તોપણ અજ્ઞાની પોતાના અજ્ઞાનના કારણે તેને કર્મ-કર્મ સંબંધ માની પોતે પરના કાર્યનો કર્તા થાય તે એક ભ્રાંતિ છે.

જેમ કે, કુંભારનો યોગ અને ઉપયોગ એ ઘડાની ક્રિયાને અનુકૂળ છે અને તે યોગ અને ઉપયોગને અનુરુપ જ માટીમાંથી થતો ઘડો જણાય છે. અહીં કુંભાર નિમિત્ત છે અને ઘડો નૈમિત્તિક છે. એટલે કે કુંભાર અને ઘડાને અનુકૂળ-અનુરુપતા ધરાવતો નિમિત્ત-નૈમિત્તિક સબંધ છે. પરંતુ કુંભાર વ્યાપક અને ઘડો વ્યાપ્ય નથી. તેથી કુંભાર અને ઘડાને વ્યાપક-વ્યાપ્યતા ધરાવતો કર્તા-કર્મ સબંધ નથી. તોપણ અજ્ઞાની કુંભાર પોતાને ઘડાનો કર્તા માને છે. આ રીતે નિમિત્તિ-નિમિત્તિક સબંધને જ કર્તા-કર્મ સબંધ માની લેવો તે જ અજ્ઞાનીનું અજ્ઞાન કે ભ્રાંતિ છે.

પરપદાર્થના કર્તૃત્વના આવા અજ્ઞાનના કારણે પરપદાર્થ સંબંધીનું જ્ઞાતૃત્વપણું ગુમાવાઇ જાય છે. એટલે કે જે પરપદાર્થના કાર્યનો કર્તા થાય તે પરપદાર્થ સંબંધીનું જ્ઞાતાપણું ખોઇ નાંખે છે.

પ્રશ્ન : ૫: જે પરપદાર્થનો કર્તા થાય તે જ્ઞાતાપણું ખોઇ નાંખે, તેમ શા માટે ?

ઉત્તર : કર્તાપણું અને જ્ઞાતાપણું એ પરસ્પર વિરુદ્ધ પ્રકારની ક્રિયાઓ છે. તેથી તે બન્ને એકસાથે સંભવી શકતી નથી. અજ્ઞાની પરપદાર્થના કાર્યનો નિમિત્તમાત્ર હોવા છતાં તે પોતાને તેનો કર્તા માને છે. તેથી તે તેનાં સંબંધીનું જ્ઞાતાપણું ખોઇ નાંખે છે.

પરને જણતાં પરમાં કાંઇક પ્રયોજન ધરાવવું, તેની સાથે કોઇ સંબંધ માનવો, તેના પ્રત્યે મોહ, રાગ કે દ્વેષ કરવો તે જ તેનું કર્તાપણું છે અને તેનાથી વિરુદ્ધ ભાવ તે જ્ઞાતાપણું છે. અહીં જ્ઞાતાપણું એટલે પ્રતિભાસ કે અવલોકન

એટલો જ માત્ર અર્થ નથી. પરપદાર્થનો પ્રતિભાસ કે અવલોકન તો જ્ઞાની કે અજ્ઞાની દરેકને હોય છે. પણ જ્ઞાતાપણું માત્ર જ્ઞાનીને જ હોય છે. જ્ઞાતાપણું એટલે જ્ઞાતા-દ્રષ્ટારૂપ માત્ર જાણવા-દેખવાનો ભાવ છે. પરને જાણતાં તેમાં નિર્લેપપણું કે નિઃસંગપણું છે. પરના અવલોકન કે પ્રતિભાસમાં સાક્ષીભાવ કે સમભાવ છે.

અજ્ઞાની પરને જાણતા પરથી પૃથક રહી શકતો નથી. તેમાં મારૂં-તારૂં , હેય-ઉપાદેય જેવાં પ્રયોજન રાખી દ્વૈત ઉપજાવે છે. આ દ્વૈતપણું એ જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વના કારણે મોહ-રાગ-દ્વેષ હોય છે. મિથ્યાત્વ સહિતના મોહ-રાગ-દ્વેષ એ જ કર્તાપણું છે અને તેનાથી વિરુદ્ધ સમ્યક્ત્વ એ જ જ્ઞાતાપણું છે. અજ્ઞાની પોતાના મિથ્યાત્વના કારણે પરનો કર્તા થઈને જ્ઞાતાપણું ખોઈ નાખે છે અને જ્ઞાની પોતાના સમ્યક્ત્વના કારણે પરનો કર્તા ન થઈને પોતાનું જ્ઞાતાપણું જાળવી રાખે છે.

જ્ઞાની કે અજ્ઞાની કોઈપણ જીવ પોતાના સ્વભાવથી તો પરપદાર્થનો જ્ઞાતા જ હોય છે અને કર્તા હોતો જ નથી. તોપણ અજ્ઞાની ભ્રાંતિથી પોતાને પરનો કર્તા માને છે. કર્તા ન હોવા છતાં પોતાને પરપદાર્થનો કર્તા માનવો એ જ અજ્ઞાનીનું અજ્ઞાન છે.

પ્રશ્ન : ૬: કર્તાપણું શું છે ? પરનો કર્તા થવો એ અજ્ઞાનીનું અજ્ઞાન કઈ રીતે છે ?

ઉત્તર : પરને જાણતાં પરમાં કાંઈ પ્રયોજન કે સંબંધ માનવો તે કર્તાપણું છે.

જીવના મિથ્યાત્વ કે અજ્ઞાનના કારણે જ તેનું કર્તાપણું હોય છે. મિથ્યાત્વ કે અજ્ઞાનના કારણે મિથ્યા અભિપ્રાયપૂર્વકનો મોહ-રાગ-દ્વેષ હોય છે. અહીં પરને જાણતાં તેમાં પોતાપણું કે પારકાપણું માનવું તે મોહ છે, તેમાં ઈષ્ટબુદ્ધિ તે રાગ અને અનિષ્ટબુદ્ધિ તે દ્વેષ છે. આ પ્રકારે મોહ-રાગ-દ્વેષના કારણે પરને જાણતાં તેમાં પોતાપણું, પારકાપણું, ઇષ્ટપણું કે અનિષ્ટપણું અવશ્ય થાય છે. જે પરને જાણતાં તેમાં પોતાપણું માને તે તેનો કર્તા પણ અવશ્ય થાય છે. પારકાપણે માને તે તેને પોતાનો બનાવવા કે તેનાથી દૂર થવા પણ તેનો કર્તા થાય છે. ઈષ્ટ માને તે તેને જાળવી રાખવા તેનો કર્તા થાય છે. અને અનિષ્ટ માને તે તેનો અભાવ કરવા તેનો કર્તા થાય છે. આ રીતે મિથ્યાત્વ સહિતનાં મોહ-રાગ-દ્વેષ હોય ત્યાં કર્તાપણું અવશ્ય હોય છે.

આવું કર્તાપણું એ અંતરંગ અભિપ્રાયની બાબત છે. તેથી તે બહારથી સમજી શકાતું નથી. પણ જે મોહના કારણે પરને જાણતાં એમ માને કે આ શરીર મારૂં છે અને આ શરીર પારકું છે. મારા શરીરને સંભાળવા જેવું છે અને પારકાં શરીરની સંભાળ રાખવાની જરૂર નથી. આ મારો દેશ એટલે કે સ્વદેશ છે અને આ પારકો દેશ એટલે કે પરદેશ છે. સ્વદેશની સેવા કરવી મારી ફરજ છે અને પરદેશની સેવા કરવી મારી ફરજ નથી. આ અને આવા પ્રકારની માન્યતા તે જ તેની મોહજન્ય કર્તાબુદ્ધિ છે. રાગ-દ્વેષના કારણે પરને જાણતાં એમ માને કે આ સંયોગો અનુકૂળ છે અને આ સંયોગો પ્રતિકૂળ છે. અનુકૂળ સંયોગો જાળવી રાખવા જેવા છે અને પ્રતિકૂળ સંયોગો દૂર કરવા જેવા છે. આ ગંધ સારી છે એટલે કે સુગંધ છે અને આ ગંધ ખરાબ છે એટલે કે દુર્ગંધ છે. સુગંધને માણવા જેવી છે અને દુર્ગંધથી દૂર થવા જેવું છે. આ અને આવા પ્રકારની માન્યતા તે જ તેની રાગ-દ્વેષજન્ય કર્તાબુદ્ધિ છે. અજ્ઞાની જીવ પરને જાણતાં તેમાં મોહ કે રાગ-દ્વેષ અવશ્ય પામે છે. તેથી તે તેનો કર્તા પણ અવશ્ય થાય છે.

કર્તાપણું અને જ્ઞાતાપણું એક સાથે સંભવતું નથી. અજ્ઞાની પરનો કર્તા થવાથી જ્ઞાતાપણું ખોઇ બેસે છે. જ્યારે જ્ઞાની પરનો કર્તા થતો નથી અને તેથી તે જ્ઞાતા થાય છે.

પ્રશ્ન : ૭: જ્ઞાતાપણું શું છે ? જ્ઞાનીને તે કઇ રીતે હોય છે ?

ઉત્તર : પરને જાણતાં પરમાં પરમાં કોઇ પણ પ્રયોજન કે સંબંધ રાખ્યા વિના મોહ-રાગ-દ્વેષ વિનાનો સમભાવ કે સાક્ષીભાવ ધરાવવો એ જ્ઞાતાપણું છે.

જ્ઞાતાપણું એ જીવનો મૂળભૂત સ્વભાવ છે. તોપણ અનાદિ અજ્ઞાની જીવ પરને જાણતાં તેમાં પોતાનું કોઇ પ્રયોજન કે સંબંધ સ્થાપીને કર્તાપણાની મિથ્યા માન્યતા ધરાવે છે. કર્તાપણું માનવાથી જ્ઞાતાપણું ગુમાવાઇ જાય છે. જીવ જ્યારે પરમાં કોઇ પ્રયોજન કે સંબંધ માનવાથી થતાં મિથ્યા માન્યતારૂપ અજ્ઞાન કે મિથ્યાત્વને છોડીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તેનું જ્ઞાતાપણું આપોઆપ પ્રગટે છે. આ રીતે જીવનો સમ્યક્ત્વભાવ જ તેના જ્ઞાતાપણાનું કારણ છે.

સમ્યક્ત્વભાવ ધરાવનાર જ્ઞાની પરને જાણતાં પરમાં પોતાનું કોઇ પ્રયોજન કે સંબંધ ધરાવતા નથી. પરમાં એકત્વબુદ્ધિનો કે અભિપ્રાયપૂર્વકનો મોહ-રાગ-દ્વેષ ધરાવતાં નથી. તેથી તેમને પરપ્રત્યે સમભાવ કે સાક્ષીભાવ જ રહ્યા કરે છે અને તે જ તેનું જ્ઞાતાપણું છે.

જ્ઞાનીનો ઉપયોગ સવિકલ્પદશામાં બહારમાં હોય ત્યારે પણ તેમને કદાચિત્ મોહ-રાગ-દ્વેષ હોય તોપણ તે અભિપ્રાયપૂર્વકનો હોતો નથી. અને માત્ર અસ્થિરતાજન્ય હોય છે. અભિપ્રાયપૂર્વકના કે મિથ્યાત્વ સહિતના મોહ-રાગ-દ્વેષ વિના પરને જાણતાં તેમાં સાક્ષીભાવ કે સમભાવ બન્યો રહે છે. તેથી જ્ઞાનીનું જ્ઞાતાપણું નિરંતર ચાલુ જ રહે છે. આ રીતે મિથ્યાત્વ સહિતનાં મોહ-રાગ-દ્વેષ ન હોય ત્યાં જ્ઞાતાપણું અવશ્ય હોય છે.

આવું જ્ઞાતાપણું એ જ્ઞાનીની અંતરંગ પરિણતિ છે. તેથી તે બીજા દ્વારા બહારથી જોઇ શકાતી નથી. પણ જ્ઞાની પરને જાણતાં તેમાં મોહ રાગ-દ્વેષ નથી પામતો એ જ તેનું જ્ઞાતાપણું છે. મોહ વિના શરીરને જાણતાં આ શરીર મારૂં છે અને આ શરીર પારકું છે તેવું થતું નથી. મારા શરીરની સ્થિતિ જળવાઇ રહે અને તેનો વિયોગ ન થાય તેવી ભાવના થતી નથી. આ અને આવા પ્રકારની પરિણતિ એ જ તેની મોહ વિનાની જ્ઞાતૃત્વધારા કે જ્ઞાતાપરિણતિ છે. રાગ-દ્વેષ વિના પરસંયોગોને જાણતાં આ સંયોગો ઠીક છે અને આ સંયોગો અઠીક છે એવું થતું નથી. આ અને આવા પ્રકારની પરિણતિ એ જ જ્ઞાનીનું રાગ-દ્વેષ વિનાનું જ્ઞાતાપણું છે.

જ્ઞાની જીવ મોહ-રાગ-દ્વેષ વિના પરને જાણતાં તેમાં કોઇ પ્રયોજન કે સબંધ રાખતો નથી. પરથી તદ્દન નિઃસંગ અને નિર્લેપ જ રહે છે. પરપ્રત્યે માત્ર સાક્ષીભાવ કે સમભાવ જ ધરાવે છે. તેથી જ્ઞાનીને નિરંતર જ્ઞાતાપણું જ હોય છે. આવું જ્ઞાતાપણું પ્રગટાવવા માટે પોતાના નિજ ચૈતન્યલોકનું ઉપાદેયપણું એટલે શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ગ્રહણ જરૂરી હોય છે.

પ્રશ્ન :૮: પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ અને તેનું ગ્રહણ એટલે શું ? જ્ઞાતાપણું પ્રગટાવવા માટે તે શા માટે જરૂરી હોય છે ?

ઉત્તર : પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્મસ્વભાવને શુદ્ધ ચૈતન્યસ્વભાવ કહે છે.

પોતે પોતાનો સ્વીકાર પોતાની ક્ષણિક પલટતી પ્રગટ પર્યાયપણે કરવાને બદલે પોતાના ત્રિકાળ ધ્રુવ અપ્રગટ દ્રવ્યસ્વભાવપણે કરવો એટલે કે પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી તેને પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ગ્રહણ કહે છે.

કર્તાપણાની મિથ્યા માન્યતારૂપ મિથ્યાત્વ મટાડી જ્ઞાતાપણાની સમ્યક્ પરિણતિરૂપ સમ્યક્ત્વ પ્રગટાવવા માટે આ શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ગ્રહણ અત્યંત આવશ્યક છે.

પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ગ્રહણ થતાં પોતે પોતાને અનંતગુણોના નિધાનરૂપ ભરચક ભરેલો ભગવાન ભાસે છે. પોતે પરિપૂર્ણ અને સ્વતંત્ર એવો અતીન્દ્રિય મહાપદાર્થ છે. પોતાના જ્ઞાન, શાંતિ, સમૃદ્ધિ વગેરે બધું પોતામાં જ છે. પોતામાં કોઈ ખૂટતું નથી અને પરમાંથી પોતામાં કાંઇ આવી શકતું નથી. આ રીતે ચૈતન્યસ્વભાવનું ગ્રહણ થતાં પરસબંધીનો એકત્વબુદ્ધિનો મોહ-રાગ-દ્વેષ ટળી જાય છે.

મોહ-રાગ-દ્વેષ ટળી જતાં પરને જાણતાં પર સાથેનો કોઇ સંબંધ ભાસતો નથી. પરંતુ કોઇ પ્રયોજન જણાતું નથી. પરથી પોતાને કોઇ લાભ-નુકશાન મનાતું નથી. પરને જાણતાં પરથી પૃથ્થક રહી શકાય છે. તેથી પોતે પરનો માત્ર જાણનાર દેખનાર એટલે કે જ્ઞાતા-દ્રષ્ટા જ અનુભવાય છે. પરની કોઇ પણ અવસ્થાનો પોતે સાક્ષી જ રહે છે. પરને જાણતાં તેના પ્રત્યે સમભાવ પ્રવર્તે છે. આથી પરપ્રત્યેનું કર્તાપણું ટળી જ્ઞાતાપણું પ્રગટે છે.

ચૈતન્યસ્વભાવનું ગ્રહણ થતાં કર્તાપણાની ભ્રાંતિ આડે પોતાનું જ્ઞાતાપણું ઢંકાઇ ગયું હતું તે હવે પ્રગટ થાય છે. ચૈતન્યસ્વભાવનું ગ્રહણ થતાં નાસ્તિથી કર્તાપણું ટળે છે અને અસ્તિથી જ્ઞાતાપણું પ્રગટે છે. ચૈતન્યસ્વભાવનું ગ્રહણ થતાં જ જ્ઞાતાપણું પ્રગટે છે અને જેને જ્ઞાતાપણું હોય તેને ચૈતન્યસ્વભાવનું ગ્રહણ પણ અવશ્ય હોય જ છે. એટલે કે ચૈતન્યસ્વભાવનું ગ્રહણ અને જ્ઞાતાપણું એ બન્ને પરસ્પર અવિનાભાવી છે.

આ રીતે જ્ઞાતાપણું પ્રગટાવવા માટે ચૈતન્યસ્વભાવનું ગ્રહણ જરૂરી છે. ચૈતન્ય સ્વભાવના ગ્રહણપૂર્વક જ્ઞાતાપણું પ્રગટાવવા માટેની આ પ્રકારની વિચારણા એ જ લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

પ્રશ્ન ઃ૯ઃ ચૈતન્યસ્વભાવના ગ્રહણપૂર્વક જ્ઞાતાપણું પ્રગટાવવા માટેની વિચારણા એ જ લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા કઇ રીતે છે?

ઉત્તર : નિજલોકનું ઉપાદેયપણું અને તે સિવાયના સઘળાં પરલોકનું જ્ઞાતાપણું એ જ લોકભાવનાના ચિંતવનનો વિષય છે.

નિજલોક એટલે પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવરૂપ ચૈતન્યલોક છે અને પરલોક એટલે છ દ્રવ્યો અને તેના નિવાસના સ્થાનો મળીને સઘળાં પરપદાર્થો છે.

લોકભાવનાની ચિંતવન પ્રક્રિયામાં પોતે પરલોકનો કર્તા નથી અને તેનો માત્ર જ્ઞાતા જ છે અને નિજલોકનું ઉપાદેયપણું એટલે કે પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ગ્રહણ સબંધી વિચારણા હોય છે.

ચૈતન્યસ્વભાવના ગ્રહણપૂર્વક જ કર્તાપણું ટાળી જ્ઞાતાપણું પ્રગટે છે તેથી ચૈતન્યસ્વભાવના ગ્રહણપૂર્વક જ્ઞાતાપણું પ્રગટાવવા માટેની વિચારણા એ જ લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

લોકભાવનાનું સાધન કે કારણ

નિજ ચૈતન્યલોક ઉપાદેય છે અને તે સિવાયનો સઘળો પરલોક જ્ઞેય છે તે પ્રકારની સમજણપૂર્વકની વારંવાર વિચારણા થવી તે લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા છે. લોકભાવનાની આ પ્રકારની ચિંતવન પ્રક્રિયાનું સાધન કે કારણ આ પરલોક કે નિજલોક પોતે જ બની શકે છે.

પરલોકમાં છ દ્રવ્યો, સઘળાં પ્રકારના સંયોગો સ્વર્ગ, મનુષ્ય, નરકના સ્થાનો વગેરે અનેક પરપદાર્થોનો સમાવેશ છે અને નિજલોકમાં પોતાના એક માત્ર શુદ્ધ ચૈતન્યસ્વભાવનો સમાવેશ છે.

અજ્ઞાની જીવ કોઇ ને કોઇ પ્રકારનું ચિંતવન તો કાયમ માટે કરતો જ હોય છે. તેના ચિંતવનમાં પરલોક પૈકીના અંતરંગ અને બાહ્ય સંયોગો અને તે ઉપરાંત અન્ય પદાર્થો પણ હોય છે. લોકના આ પદાર્થોના સ્વરૂપની વાસ્તવિક સમજણ અને લોકભાવનાના અભ્યાસ વગર તે પોતાના ચિંતવનમાં આ પદાર્થોમાં પોતાનો કોઇ સબંધ કે પ્રયોજન માની તેમાં મોહ-રાગ-દ્વેષ ધરાવે છે. મોહ-રાગ-દ્વેષના કારણે પોતે તેનો કર્તા થાય છે. અને જ્ઞાતા રહી શકતો નથી. તેથી પોતાનું આ પ્રકારનુ ચિંતવન લોકમાં રખડવાનું જ કારણ બને છે. હવે પોતે લોકભાવનાના અભ્યાસ વડે લોકના પદાર્થોનું સાચું સ્વરૂપ સમજી તેને જ લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બનાવશે તો પોતે આ જ પદાર્થોનો કર્તા ન બનતાં તેનો જ્ઞાતા જ રહેશે. પોતાનું આ પ્રકારનું ચિંતવન જ લોકમાં થતું ભ્રમણ મટાડી લોકાગ્રે નિવાસ પ્રાપ્ત કરાવશે.

લોકભાવનાના ચિંતવન માટે પરલોકમાં અનેક પ્રકારના પદાર્થો છે. તેને અંતરંગ સંયોગો, બહિરંગ સંયોગો અને અન્ય પદાર્થો એમ ત્રણ પ્રકારમાં વહેંચી દરેકમાંથી કોઇ એક બાબતનું નમૂનારૂપ ચિંતવન માટે તે કઇ રીતે સાધન કે કારણ થઇ શકે તેની ચર્ચા આ નીચે કરવામાં આવે છે. તે ઉપરાંત ચૈતન્યલોકના આધારે પણ તે ચિંતવન કેમ થઇ શકે તેની ચર્ચા કરવામાં આવે છે. તેથી લોકભાવનાના ચિંતવનના સાધન કે કારણ તરીકે નીચેના ચાર મુદ્દાઓ અનુસાર ચર્ચા કરવામાં આવે છે.

૧. અંતરંગ સંયોગો | ૩. અન્ય પદાર્થો
૨. બહિરંગ સંયોગો | ૪. ચૈતન્યલોક

૧. અંતરંગ સંયોગો

પોતાના આત્માની સાથે એકક્ષેત્રાવગાહ રહેલા અને નિમિત્ત-નૈમિત્તિક સબંધ ધરાવતા પરલોકના પદાર્થોને અંતરંગ સંયોગો કહે છે.

શરીર મન, વાણી, ઇન્દ્રિયો, આઠ પ્રકારના પૌદ્‌ગલિકકર્મો વગેરે એકક્ષેત્રાવગાહી અત્યંત નિકટ રહેલા સંયોગો તે અંતરંગ સંયોગો છે. આ અંતરંગ સંયોગો પૈકી નમૂનારૂપે શરીર લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ કઇ રીતે બની શકે તેની ચર્ચા કરીએ છીએ.

આ જીવનું સૌથી વધુ ચિંતવન શરીર સબંધનું જ હોય છે. શરીરના પાલન-પોષણ અને રક્ષણ માટે કરવામાં આવતું ચિંતવન નવાં-નવાં શરીરો પ્રાપ્ત કરાવી સંપૂર્ણ લોકમાં રખડાવનારૂં છે હવે આ જ શરીરને લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બનાવતાં તે શરીર રહિત લોકાગ્રે સ્થિર સ્થિતિ પ્રાપ્ત કરાવનાર છે.

શરીરના આધારે લોકભાવનાનું ચિંતવન કરવાથી શરીરમાં પોતાપણું ભાસતું નથી પોતે શરીરનો અધિષ્ઠાતા છે તેવું અનુભવાતું નથી. શરીર નિરોગી હોય તો ઠીક અને રોગી હોય તો અઠીક એવું મનાતું નથી. પોતે શરીરનો કર્તા-હર્તા નહિ પણ માત્ર જ્ઞાતા-દ્રષ્ટા જ છે, તેવું મનાય છે.

આ રીતે શરીરાદિ અંતરંગ સંયોગો લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બની શકે છે.

૨. બહિરંગ સંયોગો

પોતાના આત્માની નજીક રહેલા અને પોતાની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ધરાવનારા પરલોકના પદાર્થોને બહિરંગ સંયોગો કહે છે.

સ્ત્રી-પુત્ર-પરિવાર, સગા-સબંધીઓ, સત્તા-સંપત્તિ, માન-સન્માન, શત્રુ-મિત્ર, અનુકૂળ-પ્રતિકૂળ પદાર્થો વગેરે બહિરંગ સંયોગો છે. આ બહિરંગ સંયોગો પૈકી નમૂનારૂપે સ્ત્રી લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ કઇ રીતે બની શકે તેની ચર્ચા કરીએ છીએ.

બહિરંગ સંયોગો પૈકી અજ્ઞાનીને સ્ત્રી સબંધી ચિંતવન ઘણું હોય છે. કોઇ પુરુષની ઉન્નતિ કે અવનતિનું કારણ પણ મોટા ભાગે સ્ત્રી જ હોય છે. અજ્ઞાની જીવ સ્ત્રીની પ્રાપ્તિ ન હોય ત્યાં સુધી તેને મેળવવાના સ્વપ્નમાં રાચે છે. સ્ત્રીની પ્રાપ્તિ થયા પછી તેને ધર્મપત્નિ બનાવવાને બદલે ભોગપત્નિ બનાવી સ્ત્રીના વિષયમાં ફસાઇ જાય છે અને પોતાના સંસારની રખડપટ્ટી વધારે છે. હવે આ સ્ત્રીને લોકભાવનનાના ચિંતવનનું સાધન કે કારણ બનાવવાથી સંસારની રખડપટ્ટી ઘટે છે.

સ્ત્રીના આધારે લોકભાવનાનું ચિંતવન કરવાથી સ્ત્રીના વિષયનો ભોગવટો પૌદ્ગલિક અશુચિ પદાર્થની પ્રક્રિયા જણાય છે. તેમાં કોઇ સુખ ભાસતું નથી. સ્ત્રી ખૂબસુરત, પ્રેમાળ, નિષ્ઠાભાવી, સહાયક કે સાનુકૂળ હોય તો સારી અને બદસૂરત, કર્કશા, અડચણો ઉભી કરનાર કે પ્રતિકૂળ હોય તો ખરાબ એવું મનાતું નથી. પોતે સ્ત્રીનો સ્વામી નહિ પણ જ્ઞાતા-દ્રષ્ટા મનાય છે.



આ રીતે સ્ત્રી જેવા બહિરંગ સંયોગો લોકભાવના ચિંતવનનું સાધન કે કારણ બની શકે છે.

૩. અન્ય પદાર્થો

પરલોકના અંતરંગ કે બહિરંગ સંયોગો સિવાયના સમસ્ત પદાર્થો અન્ય પદાર્થો કહેવાય છે.

જીવાદિ દ્રવ્યો, સ્વર્ગાદિ સ્થાનો વગેરે અન્ય પદાર્થો છે. લોકભાવનાના ચિંતવન માટે અન્ય પદાર્થો પણ સાધન કે કારણ થઇ શકે છે.

પરલોકના અનેક પ્રકારના પદાર્થોના આધારે લોકભાવનાનું ચિંતવન કરતાં આ પદાર્થોના કારણે પોતાનું જ્ઞાન હોય છે. તેવી મિથ્યા માન્યતા મટી જાય છે. હું જ્ઞાયક છું, સર્વજ્ઞ સ્વભાવી છું, જ્ઞાન જ મારૂં સ્વરૂપ છે અને તેનું કાર્ય નિરંતર ચાલુ જ હોય છે. મારાં જ્ઞાનમાં અન્ય પદાર્થો નિમિત્ત હોવા છતાં તેના કારણે મારૂં જ્ઞાન નથી. આ બધાં પદાર્થો જ્ઞેય છે અને હું જ્ઞાતા છું. તેથી અન્ય પદાર્થો જણાતાં જ્ઞાતા-દ્રષ્ટા જ રહેવું અને કર્તા-હર્તા ન બનવું એ જ મારૂં કર્તવ્ય છે.

આ રીતે અન્ય પદાર્થો પણ લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ છે.

અહીં સુધી પરલોકના પદાર્થો લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ કઇ રીતે થઇ શકે તેની ચર્ચા કરી. હવે પોતાનો નિજ ચૈતન્યલોક પોતે જ લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ કેમ થઇ શકે તેની ચર્ચા કરવામાં આવે છે.

૪. ચૈતન્યલોક

પોતના આત્માના ત્રિકાળ ધ્રુવ શુદ્ધસ્વરૂપને ચૈતન્યલોક કહે છે.

પોતાનો ચૈતન્યલોક અલૌકિક અને અદ્‌ભૂત છે. તે અનંતગુણોના અનંત સામર્થ્યથી સભર છે. જગતની સર્વોત્કૃષ્ટ ચીજ પોતાનો ચૈતન્યલોક જ છે. ચૈતન્યલોકનો આશ્રય એટલે કે તેમાં નિવાસ કરતાં સંપૂર્ણ લોકમાં થતું ભ્રમણ ટળી લોકાગ્રે સિદ્ધદશાના સ્થિર નિવાસની પ્રાપ્તિ થાય છે.

ચૈતન્યલોક પ્રત્યક્ષ કે પ્રગટ નથી. અને પરલોક પ્રત્યક્ષ કે પ્રગટ છે. પ્રત્યક્ષ કે પ્રગટ પરલોક જ અપ્રત્યક્ષ કે અપ્રગટ ચૈતન્યલોકને પ્રકાશનારો છે. આ પરલોકના આધારે લોકભાવનાનું ચિંતવન કરતાં પોતાનું જ્ઞાતાપણું ભાસે છે.આ જ્ઞાતાપણાના આધારભૂત જ પોતાનો ચૈતન્યલોક છે. આ ચૈતન્યલોક જ પોતાનો નિશ્ચયલોક કે નિજલોક છે. તે સિવાયના સઘળાં પદાર્થો વ્યવહારલોક કે પરલોક છે. તેથી આ ચૈતન્યલોક જ ઉપાદેય છે. અને તે સિવાયનું સઘળું હેય કે જ્ઞેય છે.

આ ચૈતન્યલોકનું ગ્રહણ થાય તો અને તો જ કર્તાપણું ટળે છે. અને જ્ઞાતાપણું પ્રગટે છે. આ પ્રકારે ચૈતન્યલોકનું ચિંત્તવન કરવું એ લોકભાવનાના ચિંતવનની ચરમસીમા છે.

ઉપર મુજબ અનેક પ્રકારના પરલોક અને પોતાનો નિજલોક પોતે જ લોકભાવનાના ચિંતવન પ્રક્રિયાનું સાધન કે કારણ થઇ શકે છે તે બાબત સમજી શકાય છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

લોકભાવનાના ચિંતવનનો વિષય અતિ વિશાળ છે. તેમાં જગતનાં છયે દ્રવ્યો, સ્વર્ગલોક, મનુષ્યલોક વગેરે ઉપરાંત પોતાનો શુદ્ધ ચૈતન્યલોક સમાયેલો છે.

લોકભાવનાના ચિંતવનમાં દરેક દ્રવ્યનું સ્વરૂપ, લોકાકાશનું ભૌગોલિક નિરૂપણ અને પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપની સમજ જેવી બાબતો સંકળાયેલી છે.

લોકભાવનાના ચિંતવન અને અભ્યાસથી પોતાનો નિજ ચૈતન્યલોક જ ઉપાદેય છે. અને તે સિવાયનાં સઘળાં પરલોક જ્ઞેય છે તેમ ભાસે છે. પરલોક દ્વારા નિજલોકની ઓળખાણ અને તેની પ્રાપ્તિનો ઉપાય પણ તે બતાવે છે. આ પ્રકારે પ્રયોજનભૂત વસ્તુસ્વરૂપની સમજણ કરાવવામાં લોકભાવનાનો મહત્વનો ફાળો છે.

કઇ રીતે વૈરાગ્યનું કારણ છે ?

લોકભાવનાનો અભ્યાસ પરલોકને જ્ઞેય અને પોતાના ચૈતન્યલોકને ઉપાદેય બતાવે છે.

પરલોકમાં શરીરાદિ સઘળાં સાંસારિક સંયોગો સમાય છે. આ સાંસારિક સંયોગો પોતાનાં જ્ઞાનનાં જ્ઞેય છે. પોતે તેનો કર્તા નથી પણ જ્ઞાતા જ છે. આ પ્રકારે લોકભાવનાના અભ્યાસ અને ચિંતવનથી સાંસારિક સંયોગોની નિરર્થકતા સમજાય છે. તેના પ્રત્યે ઉપેક્ષા કે ઉદાસીનતા કેળવાય છે. જે સંસાર પ્રત્યેના વૈરાગ્યનું કારણ બને છે તેમ જ તે ઉત્પન્ન થયેલ વૈરાગ્યને ટકાવવાનું અને વધારવાનું પણ કારણ બને છે.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

લોકભાવનાના ચિંતવનનું પ્રયોજન વસ્તુ-સ્વરૂપની સમજણપૂર્વક સંસાર પ્રત્યેનો વૈરાગ્ય છે. આવા પ્રયોજનપૂર્વક લોકભાવનાના ચિંતવનના બે વિશેષ ફળ મુજબ છે :-

૧. કર્તાપણું ટાળી જ્ઞાતાપણું પ્રગટાવે
૨. નિજલોકના નિવાસ દ્વારા પરલોકનું ભ્રમણ મટાડી લોકાગ્રે સિદ્ધલોકની પ્રાપ્તિ કરાવે

૧. કર્તાપણું ટાળી જ્ઞાતાપણું પ્રગટાવે

પરને જાણતાં પરપ્રત્યેના રાગ,દ્વેષ કે મોહભાવને કર્તાપણું અને પરને જાણતાં પરપ્રત્યેના સાક્ષીભાવ કે સમભાવને જ્ઞાતાપણું કહે છે. લોકભાવનાનો અભ્યાસ અને ચિંતવન આવું કર્તાપણું ટાળી જ્ઞાતાપણું પ્રગટાવે છે.

જગતના છયે દ્રવ્યો અને તેમનાં નિવાસના સ્થાનો જ્ઞેય છે. પોતે તેનો કર્તા નથી અને જ્ઞાતામાત્ર છે તે પ્રકારની વિચારણા એ લોકભાવનાનું ચિંતવન છે.

લોકભાવનાનું ચિંતવન કરતાં પહેલા લોક-ભાવનાનો અભ્યાસ જરૂરી હોય છે. લોકભાવનાનો અભ્યાસ કરવાથી લોકના દરેક દ્રવ્યનું સ્વરૂપ અને તેની સ્વતંત્રતા સમજાય છે. તેથી જગતમાં કોઇ કોઇનો કર્તા-હર્તા નથી. પોતાનો આત્મા જ્ઞાયક છે. તેથી જગતના દરેક પદાર્થોનો જ્ઞાતા-દ્રષ્ટા છે પણ કર્તા-હર્તા નથી. પોતાના અને પરના સ્વરૂપની આવી સમજણથી પરપ્રત્યેનો મોહ-રાગ-દ્વેષ ટળી જાય છે. મોહ-રાગ-દ્વેષ ટળી જવાથી પરનું કર્તાપણું રહેતું નથી. પરને જાણતાં પરપ્રત્યે સાક્ષીભાવ કે સમભાવ પ્રવર્તે છે. તેથી કર્તાપણું ટળી જ્ઞાતાપણું પ્રગટે છે.

આ રીતે લોકભાવનાનો અભ્યાસ અને ચિંતવન કર્તાપણું ટાળી જ્ઞાતાપણું પ્રગટાવે છે.

૨. નિજલોકના નિવાસ દ્વારા પરલોકનું ભ્રમણ મટાડી લોકાગ્રે સિદ્ધલોકની પ્રાપ્તિ કરાવે

પોતાના ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વભાવના સ્વીકારપૂર્વક તેના આશ્રયને નિજલોકનો નિવાસ કહે છે. લોકાગ્રે સિદ્ધશિલા ઉપર રહેતાં સિદ્ધોના સમૂહને સિદ્ધલોક કહે છે. લોકભાવનાનો અભ્યાસ અને ચિંતવન નિજલોકના નિવાસ દ્વારા પરલોકનું ભ્રમણ મટાડી લોકાગ્રે સિદ્ધશિલા ઉપરના સિદ્ધલોકની પ્રાપ્તિ કરાવે છે.

અનાદિ અજ્ઞાની જીવ નિજ-પરલોકના વાસ્તવિક સ્વરૂપની સમજણ વગર નિજલોકને ભૂલીને પરલોકનું જ પ્રયોજન રાખે છે. તેથી પરલોક પ્રત્યે મોહ-રાગ-દ્વેષ અને તેના કારણે થતી કર્તાબુદ્ધિ હોય છે. તેના કારણે તે સ્વર્ગ, નરકાદિ પરલોકમાં નિરંતર ભ્રમણ કરતો રહે છે. અને અનેક પ્રકારનાં દુખો ભોગવે છે.

લોકભાવનાનો અભ્યાસ કરવાથી નિજ-પરલોકના સાચા સ્વરૂપની સમજણ થાય છે. તેથી પરલોક પ્રત્યેનો મોહ-રાગ-દ્વેષ ટળી જ્ઞાતાપણું પ્રગટ થાય છે. પરલોકને જ્ઞેય અને નિજલોકને ઉપાદેય મનાય છે. નિજલોકને ઉપાદેય જણી તેનું ગ્રહણ કરતાં એટલે કે નિજલોકમાં નિવાસ કરતાં પરલોકનું ભ્રમણ અટકી જાય

છે અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ દ્વારા ક્રમશઃ મોક્ષ-દશાને પમાય છે.

આ રીતે લોક ભાવનાનો અભ્યાસ નિજલોકના નિવાસ દ્વારા પરલોકનું ભ્રમણ મટાડી લોકાગ્રે સિદ્ધલોકની એટલે કે મોક્ષદશાની પ્રાપ્તિ કરાવે છે.

ઉપસંહાર

લોકસંજ્ઞાથી લોકમાં ભ્રમણ અને લોકભાવનાથી લોકાગ્રે નિવાસ હોય છે.

છ દ્રવ્યોના સમૂહ અને લોકાકાશમાંના તેના નિવાસસ્થાનને લોક કહે છે. લોક પ્રત્યેના કોઇ પ્રયોજન કે સબંધને **લોકસંજ્ઞા** કહે છે. લોકસંજ્ઞાના કારણે લોકપ્રત્યે મોહ-રાગ-દ્વેષ અને તેના કારણે થતી કર્તૃત્વબુદ્ધિ હોય છે. કર્તૃત્વબુદ્ધિના કારણે કર્મબંધન અને તેથી સંપૂર્ણ લોકમાં થતું ભ્રમણ અને તેના કારણે થતું દુઃખ હોય છે. અનાદિકાળથી લોકસંજ્ઞાના કારણે અજ્ઞાની જીવ લોકમાં ભ્રમણ કરતો આવ્યો છે. હવે જો તે લોકસંજ્ઞા છોડી તેના બદલે લોકભાવનાનું ચિંતવન કરે તો લોકમાં થતું ભ્રમણ ટળી લોકાગ્રે સ્થિર નિવાસની એટલે કે સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે.

લોકભાવનાના અભ્યાસપૂર્વક તેનું ચિંતવન કરવાથી નિજ-પરલોકના સાચા સ્વરૂપની સમજણ થાય છે. તેથી એકમાત્ર નિજલોક જ ઉપાદેય છે. અને તે સિવાયના અનેક પ્રકારના સઘળાં પરલોક જ્ઞેય છે તેમ જણાઇ છે. પરલોક પ્રત્યેનો કર્તૃત્વભાવ ટળી જ્ઞાતૃત્વભાવ પ્રગટ થાય છે. તેથી પરલોકમાં પ્રવર્તતો ઉપયોગ પાછો વળી નિજલોકમાં જોડાઇ છે. નિજલોકમાં ઉપયોગ જોડાવાથી પરલોકમાં થતું ભ્રમણ મટી લોકાગ્રે સિદ્ધદશાની શાશ્વત સુખની સ્થિર સ્થિતિ પ્રાપ્ત થાય છે. લોકસંજ્ઞા છોડી લોકભાવના ચિંતવનના આવા ફળને દર્શાવતા બ્ર. રવિન્દ્રજી કહે છે...

परिवर्तन पंच अनेक किये, संपूर्ण लोक में भ्रमण किया;
ना कोइ क्षेत्र रहा एसा, जिस पर ना हमने जन्म लिया ।
नरकों स्वर्गों में घूम चूका, अत एव आशा सब की छोडूं;
लोकाग्र शिखर पर थिर होउं, बस निज में ही निज को जोडूं ।।

ભાવાર્થ : લોકસંજ્ઞાના કારણે આ જીવ પાંચ પ્રકારનાં પરાવર્તનો કરતાં સંપૂર્ણ લોકમાં ભ્રમણ કરતો રહે છે. સંપૂર્ણ લોકમાં નરકલોકથી સ્વર્ગલોક સુધી ભ્રમણ કરતાં એવું કોઇ ક્ષેત્ર બાકી નથી કે જ્યાં પોતે જન્મ ધારણ કર્યા ન હોય. નરકથી સ્વર્ગ સુધીના બધાં અવતારો અનેકવાર પ્રાપ્ત કર્યા છે પણ જરાય સુખ-શાંતિ મળ્યા નથી. તેથી આ બધાંની ઇચ્છા હવે છોડું છું. બસ, હવે તો લોકસંજ્ઞા ટાળી, પરલોકનું પ્રયોજન અને તેના કારણે થતું લોકમાંનું પરિભ્રમણ મટાડી, લોકભાવનાના અભ્યાસ અને ચિંતવન દ્વારા પરિણતિને પરલોકમાંથી પાછી વાળીને નિજલોકમાં સ્થાપીને લોકાગ્ર શિખર પરની શાશ્વત સ્થિર દશાને પ્રાપ્ત થાઉં એવી જ મારી ભાવના છે.

(બ્ર. રવિન્દ્રજીકૃત બારભાવનામાંથી લોકભાવનાનું કાવ્ય)

ટિપણ

● ૧. **પરિસ્પંદન** કંપન. ● ૨. **અપરનામ** અન્યનામ, બીજું નામ. ઇન્દ્રનું અપરનામ મઘવા છે. ત્રીજા ચક્રવર્તીનું ઇન્દ્ર જેવું રૂપ અને ચેષ્ટા જાણીને તેનું નામ મઘવા રાખવામાં આવ્યું. ● ૩. **ગંધકૂટિ** સામાન્ય કેવળીની ધર્મસભા માટેની રચના જે તીર્થંકર કેવળીની ધર્મસભા સમવસરણ કરતાં નાની હોય છે.

લોકભાવનાથી લોકાગ્રે પહોંચતા ચક્રવર્તી મઘવા



પૂર્વ દિશામાં સૂર્ય ઉગે તેમ પુરાણ પ્રસિદ્ધ નગરી અયોધ્યાના મહારાજા સુમિત્રની મહારાણી ભદ્રાની કૂખે મહા તેજસ્વી પુણ્યશાળી પુત્રરત્નનો જન્મ થયો. પુત્રજન્મની વધાઈ પ્રાપ્ત થતાં જ આનંદવિભોર થઈ ઉઠેલા મહારાજાએ ભવ્ય જન્મોત્સવની આજ્ઞા ફરમાવી મહારાણીના મહેલ તરફ પ્રસ્થાન કર્યું. મહારાણીએ મહારાજાને પુત્રજન્મ થતાં અગાઉ જોયેલાં શુભ સ્વપ્નો જણાવ્યા. પુત્રના મુખચંદ્રને જોઈને મહારાજાએ સ્વપ્નોનું ફળ દર્શાવતા જણાવ્યું કે, આ બાળક મોક્ષગામી મહાત્મા અને ચક્રવર્તીનો અવતાર છે. બાળકનું ઈન્દ્ર જેવું તેજસ્વી રૂપ અને ઈન્દ્ર જેવી ચેષ્ટા જાણીને માબાપે તેનું ઈન્દ્રનું જ *અપરનામ* એવું **મઘવા** નામ રાખ્યું.

આ મઘવા પંદરમાં તીર્થકર ધર્મનાથના તીર્થમાં થયેલા ભરતક્ષેત્રના ભુષણ સમાન ભરત અને સગર પછીના ત્રીજા ચક્રવર્તી હતા. ચક્રવર્તીના અદ્‌ભુત વૈભવ અને ભોગોપભોગમાં મઘવાને ચેન પડતું નથી. બહારમાં છ ખંડને સાધતા જણાતા ચક્રવર્તી મઘવા અંદરમાં અખંડ આત્માની સાધના માટે અત્યંત આતુર રહેતા. સમસ્ત ભરતક્ષેત્રમાં ચક્રવર્તીની આણ પ્રવર્તતી હતી તોપણ તેઓ અંદરથી ઉદાસ જ રહેતા.

આવા મહાવૈરાગી મઘવા એકવાર દૈવી વસ્ત્રાભૂષણ પહેરીને તૈયાર થયા છે. કંઠમાં પહેરેલ મોતીનો હાર અને તેમાં જડેલ રત્નો વચ્ચે તેમનું મુખકમળ નક્ષત્રોની મધ્યમાં રહેલ ચંદ્રની સમાન શોભી રહ્યું છે. તેમનાં સુકોમળ શરીરની સુગંધથી આકર્ષાઈને ભમરા તેમની પાસે દોડી આવે છે. તેમના ભવ્ય ભાલ ઉપર ચમકી રહેલ તિલક તેમના ત્રિભુવન–તિલકપણાનો સંકેત સૂચવી રહેલ છે. સાડા ચાલીસ ધનુષ (૬૪.૮ મીટર) ઊંચાઇ ધરાવતા સુવર્ણરંગી મઘવા ચક્રવર્તી ઉદયગિરિના શિખર પર ઉદય પામતા સૂર્ય જેવા ઉન્નત અને દેદીપ્યમાન જણાઈ રહ્યા છે. આવા ચક્રવર્તી મઘવા રાજસભામાં પહોંચવા માટે પગ મૂકે છે ત્યાં જ એક દૂત આવીને સમાચાર આપે છેઃ

મહારાજ! અભયઘોષ કેવળી અયોધ્યાના મનોહર નામના ઉદ્યાનમાં પધાર્યા છે.

કેવળી ભગવાનના પોતાના આંગણે પધારવાના સમાચાર સાંભળી મઘવા એકદમ રોમાંચિત થઇ ઉઠે છે. દૂતને કંઠમાંની માળા ભેટ ધરીને મહારાજાએ કેવળી ભગવાન તરફ કૂચ કરવાની આજ્ઞા કરી. અભયઘોષના એકાએક આગમનથી હર્ષથી પુલકિત થઇ ઉઠેલા ચક્રવર્તીની સવારી ઠાઠ–માઠથી કેવળી ભગવાનની [3]*ગંધકૂટિ*માં પહોંચી ગઇ.

કેવળી ભગવાનના દર્શન–પૂજન, પ્રદક્ષિણા કરી કૃતાર્થ થયેલાં ચક્રવર્તી મઘવા પોતાને સ્થાને બેસી ગયા. ત્યાર પછી ઊભા થઇને બે હાથ જોડીને પોતાને ઘણાં વખતથી મૂંઝવતો પ્રશ્ન પૂછ્યો :

"હે નાથ ! સંપૂર્ણ લોકમાં અનાદિ કાળથી ચાલ્યા આવતા ભ્રમણનો અંત આણી લોકાગ્રે સિદ્ધદશાની સ્થિર સ્થિતિ પામવાનો ઉપાય કૃપા કરીને કહો."

કેવળી ભગવાન કોઇની સાથે પ્રશ્ન–ઉત્તર કે શંકા–સમાધાન કરતાં નથી. તોપણ ચક્રવર્તી જેવા વિશિષ્ટ પુરુષના પ્રશ્નના સમાધાનરૂપે તેમની દિવ્યધ્વનિ સહજપણે ખરે છે. ચક્રવર્તીના પ્રશ્નના ઉત્તરરૂપે જ જાણે કેવળી ભગવાનની દિવ્યવાણીમાં લોકભાવનાનું સ્વરૂપ આવ્યું :

"હે ભવ્ય ! અનાદિકાળની ચાલ્યા આવતાં સંપૂર્ણ લોકમાંના ભ્રમણનું એક માત્ર કારણ લોકસંજ્ઞા છે. અને આ ભ્રમણ ટાળી લોકાગ્ર સ્થિર સ્થિતિ પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપાય લોકભાવનાનું ચિંતવન છે.

છ દ્રવ્યો અને તેમનાં નિવાસનાં સ્થાનને લોક કહે છે. વિશ્વના સમસ્ત પદાર્થો અને તેમનાં રહેઠાણના સ્થાનોનો લોકમાં સમાવેશ છે. આ લોક પૈકી પોતાનો ત્રિકાળ શુદ્ધ ચૈતન્યનો સ્વભાવ એ નિજલોક છે અને તે સિવાયનું સઘળું પરલોક છે. પરલોકના પરપદાર્થો પ્રત્યે કોઇ પ્રયોજન કે સબંધો માનવો તે લોકસંજ્ઞા છે. પરલોકનું પ્રયોજન ટાળી નિજલોકમાં સ્થિત રહેવાનો ઉપાય વિચારવો તે લોકભાવના છે.

પ્રકારની મારી માન્યતા જ મારી કર્તૃત્વબુદ્ધિ છે, લોકસંજ્ઞા છે. આ લોકસંજ્ઞાના કારણે જ મારા ભવચક્રનો એકેય આંટો અટકતો નથી.

મારા આ ભવમાં મારે અનંત ભવભ્રમણનો અભાવ કરવો છે. લોકમાં થતું ભ્રમણ ટાળી લોકાગ્રે સ્થિર સ્થિતિ પ્રાપ્ત કરવી છે. અને તે માટે મારે લોકસંજ્ઞા છોડી લોકભાવના ભાવવી છે.

લોકસંજ્ઞા છોડી લોકભાવના ભાવી મારે રાજચક્રી મટી સિદ્ધચક્રી થવું છે. અનાદિના ભ્રમણને ટાળી શાશ્વત સ્થિરતા પ્રાપ્ત કરવી છે. સંસારના અનેક પ્રકારના દુઃખોને મટાડી આત્મિક આશ્વત સુખની પ્રાપ્તિ કરવી છે. નવ નિધાનને બદલે નવ ક્ષાયિક લબ્ધિના ધારક થવું છે.

અરે, ધિક્કાર છે મને ! મારા પાંચ લાખ વર્ષના આયુષ્યનો મોટો ભાગ તો આમ ને આમ વીતી ગયો. પરલોકની પાછળ દોટ મૂકીને હું મારા નિજલોકને તો સાવ ભુલી જ ગયો. હવે, મારે એક ઘડીના વિલંબ વિના નિજ ચૈતન્યલોકની સાધના સાધવી છે. તે માટે હું ચક્રવર્તી મહારાજાના છ ખંડના સામ્રાજ્યને છોડીને મુનિરાજના છ આવશ્યકને ગ્રહણ કરું છું.''

આ પ્રમાણે લોકભાવના ભાવતા ચક્રવર્તી મઘવા એકદમ વૈરાગ્ય પામી મુનિદશા અંગીકાર કરવા આગળ વધ્યે છે. સમસ્ત પ્રકારે લોકસંજ્ઞા છોડી પૂર્ણપણે લોકભાવના ચિંતવતા તેઓ અભયઘોષ કેવળી સમીપે દૈવી વસ્ત્રાભૂષણ ઉતારી, કેશલોંચ કરી જિનદીક્ષા ગ્રહણ કરે છે.

મહારાજા મઘવા હવે મુનિરાજ મઘવા થયા છે. સમસ્ત પ્રકારનું કર્તૃત્વ છોડીને તેઓએ જ્ઞાતૃત્વ ધારણ કર્યું છે. લોકસંજ્ઞાને છોડી લોકભાવનાનું ચિંતવન ચાલુ કર્યું છે. લોકભાવનાના સતત ચિંતવનના પરિણામે તેઓ લોકથી તદ્દન નિઃસ્પૃહ થયા છે. નિઃસ્પૃહતાના કારણે તેઓ અનેક પ્રકારના પરિષહોની વચ્ચે પણ પર્વતની જેમ અડોલ છે. ઉપસર્ગ આવતાં પણ તેઓ દર્પણની જેમ સમદર્શીપણું દાખવે છે. શુભાશુભકર્મોના ઉદય વચ્ચે પણ તેઓ જળકમલવત્ નિર્લેપ છે. શરીરનો સંગ હોવા છતાં તેઓ તેનાથી પરમાણુની માફક નિઃસંગ છે. લોકભાવનાના ચિંતવનના કારણે તેમની કર્તૃત્વબુદ્ધિ ટળી જ્ઞાતૃત્વદશા પ્રગટ થઇ છે. જ્ઞાતૃત્વદશાના પરિણામે મન–વચન–કાયાની ગુપ્તિમાં ગુપ્ત રહેવાથી તેઓ કાચબા સમાન સંકોચી જણાય છે. અનંતગુણોની યથાસંભવ આંશિક પ્રગટતા હોવા છતાં તેઓ સમુદ્ર સમાન ગંભીર જણાય છે.

લોકભાવનાના ચિંતવનના બળે મુનિરાજ મઘવાએ નિજ ચૈતન્યલોકમાં અપ્રતિમ આત્મિકવીર્ય ફોરવીને કેવળજ્ઞાન અને મોક્ષદશાની પ્રાપ્તિ કરી.

લોકભાવનાના ચિંતવનના ફળમાં નિજલોકમાં નિવાસ પ્રાપ્ત કરીને પરલોકમાં થતું ભ્રમણ મટાડી લોકાગ્રે શાશ્વત સ્થિરતા પ્રાપ્ત કરનાર મઘવા ભગવાનને ભાવભર્યા નમસ્કાર !

સંદર્ભ ગ્રંથો

● ૧. બારસઅણુવેક્ખાનુપ્રેક્ષા : ગાથા ૩૮ થી ૪૨; ● ૨. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૧૧૫ થી ૨૮૩; ● 3. ભગવતી આરાધના : ગાથા ૧૭૯૧ થી ૧૮૧૫; ● ૪. જ્ઞાનર્ણવ : સર્ગ૨ : ગાથા ૧૭૪ થી ૧૮૦; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૧૩ થી ૭૨૧; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાય ૬ : ગાથા ૪૦; ● ૭. પદ્મનંદી પંચવિંશતિ : અધ્યાય : ૬, શ્લોક ૫૪; ● ૮. અનગાર ધર્મામૃત : અધ્યાય-૬, ગાથા ૭૬, ૭૭; ● ૯. સમણસુત્તં : ગાથા ૫૨૩; ● ૧૦. તત્ત્વાર્થરાજવર્ત્તિક : ૬/૭, ૮/૬૦૩/૬; ● ૧૧. સર્વાર્થસિદ્ધિ : ૬/૭/૪૧૮; ● ૧૨. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ ની ટીકા; ● ૧૩. ચારિત્રસાર : ૧૯૮/3; ● ૧૪. જૈ.સિ.કોશ: ભાગ-૧ : અનુપ્રેક્ષા : ૧/૪, પાનુ-૮૦; **લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા:** ● ૧. સમયસાર : ગાથા ૭૦, ૯૭, ૩૧૨-૧૩, ૩૧૪-૧૬ અને તેની ટીકા : આત્મખ્યાતિ : શ્લોક નં. ૪૭, ૫૯, ૯૫ થી ૯૯, ૧૫૩, ૨૦૫; ● ૨. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૧૪૭ની ટીકા; ● 3. ગુરુદેવશ્રીના વચનામૃત : નં.33; ● ૪. બહેનશ્રીનાં વચનામૃત : નં.૨૫૧, ૪૧૧; ● ૫. જૈ.સિ.કોશ : ભાગ૨ : ચેતના : 3. જ્ઞાતૃત્વ-કર્તૃત્વવિચાર : પાનુ-૨૯૮, ૨૯૯. **લોકભાવનાની કથા** :લોકભાવનાથી લોકાગ્રે પહોંચતા ચક્રવર્તી મઘવા ● ૧. ઉત્તરપુરાણ : સર્ગ ૬૧; શ્લોક ૮૮ થી ૧૦૬, પાનુ ૧૩૪-૩૫૯.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. નિશ્ચયથી સિદ્ધ ભગવાન ક્યાં વસે છે? ૦૧. ☐
A:: સિદ્ધશિલા ઉપર B:: સિદ્ધલોક C:: ચૈતન્યલોક D:: ઊર્ધ્વલોક

૦૨. એક સાથે શું સંભવી શકે નહિ? ૦૨. ☐
A:: કર્તા અને જ્ઞાતા B:: સ્વભાવ અને વિભાવ
C:: દ્રવ્ય અને પર્યાય D:: જ્ઞાતા અને દ્રષ્ટા

૦૩. લોકભાવનાની ચિંતવન પ્રક્રિયામાં પરલોક સંબંધી શું હોય છે? ૦૩. ☐
A:: હેય B:: ઉપાદેય C:: કર્તૃત્વ D:: જ્ઞાતૃત્વ

૦૪. પરના કાર્યનો કર્તા કોણ? ૦૪. ☐
A:: ભગવાન B:: કોઈ નહિ C:: અજ્ઞાની D:: જ્ઞાની

૦૫. અજ્ઞાની ક્યા પ્રકારના સંબંધને કર્તા-કર્મ માને છે? ૦૫. ☐
A:: સાધ્ય-સાધન B:: નિમિત્ત-નૈમિત્તિક
C:: પરિણામી-પરિણામ D:: વ્યાપક-વ્યાપ્ય

૦૬. જ્ઞાતાપણું શું નથી? ૦૬. ☐
A:: વીતરાગભાવ B:: જ્ઞાતકભાવ C:: સમભાવ D:: સાક્ષીભાવ

૦૭. ક્યા સંયોગો બહિરંગ છે? ૦૭. ☐
A:: મન-વચન-કાયા B:: સ્ત્રી-પુત્ર-પરિવાર
C:: પૌદ્ગલિકકર્મો D:: પાંચ ઈન્દ્રિયો

૦૮. લોકભાવનાના ચિંતવનમાં સ્ત્રી શું મનાય છે? ૦૮. ☐
A:: સંસારનું કારણ B:: વિષયનું સાધન
C:: સહાયક D:: જ્ઞાતા-દ્રષ્ટા

૦૯. ચૈતન્યલોક કેવો છે? ૦૯. ☐
A:: અલૌકિક કે અદ્‌ભૂત B:: પ્રત્યક્ષ કે પ્રગટ
C:: હેય કે જ્ઞેય D:: વ્યવહારલોક કે પરલોક

૧૦. લોકભાવનાના ચિંતવનની વિષયવસ્તુમાં કોનો સમાવેશ છે? ૧૦. ☐
A:: નિજલોક B:: પરલોક C:: સંપૂર્ણલોક D:: સંપૂર્ણ અલોક

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં જવાબ આપો.

૦૧. લોક કોને કહે છે?
૦૨. પરલોક કોને કહે છે?
૦૩. નિજલોક કોને કહે છે?
૦૪. સિદ્ધલોક કોને કહે છે?
૦૫. સ્વર્ગલોક કોને કહે છે?
૦૬. જ્યોતિર્લોક કોને કહે છે?
૦૭. તિર્થક્‌લોક કોને કહે છે?
૦૮. મનુષ્યલોક કોને કહે છે?
૦૯. નરકલોક કોને કહે છે?
૧૦. લોકભાવનાની વિચારણાનો કેન્દ્રિય વિચાર શું છે?
૧૧. કયા શાસ્ત્રોનો અભ્યાસ એ લોકભાવનાનો જ અભ્યાસ છે?
૧૨. લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા શું છે?
૧૩. લોકભાવનાની ચિંતવન પ્રક્રિયાનું સાધન કે કારણ શું છે?
૧૪. અંતરંગ સંયોગો કોને કહે છે?
૧૫. અંતરંગ સંયોગોમાં કોનો સમાવેશ છે?
૧૬. બહિરંગ સંયોગો કોને કહે છે?
૧૭. પરલોકના અન્ય પદાર્થોમાં કોનો સમાવેશ છે?
૧૮. ચૈતન્યલોક કોને કહે છે?
૧૯. જગતની સર્વોત્કષ્ટ ચીજ શું છે?
૨૦. ચૈતન્યલોકનો આશ્રય કરવાથી શેની પ્રાપ્તિ થાય છે?
૨૧. કયાં પ્રકારે ચિંતવન કરવું એ લોકભાવના ચિંતવનની ચરમસીમા છે?
૨૨. લોકસંજ્ઞા કોને કહે છે?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૦૧. લોકભાવનાની વ્યાખ્યા અને તેની સમજૂતી આપો.
૦૨. લોકભાવના અને સંસારભાવના વચ્ચેનો ભેદ સમજાવો.
૦૩. લોકભાવનાની ચિંતવન પ્રક્રિયામાં શું હોય છે?
૦૪. શા માટે કર્તાપણું અને જ્ઞાતાપણું એક સાથે સંભવી શકે નહિ?
૦૫. શા માટે જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ જીવ પરના કાર્યનો બિલકુલ કર્તા હોતા જ નથી?
૦૬. અજ્ઞાની કયા પ્રકારની ભ્રાંતિથી પોતાને પરનો કર્તા માને છે?
૦૭. જે પરપદાર્થનો કર્તા થાય છે તે જ્ઞાતાપણું ખોઈ નાંખે છે. તેમ શા માટે?
૦૮. કર્તાપણું શું છે? પરનો કર્તા થવોએ અજ્ઞાનીનું અજ્ઞાન કઈ રીતે છે?
૦૯. જ્ઞાતાપણું શું છે? જ્ઞાનીને તે કઈ રીતે હોય છે?
૧૦. પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ અને તેનું ગ્રહણ એટલે શું? જ્ઞાતાપણું પ્રગટાવવા માટે તે શા માટે જરૂરી હોય છે?
૧૧. ચૈતન્યસ્વભાવના ગ્રહતાપૂર્વક જ્ઞાતાપણું પ્રગટાવવા માટેની વિચારણા એ જ લોકભાવનાની ચિંતવન પ્રક્રિયા કઈ રીતે છે?
૧૨. શરીર જેવા અંતરંગ સંયોગો લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ કઈ રીતે બની શકે છે?
૧૩. સ્ત્રી જેવા બહિરંગ સંયોગો લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ કઈ રીતે બની શકે છે?
૧૪. ચૈતન્યલોક એ લોકભાવનાના ચિંતવનનું સાધન કે કારણ કઈ રીતે થઈ શકે છે?
૧૫. લોકભાવના કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે?
૧૬. લોકભાવના કઈ રીતે વૈરાગ્યનું કારણ છે?
૧૭. લોકસંજ્ઞાથી લોકમાં ભ્રમણ અને લોકભાવનાથી લોકાગ્ર નિવાસ એ બાબત સમજાવો

નીચેનાનો તફાવત મુદ્દાસર કોઠામાં આપો.

૧. લોકભાવના અને સંસારભાવના

ભાવના

૧૧

બોધિદુર્લભભાવના

देवा विषयपसता णारया तिव्वदुःख संतता ।
तिरया विवेयवियुला मणुसाणं धम्मसंप्पत्ती ।।

ભાવાર્થ : દેવો વિષયાસક્ત છે, નારકી તીવ્ર દુઃખી છે, તિર્યંચ વિવેકહીન છે, તેથી દુર્લભ બોધિરૂપ રત્નત્રય ધર્મની પ્રાપ્તિ મનુષ્યમાં જ સંભવે છે.

(આત્માનુશાસન : ગાથા ૧૧૧માં : ઉદ્ધૃત શ્લોક)

❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને સમજૂતી

૨. બોધિમાં સમ્યકસ્વરૂપ મોક્ષમાર્ગનો સમાવેશ છે.

૩. બોધિનું મહત્વ

૪. બોધિ સુધીની ઉત્તરોત્તર દુર્લભ બાબતો

૫. દુર્લભ બોધિ મેળવવા માટે મનુષ્યજીવનની મહત્તા

૬. બોધિની પ્રાપ્તિનો ઉપાય

- ૧. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ
- ૨. ગૃહિત મિથ્યાત્વનો અભાવ
- ૩. પાત્રતા
- ૪. અગૃહિત મિથ્યાત્વનો અભાવ
- ૫. સ્વ-પરનું ભેદજ્ઞાન

૭. બોધિદુર્લભભાવનાની ચિંતવન પ્રક્રિયા

૮. બોધિદુર્લભભાવનાનું સાધન કે કારણ

૯. કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

૧૦. કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?

૧૧. પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

- ૧. દુર્લભ બોધિ માટે મનુષ્યજીવનની મહત્તા સમજાવે
- ૨. બોધિની પ્રાપ્તિનો ઉપાય બતાવે

૧૨. ઉપસંહાર

૧૩. બોધિદુર્લભભાવનાની કથા : **બોધિમાર્ગ પ્રકાશક કહાન ગુરુદેવ**




મુનિવર કાર્તિકેયની બોધિદુર્લભભાવના અનુસાર

બોધિને બદલે વિષયોમાં રમનારો રાખને માટે રત્નને બાળનારો છે.

(છંદઃ આર્યા)

इति दूर्लभ मनुजत्वं लब्धवा ये रमन्ते विषयेषु ।
ते लब्धवा दिव्यरत्नं भूतिनिमित्तं प्रज्वालयन्ति ।।
इति सर्वदुर्लभ दुर्लभं दर्शनज्ञानं तथा चरित्रं च ।
ज्ञात्वा च संसारे महादरं कुरुत त्रयाणं अपि ।।



ભાવાર્થ : સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની એકતારૂપ શુદ્ધ પરિણતિને બોધિ કહે છે. આ બોધિને પ્રાપ્ત કરવાથી અનાદિ સંસારનો અંત આવે છે. આજ સુધીમાં આ જીવે આ બોધિ જ પ્રાપ્ત કરી નથી. તેથી તે દુર્લભમાં પણ દુર્લભ છે.

નિત્યનિગોદમાંથી નીકળી ક્રમશઃ મનુષ્યજીવન મળવું મહાદુર્લભ છે. મનુષ્ય-જીવનમાં પણ બોધિ માટે અનુકૂળ એવી કર્મભૂમિ, આર્યક્ષેત્ર, વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપલબ્ધિ, જ્ઞાનીની દેશના જેવા સંયોગો મળવા અત્યંત દુર્લભ છે. બોધિની પ્રાપ્તિ માટે યોગ્ય એવું મનુષ્યજીવન અને સાનુકૂળ સંયોગોનો સદુપયોગ ભવ્ય જીવોએ બોધિદુર્લભભાવના દ્વારા બોધિ પ્રત્યે મહાન આદર દાખવી તેને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. પણ જે મનુષ્ય બોધિદુર્લભભાવનાના ચિંતવન દ્વારા બોધિની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવાને બદલે પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં રમતો રહે છે તે રાખને માટે અમૂલ્ય દિવ્યરત્નને બાળનારો છે.

(સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ૧૧. બોધિદુર્લભ અનુપ્રેક્ષાઃ ગાથા ૩૦૦,૩૦૧)

ભાવના ૧૧.

બોધિદુર્લભભાવના

બોધિ એટલે સમ્યગ્જ્ઞાન. અનાદિ સંસારમાં આ જીવે બીજું બધું જ પ્રાપ્તિ કર્યું છે. તેથી તે સુલભ છે. પરંતુ સમ્યગ્જ્ઞાનરૂપ બોધિ કયારેય પ્રાપ્ત કરી નથી. તેથી તે દુર્લભ છે. દુર્લભ એવી બોધિ પ્રાપ્ત કરવાની સાનુકુળતા અને સુયોગ્યતા વર્તમાન મનુષ્યજીવનમાં છે. તે બોધિ પ્રાપ્ત કરવાના ઉપાયની વારંવાર વિચારણા થવી તેને બોધિદુર્લભભાવના કહે છે.

શુદ્ધાત્માની સાચી સમજણરૂપ સમ્યગ્જ્ઞાનને બોધિ કહે છે. જે બાબત મહાભાગ્યે કે મહાકષ્ટે કયારેક જ પ્રાપ્ત થાય તેને દુર્લભ કહે છે. અનાદિ સંસારચક્રમાં ઘુમતા આ જીવે બોધિ સિવાયની સઘળી બાબતો અનેકવાર પ્રાપ્ત કરી છે. જગતમાં દુર્લભ મનાતા ભોગ-ઉપભોગ, સત્તા-સંપત્તિ, માન-સન્માન, રાજ-પાટ વગેરે અનેકવાર પ્રાપ્ત કર્યા છે. નિગોદથી માંડીને અહમિન્દ્ર સુધીના અવતારો અનેકવાર ધારણ કર્યા છે. લોકાકાશના દરેક પ્રદેશે અનેકવાર જન્મ-મરણ પ્રાપ્ત કર્યા છે. અનંત પુદ્ગલોના ગ્રહણ-ત્યાગ કર્યા છે. કલ્પકાળના દરેક સમયે જન્મ લીધો છે. સઘળાં પ્રકારના સંયોગો અને સંયોગીભાવોને સંપ્રાપ્ત કર્યા છે. સમ્યગ્જ્ઞાનરૂપ બોધિની પ્રાપ્તિ ન કરી તો આ બધી બાબતો હજુ પણ મળી જ રહેવાની છે. તેથી તે સુલભ છે. પરંતુ આ સઘળી ચીજે આત્માને જરાય સુખ કે શાંતિ આપી શકયા નથી. શાશ્વત સુખ અને શાંતિ માટે સમ્યગ્જ્ઞાનરૂપ બોધિ જ જરૂરી છે. પરંતુ આ બોધિની પ્રાપ્તિ આજ સુધીમાં કયારેય થઇ નથી. તેથી તે દુર્લભ છે. તોપણ આ દુર્લભ બોધિની પ્રાપ્તિ વર્તમાન મનુષ્યજીવનમાં સુલભ છે. બોધિ માટે જરૂરી અનુકૂળતા અને યોગ્યતા અત્યાર જીવનમાં છે. આ બોધિની પ્રાપ્તિ કરવા માટેના ઉપાયની વિચારણા કરી તે માટેના પુરુષાર્થને પ્રેરવો તે બોધિદુર્લભભાવના છે.

બોધિમાં સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગનો સમાવેશ છે

બોધિનો અર્થ સમ્યગ્જ્ઞાન છે. પરંતુ સમ્યગ્જ્ઞાન સાથે સમ્યગ્દર્શન સંકળાયેલું છે. વાસ્તવમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન એક સાથે ઉત્પન્ન થાય છે. તેથી સમ્યગ્જ્ઞાન હોય તેને સમ્યગ્દર્શન પણ હોય જ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સમ્યક્ચારિત્ર પણ અવશ્ય હોય જ છે. તેથી બોધિમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેયનો સમાવેશ છે. જેને ટૂંકમાં સમ્યક્ત્વ તરીકે ઓળખવામાં આવે છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના એકત્વથી જ મોક્ષમાર્ગ હોય છે. તેથી બોધિમાં સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગનો સમાવેશ છે.

બોધિનું મહત્વ

આત્માના દરેક દોષો, અવગુણો, સમસ્યાઓ અને આધિ-વ્યાધિ-ઉપાધિનું કારણ બોધિની અપ્રાપ્તિ છે.બોધિની પ્રાપ્તિ થવાથી આ બધાનો અંત આવે છે અને આત્માના અનંતગુણો અને આત્મિક આનંદની ઉત્પત્તિ થાય છે. સમગ્ર સંસાર અને તેનાં દુ:ખોનું એક માત્ર કારણ બોધિનો અભાવ છે. બોધિનો સદ્ભાવ થતાં સંસાર અને તેનાં દુ:ખોનો અંત આવી મોક્ષમાર્ગ અને તેનાં સુખની પ્રાપ્તિ થાય છે. બોધિ પોતે જ સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગ છે. બોધિની પ્રાપ્તિ થતાં મોક્ષમાર્ગની શરૂઆત થાય છે અને આ બોધિ જ તેની પૂર્ણતા એટલે કે મોક્ષદશાની પ્રાપ્તિ કરાવે છે.

સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિ થતાં કોઇ જીવ અંતર્મૂહુર્તમાં જ મોક્ષની પ્રાપ્તિ કરી લ્યે છે. અને કોઇને વાર લાગે તો વધુમાં વધુ પંદર ભવોમાં તો નિમથી મોક્ષને પ્રાપ્ત કરી લ્યે છે. બોધિ પ્રાપ્ત થયા પછી તે ભાગ્યે જ છૂટી જાય છે. વર્તમાન નિકૃષ્ટ કાળમાં ઉત્કૃષ્ટ પુરુષાર્થ વડે પ્રાપ્ત કરેલી બોધિ કયારેય છૂટી જતી નથી. પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પૂર્વભવના જાતિસ્મરણજ્ઞાન અનુસાર પણ આ બાબતને સમર્થન મળે છે. અન્ય કાળમાં અને અન્ય સંજોગોમાં કદાચિત્ તે છૂટી જાય તોપણ વધુમાં વધુ અર્ધ પુદ્ગલપરાવર્તન કાળમાં જીવ તે નિયમથી પ્રાપ્ત કરી મોક્ષને પામે છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે બોધિ એ એક એવી બાબત છે કે જે પ્રાપ્ત થતાં જીવનો મોક્ષ નક્કી જ હોય છે. નિંદા દ્વારા પ્રશંષા કરતાં વ્યાજસ્તુતિ અલંકાર વડે બોધિનું મહત્વ દર્શાવતા શ્રીમદ્ રાજચંદ્ર કહે છે

"મને ગ્રહણ કરવાથી, ગ્રહણ કરનારની ઇચ્છા ન થાય તો પણ મારે તેને પરાણે મોક્ષે લઇ જવો પડે છે" (શ્રીમદ્ રાજચંદ્રઃ વ્યાખ્યાનસાર : ૧/૬૭, પાનુ ૪૭૪)

બોધિ સુધીની ઉત્તરોત્તર દુર્લભ બાબતો

સંસારી અજ્ઞાની જીવનું કાયમી નિવાસ સ્થાન નિગોદ છે. નિગોદના એક સૂક્ષ્મ શરીરમાં એક સાથે અનંત જીવો રહે છે તેઓ એક સાથે જન્મે છે અને એક સાથે મરે છે. અને અનંતકાળ સુધી અનંતદુઃખો ભોગવે છે.

અનંતકાળે નિગોદમાંથી બહાર નીકળીને જીવ સ્થાવર પર્યાયમાં આવે તો તેમાં પણ અસંખ્યાત કલ્પકાળ સુધી રહે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિકાયના એકેન્દ્રિય જીવને સ્થાવર કહે છે.

નિગોદ કે સ્થાવરની એકેન્દ્રિય અવસ્થામાંથી બે ઇન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીની ત્રસ પર્યાયમાં આવે તો તેમાં વધુમાં વધુ બે હજાર સાગર સુધી રહે છે. અહીં નિગોદથી સ્થાવર અને સ્થાવરથી ત્રસ પર્યાય ઉત્તરોત્તર દુર્લભ જાણવી. ત્રસ પર્યાયમાં બે, ત્રણ અને ચાર ઇન્દ્રિયવાળા વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય પણ ઉત્તરોત્તર દુર્લભ છે. ત્રસ જીવની સંજ્ઞી પંચેન્દ્રિય અવસ્થામાં મનુષ્ય, નારકી, દેવ અને સંજ્ઞી તિર્યંચનો સમાવેશ છે. તેમાં મનુષ્યપણું અત્યંત દુર્લભ છે. સંસારચક્રમાં ઘૂમતાં ઘૂમતાં ત્રસ પર્યાય પ્રાપ્ત થયેલો સંસારી જીવમનુષ્યનો એક ભવ પ્રાપ્ત કરે ત્યારે તેની સામે તેણે નરકનાં અસંખ્ય ભવ કરેલા હોય છે. કદાચિત્ કોઇ જીવ ઉપરાઉપરી મનુષ્યનાં આઠ ભવ મેળવી શકે છે. તોપણ એકંદરે તે મનુષ્યના ભવ કરતાં નરકનાં અસંખ્યભવ કરે છે. તે જ રીતે નરકનાં એક ભવ સામે તેણે દેવનાં અસંખ્ય ભવ કરેલા હોય છે. અને દેવનાં એક ભવ સામે સંજ્ઞી તિર્યંચના અસંખ્ય ભવ કરેલાં હોય છે. તિર્યંચમાં અસંજ્ઞી પણ ઉમેરવામાં આવે તો તે અનંતભવ હોય છે. આ રીતે અન્ય ગતિનાં અસંખ્ય અને અનંતભવ પછી મનુષ્યનો એક ભવ પ્રાપ્ત થતો હોય છે. તેથી અસંખ્યાત કલ્પકાળમાં મહાભાગ્યે અને મહાકષ્ટે એકાદ જ મનુષ્યનો ભવ પ્રાપ્ત થાય છે.

મનુષ્યનો ભવ પ્રાપ્ત થયા પછી પણ તેમાં આત્મહિતની બોધિને સાનુકૂળ સંયોગો પ્રાપ્ત થવા અતિ અતિ દુર્લભ છે. મનુષ્યજીવન પ્રાપ્ત થયા પછી બોધિને સાનુકૂળ હોય એવા ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ અને દુર્લભ દશ સંયોગો નીચે મુજબ છે.

૧. કર્મભૂમિની પ્રાપ્તિ,

૨. આર્યક્ષેત્રમાં જન્મ,

૩. પાંચ ઇન્દ્રિયો અને મનની સંપૂર્ણતા,

૪. ઉત્તમ કુળની પ્રાપ્તિ,

૫. પુણ્યનો ઉદય,

૬. નિરોગીપણું,

૭. લાંબુ આયુષ્ય,

૮. ઉત્તમ બુદ્ધિ,



૯. વીતરાગી સત્‌દેવ-ગુરૂ-શાસ્ત્રની ઉપલબ્ધિ,

૧૦. જ્ઞાની ધર્માત્માની દેશનાની સાક્ષાત પ્રાપ્તિ,

વર્તમાનમાં આપણને દુર્લભ મનુષ્યજીવન અને તેમાંય બોધિને સાનુકૂળ એવા ઉપરોકત ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ અને દુર્લભ સંયોગો પ્રાપ્ત છે. અનાદિકાળથી ભવચક્રમાં ઘૂમતાં આ જીવે આ બધી દુર્લભ બાબતો પણ અનેકવાર પ્રાપ્ત કરી છે. પરંતુ સમ્યકૃત્વરૂપ બોધિ એક વખત પણ પ્રાપ્ત કરી નથી. તેથી વાસ્તવિક દુર્લભતા બોધિની છે. આ દુર્લભ બોધિ વર્તમાન મનુષ્યજીવનમાં પ્રાપ્ત થઇ શકે છે અને તે જ તેની મહત્તા છે.

દુર્લભ બોધિ મેળવવા માટે મનુષ્યજીવનની મહત્તા

અનાદિકાળથી આજસુધીમાં અજ્ઞાની જીવે બીજું બધુંય પ્રાપ્ત કર્યું છે. પણ એક માત્ર સમ્યકૃત્વરૂપ બોધિ જ કયારેય પ્રાપ્ત કરી નથી. અનંતાનંત જીવોમાંથી બોધિના ફળ મોક્ષને પ્રાપ્ત કરનારા જીવો છ મહિનાને આઠ સમયમાં માત્ર છસોને આઠ જ હોય છે. તેથી તે બોધિને દુર્લભ માનવામાં આવે છે. આ દુર્લભ બોધિને મેળવવા માટે મનુષ્યજીવન અને તેમાંય બોધિને સાનુકૂળ સંયોગોની જરૂર હોય છે. જે વર્તમાન મનુષ્યજીવનમાં સંપ્રાપ્ત છે. દુર્લભ બોધિ મેળવવી મનુષ્યજીવનમાં સુલભ હોય છે. અને તે જ મનુષ્યજીવનની મહત્તા છે.

મનુષ્ય સિવાયના દેવ, નારકી કે સંજ્ઞી તિર્યંચ પણ બોધિને પ્રાપ્ત થઇ શકે છે. પણ તે માટે તેણે પૂર્વે મનુષ્યના ભવમાં બોધિના સંસ્કારો મેળવેલ હોય છે. જે જીવે બોધિના સંસ્કાર મેળવેલ નથી તે મનુષ્ય સિવાયના અન્ય ભવમાં બોધિને પ્રાપ્ત કરી શકતો નથી. અનાદિ અજ્ઞાની જીવે બોધિના બીજ કયારેય વાવ્યા નથી. અને તે બોધિ માટે સાવ અબુધ જ હોય છે. આ બોધિના બીજ રોપવા માટે મનુષ્યજીવન જ જરૂરી છે.

બોધિને કે તેના સંસ્કારોને મેળવવા માટે અંતરંગ ઉપાદાન કારણ અને બહિરંગ નિમિત્ત કારણ એમ બે કારણોની આવશ્યકતા હોય છે. આ બન્ને કારણોની સાનુકૂળ સામગ્રી વર્તમાન મનુષ્યજીનમાં ઉપલબ્ધ છે. અંતરંગ ઉપાદાન કારણ તરીકે સમજણ અને વિવેકબુદ્ધિની જરૂરીયાત હોય છે. મનુષ્યનું મન ઉત્કૃષ્ટ હોવાથી તે સમજણમાં શ્રેષ્ઠ છે. આ ઉપરાંત સદ્‌વિવેકની પૂર્ણતા પણ મનુષ્યમાં જોવા મળે છે. તેથી બોધિ માટે જરૂરી ઉપાદાન કારણ મનુષ્ય જીવનમાં હોય છે. એ જ રીતે બહિરંગ નિમિત્ત કારણ

તરીકે વીતરાગી સત્‌દેવ-ગુરુ-શાસ્ત્ર અને જ્ઞાનીની દેશના જરૂરી હોય છે જે પણ પોતાને પ્રાપ્ત છે તેથી બોધિ માટે જરૂરી નિમિત્ત કારણ પણ વર્તમાન મનુષ્યજીવનમાં પ્રાપ્ત છે.

આ રીતે દુર્લભ બોધિ મેળવવા માટે સઘળાં સંયોગો સુલભ છે. માત્ર પોતાના પુરુષાર્થની જ ખામી હોય છે. સ્વભાવ-સન્મુખતાના સવળા પુરુષાર્થ વડે બોધિની પ્રાપ્તિ થાય છે. આ પુરુષાર્થના પ્રવર્તન માટે જરૂરી સંયોગો હાજર છે ત્યારે જો સમુચિત પુરુષાર્થ કરવામાં આવે તો બોધિની અવશ્ય પ્રાપ્તિ થાય છે. નહિંતર તેના સંસ્કાર તો કેળવાય જ છે.

આ પ્રકારે દુર્લભ બોધિ મેળવવા માટે મનુષ્યજીવન કાર્યકારી હોવાથી તે મનુષ્યજીવનની મહત્તા છે.

બોધિની પ્રાપ્તિનો ઉપાય

પોતાના શુદ્ધાત્માની સાચી સમજણરૂપ સમ્યગ્જ્ઞાનને બોધિ કહે છે. સમ્યગ્જ્ઞાન સાથે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર પણ હોય જ છે. તેથી બોધિમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમ્યક્ત્વનો સમાવેશ છે.

અનાદિ સંસારમાં અજ્ઞાની જીવે સત્તા-સંપતિ જેવા સઘળાં પ્રકારનાં સંયોગો અને અનેક પ્રકારનાં શુભ-અશુભભાવ જેવા સઘળાં પ્રકારનાં સંયોગીભાવો પ્રાપ્ત કર્યા છે. પણ તેમાં આત્માની સુખ-શાંતિ બિલકુલ નથી. એક માત્ર સમ્યક્ત્વરૂપ બોધિથી જ આત્માની સુખ-શાંતિ છે. પણ આ જીવે આ બોધિને કયારેય પ્રાપ્ત કરી નથી. તેથી આ બોધિની દુર્લભતા છે. દુર્લભ બોધિની સુલભતા વર્તમાન મનુષ્યજીવનમાં છે. તેથી મનુષ્યજીવનનો કાળ બોધિની પ્રાપ્તિ કરવામાં વ્યતીત કરવાની સુવિચારણા થવી તે બોધિદુર્લભભાવના છે.

બોધિદુર્લભભાવનાની ચિંતવન પ્રક્રિયામાં બોધિનું સ્વરૂપ, તેની વિશેષતા, તેનો મહિમા, તેનું ફળ વગેરે સબંધી બાબતોની વિચારણા હોય છે. તોપણ તેમાં બોધિની પ્રાપ્તિના ઉપાયની વિચારણા મુખ્યપણે હોય છે. સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિ માટે નીચે મુજબના ક્રમિક ઉપાયની આવશ્યકતા હોય છે.

૧. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ
૨. ગૃહિત મિથ્યાત્વનો અભાવ
૩. પાત્રતા
૪. અગૃહિત મિથ્યાત્વનો અભાવ
૫. સ્વ-પરનું ભેદજ્ઞાન

૧. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ

સંસારની સાનુકૂળતામાંય કયાંય સુખ ન ભાસે તેને **સંસારમાં સુખબુદ્ધિનો અભાવ** કહે છે.

સામાન્યપણે સંસારની પ્રતિકૂળતામાં બધાંને દુઃખ ભાસે છે. પણ સાનુકૂળતામાંય દુઃખ ભાસે તો સંસારમાં સુખબુદ્ધિનો અભાવ કહેવાય છે. સ્વર્ગીય સંપદાઓ હોય, સત્તા-સંપત્તિ-સન્માન વગેરે સઘળુંય હોય તોય સંસારમાં કયાંય ન ગમે, સંસારનો થાક લાગે, સંસારનો ખરેખરો ત્રાસ વર્તાય તો જ સંસારમાં સુખબુદ્ધિનો અભાવ છે.

દુ:ખનું લક્ષણ આકુળતા અને સુખનું લક્ષણ નિરાકુળતા છે ઉપયોગની અસ્થિરતાને આકુળતા કહે છે અને તેની સ્થિરતાને નિરાકુળતા કહે છે. સંસારી અજ્ઞાની જીવનો ઉપયોગ એક સમય માટે પણ સ્થિર હોતો નથી. અસ્થિર ઉપયોગને કારણે તે હંમેશા આકુળ અને દુ:ખી હોય છે. આ દુ:ખનું મૂળ કારણ મિથ્યાત્વ એટલે કે સમ્યક્ત્વરૂપ બોધિનો અભાવ છે. અને સુખનું મૂળ કારણ સમ્યક્ત્વરૂપ બોધિ જ છે.

સમ્યક્ત્વરૂપ બોધિ વગર સંસારમાં ક્યાંય સુખ હોતુ નથી. સંસારની ચારેય ગતિ દુ:ખ ભોગવવાનું જ સ્થાન છે. નરકગતિમાં દુ:ખ છે તેમ દેવગતિમાંય દુ:ખ છે. સંસારી જીવને કોઇ પણ કર્મનો ઉદય કોઇપણ અપવાદ વગર દુ:ખનું જ કારણ હોય છે. પાપકર્મનો ઉદય દુ:ખનું કારણ છે તેમ પુણ્યકર્મનો ઉદય પણ દુ:ખનું જ કારણ હોય છે.

અજ્ઞાની જીવને પુણ્યકર્મના ઉદયમાં સુખ ભાસે છે, પણ વાસ્તવમાં તે સુખ હોતુ નથી. જો તે સુખ હોય તો તીર્થંકર, ચક્રવર્તી જેવા મહાપુરુષો તેનો ત્યાગ ન કરે. પુણ્યના ઉદયમાં સુખ ભાસવાનું કારણ તેની સાથે સંકળાયેલ મોહજન્ય રતિભાવ હોય છે. પુણ્યોદય સાથે થતા રતિભાવને કારણે પુણ્યોદયથી પ્રાપ્ત સંયોગોમાં ગમાપણાનો કે ઠીકપણાનો ભાવ થાય છે. પણ વાસ્તવમાં તે એક કષાયભાવ છે અને દુ:ખરૂપ છે. તોપણ અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાન એટલે કે મિથ્યાત્વને કારણે તે દુ:ખ હોવા છતાં તેને સુખ માને છે. મિથ્યાત્વનું સ્વરૂપ જ એવું છે કે તે હોય તેનાથી વિપરીત મનાવે એટલે કે દુ:ખને પણ સુખ મનાવે.

જીવને જેમાં પોતાનું સુખ ભાસે તેમાં જ તે પોતાનો પ્રયત્ન કે પુરુષાર્થ લગાડે છે. સંસારી જીવ સતત સુખ માટે જ પ્રયત્ન કે પુરુષાર્થ કરતો હોય છે. તેની ચોવીસેય કલાકની પ્રવૃત્તિ સુખ માટે જ હોય છે. પણ પરસંયોગો કે સંયોગીભાવમાં પોતાનું સુખ હોતું નથી. સાચું સુખ સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિમાં જ છે. પણ આ માટે સંસારમાં ક્યાંય સુખ હોતું નથી અને બોધિ એટલે કે સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગમાં જ સુખ હોય છે તે બાબત સમજવી જરૂરી હોય છે. સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગમાં એટલે કે બોધિમાં જ પોતાનું સુખ છે અને સંસારમાં ક્યાંય સુખ નથી તે સમજાય તો અને તો જ પોતાનો પ્રયત્ન કે પુરુષાર્થ તે માટે કામ કરે છે. અને સમ્યક્ત્વ-સન્મુખતાના પુરુષાર્થ વિના સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિ થતી નથી.

બોધિદુર્લભભાવનાનો અભ્યાસ કરતાં સુખ-દુ:ખનું સાચું સ્વરૂપ સમજાય છે. અજ્ઞાનીને સંસારમાં જે સુખ ભાસે છે તે સુખ હોતું નથી પણ મોહજન્ય રતિભાવ જ હોય છે. અજ્ઞાનના કારણે જ મોહજન્ય રતિભાવમાં દુ:ખ હોવા છતાં સુખ માનવાની ભ્રાંતિ થાય છે. વાસ્તવમાં સમ્યક્ત્વરૂપ બોધિ વિના જગતમાં ક્યાંય સુખ સંભવતું નથી. સમ્યક્ત્વરૂપ બોધિ ઘરાવનાર નારકીનો જીવ પણ ક્યારેક આત્મિક સાચું સુખ મેળવી લ્યે છે. પણ સમ્યક્ત્વરૂપ બોધિ ન ઘરાવનાર આવું સુખ મેળવી શકતો નથી અને નિરંતર દુ:ખી જ રહે છે. આ પ્રકારે બોધિદુર્લભભાવનાના અભ્યાસથી જ સંસારમાં સુખબુદ્ધિ ટળે છે અને સંસારમાંથી સુખબુદ્ધિ ટળવી એ જ બોધિની પ્રાપ્તિનું બીજ છે.

૨. ગૃહિત મિથ્યાત્વનો અભાવ

પોતાના શુદ્ધાત્મા સંબંધી અણસમજણ, મિથ્યા અભિપ્રાય કે વિપરીત અભિનિવેશને મિથ્યાત્વ કહે છે. આ મિથ્યાત્વ મટાડવાના બદલે કુદેવાદિના સંગે તેનું વધુ પોષણ કરવું કે દઢીકરણ કરવું તેને **ગૃહિત મિથ્યાત્વ** કહે છે.

અનાદિકાળથી અજ્ઞાની જીવને પોતાના શુદ્ધાત્મા સંબંધી અણસમજણ હોય જ છે, તેને મિથ્યાત્વ કહે છે. આ મિથ્યાત્વને ખોટા દેવ, ખોટા ગુરુ કે ખોટા શાસ્ત્રના નિમિત્તે તેને મટાડવાને બદલે તેનું વધુ પોષણ થવું એટલે કે ધર્મના નામે અધર્મનું જ સેવન થવું તે ગૃહિત મિથ્યાત્વ છે. સરાગી અને પરમાર્થ તત્ત્વના વિરોધી હોય એવા કુદેવ, કુગુરુ કે કુશાસ્ત્રની માન્યતા કે તેના પ્રત્યેની કૂણી લાગણી પોતે જ ગૃહિત મિથ્યાત્વ છે.

વીતરાગ અને સર્વજ્ઞ હોય તેવા અરિહંત અને સિદ્ધ ભગવાન સાચા દેવ છે. તે સિવાયના જે રાગી, દ્વેષી અને મોહી હોય તે કુદેવ છે. સરાગી હોવાના કારણે તે અલ્પજ્ઞ, સાલંબી અને ભયાવહ પણ હોય છે. કેટલાંક કુદેવ કલ્પિત પણ હોય છે. જેની પાસે કોઇ વસ્ત્ર, અલંકાર, શસ્ત્ર, સ્ત્રી, વાહન, માળા, જેવું હોય તો તે કુદેવ જાણવા.

નિર્ગ્રંથ, નિર્મોહ, નિષ્પરિગ્રહી અને રત્નત્રયથી સંયુકત હોય એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ સદ્‌ગુરુ છે. તે સિવાયના જે અજ્ઞાની હોય પણ ધર્મના જ એકાદ અંગને ધારણ કરી મહંતપણાની ભ્રાંતિ વડે પોતાને ગુરુ મનાવતા હોય તે કુગુરુ છે. જગતમાં કહેવાતા કુળગુરુ, વારસાગુરુ, પદગુરુ, બ્રહ્મચારીગુરુ, તપસ્વીગુરુ, વેષધારીગુરુ, એ સઘળાં કુગુરુ જાણવા

વીતરાગ સર્વજ્ઞ દ્વારા પ્રરૂપિત હોય અને વીતરાગતાના પોષક હોય તે સત્‌શાસ્ત્ર છે. તે સિવાયના કુદેવ કે કુગુરુ દ્વારા પ્રરૂપિત અને રાગના પોષક હોય તે કુશાસ્ત્ર છે. કુશાસ્ત્રનું કથન પ્રમાણ વિરુદ્ધ હોય છે. તેનાં સિદ્ધાંતો પરીક્ષામાંથી પસાર થઇ શકે તેવા હોતાં નથી. કુશાસ્ત્ર જીવાદિતત્ત્વના સ્વરૂપને પક્ષપાત રહિત, પૂર્વાપરવિરોધ રહિત, વિપરીતતા રહિત કે ન્યૂનતા-અધિકતા રહિત યથાતથ્ય દર્શાવી શકતા નથી.

જે જીવ કુદેવ-ગુરુ-શાસ્ત્રને ન માનતો હોય અને માત્ર સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રને જ માનતો હોય તોપણ જેને તેના સાચા સ્વરૂપની ખબર નથી તેમ જ તેમની પાસે વીતરાગતાના બદલે પુણ્ય અને તેના ફળથી પ્રાપ્ત થતા સંયોગોની અપેક્ષા છે તો તે પણ ગૃહિત મિથ્યાત્વી જ છે.

સૌ પ્રથમ ગૃહિત મિથ્યાત્વ ટળે તો જ તે પછી અગૃહિત મિથ્યાત્વ ટળી શકે છે. અને બન્ને પ્રકારના મિથ્યાત્વ ટળે તો જ સમ્યક્‌ત્વરૂપ બોધિની પ્રાપ્તિ થાય છે. વીતરાગી સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રના શરણે બોધિદુર્લભભાવનાનો અભ્યાસ કરવાથી ગૃહિત મિથ્યાત્વ આપોઆપ ટળે છે.

૩. પાત્રતા

અગૃહિત મિથ્યાત્વ મટાડવા માટે જરૂરી જ્ઞાની ગુરુની દેશના ગ્રહણ કરવાની યોગ્યતા કે લાયકાતને **પાત્રતા** કહે છે.

ગૃહિત મિથ્યાત્વ ટળ્યા પછી સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રના શરણે તેમની આજ્ઞા અને ઉપદેશને અનુસરવાથી અગૃહિત મિથ્યાત્વ ટળી શકે છે. અગૃહિત મિથ્યાત્વ ટાળવા માટે જ્ઞાની ગુરુની દેશનાની નિયમથી જરૂર હોય છે. આ જ્ઞાનીની દેશના ગ્રહણ કરવા માટે અમુક ખાસ પ્રકારની યોગ્યતા કે લાયકાતની જરૂરિયાત હોય છે તેને પાત્રતા કહે છે.આત્માનું લક્ષ અને યથાર્થ રૂચિ એ જ મુખ્ય પાત્રતા છે. આત્માનું લક્ષ અને યથાર્થ રૂચિ ઉપરાંત જૈનાચાર અનુસારના સદાચાર, સંયમ અને શુભભાવ પણ ગૌણપણે પાત્રતામાં સમાવેશ પામે છે. આવી પાત્રતા કેળવવા બોધિદુર્લભભાવનાનો અભ્યાસ ઉપયોગી છે.

પાત્રતા વિનાનો જીવ ગુરુની દેશનાને ગ્રહણ કરવામાં અને તેને અનુસરવામાં નિષ્ફળ નીવડે છે. તેથી આવી પાત્રતા ઘરાવી ત્યાર પછી ગુરૂની દેશના ગ્રહણ કરી અગૃહિત મિથ્યાત્વને મટાડવાનો ઉપાય કરવો જોઇએ.

૪. અગૃહિત મિથ્યાત્વનો અભાવ

જે પહેલેથી જ હોય અને નવું ગ્રહણ કરેલ ન હોય તેને અગૃહિત કહે છે. અને આત્મા સંબંધી અણસમજણને મિથ્યાત્વ કહે છે. અનાદિ કાળથી ચાલી આવતી આત્મા સંબંધી મિથ્યા માન્યતા કે વિપરીત અભિપ્રાયને **અગૃહિત મિથ્યાત્વ** કહે છે.

અગૃહિત મિથ્યાત્વ અનેક પ્રકારે હોય છે. તેમાં પરપદાર્થનું કર્તૃત્વ, પુણ્યમાં ઉપાદેયપણું, દેહમાં પોતાપણું, પર્યાયદૃષ્ટિ અને તત્ત્વની અપ્રાપ્તિ મુખ્ય છે.

મિથ્યાત્વ અને સમ્યક્‌ત્વ એકબીજાથી વિરુદ્ધ છે. તેથી મિથ્યાત્વ ટળ્યા વિના સમ્યક્‌ત્વની પ્રાપ્તિ ન થાય તે દેખીતું છે. તેથી સમ્યક્‌ત્વરૂપ બોધિની પ્રાપ્તિ માટે મિથ્યાત્વ મટાડવું એકદમ આવશ્યક છે. મિથ્યાત્વમાં સૌ પ્રથમ કુદેવાદિના સંગે થતું ગૃહિત મિથ્યાત્વ મટાડવું જરૂરી છે. ગૃહિત મિથ્યાત્વને મટાડ્યા પછી અગૃહિત મિથ્યાત્વને મટાડતા પહેલાં ગુરુના ઉપદેશને ગ્રહણ કરવા યોગ્ય પાત્રતા પ્રગટ કરવી જરૂરી છે. આવી પાત્રતા પ્રગટ થયા પછી અગૃહિત મિથ્યાત્વને મટાડવાનો ઉદ્યમ આવશ્યક છે.

અનાદિ કાળથી ચાલ્યા આવતાં અગૃહિત મિથ્યાત્વને મટાડવા માટે પોતાના જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્માની સાચી સમજણ જરૂરી છે. દ્રવ્યનું બંધારણ અને અનેકાંતસ્વરૂપનો અભ્યાસ કરવાથી શુદ્ધાત્માની સાચી સમજણ થાય છે. આવો અભ્યાસ વીતરાગી સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રના શરણે હોય છે.

વીતરાગી સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રના શરણે બોધિદુર્લભભાવનાનો અભ્યાસ કરવાથી અગૃહિત મિથ્યાત્વ મંદ પડે છે. અગૃહિત મિથ્યાત્વ મંદ થતાં અનંતાનુબંધી કષાયનો અનુભાગ પણ ઢીલો પડે છે અને તેથી જીવનો ઉપયોગ સૂક્ષ્મ બને છે, અને સૂક્ષ્મ ઉપયોગના કારણે તે સ્વ-પરના ભેદજ્ઞાનને યોગ્ય બને છે.

૫. સ્વ-પરનું ભેદજ્ઞાન

શરીરાદિ નોકર્મ, પૌદ્‌ગલિક જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ, જીવની વિકારી અવસ્થારૂપ મોહ-રાગ-

દ્વેષાદિ ભાવકર્મ તેમ જ ગુણભેદ જેવા અનેક પ્રકારના ભેદભાવોથી ભિન્ન પોતાના શુદ્ધાત્માને જાણવો તેને **સ્વ-પરનું ભેદજ્ઞાન** કહે છે.

ભેદજ્ઞાનની વિસ્તૃત ચર્ચા પાંચમી અન્યત્વ-ભાવનાના પ્રકરણમાં થઇ ગયેલ હોવાથી તેની અહીં ચર્ચા કરવામાં આવતી નથી. ભેદજ્ઞાન થતાં જ જીવને સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિ થાય છે. પરંતુ આ ભેદજ્ઞાન માટે પણ બોધિદુર્લભભાવનાનો અભ્યાસ કાર્યકારી છે.

ઉપરોક્ત પ્રકારના ક્રમિક ઉપાયોથી સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિ થાય છે.

બોધિદુર્લભભાવનાની ચિંતવન પ્રક્રિયા

બોધિ દુર્લભભાવનાની ચિંતવન પ્રક્રિયામાં ૧. બોધિની દુર્લભતા, ૨. બોધિની પ્રાપ્તનો ઉપાય, ૩. બોધિની પ્રાપ્તિ માટે મનુષ્યજીવનની જરૂરિયાત તેમ જ બોધિ માટે કરવામાં આવેલ મનુષ્યજીવનના સદુપયોગની સફળતા અને તે સિવાયમાં નિષ્ફળતા, ૪. બોધિનું ફળ અને ૫. બોધિની સ્વાધીનતા સંબંધી બાબતોની વિચારણા હોય છે.

૧. અનાદિ કાળથી સંસારચક્રમાં ઘુમતા આ જીવે બીજું બધુંય પ્રાપ્ત કર્યું છે. પણ બોધિ કયારેય પ્રાપ્ત કરી નથી. તેથી તે દુર્લભ છે. બીજા અનેક ભવો કરીએ ત્યારે મનુષ્યનો એક ભવ મળતો હોવાથી મનુષ્યજીવન પણ દુર્લભ છે. દુર્લભ મનુષ્યજીવનની મહત્તા તેમાં બોધિની પ્રાપ્તિ થઇ શકતી હોવાના કારણે છે. દુર્લભ મનુષ્યજીવનમાં દુર્લભતમ બોધિની પ્રાપ્તિ સબંધી વારંવાર વિચારણા તે બોધિદુર્લભ ભાવનાની ચિંતવન પ્રક્રિયાનું પ્રથમ પગલું છે.

૨. અનાદિ કાળથી સંસારની ૮૪ લાખ યોનિ, ચાર ગતિ અને પાંચ પ્રકારના પરાવર્તનમાં નિરંતર પરિભ્રમણ કરતાં આ જીવે એવો કોઇપણ સંયોગ, સંયોગીભાવ, પદવી કે અવસ્થા બાકી નથી રાખી કે જે તેણે પ્રાપ્ત કરી ન હોય. આ જીવે સત્તા-સંપત્તિ, ધન-દૌલત, માન-સન્માન જેવાં સઘળા સંયોગો અનેકવાર પ્રાપ્ત કર્યા છે. દરેક પ્રકારના શુભાશુભભાવરૂપ સંયોગીભાવોમાંથી પોતે અનંત વાર પસાર થયો છે. મોટા રાજા-મહારાજાથી માંડીને અહમિન્દ્ર સુધીની પદવી અનેકવાર પ્રાપ્ત કરી છે. નિગોદથી લઇને નવમી ગ્રેવેયક સુધીની અનેક અવસ્થાઓ અનંતવાર ધારણ કરી છે. પણ એક માત્ર બોધિને જ પોતે એકેય વાર પ્રાપ્ત કરી નથી. તેથી તે બોધિ દુર્લભ છે અને બોધિની પ્રાપ્તિ વિના આ સઘળાં સાંસારિક સંયોગો, સંયોગીભાવો, પદવીઓ અને અવસ્થાઓ હજી પણ મળતાં જ રહેવાનાં છે. પણ તેમાં જીવને કયાંય કિંચિત્ પણ સુખ-શાંતિ મળતાં નથી. આત્માની સુખ-શાંતિ મેળવવા માટે દુર્લભ બોધિ સિવાય બીજો કોઇ ઉપાય નથી. બોધિ પ્રાપ્તિના ઉપાયની ચર્ચા આ અગાઉ થઇ ગયેલ છે.

૩. દુર્લભ બોધિની પ્રાપ્તિ માટે મનુષ્યજીવન જરૂરી છે. મનુષ્ય સિવાયના નરક દેવ કે પશુના જીવનમાં પણ બોધિની પ્રાપ્તિ થઇ શકે છે તોપણ તે માટે તેણે પૂર્વે મનુષ્યજીવનમાં તે બોધિના સંસ્કારો અવશ્ય પ્રાપ્ત કરેલાં હોય છે. જે જીવને બોધિના કોઇ સંસ્કાર પણ નથી તેના માટે તો મનુષ્યજીવન જ કાર્યકારી

છે. કોઇ પણ બાબતની પ્રાપ્તિ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુસરીને હોય છે. બોધિની પ્રાપ્તિ માટે મનુષ્યજીવનના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકદમ અનુકૂળ છે. વર્તમાન મનુષ્યજીવનમાં બોધિને અનુકૂળ એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઉપરાંત બોધિ માટે ઉપયોગી ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ અને દુર્લભ એવા દશ પ્રકાર સંયોગો પણ સંપ્રાપ્ત છે ત્યારે બોધિ માટે મનુષ્યજીવનનો સદુપયોગ કરવામાં આવે તો તેની સાર્થકતા છે અને એવો સદુપયોગ કરનાર મનુષ્ય આદરને પાત્ર છે. બોધિને બદલે બીજા સાંસારિક કાર્યો અને વિષય-કષાયમાં મનુષ્યજીવનને વેડફી નાખવામાં આવે તો તેની નિરર્થકતા છે અને એ રીતે મનુષ્યજીવનને વેડફી નાખનાર ધિક્કારને પાત્ર છે.

૪. બોધિનું ફળ મહાન છે. બોધિના આધારે આત્માના સઘળાં સદગુણો છે. મોક્ષમાર્ગ અને મોક્ષ છે. આ ઉપરાંત સતિશય પુણ્ય અને તેથી પ્રાપ્ત લૌકિક ઉપલબ્ધિ અને પણ બોધિના કારણે છે.

૫. વર્તમાન મનુષ્યજીવનમાં દુર્લભ બોધિ પણ સુલભ છે ત્યારે તેને પૈસા પાછળની આંધળી દોટમાં ગુમાવી દેવા જેવું નથી.ગમે તેટલાં પૈસા હોય તોપણ આત્માની સુખ-શાંતિ તેમાં નથી. વળી આ પૈસાની પ્રાપ્તિ પુણ્યને આધીન છે પણ પોતાના પુરુષાર્થને આધીન નથી. તેથી તે પરાધીન છે. જ્યારે બોધિની પ્રાપ્તિ પોતાના પુરુષાર્થને આધીન હોવાથી તે સ્વાધીન છે. બોધિના સાધનભૂત બોધિદુર્લભભાવનાનું ચિંતવન એકદમ સુલભ, સરળ અને સ્વાધીન છે. તો હવે એક ઘડીનાય વિલંબ વિના બીજા બધાં વિચારો છોડી આ બોધિદુર્લભભાવનાનું ચિંતવન કરવા જેવું છે.

બોધિદુર્લભભાવનાના ચિંતવનનું સાધન કે કારણ

આ જગતમાં આ જીવે બીજું બધુંય અનેકવાર પ્રાપ્ત કર્યું છે. પણ બોધિ એકેયવાર પ્રાપ્ત કરી નથી. તેથી તે બોધિને દુર્લભ માનવામાં આવે છે. આ દુર્લભ બોધિની સુલભતા વર્તમાન મનુષ્યજીવનમાં છે. તેથી આ બોધિની પ્રાપ્તિ કરવા માટે વારંવાર વિચારણા કરવી તેને બોધિદુર્લભભાવના કહે છે.

આ બોધિદુર્લભભાવનાના ચિંતવનનું સાધન કે કારણ પોતાની વર્તમાન સાંસારિક પ્રવૃત્તિ પણ બની શકે છે.

સામાન્યપણે પોતે વેપાર-ધંધો અને વિષય-કષાય જેવી સાંસારિક પ્રવૃત્તિમાં ગળાડૂબ રહે છે અને પછી એવી ફરિયાદ કરે છે કે, પોતાને બોધિની પ્રાપ્તિના પુરુષાર્થની તો ઠીક પણ તેના ચિંતવન માટે પણ સમય નથી. અરે ! મરવાની પણ ફુરસદ નથી.

પણ ભાઇ ! યમરાજા અગાઉથી નોટીસ મોકલીને જ આવે એવું બનતું નથી. ઓફીસની ખુરશીમાં બેઠા બેઠા જ એકાએક હાર્ટએટેક આવે અને ઉકલી જવાય છે. વળી, તું બહું કામમાં છો, તો ભાઇ ! તું શું કામ કરે છે ! તું જે વેપાર-ધંધો, ખાવા-પીવા, હરવા-ફરવા, સમાજ સેવા જેવા કામો કરે છે અને અનાદિ કાળથી કરતો આવ્યો છે. તેમાં તારા આત્માનું હિત બિલકુલ નથી. જે કાર્યથી આત્માની પવિત્રતા પ્રગટે, સુખ-શાંતિ થાય તેમાં જ આત્માનું હિત છે. અને તે બોધિ સિવાય બીજે ક્યાંય નથી.

ભાઇ ! તું જે કામ કરે છે તે વાસ્તવમાં રેતીમાંથી તેલ પીલવાનું છે. મફતની મજૂરી છે. તેમાં આત્માનું હિત જરાય સધાતું નથી. વળી બહારના બધાં કાર્યો તારા પ્રયત્ન કે પુરુષાર્થને આધીન પણ નથી. પણ તે પુણ્યને આધીન છે. એટલે કે પરાધીન છે. પરના પરાધીન કાર્યો પાછળ તું નકામો સમય વેડફે છે અને સ્વના સ્વાધીન કાર્ય માટે તારી પાસે સમય નથી. તો હવે જાગ! બોધિની પ્રાપ્તિ માટે તારો સમગ્ર સમય અને શક્તિ લગાડી દયે. પણ તે પહેલાં તું દુર્લભ બોધિની પ્રાપ્તિ માટેની વિચારણા તો શરૂ કર. આ જીવ દરેક સમયે કોઇને કોઇ વિચારણા કરતો જ હોય છે. અનાદિ કાળથી કામ-ભોગ-બંધની જ વિકથા અને તેની જ કુવિચારણા કરી છે. તો હવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ બોધિની ધર્મકથા અને તેની સુવિચારણા શરૂ કર.

ઉપર મુજબનું આત્મચિંતન કરતાં પોતાની વર્તમાન સાંસારિક પ્રવૃત્તિ જ બોધિદુર્લભભાવનાના ચિંતવનનું સાધન કે કારણ બને છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

પોતાના શુદ્ધાત્માની સાચી સમજણ એ જ બોધિ છે. આ જીવે બીજી અનેક પ્રકારની સમજણ કરી છે પણ પોતાના શુદ્ધાત્માની જ સમજણ કરી નથી. તેથી તેને બોધિની દુર્લભતા કહે છે. તોપણ વર્તમાન મનુષ્યજીવનમાં બોધિની પ્રાપ્તિ માટે સઘળી સાનુકૂળતાઓ છે. આ દુર્લભ બોધિની પ્રાપ્તિ માટે વિચારણા થવી તે બોધિદુર્લભભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

બોધિદુર્લભભાવનાની ચિંતવન પ્રક્રિયામાં બોધિનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિના ઉપાય સંબંધી વિચારણા હોય છે. બોધિનાં સ્વરૂપમાં શુદ્ધાત્માની સમજણ, મોક્ષમાર્ગ વગેરેનો સમાવેશ હોય છે. બોધિની પ્રાપ્તિના ઉપાયમાં સ્વ-પરનું ભેદજ્ઞાન અને મનુષ્યજીવનમાં તેની સંભાવના વગેરે બાબતનો સમાવેશ હોય છે. આ બધી બાબતો વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણ કરાવનાર છે.

આ પ્રકારે બોધિદુર્લભભાવનાની ચિંતવન પ્રક્રિયા વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે.

કઇ રીતે વૈરાગ્યનું કારણ છે?

આ જગતમાં આ જીવે બીજું બધુંય પ્રાપ્ત કર્યું છે પણ એક માત્ર બોધિ જ કયારેય પ્રાપ્ત કરી નથી. આ દુર્લભ બોધિની સુલભતા વર્તમાન મનુષ્યજીવનમાં છે. આ બોધિની પ્રાપ્તિમાં જ પોતાના આત્માનું હિત છે. અને બોધિ સિવાયની બીજી બધી બાબતો બિલકુલ હિતરૂપ નથી. આ પ્રકારની વિચારણા એ બોધિદુર્લભભાવનાના ચિંતવનનું કેન્દ્રબિંદુ છે.

બોધિદુર્લભભાવનાના અભ્યાસપૂર્વકના ચિંતવનથી જણાય છે કે, બોધિમાં જ આત્માની શાંતિ અને સુખ છે. તે સિવાયના સઘળા સાંસારિક સંયોગો અને સંયોગીભાવોમાં આત્માની અશાંતિ અને દુ:ખ છે. બોધિના આધારે જ આત્માના અનંત સદ્‌ગુણોની

પ્રગટતા છે અને બોધિ વગર બધાં અવગુણો જ છે. બોધિથી જ આત્માનો મોક્ષમાર્ગ અને મોક્ષ છે અને બોધિ વિના બંધમાર્ગ અને બંધ જ છે. બોધિ કે બોધિની ભાવના સહિતના શુભભાવો ઉપશમરસથી તરબોળ હોય છે અને તેના વિના તે જ શુભભાવો લૂખા અને ચંચળ હોય છે. બોધિમાં જ મનુષ્યજીવનની સફળતા અને સાર્થકતા છે અને બોધિની પ્રાપ્તિ કે તેના સંસ્કારો વિના તેની નિષ્ફળતા અને નિરર્થકતા છે. બોધિ જ પોતાના પુરુષાર્થને આધીન હોવાથી સ્વાધીન છે અને બોધિ સિવાયના સાનુકૂળ સંયોગો પુણ્યને આધીન હોવાથી પરાધીન છે.

ઉપર મુજબ બોધિદુર્લભભાવનાના અભ્યાસ અને ચિંતવનથી બોધિ જ સારભૂત છે અને તે સિવાયના સઘળા સાંસારિક સંયોગો અને સંયોગીભાવો નિઃસાર છે તે બાબત સમજાય છે. તેથી સાંસારિક સંયોગો અને સંયોગીભાવો પ્રત્યે ઉપેક્ષા અને ઉદાસીનતા આવે છે. જેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે. આ રીતે બોધિદુર્લભભાવના પણ વૈરાગ્યનું કારણ જણાવી.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

બીજી દરેક ભાવનાની જેમ બોધિદુર્લભભાવનાનું પ્રયોજન પણ વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણપૂર્વક સંસાર પ્રત્યેનો વૈરાગ્ય છે. આવા પ્રયોજનપૂર્વક બોધિદુર્લભભાવનાના ચિંતવનનાં વિશેષ પ્રકારના બે ફળ નીચે પ્રમાણે છે.

૧. દુર્લભ બોધિ માટે મનુષ્યજીવનની મહત્તા સમજાવે

૨. બોધિની પ્રાપ્તિનો ઉપાય બતાવે

૧. દુર્લભ બોધિ માટે મનુષ્યજીવનની મહત્તા સમજાવે

મનુષ્યજીવનના મહત્વ કે મહાનતાને તેની મહત્તા કહે છે. બોધિદુર્લભભાવનાનો અભ્યાસ અને ચિંતવન મનુષ્યજીવનની મહત્તા એક માત્ર બોધિની પ્રાપ્તિમાં જ છે તે બાબત સમજાવે છે.

મનુષ્યજીવનની મહત્તા આત્માના હિતમાં છે. આત્માનું હિત સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિમાં છે. અજ્ઞાની જીવ મનુષ્યજીવનની મહત્તા સત્તામાં, સંપત્તિમાં અને સન્માનમાં માને છે. મોટી મહેલાતો અને વૈભવમાં માને છે. પ્રસિદ્ધિ અને નામનામાં માને છે અને તે માટે તે તનતોડ પ્રયત્ન કરે છે. પણ વાસ્તવમાં બોધિ સિવાય બીજી કોઇ બાબતમાં આત્માનું હિત બિલકુલ નથી. વળી બોધિ જ પોતાના પુરુષાર્થને આધીન હોવાથી સ્વાધીન છે અને બાકીની બાબત પુણ્યોદયને આધીન હોવાથી પરાધીન છે. દુર્લભ બોધિની સુલભતા વર્તમાન મનુષ્યજીવનમાં છે તેથી બોધિ માટે પ્રયત્ન કરી મનુષ્યજીવનને સાર્થક કરવું જોઇએ.

આ રીતે બોધિદુર્લભભાવનાનો અભ્યાસ અને ચિંતવન દુર્લભ બોધિ માટે મનુષ્યજીવનની મહતા સમજાવનારો છે.

૨. બોધિની પ્રાપ્તિનો ઉપાય બતાવે

સ્વ-પરના ભેદજ્ઞાનથી સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિ થાય છે. બોધિદુર્લભભાવનાનો અભ્યાસ અને

ચિંતવનમાં મુખ્યત્વે બોધિની પ્રાપ્તિ માટેની બાબત હોય છે. તેથી બોધિદુર્લભભાવના બોધિની પ્રાપ્તિનો ઉપાય બતાવનારી છે.

બોધિદુર્લભભાવનાનું ચિંતવન તેના અભ્યાસપૂર્વક હોય છે. બોધિદુર્લભભાવનાના અભ્યાસમાં મુખ્યત્વે બોધિની પ્રાપ્તિનો ઉપાય હોય છે. બોધિની પ્રાપ્તિ માટે સૌ પ્રથમ સંસારમાં સુખબુદ્ધિનો અભાવ કરવાનો હોય છે. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ થતાં સંસારાર્થીપણું ટળી આત્માર્થીપણું પ્રગટે છે. આત્માર્થી જીવ વીતરાગી સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રને શોધી કાઢે છે અને તેથી કુદેવાદિના સંગે થતા ગૃહિત મિથ્યાત્વને મટાડી શકે છે. ગૃહિત મિથ્યાત્વ મટાડનારો જીવ ગુરુની દેશનાને ગ્રહણ કરી શકે તેવી પાત્રતા પ્રગટ કરે છે અને ગુરુની દેશનાના આધારે અગૃહિત મિથ્યાત્વ પણ મટાડે છે. અગૃહિત મિથ્યાત્વ મટાડનારો જીવ ઉપયોગની સૂક્ષ્મતા ધારણ કરી સ્વ-પરનું ભેદજ્ઞાન પામે છે અને સ્વ-પરના ભેદજ્ઞાનના ફળમાં સમ્યક્‌ત્વરૂપ બોધિની પ્રાપ્તિ થાય છે.

આ રીતે બોધિદુર્લભાભાવનાનો અભ્યાસ બોધિની પ્રાપ્તિનો ઉપાય બતાવનારો છે.

ઉપસંહાર

સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ સમ્યક્‌ત્વને બોધિ કહે છે. અનાદિ કાળથી આજ સુધીમાં આ જીવે બીજું બધું જ અનેકવાર પ્રાપ્ત કર્યું છે પણ આ બોધિ જ કયારેય પ્રાપ્ત કરી નથી. તેથી તેને દુર્લભ માનવામાં આવે છે.

સંસારી જીવ નરક અને દેવના અસંખ્યાત ભવો અને તિર્યંચના અનંત ભવો કરે ત્યારે મહાભાગ્યે અને મહાકષ્ટે એકાદ મનુષ્યનો ભવ પ્રાપ્ત કરે છે. તેથી તે રીતે મનુષ્યજીવન પણ દુર્લભ છે. તોપણ આવું મનુષ્યજીવન પણ અનેકવાર પ્રાપ્ત કર્યું છે. પણ બોધિ એકેય વાર પ્રાપ્ત કરી નથી. તેથી બોધિને જ દુર્લભ માનવામાં આવે છે. દુર્લભ બોધિની પ્રાપ્તિ મનુષ્યજીવનમાં સંભવે છે. બોધિને સાનુકૂળ હોય એવા ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ અને દુર્લભ એવા દશ સંયોગ પણ વર્તમાન મનુષ્યજીવનમાં સંપ્રાપ્ત છે. તેથી વર્તમાન મનુષ્યજીવનમાં દુર્લભ એવી બોધિ પણ સુલભ છે. પરંતુ તે માટેનો પુરુષાર્થ જરૂરી હોય છે. મનુષ્યજીવનનો સદુપયોગ બોધિની પ્રાપ્તિના પુરુષાર્થમાં કરવામાં આવે તો તે બોધિની અવશ્ય પ્રાપ્તિ થાય છે. દુર્લભ બોધિને યોગ્ય મનુષ્યજીવન અને સઘળાં સાનુકૂળ સંયોગો સંપ્રાપ્ત છે, ત્યારે બોધિની પ્રાપ્તિ કરીને અને બોધિની પ્રાપ્તિ ન થઇ શકે તો બોધિને યોગ્ય સંસ્કાર કેળવી બોધિબીજનું આરોપણ કરીને પોતાના મનુષ્યજીવનને સાર્થક કરવું જોઇએ. આ બાબત આચાર્યશ્રી શુભચંદ્ર નીચેના શબ્દોમાં કહે છે...

काकतालीयकन्यायेन्, उपलब्धं यदि त्वया।
तत्तर्हि सफलं कार्यं, कृत्वात्मन्यात्मनिश्चयम्।।

ભાવાર્થઃ હે આત્મન ! દુરન્ત અને સારવર્જિત અનાદિ સંસારમાં બોધિને યોગ્ય મનુષ્યનો જન્મ પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે. આવો મનુષ્ય જન્મ કાકતાલીય ન્યાય અનુસાર પોતાને અત્યારે સંપ્રાપ્ત છે. ત્યારે પોતાના શુદ્ધાત્માના નિર્ણયરૂપ બોધિને પ્રાપ્ત કરીને પોતાનું કર્તવ્ય સફળ કરવું જોઇએ. મનુષ્ય જન્મ સિવાય અન્ય કોઇ જન્મમાં બોધિબીજનું આરોપણ થતું નથી, તેથી આ ઉપદેશ છે. **(જ્ઞાનાર્ણવઃ સર્ગ ૩, શ્લોક ૨)**

❖ બોધિદુર્લભભાવનાની કથા ❖

બોધિમાર્ગ પ્રકાશક કહાન ગુરુ દેવ



*"મારે જાવજીવ(આજીવન) **બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે ને મારા દીક્ષા લેવાના ભાવ છે. મારે વેવિશાળ કરવાનું નથી.**"*

બાવીસ વર્ષના કુટડા યુવાન કહાનકુંવરે લગ્નના પ્રસ્તાવને ઠુકરાવતાં ઉપરોક્ત શબ્દોમાં મોટાભાઈને સ્પષ્ટ જણાવી દીધું. એટલું જ નહિ પરંતુ ઘીકતી કમાણી આપતા વેપાર અને દુકાનની પ્રવૃત્તિ છોડી દીક્ષા લેવા માટે યોગ્ય ગુરુની શોધમાં અનેક જગ્યાએ ફર્યા પણ કયાંય મન ઠર્યું નહિ. તેથી જેમની પાસે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર કરેલી તે જ હીરાચંદજી મહારાજ પાસે દીક્ષા લેવાનું નક્કી કર્યું.

***

વિ.સ.સ ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ અને રવિવાર, તારીખ ૨૧-૪-૧૮૯૦નાં રોજ ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં પિતા મોતીચંદભાઇ અને માતા ઉજમબાને કૂખે ઉગતા સૂર્યના ઉદય સમયે જગતના અજ્ઞાનરૂપી અંધકારને ઉલેચવા જાણે જ્ઞાનરૂપી સૂર્યના ઉદય સમાન બાળક કાનજીનો જન્મ થયો. દેદીપ્યમાન મુખમુદ્રા અને વૈરાગ્ય નીતરતા નેત્રો જોઇ કુંડળી કાઢીને જાણીતા જયોતિષીએ ભવિષ્ય ભાખ્યું કે:

"આ કોઇ સમાન્ય બાળક નથી, મહાપુરૂષ છે."

સાત વર્ષની ઉંમરે વિ.સં. ૧૯૫૩ (ઇ.સ. ૧૮૯૭) માં બાળક કાનજીએ નિશાળનો તેમ જ જૈનશાળાનો અભ્યાસ એક સાથે શરૂ કર્યો. પહેલેથી જ સત્યશોધક બાળક કાનજી મનોમન

વિચારતા કેદ્દદ્દદ્દ

"सा विद्या या विमुक्तिये ।

એટલે કે જે સંસારના બંધનમાંથી મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા છે પણ લૌકિક નિશાળમાં ભણતરમાં સંસારનાં બંધનમાંથી પોતાના આત્માને કઇ રીતે મુક્ત કરી શકાય તેની તો કોઇ વાત જ આવતી નથી અને જૈનશાળાના ભણતરમાં તો તેની જ વાત છે."

આ પ્રમાણે વિચારતા બાળક કાનજીને આત્મહિતને ઉપયોગી જૈનશાળાના ભણતરમાં વધુ રસ પડતો, તોપણ તેજસ્વી બાળક બન્નેમાં પહેલો નંબર રાખતો.

અનુપમ દેહલાવણ્ય, ગોરૂ બદન, શરમાળ અને નમ્ર પ્રકૃતિને કારણે કયારેક સહાધ્યાયી વિદ્યાર્થીઓ તેને 'મઢમ' કહીને ચીઢવવાનો પ્રયાસ કરતાં પણ બાળક કાનજી બિલકુલ ચીઢાતો નહિ. ખોજા સજજન કાસમ મામા, સતબાઇ માસી, ગુલાબચકરડી વેચનાર દુકાનદાર વગેરે તેનું રૂની પૂણી જેવું રૂપાળું અને કોમળ શરીર જોઇને તેને 'પૂઇ' કહીને હેતથી બોલાવતા. પરંતુ આખો દિવસ ધર્મધ્યાન અને જૈનશાળાના ભણતરમાં રચ્યાપચ્યા રહેતા, ઉદાસીન જીવન અને સરળ અંતઃકરણના કારણે બીજા કોઇ ઉપનામને બદલે **'ભગત'** તરીકે પ્રસિદ્ધિ પામ્યા. ગામના વેપારીઓ, ખેડૂતો, વાળંદ, મોચી જેવા કારીગરો વગેરે બીજા બાળકોથી જુદા જ તરી આવતાં ભગતને જોઇને દંગ જ રહી જતાં.

જન્મથી જ વૈરાગી બાળક કાનજી ભગતના જીવનમાં ઉપરાઉપરી વૈરાગ્યના અનેક પ્રસંગો આવ્યા. આ દરેક પ્રસંગ તેને બોધિદુર્લભ–ભાવનાના ચિંતવનનું કારણ બની.

છપ્પનિયો દુકાળ

વિ.સં. ૧૯૫૬ના છપ્પનિયાનાં નામે ઓળખાયેલા ભયંકર દુષ્કાળ વખતે બાળક કાનજી દશ વર્ષની ઉંમરનો હતો. તે સમયે તેણે ભૂખમરાથી રોજેરોજ અનેક પશુઓ મરતાં જોયા. ઘણાં માણસો પણ દુષ્કાળના ખપ્પરમાં હોમાઇ ગયા. ગોવાળ ગાયના ટેકે માથું નાંખી રડતો અને ભૂખપીડિત ગાયની આંખમાંથી પણ આંસુ વહી જતા. આવા કરૂણ દ્રશ્યો નિહાળીને બાળક કાનુનો સંસાર પ્રત્યેનો વૈરાગ્ય વધ્યો. તેણે મનોમન નક્કી કર્યું કે આ દુઃખમય સંસારનો અંત આણવાનો એક માત્ર ઉપાય સમ્યક્ત્વરૂપ બોધિ જ છે. તેથી તેના માટે જ પ્રયત્ન કરવા જેવો છે.

દીપચંદભાઇનું અવસાન

દુષ્કાળ પછીના વર્ષે વિ.સં. ૧૯૫૭ (ઇ.સ.૧૯૦૧) માં કમાવા માટે મુંબઇ ગયેલા મોટાભાઇ દીપચંદભાઇનું મુંબઇની આબોહવા માફક ન આવવાથી અવસાન થયું. જુવાનજોધ કમાઉ દીકરાના અવસાનથી કાળો કેર વર્તી ગયો. આ કરૂણ પ્રસંગથી બાળક કાનજીને મોટાભાઇના વિયોગના દુઃખ સાથે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય એકદમ વધી ગયો. તેણે વિચાર્યું કે આ અશરણ સંસારમાં એક માત્ર સમ્યક્ત્વરૂપ બોધિ જ શરણ છે. તો તે બોધિ માટે જ બધો પ્રયત્ન કરવા જેવો છે.

પ્લેગનો રોગચાળો અને માતાનું મરણ

છપ્પનિયાના દુષ્કાળ પછીના ત્રીજા વર્ષે વિ.સં. ૧૯૫૯ (ઇ.સ. ૧૯૦૩)માં પ્લેગનો ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો. પ્લેગ એટલી ઝડપથી ફેલાતો કે ગામના ગામ ખાલી કરવા પડે. કોઇ ઠેકાણે તેને કારણે આખું ગામ પ્રાયઃ ઉજ્જડ થઇ જતું. પ્લેગથી બચાવવા માતા ઉજમબાએ પોતાના વહાલસોયા દિકરા કાનુને તેની બેન કસ્તુરના સાસરે ગારીયાધાર મોકલી આપ્યો. અને પાછળથી માતા ઉજમબાને તાવ આવ્યો અને પ્લેગની ગાંઠ નીકળી. પ્લેગની બિમારીથી માતાનું ૪૮ વર્ષની ઊંમરે અવસાન થયું.

મોટાભાઇ દીપચંદભાઇના અવસાન પછી વહાલસોયી માતાનું અવસાન થતાં કાનજીએ સંસારનું સ્વરૂપ અનિત્ય, અશરણ, અસહાય અને અસાર અનુભવ્યું. તેણે વિચાર્યું કે આ દુઃખમય સંસારમાં સહનશીલતા પ્રદાન કરી સમાધાન કરાવનારી સાચી સમજણરૂપ બોધિ જ છે. માટે ગમે તે ઉપાયે આ બોધિ મેળવવાનો જ ઉપાય કરવા જેવો છે.

આત્મજ્ઞાન શૂન્ય ભણતરનો ત્યાગ

માતાના વિયોગના કપરા સંજોગોમાં પણ નિશાળનાં ભણતરમાં પ્રથમ નંબર રાખતા કાનજીને છ માસિક પરીક્ષામાં ભૂમિતિમાં ઓછા માર્કસ આવ્યા. બાળક કાનજીને ઠપકો આપતા શિક્ષકે કહ્યું:

"ભગત ! તારૂં ભૂમિતિ કાચું છે. તો હવે જૈનશાળા એકબાજુએ મૂકી નિશાળના ભણતરમાં વધુ ધ્યાન આપ."

શિક્ષકના ઠપકાથી બાળક કાનજીને હાડોહાડ લાગી આવ્યું. તોપણ તેણે સાહેબને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું:

"હું ભૂમિતિમાં વધુ ધ્યાન આપીશ. પરંતુ અમારે જૈનશાળાનું ભણતર પહેલા છે અને નિશાળનું પછી. નિશાળની પરીક્ષા સમયે પણ જૈનશાળાએ જવાનું ચુકાશે નહિ."

(તે જમાનામાં જૈનશાળા રોજેરોજ ચાલતી. લૌકિક નિશાળના ભણતરમાં રવિવાર અને વેકેશનની રજા હોય પણ જૈનશાળામાં કોઇ રજા ન હોય)

આત્મજ્ઞાન શૂન્ય નિશાળના ભણતર અને શિક્ષકના ઠપકાથી નિરાશ બની ગયેલો બાળક કાનજી ઘેર આવી ખૂબ રડ્યો:

"અરે ! હું જેની શોધમાં છું તે આ ભણતર નથી. આમાં ક્યાંય આત્માની અને તેના હિતની વાત આવતી નથી."

સત્‌ની શોધમાં અને તેના વિરહમાં એકદમ ઉત્કંઠ બનેલો બાળક કાનજી માતાના વિયોગ સમયે પણ રડ્યો નહોતો એટલું રડ્યો. તેણે લૌકિક અભ્યાસ અને ધાર્મિક અભ્યાસ એ બેમાંથી ધાર્મિક અભ્યાસની પસંદગી કરી તેમાં વધુ લક્ષ આપવાનું નક્કી કર્યું અને પિતાજીને લૌકિક અભ્યાસ છોડવાનો ઇરાદો જણાવ્યો.

પિતાજીએ કાનજીના ઇરાદાનો વિરોધ ન કર્યો અને વિ.સ. ૧૯૫૯ના આસો માસમાં તેર વર્ષની ઊંમરે પોતાની *"મોતીચંદ ગીગાભાઇ"* નામની પાલેજની દુકાનમાં કાનજીને બોલાવીને બેસાડી દીધો. દુકાનમાં હિસાબ–કિતાબ અને ખરીદીનું કામ કાનજી સંભાળવા માંડ્યો. ખરીદીના કામે અવારનવાર મુંબઇ, વડોદરા, ભરૂચ વગેરે શહેરોમાં જવાનું થતું ત્યારે રાજા ભરથરી, સતી અનસુયા, મીરાબાઇ વગેરેના વૈરાગ્યપૂર્વક નાટકો જોયેલા. એકવાર રામલીલા જોઇને આવ્યા પછી વૈરાગ્યની ઉંડી અસર તળે *'શિવરમણી રમનાર તું તુંહી દેવનો દેવ'* એ પંકિતથી શરૂ થતું છ કડીનું વૈરાગ્યરસભીનું કાવ્ય રચ્યું. અને મનોમન લૌકિક રમણીને બદલે શિવરમણીને વરવા માટેનો નિર્ણય કર્યો. અને દુકાન ઉપર આખો દિવસ વૈરાગ્યપ્રેરક અને તત્ત્વબોધક ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ ચાલુ રાખ્યો.

પોલીસનો ખોટો કેઇસ

વેપારમાં ઘણાં જ પ્રમાણિક અને નીતિવાન હોવાથી કાનજી ભગતની પ્રતિષ્ઠા અને ચાહના ચોમેર વ્યાપી ગઇ હતી. તેથી ધંધો ઘણો વધી ગયો હતો. તે સમયે વિ.સ. ૧૯૬૨ (ઇ.સ.૧૯૦૬)

ની દિવાળી સમયે સોળ વર્ષની ઊંમરે આબકારી ખાતાનો પોલીસ અધિકારી (Police Suprentendent of central Exise) સાલમુબારક કરવા આવ્યો. ત્યારે દર વર્ષની જેટલી રકમ બક્ષીસ તરીકે એક રૂપિયાની આપી. પોલીસે તમારો ધંધો સારો ચાલે છે તેમ કહી બે રૂપિયાની માંગણી કરી. કહાનકુંવરે તમને સરકાર પગાર આપે છે અને અમને ખોટી રકમ આપવી પરવડે નહિ તેમ જણાવ્યું. તેથી નારાજ થયેલા પોલીસ અધિકારીએ ત્યાર પછી તમે દુકાનમાં ગેરકાયદેસર અફીણ વેંચાણનો ધંધો કરો છો તેવો ખોટો કેઇસ કર્યો. વડોદરાની જિલ્લા અદાલતમાં એ જમાનામાં ત્રણ હજાર રૂપિયાના મોટા પગારદાર એવા અંગ્રેજ ન્યાયધીશ સમક્ષ આ કેઇસ સાત મહિનાને સાત દિવસ સુધી ચાલ્યો. સોળ વર્ષના યુવાન વેપારી કુંવર કહાને નિર્ભયતાપૂર્વક કોર્ટમાં જુબાની આપી અને ત્રણ કલાક ચાલેલી ઉલટતપાસમાં સરકારી વકીલ અને ન્યાયધીશને સર્વ સત્ય હકીકત જણાવી. મુખ ઉપર તરવરતી સરળતા, નિખાલસતા, નિર્દોષતા અને નીડરતાની અંગ્રેજ ન્યાયધીશ ઉપર સુંદર છાપ પડી. તેણે પ્રતિવાદી વેપારીની સર્વ વિગતો સત્ય છે એમ વિશ્વાસ આવવાથી તે સંપૂર્ણપણે માન્ય રાખી અને કેઇસની વિશેષ ચોક્કસાઇ માટે ખુદ ન્યાયધીશ, તેમના શિસ્તેદાર, અન્ય સ્ટાફ અને સરકારી વકીલને સાથે રાખી પોતે જ આવી સ્થળ પર નિરીક્ષણ અને અન્ય તપાસ કરી પોલીસની જુબાની અને તેણે કરેલો કેઇસ તદ્દન ખોટો અને બનાવટી છે એમ ફરમાવી યુવાન વેપારી કાનજીને બિલકુલ નિર્દોષ જાહેર કરતો ચુકાદો ફરમાવ્યો. આ ઉપરાંત ખોટા કેઇસથી થયેલ હેરાનગતિ અને ખર્ચના કુલ મળીને રૂપિયા સાતસો વાદી પોલીસ પાસેથી પ્રતિવાદી વેપારીએ વસુલ કરવાનું ઠરાવતું હુકમનામું ફરમાવ્યું. કાનજીએ પોલીસ ગરીબ માણસ છે અને આપણે એવા પૈસા ન જોઇએ તેમ વિચારી હુકમનામાની બજવણી ન કરી અને રકમ વસુલવાનું માંડી વાળ્યું. પરંતુ આ પ્રસંગથી સંસાર પ્રત્યેનો તેનો વૈરાગ્ય ઘણો વધી ગયો. કોર્ટ કચેરી જેવી સંસારની નકામી અધિયારીથી તેને ત્રાસ લાગ્યો. સંસારમાંથી બહાર આવવા માટે સમ્યક્‌ત્વરૂપી બોધિ જ એક માર્ગ છે. તેની પૂરી પ્રતિતિ છે. પણ તે બોધિ પ્રાપ્ત કરવાના ઉપાય સંબંધી મૂંઝવણ રહ્યા કરે છે. બોધિની પ્રાપ્તિનો સચોટ ઉપાય મેળવવા તે ઘીકતો ધંધો પણ છોડી દેવા ઉત્સુક છે પણ ત્યાં વળી એક અવરોધ આવી પડે છે.

પિતાજીનું અવસાન

વડોદરા કોર્ટના ચૂકાદા પછીના ટૂંકા ગાળમાં જ વિ.સં. ૧૯૬૩ (ઇ.સ. ૧૯૦૭) માં પિતાજીનું પણ અવસાન થયું. પિતાજીના અવસાનથી સંસારની ક્ષણભંગુરતા જાણી શીઘ્ર આત્મહિત સાધી લેવાની ભાવના ઉગ્ર બની. પરંતુ પિતાજીના વિયોગથી દુકાનની વધુ જવાબદારી તેમના ઉપર આવી. ધંધો છોડવાની ભાવના હોવા છતાં તેઓ તેને છોડી ન શક્યા. તેથી અંતરમાં સત્‌ની શોધ ચાલુ રાખી દુકાનની જવાબદારી પણ નિભાવી. આ રીતે પાંચ વર્ષ થયા ત્યારે વિ.સં. ૧૯૬૮ (ઇ.સ. ૧૯૧૨)માં બાવીસ વર્ષની વયે મોટાભાઇના ઉપરોકત લગ્નના પ્રસ્તાવે યુવાન કુંવર કહાનના જીવનમાં એકદમ પરિવર્તન આણ્યું.

સંપ્રદાય અનુસારની મુનિદીક્ષા

પ્રભાવશાળી વ્યકિતત્વ, સપ્રમાણ શરીર,

ઉજળો વાન, મોટો વેપાર, ખાનદાન અને ધાર્મિક વૃતિવાળા કુટુંબને કારણે કહાનકુંવર માટે મોટા ભાઇ ખુશાલભાઇ અને ગંગાભાભીને ઘણાં પ્રતિષ્ઠિત અને શ્રીમંત ઘરની કન્યાઓના કહેણ આવતાં. ખુશાલભાઇએ કાનજી હવે પરણાવવા લાયક છે અને મોટા ઘરના માંગા છે તો વાત જતી ન કરવી એમ વિચારીને કાનજી આગળ વેવિશાળની વાત કરી. ત્યારે તેણે જાવજીવ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે અને દીક્ષા લેવાના ભાવ છે એવી વાત જણાવી. ત્યારે મોટાભાઇ તો એકદમ સ્તબ્ધ બની ગયા. તેમણે કાનજીને કહ્યું :

"ભાઇ ! આપણી કુટુંબની ચઢતી હેગરડીને તું મોર નહિ. લગ્ન કરીને ગૃહસ્થજીવનમાં રહીને પણ ધર્મનું કાર્ય થાય."

ત્યારે બોધિદુર્લભભાવનાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડતા કુંવર કહાને કહ્યું.

"મોટાભાઇ ! મારા માટે બે માર્ગ છે. એક સંસારનો અને બીજો મોક્ષનો. એક અસંયમી ગૃહસ્થજીવનનો અને બીજો સંયમી સાધુજીવનનો. ગૃહસ્થજીવન અને તેનો અસંયમ સંસારને વધારનાર છે અને સાધુજીવન અને તેનો સંયમ સંસારને મટાડનાર છે.

વર્તમાન મનુષ્યજીવન અત્યંત દુર્લભ છે. તેમાં આત્મહિતની યોગ્યતા હોવાથી તે મહત્વનું પણ છે. બીજા અસંખ્ય અને અનંત ભવો કરીએ ત્યારે માંડ એકાદ મનુષ્યનો ભવ મળે છે. ગૃહસ્થદશાની સુવિધા અને જોગવાઇ તો દરેક ભવમાં હોય છે અને મનુષ્યના ભવમાં પણછે. પણ સમ્યક્ત્વરૂપ બોધિની જોગવાઇ મનુષ્ય જેવી બીજે ક્યાંય નથી. વળી આવી ગૃહસ્થદશા અનેકવાર પ્રાપ્ત થઇ છે અને બોધિ વિના હજી પણ તે પ્રાપ્ત થતી રહેવાની છે. આ જીવે મોટા રાજા–મહારાજાથી માંડીને અહમિન્દ્ર સુધીની પદવીઓ પણ પ્રાપ્ત કરી છે. બીજું બધું જ પ્રાપ્ત કર્યું છે, પણ સમ્યક્ત્વરૂપ બોધિ પ્રાપ્ત કરી નથી. આ બોધિની સઘળી જોગવાઇ આ જીવનમાં છે. તેથી સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિ વડે આ જીવનને સફળ બનાવવું છે. આ એક જ ભવમાં અનંત ભવભ્રમણનો અભાવ કરવો છે.

ગૃહસ્થજીવનમાં રહીને પણ સમ્યક્ત્વરૂપી બોધિની પ્રાપ્તિ થઇ શકે. ધર્મનું કાર્ય થઇ શકે. પણ નિવૃત જીવનમાં તે વધુ સારી રીતે થઇ શકે તે ચોક્કસ છે.

સંસારના ગૃહસ્થજીવનમાં કોઇ સાર નથી. અત્યાર સુધીનું ગૃહસ્થજીવન મેં જોયુ છે. છપ્પનિયો દુષ્કાળ, દીપચંદભાઇનું અવસાન, પ્લેગનો રોગચાળો અને માતાનું મરણ વગેરે નજરે નિહાળ્યું છે. માતાના મરણથી વૈરાગ્ય પામી સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્તિ માટે ધાર્મિક અભ્યાસમાં વધુ ધ્યાન આપી શકાય તે માટે નિશાળનો અભ્યાસ છોડ્યો. પણ વેપારમાં ફસાયો. વેપારમાં પોલીસે કરેલા ખોટા કેઇથી સાત મહિનાની હેરાનગતિ અને ખર્ચ થયો. કેઇસનો નિકાલ આવ્યો ત્યાં પિતાજીનું પણ અવસાન થયું. આમ ગૃહસ્થજીવનમાં એક સમસ્યા કે મુશ્કેલીને મટાડીએ ત્યાં બીજી આવીને ઊભી જ રહે છે. તેથી ધર્મકાર્યમાં પૂરતું ધ્યાન આપી શકાતું નથી. આમ ને આમ બાવીસ વર્ષ પૂરા થઇ ગયા અને જીવન પુરુ થતાં કોઇ વાર લાગતી નથી અને જીવનનું મુખ્ય કાર્ય એવી બોધિની પ્રાપ્તિ તો બાકી જ રહી જાય છે.

મોટાભાઇ ! તમે મને વિવાહ માટે જરાય દબાણ ન કરો. અને મને વેપારમાંથી પણ નિવૃત કરો. આત્મહિતની બોધિ માટે નિવૃત જીવન અને સંયમદશા અંગીકાર કરવાની મને અનુમતિ આપો.''

કાનજીનો દઢ નિશ્ચય જાણી ખુશાલભાઇ ઢીલા પડી ગયા. કાનજી ખરેખર કોઇ મહાપુરુષનો જ અવતાર છે. તેના આત્મહિતમાં આપણે અડચણ ન કરાય, તેમ વિચારી મોટાભાઇ ખુશાલભાઇએ કાનજીને જે રુચે તે કરવાની રજા આપી અને સમ્યક્‌ત્વરૂપ બોધિની શીઘ્ર પ્રાપ્તિ થાય તેવી શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા.

મોટાભાઇની અનુમતિ અને આશીર્વાદથી પ્રોત્સાહિત થઇ કાનજીએ નિવૃત જીવન અને સંયમની સાધના માટે હીરાચંદજી મહારાજ પાસે સ્થાનકવાસી સંપ્રદાય અનુસારની મુનિદીક્ષા ગ્રહણ કરી.

બોધિમાર્ગ પ્રકાશક કહાન ગુરુદેવ

પહેલેથી જ સત્ય શોધક અને વિચારક કાનજી મહારાજે સંપ્રદાયના સઘળાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. પણ તેમાં તેને આત્મહિતની સમ્યક્‌ત્વરૂપ બોધિની પ્રાપ્તિનો ઉપાય હાથ આવતો નહોતો. તેવામાં કોઇ ધન્યપળે અપ્રતિબુદ્ધ અજ્ઞાનીને સમ્યક્‌ત્વરૂપ બોધિની પ્રાપ્તિ કરાવવાનો ઉપાય સમજાવતો કુંદકુંદાચાર્યકૃત ગ્રંથાધિરાજ સમયસાર તેમના કરકમળમાં આવ્યો. તેનો તેમણે વારંવાર અભ્યાસ કર્યો. તેઓ જેની શોધમાં હતા તે પરમાર્થ સત્ય તેમને મળી ગયું. સમયસારમાં મહારાજશ્રીના અંતરનયને અમૃતના સરોવર છલકાતાં જોયા. એક પછી એક ગાથા વાંચતા તેમણે તે અમૃત ઘૂંટડા ભરી ભરીને પીધું. સમયસારે મહારાજશ્રી ઉપર અપૂર્વ, અનુપમ અને અલૌકિક ઉપકાર કર્યો. તેમના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર તરફ પાછી વળી. ઉપયોગનો પ્રવાહ સુધાસિંધુ જ્ઞાયકદેવ તરફ વળ્યો અને તેમને સમ્યક્‌ત્વરૂપ બોધિની પ્રાપ્તિ થઇ.

બોધિદુર્લભભાવનાના આકરા અભ્યાસ અને સઘન ચિંતવનના પરિણામે સમ્યક્‌ત્વરૂપ બોધિની પ્રાપ્તિ બાદ કાનજી મહારાજે ત્યાર પછી સાંપ્રદાયિક પરિવર્તન કરી પોતાને કુંદકુંદામ્નાયના દિગંબર જૈન શ્રાવક તરીકે ઘોષિત કર્યા. તેઓ જ પાછળથી આપણા અનંત ઉપકારી તારણહાર પરમ પૂજ્ય કહાન ગુરુદેવ તરીકે ઓળખાયા. પરિવર્તન પછીના સોનગઢના ૪૫ વર્ષના નિવાસ દરમ્યાન તેમણે સમ્યક્‌ત્વરૂપ બોધિનું જ ચિંતવન કર્યું. અને પોતાના ધર્મોપદેશ દ્વારા બોધિનો જ પ્રકાશ કરી તેમણે કુંદકુંદાચાર્યદેવનું તીર્થ પ્રવર્તાવ્યું. કાળદોષથી ક્રિયાકાંડમાં અને સ્વચ્છંદતામાં અટવાઇ પડેલ જૈનદર્શનને તેના મૂળ સમ્યક્‌ત્વરૂપ બોધિના માર્ગ ઉપર પુનઃ પ્રસ્થાપિત કરી મોક્ષમાર્ગને પ્રશસ્ત કર્યો. આ રીતે વર્તમાનકાળમાં આધ્યાત્મિક ક્રાંતિ દ્વારા અધ્યાત્મયુગસ્રષ્ટા બનેલા કહાન ગુરુદેવ આ પછીના ચોથા ભવે સૂર્યકીર્તિ નામના તીર્થંકર થઇને શિવરમણીને વરશે. તેઓની આ શિવરમણી વરવા માટેની જાનમાં અસંખ્ય ભવ્ય મુમુક્ષુઓ પણ જોડાઇને તેઓ પણ તેમની સાથે શિવપુરી પહોંચશે.

બોધિદુર્લભભાવનાના બળે (ધન પ્રાપ્તિ વડે લૌકિક રમણીને વરવાને બદલે)**બોધિ પ્રાપ્તિ વડે શિવરમણીને વરવા માટેની જાન જોડનાર બોધિમાર્ગ પ્રકાશક કહાન ગુરુદેવને કોટિ કોટિ પ્રણામ !**

ટિપ્પણ

૧. કાતકાલીય ન્યાય કાગનું તાડ પર બેસવું અને અકસ્માત તાડફળનું પડવું થાય એવો ન્યાય; અણધારી કે ઓચિંતી પ્રાપ્તિ થવી.
૨. કુટુંબની ચઢતી દેગરડીને તું મોર નહિ કુંટુંબની ઉન્નતિ કે આબાદીમાં અવરોધ ન કર.

સંદર્ભગ્રંથો

બોધિદુર્લભભાવના ૧. બારસઅણુવેક્ખ્યાનુપ્રેક્ષા : ગાથા ૮૩ થી ૮૬; ● ૨. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૨૮૪ થી ૩૧૦; ● 3. ભગવતી આરાધના : ગાથા ૧૮૬૦ થી ૧૮૭૭; ● ૪. જ્ઞાનર્ણવ : સર્ગર : શ્લોક ૧૮૧ થી ૧૯૩; સર્ગ૩, શ્લોક૨; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૫૭ થી ૭૬૪; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાયઙ : ગાથા ૪૧; ● ૭. તત્ત્વાર્થરાજવાર્ત્તિક : ૬ /૭, ૯/૬૦૩/૧૨; ● ૮. સર્વાર્થસિદ્ધિ : ૬/૭/૪૧૯; ● ૯. સમણસુત્તં: ગાથા ૫૨૬,૫૨૭, ૫૨૮; ● ૧૦. પદ્મનંદી પંચવિંશતિ : અધ્યાય : ૬, શ્લોક ૫૫; ● ૧૧. અનગાર ધર્મામૃત : અધ્યાય : ૬, ગાથા ૭૮, ૭૯; ● ૧૨. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ ની ટીકા; ● ૧૩. ચારિત્રસાર : ૨૦૧ /૩ ● ૧૪. જૈ.સિ.કોશઃ ભાગ-૧ : અનુપ્રેક્ષા : ૧/૪, પાનુ-૮૦

બોધિનું મહત્વ ● ૧. મોક્ષપાહુડ૬૬ : ગાથા ૮૬ થી ૮૯, ૯૬; ● ૨. ભાવપાહુડ : ૧૪૪ થી ૧૪૭; ● 3. ભગવતી આરાધના : ગાથા ૮૩૫; ● ૪. રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા 3૪; ● ૫. જ્ઞાનવૈભવ : પાનુ ૪૮; ● ૬. શ્રીમદ્રાજચંદ્ર : વ્યાખ્યાનસાર : ૧/૬૭, પાનું : ૪૭૪;

બોધિ સુધીની ઉત્તરોત્તર દુર્લભ બાબતો ● ૧. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૬૬ થી ૭૩, ૧૫૩, ૧૫૪, ૨૯૧ થી ૨૯૪; ● ૨. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા 3૫ની ટીકા; ● 3. પરમાત્મપ્રકાશ : અધ્યાય-૧, ગાથા ૯ ની ટીકા; ● ૪. તિલોયપણ્ણતિ : ભાગ-૧ : અધિકાર-૪; ગાથા 3૮૬; ● ૫. આદિપુરાણ : પર્વ-3૧, શ્લોક ૧૪૨; ● ૬. બહેનશ્રીનાં વચનામૃત : નં.૨૧૦.

દુર્લભ બોધિ મેળવવા માટે મનુષ્યજીવનની મહત્તા ● ૧. જ્ઞાનાર્ણવ : અધ્યાય-3, શ્લોક-૨, પાનુ-૪૬; ● ૨. લબ્ધિસાર : ગાથા ૬,૧૧૦ અને તેની ટીકા; ● 3. ષટ્ખંડાગમ : ૬/૧, ૯-૮/ સૂત્ર ૧૨/૨૪૭; ● ૪. કષાયપાહુડ સુત્તં : ૧૧/ગાથા ૧૧૦-૧૧/૬3૯; ● ૫. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૬૪૪; ● ૬. ભગવતી આરાધના : ગાથા ૭૮૦ની વિજ્જોદય ટીકા; ● ૭. તિલોયપણ્ણતિ : ભાગ-૧: અધિકાર-૪: ગાથા ૨૯3૬, ૨૯3૭; ● ૮. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર-૭ : પાનુ-૮૪; ● ૯. જયધવલા : ભાગ-૧ની પ્રસ્તાવના, પાનુ ૮૪; ● ૧૦. શ્રીમદરાજચંદ્ર : વર્ષ-૨3૯ પત્રાંક-૧૦૨; ● ૧૧. જે.સિ.કોશ : ભાગ-3; ભૂમિ : પાનુ ૨3૬,

બોધિ પ્રાપ્તિનો ઉપાય ૧. સંસારમાં સુખ બુદ્ધિનો અભાવ ● ૧. પ્રવચનસાર : ગાથા ૧3, ૧૯, ૬૨ થી ૬૭૯ ૭૬; ● ૨. સમયસાર : પરિશિષ્ટ : પાંચમી સુખશક્તિ; ● 3. આત્માનુશાસન : ગાથા ૪૬, ૧૬૭, ૧૮૭; ● ૪. પાહુડદોહા : શ્લોક નં.૧૧; ● ૫. ઈષ્ટોપદેશ : ગાથા : ૧૭; ● ૬. શ્રીમદ્રાજચંદ્ર : પત્રાંક ૨૫૪; ● ૭. ગુરુદેવશ્રીનાં વચનામૃત : નં.૧૭, ૨૮૬. **૨. ગૃહિત મિથ્યાત્વનો અભાવ**

● ૧. તત્ત્વાર્થસૂત્ર : અધ્યાય-૮, સૂત્ર-૧ અને તેની ટીકા; ● ૨. પં.ભાગચંદજી છાજડકૃત સત્તારૂપ : પ્રકરણ-૧; ● 3. ગુરુદેવરીનાં વચનામૃત : નં.૨૭૪. **3. પાત્રના** ● ૧. પંચાદ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૭૨3 થી ૭૨૬; ● ૨. પુરુષાર્થસિદ્ધિ ઉપાય : ગાથા ૭૪; ● 3. મોક્ષમાર્ગ પ્રકાશક : અધ્યાય-૯, પાનુ-3૧૫; ● ૪. ગુરુદેવશ્રીનાં વચનામૃત : નં.૧૨૭, ૨૭૫, ૨૭૬; ● ૫. બહેનશ્રીનાં વચનામૃત : નં.3૬, ૪૨, ૧3૮, ૧૪૪, ૨૧૫, 3૮૬, 3૯૬. **૪. અગૃહિત મિથ્યાત્વનો અભાવ** ● ૧. પ્રવચનસાર : ગાથા : ૮૫, ૮૬, ૨3૨ થી ૨3૬ બને તેની ટીકા; ● ૨. મોક્ષપાહુડ : ગાથા : ૧૫; ● 3. સમયસાર : ગાથા : ૧૪૪ અને તેની ટીકા; ● ૪. પંચાદ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા : ૧03૪, ૧03૫; ● ૫. ગુરુદેવશ્રીનાં વચનામૃત : નં.૨૭૫, ૨૭૬. **૫. સ્વ-પરનું ભેદજ્ઞાન** ● ૧. પ્રવચનસાર : ગાથા ૧0૬, ૧૯૨, ૨3૨ અને તેની ટીકા; ● ૨. પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૪૫ અને તેની ટીકા; ● 3. સમયસાર : ગાથા ૧૪, ૧૫, 3૮, ૭3, ૧૮૬ આત્મખ્યાતિ શ્લોક નં.૧૮૨; ● ૪. પંચાદ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૧૫૭ થી ૧૭3; ● ૫. બહેનશ્રીનાં વચનામૃત : નં.૫૮, ૫૯, ૧૯૭, ૨૮૫, 3૮૯, ૪0૪, ૪૨૯.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. ખોદિમાં કોનો સમાવેશ છે? ૦૧. ☐
A:: સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગ B:: સમ્યગ્દર્શન
C:: સમ્યગ્જ્ઞાન D:: સમ્યક્ચારિત્ર

૦૨. સમગ્ર સંસાર અને તેનાં દુઃખોનું એક માત્ર કારણ શું? ૦૨. ☐
A:: સત્તા-સંપત્તિનો અભાવ B:: રાગ-દ્વેષનો સદ્ભાવ
C:: બોધિનો અભાવ D:: કર્મનો અભાવ

૦૩. સંસારી અજ્ઞાની જીવનું કાયમી નિવાસ સ્થાન કયું? ૦૩. ☐
A:: નરક B:: નિગોદ C:: નિજ વતન D:: લોકાગ્ર સિદ્ધશિલા

૦૪. કેટલા કાળમાં મનુષ્યનો એકાદ ભવ પ્રાપ્ત થાય છે? ૦૪. ☐
A:: અંતર્મુહૂર્તમાં B:: બે હજાર સાગરમાં
C:: અસંખ્યાત કલ્પકાળમાં D:: એક પુદ્ગ પરાવર્તનમાં

૦૫. અનાદિકાળથી આજ સુધીમાં અજ્ઞાની જીવે શું પ્રાપ્ત કર્યું નથી? ૦૫. ☐
A:: વિદ્યાધરની વિભૂતિ B:: અહમિન્દ્રની અવસ્થા
C:: સમ્યક્ત્વરૂપ બોધિ D:: દ્રવ્યલિંગી મુનિદશા

૦૬. સુખનું મૂળ કારણ શું? ૦૬. ☐
A:: સંપત્તિ B:: શુભભાવ C:: બોધિ D:: સંતોષ

૦૭. ક્યાં કર્મનો ઉદિત્ય જીવનાં દુઃખનું કારણ છે? ૦૭. ☐
A:: ઘાતિ કર્મ B:: અઘાતિ કર્મ C:: બધાં કર્મ D:: કોઈ નહિ

૦૮. સ્વાધીન શું છે? ૦૮. ☐
A:: બોધિ B:: શરીર C:: કર્મનું બંધન D:: રાગ

૦૯. ગુરુની દેશનાને ગ્રહણ કરવા અને તેને અનુસરવા માટે શેની જરૂર હોય છે? ૦૯. ☐
A:: ગુરુની સેવા ચાકરીની B:: અગૃહિત મિથ્યાત્વના અભાવની
C:: પાત્રતાની D:: સદાચારની

૧૦. શેની પ્રાપ્તિમાં મનુષ્યજીવનની સફળતા છે? ૧૦. ☐
A:: બોધિ B:: સંયમ C:: ખિતાબ D:: પૈસા

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં જવાબ આપો.

૦૧. બોધિ એટલે શું?
૦૨. બોધિદુર્લભભાવના કોને કહે છે?
૦૩. સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગ કોને કહે છે?
૦૪. સ્થાવર જીવ કોને કહે છે?
૦૫. સ્થાવર અવસ્થામાં જીવ કેટલો કાળ રહે છે?
૦૬. ત્રસ પર્યાયમાં જીવ વધુમાં વધુ કેટલો કાળ રહે છે?
૦૭. અન્યગતિના કેટલા ભવો પછી મનુષ્યગતિનો એક ભવ મળે છે?
૦૮. મનુષ્યભવમાં બોધિને સાનુકૂળ હોય એવા ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ અને દુર્લભ દશ સંયોગોના નામ આપો.
૦૯. મોક્ષ પ્રાપ્ત કરનારા જીવ કેટલા સમયમાં કેટલા હોય છે?
૧૦. બોધિની પ્રાપ્તિ માટે જરૂરી ક્રમિક ઉપાયોના નામ આપો.
૧૧. સંસારમાં સુખબુદ્ધિનો અભાવ એટલે શું?
૧૨. દુઃખ અને સુખનું લક્ષણ શું છે?
૧૩. આકુળતા અને નિરાકુળતા એટલે શું?
૧૪. દુઃખનું અને સુખનું મૂળ કારણ શું?
૧૫. પુણ્યના ઉદયમાં સુખ ભાસવાનું કારણ શું?
૧૬. શેના વિના બોધિની પ્રાપ્તિ થતી નથી?
૧૭. મિથ્યાત્વ કોને કહે છે?
૧૮. ગૃહિત મિથ્યાત્વ કોને કહે છે?
૧૯. સૌ પ્રથમ કયું મિથ્યાત્વ ટળે છે?
૨૦. પાત્રતા કોને કહે છે?
૨૧. મુખ્ય પાત્રતા કઈ?
૨૨. ગૌણ પાત્રતા કઈ?
૨૩. અગૃહિત મિથ્યાત્વ કોને કહે છે?
૨૪. અગૃહિત મિથ્યાત્વના મુખ્ય પ્રકારના નામ આપો.
૨૫. ભેદજ્ઞાનને યોગ્ય ઉપયોગની સૂક્ષ્મતા શી રીતે થાય?
૨૬. સ્વ-પરનું ભેદજ્ઞાન કોને કહે છે?
૨૭. ભેદજ્ઞાનના ફળમાં શેની પ્રાપ્તિ થાય છે?
૨૮. ભેદજ્ઞાન માટે કોનો અભ્યાસ કાર્યકારી છે?
૨૯. બોધિદુર્લભભાવનાની ચિંતવન પ્રક્રિયામાં કઈ બાબતની વિચારણા હોય છે?
૩૦. શા માટે બોધિની દુર્લભતા છે?
૩૧. ક્યો મનુષ્ય આદરને પાત્ર અને ક્યો ધિક્કારને પાત્ર છે?
૩૨. બોધિદુર્લભભાવનાના ચિંતવનનું સાધન કે કારણ શું બની શકે?
૩૩. બોધિદુર્લભભાવનાના ચિંતવનનું કેન્દ્રબિંદુ શું છે?
૩૪. બોધિના આધારે શેની પ્રગટતા છે?
૩૫. બોધિ કે બોધિની ભાવના સહિતના શુભભાવો કેવા હોય છે?
૩૬. બોધિ કે બોધિની ભાવના વિનાના શુભભાવો કેવા હોય છે?
૩૭. બોધિદુર્લભભાવનાના વિશેષ પ્રકારના બે ફળના નામ આપો.
૩૮. કયા ન્યાય અનુસાર પોતાને મનુષ્યનો જન્મ પ્રાપ્ત થયેલો છે?
૩૯. મનુષ્ય જન્મને કઈ રીતે સફળ કરવું જોઈએ?
૪૦. મનુષ્ય જન્મ સિવાય અન્ય જન્મમાં શું નથી?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૦૧. બોધિદુર્લભભાવનાની વ્યાખ્યા અને તેની સમજૂતી આપો.
૦૨. બોધિમાં સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગનો સમાવેશ કઈ રીતે છે?
૦૩. બોધિનું મહત્વ સમજાવો.
૦૪. બોધિ સુધીની ઉત્તરોત્તર દર્લભ બાબતો સમજાવો.
૦૫. કઈ રીતે બોધિની દર્લભતા છે?
૦૬. દુર્લભ બોધિ માટે મનુષ્યજીવનની મહત્તા સમજાવો.
૦૭. બોધિપ્રાપ્તિના ઉપાય માટે સંસારમાં સુખબુદ્ધિના અભાવનું મહત્વ સમજાવો.
૦૮. બોધિદર્લભભાવનાના અભ્યાસથી સંસારમાંથી સુખબુદ્ધિ કઈ રીતે ટળે છે? એ સમજાવો.
૦૯. સત્દેવ અને કુદેવનું સ્વરૂપ જણાવો.
૧૦. સદ્ગુરુ અને કુગુરુનું સ્વરૂપ જણાવો.
૧૧. સત્શાસ્ત્ર અને કુશાસ્ત્રનું સ્વરૂપ જણાવો.
૧૨. સત્દેવ-ગુરુ-શાસ્ત્રને માનનારો પણ ગૃહિત મિથ્યાત્વી કઈ રીતે હોય છે?
૧૩. બોધિદુર્લભભાવનાના અભ્યાસથી ગૃહિત મિથ્યાત્વનો અભાવ કઈ રીતે થાય છે?
૧૪. બોધિની પ્રાપ્તિ માટે ગૃહિત મિથ્યાત્વના અભાવનું મહત્વ સમજાવો.
૧૫. બોધિની પ્રાપ્તિ માટે અગૃહિત મિથ્યાત્વના અભાવનું મહત્વ અને તેનો ઉપાય સમજાવો.
૧૬. બોધિદુર્લભભાવનાની ચિંતવન પ્રક્રિયા સમજાવો.
૧૭. બોધિદર્લભભાવનાના ચિંતવનનું સાધન કે કારણ સમજાવો.
૧૮. બોધિદુર્લભભાવના કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે?
૧૯. બોધિદુર્લભભાવના કઈ રીતે વૈરાગ્યનું કારણ છે?
૨૦. બોધિદુર્લભભાવનાના ફળમાં દુર્લભ બોધિ માટે મનુષ્યજીવનથી મહત્તા કઈ રીતે સમજાય છે?
૨૧. બોધિદુર્લભભાવના બોધિની પ્રાપ્તિનો ઉપાય બતાવનાર કઈ રીતે છે?
૨૨. આચાર્ય શુભચંદ્ર અનુસાર મનુષ્ય જન્મને સાર્થક કરવાનો ઉપદેશ શો છે?

ભાવના

૧૨

ધર્મભાવના

कल्पवृक्ष और चिन्तामिण संकल्पित चिन्तित फल देते ।
किन्तु धर्म से बिन संकल्प बिना चिन्तन ही फल होते ।।

ભાવાર્થ : કલ્પવૃક્ષ પાસે સંકલ્પિત અમુક પ્રકારનું ફળ મળે છે. ચિંતામણિ પાસે ચિંતવવાથી અમુક ફળ મળે છે. પરંતુ ધર્મભાવના વડે ધર્મની આરાધના કરવાથી કોઈ પણ પ્રકારની સંકલ્પના કે ચિંતવના વિના સહેજે જ સઘળાં પ્રકારનું ફળ મળે છે. (આત્માનુશાસન : ગાથા ૨૨ નો પં.અભયકુમારકૃત હિન્દિ પધાનુવાદ)



❖ રૂપરેખા ❖

૧. વ્યાખ્યા અને તેની સમજૂતી
૨. વીતરાગતારૂપ ધર્મનું અનેક પ્રકારે નિરૂપણ
  ૧. વસ્તુનો સ્વભાવ તે ધર્મ
  ૨. ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણ તે ધર્મ
  ૩. રત્નત્રય તે ધર્મ
  ૪. જીવદયા તે ધર્મ
  ૫. અહિંસા તે ધર્મ
  ૬. ઈષ્ટસ્થાનને પ્રાપ્ત કરાવે તે ધર્મ
૩. ધર્મ શું છે અને શું નથી ?
૪. ધર્મની પ્રાપ્તિ કઈ રીતે છે અને કઈ રીતે નથી ?
૫. બોધિદુર્લભભાવના અને ધર્મભાવના વચ્ચેનો ભેદ
૬. ધર્મનો મહિમા
૭. ધર્મની રક્ષા કરનારની રક્ષા ધર્મ કરે છે.
૮. ધર્મભાવનાની ચિંતવન પ્રક્રિયા
૯. ધર્મભાવનાનું સાધન કે કારણ
૧૦. કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?
૧૧. કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?
૧૨ પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ
  ૧. ધર્મનું સાચું સ્વરૂપ સમજાવે
  ૨. વીતરાગતાની ભાવના કરાવે
૧૩. ઉપસંહાર
૧૪. ધર્મભાવનાની કથા : સીતાની અગ્નિપરીક્ષા

આચાર્ય પદ્મનંદિકૃત ધર્મોપદેશામૃતનું સારભૂત કથન

ધર્મભાવના દ્વારા ધર્મની રક્ષા કરનારની રક્ષા ધર્મ દ્વારા થાય છે.

(शार्दूलविक्रीडित)

धर्मो रक्षति रक्षितो ननु हतो, हन्ति ध्रुवं देहिना
हन्तव्यो न ततः स अेव शरणं, संसारिणा सर्वथा ।
धर्म : प्रापयतीह तत्पदमपि, ध्यायन्ति यद्योगिनो
नो धर्मात्सुहृदस्ति नैव च सुखी, नो पण्डितो धार्मिकात् ।।

ભાવાર્થ : જે પ્રાણી ધર્મભાવનાના ચિંતવન દ્વારા ધર્મને ધારણ કરી તેની રક્ષા કરે છે, તો તે ધર્મ પણ ધર્માત્મા પ્રાણીને નરકાદિ દુર્ગતિમાં જતા બચાવીને તેની રક્ષા કરે છે. એનાથી વિપરીત ધર્મભાવનાના ચિંતવન દ્વારા ધર્મધારણની યોગ્યતા હોવા છતાં જે પ્રાણી ધર્મનો અનાદર કરી તેનો ઘાત કરે છે, તો તેના પરિણામે ધર્મહીન પ્રાણીનો પણ ઘાત થાય છે. એટલે કે તેનું નરકાદિ દુર્ગતિમાં ગમન થાય છે, ત્યારે ધર્મ તેની કોઈપણ પ્રકારે રક્ષા કરતો નથી. તેથી ધર્મનો ઘાત થાય તેવું કૃત્ય કયારેક્ય કરવું જોઈએ નહિ.



સંસારી પ્રાણીઓને સર્વથા શરણરૂપ ધર્મ જ છે. જેની પ્રાપ્તિ માટે યોગીઓ નિરંતર ધ્યાનરત રહે છે તેવા મોક્ષપદની પ્રાપ્તિ પણ ધર્મ જ કરાવે છે. આ જગતમાં ધર્મભાવના દ્વારા ધર્મને ધારણ કરનાર ધાર્મિક પુરુષ સિવાય અન્ય કોઇ સુખી કે પંડિત હોઇ શકે નહિ. તેથી ધર્મભાવના સિવાય આ જીવનો કોઇ મિત્ર કે હિતેચ્છુ નથી.

(પદ્મનંદિપંચવિંશતિ : અધ્યાય ૧, ધર્મોપદેશામૃત, શ્લોક ૧૮૨)

ભાવના ૧૨.

ધર્મ ભાવના

પોતાના મૂળભૂત ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વભાવને ધારણ કરવો. પ્રગટ કરવો તેનું નામ ધર્મ છે. આ ધર્મનું સ્વરૂપ, તેનો મહિમા અને તેના ઉપાદેયપણા વિષે વારંવાર વિચારણા થવી તે ધર્મભાવના છે.

धृ धारयति इति धर्मः ।

એ વ્યુત્પતિ અનુસાર સંસ્કૃત ધાતુ **धृ** કે જેનો અર્થ ધારણ કરવો કે પ્રગટ કરવો છે તેના ઉપરથી ધર્મ શબ્દ છે. આત્માનો મૂળભૂત અખંડ અભેદ એકરૂપ ત્રિકાળ ધ્રુવ સામાન્ય શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે. આ સ્વભાવને ધારણ કરવો એટલે કે તેને પ્રગટ કરવો તે આત્માનો **ધર્મ** છે.

ધર્મને અંગ્રેજીમાં Religion કહે છે. Religion એ મૂળ લેટીન ભાષાનો શબ્દ Re-ligar પરથી આવેલ છે. Re એટલે પાછું ફરવું અને ligarનો અર્થ પોતાનો મૂળ સ્વભાવ છે. તેથી Re-ligar એટલે કે Religionનો અર્થ પોતાના મૂળ સ્વભાવ તરફ પાછા વળી તે સ્વભાવને ધારણ કરવો એટલે કે પ્રગટ કરવો તે છે.

(The word RELIGION is derived from the latin word Re-ligar. Re Means BACK and ligar means the ORIGION. Together it means that which binds one to back to the origion)

વસ્તુનો મૂળ સ્વભાવ હંમેશા ત્રિકાળ ધ્રુવ એટલે કે અનાદિ-અનંત એકરૂપ જ હોય છે. જ્યાં કાયમી એકરૂપતા હોય ત્યાં શુદ્ધતા જ હોય છે. કેમ કે, શુદ્ધતામાં જ એકરૂપતા સંભવે છે. અશુદ્ધતા અનેકપણે હોવાથી અશુદ્ધતામાં અનેકરૂપતા જ હોય છે. પરંતુ વસ્તુનો સ્વભાવ એકરૂપ હોવાથી તે શુદ્ધ જ હોય છે. વળી અશુદ્ધતા ગમતી નથી, અશુદ્ધતા કાયમ એકસરખી ટકતી પણ નથી, માટે અશુદ્ધતા પોતાનો સ્વભાવ હોય શકે નહિ. જે વસ્તુ પોતાના સ્વભાવથી જ અશુદ્ધ હોય તો વસ્તુનું વસ્તુપણું જ બનતું નથી. તેથી પોતાનો આત્મા પોતાના ત્રિકાળ ધ્રુવ મૂળભૂત દ્રવ્યસ્વભાવથી શુદ્ધ જ જાણવો. પોતાના મૂળ સ્વભાવ જેવી શુદ્ધતા પોતાની પલટતી પર્યાયમાં પણ પ્રગટ થવી તે પોતાનો ધર્મ છે. પોતાના આત્માની શુદ્ધ પર્યાય કે પરિણતિને વીતરાગતા કહે છે. તેથી રાગ-દ્વેષ-મોહ વિનાની વીતરાગી અવસ્થા એ જ પોતાના આત્માનો ધર્મ છે.

વીતરાગતારૂપ ધર્મને ૧. ચારિત્ર, ૨. સામ્ય, ૩. મોહક્ષોભ વિનાના નિજ પરિણામ જેવા અનેક નામોએ ઓળખી શકાય છે. તે બધાંય વીતરાગતાના જ સમાનાર્થી છે.

૧. પોતના શુદ્ધ સ્વભાવમાં સ્થિરતારૂપ ચારિત્રના પરિણામ એ પોતાના વીતરાગભાવ જ હોવાથી વીતરાગતારૂપ ધર્મ એ જ **ચારિત્ર** છે.

૨. વીતરાગતારૂપ ધર્મમાં કોઇના પ્રત્યે રાગ-દ્વેષ કે પક્ષપાત વિનાનો એક સમાન ભાવ રહેવાથી તેને **સામ્ય** તરીકે પણ ઓળખી શકાય છે.

૩. વીતરાગભાવરૂપ ધર્મમાં મોહ-ક્ષોભનો અભાવ હોવાથી તેને **મોહક્ષોભ વિનાના નિજ પરિણામ** કહી શકાય છે.

વીતરાગતારૂપ ધર્મનું અનેક પ્રકારે નિરૂપણ

વીતરાગતા એ જ ધર્મ છે. જૈનધર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ વીતરાગતામાં સમાય જાય છે. આ વીતરાગતારૂપ ધર્મને

અન્ય અનેક પ્રકારે દર્શાવવામાં આવે છે. તોપણ તે દરેકનો ભાવ કે આશય એક માત્ર વીતરાગતા જ હોય છે. વીતરાગતારૂપ ધર્મનું અનેક પ્રકારે નિરૂપણ છે તેમાં મુખ્ય નીચે મુજબ છે.

૧. વસ્તુનો સ્વભાવ તે ધર્મ
૨. ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણ તે ધર્મ
૩. રત્નત્રય તે ધર્મ
૪. જીવદયા તે ધર્મ
૫. અહિંસા તે ધર્મ
૬. ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવે તે ધર્મ

૧. વસ્તુનો સ્વભાવ તે ધર્મ

જે કોઈ વસ્તુનો જે મૂળભૂત સ્વભાવ હોય તે સ્વભાવને ધારણ કરવો એટલે કે પ્રગટ કરવો તે ધર્મ છે.

वस्तुस्वभावत्वात् धर्मः।
शुद्ध चैतन्य प्रकाशनम् इति अर्थः।
અર્થ :વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આત્મવસ્તુના મૂળભૂત સ્વભાવ શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ કરવો એટલે કે શુદ્ધ ચૈતન્યસ્વભાવને પ્રગટ કરવો તે તેનો અર્થ છે.
(પ્રવચનસાર : ગાથા ૭ ની જયસેનાચાર્યકૃત ટીકામાંથી)

ઉપરોક્ત કથન અનુસાર વસ્તુનો જે મૂળભૂત સ્વભાવ હોય તે સ્વભાવનો પ્રકાશ કરવો એટલે કે તેને પોતાની પલટતી પરિણતિમાં પણ પ્રગટ કરવો તે ધર્મ છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવી આત્મવસ્તુનું આચરણ પણ તે શુદ્ધ ચૈતન્યસ્વભાવ એટલે કે વીતરાગતારૂપ હોય તે આત્માનો ધર્મ છે. સાકરનો સ્વભાવ ગળપણ છે. સાકર પોતાના સ્વભાવ અનુસાર ગળપણરૂપે પ્રગટ થાય તો તે સાકરનો ધર્મ છે. પણ તે જ સાકર કાળીજીરીના સંગે કડવી થાય તો તે તેનો ધર્મ નથી. વેપારનું સ્વરૂપ નીતિ અને પ્રમાણિકતાવાળું હોય છે. કોઇ વેપારી નીતિ અને પ્રમાણિકતાથી વેપાર કરે તો તે તેનો વેપારીનો ધર્મ છે પણ જો તે વેપારમાં અનીતિ કે અપ્રમાણિકતા દાખવે તો તે તેનો ધર્મ નથી. તેમ આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એટલે કે જ્ઞાતા-દ્રષ્ટારૂપ વીતરાગભાવ છે. જે આત્મા વીતરાગભાવે પરપદાર્થનો જ્ઞાતા-દ્રષ્ટા રહે તો તે તેનો ધર્મ છે પણ તેના બદલે રાગભાવે પરપદાર્થનો કર્તા-ભોક્તા બને તો તે આત્માનો ધર્મ નથી.

આત્માનો મૂળભૂત સ્વભાવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વીતરાગતા છે. આ વીતરાગસ્વભાવનો પ્રકાશ કરવો એટલે કે તેને ધારણ કરવો કે પ્રગટ કરવો તે જ વસ્તુના સ્વભાવરૂપ ધર્મ છે. આ રીતે વસ્તુનો સ્વભાવરૂપ ધર્મ એ જ વીતરાગતારૂપ ધર્મ છે. તેથી એ *"**વસ્તુનો સ્વભાવ તે ધર્મ**"* વીતરાગતારૂપ ધર્મનું જ અન્ય પ્રકારે નિરૂપણ છે.

૨. ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણ તે ધર્મ

ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ પ્રકારના શુભભાવને ધર્મના દશ લક્ષણ કે દશલક્ષણી ધર્મ કહે છે.

दशलशणयुतः सोऽयं जिनैः धर्मः प्रकीर्तितः ।
અર્થ : જિનેન્દ્ર ભગવાને ધર્મને ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણ યુકત કહ્યો છે.
(જ્ઞાનાર્ણવ : સર્ગ૨ : દ્વાદશ ભાવના : ૧૨, ધર્મભાવના - શ્લોક ૨)

ઉપરોક્ત કથન અનુસાર ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણ તે ધર્મ છે, તેમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. અહીં દરેક ધર્મની આગળ ઉત્તમ વિશેષણ છે તે સમ્યગ્દર્શનનું સૂચક છે. કોઇ ખ્યાતિ, લાભ, પૂજાદિક જેવા દેખીતા પ્રયોજનથી ક્ષમા ધારણ કરે તે ઉત્તમ ક્ષમા કહી શકાય નહિ. પરંતુ સમ્યગ્દર્શનના ધારક સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માને પોતાની ભૂમિકા અનુસારની વીતરાગતાપૂર્વક જે સહજપણે ક્ષમાદિના શુભભાવ હોય તે ઉત્તમ ધર્મ કહેવાય. અહીં ક્ષમાદિના શુભભાવ તે વ્યવહારથી ધર્મ છે અને તેની સાથે સંબંધિત વીતરાગભાવ તે નિશ્ચય ધર્મ છે.

ઉત્તમ ક્ષમાદિ દશ પ્રકારના શુભભાવ એ વીતરાગતા સાથે સંબંધિત એવા વીતરાગતાના જ લક્ષણ કે ચિહ્નન છે. તેથી **'ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણરૂપ ધર્મ'** એ પણ વીતરાગતારૂપ ધર્મનું જ એક પ્રકારનું નિરૂપણ જાણવું.

૩. રત્નત્રય તે ધર્મ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને રત્નત્રય કહે છે. આ રત્નત્રય તે ધર્મ છે.

सद्दृष्टिज्ञानवृतानि धर्मं धर्मेश्वरा विदुः।

અર્થ : ધર્મના પ્રતિપાદક તીર્થંકરદેવ **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને ધર્મ કહે છે.** (રત્નકરંડશ્રાવકાચાર : ગાથા ૩)

ઉપરોક્ત સૂત્ર અનુસાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાસ્વરૂપ રત્નત્રય તે ધર્મ છે. શુદ્ધાત્માનું યથાર્થ શ્રદ્ધાન તે સમ્યદર્શન છે. સ્વ-પરના ભેદજ્ઞાનપૂર્વક થતું શુદ્ધાત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. શુદ્ધાત્માના જ્ઞાન-શ્રદ્ધાન સહિત થતી શુદ્ધાત્મામાં લીનતા કે સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે. નિશ્ચયથી સમ્યક્ચારિત્ર એ જીવના વીતરાગભાવ છે. આ સમ્યક્ચારિત્ર હંમેશા સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ હોય છે તેથી સમ્યક્ચારિત્રરૂપ વીતરાગભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય સમાય જાય છે.

અહીં રત્નત્રય તે વીતરાગતાનું જ સ્વરૂપ છે તેથી **'રત્નત્રય તે ધર્મ'** એ વીતરાગતારૂપ ધર્મનું જ એક પ્રકારે નિરૂપણ છે.

૪. જીદયા તે ધર્મ

સ્વ-પર જીવની હિંસાથી બચવું અને તેની રક્ષા કરવી તેને જીવદયા કહે છે. આ જીવદયા તે ધર્મ છે.

धम्मो दया विशुद्धो।

અર્થ : જે દયાથી વિશુદ્ધ હોય તે ધર્મ છે.

(બોધપાહુડ : ગાથા ૨૫)

ઉપરોક્ત સૂત્ર અનુસાર દયાથી જે જીવના પરિણામ વિશુદ્ધ થયા છે તે ધર્મ છે. અહીં પરિણામની વિશુદ્ધિના કારણભૂત જીવદયા તે ધર્મ છે. જીવદયા એ સ્વ અને પર એમ બે પ્રકારની હોય છે. વાસ્તવમાં સ્વદયા જ સાચી દયા છે અને સ્વદયાપૂર્વક જ પરદયા સંભવે છે. જે જીવને પોતાની સ્વદયા હોય છે એટલે કે જે પોતાને પોતાના તીવ્ર રાગાદિરૂપ ભાવહિંસાથી બચાવે છે તેના જ પરિણામ વિશુદ્ધ થાય છે અને તેવા વિશુદ્ધ પરિણામના નિમિત્તે પરજીવની હિંસાથી બચી શકાય છે કે તેની રક્ષા કરી શકા છે. પોતાના શુદ્ધસ્વભાવની ભાવહિંસાથી બચી તેમાં સ્થિરતારૂપ વીતરાગભાવ થવાથી જે સ્વદયા થાય છે તે નિશ્ચયથી જીવદયા છે અને આવા વીતરાગભાવપૂર્વક પરજીવોની હિંસાથી બચવાનો અને તેની રક્ષા કરવાનો પરદયાનો શુભરાગરૂપ ભાવ થાય છે, તે વ્યવહારથી જીવદયા છે. અહીં વીતરાગભાવ તે જ સ્વદયા છે અને તે જ નિશ્ચયથી ધર્મ છે. આવી સ્વદયાપૂર્વક પરદયાનો શુભભાવ તે વ્યવહારથી ધર્મ છે.

આ પ્રકારે **'જીવદયા તે ધર્મ'** એ વીતરાગભાવનું જ સ્વરૂપ છે. તેથી તે 'વીતરાગભાવરૂપ ધર્મ'નું જ એક પ્રકારનું નિરૂપણ જાણવું.

૫. અહિંસા તે ધર્મ

ભાવહિંસાથી બચવું તે નિશ્ચયથી અહિંસા છે અને દ્રવ્યહિંસાથી બચવું તે વ્યવહારથી અહિંસા છે. આવી અહિંસા તે ધર્મ છે.

अहिंसा परमो धर्मः, तथाऽहिंसा परो दमः।
अहिंसा परमं दानम् अहिंसा परमं तपः॥

અર્થ : જેમ અહિંસા પરમ સંયમ છે, અહિંસા દાનને યોગ્ય પરમ ધન છે અને અહિંસા પરમ તપ છે; તેમ અહિંસા જ પરમ ધર્મ છે. (સંસ્કૃત સુભાષિત)

ઉપરોકત સુભાષિત અનુસાર અહિંસાને પરમ ધર્મ કહ્યો છે. બધાં પ્રકારના સંયમ, ધ્યાન અને તપમાં અહિંસા જ શ્રેષ્ઠ છે. બધાં પ્રકારના વ્રત અહિંસાના આધારે જ હોય છે. ભાવહિંસાથી બચવું તે જ નિશ્ચયથી અહિંસા છે. પોતાના રાગાદિ વિકારીભાવોને કારણે થતાં પોતાનો શુદ્ધ સ્વભાવનો ઘાત એટલે કે સ્વભાવ જેવી શુદ્ધતાની પોતાની પલટતી પર્યાયમાં ઉત્પત્તિ ન થવી તે ભાવહિંસા છે. આ ભાવહિંસાના અભાવરૂપ નિશ્ચય અહિંસા એ જીવના વીતરાગભાવ જ છે. અને આવી વીતરાગી અહિંસા તે જ નિશ્ચય ધર્મ છે. ભાવહિંસાના અભાવપૂર્વક પરજીવોના ઘાતરૂપ દ્રવ્યહિંસાથી બચવું તે વ્યવહારથી અહિંસા છે. આવી દ્રવ્યહિંસાથી બચવારૂપ વ્યવહાર અહિંસા તે જીવના શુભભાવ છે. આવી શુભભાવરૂપ અહિંસા તે વ્યવહારથી ધર્મ છે.

નિશ્ચયથી અહિંસા એ રાગાદિ ભાવહિંસાનો અભાવ હોવાથી તે વીતરાગતાનું જ સ્વરૂપ છે. તેથી **'અહિંસા તે ધર્મ'**એ વીતરાગતારૂપ ધર્મનું જ અન્ય પ્રકારે નિરૂપણ છે.

૬. ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવે તે ધર્મ

પારમાર્થિક દ્રષ્ટિએ જીવનું ઈષ્ટ સ્થાન મોક્ષ છે અને લૌકિક દ્રષ્ટિએ જીવનું ઈષ્ટ સ્થાન સ્વર્ગ છે. ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવે એટલે કે સ્વર્ગની પરંપરા દ્વારા મોક્ષને પ્રાપ્ત કરાવે તે ધર્મ છે.

ईष्टस्थाने धत्ते इति धर्मः।

અર્થ : જીવનાં ઈષ્ટ સ્થાન (એટલે કે સ્વર્ગની પરંપરા દ્વારા મોક્ષ)**ને જે ધારણ એટલે કે પ્રાપ્તિ કરાવે તે ધર્મ છે.**

(સર્વાર્થસિદ્ધિ ૯/૨/૪૦૯/૧૧)

પારમાર્થિક દ્રષ્ટિએ જીવનું ઈષ્ટ સ્થાન એક માત્ર મોક્ષ છે. મોક્ષમાં જીવને ઉત્તમ, અવિનાશી, અવ્યાબાધ, અતીન્દ્રિય, આત્મિક સુખની પ્રાપ્તિ હોય છે. ધર્મના ફળમાં સ્વર્ગની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ હોય છે. જીવની સંપૂર્ણ શુદ્ધ વીતરાગીદશા તે જ મોક્ષ છે. તેથી વીતરાગતા અને મોક્ષ એ કોઇ જુદી ચીજ નથી.

આ રીતે વીતરાગતારૂપ ધર્મ અને ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવે છે ધર્મ એ બન્ને એક જ વીતરાગતાનું સ્વરૂપ છે. તેથી **'ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવે તે ધર્મ'** એમ કહેવું તે વીતરાગતારૂપ ધર્મનું જ અન્ય પ્રકારે નિરૂપણ જાણવું.

ઉપર મુજબ ધર્મને અન્ય અનેક પ્રકારે નિરૂપણ કરવામાં આવે છે પણ તે દરેકનો ભાવ કે આશય વીતરાગતા જ હોય છે. તેથી 'વીતરાગભાવરૂપ ધર્મ'માં તે દરેક સમાવેશ પામે છે. એટલે કે તે 'વીતરાગભાવરૂપ ધર્મ'નું જ અન્ય પ્રકારે નિરૂપણ હોય છે.

ધર્મ શું છે અને શું નથી ?

ધર્મ એ આત્માની શુદ્ધ. એટલે કે વીતરાગી અવસ્થા છે. આ વીતરાગી અવસ્થા સાથે સંબંધિત અને વીતરાગભાવપૂર્વક થતા વ્રત-તપાદિના શુભભાવને ઉપચારથી કે વ્યવહારથી ધર્મ કહે છે પણ વાસ્તવિક ધર્મ તો વીતરાગભાવ જ છે.

વીતરાગતારૂપ ધર્મને ચારિત્ર, સામ્ય, મોહક્ષોભ વિનાના નિજ પરિણામ વગેરે જેવા અનેક નામોએ ઓળખવામાં આવે છે. પણ તે વીતરાગતાનું જ સ્વરૂપ છે. 'વીતરાગભાવરૂપ ધર્મ' એમ કહેવાને બદલે તે જ ધર્મને વસ્તુનો સ્વભાવ તે ધર્મ, ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણ તે ધર્મ, રત્નત્રય તે ધર્મ, જીવદયા તે ધર્મ, અહિંસા તે ધર્મ, ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવે તે ધર્મ જેવા અનેક પ્રકારે નિરૂપણ કરવામાં આવે છે. પરંતુ તે પણ 'વીતરાગતા તે ધર્મ' જ જુદા શબ્દોમાં નિરૂપણ હોય છે.

વીતરાગતા સિવાય અન્ય કોઇ પ્રકારે ધર્મ હોતો નથી. વીતરાગતા સાથે સંબંધિત દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ, સદાચાર જેવા શુભભાવને ઉપચારથી કે વ્યવહારથી ધર્મ કહેવાતો હોવા છતાં તે કોઇ વાસ્તવિક કે નિશ્ચય ધર્મ નથી. ધર્મ કોઇ, વેષ, વાડો કે સંપ્રદાય

પણ નથી. સાચી સમજણ વિનાના કોઇ ક્રિયાકાંડમાં પણ ધર્મ નથી. સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શન માટે પોતાના શુદ્ધાત્માની ઓળખાણ જરૂરી છે. પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધાત્માની ઓળખાણ કરીને તેનો આશ્રય કે ધ્યાન કરવાથી વીતરાગતારૂપ ધર્મની પ્રગટતા હોય છે. આવા ધર્મનું સ્વરૂપ દર્શાવતા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી કહે છે ઃ

*"ધ્રુવધામના ધ્યેયના ધ્યાનની ધીરજ અને ધગશથી ધીકતી ધૂણી ધખાવવી તે **ધર્મ** છે."*

ધર્મની પ્રાપ્તિ કઇ રીતે છે અને કઇ રીતે નથી ?

धर्म धर्म सब कोई कहै, मर्म न जाने कोई।
अपने को जाने बिना, धर्म कहाँ से होय?

ભાવાર્થ : જગતમાં ધર્મની વાત કરનારા ઘણાં લોકો હોય છે પરંતુ ધર્મના મર્મને એટલે કે તેના રહસ્યરૂપ વાસ્તવિક સ્વરૂપને જાણનારાં ભાગ્યે જ કોઇ હોય છે. પોતપોતાની રીતે બધાંય ધર્મની ક્રિયા કરે છે પરંતુ પોતાના શુદ્ધ સ્વરૂપને જાણ્યા વિના ધર્મ કઇ રીતે પ્રાપ્ત થાય ? ન જ થાય.

પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વભાવને ઓળખી, સ્વીકારી અને તેનો આશ્રય કરીને તે સ્વભાવ જેવી જ શુદ્ધ વીતરાગીદશા પોતાની પલટતી અવસ્થામાં પ્રગટ કરવી તે ધર્મ છે. બીજા શબ્દોમાં કહીએ તો પોતાના શુદ્ધાત્માના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણથી થતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એટલે કે સમ્યકત્વરૂપ બોધિની પ્રાપ્તિ તે જ ધર્મ છે. અહીં સમ્યકત્વરૂપ બોધિ એ જ વીતરાગતારૂપ ધર્મ છે. આ બોધિની પ્રાપ્તિનો ઉપાય એ જ ધર્મની પ્રાપ્તિનો ઉપાય છે. આ ઉપાય પોતાની શુદ્ધાત્માની ઓળખાણ કરવાનો હોય છે. જેની ચર્ચા આ અગાઉના બોધિદુર્લભભાવનાના પ્રકરણમાં આવી ગઇ છે.

સમ્યક્ત્વરૂપ બોધિ કે વીતરાગતારૂપ ધર્મ સ્વ-પરના વિવેકથી થાય છે. સ્વ-પરનો વિવેક એટલે પોતાના શુદ્ધાત્માને નોકર્મ-દ્રવ્યકર્મ-ભાવકર્મ અને ભેદભાવોથી ભિન્ન ઓળખવો તે છે. અને તે માટે તત્ત્વજ્ઞાનનો સાચી સમજણપૂર્વકનો અભ્યાસ જરૂરીછે. પણ ધર્મ માટે આ સિવાય ગમે તેટલું ધન ખર્ચવામાં આવે, દાન કરવામાં આવે, તીર્થયાત્રા કરવામાં આવે, ભગવાનની ભક્તિ-પૂજા કરવામાં આવે, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં આવે, વ્રત-તપશ્ચરણ કરવામાં આવે, સદાચાર અને સંયમ પાળવામાં આવે, પવિત્ર નદીમાં સ્નાન કરવામાં આવે, નગ્ન દિગંબરદશા ધારણ કરવામાં આવે, વન-જંગલમાં વસવામાં આવે વગેરે અનેક ઉપાયો નકામા છે. ભિન્ન વસ્તુભૂત ચૈતન્યમય આત્માની ઓળખાણ સિવાય અન્ય ઉપાયો વ્યર્થ છે. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શબ્દોમાં —

ધર્મ વાડીએ ન ઉપજે, ધર્મ હાટે ન વેંચાય,
ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય.

ભાવાર્થ : ધર્મ કોઇ ખેતરની પેદાશ નથી. તે કોઇ દુકાનમાં વેચાતો મળતો નથી. ધર્મ માત્ર સ્વ-પરના વિવેકથી જ ઉત્પન્ન થાય છે અને તે માટે પોતાના શુદ્ધાત્માની ઓળખાણનો પુરૂષાર્થ કરવો જરૂરી છે.

બોધિદુર્લભભાવના અને ધર્મભાવના વચ્ચેનો ભેદ

સમ્યકત્વરૂપ બોધિ અને વીતરાગતારૂપ ધર્મમાં કોઇ તફાવત નથી, એક જ છે. બન્નેનાં ચિંતવનમાં બોધિ એટલે કે ધર્મની પ્રાપ્તિના ઉપાયની વિચારણા હોય છે. તોપણ તે બન્નેમાં ચિંતવનમાં કેટલોક મૂળભૂત તફાવત પણ છે. જે નીચે પ્રમાણે છે.

૧. બોધિદુર્લભભાવનાના ચિંતવનમાં બોધિની દુર્લભતા અને તે દુર્લભ બોધિ માટે મનુષ્યજીવનની મહત્તાનું ચિંતવન મુખ્યપણે છે. જ્યારે ધર્મભાવનમાં ધર્મનું સ્વરૂપ અને તેના મહિમાનું ચિંતવન મુખ્યપણે છે.

૨. બોધિદુર્લભભાવના બોધિની દુર્લભતા અને દુર્લભ બોધિ માટે મનુષ્યજીવનની મહત્તા પ્રસ્થાપિત કરે છે. જ્યારે ધર્મભાવના ધર્મની મહાનતા અને મહાન ધર્મથી મનુષ્યજીવનની સાર્થકતા પ્રસ્થાપિત કરે છે.

૩. બોધિદુર્લભભાવનાના ચિંતવનમાં દુર્લભ બોધિ માટે વર્તમાન મનુષ્યજીવનની મહત્તા બતાવી તે બોધિ એટલે કે ધર્મની પ્રાપ્તિ માટેના પુરુષાર્થની પ્રેરણા કરી છે. જ્યારે ધર્મભાવનાના ચિંતવનમાં ધર્મથી વર્તમાન મનુષ્યજીવનની સફળતા સૂચવી તે ધર્મની ધારણા અને તે દ્વારા મોક્ષની પ્રાપ્તિ માટેના પુરુષાર્થની પ્રેરણા કરી છે.

બોધિદુર્લભભાવના અને ધર્મભાવના વચ્ચેના ચિંતવનના ઉપરોકત ભેદને નીચેના કોઠા દ્વારા દર્શાવી શકાય છે.

બોધિદુર્લભભાવના.	ધર્મભાવના.
૧. બોધિની દુર્લભતા અને તે માટે મનુષ્યજીવનની મહત્તાનું ચિંતવન મુખ્યપણે હોય છે.	૧. ધર્મનું સ્વરૂપ અને તેના મહિમાનું ચિંતવન મુખ્યપણે હોય છે.
૨. દુર્લભ બોધિથી મનુષ્યજીવનની મહત્તા પ્રસ્થાપિત કરે છે.	૨. ધર્મથી મનુષ્યજીવનની સાર્થકતા પ્રસ્થાપિત કરે છે.
૩. ધર્મની પ્રાપ્તિ માટેના પુરુષાર્થની પ્રેરણા કરે છે.	૩. મોક્ષની પ્રાપ્તિ માટેના પુરુષાર્થની પ્રેરણા કરે છે.

ધર્મનો મહિમા

આત્માનો યશ, કીર્તિ, ફતેહ, સિદ્ધિ, સામર્થ્ય, પ્રભાવ, પ્રતાપ વગેરેને તેની મહાનતા કહે છે. આત્માની આ સઘળી મહાનતા ધર્મના કારણે હોય છે અને તે જ ધર્મનો મહિમા છે.

આત્માની મહાનતા મોક્ષમાર્ગ અને મોક્ષના કારણે છે, જે ધર્મના ફળમાં પ્રાપ્ત થાય છે. ધર્મના કારણે આત્માના બધાં જ પ્રકારના પારમાર્થિક પ્રયોજનો સિદ્ધ થાય છે. ધર્મથી પ્રાપ્ત થતા સાતિશય પુણ્યના ફળમાં લૌકિક સુખ-સુવિધાઓ પણ સહજપણે આવી મળે છે. જગતમાં મહાન મનાતા કલ્પવૃક્ષ, ચિંતામણિ, અવલોકનમણિ, કામધેનું વગેરેની પ્રાપ્તિ થતાં તેનું જે તે પ્રકારનું ફળ માંગવાથી મળે છે. પણ ધર્મને ધારણ કરવાથી બધાં જ પ્રકારનું ફળ વગર માંગ્યે આપમેળે પ્રાપ્ત થાય છે. માંગવું એ મરવા બરાબર છે. કલ્પવૃક્ષ વગેરે માંગ્યા વિના ફળ આપતા નથી. પરંતુ ધર્મનું ફળ વગર માંગ્યે મળે છે. તેથી કલ્પવૃક્ષ વગેરે કરતાં પણ ધર્મ મહાન છે, પ્રભુ મહિમાવંત છે.તે આ રીતે--

કલ્પવૃક્ષ દશ પ્રકારના હોય છે. જે તે પ્રકારના કલ્પવૃક્ષ પાસે જે તે પ્રકારની સામગ્રીની માંગણી કરવાથી તે તે પ્રકારની તુચ્છ ભોગ સામગ્રી આપે છે. જ્યારે ધર્મના દશ લક્ષણ છે. જે દરેક વગર કલ્પ્યે, વગર માંગ્યે આત્મિક અનંતગુણોની મહાન સામગ્રી આપે છે.

ચિંતામણિ પાસે ચિંતવવાથી તે ચિંતિત અમુક પ્રકારના લૌકિક મનોરથ પૂર્ણ કરે છે જ્યારે ધર્મ વગર ચિંતવ્યે બધાં જ પ્રકારના પારમાર્થિક પ્રયોજન પૂર્ણ કરે છે.

અવલોકનમણિ પાસે ટીકી ટીકીને અવલોકન કરી ભીખ માંગવાથી તે કેટલાક પ્રકારની ઇચ્છિત લૌકિક સુખ-સુવિધાઓ પૂરી પાડે છે. ધર્મથી થતા સાતિશય પુણ્યથી સઘળાં પ્રકારની સુખ-સુવિધાઓ સહજપણે સાંપડે છે.

કામધેનુ ગાયને બળપૂર્વક દોહવાથી જેઇએ તેટલું દુધ આપે છે. જ્યારે ધર્મને ધારણ કરવાની તે વગર બળે, વગર દોહ્યે અખૂટ આત્મિક આનંદામૃત આપે છે.

ઉપર મુજબ જગતમાં મહિમાવંત મનાતા કલ્પવૃક્ષ વગેરે કરતાં પણ ધર્મ વધુ મહિમાવંત છે. આ જ બાબત પંડિત ભૂધરદાસ નીચેના શબ્દોમાં કહે છે—

जांचे सुरतरु देय सुख, चिंतत चिंता रैन।
बिन जांचे बिन चिन्तये धर्म सकल सुख दैन।।

અર્થ : કલ્પવૃક્ષ તેનું ફળ માંગવાથી આપે છે અને ચિંતામણી ચિંતવવાથી આપે છે. પરંતુ ધર્મ વગર માંગ્યે, વગર ચિંતવ્યે બધાં જ પ્રકારનું ફળ આપનારૂં છે. તેથી કલ્પવૃક્ષ વગેરે કરતાં પણ ધર્મ જ વધુ મહિમાવંત છે. (પં ભૂધરદાસકૃત : ધર્મભાવના)

ધર્મની રક્ષા કરનારની રક્ષા ધર્મ કરે છે

પાણીને બચાવનારનો બચાવ પાણી દ્વારા થાય છે - એ જગતનો વ્યવહાર ધર્મ માટે પણ લાગુ પડે છે. એટલે કે જે ધર્મને ધારણ કરી તેનું જતન કરે છે, તેની રક્ષા કરે છે તો ધર્મ પણ આપત્તિ સમયે તેની રક્ષા કરે છે.

ધર્મભાવના ચિંતવનના કારણે ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સહનશીલતા અને સમાધાનવૃત્તિ આવે છે તેના કારણે કોઇ પણ આપત્તિનો અડીખમ કહીને સામનો કરી શકાય છે. ધર્મભાવનાના ચિંતવનના કારણે મોહ મંદ પડે છે. જેટલો મોહ મંદ પડે છે તેટલી સહનશીલતા વધે છે. ધર્મભાવના ચિંતવન દ્વારા વસ્તુની વ્યવસ્થા સમજાઇ છે. તેથી જગતમાં કોઇ કોઇનું કર્તા-હર્તા નથી. પોતાની પ્રતિકૂળ પરિસ્થિતિ માટે પરનિમિત્તનો દોષ નથી પણ પોતાના જ કોઇ અપરાધ હોય છે. વળી બહારના સંયોગો કે પરિસ્થિતિ પોતાને આધીન હોતી નથી. તેમ જ તે પોતાના સુખ-દુ:ખનું કારણ પણ નથી. તેથી પ્રતિકૂળ પરિસ્થિતિને અપનાવી લેવારૂપ સમાધાનવૃત્તિ આપે છે.

આ ઉપરાંત ધર્મભાવનાના ચિંતવનના પ્રતાપે અતિશય પુણ્ય બંધાય છે. તે પુણ્ય આપત્તિ સમયે ઉદયમાં આવી ધર્માત્માનો બચાવ કરવાનું કારણ બને છે. ધર્મભાવનાના ચિંતવનના પ્રતાપે અનેક આપત્તિઓ સમયે બચાવ પામવાનું એક આદર્શ ઉદાહરણ સતી સીતાનું છે, જે ધર્મભાવનાની કથારૂપે અપાયેલ છે.

ધર્મભાવનાની ચિંતવન પ્રક્રિયા

વીતરાગતારૂપ ધર્મ જ ઉપાદેય છે અને તે સિવાયનો સઘળો શુભાશુભરાગ હેય છે. તે પ્રકારની વારંવારની વિચારણા થવી તે ધર્મભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વભાવ જેવી જ પોતાની પલટતી પર્યાય પ્રગટ થવી તે ધર્મ છે. આ ધર્મ એ આત્માની શુદ્ધ એટલે કે વીતરાગદશા છે. વીતરાગભાવરૂપ ધર્મમાં આત્માની સ્થિરતા, શાંતિ, શોભા, સુખ વગેરે બધુંય છે. આત્માના અનંતગુણોની યથાસંભવ પ્રગટતા પણ આ ધર્મના કારણે જ છે. આ ધર્મથી જ આત્માનો મોક્ષમાર્ગ અને મોક્ષ છે. શુદ્ધાત્માના આશ્રયે ઉત્પન્ન થતો આ વીતરાગતારૂપ ધર્મ જ ઉપસર્ગ કે પરિષહ કે અન્ય કોઇ આપત્તિ સમયે જીવની રક્ષા કરનાર છે. વીતરાગતારૂપ ધર્મને ધારણ કરી તેની સુરક્ષા કરનાર જીવની આપત્તિ સમયે સુરક્ષા આ ધર્મ દ્વારા અવશ્ય થાય છે. તેથી આ જગતમાં આ જીવને જે કોઇ ઉપાદેય હોય તો તે આ વીતરાગતારૂપ ધર્મ જ છે.

જગતમાં બહુધા લોકો અશુભરાગને હેય માને છે પણ શુભરાગને ઉપાદેય માને છે. તેઓ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા જેવા શુભરાગ કે પુણ્યભાવને ધર્મ માને છે. વીતરાગતારૂપ ધર્મ સાથે સંબંધિત હોય તો આવા પુણ્યભાવને આરોપથી, ઉપચારથી કે વ્યવહારથી ધર્મ કહેવાય છે. તોપણ તે કોઇ વાસ્તવિક ધર્મ નથી. વાસ્તવિક ધર્મ તો એક માત્ર વીતરાગભાવ જ છે. ગમે

તેવા ઊંચા પ્રકારનો શુભભાવ હોય તોપણ તે રાગભાવ જ છે અને રાગભાવ એ વીતરાગભાવરૂપ ધર્મનું કારણ થઇ શકે નહિ. શુભભાવથી સ્વર્ગ મળે, સંસાર મળે પણ તેનાથી ધર્મ કે મોક્ષ મળતો નથી. જ્ઞાની ધર્માત્માને પોતાની ભૂમિકા અનુસારનો શુભભાવ કે પુણ્યભાવ અવશ્ય હોય છે. પરંતુ જ્ઞાની તેને છોડીને મોક્ષમાર્ગમાં આગળ વધે છે. પુણ્યભાવને છોડવાથી જ્ઞાની નિરાધાર કે નિરાવલંબન બની જતા નથી. પરંતુ તેને છોડવાથી આત્માનું ઉગ્ર અવલંબન આવે છે અને તેથી તે મોક્ષમાર્ગમાં એકદમ આગળ વધીને મોક્ષ સુધીની પ્રાપ્તિ કરે છે. તેથી અશુભભાવની જેમ શુભભાવને પણ હેય જ જાણવો.

ઉપર મુજબ વીતરાગભાવનું ઉપાદેયપણું અને પુણ્યભાવનું હેયપણું ચિંતવવું તે ધર્મભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

ધર્મભાવનાનું સાધન કે કારણ

ધર્મભાવનાની ચિંતવન પ્રક્રિયાનું સાધન કે કારણ પોતાનું વર્તમાન સાંસારિક જીવન જ થઈ શકે છે.

વીતરાગતા ઉપાદેય છે અને શુભભાવ કે પુણ્યભાવ હેય છે. વીતરાગતારૂપ ધર્મથી આત્માનો મોક્ષમાર્ગ અને તેનું અતીન્દ્રિય સુખ હોય છે. અને તે સિવાયના સઘળાં શુભાશુભભાવથી આત્માનો સંસાર અને તેનું દુ:ખ હોય છે. આ પ્રકારની વિચારણા તે ધર્મભાવનાની ચિંતવન પ્રક્રિયા છે. ધર્મભાવનાની ચિંતવન પ્રક્રિયા માટે સંસાર અને તેના દુ:ખો જ તેનું સાધન કે કારણ થાય છે.

વર્તમાન પંચમકાળ દુ:ખમ નામનો કહેવાય છે. તેથી વર્તમાનમાં મનુષ્યને મોટા ભાગે દુ:ખ જ હોય છે. પુણ્યશાળી જીવોને પણ પુણ્યની સાથે પાપનો ઉદય પણ હોય છે. વળી પુણ્યોદય કાયમ જળવાતો નથી અને પાપનો ઉદય આવ્યા વિના રહેતો નથી. આ સમયે ધર્મ જ જીવનો સહાયક હોય છે. તેથી પાપનો ઉદય પણ જીવને ધર્મભાવનાના ચિંતવનનું સાધન કે કારણ થાય છે.

આ જગતમાં પાપભાવ અને તેના ફળને બધાં દુ:ખ માને છે અને તે દુ:ખ જ છે. પરંતુ આત્માર્થી અને જ્ઞાની પુણ્યભાવ અને તેના ફળને પણ દુ:ખરૂપે સમજી શકે છે. પુણ્યભાવથી પ્રાપ્ત થતા વિષયોના ભોગવટા પહેલાં તેની તૃષ્ણાનું દુ:ખ હોય છે. વિષયના ભોગવટા સમયે તેથી થતા ખેદનું દુ:ખ હોય છે. વિષયના ભોગવટા સમયે જણાતું સુખ એ વાસ્તવમાં મોહજન્ય રતિભાવ હોય છે તેથી તે ખેદનું કારણ હોવાથી દુ:ખરૂપ છે. અને વિષયના ભોગવટા પછી પણ રહી જતી અતૃપ્તિનું દુ:ખ હોય છે. વળી આ વિષયના ભોગવટાથી વિષયની તૃષ્ણા સમાપ્ત થવાને બદલે ઊલટાની વધતી જ જાય છે. તેથી પુણ્યોદય પણ જીવના દુ:ખનું કારણ છે અને એક માત્ર ધર્મ જ જીવના સુખનું કારણ છે. આ રીતે સમજતા પુણ્યનો ઉદય પણ જીવની ધર્મભાવનાના ચિંતવનનું સાધન કે કારણ થઇ શકે છે.

ઉપર મુજબ પુણ્ય કે પાપ સઘળું દુ:ખનું જ કારણ છે. આ દુ:ખમય સંસારમાં જીવને જરાય શાંતિ કે સ્થિરતા નથી. વીતરાગતારૂપ ધર્મ જ જીવને શાંતિ અને સ્થિતરતા પૂરી પાડનાર છે. આ પ્રકારની વિચારણા એ જ જીવને ધર્મભાવનાના ચિંતવનનું સાધન કે કારણ થાય છે. આ રીતે પોતાનું વર્તમાન સાંસારિક જીવન જ ધર્મભાવનાનું સાધન કે કારણ થાય છે.

કઇ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે ?

ધર્મનું સ્વરૂપ અને તેના ઉપાદેયપણાની સમજણ કેળવવા માટે કરવામાં આવતા ઉપાયને ધર્મભાવનાનો અભ્યાસ કહે છે. ધર્મભાવનાનો અભ્યાસ વસ્તુસ્વરૂપની સાચી સમજણ કરાવનાર હોય છે.

ધર્મભાવનાના અભ્યાસમાં ધર્મનું સ્વરૂપ વીતરાગતા છે તેમ સમજાવવામાં આવે છે. વીતરાગતારૂપ ધર્મ તે વસ્તુનો સ્વભાવ છે. વસ્તુ સ્વરૂપની સાચી ઓળખાણ, સ્વીકાર અને આશ્રય વિના વીતરાગતારૂપ ધર્મની

પ્રગટતા થતી નથી. ધર્મભાવનાનો અભ્યાસ કરવાથી વસ્તુ સ્વરૂપની સાચી સમજણ થાય છે.

ધર્મભાવના અભ્યાસમાં વીતરાગતારૂપ ધર્મનું નિરૂપણ અનેક પ્રકારે દર્શાવવામાં આવે છે. ધર્મનું નિરૂપણ વસ્તુના સ્વભાવ ઉપરાંત ઉત્તમ ક્ષમાદિ લક્ષણ, રત્નત્રય, જીવદયા, અહિંસા, સામ્યભાવ, ચારિત્ર, મોહક્ષોભ વિનાના નિજ પરિણામ, મોક્ષમાર્ગ અને મોક્ષ જેવા અનેક પ્રકારે હોય છે. આ દરેક બાબત વસ્તુના સ્વરૂપ સાથે સંકળાયેલી અને વસ્તુના સ્વરૂપને બતાવનારી છે. ધર્મભાવનાના અભ્યાસમાં ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણ વગેરેની સમજૂતી હોવાથી તેના આધારે પણ તે વસ્તુ સ્વરૂપની સાચી સમજણ કરાવનાર છે.

કઈ રીતે વૈરાગ્યનું કારણ છે ?

ધર્મભાવનાનો અભ્યાસ વીતરાગતારૂપ ધર્મનું ઉપાદેયપણું અને તે સિવાય સઘળા શુભાશુભભાવનું હેયપણું દર્શાવે છે. શુભાશુભભાવનું હેયપણું તે સંસારનું જ હેયપણું હોવાથી તે સંસાર પ્રત્યેના વૈરાગ્યનું કારણ બને છે.

શુભાશુભરાગ અને વીતરાગતાનો માર્ગ એકબીજાથી તદ્દન વિરુદ્ધ અને વિપરીત છે. વીતરાગતારૂપ ધર્મનો માર્ગ એ મોક્ષમાર્ગ છે, અને શુભાશુભરાગનો માર્ગ એ સંસારનો માર્ગ છે. ધર્મભાવનાના અભ્યાસથી વીતરાગતારૂપ ધર્મનું ઉપાદેયપણું અને શુભાશુભરાગનું હેયપણું સમજતા શુભાશુભરાગના કારણે થતાં સંસારનું હેયપણું પણ સમજાય છે. તેથી સંસાર પ્રત્યે સહજ વૈરાગ્ય આવે છે.

આ ઉપરાંત ધર્મભાવનાના અભ્યાસથી સંસારમાં કોઇ સાર નથી, સઘળો સંસાર દુઃખમય છે, તે બાબત સમજાય છે. તેથી સંસાર પ્રત્યે સહજ ઉદાસીનતા કે ઉપેક્ષા આવે છે, જેને સંસાર પ્રત્યેનો વૈરાગ્ય કહે છે.

આ રીતે ધર્મભાવનાનો અભ્યાસ વસ્તુસ્વરૂપની સાચી સમજણપૂર્વક સંસાર પ્રત્યેનો વૈરાગ્ય ઉત્પન્ન કરાવનાર પણ જાણવો.

પ્રયોજનપૂર્વકનું વિશેષ ફળ

બારેય પ્રકારની ભાવના આત્માના ધર્મ માટે હોય છે. ધર્મનું ફળ અલૌકિક અને અચિંત્ય હોય છે. ધર્મનું મહાન ફળ મેળવવા ધર્મભાવનાનો અભ્યાસ અને ચિંતવન જરૂરી છે. ધર્મભાવનાના અભ્યાસ અને ચિંતવનનું પ્રયોજન વસ્તુસ્વરૂપની સાચી સમજણપૂર્વક સંસાર પ્રત્યેનો વૈરાગ્ય છે. આવા પ્રયોજન સહિત ધર્મભાવનાનો અભ્યાસ અને ચિંતવન કરવાથી મળતા બે વિશેષ પ્રકારના ફળ નીચે મુજબ છે.

૧. ધર્મનું સાચું સ્વરૂપ સમજાવે

૨. વીતરાગતાની ભાવના કરાવે

૧. ધર્મનું સાચુ સ્વરૂપ સમજાવે

પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવ જેવી શુદ્ધતાને પોતાની બદલતી અવસ્થામાં પણ પ્રગટ કરવી તેને ધર્મ કહે છે. ધર્મભાવનાનો અભ્યાસ અને ચિંતવન ધર્મનું સાચું સ્વરૂપ સમજાવનારો છે.

ધર્મ એ કોઇ વેષ, વાડો, સંપ્રદાય કે મતપક્ષ હોતો નથી. ધર્મનું સ્વરૂપ હંમેશા એક જ હોય છે અને તે કોઇ દેશ, કાળ કે વ્યક્તિવિશેષને કારણે બદલાઇ જતું નથી. ધર્મનું ધારણ જીવનું પરમ કલ્યાણનું કારણ બને છે. આત્માની રાગાદિ રહિત શુદ્ધ વીતરાગી દશા એ જ ધર્મ છે.

ધર્મનું નિરૂપણ નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે હોય છે. તેમાં નિશ્ચયથી એક માત્ર વીતરાગભાવ જ ધર્મ છે. આ વીતરાગભાવરૂપ ધર્મ સીધો કે પ્રત્યક્ષજ્ઞાનથી સમજી ન શકાતો હોવાથી તેનું નિરૂપણ તે વીતરાગભાવ સાથે સંબંધિત શુભરાગ કે પુણ્યભાવથી કરવામાં આવે તે વ્યવહારથી ધર્મ છે. અહીં શુભરાગ કે પુણ્યભાવ એ કોઇ વાસ્તવિક ધર્મ નથી પણ તેના આધારે વીતરાગતભાવરૂપ ધર્મ ઓળખી શકાતો હોવાથી તેને આરોપ કે ઉપચારથી ધર્મ કહેવામાં આવ છે. તેથી તે વ્યવહારથી ધર્મ કહેવાય છે.

જગતના અજ્ઞાની લોકો મોટાભાગે અશુદ્ધભાવ કે પાપભાવને અધર્મ અને શુભભાવ કે પુણ્યભાવને ધર્મ સમજે છે. પરંતુ એ કોઇ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ નથી. શુભ-અશુભ કે પુણ્ય-પાપથી રહિત આત્માનો શુદ્ધ વીતરાગભાવ એ જ ધર્મનું સાચું સ્વરૂપ છે.

ઉપર મુજબ ધર્મભાવનાનો અભ્યાસ અને ચિંતવન ધર્મનું સાચું વીતરાગી સ્વરૂપ સમજાવનારો છે.

૨. વીતરાગતાની ભાવના કરાવે

આત્માની શુદ્ધ, શાંત, નિરાકુળ અને સ્થિર પરિણતિને વીતરાગતા કહે છે. આવી વીતરાગતા પ્રગટ કરવાની રુચિને વીતરાગતાની ભાવના કહે છે. ધર્મભાવનાનો અભ્યાસ અને ચિંતવન વીતરાગતાની ભાવના કરાવનારો છે.

અનાદિ અજ્ઞાની જીવની પરિણતિ અશુદ્ધ, અશાંત, આકુળ અને અસ્થિર હોય છે, જેને રાગ કહે છે. અજ્ઞાની સંસારી જીવને સંસારના કારણભૂત રાગની જ રુચિ એટલે કે રાગની ભાવના હોય છે. તેથી તેનો પ્રયત્ન કે પુરુષાર્થ સંસાર કે રાગમાં જ રોકાય જાય છે. ધર્મભાવનાના અભ્યાસથી ધર્મનું સાચું વીતરાગી સ્વરૂપ સમજી ધર્મભાવનાનું ચિંતવન કરવાથી સંસાર પ્રત્યે વૈરાગ્ય આવે છે અને તેથી ધર્મની એટલે કે વીતરાગતાની ભાવના પ્રગટે છે. આ વીતરાગતાની ભાવના જ વીતરાગતારૂપ ધર્મ માટેનો પુરુષાર્થ પ્રેરી તે ધર્મની પ્રાપ્તિ કરાવે છે.

આ પ્રકારે ધર્મભાવનાના અભ્યાસ અને ચિંતવનનું વિશેષ ફળ તે વીતરાગતાની ભાવના કરાવે છે તે પણ છે.

ઉપસંહાર

ધર્મભાવનાના અભ્યાસપૂર્વકના ચિંતવનથી વીતરાગતારૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે. માત્ર ધર્મભાવના જ નહિ પણ બારેય ભાવનાના ચિંતવનનું ફળ ધર્મની પ્રાપ્તિ જ હોય છે. અનાદિ સંસાર અને તેના અનંત દુઃખોનો નાશ કરનાર એક માત્ર ધર્મ જ છે. જીવના દરેક પ્રકારના અવગુણો ટાળી અનેક સદ્‌ગુણોની પરિપૂર્ણ પ્રગટતાનું કારણ ધર્મ જ છે. સંસારી જીવની દરેક પ્રકારની સમસ્યાઓનું સમાધાન ધર્મથી જ છે. ધર્મને ધારણ કરી તેની રક્ષા કરનારની આપત્તિ સમયે રક્ષા ધર્મ દ્વારા થાય છે.

આ ધર્મને ધારણ કરવા માટે ધર્મભાવનાના ચિંતવન દ્વારા શરીર અને રાગાદિ વિકારોનો જ્ઞાતા બની પોતાના ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક સ્વભાવમાં સ્થિતિ કરવી જોઇએ. શરીરની ક્રિયા, રાગની ક્રિયા અને જાણવાની ક્રિયા એ ત્રણેય એકસાથે થઇ રહી છે. તેમાં માત્ર પોતે જાણનક્રિયા માત્ર છે તેમ નિર્ણય અને અનુભવ કરવો જોઇએ. ત્યારપછી જાણનક્રિયા દ્વારા જ્ઞાયક સ્વભાવનો સ્વીકાર અને આશ્રય કરવાથી વીતરાગતારૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે અને રાગ-દ્વેષનો ત્યાગ થાય છે. તેથી ધર્મની પ્રાપ્તિ માટે રાગ-દ્વેષનો ત્યાગ કરી પોતાના ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક સ્વભાવને આશ્રય કરવો જોઇએ. આ સિવાયના કોઇ ક્રિયાકાંડ કે વેશથી ધર્મ થતો નથી. આચાર્યશ્રી યોગીન્દુદેવના શબ્દોમાં...

(દોહરો)

શાસ્ત્ર ભણે મઠમાં રહે, શિરના લુંચે કેશ,
રાખે વેશ મુનિતણો, ધર્મ ન થાયે લેશ.

રાગ-દ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ,
જિનવર ભાષિત ધર્મ તે, પંચમ ગતિ લઇ જાય.

ભાવાર્થ : ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે, તે માટે આશ્રમમાં રહે, માથાના વાળનો લોંચ કરી મુનિદશા ધારણ કરી વનજંગલમાં વસે તોપણ આત્મજ્ઞાન વિના બિલકુલ ધર્મ થતો નથી. પરંતુ ધર્મભાવનાના અભ્યાસ અને ચિંતવન દ્વારા ધર્મનું સ્વરૂપ સમજી રાગ અને દ્વેષ એ બેયને છોડીને જો પોતાના શુદ્ધાત્મસ્વભાવમાં સ્થિતિ પામે તો તેને વીતરાગતારૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે. અને આ ધર્મ જ તેને મોક્ષની પણ પ્રાપ્તિ કરાવે છે. તેમ જિનેન્દ્રભગવાને કહ્યું છે. (યોગસાર : ગાથા ૪૭,૪૮)

धर्मो रक्षति रक्षितो ।



धर्मो रक्षति रक्षितो ।

(पद्मानंदीपंचविंशति : अध्याय १, धर्मोपदेशामृत, श्लोक १८२)

ઉપરોક્ત સૂત્ર અનુસાર જે ધર્મને ધારણ કરી ધર્મભાવનાના ચિંતવન વડે ધર્મની રક્ષા કરે છે તો ધર્મ પણ તે ધર્માત્માની આપત્તિ સમયે રક્ષા કરે છે. કેમ કે, ધર્મ સિવાય અન્ય કોઈ આ જીવનો બંધુ, મિત્ર, સહાયક કે હિતેચ્છુ હોતો નથી. પ્રતિકુળ પ્રસંગે ધર્મ અને ધર્મભાવનાનું ચિંતવન જ સમાધાન કરાવે છે, સહનશીલતા બક્ષે છે અને શાંતિ રખાવે છે. ધર્મ જ ધર્માત્માનો આધાર કે શરણ બની આપત્તિમાંથી ઉગારે છે. આ બાબતને ચરિતાર્થ કરતું ધર્મભાવનાના ચિંતવનનું મૂર્તિમંત અને આદર્શ ઉદાહરણ સતી સીતામાં જોવા મળે છે.

મહારાણી વિદેહાની કૂખે ઉત્પન્ન થયેલી મહારાજા જનકની પુત્રી સીતા અનેક સદ્‌ગુણોથી સભર, સુંદર લક્ષણોવાળી, અત્યંત મનોજ્ઞ અને સંપૂર્ણ લોકને સુખકારી હતી. સીતાનો એક અર્થ ધર્મભાવના દ્વારા ક્ષમાધારણ કરનાર થાય છે. સીતાએ ધર્મને ધારણ કરી નિરંતર ધર્મભાવનાના ચિંતવન વડે ગમે તેવી આપત્તિ, અન્યાય કે અત્યાચારના પ્રસંગે પૃથ્વી સમાન ક્ષમાધારણ કરી પોતાના **'सीता'** નામની સાર્થકતા સિદ્ધ કરી છે.

શીલ અને ધર્મને ખાતર ગમે તેનું બલિદાન આપનાર ધર્માત્મા સ્ત્રી સતી તરીકે ઓળખાય છે. સીતાએ પોતાના પ્રાણની પણ પરવા કર્યા વિના ધર્મભાવનાના ચિંતવન વડે પોતાના શીલ અને ધર્મની રક્ષા કરવાને કારણે તે જગતમાં **'सति'** તરીકે પણ પ્રસિદ્ધ છે.

સીતા અને ભામંડલનો યુગલ જન્મ થયો ત્યારે પૂર્વભવના વૈરી દેવ દ્વારા ભામંડલનું અપહરણ થઇ જતા જન્મથી જ દુઃખને દેખનારી સીતાના જીવનમાં આપત્તિઓના અનેક પ્રસંગો આવ્યા છે. પણ ધર્મભાવનાના ચિંતવનના બળે તે દરેક પ્રસંગોમાં અડીખમ ઉભી રહીને દરેક કસોટીમાંથી પાર ઉતરેલ છે. પૂર્વે વેદવતીના ભવથી જ જિનદેવની પરમભક્ત અને આર્યિકાનું વ્રત અંગીકાર કરનારી સીતા જન્મથી જ સમ્યગ્દષ્ટિ ધર્માત્મા હતી. સઘળો સંસાર અસાર છે અને વીતરાગી ધર્મ જ સારભૂત છે તેવું ધર્મભાવનાનું સતત ચિંતવન તેના જીવનમાં વણાયેલ હતું. ધર્મભાવનાના ચિંતવન વડે ધર્મનું રક્ષણ કરવાથી ધર્મ દ્વારા આપતિ સમયે સીતાનું રક્ષણ થયેલ જોવા મળે છે. તે પૈકી નમૂનારૂપ પાંચ પ્રસંગો અહીં આપવામાં આવે છે.

૧. સીતાનો સ્વયંવર

સીતાને રામ સાથે પરણવાનું વિચારવામાં આવ્યું હતું પણ સીતા પ્રત્યે મોહિત થયેલ ચંદ્રગતિ વિદ્યાધરે સીતાના પિતા રાજા જનકનું અપહરણ કર્યું. તેથી જનકે વજ્રાવર્ત ધનુષ્ય ચઢાવી શકે તેને સીતા પરણાવવાની વિદ્યાધરની શરત મંજૂર રાખી મુકિત મેળવી. સીતાને રામ સાથે પરણાવવાનો વિચાર વિસારે પાડી સીતાનો સ્વયંવર યોજાયો. તે માટે રામસહિત હજારો રાજકુમારોને આમંત્રણ પાઠવવામાં આવ્યા. વિદ્યાધરનું દેવોપુનિત ધનુષ્ય કોઇથી પણ ચઢાવી ન શકાય તેવું હતું. માયામયી નાગ જ્યાં ફુંફાડા મારે છે તેવા ધનુષ્યની સામે નજર પણ માંડી શકાય તેવું નહોતું. ધનુષ્યમાંથી નીકળતી ભયંકર વીજળી સમાન અગ્નિની જવાળાઓ દશેય દિશાઓમાં ફેલાઇ રહી હોવાથી વિદ્યાધરને જ સીતા પરણાવવી પડશે તેવું લાગતું હતું. તેથી પિતા જનક અને માતા વિદેહા ખુબ દુઃખી હતા. પરંતુ તે સમયે પણ સીતાને પોતાના ભાગ્યનો ભરોસો અને ધર્મનું શરણ હતું. ધર્મભાવનાનું ચિંતવન કરતાં સીતાએ મનોમન વિચાર્યુઃ

"હે જિનેન્દ્ર ભગવાન ! હું ગમે ત્યાં જાઉં પણ મને તમારું અને તમારા ધર્મનું શરણ હજો. પૂર્વકર્મના ઉદયના કારણે મારો ભાઇ જન્મતાં જ અપહરણ પામ્યો અને મને પણ બળજબરીથી ઉઠાવી જવાનો પ્રસંગ આવી પડ્યો છે. હું મનોમન રામને વરી ચૂકી છું. તેથી રામ સિવાયના કોઇ પુરુષનો પડછાયો પણ મને અસ્પૃશ્ય છે. મેં ધર્મની રક્ષા કરી છે તો તે ધર્મના કારણે મારા શીલની પણ રક્ષા જરૂર થશે તેવો મને ભરોસો છે."

સીતાના આ પ્રકારના ધર્મભાવનાના ચિંતવનનો જ જાણે કોઇ એવો ચમત્કાર થયો કે તુરત જ ધનુષ્ય જવાળારહિત થઇ ગયું. રામચંદ્રે ધનુષ્યને હાથમાં લઇ બાણ ચઢાવીને દોરી ખેંચતા જ પૃથ્વી કંપાયમાન થાય એવો પ્રચંડ અવાજ થયો. દેવોએ ધન્ય ધન્ય શબ્દો ઉચ્ચારી દૈવી પુષ્પોની વર્ષા કરી રામને વધાવ્યા. વિદ્યાધરના વિલા મોઢા વચ્ચે સીતાએ રામચંદ્રના કંઠમાં વરમાળા પહેરાવી તેની વલ્લભા થઇ ગઇ. ધર્મભાવનાના ચિંતવનના પ્રતાપે તે કપરી કસોટીમાંથી પસાર થઇ ગઇ.

૨. સીતાનો વનવાસ

રાજા દશરથ વૈરાગ્ય પામી જિનદીક્ષા અંગીકાર કરવા ઉદ્યત થયા તે જાણી ભરત પણ પ્રતિબોધ પામી વૈરાગ્ય પામ્યા. પતિ અને પુત્રના વૈરાગ્યથી વિહ્વળ બનેલી કૈકેયીએ રાજા દશરથ પાસે થાપણમાં રહેલું વચન માંગી રામની જગ્યાએ ભરતને રાજયગાદી સોંપાવી. ભરતને રાજયવહીવટ માટે તૈયાર કરી અને ભરતને રાજકાજમાં કોઇ ક્ષોભ ન થાય તે માટે રામચંદ્રજીએ સમગ્ર પરિવારની વિદાય લઇ દૂરદેશાવરના એકાંત સ્થાનમાં જવા માટે રવાના

થયા. આ વખતે સીતાએ પણ સાસુ–સસરાને પ્રણામ કરી પતિ સાથે જવાની જીદ પકડી. રામચંદ્રજીએ ઘણું સમજાવી ઘેર રહી ધર્મ–ધ્યાન કરવાની સલાહ આપી. પણ પતિવ્રતા સીતા પોતાના નિર્ણયમાં અડગ રહી. તેણે કહ્યું. :

"પતિની મુશ્કેલ પરિસ્થિતિમાં પતિથી દૂર રહેવું કોઇ પણ પત્નિને છાજે નહિ. અંતરંગ પરમાત્માની પાસે પહોંચવા માટે બહારમાં પરમેશ્વરનું શરણ હોય છે. પણ પતિવ્રતા સ્ત્રી માટે પોતાનો પતિ જ પરમેશ્વર છે. મારો પતિ વનમાં નિવાસ કરે અને હું મહેલમાં મજા કરું તેમ બની શકે નહિ. હું છાયાની જેમ તમારી સાથે રહીશ અને બને તે બધી સેવા કરીશ. આ દાસી તમારાથી દૂર રહી શકે નહિ.

વળી ધર્મ–ધ્યાન માટે મહેલની કોઇ આવશ્યકતા નથી. વનજંગલના એકાંતમાં અને કુદરતના સાન્નિધ્યમાં જે ધર્મ–ધ્યાન થાય તે રાજમહેલમાં ન થાય. તમારા સહવાસ અને સેવાથી હું મારા ધર્મ–ધ્યાનમાં પણ જરૂર આગળ વધીશ."

સીતાજીના દૃઢ નિર્ધાર સામે રામચંદ્રજીએ ઝૂકી જવું પડયું. વનવાસના કપરા કાળમાં રામચંદ્રનો સાથ ન છોડી પતિની સેવા કરવાના કારણે લોકમાં સીતાનું નામ રામથી પણ પહેલા લેવાનું પ્રચલિત થયું. તેથી તેઓ જગતમાં (રામસીતાને બદલે) સીતારામ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. ધર્મભાવનાના ચિંતવનના બળે સીતાજી વનવાસની કસોટીમાંથી પણ પાર ઊતર્યા અને ધર્મ–ધ્યાનના માર્ગે આગળ વધતા રહ્યા.

૩. સીતાનું રાવણ દ્વારા અપહરણ

વનવાસ દરમ્યાન સંઘર્ષમય જીવન વીતાવતી સીતા ઉપર એકાએક વજ્રપાત થયો. રાવણ દ્વારા સીતાનું અપહરણ થયું. સીતાને પ્રસન્ન કરવા રાવણે અનેક ઉપાય કર્યા પણ સીતા ઉપર બળાત્કાર ન કર્યો. રાવણે અનંતવીર્ય કેવળી પાસે ધર્મોપદેશ સાંભળી કોઇ સ્ત્રી ન ઇચ્છે તો તેના ઉપર બળાત્કાર ન કરવાનું વ્રત અંગીકાર કરેલ હતું. રાવણ પોતે કામદેવનો અવતાર હતો. જગતમાં કોઇ સ્ત્રી એવી ન હોય કે જે કામદેવને ન ઇચ્છે. પરંતુ સીતા તો મહાપતિવ્રતા સ્ત્રી હતી. રામચંદ્ર સિવાય અન્ય કોઇ પુરુષ તેના સ્વપ્નમાં પણ પ્રવેશ પામે નહિ. તેથી સીતાને વશ કરવાના રાવણના સઘળાં પ્રયાસ નિષ્ફળ નીવડ્યાં. રામચંદ્રજીના કુશળ સમાચાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અન્ન–જળનો ત્યાગ કરી નિરાહારવ્રત ગ્રહણ કરી સીતાજી ધર્મભાવનાના ચિંતવનમાં જ રત રહ્યા. તેમણે ચિંતવ્યું:

"આ સંસાર વિચિત્ર છે, અનિત્ય છે, અશરણ છે, અસાર છે. એક માત્ર વીતરાગી ધર્મ જ શરણ અને સારભૂત છે. કોઇ અશુભકર્મના ઉદયે મારા ઉપર આ આપત્તિ આવી પડી છે. પરંતુ પહાડ જેવી પ્રતિકૂળતામાંય હું મારી ધર્મભાવના છોડીશ નહિ. મારી ધર્મભાવના જ મને ધૈર્યબળ અને સહનશીલતા અપાવશે. મારે મારી વીતરાગી પરિણતિરૂપ ધર્મ સિવાય અન્ય કોઇ સહારાની જરૂર નથી. કોઇપણ આપત્તિનો ઉકેલ અને અંત હોય જ છે. તો આનો પણ આવશે જ."

સીતાજીના આ પ્રકારના ધર્મભાવનાના ચિંતવનના પ્રતાપે જ જાણે લંકામા હનુમાનજીનું આગમન થયું. રામચંદ્રજીના કુશળ સમાચાર પ્રાપ્ત થયા અને અગીયારમાં દિવસે હનુમાનજીના હસ્તે સીતાજીના ઉપવાસનું પારણું થયું. રામ–રાવણના યુદ્ધમાં રાવણનો વધ થયો અને સીતાજી કારમી કસોટીમાંથી પણ ધર્મભાવનાના ચિંતવનના બળે પાર ઉતર્યા.

૪. સીતાનો ત્યાગ

રાવણને હરાવી રામચંદ્રજી સીતાજીને લઇને અયોધ્યામાં પુનરાગમન પામ્યા. સીતાજીના આનંદના દિવસો શરૂ થયા. એક દિવસે વહેલી સવારે તેમણે બે સ્વપ્નો જોયા. તુરત જ સ્વામી પાસે જઇને તેનું ફળ પૂછ્યું. સ્વપ્નફળ બતાવતા રામે કહ્યું:

"હે પ્રિયે ! પ્રથમ સ્વપ્નમાં તે બે અષ્ટાપદને તારા મુખમાં પ્રવેશતાં જોયા તેનું ફળ તારી કૂખે મહાપરાક્રમી અને મોક્ષગામી એવા યુગલ પુત્રો અવતરશે. બીજા સ્વપ્નમાં પુષ્પક વિમાનમાંથી પૃથ્વી પર પડવું તે પ્રશસ્ત નથી. તોપણ તારી ધર્મભાવનાના ચિંતવનના પ્રતાપે તે આપત્તિ દૂર થશે."

સમય જતાં જોડીયા બાળકોના ગર્ભના ભારથી સીતા દૂબળી પડી તોપણ તેની શોભા એકદમ નીખરી ઉઠી. રામચંદ્રે તેની જે કોઇ અભિલાષા હોય તે જણાવવાની આજ્ઞા કરી. ત્યારે સીતાએ સમ્મેદશિખરાદિ તીર્થોની યાત્રા કરવાની અભિલાષા વ્યકત કરી. તે જ દિવસે પ્રજાજનોનું એક પ્રતિનિધિમંડળ રાજા રામને મળવા આવ્યું. રામે નગરજનોને આગમનું કારણ પૂછયું. પણ કોઇના મુખમાંથી એક પણ શબ્દ નીકળી શકતો નથી. રાજા રામે અભયદાન આપી જે હોય તે સ્પષ્ટ કહેવાની આજ્ઞા કરી. ત્યારે લજ્જાથી જેનું ગળું રૂંધાઇ ગયું છે તેવા વિજય નામના આગેવાને સીતાજીના કારણે થતા લોકાપવાદની વાત કરતાં કહ્યું:

"હે સ્વામી ! નિર્બળની યુવાન સ્ત્રીને બળવાન પાપીએ હરી જઇ તેના ઉપર બળાત્કાર ગુજર્યો છે. આથી શીલવંત સ્ત્રી અત્યાચારીના ઘરમાં અત્યંત દુ:ખી થઇ છે. સિપાઇઓએ પાપીને સજા કરી તે સ્ત્રીને મુક્ત કરાવી છે. તેનો પતિ તેને પોતાને ઘેર પરત લાવ્યો છે. પણ આ રીતે ભ્રષ્ટ થયેલી પત્નિને ઘરમાં પરત લાવવાથી ધર્મની મર્યાદા લોપાય છે. સ્ત્રીનો પતિ કહે છે કે રાવણ સીતાને હરી ગયો અને રામે દુષ્ટ રાવણના ઘરમાં રહેલી સીતાને પાછી આણી. તો તે પણ બળાત્કારે હરી ગયેલી અને અત્યાચારીના ઘરમાં રહી ભ્રષ્ટ થયેલી સ્ત્રીને ઘરમાં પાછી આણે તો તેમાં તેનો શો વાંક ? સર્વ શાસ્ત્રોમાં પ્રવિણ અને મર્યાદા પુરુષોતમ રાજા રામ જે રીતે વર્તે તે જ રીતે પ્રજા પ્રવર્તે તો તેમાં શો દોષ ?"

વિજયના વચનો સાંભળી રામચંદ્રના ચિત્ત ઉપર જાણે મુદ્ગરની જ ચોટ પડી. પ્રજાપાલક રાજા રામ ઉપર મહાન આપત્તિ આવી પડી. એક બાજુ સીતા પ્રત્યેનો દુર્નિવાર સ્નેહ અને બીજી બાજુ લોકનિંદાનો ભય. રામચંદ્રે લક્ષ્મણને બોલાવી લોકાપવાદની વાત કરી. લક્ષ્મણે કહ્યું કે સીતાજી પવિત્ર છે, શીલવંત છે, સતી શિરોમણી છે. લોકો મૂઢ અને અવિવેકી છે. કમળો હોય તે શ્વેત ચંદ્રને પીળો દેખે તેથી ચંદ્ર પીળો થઇ જતો નથી. તેમ દૂષિત નેત્રવાળા લોકો નિષ્કલંકીને કલંક લગાડે તેથી તેનામાં કોઇ કલંક પેસી જતું નથી. સીતામાતાના નિષ્કલંકપણાના આપ જ સાક્ષી છો. ક્રોધથી લાલચોળ થઇ ઉઠેલા લક્ષ્મણે કહ્યું કે ઉપમારહિત શીલવ્રત ધરનારી પવિત્ર સીતામાતાની નિંદા કરનારનો હું નાશ કરીશ. મિથ્યા વચનો બોલનારની જીભ કાપી નાખીશ.

રામચંદ્રએ લક્ષ્મણને શાંત પાડતા કહ્યું કે આ અપવાદ શસ્ત્રોથી દૂર ન થઇ શકે. અપવાદરૂપી રજ ઝડપથી વિસ્તાર પામી તેજસ્વી પુરુષની કાંતિને પણ હણે છે. તેથી એ રજને ફેલાતી અટકાવવી જોઇએ. હે ભાઇ ! ચંદ્રમા સમાન ઉજ્જ્વળ આપણું ગોત્ર છે. તે અપકીર્તિરૂપ મેઘમાળાથી આચ્છાદિત ન થઇ જાય તે જોવું આપણો **રાજધર્મ** છે. ત્યારે લક્ષ્મણે રામચંદ્રને કહ્યું કે રાજધર્મ નિભાવવા

માટે સીતાને દુઃખી કરવી યોગ્ય નથી. લોકો તો મુનિઓની પણ નિંદા કરે છે. જિનધર્મનોય અપવાદ કરે છે. તો શું લોકાપવાદના કારણે ધર્મનો ત્યાગ કરીએ છીએ ? તો લોકોપવાદના કારણે જાનકીને કેમ તજાય ?

રામે લક્ષ્મણને કહ્યું કે તારી વાત તદ્દન સત્ય છે. પરંતુ ન્યાયમાર્ગી મનુષ્ય અને પ્રજાવત્સલ રાજવી લોકવિરુદ્ધ કાર્યને તજે છે. જેની કીર્તિરૂપ વધૂને અપવાદરૂપ બળવાન હરી જાય તેનું જીવન ભલું નથી. એવા જીવનથી તો મરણ ભલું છે. રામચંદ્રજીએ તુરત જ કૃતાંતવક્ર નામના સેનાપતિને બોલાવીને સમ્મેદશિખરાદિ તીર્થોની યાત્રા કરાવી સીતાજીને સિંહનાદ વનમાં એકલી છોડી આવવાની આજ્ઞા કરી.

તીર્થોની યાત્રા કરી સીતાજીનો રથ સિંહનાદ અટવીમાં આવી પહોંચ્યો. કૃતાંતવક્ર રથને રોકી એકદમ રડી પડ્યો અને સીતાજીને કાંઇ કહી શકયો નહિ. સીતાજીએ સાંત્વના આપી જે હોય તે જણાવવા કહ્યું. કૃતાંતવક્ર સેનાપતિએ સઘળો વૃતાંત જણાવી પોતાની જાતને ધિક્કારતા કહ્યું:

"હે માતા ! પારકી ચાકરીના કારણે પરવશ થઇ આ મહાન પાપકર્મનો હું ભાગીદાર થયો છું. ચાકર કરતાં તો કૂકર (કૂતરો) ભલો. જે પૂછડી પટપટાવીને સ્વાધીન જીવન જીવે છે. ધિક્કાર છે આવી પરાધીન ચાકરીને."

કૃતાંતવક્રના વચનો સાંભળી સીતાજી ઉપર વજ્રપાત જ થયો. તે મૂર્ચ્છિત થઇ ઢળી પડ્યા. પરંતુ ત્યારબાદ તુરત જ સ્વસ્થ થઇને તેણે કહ્યું:

"હે કૃતાંતવક્ર ! મારા કારણે તું દુઃખી ન થા. મારા જ કોઇ અશુભકર્મનો ઉદય છે જેના કારણે મારા ઉપર આ આપત્તિ આવી પડી છે. પૂર્વભવમાં મેં મુનિનિંદા કરી હશે જેથી આ ભાવમાં મારે લોકનિંદાનો ભોગ બનવું પડ્યું છે. કમળોના વનમાં રહેતા ચકવા–ચકવીના યુગલનો વિયોગ કરાવ્યો હશે, તેથી જ મને સ્વામીનો વિયોગ થયો.

અરે ! નરોત્તમ રામ પ્રજાપાલક છે તો પત્નિના પાલક નથી ? તેઓએ મને કાંઇ વાત પણ જણાવ્યા વિના મારા દોહદનું બહાનું બનાવી મને નિર્જન વનમાં છોડી દીધી. પરંતુ તેઓ પણ શું કરે? શાસ્ત્રજ્ઞ અને શુદ્ધ કુળમાં જન્મેલ હોય તેમની એ જ રીત છે કે તેઓ બીજા કોઇથી ન ડરે પણ લોકાપવાદથી જરૂર ડરે.

હું દોષ રહિત છું તેમ તેઓ સારી રીતે જાણે છે. તોપણ તેમણે મને અન્યાય કર્યો. પરંતુ તેમાં મારા જ કર્મનો ઉદય છે.

હે સેનાપતિ ! તમે તમારી ફરજ બજાવો અને મને છોડીને જતા રહો. મને મારો વીતરાગી ધર્મ અને ધર્મભાવનાનું ચિંતવન જ સહાયક છે."

ખુબ જ દુઃખી હૃદયે વિદાય લેતા પહેલાં કૃતાંતવક્રે સીતાજીને કહ્યું:

"હે માતા ! રામચંદ્રજીને કોઇ સંદેશો કહેવો છે?"

ત્યારે સીતાએ કહ્યું :

" રામચંદ્રજીને બીજું કાંઇ નહિ પણ એટલું જરૂર કહેજો કે લોકાપવાદના ભયના કારણે મને ભલે ત્યજી પણ લોકાપવાદના કારણે વીતરાગી ધર્મ પરિણિતિના આધારભૂત જૈન ધર્મને કયારેય ન તજે. આપ ધર્માત્મા છો સર્વ શાસ્ત્રોના જાણકાર છો અને અમે તો તૂચ્છ સ્ત્રી છીએ. અમે તમને કાંઇ પણ કહેવા સમર્થ નથી. પરંતુ જગતમાં બધું જ મળે છે પણ એક જિનપ્રણીત વીતરાગી ધર્મ જ મહાભાગ્યે મળે છે. તેથી ધર્મ અને ધર્મભાવનાનું ચિંતવન કયારેય છોડવું નહિ."

એમ કહીને સીતાજી ફરીથી મૂર્ચ્છિત થઇ ઢળી પડ્યા. કૃતાંતવક્ર સીતાજીને મુર્ચ્છિત મૂકીને જતાં ખુબ દુઃખી થયો પરંતુ રામચંદ્રજીની

આજ્ઞાને આધીન તેમ કર્યા વિના છૂટકો નહોતો. ખુબ ખિન્ન હદયે તે અયોધ્યા પરત આવ્યો.

આ બાજુ થોડી વાર પછી સચેત થઇ સીતાજી ધર્મભાવનાનું ચિંતવન કરવા લાગ્યા. ધર્મભાવનાના ચિંતવનના પ્રતાપે તેનો પાપનો ઉદય પૂરો થયો અને પુણ્યનો પ્રકાશ થયો. તે સમયે હાથીને પકડવા નિર્જન વનમાં પ્રવેશેલા રાજા વજ્રજંઘે દેવાંગના સમાન સીતાજીને જોયા. સઘળો વૃતાંત જાણી સીતાજીને સાંત્વના આપી અને પોતાની પુંડરિકપુર નગરીમાં લાવ્યો. સીતાજીને કૂખે અનંગલવણ અને મદનાંકુશ કે જેઓ લવ–કુશ તરીકે ઓળખાયા તેવા જોડીયા પુત્રોનો જન્મ થયો. આ રીતે રામચંદ્રજી દ્વારા ત્યજાયેલી સીતા ધર્મભાવનાના બળે આપત્તિમાંથી ઉગરી ગયા.

૫. સીતાની અગ્નિપરીક્ષા

રામચંદ્ર દ્વારા નિર્જન વનમાં ત્યજાયેલ સીતાજીને શોધવા નારદ ચારેબાજુ ફરી રહ્યા છે. તેમાં તેમણે વનક્રિડા કરી રહેલા લવ–કુશને જોયા. દેવ જેવા જણાતા કુમારોથી આકર્ષાઇને નારદ તેમની પાસે આવ્યા. બન્ને કુમારોએ ઉભા થઇને હાથ જોડીને નારદનું સન્માન કર્યું. નારદે તેમને આર્શીવાદ આપતા કહ્યું:

"નરનાથ રામ–લક્ષ્મણ જેવી તમારી જોડી છે. બળદેવ–વાસુદેવ એવા રામ–લક્ષ્મણ જેવી લક્ષ્મી તમને મળો."

બન્ને કુમારોએ રામ–લક્ષ્મણ કોણ છે તેમ પૂછ્યું. નારદે જણાવ્યું કે સમગ્ર પૃથ્વીનો પત્ર બનાવી, સકળ વનરાઇની કલમ બનાવી, સાતેય સમુદ્રોના પાણી જેટલી શાહી વડે રામ–લક્ષ્મણના ગુણોનું આલેખન કરવામાં આવે તો પણ થઇ શકે નહિ. તેમ છતાં કુમારોના આગ્રહથી તેમણે રામ–લક્ષ્મણની સઘળી વાત કરી. પ્રજાના હિતાર્થે પોતાની પ્યારી પત્નિ સીતાનો પણ ત્યાગ કર્યો અને તે સીતાને શોધવા હું ફરી રહ્યો છું તે બાબત પણ જણાવી.

કુશે કહ્યું:

"હે સ્વામી ! રામે સીતાને ભયંકર વનમાં તજી દીધી તે સારું ન કહેવાય. લોકોપવાદ નિવારવાના બીજા પણ ઉપાય હોય છે."

લવે પૂછયું :

"અહીંથી અયોધ્યા કેટલું દુર છે ?"

નારદે ઉત્તર આપ્યો કે એકસો ને આઠ યોજન દૂર છે. લવ–કુશે અયોધ્યા ઉપર ચઢાઈ કરવાની તૈયારી કરી. પુત્રોની પિતા ઉપરની ચઢાઈના સમાચાર સાંભળી સીતા રડવા લાગી. તેથી બન્ને કુમારો માતા પાસે આવ્યા અને રૂદનનું કારણ પુછ્યું. સીતાએ બધી વાત કરી કહ્યું કે પિતા સામે યુદ્ધ કરવાનું ન હોય. જાઓ, જઈને તેમને પ્રણામ કરો. ત્યારે પુત્રોએ કહ્યુ? કે અમારા પિતા શત્રુભાવરૂપ થયા છે. અમે તેમનો વધ નહીં કરીએ પણ રણમેદાનમાં તેમને હરાવી માનભંગ કરી તમારો મેળાપ કરાવીશું.

યુદ્ધના મેદાનમાં રામની સામે અનંગવલણ અને લક્ષ્મણની સામે મદનાંકુશ આવીને ઊભા રહ્યા. બન્ને કુમારો જાણે છે કે આ મારા પિતા અને કાકા છે. પણ રામ–લક્ષ્મણ કાંઇ જાણતા નથી. તેઓ શત્રુ સમજીને કુમાર પર શસ્ત્રો ચલાવે છે પણ બન્ને કુમારના પરાક્રમ આગળ સઘળાં શસ્ત્રો શિથિલ થઇ ગયા. કુમારોએ એવી નિપુણતાથી પ્રહાર કર્યા કે મર્મસ્થાન પર ન લાગે અને સામાન્ય ચોટ લાગે. તોપણ રામ–લક્ષ્મણ મૂર્ચ્છિત થઇ ગયા. થોડીવાર પછી સચેત થયેલા લક્ષ્મણ અને મદનાંકુશ વચ્ચે તુમુલ યુદ્ધ જામી પડયું. બધાં આયુધો નિષ્ફળ નીવડતાં લક્ષ્મણે દેવોપુનિત ચંક્રરત્ન હાથમાં લઇ મદનાંકુશ ઉપર ચલાવ્યું. ચંક્રરત્ન

પ્રભાવરહિત થઇ મદનાંકુશની પ્રદક્ષિણા કરી પાછું ફર્યું. બીજીવાર ચલાવ્યું તો બીજીવાર પણ પાછું ફર્યું. કોટિશિલા ઉપાડનાર વાસુદેવ લક્ષ્મણ લજ્જિત થઇને યુદ્ધની ક્રિયાથી શિથિલ થયા. ત્યારે નારદના કહેવાથી સિદ્ધાર્થે લક્ષ્મણને જઇને કહ્યું કે આ બન્ને કુમારો જાનકીના પુત્રો છે. તમારા જ ગોત્રના હોવાથી તેના ઉપર ચક્રાદિક શસ્ત્રો ચાલશે નહિ. લક્ષ્મણે કુમારોનો વૃતાંત સાંભળી હર્ષિત થઇને હથિયાર હેઠા મૂક્યા.

લક્ષ્મણની સાથે વિભીષણ, સુગ્રીવ, હનુમાન વગેરે બધાયે મળીને રામને સીતાને પાછી લાવવાની વિનંતી કરી. પરંતુ લોકોપવાદના કારણે જેને ત્યજી દીધી છે. તેને કેવી રીતે પાછી લવાય. ઊંડા વિચાર બાદ રામચંદ્રજીએ કહ્યું કે સીતા શપથ લઇને શુદ્ધ થઇને મારા ઘરમાં પ્રવેશ કરે. સીતાજીએ જણાવ્યું કે જગતમાં જે કોઇ દિવ્ય શપથ હોય તે લઇને હું લોકોનો સંદેહ દૂર કરૂં. હે નાથ ! તમો કહો તો કાળકૂટ્ વિષ પી જાઉ. અગ્નિની જવાળાઓમાં પ્રવેશ કરૂં. રામચંદ્રએ એકાદ ક્ષણ વિચારીને સીતાજીને અગ્નિકુંડમાં પ્રવેશવાની આજ્ઞા કરી.

અરે ! વીતરાગી ધર્મ અને તેના ધારક ધર્માત્માની કસોટી કાયમ થતી જ રહે છે. સો ટચના શુદ્ધ સોનાને પણ પોતાની શુદ્ધતાની ખાત્રી કરાવવા ક્સોટીના પથ્થર ઉપર ઘસાવું પડે છે. અને અગ્નિમાં તપાસવું પડે છે. તેમ ધર્માત્માની પણ પરીક્ષા થાય તેમાં કોઇ આશ્ચર્ય નથી. અગ્નિકુંડમાં પ્રવેશતા સીતાએ ધર્મભાવનાનું ચિંતવન કરતા કહ્યું :

"આ જગતમાં વીતરાગી ધર્મ જ શરણ છે, આધાર છે, તારણહાર છે. જે ધર્મને ધારણ કરી ગમે તેવા કપરા સંયોગોમાં પણ ધર્મભાવનાના ચિંતવન દ્વારા તેને જાળવી રાખે છે તો ધર્મ પણ ધર્માત્માની મુશ્કેલ પરિસ્થિતિમાં રક્ષા કરે છે. ધર્મ અને ધર્મભાવનાના બળે હું કેટલીય પરીક્ષાઓમાંથી પસાર થયેલી છું તો આ અગ્નિપરીક્ષામાંથી પણ મને પસાર કરજે. આ મારી અંતિમ પરીક્ષા છે અને તેમાંથી પસાર થાઉં તો મારું સમગ્ર જીવન આર્યિકાદીક્ષા અંગીકાર કરી ધર્મને ખાતર વ્યતીત કરીશ.

હે અગ્નિદેવતા ! જો હું મારા શીલવ્રતને ચૂકી હોઉ અને તેના કારણે રામચંદ્ર સિવાય અન્ય કોઇ પુરુષને ચિંતવ્યું હોય કે અન્ય કોઇ પુરુષને વશ થઇ શીલથી ભ્રષ્ટ થઇ હોઉં તો મને બાળીને ભસ્મ કરજે. નહિતર ધર્મની લાજ રાખજે. જગતમાં સીતાનો અપવાદ થયો તેમ ધર્મનો અપવાદ થવા દેતો નહિ."

સીતાજીએ ઉપર મુજબ ધર્મભાવના ભાવતા નમસ્કાર મંત્ર ભણીને અગ્નિકુંડમાં પ્રવેશ કર્યો. પરંતુ સીતાના શીલ અને ધર્મના પ્રભાવે દેવોએ સહાય કરી. અગ્નિકુંડ કમળયુક્ત સરોવરમાં ફેરવાઇ ગયું. તેના મધ્યમાં રત્નજડિત સિંહાસન રચાયું અને દેવાંગનાઓએ સીતાજીને તેના ઉપર બિરાજમાન કરી. ચારેબાજુ સીતાજીનો અને તેમની ધર્મભાવનાનો જય જયકાર થયો.

पावक प्रचंड कुंड में उमंड जब रहा ।
सीता से शपथ लेने को तब राम ने कहा ।
तुम ध्यान धार जानकी पग धारती तहाँ ।
तत्काल ही सर स्वच्छ हुआ कमल लहलहा ।।

જે ધર્મભાવનાના ચિંતવન વડે ધર્મનું રક્ષણ કરે છે તેનું પણ આપત્તિ સમયે ધર્મ વડે રક્ષણ થાય છે, એવા ધર્મ રક્ષતિ રક્ષિતો સિદ્ધાંતને ચરિતાર્થ કરનારી ધર્મમૂર્તિ સતી સીતાને શત્ શત્ પ્રણામ.

ટિપ્પણ

ઉદ્યત : તૈયાર, તત્પર; ● **વિહ્વળ** : બેચેન, બાવરી; ● **ક્ષોભ** : શરમ, સંકોચ, ગભરાટ, વ્યગ્રતા; ● **લોકાપવાદ** : લોક દ્વારા થતો અપવાદ, લોકનિંદા, લોકો દ્વારા આળ મૂકાવી કે વગોણું થવું; ● **દોહદ** : સ્ત્રી ગર્ભવતી થવાથી થતી તીવ્ર અભિલાષા; સામાન્ય સ્ત્રી ગર્ભિણી થતા તેને અમુક પ્રકારની ખાવા-પીવા જેવી ઉત્કટ ઇચ્છા થતી હોય છે. સીતાજી ગર્ભવતી થતાં તેમને સમ્મેદશિખરજી વગેરે તીર્થયાત્રાની અદમ્ય ભાવના થઇ હતી, તેને દોહદ કહે છે;● **કાળકૂટ વિષ** : હળાહળ ઝેર; ● **આર્યિકાદીક્ષા** : એક વસ્ત્રધારી ઉચ્ચ પ્રતિમાધારી સ્ત્રીલિંગ ધારણ કરવાની શાસ્ત્રોક્ત વિધિ

સંદર્ભગ્રંથો

વીતરાગતારૂપ ધર્મનું અનેક પ્રકારે નિરૂપણ

૧. વસ્તુનો સ્વભાવ તે ધર્મ :: ૧. પ્રવચનસાર : ગાથા ૭ની જયસેનાચાર્યકૃત ટીકા; ● ૨. પરમાત્મપ્રકાશ : અધ્યાય ૨, ગાથા ૬૮; ● 3. મહાપુરાણ ૪૭/૩૦૨; ● ૪. જૈ.સિ.કોશ.ભાગ-૨ ધર્મ ૧/૧, પાનુ ૪૬૬;

૨. ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણ તે ધર્મ :: ● ૧. જ્ઞાનાર્ણવ : સર્ગ૨ : દ્વાદશભાવના : ૧૨. ધર્મભાવના શ્લોક ૨; ● ૨. પદ્મનંદીપંચવિંશતિ : ૧/૭; ● 3. દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ ની ટીકા; ● ૪. દર્શનપાહુડ : ગાથા ૯ ની ટીકા; ● ૫. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪૭૮; ● ૬. ચારિત્રસાર : ૫૮/૧; ● ૭. સર્વાર્થસિદ્ધિ : ૯/૬/૪૧૩/૫; ● ૮. જૈ.સિ.કોશ ભાગ-૨ ધર્મ; ● ૯, પાનુ ૪૭૬;

૩. રત્નત્રય તે ધર્મ :: ● ૧. રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા : 3; ● ૨. તત્ત્વાનુશાસન : ગાથા ૫૧; ●3. દ્રવ્યસંગ્રહ : ગાથા ૧૪૫ની ટીકા; ● ૪. જૈ.સિ.કોશ : ભાગ ૨ : ધર્મ ૧/3, પાનુ ૪૬૬;

૪. જીવદયા તે ધર્મ :: ● ૧. બોધપાહુડ : ગાથા ૨૫; ● ૨. પદ્મનંદી પંચવિંશતી : ૧/૮; ● 3. દર્શનપાહુડ ગાથા ૨ ની ટીકા; ● ૪. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૪૭૮; ● ૫. જૈ.સિ.કોશ : ભાગ ૨ : ધર્મ ૧/૨, પાનુ ૪૬૬;

૫. અહિંસા તે ધર્મ :: ● ૧. સંસ્કૃત સુભાષિત; ● ૨. પુરૂષાર્થસિદ્ધિઉપાય શ્લોક ૪૨,૪3,૪૮; ● 3. પરમાત્મપ્રકાશ : અધ્યાય-૨ ગાથા ૧૨૫ની ટીકામાંનો ઉદ્ધૃત શ્લોક; ● ૪. બોધપાહુડ : ગાથા ૨૫; ● ૫. સર્વાર્થસિદ્ધિ ૯/૭/૪૧૮/૨૬; ● ૬. તત્વાર્થરાજવાર્તિકઃ ૬/૧૩/૫/૫૨૪/૬; ● ૭. દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ ની ટીકા; ● ૮. જૈ.સિ.કોશઃ ભાગ-૨ ધર્મ ૧/૨, પાનુ ૪૬૬;

૬. ઇષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવે તે ધર્મ :: ● ૧. સર્વાર્થસિદ્ધિ ૯/૨/૪૦૯/૧૧; ● ૨. તત્ત્વાર્થરાજવાર્તિક : ૯/૨/3/૫૯૧/3૨; ● 3. રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા ૨; ● ૪. મહાપુરાણ ● ૫. જ્ઞાનાર્ણવ : ૨-૧૦/૧૫; ● ૬. જૈ.સિ.કોશઃ ભાગ-૨ ધર્મ ૧/૧, પાનુ ૪૬૬;

ધર્મભાવનાના અન્ય મુદ્દાઓ :૧. બારસઅણુવેક્ખાનુપ્રેક્ષા : ગાથા ૬૮ થી ૮૨; ● ૨. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા 3૦૨ થી ૪3૭; ● 3. ભગવતી આરાધના : ગાથા ૧૮૫૧ થી ૧૮૫૯; ● ૪. જ્ઞાનર્ણવ : સર્ગ૨ : શ્લોક ૧૫૦ થી ૧૭3; ● ૫. મૂલાચાર : ઉત્તરાર્ધ : ગાથા ૭૫૨ થી ૭૫૬; ● ૬. તત્ત્વાર્થસાર : અધ્યાય ૬ : ગાથા ૪૨; ● ૭. પદ્મનંદી પંચવિંશતિ : અધ્યાય : ૬, શ્લોક ૫૬, ૫૭; અધ્યાય : ૧, શ્લોક : ૧૮૨; ● ૮. અનગાર ધર્મામૃત : અધ્યાય : ૬, ગાથા ૮૦, ૮૧; ● ૯. સમણસુત્તં : ગાથા ૫૨૫; ● ૧૦. તત્ત્વાર્થરાજવાર્તિક : ૬/૭, ૧૧/૬૦૭/૪; ● ૧૧. સર્વાર્થસિદ્ધિ : ૬/૭,૧૧/૬૦૭/૪; ● ૧૨. બૃહદ્દ્રવ્યસંગ્રહ : ગાથા 3૫ની ટીકા; ● ૧3. ચારિત્રસાર : ૨૦૧/3; ● ૧૪. બ્રહ્મચારીનાં વચનામૃત : નં.૨3૬; ● ૧૫. પ્રવચનસાર : ગાથા : ૭ અને તેની ટીકા; ● ૧૬. જૈ.સિ.કોશઃ ભાગ-૧ : અનુપ્રેક્ષા : ૧/૪, પાનુ-૭૯; ● ભાગ૨ : ધર્મ; ● ધર્મભાવનાની કથા : **ધર્મ રક્ષિત રક્ષિતો** :: ● ૧. રવિષેણઆચાર્યકૃત પદ્મપુરાણ પર્વ ૨૫, 3૧,3૨,૪૪,૪૯, ૯૫,૯૬,૯૭,૧૦૨,૧03,૧૦૫ના આધારે

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.

૦૧. વીતરાગતારૂપ ધર્મને કયા નામે ઓળખી શકાતું નથી? ૦૧. ☐
A:: સમ્યગ્દર્શન B:: સમ્યક્ચારિત્ર
C:: સામ્યભાવ D:: મોહક્ષોભ વિનાના નિજ પરિણામ

૦૨. રત્નત્રય શું છે? ૦૨. ☐
A:: હીરા-મણેક-મોતી B:: દ્રવ્ય-ગુણ-પર્યાય
C:: સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર D:: સત્દેવ-ગુરુ-શાસ્ત્ર

૦૩. અહિંસા શું નથી? ૦૩. ☐
A:: પરમ ધર્મ B:: પરમ દાન C:: પરમ ધન D:: પરમ સંયમ

૦૪. ધર્મ શું છે? ૦૪. ☐
A:: સંપ્રદાય B:: માનવતા C:: સદાચાર D:: વીતરાગતા

૦૫. કોને જાણ્યા વિના ધર્મની પ્રાપ્તિ ન થાય? ૦૫. ☐
A:: બાર અંગ B:: ધર્મની ગતિ-અગતિ
C:: દેવ-ગુરુ-શાસ્ત્ર D:: પોતાના શુદ્ધ સ્વરૂપ

૦૬. શું કરવાથી ધર્મ થાય? ૦૬. ☐
A:: ભગવાનની ભક્તિ-પૂજા B:: વ્રત-તપશ્ચરણ
C:: ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ D:: સ્વ-પરનો વિવેક

૦૭. પોતાની મહાનતા કોના કારણે હોય છે? ૦૭. ☐
A:: ઉચ્ચશિક્ષણ B:: સત્તા C:: સંપત્તિ D:: ધર્મ

૦૮. ધર્મની રક્ષા કરનારની રક્ષા કોના દ્વારા થાય છે? ૦૮. ☐
A:: પોતા B:: ધર્મ C:: ભગવાન D:: રક્ષક દેવ

૦૯. પુણ્યભાવને છોડવાથી જ્ઞાની કેવા થાય છે? ૦૯. ☐
A:: પાપી B:: મોક્ષમાર્ગમાં એકદમ પાછળ
C:: મોક્ષમાર્ગમાં એકદમ આગળ D:: નિરાધાર

૧૦. ધારેય ભાવના શા માટે હોય છે? ૧૦. ☐
A:: આત્માના ધર્મ B:: પુણ્યની પ્રાપ્તિ
C:: પાપની આલોચના D:: મુનિદીક્ષા અંગીકાર કરવા

સૈદ્ધાંતિક પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં જવાબ આપો.

૦૧. ધર્મ શું છે?
૦૨. ધર્મભાવના કોને કહે છે?
૦૩. વીતરાગતારૂપ ધર્મના સમાનાર્થી નામ આપો.
૦૪. વીતરાગતારૂપ ધર્મના નિરૂપણના મુખ્ય પ્રકારના નામ આપો.
૦૫. ધર્મના દશ લક્ષણના નામ આપો.
૦૬. ધર્મના પ્રતિપાદક તીર્થંકરદેવ કોને ધર્મ કહે છે?
૦૭. જીવદયા કોને કહે છે?
૦૮. જીવદયાના બે પ્રકાર જણાવો.
૦૯. નિશ્ચયથી જીવદયા શું છે?
૧૦. વ્યવહારથી જીવદયા શું છે?
૧૧. નિશ્ચયથી અહિંસા શું છે?
૧૨. વ્યવહારથી અહિંસા શું છે?
૧૩. ભાવહિંસા શું છે?
૧૪. દ્રવ્યહિંસા શું છે?
૧૫. જીવનું ઈષ્ટ સ્થાન શું છે?
૧૬. મોક્ષમાં જીવને કેવું સુખ હોય છે?
૧૭. ધર્મ એ આત્માની કેવી અવસ્થા હોય છે?
૧૮. કેવા શુભભાવને વ્યવહારથી ધર્મ કહેવાય છે?
૧૯. ધર્મ માટે શું જરૂરી છે?
૨૦. પૂજ્યશ્રી કાનજીસ્વામીના શબ્દોમાં ધર્મનું સ્વરૂપ શું છે?
૨૧. જગતમાં ધર્મના મર્મને જાણનારા લોકો કેટલાં હોય છે?
૨૨. ધર્મ માટે શેની જરૂર હોય છે?
૨૩. આત્માની મહાનતા એટલે શું?
૨૪. શા માટે કલ્પવૃક્ષ કરતાં પણ ધર્મ વધુ મહિમાવંત છે?
૨૫. ધર્મભાવનાની ચિંતવન પ્રક્રિયામાં શેની વિચારણા હોય છે?
૨૬. ધર્મભાવનાનો અભ્યાસ એટલે શું?
૨૭. શુભાશુભરાગનો માર્ગ અને વીતરાગનો માર્ગ પરસ્પર કેવો છે?
૨૮. મોક્ષનો માર્ગ અને સંસારનો માર્ગ શું છે?
૨૯. ધર્મનું સ્વરૂપ હંમેશા કેવું હોય છે?
૩૦. બારેય ભાવનાના ફળમાં શેની પ્રાપ્તિ હોય છે?

નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૦૧. ધર્મભાવનાની વ્યાખ્યા અને તેની સમજૂતી આપો.
૦૨. વસ્તુના સ્વભાવ તરીકે વીતરાગતારૂપ ધર્મનું નિરૂપણ સમજાવો.
૦૩. ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણારૂપે ધર્મનું નિરૂપણ સમજાવો.
૦૪. રત્નત્રયરૂપે ધર્મનું નિરૂપણ સમજાવો.
૦૫. સમ્યગ્દર્શન કોને કહે છે?
૦૬. સમ્યગ્જ્ઞાન કોને કહે છે?
૦૭. સમ્યક્ચારિત્ર કોને કહે છે?
૦૮. જીવદયારૂપે ધર્મનું નિરૂપણ સમજાવો.
૦૯. અહિંસારૂપે ધર્મનું નિરૂપણ સમજાવો.
૧૦. ઈષ્ટ સ્થાનને પ્રાપ્ત કરાવે તે ધર્મ એ વીતરાગતારૂપ ધર્મનું જ નિરૂપણ છે તે સમજાવો.
૧૧. ધર્મ એ શું છે અને શું નથી? તે સમજાવો.
૧૨. ધર્મની પ્રાપ્તિ કઈ રીતે છે? અને કઈ રીતે નથી? તે સમજાવો.
૧૩. બોધિદુર્લભભાવના અને ધર્મભાવના વચ્ચેના ચિંતવનના ભેદને સમજાવો.
૧૪. ધર્મનો મહિમા સાજવો.
૧૫. ધર્મભાવનાના ચિંતવનથી સહનશીલતા કઈ રીતે આવે છે?
૧૬. ધર્મભાવનાના ચિંતવનથી કઈ રીતે સમાધાનવૃત્તિ આવે છે?
૧૭. શા માટે આ જીવને જો કોઈ ઉપાદેય હોય તો તે વીતરાગભાવરૂપ ધર્મ જ છે? તે સમજાવો.
૧૮. શા માટે શુભભાવ હેય છે?
૧૯. પોતાનું સાંસારિક જીવન જ ધર્મભાવનાનું સાધન કે કારણ કઈ રીતે થાય છે? તે સમજાવો
૨૦. ધર્મભાવનાનો અભ્યાસ કઈ રીતે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે? તે સમજાવો
૨૧. ધર્મભાવનાનો અભ્યાસ કઈ રીતે સંસાર પ્રત્યેના વૈરાગ્યનું કારણ છે? તે સમજાવો
૨૨. ધર્મભાવનાનું ફળ ધર્મનું સાચું વીતરાગી સ્વરૂપ સમજાવનાર કઈ રીતે છે?
૨૩. ધર્મભાવનાનું ફળ વીતરાગતાની ભાવના કઈ રીતે છે?
૨૪. ધર્મને ધારણ કરવા માટે શું કરવું જોઈએ?

નીચેનાનો તફાવત કોષ્ટકમાં રજૂ કરો.

૧. બોધિદુર્લભભાવના અને ધર્મભાવના.

પરિશિષ્ટ : ૧ : બારભાવનાના કાવ્યો

બારભાવના સંબંધી હિન્દિમાં સો ઉપરાંત કાવ્યો જોવા મળે છે, તેમાંથી ભાવવાહી, મધુર અને સારી રીત ગેય હોઈ તેવા પાંચ કાવ્યો અહીં આપવામાં આવે છે. આ કાવ્યો ચૈકી કેટલાકની સંગીતમય સી.ડી. પણ ઉપલબ્ધ હોય છે, જેને વારંવાર સાંભળવાથી જે તે કાવ્યને સરળતાથી કંઠસ્થ કરી શકાય છે. આ કાવ્યો ચૈકી એકાદ કાવ્ય તેના ભાવાર્થ સહિત કંઠસ્થ કરી તેનો નિયમિત પાઠ કરવો મુમુક્ષુઓ માટે અત્યંત ઉપકારી છે. તેથી અહીં દરેક કાવ્યનો ગુજરાતી ભાવાનુવાદ પણ આપવામાં આવે છે. પં.ભૂધરદાસનું કાવ્ય અત્યંત પ્રચલિત અને પ્રસિદ્ધ હોવાથી તેનું અંગ્રેજી રૂપાંતર પણ આપવામાં આવેલ છે.

કાવ્ય નં.૧ : પંડિતશ્રી ભૂધરદાસકૃત બારભાવના

૧. अनित्यभावना

राजा राणा छत्रपति, हथियन के असवार ।
मरना सबको अेक दिन, अपनी अपनी बार ।।

ગમે તેટલો મોટો ચક્રવર્તી રાજા હોય કે છત્રપતિ મહારાણા હોય કે હાથી ઉપર સવારી કરનાર હોયઙ્ઘઙ્ઘઙ્ઘદરેકને પોતપોતાના સમયે અવશ્ય મરવું પડે છે. કોઇ નિત્ય નથી. પરંતુ પોતાના ત્રિકાળી શુદ્ધ આત્મા નિત્ય છે સાંસારિક અનિત્ય સંયોગોનું લક્ષ છોડી પોતાના પારમાર્થિક નિત્ય શુદ્ધાત્માનું લક્ષ કરવાના ઉપાયની વિચારણા કરવી તે અનિત્યભાવના છે.

---

૨. अशरणभावना

दल बल देवी देवता, मात पिता परिवार ।
मरती बिरियाँ जीव को, कोई न राखनहार ।।

મરણ સમયે મોટા સૈન્યનું બળ હોય, દેવી-દેવતા હાજરાહજૂર હોય, માતા-પિતા-પરિવાર ખડા પગે સેવામાં હોય તોપણ તે કોઇ મરણથી બચાવી શકતું નથી. તેથી કોઇ શરણ નથી. અને પોતાનો ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા જ પોતાને શરણ છે. તેથી અશરણભૂત સાંસારિક સંયોગોનો આશ્રય છોડી પોતાના શરણભૂત શુદ્ધાત્માનો જ આશ્રય કરવાનો ઉપાય વિચારવો તે અશરણભાવના છે.

---

3. संसारभावना

दाम बिना निर्धन दुःखी, तृष्णा वश धनवान ।
कहीं न सुख संसार में, सब जग देख्यो छान ।।

ધન વિના નિર્ધન અને વધતી જતી તૃષ્ણાના કારણે ધનવાન દુઃખી હોય છે. સઘળા સંસારમાં શોધ કરવા છતાં ક્યાંય સુખ જોવા મળતું નથી. તેથી સંસાર અસાર છે. સંસારથી વિરુદ્ધ મોક્ષ અને મોક્ષમાર્ગ સુખમય હોવાથી સારભૂત છે. તેથી અસાર સંસારનું પ્રયોજન વિચારવું તે સંસારભાવના છે.

૪. એકત્વભાવના

आप अकेला अवतरे, मरे अकेला होय ।
यूँ कबहूँ इस जीव का, साथी सगा न कोय ।।

જીવ જન્મે ત્યારે એકલો હોય છે અને મરે ત્યારે પણ એકલો જ હોય છે. જન્મ-મરણ વચ્ચેના ગાળામાં સંકટ સમયે સહાય કરી શકે તેવા સાથી-સગાં પણ આ જીવને ક્યારેય હોતા નથી. તેથી દરેક પ્રસંગે આ જીવ એકલો જ છે. આ રીતે સંસારમાં પોતાનું એકત્વ એટલે કે અસહાયપણું હોવાથી તે હેય છે. પરંતુ પોતાના આત્માનું ત્રિકાળી સામર્થ્યરૂપ એકત્વ પોતાને સહાયરૂપ હોવાથી તે ઉપાદેય છે. આ પ્રકારની વિચારણા થવી તે એકત્વભાવના છે.

૫. અન્યત્વભાવના

जहाँ देह अपनी नहीं, तहाँ न अपना कोय ।
घरसम्पति पर प्रगट ये, पर है परिजन लोय ।।

સૌથી નજીકનો દેહ પણ જ્યાં પોતાનો નથી ત્યાં બીજું કોઇ પોતાનું હોય શકે નહિ. ઘર-સંપત્તિ પ્રગટપણે પારકા જ છે, અને પરિવારજન પણ સંકટ સમયે સહાય કરી શકતા ન હોવાથી પારકા છે. તેથી આ જીવ સઘળાં સંયોગોથી ભિન્ન છે, અન્ય છે. આ પ્રકારે સ્વ-પરના ભેદજ્ઞાનની ભાવના એ અન્યત્વભાવના છે.

૬. અશુચિભાવના

दिपे चाम चादर मढी, हाड पींजरा देह ।
भीतर या सम जगत में, और नहीं घिन गेह ।।

હાડકાના પીંજરાવાળી દેહ ઉપર ઢાંકેલી ચામડીની ચાદરના કારણે બહારથી તે શોભે છે. પરંતુ તેની અંદરમાં જેવી ઘૃણાસ્પદ ચીજ છે, તેવી જગતમાં બીજે ક્યાંય નથી. તેથી દેહ અશુચિ છે. પરંતુ પોતાનો શુદ્ધાત્મ શુચિ છે. અશુચિરૂપ દેહાદિ સંયોગોના આશ્રયે પોતાની અવસ્થામાં અશુચિમય રાગાદિની ઉત્પત્તિ હોય છે. આ રીતે શુચિ-અશુચિનું સ્વરૂપ વિચારવું તે અશુચિભાવના છે.

૭. આસ્રવભાવના

मोह नींद के जोर, जगवासी घूमैं सदा ।
कर्मचोर चहूँ ओर, सरवस लुटे सुध नहीं ।।

મોહનિદ્રાને વશ જગતના અજ્ઞાની પ્રાણીઓ સંસારમાં સતત ભ્રમણ કરતા રહે છે. અને ભાનરહિતના આવા અજ્ઞાની લોકોની અનંતગુણરૂપી બધી સંપત્તિને ચારે બાજુ વ્યાપ્ત કર્મરૂપી ચોર લૂંટતા રહે છે. તેથી અજ્ઞાન જ આસ્રવનું કારણ છે. અજ્ઞાનમય મોહના અભાવ દ્વારા આસ્રવના અભાવનો ઉપાય વિચારવો તે આસ્રવભાવના છે.

૮. સંવરભાવના

सतगुरु देय जगाय, मोह नींद जब उपशमे ।
तब कछु बने उपाय, कर्म चोर आवत रुकै ।।

મહાભાગ્યથી પ્રાપ્ત સદ્‌ગુરુના સદુપદેશથી જ્યારે મોહનિદ્રા ઉપશમે છે, ત્યારે કર્મરૂપી ચોરને અટકાવવાનો કોઇ ઉપાય બને છે. અને મોહને મટાડતા કર્મરૂપી ચોર આવતા અટકે છે. આ રીતે મોહનો અભાવ જ સંવરનું કારણ છે. આસ્રવતા વિરોધી સંવરની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુના સદુપદેશને સમજી તેને અનુસરવાનો ઉપાય વિચારવો તે સંવરભાવના છે.

૯. નિર્જરાભાવના

ज्ञान दीप तप तेल भर, घर सोधै भ्रम छोर ।
या विधि बिन निकसे नहीं, बैठे पूरब चोर ।।
पञ्चमहाव्रत सञ्चरण, समिति पंच परकार ।
प्रबल पंच इन्द्री विजय, धार निर्जरा सार ।।

નિશ્ચયથી તપરૂપી તેલ ભરેલ જ્ઞાનરૂપી દિપક વડે પોતાના શુદ્ધસ્વરૂપી ઘરની શોધ કરી તેમાં સ્થિત રહી બહારનું ભ્રમણ છોડી દેવાથી પહેલેથી પેઠેલા કર્મરૂપી ચોર નીકળી જાય છે. કર્મની નિર્જરાની આ સિવાયની બીજી કોઇ વાસ્તવિક વિધિ નથી. પરંતુ વ્યવહારથી પંચમહાવ્રતનું પાલન, સમિતિનું આચરણ અને પ્રબળ એવી પાંચ ઇન્દ્રિયોનો વિજય જેવા શુભભાવો કર્મની નિર્જરાનું કારણ છે. નિશ્ચય-વ્યવહાર નિર્જરાની આવી દ્રઢ ધારણા કરો. આ પ્રકારની ભાવના તે નિર્જરાભાવના છે.

૧૦. લોકભાવના

चौदह राजु उतंङ्ग नभ, लोक पुरुष संठान।
तामे जीव अनादि से,भरमत है बिन ज्ञान ।।

અનંત આકાશમાં ચૌદ રાજૂ ઊંચો પુરુષાકાર લોક રહેલો છે. આ લોકમાં સંસારી જીવ પોતાના અજ્ઞાનના કારણે અનાદિથી ભ્રમણ કરતો રહે છે. જીવ પોતાના ચૈતન્યસ્વરૂપ નિજલોકમાં નિવાસ કરે તો તેનું લોકમાં થતું ભ્રમણ અટકી લોકાગ્રે સ્થિરતાની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારનું ચિંતવન તે લોકભાવના છે.

૧૧. બોધદુર્લભભાવના

धन कन कंचन राजसुख, सर्व सुलभकर जान।
दुर्लभ है संसार में, अेक यथारथ ज्ञान ।।

આ સંસારમાં ધન, ધાન્ય, સુવર્ણ, રાજપાટ વગેરેના સાંસારિક સુખ અનેકવાર પ્રાપ્ત થયેલ હોવાથી સુલભ છે. પરંતુ પારમાર્થિક સુખનું સાધન એવું સમ્યગ્જ્ઞાન એકેયવાર પ્રાપ્ત કરેલું ન હોવાથી તેને દુર્લભ જાણો. આ સમ્યગ્જ્ઞાનરૂપ દુર્લભ બોધિ વર્તમાન મનુષ્યજીવનમાં સુલભ હોવાથી તેની પ્રાપ્તિ માટેના ઉપાયની વારંવાર વિચારણા થવી તે બોધિદુર્લભભાવના છે.

૧૨. ધર્મભાવના

याचे सुरतरु देय सुख, चिन्तत चिन्ता रैन ।
बिन याचे बिन चिंतवे, धर्म सकल सुख दैन ।।

કલ્પવૃક્ષનું સુખ તેની પાસે યાચના કરવાથી મળે છે. ચિંતામણિનું સુખ તેની પાસે ચિંતવવાથી મળે છે. પરંતુ ધર્મને ધારણ કરવાથી કોઇપણ યાચના કે ચિંતવન વગર સર્વ પ્રકારનું સુખ સહજ પ્રાપ્ત થાય છે. માટે ધર્મને ધારણ કરવા માટેનો જ પ્રબળ પુરુષાર્થ પ્રર્વતાવવો જોઇએ એ પ્રકારની ભાવના તે ધર્મભાવના છે.

દ્રવ્યબંધારણ

*દ્રવ્યબંધારણનો વિષય જેટલો મહત્વનો અને મૂળભૂત છે તેટલો જ તે સામાન્યજન માટે સંકીર્ણ અને શુષ્ક છે. વળી, તેની ચર્ચા પણ બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. ખાસ કરીને પ્રવચનસાર શાસ્ત્રમાં તેની ચર્ચા છે. પણ આ મૂળ શાસ્ત્રની હજારો વર્ષ જૂની ભાષા અને પદ્ધતિ તેમજ ગહન અને ગંભીર રહસ્યો જનસાધારણ માટે જટીલ હોય છે. તેથી આ વિષયની સરળ, સુગમ, રોચક અને આધુનિક પદ્ધતિ અનુસારની રજુઆત હોય તો તે દરેકને લાભનું કારણ થઇ શકે છે. આ બાબતને ધ્યાનમાં લઈને લેખક દ્વારા આ વિષયનું વૈજ્ઞાનિક પદ્ધતિએ સર્વાંગીણ રજૂઆત કરતું પુસ્તક **દ્રવ્યબંધારણ** નામે તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ પુસ્તકની અગાઉથી માંગણી પ્રકાશન સંસ્થાને કરી આપની નકલ સુરક્ષિત કરવા વિનંતિ છે.*

કાવ્ય નં. ૨ : કવિશ્રી મંગતરાયકૃત બારભાવના

મંગલાચરણ

વન્દુ શ્રી અરહન્ત પદ, વીતરાગ વિજ્ઞાન ।
વરણૂં બારહ ભાવના, જગ જીવન હિત જાન ॥

અરિહંત ભગવાન અને તેમના દ્વારા પ્રરૂપિત વીતરાગ-વિજ્ઞાનને વંદન કરીને સંસારી ભવ્યજીવોના આત્મહિતના કારણભૂત બારભાવનાનું વર્ણન કરૂં છું.

બારભાવનાની ભૂમિકા

કહાં ગયે ચક્રી જિન જીતા, ભરત ખંડ સારા ।
કહાં ગયે વહ રામ રુ લછમન, જિન રાવણ મારા ॥
કહાં કૃષ્ણ રુકિમણી સતભામા, અરુ સંપત્તિ સગરી ।
કહાં ગયે વહ રંગ મહલ અરુ, સુવરન કી નગરી ॥

નહીં રહે વહ લોભી કૌરવ, જૂઝ મરે રન મેં ।
ગયે રાજ તજ પાંડવ વન કો, અગ્નિ લગી તન મેં ॥
મોહ નીંદ સે ઉઠ રે ચેતન, તુઝે જગાવન કો ।
હો દયાલ ઉપદેશ કરેં, ગુરુ બારહ ભાવન કો ॥

સમસ્ત ભરતખંડને જીતનાર ચક્રવર્તીઓ અત્યારે ક્યાં ખોવાઇ ગયા છે ? રાવણને હણનારા રામ-લક્ષ્મણ ક્યાં ગયા છે ? મહારાજા કૃષ્ણ અને તેની રાણીઓ-રૂક્ષ્મણિ, સત્‌ભામા વગેરે ક્યાં છે ? વળી તેમની સઘળી સંપત્તિ, ભવ્ય રંગમહેલ અને સોનાની નગરીદ્વારિકા ક્યાં ખોવાયા છે ?

રણના મેદાનમાં મરી ફીટનારા લોભી કૌરવો રહ્યા નથી અને રાજપાટને તજીને વનમાં વસનારા પાંડવ મુનિભગવંતો પણ શરીરમાં અગ્નિના ઉપસર્ગથી સળગી ઉઠ્યા. તેથી હે ચેતન ! તું તારી શરીરાદિ સંયોગો સાથેની એકત્વબુદ્ધિરૂપ મોહનિદ્રામાંથી જાગ. તને જગાવવા માટે શ્રીગુરુએ કરૂણા કરીને ઉપદેશેલ બારભાવનાનું વર્ણન તું સાંભળ!

૧. અનિત્યભાવના

સૂરજ ચાંદ છિપે નિકલે, ઋતુ ફિર ફિર કર આવે ।
પ્યારી આયુ ઐસી બીતે, પતા નહીં પાવે ॥
પર્વત પતિત નદી સરિતા જલ, બહ કર નહિં હટતા ।
સ્વાઁસ ચલત યોં ઘટે કાઠ જ્યો, આરે સોં કટતા ॥

ઓસ બૂંદ જ્યો ગલે ધૂપ મેં, વા અંજુલિ પાની ।
છિન છિન યૌવન છીન હોત હૈ, ક્યા સમઝે પ્રાની ॥
ઈન્દ્રજાલ આકાશ નગર સમ, જગ સમ્પતિ સારી ।
અથિર રુપ સંસાર વિચારો, સબ નર અરુ નારી ॥

સૂરજ અને ચાંદ રોજ ઉગે છે અને આથમે છે. એક પછી એક ઋતુ ફરીફરીને આવ્યા કરે છે. તેમાં પોતાનું પ્યારૂં આયુષ્ય એવી રીતે વીતતું જાય છે કે કોઇ ખબર જ પડતી નથી. જેમ પર્વત ઉપરથી પડીને વહી જતું નદી-સરિતાનું જળ ફરી પાછું ફરતું નથી, તેમ જે પળ આયુષ્યની વીતી ગઇ તે પાછી ફરતી નથી. જેવી રીતે કરવત ચાલે તેમ લાકડું કપાતું રહે છે, તેવી રીતે શ્વાસ ચાલે તેમ આયુષ્ય ઓછું થતું જાય છે.

જેમ ઝાકળનું ટીપું તડકામાં સૂકાતું જાય છે અથવા ખોબામાં રાખેલું પાણી ટીપે-ટીપે નીતરી જાય છે, તેમ પોતાનું યૌવન ક્ષણે-ક્ષણે ક્ષીણ થતું જાય છે ; તે શું પ્રાણી સમજી શકે છે ? આકાશનગરીમાં રચાતા ઇન્દ્રજાળ-મેઘધનુષની જેમ જગતની સઘળી સંપત્તિઓ અને સંસારનું સ્વરૂપ અનિત્ય જ છે તેમ બધાં પુરુષો અને સ્ત્રીઓએ વિચારવું તે જ અનિત્યભાવના છે.

૨. અશરણભાવના

કાલ સિંહ ને મૃગ ચેતન કો ઘેરા ભવ વન મેં ।
નહીં બચાવન હારા કોઈ, યો સમઝો મન મેં ।
મન્ત્ર યન્ત્ર સેના ધન સમ્પતિ, રાજ પાટ છૂટે ।
વશ નહિં ચલતા કાલ લુટેરા, કાય નગરિ લૂટે ॥

ચક્ર રતન હલધર સા ભાઈ, કામ નહીં આયા ।
એક તીર કે લગત કૃષ્ણ કી, વિનશ ગઈ કાયા ॥
દેવ ધર્મ ગુરુ શરણ જગત મેં, ઔર નહીં કોઈ ।
ભ્રમ સે ફિરે ભટકતા ચેતન, યૂં હી ઉમર ખ્રોઈ ॥

જેમ વનમાં સિંહ વડે ઘેરાયેલ મૃગના જીવનને બચાવનારૂં કોઇ નથી, તેમ સંસારરૂપી વનમાં કાળરૂપી સિંહ વડે ઘેરાયેલ ચેતનરૂપી મૃગના જીવનને બચાવનારૂં કોઇ નથી. તે બાબત બરાબર મનમાં સમજો. કાળરૂપી લૂંટારો જ્યારે પોતાની કાયારૂપી નગરીને લૂંટે છે ત્યારે મંત્ર, યંત્ર, સેના, ધન-સંપત્તિ, રાજ-પાટ વગેરેનો ઉપયોગ કરવાં છતાં તેઓ કાળરૂપી લૂંટારાને વશ કરી શકતા નથી.

જુઓ, એક જ તીરથી કૃષ્ણની કાયા વિણસી ગઇ ત્યારે બલભદ્ર જેવો ભાઇ અને ચક્રરત્ન જેવું રત્ન હોવા છતાં તેઓ કાંઇ કામમાં આવ્યા નહિં. અશરણ સંસારમાં શરણ માટે ચારેબાજુ ભટકતો રહીને ચેતન પોતાનું અમૂલ્ય જીવન વ્યર્થ ખોઇ નાંખે છે. પરંતુ અશરણ સંસારમાં દેવ-ગુરુ-ધર્મ સિવાય બીજુ કોઇ શરણ નથી. આ પ્રકારની વિચારણા તે અશરણભાવના છે.

3. સંસારભાવના

જનમ મરન અરુ જરા રોગ સે, સદા દુખી રહતા ।
દ્રવ્ય ક્ષેત્ર અરુ કાલ ભાવ ભવ, પરિવર્તન સહતા ॥

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપી પંચપરાવર્તનમાં પરિભ્રમણ કરતો જીવ જન્મ-મરણ અને જરા-રોગથી સદાય દુ:ખી રહે છે. નરકગતિમાં છેદન-ભેદન અને પશુગતિમાં વધ-બંધનના દુ:ખો સહન કરવા પડે છે. દેવગતિમાં સુખ માનવામાં આવે છે. પરંતુ ખરેખર જોવામાં

छेदन भेदन नरक पशु गति, वध बन्धन सहना ।
राग उदय से दुःख सुरगति में, कहाँ सुखी रहना ।।

भोगि पुण्य फल हो ईक इंन्द्रिया क्या ईसमें लाली ।
कुतवाली दिन चार वही फिर, खुरपा अरु जाली ।।
मानुष जन्म अनेक विपत्तिमय, कहीं न सुख देखा ।
पंचम गति सुख मिले शुभाशुभ का मेटो लेखा ।

આવે તો તેઓ પણ રાગ-તૃષ્ણાના ઉદયથી દુઃખી જ હોય છે. દેવમાં પણ દુઃખ હોય તો આ સંસારમાં ક્યાં સુખી રહી શકાય ?

ચાર દિવસની કોટવાળી કે અમલદારી પછી ફરી પાછી ખૂરપી અને જાળી વડે મજૂરી જ કરવાની હોય તો તેમાં શું શોભા છે ? તેમ દેવગતિમાં પુણ્યનું ફળ ભોગવ્યા પછી ફરી પાછો એકેન્દ્રિયમાં જ અવતાર ધારણ કરવાનો હોય તો તેમાં શું શોભા છે ? મનુષ્યજન્મ તો પ્રત્યક્ષપણે અનેક વિપત્તિમય છે. તેથી સંસારની ચારેય ગતિમાં ક્યાંય સુખ દેખાતું નથી. શુભાશુભભાવને મટાડવાથી મળતી પંચમગતિ-મોક્ષ જ સુખનું કારણ છે. આ રીતની વિચારણા તે સંસારભાવના છે.

४. એકત્વભાવના

जन्मे मरे अकेला चेतन, सुख दुख का भोगी ।
और किसी का क्या ईक दिन यह देह जुदी होगी ।।
कमला चलत न पेंड जाय, मरघट तक परिवारा ।
अपने अपने सुख को रोवे, पिता पुत्र दारा ।।

ज्यों मेंले में पंथी जन मिल, नेह फिरे धरते ।
ज्यो तरुवर पै रैन बसेरा, पंछी आ करते ।।
कोस कोई दो कोस कोई उड, फिर थक थक हारे ।
जाय अकेला हंस संग में, कोई न पर मारे ।।

આ જીવ જન્મ-મરણ અને સુખ-દુઃખના ભોગવટામાં પોતે એકલો જ હોય છે અને એક દિવસ આ દેહ જીવથી જૂદો પડશે ત્યારે પણ એનું કોઇ હોતું નથી. અંતિમયાત્રા સમયે પોતાની પત્નિ પોતાને વળાવવા ઊંબરાથી આગળ જતી નથી. પરિવારજનો પણ સ્મશાન સુધી જ જાય છે. તે સમયે પિતા-પુત્ર-પત્નિ વગેરે પરિવારજનો રડે છે, તે પણ પોતાની સુખ-સુવિધા જતી રહી તેને રડે છે. પણ પોતે પરિવાર માટે પાપ કરીને ઢોરમાં ગયો તેને માટે કોઇ રડતું નથી.

જેમ મેળામાં ભેગા થયેલા મુસાફરો પરસ્પર પ્રેમ દાખવે છે. જેમ રાતવાસો કરવા મોટા વૃક્ષ ઉપર એકઠા થયેલા પક્ષીઓ પરસ્પર મૈત્રી કરે છે. અને સવાર થતાં કોઇ કોઇની સાથે એક-બે ગાઉ જઇને થાકી-હારીને પાછું ફરે છે, ત્યારપછી પોતાને એકલું જ ઊડવું પડે છે. તેમ આ સંસારમાં આ જીવનું બીજું કોઇ સંગાથી હોતું નથી. દરેક પ્રસંગમાં પોતે એકલો જ હોય છે. આવી વિચારણા તે એકત્વભાવના છે.

५. अन्यत्वभावना

मोह रुप मृग तृष्णा जग में, मिथ्या जल चमके ।
मृग चेतन नित भ्रम में उठ उठ, दौड़े थक थक के ।।
जल नहि पावै प्राण गमावे, भटक भटक मरता ।
वस्तु पराई मानै अपनी, भेद नहीं करता ।।

तू चेतन अरु देह अचेतन, यह जड़ तू ज्ञानी ।
मिले अनादि यतन तें बिछुडे, ज्यों पय अरु पानी ।।
रुप तुम्हारा सबसों न्यारा, भेद ज्ञान करना ।
जोलों पौरुष थके न तोलों, उद्यम सो चरना ।।

જેમ જગતમાં મૃગ મૃગતૃષ્ણામાં એટલે કે ઝાંઝવાના જળમાં જળ જેવી ચમક જોઇને ભ્રમણાથી તેને જળ માનીને તેની પાછળ દોડીને, થાકીને પોતાના પ્રાણ ગુમાવે છે પણ જળ પ્રાપ્ત કરી શકતું નથી. તેમ આ સંસારમાં જીવરૂપી મૃગ મોહરૂપી મૃગતૃષ્ણામાં એટલે કે સુખાભાસ જેવા જણાતા પરવિષયોમાં ભ્રાંતિથી સુખ માનીને તેની પાછળ ભટકી ભટકીને મરે છે પણ સુખ પ્રાપ્ત કરી શકતું નથી. આ જીવ પારકાં પદાર્થોને પોતાના માની તેમાં સુખ શોધે છે પણ સ્વ-પરનો ભેદ કરતો નથી.

પોતે ચૈતન્યમય જાણનાર પદાર્થ છે અને દેહ અચેતન જડ પદાર્થ છે. દૂધ અને પાણીની જેમ આત્મા અને શરીર અનાદિથી એકઠાં મળેલા હોવા છતાં પ્રયત્નથી તેમને જૂદા જાણી શકાય છે. સ્વ-પરના ભેદજ્ઞાનના અભ્યાસથી પોતાનું સ્વરૂપ શરીરાદિથી જૂદું જણાય છે. તેથી પોતાની ક્ષમતા હોય ત્યાં સુધી ભેદજ્ઞાનનો પુરુષાર્થ કરવો. આ પ્રકારની વિચારણા તે અન્યત્વભાવના છે.

६. अशुचिभावना

तू नित पोखे यह सूखे ज्यों, धोवे त्यों मैली ।
निश दिन करे उपाय देह का, रोग दशा फैली ।।
मात पिता रज वीरज मिलकर, बनी देह तेरी ।
मांस हाड़ नश लहू राध की, प्रगट व्याधि घेरी ।।

શરીરનું નિત્ય પોષણ કરવા છતાં તે સૂકાતું જાય છે. તેને જેમ ધોવામાં આવે છે તેમ તે તુરત ફરીથી મેલું થતું જાય છે. રાત-દિવસ શરીરના આરોગ્યની સંભાળ રાખવા છતાં તેમાં રોગની અવસ્થા વ્યાપેલી રહે છે. માત-પિતાની રજ-વીર્ય મળીને બનેલું તારું શરીર માંસ-હાડ-નસ-લોહી-પરૂથી ભરેલું છે અને પ્રગટપણે વ્યાધિઓથી ઘેરાયેલું છે.

काना पौंडा पड़ा हाथ यह, चूसे तो रोवै ।
फले अनन्त जु धर्म ध्यान की, भूमि विषै बोवे ।।
के सर चन्दन पुष्प सुगन्धित, वस्तु देख सारी ।
देह परसतें होय, उपावन निश दिन मल जारी ।।

રાત્રિ-દિવસ મળ ઝરતા શરીરનો સ્પર્શ થતાં વેંત જ સુગંધિત પુષ્પ, ચંદન, કેશર જેવા સઘળાં પવિત્ર પદાર્થો પણ અપવિત્ર થઇ જાય છે. માટે જેમ શેરડીનો કાણો સાઠો પ્રાપ્ત થયા પછી તેને ચૂસીને વ્યર્થ વેડફી નાખી પછી પસ્તાવો કરવામાં આવે તેને બદલે તેને ઉત્તમ ભૂમિમાં રોપવામાં આવે તો અનેક સાઠા ઉત્પન્ન થાય અને તેથી તેનો ઘણો બધો મધુર રસ પ્રાપ્ત થાય. તેમ શેરડીના કાણા સાઠા સમાન મનુષ્યદેહ પ્રાપ્ત થયા પછી તેને વિષયકષાયમાં વ્યર્થ વેડફી નાંખી પછી પસ્તાવો કરવામાં આવે તેને બદલે તેને ઉત્તમ ભૂમિરૂપ ધર્મધ્યાનમાં લગાડવવામાં આવે તો અનેક ભવનો અભાવ થાય એમ તેથી તેનો ઘણો બધો મધુર આત્મિક રસ એટલે કે અતીન્દ્રિય આનંદનો આહ્લાદ પ્રાપ્ત થાય. આ પ્રકારનું ચિંતવન તે અશુચિભાવના છે.

७. आस्रवभावना

ज्यों सर जल आवत मोरी त्यों, आस्रव कर्मन को ।
दर्वित जीव प्रदेश गहै जब, पुद्गल भरमन को ।।
भावित आस्रव भाव शुभाशुभ, निश दिन चेतन को ।
पाप पुण्य के दोनों करता, कारण बन्धन को ।।

पन मिथ्यात योग पन्द्रह, द्वादश अविरति जानो ।
पंचरुवीस कषाय मीले सब्, सत्तावन मानो ।।
मोह भाव की ममता टारे, पर परिणति खोते ।
करे मोक्ष का यतन निरास्रव, ज्ञानी जन होते ।।

જેમ નૌકાની ખાળના કારણે સરોવરનું જળ નૌકામાં આવે છે, તેમ જીવના આસ્રવભાવના કારણે ભટકતાં પદગલોનું જીવના પ્રદેશોમાં ગ્રહણ થઇ કર્મરૂપે પરિણમન થાય છે. અજ્ઞાની જીવ રાતદિવસ શુભ-અશુભરાગરૂપ આસ્રવભાવને જ ભાવે છે, જેના કારણે તે બંધના કારણભૂત પુણ્ય-પાપકર્મનો કર્તા થાય છે.

પાંચ પ્રકારના મિથ્યાત્વ, પંદર પ્રકારના યોગ, ચાર પ્રકારની અવિરતિ અને પચ્ચીસ પ્રકારના કષાય મળીને કુલ સતાવન પ્રકારના આસ્રવભાવવાળો અજ્ઞાની જન હોય છે અને મોહભાવની મમતા ટાળનાર, પરપરિણતિને છોડનાર અને મોક્ષનો પ્રયત્ન કરવાવાળો નિરાસ્રવી જ્ઞાનીજન હોય છે. આસ્રવભાવનામાં આ પ્રકારની વિચારણા હોય છે.

८. संवरभावना

ज्यों मोरी में डाट लगावे, तब जल रुक जाता ।
त्यों आस्रव को रोके संवर, क्यों नहिं मन लाता ।।
पंच महाव्रत समिति गुप्ति तीन, वचन काय मन को ।
दश विध धर्म परीषह बाईस, बारह भावन को ।।

यह सब भाव सतावन मिलकर, आस्रव को खोते ।
सुपन दशा से जागो चेतन कहाँ पड़े सोते ।।
भाव शुभाशुभ रहित शुद्ध भावन संवर पावै ।
डाँट लगत यह नाव पड़ी, मंझधार पार जावै ।।

જેમ નૌકાની ખાળમાં ડાટો લગાવવાથી તેમાં આવતું પાણી રોકાઇ જાય છે, તેમ કર્મના આસ્રવને રોકનારો સંવર છે. આ બાબત કેમ ધ્યાનમાં લેતો નથી ? હે ચેતન ! હવે ક્યાં સુધી સૂઇ રહેવું છે ? સ્વપ્નદશામાંથી જાગો અને સાવધાન થાવ. શુભાશુભભાવરહિત વીતરાગી શુદ્ધભાવ જ નિશ્ચય સંવર છે. આવા નિશ્ચય સંવર સાથે સંબંધિત પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, મન-વચન-કાયરૂપ ત્રણ ગુપ્તિ, દશ પ્રકારના ધર્મ, બાવીસ પરિષહ અને બારભાવના મળીને કુલ સતાવન પ્રકારના શુભભાવો આસ્રવને રોકનારા સંવર વ્યવહારથી છે. ખાળમાં ડાટો લગાવેલી નૌકા સામા કિનારે પાર ઉતારે છે, તેમ આ નિશ્ચય-વ્યવહારરૂપ સંવર સંસારસાગરને પાર ઉતારે છે. આ પ્રકારે સંવરભાવના ભાવવી જોઇએ.

९. निर्जराभावना

ज्यों सरवर जल रुका सूखता तपन पड़े भारी ।
संवर रोके कर्म, निर्जरा है सोखन हारी ।।
उदय भोग सविपाक समय, पक जाय आम डाली ।
दुजी है अविपाक पकावे, पाल विषे माली ।।

पहली सबके होय, नहीं कछु सरे काम तेरा ।
दूजी करे जु उद्यम करके, मीटे जगत फेरा ।।

જેમ સરોવરના જળની નવી આવક રોકાયા પછી ભારે તાપથી તે સૂકાઇ જાય છે, તેમ નવા કર્મની આવક સંવર દ્વારા રોકાયાં પછી સત્તામાં રહેલ કર્મ નિર્જરાથી નાશ પામી જાય છે. આંબાની ડાળી ઉપર આપમેળે પોતાના સમયે પાકી ગયેલી કેરી ખરી પડે છે, તેમ સ્વ સમયાનુસાર ઉદયમાં આવેલ કર્મ ભોગવાઇને ખરી પડે છે ; તે પહેલા પ્રકારની સવિપાક નિર્જરા છે. બીજા પ્રકારની અવિપાક નિર્જરા જેમ માળી પાલામાં રાખીને કાચી કેરીને વહેલી પકવે તે પ્રકારની છે.

પહેલી સવિપાક નિર્જરા જ્ઞાની-અજ્ઞાની બધાંયને હોય છે. તેનાથી પોતાનું કોઇ પ્રયોજન પાર પડતું નથી. બીજી અવિપાક નિર્જરા પ્રયત્નપૂર્વક થવાથી સંસારનું પરિભ્રમણ ટળે છે. અવિપાક નિર્જરા માટે હે પ્રાણી ! તમે સંવર સહિત તપ કરો, જેથી મુક્તિરમણી મળે.

संवर सहित करो तप प्रानी, मिले मुक्ति राणी ।
ईस दुलहिन की यही सहेली, जाने सब ज्ञानी ।।

મુક્તિરમણીરૂપ દુલ્હનને મેળવી આપનાર આ સમ્યક્ તપ જ તેની એકમાત્ર સહેલી છે, તેમ બધાં જ્ઞાની જાણે છે. જ્ઞાનીઓની આ પ્રકારની વિચારણા તે નિર્જરાભાવના છે.

१०. लोकभावना

लोक अलोक अकाश मांहि थिर, निराधार जानो ।
पुरुष रुप कर कटी भये, षट् द्रव्यन सों मानो ।।
ईसका कोई न करता हरता, अमिट अनादि है ।
जीव रु पद्गल नाचे यामैं, कर्म उपाधी है ।।

पाप पुण्य सों जीव जगत में नीत सुख दुख भरता ।
अपनी करनी आप भरै सिर औरन के धरता ।।
मोह कर्म को नाश मेटकर, सब जग की आशा ।
निज पद में थिर होय लोक के, शीश करो वासा ।।

આકાશમાં લોક-અલોકનો વિભાગ કરતો છ દ્રવ્યોના સમુહરૂપ લોક કેડ પર હાથ મૂકેલ પુરુષ સમાન આકારનો છે. આકાશમાં તે સ્થિર અને નિરાધાર છે. તે અનાદિ-અનંત હોવાથી તેનો કોઇ કર્તા-હર્તા નથી. આ લોકમાં કર્મઉપાધિના કારણે પૌદ્ગલિકદેહધારી જીવ ભ્રમણ કરતો રહે છે.

લોકમાં ભ્રમણ પામતો જીવ પોતાના પુણ્ય-પાપ અનુસાર હંમેશાં સુખ-દુઃખ પામે છે. એટલે કે પોતે જેવું કરે છે, તેવું પામે છે. તોપણ અજ્ઞાની જીવ મોહના કારણે પોતાના દોષનો ટોપલો બીજાના માથે નાંખે છે. અજ્ઞાનના કારણે થતા મોહકર્મનો નાશ કરવાથી જગતની બધી ઇચ્છાઓ ટળે છે. અને પોતાના શુદ્ધસ્વરૂપમાં સ્થિત થવાય છે. પોતાના શુદ્ધસ્વરૂપમાં સ્થિત થવાથી લોકમાં થતું ભ્રમણ ટળી લોકના શિખર ઉપર સ્થિરદશા-મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ રીતનું ચિંતવન તે લોકભાવના છે.

११. बोधिदुर्लभभावना

दुर्लभ है निगोद से थावर, अरु त्रस गति पानी ।
नर काया को सुरपति तरसे, सो दुर्लभ प्राणी ।।
उत्तम देस सुसंगती दुर्लभ, श्रावक कुल पाना ।
दुर्लभ सम्यक् दुर्लभ संयम पंचम गुण ठाना ।।

दुर्लभ रत्नत्रय आराधन, दीक्षा का धरना ।
दुर्लभ मुनिवर को व्रत पालन, शुद्ध भाव करना ।।
दुर्लभ तैं दुर्लभ है चेतन, बोधि ज्ञान पावै ।
पाकर केवलज्ञान नहीं फिर, ईस भव में आवै ।।

નિત્ય નિગોદમાંથી નીકળી સ્થાવર અને ત્યારપછી ત્રસગતિ પ્રાપ્તિ થવી દુર્લભ છે. ત્રસગતિમાં પણ મનુષ્યદેહ પ્રાપ્ત થવો મહાદુર્લભ છે, કે જેને ધારણ કરવા માટે ઇન્દ્ર પણ ઝંખે છે. મનુષ્યદેહ પ્રાપ્ત થયા પછી પણ ઉત્તમ આર્યદેશ, જૈનશ્રાવકનું કુળ અને સત્સંગતિ પ્રાપ્ત થવી દુર્લભ છે. સત્સંગતિની પ્રાપ્તિ થયા પછી પણ સમ્યગ્દર્શન, સંયમદશા, શ્રાવકનું પાંચમું ગુણસ્થાન, રત્નત્રયની આરાધના, જિનદીક્ષાનું ધારણ કરવું, મુનિવરના વ્રતોનું પાલન કરવું અને પરિપૂર્ણ વીતરાગ શુદ્ધભાવની પ્રાપ્તિ થવી ઉત્તરોતર દુર્લભ છે. આ બધાંય દુર્લભમાં પણ સૌથી વધુ દુર્લભ હોય તો હે ચેતન ! તે સમ્યગ્દર્શનરૂપ બોધિ જ છે. આ બોધિને પ્રાપ્ત કરવાથી નિયમથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને કેવળજ્ઞાનને પ્રાપ્ત થયેલો જીવ ફરી પાછો આ ભવભ્રમણમાં આવતો નથી. બોધિની દુર્લભતા અને તેની પ્રાપ્તિ માટે વર્તમાન મનુષ્યજીવનની યોગ્યતાની વિચારણા થવી તે બોધિદુર્લભભાવના છે.

१२. धर्मभावना

एकान्तवाद के धारी जग में, दर्शन बहुतेरे ।
कल्पित नाना युक्ति बनाकर, ज्ञान हरें मेरे ।।
हो सुछन्द सब पाप करें सिर, करता के लावे ।
कोई छिनक कोई करता से, जगमें भटकावे ।।

वीतराग सर्वज्ञ दोष बिन, श्री जिनकी बानी ।
सप्त तत्व का वर्णन जामें, सब को सुख दानी ।।
ईनका चितवन बार बार कर श्रद्धा उर धरना ।
"मंगत" ईसी जतन तें ईक दिन, भवसागर तरना ।।

અનેક પ્રકારની કલ્પિત યુક્તિઓ બનાવીને પોતાના જ્ઞાનને હરનારા એકાંતવાદી મિથ્યા માન્યતા ધરાવતા અન્ય દર્શનો જગતમાં ઘણાં બધાં છે. જૈનદર્શન સિવાયના એકાંતવાદી મિથ્યાં માન્યા ધરાવતા અન્ય દર્શનોમાં કોઇ ક્ષણિકવાદી કે કોઇ કર્તાવાદી હોય છે. તેમની આમ્નાય રાખી અજ્ઞાની જીવો જગતમાં ભટકે છે. આ લોકો સ્વચ્છંદી થઇ પોતે જ પાપ કરે છે અને તેનો ભાર જગતના કહેવાતા નિયંતા ઉપર રાખે છે.

વીતરાગ-સર્વજ્ઞ જિનદેવની દિવ્યવાણી નિર્દોષ છે. આ વાણીમાં સાત તત્ત્વોનું યથાતથ્ય વર્ણન આવે છે, જે બધાંને સુખદાયી હોય છે. આ જિનવાણીનું વારંવાર ચિંતવન કરી અંતરમાં સમ્યગ્દર્શનને ધારણ કરવું જોઇએ. જિનવાણીના ચિંતવનના આવા પ્રકારના પ્રયત્નથી એક દિવસ ભવસાગર તરી જવાની ધર્મભાવના કવિ મંગતરાય ભાવે છે અને આ રીતે તે ધર્મભાવનાનું સ્વરૂપ બતાવે છે.

કાવ્ય નં.૩ : પં. ૪ચચંદજી છાબડાકૃત બારભાવના

૧. અનિત્યભાવના

દ્રવ્ય રુપ કર સર્વથિર, પરજય થિર હૈ કૌન ।
દ્રવ્ય દ્રષ્ટિ આપા લખો પર્જય નય કર ગૌન ।।

ત્રિકાળ દ્રવ્યસ્વભાવની દ્રવ્યદૃષ્ટિએ જગતનાં બધાં પદાર્થો નિત્ય છે અને તે જ પદાર્થ તે જ સમયે પર્યાયદૃષ્ટિએ જોવામાં આવે તો તેમાં નિત્ય કોણ છે ? એટલે કે પર્યાયદ્રષ્ટિએ કોઇ નિત્ય હોતું નથી. તેથી પર્યાયદૃષ્ટિની અનિત્યતાને ગૌણ કરી એટલે કે પર્યાય અપેક્ષાએ થતા સંયોગ-વિયોગમાં હર્ષ-ખેદ મટાડી પોતાના આત્માને દ્રવ્યદૃષ્ટિએ નિત્યપણે નિહાળવો એ જ અનિત્યભાવનાનો આશય છે.

૨. અશરણભાવના

શુદ્ધાત્મ અરુ પંચગુરુ, જગ મેં સરનૌ દોય ।
મોહ ઉદય જિય કે વૃથા, આન કલ્પના હોય ।।

આ જગતમાં નિશ્ચયથી પોતાનો શુદ્ધાત્મા અને વ્યવહારથી પંચપરમેષ્ઠિરૂપ બે જ શરણ છે. આ બે સિવાય અન્ય કોઇને શરણ માનવાની કલ્પના વ્યર્થ છે, જે જીવને મિથ્યા-મોહના ઉદયના કારણે હોય છે. અન્યને શરણ માનવાનો મિથ્યા-મોહ મટાડી પોતાના શુદ્ધાત્માના સાચા શરણને શોધવું એ જ અશરણભાવનાનો સાર છે.

3. સંસારભાવના

પરદ્રવ્યન તૈ પ્રીતિ જો, હૈ સંસાર અબોધ ।
તાકો ફલ ગતિ ચાર મેં, ભ્રમણ કહ્યો શ્રુત શોધ ।।

પરદ્રવ્ય પોતે સુખ-દુ:ખરૂપ નથી. પરંતુ પરદ્રવ્ય પ્રત્યે પ્રીતિરૂપ રાગ કે અપ્રીતિરૂપ દ્વેષ જ સુખ-દુ:ખરૂપ છે. તેથી પરદ્રવ્યના લક્ષે થતી પરપરિણતિરૂપ રાગ-દ્વેષ જ આત્માનો સંસાર છે. અને આ સંસારમાં સુખ માનવું તે જ અજ્ઞાન છે. આ અજ્ઞાનનું ફળ સંસારની ચારગતિમાં ભ્રમણ છે, એમ શાસ્ત્રોના પારગામીઓ કહે છે. આ રીતે સંસારને અસાર માનવાની વિચારણા તે સંસારભાવના છે.

૪. એકત્વભાવના

પરમારથ તૈં આતમા, એક રુપ હી જોય ।
કર્મ નિમિત્ત વિકલપ ઘને, તિન નાસે શિવ હોય ।।

પારમાર્થિક દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો બધાંય આત્માઓ એકરૂપ જ છે. આત્માનું એકરૂપપણું તેના નિર્વિકલ્પ સર્વજ્ઞસ્વભાવે છે. આ જ આત્મા વ્યવહારિક પર્યાયદૃષ્ટિએ જોવામાં આવે તો કર્મનિમિત્તથી થતાં અનેક પ્રકારના વિકલ્પોરૂપે છે. દ્રવ્યદૃષ્ટિના એકત્વના આશ્રયથી આ સઘળાં વિકલ્પો ટળે છે. અને તેથી એકત્વરૂપ સર્વજ્ઞસ્વભાવ જેવી સર્વજ્ઞદશા પ્રગટે છે. આવી વિચારણા તે એકત્વભાવના છે.

૫. અન્યત્વભાવના

અપને અપને સત્વ કૂં, સર્વ વસ્તુ વિલસાય ।
ઐસે ચિતવે જીવ તબ, પર તેં મમત ન થાય ।।

પોતપોતાની સત્તાને જાળવી રાખીને બધી વસ્તુ સ્વતંત્રપણે વિલાસ કરતી રહે છે. તેથી કોઇ કોઇમાં હસ્તક્ષેપ કરતું નથી અને કરી શકતું પણ નથી. બધાં પદાર્થો એકબીજાથી તદ્દન ભિન્ન અને સ્વતંત્ર છે. પરપદાર્થને પર માનવાથી પરદ્રવ્યેનું મમત્વ ટળી જાય છે. આવા પ્રકારનું ચિંતવન તે અન્યત્વભાવના છે.

૬. અશુચિભાવના

નિર્મલ અપની આતમા, દેહ અપાવન ગેહ ।
જાનિ ભવ્ય નિજ ભાવ કો, યા સોં તજો સનેહ ।।

પોતાનો આત્મા એકદમ નિર્મળ પરમ પવિત્ર છે. અને શરીર અત્યંત અપવિત્રતાનું જ ઘર છે. તેથી હે ભવ્ય ! સ્વભાવથી જ અશુચિ એવા શરીર પ્રત્યેનો સ્નેહ તજે અને પોતાના પરમ શુચિ શુદ્ધ સ્વભાવનું ધ્યાન ધરો. આ પ્રકારની ભાવના તે અશુચિભાવના છે.

૭. આસ્રવભાવના

આતમ કેવલ જ્ઞાન મય, નિશ્ચય દૃષ્ટિ નિહાર ।
સબ વિભાવ પરિણામ મય, આસ્રવ ભાવ બિડાર ।।

નિશ્ચયનયની અપેક્ષાએ જોવામાં આવે તો પોતાનો આત્મા માત્ર જ્ઞાનમય એટલે કે જ્ઞાયક જ છે. બધાંય પ્રકારના વિભાવ પરિણામરૂપ આસ્રવભાવ તેમાં છે જ નહીં. જ્ઞાયક આત્માના અજ્ઞાનના કારણે ઉત્પન્ન થતા આસ્રવભાવ વિકારવા યોગ્ય એટલે કે મારી હઠાવવા યોગ્ય છે. આ રીતે જ્ઞાયક આત્માનું ઉપાદેયપણું અને આસ્રવભાવોનું હેયપણું વિચારવું તે આસ્રવભાવના છે.

૮. સંવરભાવના

નિજ સ્વરુપ મેં લીનતા, નિશ્ચય સંવર જાનિ ।
સમિતિ ગુપ્તિ સંજમ ધરમ, ધરૈં પાપ કી હાનિ ।।

આસ્રવના નિરોધને સંવર કહે છે. નિશ્ચયથી પોતાના ત્રિકાળ ધ્રુવ શુદ્ધ સ્વરૂપમાં લીનતારૂપ વીતરાગભાવ જ આસ્રવને અટકાવનારો સંવર છે. આવા નિશ્ચય સંવરપૂર્વક સમિતિ, ગુપ્તિ, સંયમ અને ક્ષમાદિ દશ ધર્મોરૂપ શુભરાગભાવ પાપને અટકાવનારો હોવાથી વ્યવહારથી સંવર છે. સંવરભાવનામાં આ પ્રકારનું ચિંતવન હોય છે.

૯. નિર્જરાભાવના

સંવરમય હૈ આતમા, પૂર્વ કર્મ ઝડ જાય ।
નિજ સ્વરુપ કો પાય કર, લોક શિખર જબ થાય ।।

સંવર સહિત આત્માના પ્રદેશોમાંથી પૂર્વબદ્ધ કર્મોનું ઝડી જવું તેને નિર્જરા કહે છે. આવી નિર્જરાના કારણે પોતે લોકશિખર ઉપર પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિરૂપ મોક્ષને પામે છે, તે નિર્જરાનું ફળ છે. જ્ઞાનીઓની આવી વિચારણાને નિર્જરાભાવના કહે છે.

૧૦. લોકભાવના

લોક સ્વરુપ વિચારિ કૈં, આતમ રુપ નિહારિ ।
પરમારથ વ્યવહાર મુણિ, મિથ્યાભાવ નિવારિ ।।

હે મુનિ ! વ્યવહારથી છ દ્રવ્યસ્વરૂપ લોકનું સ્વરૂપ વિચારીને નિશ્ચયથી મિથ્યાત્વને મટાડનાર પોતાના શુદ્ધાત્મસ્વરૂપ નિજલોકનો અનુભવ કરવો જોઈએ. આ બાબત લોકભાવનાના ચિંતવનનો કેન્દ્રવર્તી વિચાર છે.

૧૧. બોધિદુર્લભભાવના

બોધિ આપકા ભાવ હૈ, નિશ્ચય દુર્લભ નાહિં ।
ભવ મેં પ્રાપતિ કઠિન હૈ, યહ વ્યવહાર કહાહિં ।।

સમ્યક્ત્વરૂપ બોધિ પોતાના આત્માનો સહજ સ્વભાવ છે. વર્તમાન મનુષ્યજીવનમાં તેની પ્રાપ્તિ માટેની સઘળી સુવિધાઓ પણ છે. તેથી તેને નિશ્ચયથી દુર્લભ કહી શકાય નહિ. તોપણ અનાદિ ભવભ્રમણમાં બીજું બધુંય પ્રાપ્ત કર્યું પણ એકમાત્ર બોધિની પ્રાપ્તિ ક્યારેય થઈ નથી. તેથી તેની પ્રાપ્તિ મુશ્કેલ માનવામાં આવે છે. આ રીતે બોધિની દુર્લભતા છે, તે વ્યવહારથી કહી શકાય છે. આ બાબત બોધિદુર્લભભાવનાના ચિંતવનનું કેન્દ્રબિંદુ છે.

૧૨. ધર્મભાવના

દર્શ જ્ઞાનમય ચેતના, આતમ ધર્મ બખાનિ ।
દયા ક્ષમાદિક રતનત્રય, યામેં ગર્ભિત જાનિ ।।

દર્શનજ્ઞાનમય જ્ઞાનચેતનાને જ આત્માનો ધર્મ કહેવામાં આવે છે. નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ પરિણતિ અને વ્યવહારથી દયા, ક્ષમાદિક શુભરાગ પરિણતિ પણ આ ધર્મમાં સમાવેશ પામે છે. ધર્મ માટેની આ પ્રકારની વિચારણા તે ધર્મભાવના છે.

આ પુસ્તકના પ્રકાશન અર્થે દાનમાં મળેલ રકમ

રૂા.૨૧૦૦૦/-	ડો.મેહુલભાઈ એન. શાહ	U.S.A.
રૂા.૨૦૦૦૦/-	ડો.ગીતાબેન રોહીતભાઈ શાહ,	U.S.A.
રૂા.૧૦૦૦૦/-	અરૂણાબેન કમલેશભાઈ પારેખ	U.S.A.
રૂા.૫૦૦૧/-	પલ્લવીબેન પૃથ્વીરાજ શાહ	સોનગઢ
રૂા.૫૦૦૧/-	વૃજકુંવરબેન મગનલાલ મહેતા	વાંકાનેર
રૂા.૫૦૦૧/-	ચંપકલાલ વિકમશી સંઘવીના સ્મરણાર્થે હ.ભરતભાઈ	મુંબઈ
રૂા.૫૦૦૦/-	ગૌતમભાઈ શાહના સ્મરણાર્થે હ.કુસુમબેન, કેદાર, દેવકી	U.S.A.
રૂા.૫૦૦૦/-	જયશ્રીબેન કેશવલાલ શેઠ	U.S.A.
રૂા.૫૦૦૦/-	પ્રવિણભાઈ એન. શાહ	U.S.A.
રૂા.૪૦૦૧/-	સુશીલાબેન શશીકાંત મહેતાના સ્મરણાર્થે હ.મનુભાઈ શેઠ	બેંગલોર
રૂા.૩૬૦૦/-	પ્રીતિબેન નવીનભાઈ શાહ,	બોરીવલી
રૂા.૨૫૦૧/-	જયાબેન અમૃતલાલ શેઠના સ્મરણાર્થે	સોનગઢ
રૂા.૧૫૦૦/-	ડો.પારૂલબેન કામદાર	વિલેપાર્લે
રૂા.૧૦૦૧/-	અરૂણાબેન રમેશભાઈ શાહ,	મુંબઈ
રૂા.૧૦૦૧/-	નયનાબેન ભરતકુમાર શાહ	મુંબઈ
રૂા.૧૦૦૧/-	ઈન્દિરાબેન દિલીપકુમાર શેઠ	બેંગ્લોર
રૂા.૧૦૦૧/-	સંધ્યાબેન શૈલેષભાઈ શાહ	ઘાટકોપર
રૂા.૬૦૧/-	મહેન્દ્રભાઈ ભૂરાલાલ કામદાર ચિ.પારસના લગ્ન પ્રસંગે	રાજકોટ
રૂા.૬૦૦/-	કલ્પનાબેન જયેશભાઈ શાહ	બોરીવલી
રૂા.૫૦૧/-	ચંદનબેન સુરેશભાઈ કામદાર	સુરત
રૂા.૫૦૧/-	રાજશ્રી પ્રતિક શાહ	બોરીવલી
રૂા.૫૦૧/-	ડો.હિતેશ જશવંતરાય શાહ	અમદાવાદ
રૂા.૪૪૮/-	બીપીનભાઈ પોપટલાલ શાહ	બોરીવલી
રૂા.૩૫૧/-	રંજનબેન ધીરજલાલ શાહ	બોરીવલી
રૂા.૨૫૧/-	રમેશચંદ નાનાલાલ ભાલાણી	બોરીવલી
રૂા.૨૫૧/-	બ્ર.નિર્મળાબેન પોપટલાલ શાહ	સોનગઢ

કાવ્ય નં.૪ : પં. દીપચંદજીકૃત બારભાવના

૧. અનિત્યભાવના

द्रव्य दृष्टि से वस्तु थिर, पर्यय अथिर निहार ।
तासे योग वियोग में, हर्ष विषाद निवार ।।

દ્રવ્યદૃષ્ટિએ દરેક વસ્તુ એકરૂપ અને સ્થિર જણાઈ છે. અને તે જ વસ્તુ તે જ સમયે પર્યાયદૃષ્ટિએ અનેકરૂપ અને અસ્થિર જણાઈ છે. પર્યાયદૃષ્ટિ ટાળી દ્રવ્યદૃષ્ટિ કરવાથી અસ્થિરતામાં પણ વસ્તુની સ્થિરતા જોઈ શકાય છે. તેથી પર્યાયદૃષ્ટિએ થતા અસ્થિર સંયોગ-વિયોગમાં હર્ષ-વિષાદ નિવારી શકાય છે. આવી વિચારણા તે અનિત્યભાવના છે.

૨. અશરણભાવના

शरण न जिय को जगत में, सुर नर खगपति सार ।
निश्चय शुद्धातम शरण, परमेष्ठी व्यवहार ।।

આ જગતમાં આ જીવને કોઈ ઇન્દ્ર, નરેન્દ્ર કે ખગેન્દ્ર પણ શરણરૂપ નથી. નિશ્ચયથી પોતાનો શુદ્ધાત્મા જ પોતાને શરણરૂપ છે અને વ્યવહારથી તે શુદ્ધાત્માને ઓળખાવનાર અને ત્યાં સુધી પહોંચાડનાર પંચપરમેષ્ઠિ શરણરૂપ છે. શરણના આવા સ્વરૂપનું ચિંતવન તે અશરણભાવના છે.

3. સંસારભાવના

जन्म जरागद मृत्यु भय, पुनि जहं विषय कषाय ।
होवे सुख दुःख जीव को, सो संसार कहाय ।।

જન્મ, વૃદ્ધાવસ્થા, રોગ અને મૃત્યુના કારણે જે ભયાવહ છે તેમ જ વિષય-કષાયને વશ જીવ જેમાં સુખ-દુઃખને પામે છે, તેને સંસાર કહેવામાં આવે છે. આવા સંસારની અસારતાની વિચારણા તે સંસારભાવના છે.

૪. એકત્વભાવના

पाप पुण्य फल दुःख सुख, सम्पत विपत सदीव ।
जन्म जरा मृतु आदि सब, सहै अकेला जीव ।।

પાપ-પુણ્યનું ફળ, સુખ-દુઃખનો ભોગવટો, સંપત્તિ-વિપત્તિ, જન્મ-જરા-મૃત્યુ વગેરે બધાં પ્રસંગોમાં આ જીવ હંમેશાં એકલો જ હોય છે. તે સમયે તેનો કોઈ સાથી કે સહાયક હોતો નથી. એકત્વના આવા સ્વરૂપનું ચિંતવન તે એકત્વભાવના છે.

૫. અન્યત્વભાવના

जा तन में नित जिय बसै, सो न आपनो होय ।
तो प्रतक्ष जो पर दरव, कैसे अपनो होय ।।

જે શરીરમાં પોતાનો આત્મા કાયમ રહે છે, તે શરીર જ પોતાનું નથી. તો પછી જે પોતાથી પ્રત્યક્ષપણે ભિન્ન છે તેવા પરદ્રવ્ય પોતાના કઈ રીતે હોય ? ન જ હોય. આ પ્રકારે સ્વ-પરના ભેદજ્ઞાનની ભાવના ભાવવી તે અન્યત્વભાવના છે.

૬. અશુચિભાવના

सुष्ठु सुगंधित द्रव्य को, करे अशुचि जो काय ।
हाड माँस मल रुधिर थल, सो किम शुद्ध कहाय ।।

ઉત્તમ સુગંધિત પવિત્ર પદાર્થ પણ શરીરના સંગથી અપવિત્ર થઈ જાય છે. તેવા મલિન હાડ-માંસ-મળ-લોહીથી ભરેલી થેલી સમાન શરીરને શુચિ કઈ રીતે કહેવાય ? આ પ્રકારે શરીરનું અશુચિપણું અને તેમાં બિરાજમાન આત્માનું શુચિપણ ચિંતવવું તે અશુચિભાવના છે.

૭. આસ્રવભાવના

मन वच तन शुभ अशुभ थे, योग आस्रव द्वार ।
करत बंध विधि जीव को, महा कुटिल दुःखकार ।।

મન-વચન-કાયના યોગદ્વારા થતાં શુભ-અશુભભાવ એ આસ્રવનો દ્વાર છે. આ આસ્રવ જીવને મહાકુટિલ અને દુઃખ દાયક એવા કર્મનું બંધન કરાવે છે. આ પ્રકારે આસ્રવના હેય સ્વરૂપની વિચારણા તે આસ્રવભાવના છે.

૮. સંવરભાવના

ज्ञान विराग विचार के, गोपें मन वच काय ।
थिर है अपने आप में, सो संवर सुखदाय ॥

જ્ઞાન-વૈરાગ્યપૂર્વકની વિચારણા અને મન-વચન-કાયની ગુપ્તિના બળે પોતાના શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિર રહેવું તેને આસ્રવના નિરોધરૂપ સંવર કહે છે. આ સંવરના સુખદાયક સ્વરૂપની વિચારણા તે સંવરભાવના છે.

૯. નિર્જરાભાવના

पाँचों ईन्द्रिय दमन कर, समिति गुप्ति व्रत धार ।
इच्छा बिन तप आदरै, सो निर्जरा निहार ॥

પાંચ ઇન્દ્રિયોના વિષયનો નિરોધ કરીને તેમ જ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને પાંચ મહાવ્રતોને ધારણ કરીને ઇચ્છાના અભાવપૂર્વક વીતરાગભાવરૂપ તપ કરવાથી કર્મની નિર્જરા થાય છે. સંવરપૂર્વક થતી નિર્જરા માટેની આવી ભાવના તે નિર્જરાભાવના છે.

૧૦. લોકભાવના

पुद्गल धर्म अधर्म जिय, काल जिते नभ माँहि ।
नराकार सो लोक में विधि वश जिव दुःख पाँहि ॥

જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળદ્રવ્ય આકાશના જેટલા ભાગમાં રહેલાં છે તે લોક છે. મનુષ્યાકાર લોકમાં કર્મના ઉદયને વશ જીવ અનેક પ્રકારના દુઃખોને પામે છે. કર્માધીન પરલોકને છોડીને આત્માધીન નિજલોકમાં નિવાસ કરવાથી લોકાગ્રે શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે તેવી વિચારણા તે લોકભાવના છે.

૧૧. બોધિદુર્લભભાવના

सबहि सुलभ या जगत मैं, सुर नर पद धन धान ।
दुर्लभ सम्यग्बोधि इक, जो है शिव सोपान ॥

સુરેન્દ્ર-નરેન્દ્રની પદવી, ધન-ધાન્યની સમૃદ્ધિ વગેરે બધુંય આ જગતમાં અનેકવાર પ્રાપ્ત થયું છે. તેથી તે સુલભ છે. પરંતુ સમ્યક્ત્વરૂપ બોધિ આ જીવે આજસુધીમાં એકેય વાર પ્રાપ્ત કરી નથી ; તેથી તે દુર્લભ છે. આ દુર્લભ બોધિ જ મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે તેવી વિચારણા તે બોધિદુર્લભભાવના છે.

૧૨. ધર્મભાવના

जप तप संयम शील पुनि, त्याग धर्म व्यवहार ।
"दीप" रमण चिद्रूप निज, निश्चय वृष सुखकार ॥

પોતાને સંબોધન કરીને કવિ પં. દીપચંદજી બીજાને પણ ઉપદેશે છે કે, હે આત્મન્ ! ઉત્તમ આત્મિક અતીન્દ્રિય સુખ આપનાર નિશ્ચય ધર્મ તો પોતાના ચૈતન્યસ્વરૂપી શુદ્ધાત્મામાં રમણતારૂપ વીતરાગભાવ છે. આવા નિશ્ચય ધર્મપૂર્વક કરવામાં આવતા જપ, તપ, સંયમ, શીલ તેમ જ ત્યાગ જેવા શુભરાગભાવને વ્યવહારથી ધર્મ કહેવાય છે. નિશ્ચય-વ્યવહાર ધર્મના આવા સ્વરૂપનું ચિંતવન તે ધર્મભાવના છે.

પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા

પાંચ સમવાયમાં પુરુષાર્થ જ આત્મહિતનું ચોક્કસ, વાસ્તવિક, સત્ય અને સીધું કારણ હોવાથી તે નિશ્ચયથી કારણ છે. પુરુષાર્થ સિવાયનાં બાકીનાં કારણો પુરુષાર્થ સાથે સંબંધીત તેમ જ પુરુષાર્થનાં પ્રતિપાદક અને પ્રેરક હોવાથી વ્યવહારથી કારણ છે. નિશ્ચય કારણ હંમેશા એક અને માત્ર એક જ હોય છે. અને તે પોતાનો પુરુષાર્થ જ છે. પુરુષાર્થ એ આત્માની વીર્યશક્તિ છે. પોતાનું કોઇપણ કાર્ય પોતાના પુરુષાર્થથી જ પરિણમે છે. કાર્યના પરિણમન માટેનો સંચાલક બળ કે ઊર્જા પોતાનો પુરુષાર્થ જ હોય છે. તે કાર્યની ઉત્પાદક પ્રક્રિયામાં સીધી રીતની સામેલગીરી ધરાવે છે. તેથી પુરુષાર્થ એ ઉપાદન કારણ છે. ઉપાદન કારણ પણ એક જ હોય છે અને તે પુરુષાર્થ જ છે. પોતાના આત્મહિતનું કોઇપણ કાર્ય પોતાના પુરુષાર્થને અનુસરીને નિયમથી થતું હોવાથી પુરુષાર્થ એ નિયામક કારણ છે. પુરુષાર્થ સિવાયના બાકીના કારણો કાર્યના નિયામક નથી. તેથી પાંચ સમવાયમાં પુરુષાર્થની મુખ્યતા છે.

(લેખકનાં આગામી પ્રકાશન પાંચ સમવાયમાં પુરુષાર્થ પ્રકરણ-૧માંથી)

કાવ્ય નં.૫ : પં.યુગલકિશોરકૃત બારભાવના

બારભાવનાની ભૂમિકા

भव वन में जी भर घूम चुका, कण-कण को जी भर-भर देखा ।
मृग सम मृग तृष्णा के पीछे, मुझको न मिली सुख की रेखा ॥

સંસારરૂપી વનમાં હોંશભેર ભ્રમણ કર્યું. તેના કણે-કણને મનભરીને માણ્યું. તોપણ ઝાંઝવાના જળની પાછળ દોટ મૂકવાથી જેમ હરણની તૃષા છીપતી નથી. તેમ સંસારમાં ક્યાંય સુખનો એક અંશ પ્રાપ્ત થતો નથી તેથી સંસાર પ્રત્યેના વૈરાગ્યના કારણભૂત બારભાવના ભાવું છે.

૧. અનિત્યભાવના

झूठे जग के सपने सारे, झूठी मन की सब आशायें ।
तन-जीवन-यौवन-अस्थिर है, क्षण भंगुर पल में मुरझाएँ ॥

જગતનાં સઘળાં સ્વપ્નાં જૂઠાં છે, મનનાં બધાં અરમાનો પણ મિથ્યા છે. કેમ કે, તે અનુસાર પ્રાપ્ત થતા તન-જીવન-યૌવન વગેરે બધુંય પલકવારમાં પલટાઈ જનાર હોવાથી ક્ષણભંગૂર છે, અસ્થિર છે. આ પ્રકારની વિચારણા તે અનિત્યભાવના છે.

૨. અશરણભાવના

समाट महाबल सेनानी, उस क्षण को टाल सकेगा क्या?
अशरण मृत काया में हर्षित, निज जीवन डाल सकेगा क्या? ॥

મહાબળવાન સેનાનો અધિપતિ સમ્રાટ પણ પોતાના મરણની ક્ષણને ટાળી શકતો નથી કે કોઈ મૃત કાયામાં પોતાના હર્ષિત જીવનને ઉમેરી તેને સજીવન કરી શકતો નથી, તે તેનું અશરણપણું સૂચવે છે. આ પ્રકારની વિચારણા તે અશરણભાવના છે.

3. સંસારભાવના

संसार महा दुख सागर के, प्रभु दुःखमय सुख आभासों में
मुझको न मिला सुख क्षण भर भी, कंचन कामिनि प्रासादों में ॥

હે પ્રભુ ! સોનુ, સ્ત્રી, મહેલો જેવી સુવિધાઓમાં પણ મને એક ક્ષણમાત્ર પણ કિંચિત્ સુખ મળી શક્યું નથી. તેથી સંસારમાં જેને સુખી માનવામાં આવે છે તે પણ સુખના આભાસરૂપ જ હોવાથી દુ:ખમય છે. સંસાર મહાન દુ:ખોના દરિયા સમાન જ છે. સંસારની આ પ્રકારની અસારતાનું ચિંતવન તે સંસારભાવના છે.

૪. એકત્વભાવના

मैं एकाकी एकत्व लिए, एकत्व लिए सब ही आते ।
तन धन को साथी समझा था, पर ये भी छोड़ चले जाते ॥

અનેક પ્રકારની અવસ્થાઓમાં પોતાના આત્માનું એકરૂપપણું કે એકત્વ ધરાવનારો હું શરીર, સંપત્તિ વગેરેને પોતાનો સાથી કે સહાયક માનતો હતો. પરંતુ તેઓ બધાં મને છોડીને જતા રહે છે. તેથી આ બધાં સંયોગો વચ્ચે પણ હું એકલો છે. આ રીતે જગતના બધાં આત્માઓ પણ પોતાનું એકત્વ ટકાવીને આવતા જતા રહે છે. અને કોઈ કોઈને સહાય કરતું નથી. આ પ્રકારનું ચિંતવન તે એકત્વભાવના છે.

૫. અન્યથત્વભાવના

मेरे न हुए ये मैं इनसे, अति भिन्न अखण्ड निराला हूँ ।
निज में पर से अन्यत्व लिए, निज सम रस पीने वाला हूँ ॥

કોઈ પરસંયોગો મારા થયા નથી તેથી હું આ સઘળાં સંયોગોથી નિરાળા પ્રકારનો અત્યંત ભિન્ન અખંડ પદાર્થ છું. હું પોતામાં પરથી ભિન્નપણું રાખી પોતાના સમતારૂપી રસને પીનારો છું. આ પ્રકારની ભાવના તે અન્યત્વભાવના છે.

૬. અશુચિભાવના

जिसके श्रृंगारों मे मेरा, यह महँगा जीवन धुल जाता ।
अत्यन्त अशुचि जड़ काया से, ईस चेतन का कैसा नाता ॥

જેના શણગારમાં મારૂં આ કિંમતી મનુષ્યજીવન બરબાદ થઈ જાય છે તેવા અત્યંત અપવિત્ર જડ શરીરની સાથે મારા આ પરમ પવિત્ર ચૈતન્યનો શો સંબંધ છે ? કોઈ પણ સંબંધ નથી. આ પ્રકારની વિચારણા તે અશુચિભાવના છે.

૭. આસ્રવભાવના

दिन रात शुभाशुभ भावों से, मेरा व्यापार चला करता ।
मानस वाणी और काया से, आस्रव का द्वार खुला रहता ॥

મન-વચન-કાયા દ્વારા શુભાશુભભાવોમાં મારો ઉપયોગ રાત-દિવસ ચાલ્યા કરે છે અને તેથી પૌદ્ગલિકકર્મોનું આત્મપ્રદેશોમાં આવવારૂપ આસ્રવનું દ્વાર ખુલ્લું રહે છે. આ પ્રકારનું ચિંતવન તે આસ્રવભાવના છે.

૮. સંવરભાવના

शुभ और अशुभ की ज्वाला से, झुलसा है मेरा अन्तस्तल ।
शीतल समकित किरणें फूटे, संवर से जागे अन्तर्बल ॥

શુભ અને અશુભની અગ્નિની જ્વાળાઓમાં બળીઝળી ગયેલ મારા હૃદયમાં જ્યારે અંતરંગ આત્મશક્તિના બળે સમ્યક્ત્વરૂપી શીતળ કિરણો ફુટે છે ત્યારે આસ્રવને અટકાવનારી સંવરદશા પ્રગટે છે. આ પ્રકારનું ચિંતવન તે સંવરભાવના છે.

૯. નિર્જરાભાવના

फिर तप की शोधक वन्हि जगे, कर्मों की कड़ियाँ टूट पड़ें ।
सर्वांग निजात्म प्रदेशों से, अमृत के निर्झर फूट पड़ें ॥

પછી જ્યારે આત્માની શુદ્ધિ કરનાર તપની અગ્નિ પ્રગટે છે ત્યારે પૌદ્‌ગલિકકર્મોની શૃંખલા તૂટી પડે છે અને તેથી પોતાના આત્માના સઘળાં પ્રદેશોમાં અતીન્દ્રિય આનંદરૂપી અમૃતનું ઝરણું ફુટી પડે છે. જ્ઞાનીનું આ પ્રકારનું ચિંતવન તે નિર્જરાભાવના છે.

૧૦. લોકભાવના

हम छोड़ चलें यह लोक तभी, लोकान्त विराजें क्षण में जा ।
निज लोक हमारा वासा हो,शोकान्त बनें फिर हमको क्या ॥

જ્યારે આપણે આ છ દ્રવ્યસ્વરૂપ પરલોકમાં થતું ભ્રમણ છોડીને પોતાના ચૈતન્યસ્વરૂપ નિજલોકમાં નિવાસ કરીશું ત્યારે ક્ષણમાત્રમાં લોકના અંતે સિદ્ધશિલામાંદ્ધમુક્તદશામાં સર્વ શોકનો અંત આણી બિરાજમાન થઇશું; ત્યારે આ પરલોક સાથે આપણે શો સંબંધ ? કોઇ પણ સબંધ નથી. આ પ્રકારની વિચારણા લોકભાવના છે.

૧૧. બોધિદુર્લભભાવના

जागे मम दुर्लभ बोधि प्रभो, दुर्नय तम सत्वर टल जावे ।
बस ज्ञाता दृष्टा रह जाऊँ, मद मत्सर मोह विनस जावे ॥

હે પ્રભુ ! મને સમ્યક્ત્વરૂપી દુર્લભ બોધિની પ્રાપ્તિ થાય કે જેના કારણે જૂઠા નયોરૂપી અજ્ઞાન અંધકાર શીઘ્ર ટળી જાય. મારા અભિમાન, ઇર્ષા, મોહ વગેરે વિણસી જાય અને તેથી હું બસ જ્ઞાતા-દ્રષ્ટારૂપે રહી જાઉં. આ પ્રકારની ભાવના તે બોધિદુર્લભભાવના છે.

૧૨. ધર્મભાવના

चिर रक्षक धर्म हमारा हो, हो धर्म हमारा चिर साथी ।
जग में न हमारा कोई था, हम भी न रहें जग के साथी ॥

આ જગતમાં પોતાનું કોઇ રક્ષક એટલે કે સાથી હોતું નથી અને પોતે પણ જગતમાં કોઇનો સાથી હોતો નથી. માત્ર ધર્મ જ પોતાનો કાયમી રક્ષક એટલે કે સાથી છે. પોતે હંમેશાં ધર્મનો સાથ રાખે એટલે કે ધર્મના પાલન દ્વારા ધર્મની રક્ષા કરે, જેથી ધર્મ દ્વારા પોતાની પણ દુર્ગતિ રોકનારી રક્ષા થાય. આ પ્રકારની ભાવના તે ધર્મભાવના છે.

પરિશિષ્ટ : ૨ : હેતુલક્ષી પ્રશ્નોના જવાબ

ભાવના ☞ / પ્રશ્નો ☜	વિષય પ્રવેશ	૧ અનિત્ય	૨ અશરણ	૩ સંસાર	૪ એકત્વ	૫ અન્યત્વ	૬ અશુચિ	૭ આસ્રવ	૮ સંવર	૯ નિર્જરા	૧૦ લોક	૧૧ બોધિદુર્લભ	૧૨ ધર્મ
૦૧	A	B	C	D	A	B	C	D	A	B	C	D	A
૦૨	C	D	A	B	C	D	A	B	C	D	A	B	C
૦૩	B	C	D	A	B	C	D	A	B	C	D	A	B
૦૪	D	A	B	C	D	A	B	C	D	A	B	C	D
૦૫	D	A	B	C	D	A	B	C	D	A	B	C	D
૦૬	D	A	B	C	D	A	B	C	D	A	B	C	D
૦૭	D	A	B	C	D	A	B	C	D	A	B	C	D
૦૮	B	C	D	A	B	C	D	A	B	C	D	A	B
૦૯	C	D	A	B	C	D	A	B	C	D	A	B	C
૧૦	A	B	C	D	A	B	C	D	A	B	C	D	A

વાચકની અંગત નોંધ

પ્રકરણ	મુદ્દો	નોંધ	પાના નં.
વિષય પ્રવેશ	મંગલાચરણ	મોક્ષમાર્ગની શરૂઆતથી લઈને મોક્ષ સુધીના પારમાર્થિક પંથમાં જ્ઞાનપૂર્વકનો વૈરાગ્ય જરૂરી હોય છે. જ્ઞાનપૂર્વકના વૈરાગ્યનુ એકમાત્ર કારણ બાર ભાવના છે. (આ નમૂનાની નોંધ છે. વાચકો પોતાને ગમતી ઉપયોગી કોઇ નોંધ લખી શકે છે.)	૭

વાચકની અંગત નોંધ

પ્રકરણ	મુદ્દો	નોંધ	પાના નં.